# સ્ત્રીબોધ.

" દેશની હાલત સુધારવાની સરવેથી સરસ રીત એકે માતાઓ ગ્નાની થાએ તેમ કરવુ.
(નેં૰ બોનાપારટનુ ગુરૂતા।

પુસતક ૩ જું

જાંનેવારીથી—ડીસેમબર ૧૮૫૯ શુધી.

૦૫૯
સ્ત્રી.બો.



મુંબઈના

દફતર આસકારા છાપાખાનાં મધે છાપીઉ છે.

૧૮૫૯.

# શાંકલીઊં સ્ત્રીબોધના પુસતક ૩ જાંનુ.


## આંક ૧ લો—જાંનેવારી ૧૮૫૯

સફે.

લાએકીવાલી ઓરત—જુંગા રાણી .. .. .. .. ૧
તનદુરૂશતીની જાલવણી. .. .. .. .. ૨
માણસ જાત. .. .. .. .. ૩
પવનની કહેલી વાત .. .. .. .. ૪
ધણી ધણીઆણીને શીખામણ .. .. .. ૫
મોતી પરવાલાંનો હાર .. .. .. .. ૬
હાથીની ઇઆદદાશત અને આદત. .. .. .. ૮
જેપોર તથા તાંહાંના માહારાજા (ચીતર સાથે.) .. ૯
વખતને આરાધના .. .. .. .. ૧૧
બરાંમણની અવસથા .. .. .. .. ૧૧
બચાંઓને શહીઅડ કાહાડવાના ફાએદા. .. .. ૧૧
હીંદુસથાનમાં બરીટીશ રાજને લગતા મોહોટા બનાવો બનીઆ તે બાબત .. .. .. ૧૨
પરચુરણ બાબદો .. .. .. .. ૧૪—૧૯
વીવામાં ગાવાનું ગીત. .. .. .. .. ૧૯
અસતરી બોધ સભાના ચોપાનીઆની ઈસવી સને ૧૮૫૮ નાં વરસની આએપત તથા ખરચના હીસાબની તારીજ .. .. .. ૨૦

## આંક ૨ જો—ફેબરવારી ૧૮૫૯

લાએકીવાલી ઓરત—નાની વીલસન .. .. .. ૨૧
હીંદુસથાનની તવારીખ. .. .. .. .. ૨૩
પાણીમાં દીવો ( ચીતર સાથે ) .. .. .. ૨૬
દુખી થવાનો ઇલાજ .. .. .. .. ૨૭
કેમેલાનો ગુણ .. .. .. .. ૨૭
પડછાઆંનો એક અજાએબ જેવો ખરો બનેલો દેખાવ ૨૮
ઉંઘ .. .. .. .. .. ૨૯
માણસને સઘલી હવામાં રેહેવાને લાએક બનાવેલું છે. ૩૧
ગંધક. .. .. .. .. ૩૨
ખાશ પદારથો. .. .. .. .. ૩૩
અખતરા. .. .. .. .. ૩૩
માણસ જાત .. .. .. .. ૩૪
તેલ તથા પાણી, શંઈઓગી આકરશણ તથા રશાએની આકરશણ .. .. .. ૩૪
હારનું એક ટીપું .. .. .. .. ૩૪
એક સુકી શેએ પાણી ઉપર કેમ તરેછે .. .. ૩૪
તેલ પાણી ઉપર તરેછે .. .. .. .. ૩૫
ગંધકનો તેજાબ .. .. .. .. ૩૫
અખતરો .. .. .. .. ૩૫
કપુર .. .. .. .. ૩૫
સુખ શામાંછે તે વીશે .. .. .. .. ૩૫
ગુલામનો વેપાર .. .. .. .. ૩૮
પરચુરણ બાબતો. .. .. .. .. ૩૯
નાનપણમાંથી દીકરીને નીશાલે મોકલવા વીશેનું ગીત ૪૦

## આંક ૩ જો—મારચ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—કાથીરાઇન .. .. .. ૪૧
ગોલાબનું ફુલ અને અતર .. .. .. ૪૫
એક ખરો હકીમ .. .. .. .. ૪૬
સચાઈનું બલ .. .. .. .. ૪૭
બચાંઓને કબુલત આપતી વખતે શંભાલ રાખવાની જરૂર .. .. .. ૪૮
ચીન (ચીતર શાથે.) .. .. .. .. ૫૦
કુદરતી અજાએબ દેખાવો (ચીતર શાથે.) .. .. ૫૧
બરોખેન પાહાડ ઉપરનો ભુત .. .. .. ૫૨
બે સુરજોનું દેખાવું .. .. .. .. ૫૩
કમબરલાંનડ શેહેરમાં દેખાએલી હવામાંની ફોજ .. ૫૩
કુદરતી અજાએબ દેખાવો .. .. .. ..
ઈટેલી દેશના દરીઆઇ તલેસમતી મેહેલો .. .. ૫૪
ફરાંસના કીનારાનુ ઘસડાઈ આવવુ .. .. .. ૫૪
એક કીલાનુ ટેકરી ઉપરથી નીચે ઉતરી પડવું .. ૫૫
હવામાં દેખાએલાં વાંહાંણો .. .. .. ૫૫
ઘોડાની બાહાદુરી તથા ચંચલાઈ .. .. .. ૫૫
પોતાંનો દેશ બંચાવનાર એક અસતરી. .. .. ૫૭
ચીનના બંદીખાના .. .. .. .. ૫૮
એક બેમરવત છોકરાને તાણો .. .. .. ૫૮
પરચુરણ બાબદો .. .. .. .. ૫૯
હીતના વચનો—(હરીગીત છંદ) .. .. .. ૬૦

## આંક ૪ થો—એપરેલ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—મડમ રોલાંડ .. .. .. ૬૧
આરટલુ કામ પુરૂં થાએને એકદમ નેકીના કામો કરવા માંડુ ૬૬
બંગાલામાં હાથે બરફ બનાવાની રીત .. .. ૬૭
સારી બઇરીઓના ગુણો .. .. .. .. ૬૮
શર જમશેદજી જીજીભાઇ બારોનેટ—(ચીતર શાથે.) ૬૯
ઘોડાનો માણસ ઉપર પીઆર—(ચીતર શાથે.) .. ૭૩
બોલતી અને ખેલ કરનારી માછલી —(ચીતર સાથે.) ૭૯

એક ઓરત ડાક્ટર ............ ૭૪
મરણ પામેલાંઓને ઠેકાણે પાંડવાની રીત .. .. ૭૭
પરચુરણ બાબતો ........ ૭૮—૮૦
સર જમશેદજીનો રાસડો .. .. .. .. ૮૦

આંક ૫ મો—મેઓ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—લેડી મેરી મોંનટેગ .. .. ૮૧
ગુજરાત પરાંતનો જાણવા જોગ હેવાલ .. .. .. ૮૨
નામદાર રાણી અને તેની શાહાજાદીઓ—(ચીતર શાથે) ૮૫
સાવકશાનો ટપકો .. .. .. .. ૮૬
ફરાંસ દેશનો શેહેનશાહા લુઈ નેપોલીઅન .. .. ૮૮
દખણ અમેરીકાના અસલી રેવાસીઓ—(ચીતર શાથે.) ૯૦
હમેલવાલી ઓરતે શું કરવું જોઈએ ! .. .. .. ૯૧
ખુલી હવામાં બાલક છોકરાંઓની કસરત તથા રમત (ચીતરો શાથે.) .. .. .. .. .. .. ૯૨
સંગીન પદારથોમાં જીવતાં જાનવરો .. .. ૯૪
સાંપનાં દાંત .. .. .. .. .. .. ૯૪
છોકરાંઓને જેવાં કરશો તેવાં થશે .. .. .. ૯૫
આજારી બચાંઓને વાસતે લંડન મધે ઉભી કરેલી હાસપીતાલ .. .. .. .. .. .. ૯૬
બાઈઓ તમે હરઘડીએ ઈશવરને ઈઆદ કરતાં રેહેજો. ૯૬
હીંદુસથાનના તપસીઆ કરનારા બાવાઓ .. .. ૯૭
સુખ દુખમાં લાગ .. .. .. .. .. ૯૮
પરચુરણ બાબતો .. .. .. .. .. ૯૯—૧૦૦
નવી પરણેલી ઓરતને શીખાંમણ (ગરબી) .. .. ૧૦૦

આંક ૬ ઠો—જુન ૧૮૫૯

લાએકીવાલી ઓરત—કારોલીન ચીસહોમ .. .. ૧૦૧
મરાઠા દેશનો જાણવા જોગ હેવાલ .. .. ૧૦૩
મરાઠા દેશનો છેલો પેશવા બાજીરાવ .. .. ૧૦૫
નામદાર રાણીનો બરથાર અને તેના સાહાજાદાઓ (ચીતર શાથે.) .. .. .. .. .. ૧૦૮
પીરોજબાઈની નથ .. .. .. .. .. ૧૦૯
વાદલ તથા વરસાદ—(ચીતર શાથે.) .. .. .. ૧૧૧
"લીઈબુ" નામનો એક જુવાન અને ચંચલ સાહાજાદો—(ચીતર શાથે) .. .. .. .. ૧૧૨
બરલીન ઉન અથવા ઉનનુ ભરત—(ચીતર શાથે) .. ૧૧૪
નેક અને ગુણવાન ઓરત .. .. .. .. ૧૧૬
એક ખુવાબ અથવા શપનો. .. .. .. ૧૧૭
આપણા નામીચા બારોનેટને વાશતે ઈંગલંડ મધે તઈઆર થાએલાં જુમરો—(ચીતર શાથે) .. .. ૧૧૯
પરચુરણ બાબતો ........ .. ૧૧૯—૧૨૦
સમજુના દાહાડા હરખમાં જાએછે તે વીશે (ગીત.) ૧૨૦

આંક ૭ મો—જુલાઈ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—ફલોરા માકડોનલડ (ચીતર સાથે.) ૧૨૧
મુંબઈ શેહેરનો જાણવા જોગ હેવાલ. .. .. ૧૨૩
ઇઉરોપ મધે લડાઈ અને તેનું શેવટ .. .. ૧૩૦
નણંદ ભોજાઈ અને ડેહેરાણી જેઠાણી વચે કલેશ અથવા કંકાસ .. .. .. .. .. ૧૩૧
મંગો પારક નામનો મુસાફર (ચીતર સાથે) .. .. ૧૩૩
"દુખના વખતમાં ઘભરાતા ના—ઈશવર ઉપર ભરોસો રાખજો—તે તમને મદદ થશે." .. .. ૧૩૪
ઓરતોને વલગાડ અથવા દીલમાં આવવું. .. .. ૧૩૫
બરલીન ઉલ—એક ખુબશુરત ફુલનું કુંડુ (ચીતર સાથે) ૧૩૬
એક દુખ ભરેલો અને માઠો બનાવ (ચીતર સાથે) .. ૧૩૭
ગંધકના પાહાડો વીશે એક મુસાફરનો હેવાલ .. .. ૧૩૮
પરચુરણ બાબતો .. .. .. .. ૧૩૯—૧૪૦
કેદી માણસની બાઆડી વીલાપ કરેછે (ગીત) .. .. ૧૪૦

આંક ૮ મો—આગશટ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—મીસીસ દુબરલી .. .. ૧૪૧
કછ પરાંતનો જાણવાજોગ હેવાલ .. .. .. ૧૪૨
ઈરાનનું પુરાતમ રાજ—તેની આખેરી, સાસાનીઆન ટોલાના બાદશાહો (ચીતર સાથે) .. .. ૧૪૪
રતનજી નામનો એક પારસી .. .. .. ૧૪૭
અજાએબ દેખાવના માણસો .. .. .. ૧૪૯
એક દુખી ગધેડો .. .. .. .. .. ૧૫૦
સુખ મેલવવાની આશામાં વધારે દુખ અને વધારે ફીકરમાં પડતાના .. .. .. .. ૧૫૧
મોટાં અને અમરતી ભરેલાં જાડો .. .. .. ૧૫૧
સુવાવડી ઓરતે ધેઆનમાં રાખવા જોગ થોડીએક બાબતો .. .. .. .. .. .. ૧૫૩
જાન હાવઅરડ નામનો એક પરદુખભંજન ઈંગરેજ (ચીતર સાથે) .. .. .. .. .. ૧૫૩
ઈઉનાન દેશની નામીચી કસરત શાલા .. .. ૧૫૪
વીશુવીઅસ નામનો બલતો પાહાડ (ચીતર સાથે) .. ૧૫૫
પંદરમી સદીમાં ઈઉરોપ મધે ભુત પલીત તથા જાદુ તોણાનો વહેમ .. .. .. .. .. ૧૫૬
પરચુરણ બાબતો .. .. .. .. .. ૧૫૮—૧૫૯
એશીઆ ખંડનો ગરબો .. .. .. .. ૧૫૯

આંક ૯ મો—શપટેમબર ૧૮૫૯

લાએકીવાલી ઓરત—હેના મોર .. .. .. ૧૬૧
શીંધ પરાંતનો જાણવાજોગ હેવાલ .. .. .. ૧૬૨
હેદરઅલી તથા ટીપુ સુલતાન .. .. .. ૧૬૪
માણેકબાઈની ફરીઆદ .. .. .. .. ૧૬૫
હાલ ઈરાન મધે કેવી જાતનુ અને કેટલું લશકરછે તે વીશે (ચીતર સાથે) .. .. .. .. ૧૬૮
નીરો નામનો એક શેહનશાહ—તેની નામીચી અને ઘાતકી રમુજ .. .. .. .. .. ૧૬૯
ઈંગલંડ મધે કોલશાની ખાણો (ચીતર સાથે) .. .. ૧૬૯
સારી અને સમજુ માતાઓ સારા અને સમજુ બાલકો પેદા કરેછે .. .. .. .. .. ૧૭૧
નવી દુનીઆની સોધ—ક્રીસતફર કોલંમબશ (ચીતર સાથે) .. .. .. .. .. .. ૧૭૨
ઉગમણ દેસોના કેટલાએક રાજાઓનો પોતાની ગરીબ રઈઅત ઉપર પેઆર .. .. .. .. ૧૭૪
ચીન મધે બંધીવાનોને સીકસા કરવાની એક સાધારણ રીત (ચીતર સાથે) .. .. .. .. ૧૭૪
માણસ જાતના ખોરાક વીશે .. .. .. .. ૧૭૫
બે ભુત બીલાડી થઈને ફરતાં હતા તેઓની વાત .. ૧૭૬

# શાંકલીઓ સ્ત્રીબોધના પુસતક ૩ જાંનુ.


## આંક ૧ લો—જાંનેવારી ૧૮૫૯

| | સફે. |
|---|---|
| લાએકીવાલી ઓરત—જંગા રાણી | ૧ |
| તનદુરસતીની જાલવણી. | ૨ |
| માણસ જાત. | ૩ |
| પવનની કહેલી વાત | ૪ |
| ધણી ધણીઆણીને શીખામણ | ૫ |
| મોતી પરવાલાંનો હાર | ૬ |
| હાથીની ઇઆદદાશત અને આદત. | ૮ |
| નેપોર તથા તાંહાંના માહારાજા (ચીતર સાથે.) | ૯ |
| વખતને આરાધના | ૧૧ |
| બરામણની અવસથા | ૧૧ |
| બચાંઓને શહીઅડ કાહડવાના ફાએદા. | ૧૧ |
| હીંદુસથાનમાં બરીટીશ રાજને લગતા મોહોટા બનાવો બનીઆ તે બાબત | ૧૨ |
| પરચુરણ બાબદો | ૧૪—૧૯ |
| વીવામાં ગાવાતું ગીત. | ૧૯ |
| અસતરી બોધ સભાના ચોપાનીઆની ઇસવી સને ૧૮૫૮ નાં વરસની આએપત તથા ખરચના હીસાબની તારીજ | ૨૦ |

## આંક ૨ જો—ફેબરવારી ૧૮૫૯

| | |
|---|---|
| લાએકીવાલી ઓરત—નાની વીલસન | ૨૧ |
| હીંદુસથાનની તવારીખ. | ૨૩ |
| પાણીમાં દીવો (ચીતર સાથે) | ૨૬ |
| દુખી થવાનો ઇલાજ | ૨૭ |
| કોએલાનો ગુણ | ૨૭ |
| પડછાયાંનો એક અજાએબ જેવો ખરો બનેલો દેખાવ. | ૨૮ |
| ઉંઘ | ૨૯ |
| માણસને સઘલી હવામાં રેહેવાને લાએક બનાવેલું છે. | ૩૧ |
| ગંધક. | ૩૨ |
| ખારા પદારથો. | ૩૩ |
| અખતરા. | ૩૩ |
| માણસ જાત | ૩૪ |
| તેલ તથા પાણી, શંઇઓગી આકરશણ તથા રસાએની આકરશણ.. | ૩૪ |
| કારનું એક ટીપું | ૩૪ |
| એક સુકી ચીજ પાણી ઉપર કેમ તરેછે | ૩૪ |
| તેલ પાણી ઉપર તરેછે | ૩૫ |
| ગંધકનો તેજાબ | ૩૫ |
| અખતરો | ૩૫ |
| કપુર | ૩૫ |
| સુખ શામાંછે તે વીશે | ૩૫ |
| ગુલામનો વેપાર | ૩૮ |
| પરચુરણ બાબતો. | ૩૯ |
| નાનપણમાંથી દીકરીને નીશાલે મોકલવા વીશેનું ગીત | ૪૦ |

## આંક ૩ જો—મારચ ૧૮૫૯

| | |
|---|---|
| લાએકીવાલી ઓરત—કાથીરાઇન | ૪૧ |
| ગોલાબનું ફુલ અને ચાતર | ૪૫ |
| એક ખરો હકીમ | ૪૬ |
| સચાઇનું બલ | ૪૭ |
| બચાંઓને કબુલત આપતી વખતે શંભાલ રાખવાની જરૂર | ૪૮ |
| ચીન (ચીતર શાથે.) | ૫૦ |
| કુદરતી અજાએબ દેખાવો (ચીતર શાથે.) | ૫૧ |
| બરોખેન પાહાડ ઉપરનો ભુત | ૫૨ |
| બે સુરજોનું દેખાવું | ૫૩ |
| કમબરલાંનડ શેહેરમાં દેખાએલી હવામાંની ફોજ | ૫૩ |
| કુદરતી અજાએબ દેખાવો | |
| ઇટલી દેશના દરીઆઇ તલેસમતી મેહેલો | ૫૪ |
| ફરાંસના કીનારાનુ ઘસડાઇ આવવુ | ૫૪ |
| એક ઢીલાનુ ટેકડી ઉપરથી નીચે ઉતરી પડવું | ૫૫ |
| હવામાં દેખાએલાં વાંહાણો | ૫૫ |
| ઘોડાની બાહાદુરી તથા ચંચલાઇ | ૫૭ |
| પોતાનો દેશ બચાવનાર એક અસતરી. | ૫૮ |
| ચીનના બંદીખાના | ૫૮ |
| એક બેમરવત છોકરાને તાણો | ૫૯ |
| પરચુરણ બાબદો | ૬૦ |
| હીતના વચનો—(હરીગીત છંદ) | |

## આંક ૪ થો—એપરેલ ૧૮૫૯

| | |
|---|---|
| લાએકીવાલી ઓરત—મડમ રોલાંડ | ૬૧ |
| આટલુ કામપુરૂ થાએને એકદમ નકીના કામો કરવા માંડુ | ૬૭ |
| બંગાલામાં હાથે બરફ બનાવાની રીત | ૬૮ |
| સારી બઇરીઓના ગુણો | ૬૯ |
| શર જમશેદજી જીજીભાઇ બારોનેટ—(ચીતર શાથે.) | ૭૩ |
| ઘોડાનો માણસ ઉપર પીઆર—(ચીતર શાથે.) | ૭૪ |
| બોલતી અને ખેલ કરનારી માછલી—(ચીતર સાથે.) | |

એક ઓરત ડાકટર ... ... ... ૭૪
મરણ પામેલાંઓને ઠેકાણે પાડવાની રીત ... ... ૭૭
પરચુરણ બાબતો ... ... ... ૭૮—૮૦
સર જમશેદજીનો રાસડો ... ... ૮૦

આંક ૫ મો—મેએ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—લેડી મેરી માંનટેગ .. .. ૮૧
ગુજરાત પરાંતનો જાણવા જોગ હેવાલ .. .. .. ૮૨
નામદાર રાણી અને તેની શાહાજાદીઓ—(ચીતર શાથે) ૮૫
સાવકશાનો ટપકો .. .. .. .. ૮૬
ફરાંસ દેશનો શેહેનશાહા લુઈ નેપોલીઅન .. .. ૮૮
દખણ અમેરીકાના અસલી રેવાસીઓ—(ચીતર શાથે.) ૯૦
હમેલવાલી ઓરતે શું કરવું જોઈએ? .. .. .. ૯૧
ખુલી હવામાં બાલક છોકરાંઓની કસરત તથા રમત (ચીતરો શાથે.) .. .. .. .. .. ૯૨
સંગીત પદારથોમાં જીવતાં જાનવરો .. .. .. ૯૪
સાંપનાં દાંત .. .. .. .. .. ૯૪
છોકરાંઓને જેવાં કરશો તેવાં થશે .. .. ૯૫
આજારી બચાંઓને વાસતે લંડન મધે ઉભી કરેલી હાસપીતાલ .. .. .. .. .. ૯૬
બાઈઓ તમે હરઘડીએ ઈશવરને ઈઆદ કરતાં રેહેજો. ૯૬
હીંદુસથાનના તપસીઆ કરનારા બાવાઓ .. .. ૯૭
સુખ દુખમાં ભાગ .. .. .. .. ૯૮
પરચુરણ બાબતો .. .. .. .. .. ૯૯—૧૦૦
નવી પરણેલી ઓરતને શીખાંમણ (ગરબી) .. .. ૧૦૦

આંક ૬ ઠો—જુન ૧૮૫૯

લાએકીવાલી ઓરત—કારોલીન ચીસહોમ .. .. ૧૦૧
મરાઠા દેશનો જાણવા જોગ હેવાલ .. .. .. ૧૦૩
મરાઠા દેશનો છેલો પેશવા બાજીરાવ .. .. .. ૧૦૫
નાંમદાર રાણીનો ભરથાર અને તેના સાહાજાદાઓ (ચીતર શાથે.) .. .. .. .. .. ૧૦૮
પીરોજબાઈની નથ .. .. .. .. ૧૦૯
વાદલ તથા વરસાદ—(ચીતર શાથે.) .. .. ૧૧૧
"લીઈબુ" નામનો એક જુવાન અને ચંચલ સાહાજાદો—(ચીતર શાથે) .. .. .. ૧૧૨
બરલીન ઉન અથવા ઉનનુ ભરત—(ચીતર શાથે) .. ૧૧૪
નેક અને ગુણવાન ઓરત .. .. .. .. ૧૧૬
એક ખુવાબ અથવા શપનો. .. .. .. ૧૧૭
આપણા નામીચા બારોનેટને વાશતે ઈંગલંડ મધે તઈઆર થાએલાં જુમરો—(ચીતર શાથે) .. .. ૧૧૯
પરચુરણ બાબતો .. .. .. ૧૧૯—૧૨૦
સમજુના દાહાડા હરખમાં જાએછે તે વીશે (ગીત.) ૧૨૦

આંક ૭ મો—જુલાઈ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—ફલોરા માકડોનલડ (ચીતર સાથે.) ૧૨૧
મુંબંઈ શેહેરનો જાણવા જોગ હેવાલ. .. .. ૧૨૩
ઈઉરોપ મધે લડાઈ અને તેનું શેવટ .. .. ૧૩૦
નણંદ ભોજાઈ અને દેહેરાણી જેઠાણી વચે કલેશ અથવા કંકાસ .. .. .. .. ૧૩૧
મંગો પારક નામનો મુસાફર (ચીતર સાથે) .. .. ૧૩૩
"દુખના વખતમા ઘભરાતા ના—ઈશવર ઉપર ભરોસો રાખજો—તે તમને મદદ થશે." .. .. ૧૩૪
ઓરતોને વલગાડ અથવા દીલમાં આવવું. .. .. ૧૩૫
બરલીન ઉલ—એક ખુબશુરત ફુલનું કુંડું (ચીતર સાથે) ૧૩૬
એક દુખ ભરેલો અને માઠો બનાવ (ચીતર સાથે) .. ૧૩૭
ગંધકના પાહાડો વીશે એક મુસાફરનો હેવાલ .. .. ૧૩૮
પરચુરણ બાબતો .. .. .. .. ૧૩૯—૧૪૦
કેફી માણસની બાએડી વીલાપ કરેછે (ગીત) .. .. ૧૪૦

આંક ૮ મો—આગશટ ૧૮૫૯

લાએકીવાલી ઓરત—મીસીસ ફુબરલી .. .. .. ૧૪૧
કછ પરાંતનો જાણવાજોગ હેવાલ .. .. .. .. ૧૪૨
ઈરાનનું પુરાતમ રાજ—તેની આબેરી, સાસાનીઆન ટોલાના બાદશાહો (ચીતર સાથે) .. .. .. ૧૪૪
રતનજી નામનો એક પારસી .. .. .. .. ૧૪૭
અજાએબ દેખાવના માણસો .. .. .. .. ૧૪૯
એક દુખી ગધેડો .. .. .. .. .. ૧૫૦
સુખ મેલવવાની આશામાં વધારે દુખ અને વધારે ફીકરમાં પડતાના .. .. .. .. .. ૧૫૧
મોટાં અને અચરતી ભરેલાં જાડો .. .. .. ૧૫૧
સુવાવડી ઓરતે ધેઆનમાં રાખવા જોગ થોડીએક બાબતો .. .. .. .. .. .. ૧૫૩
જાન હાવઅરડ નામનો એક પરદુખભંજન ઈંગરેજ (ચીતર સાથે) .. .. .. .. .. ૧૫૩
ઈઉનાન દેશની નામીચી કસરત શાલા .. .. .. ૧૫૪
વીશુવીઅસ નામનો બલતો પાહાડ (ચીતર સાથે) .. ૧૫૫
પંદરમી સદીમાં ઈઉરોપ મધે ભુત પલીત તથા જાદુ તોણાનો વહેમ .. .. .. .. .. .. ૧૫૬
પરચુરણ બાબતો .. .. .. .. .. ૧૫૮—૧૫૯
એશીઆ ખંડનો ગરબો .. .. .. .. .. ૧૫૯

આંક ૯ મો—શપટેમબર ૧૮૫૯

લાએકીવાલી ઓરત—હેના મોર .. .. .. .. ૧૬૧
શીંધ પરાંતનો જાણવાજોગ હેવાલ .. .. .. ૧૬૨
હેદરઅલી તથા ટીપુ સુલતાંન .. .. .. .. ૧૬૪
માંણેકબાઈની ફરીઆદ .. .. .. .. ૧૬૫
હાલ ઈરાન મધે કેવી જાતનુ અને કેટલું લશકરછે તે વીશે (ચીતર સાથે) .. .. .. .. ૧૬૬
નીરો નામનો એક શેહનશાહ—તેની નામીચી અને ઘાતકી રમુજ .. .. .. .. .. ૧૬૬
ઈંગલંડ મધે કોલશાની ખાણો (ચીતર સાથે) .. .. [illegible]
સારી અને સમજુ માતાઓ સારા અને સમજુ બ લકો પેદા કરેછે .. .. .. .. .. [illegible]
નવી દુનીઆની સોધ—કરીસતફર કોલંમબશ (ચીતર સાથે) .. .. .. .. .. ૧૭૦
ઉગમણ દેસોના કેટલાએક રાજાઓનો પોતાની ગરીબ રઈઅત ઉપર પેઆર .. .. .. .. ૧૭૪
ચીન મધે બંધીવાનોને સીકસા કરવાની એક સાધારણ રીત (ચીતર સાથે) .. .. .. .. ૧૭૬
માણસ જાતના ખોરાક વીશે .. .. .. .. [illegible]
બે ભુત બીલાડી થઈને ફરતા હતા તેઓની વાત .. ૧૭૯

બચાંની માવજત વીશેના થોડાએક ઇખાદ રાખવા જોગ કાએદા.. .. .. .. .. .. ૧૭૬
વાગુલ.. .. .. .. .. .. .. ૧૭૭
પરચુરણ બાબતો.. .. .. .. .. ૧૭૮—૧૮૦
ભણવા વીશે—ગરબો. .. .. .. .. ૧૮૦
કેફી ભરથાર વીશે.. .. .. .. .. .. ૧૮૦

## આંક ૧૦ મો—અકટોબર ૧૮૫૯

લાએકીવાલી ઓરત—કુવીન મેરી.. .. .. .. ૧૮૧
પંજાબ પરાંતનો જાણવાજોગ હેવાલ.. .. .. .. ૧૮૨
ઇફગાન દેશનો સીકંદર બાદશાહા.. .. .. .. ૧૮૪
છવકોર અને તેણીનું કુટંબ. .. .. .. ૧૮૬
ઇરાનની લડાઇ—ફુરોખખાન એલચી (ચીતર સાથે). ૧૮૭
ખોરાક કેવી રીતે ખાવો જોઇએ ? .. .. .. ૧૮૮
બાદશાહા અને ગરીબ કુણબીઓની વાત.. .. .. ૧૮૯
આપણી પીવાની ચાહે (ચીતર સાથે) .. .. .. ૧૯૧
સુરજનું આથમવું .. .. .. .. .. ૧૯૨
માણસની બેહદ કારીગરીના કેટલાએક જાણવા જોગ નમુના.. .. .. .. .. .. .. ૧૯૩
ઇટાલી દેશની છોકરીઓ.. .. .. .. .. ૧૯૪
અમેરીકા અને તાંહાંના વસેલા ઇંગરેજો.. .. .. ૧૯૪
કપતાન કુક નામનો નામીચો મુસાફર (ચીતર સાથે).. ૧૯૫
બેહેનો તમે આલસુ બેસો ના—કાંઇબી કામે વલગો.. ૧૯૭
બચાંઓની માવજત વીશેના થોડાએક ઇખાદ રાખવા જોગ કાએદા.. .. .. .. .. .. ૧૯૮
પરચુરણ બાબતો.. .. .. .. .. ૧૯૯
નવી વહુને શીખામણ—ગરબી.. .. .. .. ૨૦૦
નીતીની સાડી—ગરબી.. .. .. .. .. ૨૦૦

## આંક ૧૧ મો—નવેમબર ૧૮૫૯

લાએકીવાલી ઓરત—લેડી હેરીએટ.... .... ૨૦૧
દીલીનો જાણવાજોગ હેવાલ.... .... .... ૨૦૨
કાસીનો રાજા ચઇઅતસીંગ.... .... .... ૨૦૪
રતનબાઇને સંગરા.... .... .... ૨૦૬
ચાર ઇંચા પાંચ ફુટ ઉંચા લાકડાંના પગ ઉપર ચાલનારાં માણસો (ચીતર સાથે).... .... ૨૦૮
સાએમના બે જોડીઆઓ.... ...... .. ૨૦૯
સ્ત્રી ભરતાર પોતાનું સુખ કેમ વધારી શકે ! ...... ૨૦૯
મોતી—એ શું ચીજછે તથા તે કેવી રીતે અને કહી જગાએ મલેછે ? (ચીતર સાથે) ...... ૨૧૧
કુરગના રાજાની દરબારમાં એક માણસે વાઘની સાથે લીધેલી બાથ........ ...... ૨૧૨
આદમીનું હાડ ખોખું (ચીતર સાથે) ...... ૨૧૩
માટી ખાઇને ગુજારો કરનારાઓ..... ૨૧૪
યુરોપ ખંડમાં રેશમની કીમત..... ૨૧૫
તજ અને તેનું ઝાહડ ..... ...... ૨૧૫
આપણા શરીરની ચામડી ... .... ... ૨૧૬
બચાંની માવજત વીશેના થોડાએક ઇખાદ રાખવા જોગ કાએદા ..... .... ...... ૨૧૭
પરચુરણ બાબતો .. .. .. .. ૨૧૮—૨૨૦
સ્ત્રીઓને ભણવાં વીશે—ગરબી .. .. .. ૨૨૦

## આંક ૧૨ મો—ડીસેમબર ૧૮૫૯

લાએકીવાલી ઓરત—ફેલીશીઆ હીમંનસ .. .. ૨૨૧
આગરા પરાંતનો જાણવા જોગ હેવાલ .. .. .. ૨૨૨
સંતોશ વગરની સુનાબાઇ .. .. .. .. ૨૨૩
આદમીનો જીવ બચાવનારા કુતરા—(ચીતર સાથે.) ૨૨૬
પેર-કેવી રીતે ચલાવવું ? .. .. .. .. ૨૨૭
અંતકરણ અને ફેફસા વચે વાત.. .. .. .. ૨૨૮
એક અજાએબ જેવી ઓરત.. .. .. .. ૨૨૯
ચીન દેશ—તાંહાંની પાણીની નેહેરો તથા મોટી દેવાલ (ચીતર સાથે).. .. .. .. .. ૨૨૯
આંધલો ડાકતર અને તેની ગુણવાન સ્ત્રી .. .. ૨૩૦
દુધ અને માખણ .. ..... .. ૨૩૨
આફરીકાના સીદીઓ—તેઓની હાલત (ચીતર સાથે) ૨૩૩
સર વીલીઅમ જોનસ—(ચીતર સાથે) .. .. ૨૩૪
પેપર—તેમની અચરત જેવી બુધી. .. .. ૨૩૬
માતાઓને ઉપદેશ ભરેલાં વચન .. .. .. ૨૩૭
બચાંઓની માવજત વીશેના થોડાએક ઇખાદ રાખવા જોગ કાએદા .. .. .. .. ૨૩૮
પરચુરણ બાબતો .. .. .. .. ૨૩૮
શાણપણ શીખવા વીશે (ગરબી) .. .. .. ૨૪૦

# સ્ત્રીબોધ·

પુસતક ૩ જું· | જાંનેવારી ૧૮૫૯ | આંક ૧ લો·

## લાએકીવાળી ઓરત.

### ઝીંગા રાણી·

આફરીકા દેશના પશચીમ કીનારા ઊપર આંગોલા કરીને એક શેહેરછે. તાંહાંની નામીચી ઝીંગા રાણીની તવારીખ ઊપરથી જણાઈ આવેછેકે વગર ભણેલા અને અડધા જંગલી હબશી લોકોનું મન કેહેવી તરેહનુંછે. ઝીંગા સન ૧૫૮૨ ના વરસમાં જનમી હતી. તે વેળાએ પોરટુગીજ લોકો આફરીકાના પશચીમ કીનારા પર જઈને નવી વસતી કરતા હતા અને તાંહાંના દેશી રાજાઓને સતાવીને તેઓનાં રાજ લઈ લેતા હતા. જારે ઝીંગા ચાળીસ વરસની હતી તારે તેહેનો ભાઈ આંગોલામાં રાજ કરતો હતો. તેણે તેહેને લોઆંડાના પોરટુગીજ અમલદારની સાથે કાંઈ રાજકારભારી બંદોબસત કરવાને ઝીંગાને એલચી દાખલ મોકલી. તે ઠેકાણે તેહેને સારૂ સારી જગા તઈઆર કરી મુકી હતી અને તેહેના દરજજાને લાએક તાંહાં તેહેને આદરમાન મળીઊં. દરબારમાં પેસતાંજ એક તખત પેલા અમલદારને વાસતે માંડેલું હતું, અને તેહેની સાંમે એક ઊમદા મખમલના અને જરદોજ ભરેલા ગાદી તકીઆ ઝીંગાને સારૂ બીછાવેલા હતા. તે જોઈને પેલી બાદશાહજાદી ઝીંગા મનમાં નાખુશ થઈ પણ મોહોડે કાંઈ બોલી નહીં. તેણે આંખની ઈશારત કરી એટલે તેહેની એક દાસી તાંહાં આવીને ઘોડીની માફક નીચે બેઠી, અને તેહેની પીઠપર ઝીંગા ચહડીને ગંભીરાઈથી પેલા અમલદારની રાહ જોતી બેઠી. પછી તે અમલદાર આવેઓ તેહેની જોડે હીંમત અને બાહાદુરીથી પોતાના કામ બાબતની વાત ચીત કરી તે જોઈને આખું દરબાર તાજુબ થઈ રહીઊં. પેલા અમલદારે તેહેને કહીઊં કે તમારી સાથે હમે દોસતીનો હક રાખવાને તઈઆર છઈએ, પણ તમારે પોરટુગલના રાજાને દર વરસે ખંડણી આપવી પડશે. તે સાંભળીને તેણે મગરૂરીથી તે વાત કબુલ કરવાની ના કહી; પણ આખરે તેણે હેવું કહીઊં કે જો તમે કેહેતા હોવતો તમારા લોક જે માહારે તાંહાં કેદછે તેઓને હું છોડી મુકું, પણ તમને ખંડણી કાંઈ આપનાર નથી, તમારે જોઈએતો એ વાત તમે કબુલ કરો. તે વાત અંતે પોરટુગીજ અમલદારે કબુલ કરી અને દોસતીના કોલ કરાર થઓ.

એ બાઈ લોઆંડામાં હતી તેહેવામાં એણે ખરીસતી ધરમ કબુલ કીધો અને સરવે વાતે વીલાએતના લોકોની માફક ચાલવા લાગી. પછી થોડેએક દાહાડે તે પાછી આંગોલા આવી, તાંહાં તેહેનો ભાઈ મરી ગએથી તે ગાદીપર બેઠી. તારપછી તેહેને પોરટુગીજ લોકોની સાથે એક લડાઈ થઈ. તે લડાઈ વીળંદા લોકોની મદતથી તથા કેટલાએક ગામડી રાજાઓની મદતથી તેણે ઘણા જોર સાથે ચલાવી. તોપણ અંતે પોરટુગીજ લોકો ઝીતેઆ, અને દર વરસે ખંડણી આપવાની શરતે તેહેને પાછી ગાદીપર બેસાડવાનું કહીઊં. તેહેની તેણે ના પાડી માટે પોરટુગીજ લોકે તેહેને ઠેકાણે બીજો રાજા ઠરાવેઓ અને ઝીંગાને નાહાસી જવું પડીઊં. પોરટુગીજ લોકો તેહેની જોડે હાવી રીતે ચાલેઆ તેથી ગુસે થઈને તેણે ખરીસતી ધરમ મુકી દીધો, અને કેટલાએક નીમકહલાલ હબશીઓને પોતાના હાથ તળે એકઠા કરીને સારી પટી લડી અને પોરટુગીજ લોકોને હરાડ વરસ સુધી કાએર કાએર કરેઆ. અંતે ઘણી ઘરડી થઈ તથા તેહેની

એક ઘણી પેઆરી બેહેન હતી તે મરી ગઈ તેથી તથા ખરીસતી ધરમ મુકી દીધેલો તેથી તેહેના મનમાં ઘણો ખેદ થએો. એ વેળાએ તેહેને તાંહાં એક પોરટુગીજ પાદરી કેદ હતો તેણે તેહેને દીલાસો આપીને કહીઊં કે તું પાછી ખરીસતી થા. તેણે તે પરમાણે તે ધરમ પાછો કબુલ કરો, અને પોરટુગીજ લોકોએ તેહેને તેહેનું રાજ પણ પાછું સોંપીઊં. તેણે પોતાનો નવો ધરમ લોકોમાં ફેલાવવાને ઘણી મેહનત કરી અને તે કામમાં તે ફતેહ પામી. જે લોક આડા થઆ તેઓને તેણે મારી નાખેઆ. તેણે પોતાની રઈઅતને સારૂ કેટલાએક કાએદા કરેઆ તેહમાં એક કાએદો હેવો કરેઓ કે કોઈ ધણી એકથી વધારે બાએડી કરે નહીં અને તેમજ કોઈ બાએડી એકથી વધારે ધણી કરે નહીં. તેહેના દેશમાં માણસનો ભોગ આપવાનો ધારો હતો તે પણ તેણે બંધ કરેઓ. પોરટુગીજ લોકોની જોડે કરેલા કોલકરાર તેણે બરાબર રીતે પાળેઆ, અને તેહેને ખંડણી આપનાર એક નાહાધડા રાજાએ કેટલીએક શરતો તોડી તેથી તે તેહેની ઊપર ચહડાઈ કરીને તેહેને હરાવેઓ અને તેહેનું માથું કાપીને પોરટુગીજ અમલદારને મોકલીઊં. તોપણ કોઈ રીતથી પોરટુગલના રાજાને ખંડણી આપવાનું તેણે કબુલ કરીઊં નહીં. તે રાણી સન ૧૬૬૩ માં તેઆસી વરસની થઈને ગુજરી ગઈ. તે વખત તેહેની આખી રઈઅત ઘણી દલગીર થઈ.

---

## તનદુરસતીની જાળવણી.

—o—

જો કોઈ માણસના શરીરનો બાંધો અસલથીજ મજબુત હોએ તો જઈફી આવે તાંહાંસુધી તે માણસ મજબુત અને તનદુરસત રેહેશે, પણ કેટલીએક શરતો છે તે તેણે પાળવી જોઈએ. આ વાત સીધ થએલી છે માટે આપણે જાણવાની જરૂરછે કે તે શરતો કહીકહીછે કે તે પાળેથી આ દુનીઆમાં મોહોટામાં મોહોટી નેઆમત જે તનદુરસતી તે આપણે ભોગવી શકીએ. એ શરતો હેવીછે કે સરવે સેહેજમાં જાણીને પાળી શકે.

તનદુરસતીની મુખીઅ શરતો સાતછે તેઓની વીગત. ૧. સાફ હવા; ૨. જોઈએ એટલો મજબુત ખોરાક બરાબર રીતસર લીધેલો; ૩. સફાઈ; ૪. શરીરના બધા ભાગોને જોઈએ એટલી કસરત; ૫. જોઈએ એટલી ગરમી; ૬ જોઈએ એટલી ખુશી ભરેલી અને નીરદોશી રમત; અને ૭. મોહોટી ફીકરમાં નહીં રેહેવું. એ સાત શરતોનું જરા વીસતારી બઆન કરવાનો હમારો વીચારછે.

### ૧. હવા.

જે હવા જમીનની આસપાસ લપેટાએલીછે તે મુખીઅ બે હવાઓથી બનેલીછે. તેઓનાં નામ આકસીજન અને નાઈટરોજન. એ હવાના જો સો ભાગ લઈએ તો તેહમાં ૨૦ ભાગ આકસીજનના અને ૮૦ નાઈટરોજનના, અને તેહમાં ઘણો જીજ ભાગ કારબાનીક આસીડ નામની હવા હોએછે. હેવી હવા તે સાફ હવા સમજવી અને આપણા દમમાં લેવાને એ હવાની જરૂરીઆતછે. જારે હવામાં બીજી કાંઈ ચીજ મળેલી હોએછે અથવા ઊપલીજ હવાઓ જુદા જુદા પરમાણમાં મળેલી હોએછે તારે તે હવા દમમાં લીધેથી નુકસાન થઆ વગર રેહેતું નથી. સાફ હવા ઘણી જોઈએછે. માણસ જાગતું હોએ કે ઊંઘતું હોએ તો પણ તેહેનુ દમ લેવાનું કામ તો જારીજ રેહેછે. તારે ઘણી હવા જોઈએ એટલુંજ નહીં, પણ તે હરતી ફરતી રેહેવી જોઈએ કે જે ખરાબ થએલી હવા આપણા દમની સાથે બાહાર નીકળે તે એમની એમ જતી રેહે અને બાહારની બીજી હવાની સાથે મળી જાએ.

હવે કેટલીએક હાલત હેવીછે કે તેથી આપણી આસપાસની હવામાં બીગાડ પેદા થાએછે; અને તેહેની આપણે ખબરદારી રાખવી જોઈએ. જે ઠેકાણે ગોંધાએલું અને ઠર પાણી રહેલું હોએછે તથા કાંઈ વનસપતી સડી જાએછે તાંહાં હવામાં નઠારો ફેરફાર થાએછે. તેહમાંથી જે બોખાર ઊઠેછે તે જેહેરછે અને દમ લીધેથી આપણા શરીરમાં જઈને તાવ વગેરે દુખ પેદા કરેછે. સઘળી નીચી અને સરદીવાળી જગામાંથી થોડો ઘણો બોખાર નીકળેછે અને તાંહાં રેહેવામાં નુકસાનછે; માટે ઘર બાંધવાને સારૂ પસંદ કરવી તે હેવી જગા જોઈએ કે જે જરા ઊંચી હોએ અને જાંહાં ઊજેસ તથા હવા સારી પડી હોએ. મુસલમાન લોકો મોહોટા મોહોટા હોજોની ઊપર પોતાનાં ઘર બાંધેછે તે ઘરો તનદુરસતીને ઈજા કરનારછે, કેમકે તે હોજોનું પાણી હંમેશ ઠર અને ગોંધાએલું રહેથી તેહેમાંથી બોખાર નીકળેઆ કરેછે. થોડાંએક વરસ પર


વાઈકાઊંટ મીલટન નામનો એક જુવાન પુરૂશ તરત જ પરણેઓ હતો અને તેહને એક છોકરૂં થઊં હતું. તે પોતાના ઘરમાંનો એક જુનો ઘણા દાહાડાનો બંધ પડેલો હોજ ખોલેથી તાવ આવીને મરણ પામેઓ. તારપછી ઈંગ્લાંડમાં પણ એજ કારણસર એક ખેહુતના ઘરમાં મરણ થઆં. તે ખેહુત, તેહની બાઐડી અને એક ચાકરડી એટલાંતો તાવ આવીને મુઆં, અને એક છોકરો, છોકરી અને કેટલાએક ચાકર નફર એ સઊ તે ઘરમાં ઘણાં બીમાર હતાં તે તાંહાંથી નીકળી નાઠાં તારે બચેઆં. આ વખતે જોઊંતો તેઓ તે ઘર મુકીને ગઆં કે તરત તેઓને ફેર પડેઓ અને તેઓ પાછાં તે ઘરમાં આવેઆં કેવળી તાવ આવેઓ. પછી બરાબર તપાસ કરેથી માલમ પડીઊં કે તે ઘરની પાછળ એક કુંડી હતી અને તેહેમાં બધી જાતનો કચરો નાખતા હતા અને તે કેટલાએક વરસ સુધી સાફ કરવામાં આવી નહીં હતી તેથી હવા ખરાબ થઈને આટલું બધું નુકસાન થઊં.

તેજ પરમાણે સઘળી જાતની સડતી ચીજોમાંથી બાખાર નીકળેછે. ખરાબ નળો, ગટરો, મોરીઓ કે જેહેમાં કચરો એકઠો થઈ રેહે અને સાફ કરવામાં નહીં આવે તેહમાંથી બાખાર નીકળીને હવા હેવીતો જેહેરી થઈ જાએછે કે મોહોટા મોહોટા રોગો પેદા થાએછે. મરકી અને હગોકનાં પણ એજ કારણછે. મુંબઈમાં ભોઈવાડા સરખી મેલી અને ગલીચી ભરેલી જગોમાં જેટલી મરકી ચાલેછે તેટલી અંગરેજ લોક સાફ જગામાં રેહેછે તાંહાં ચાલતી નથી. આગળ વીલાએતમાં પણ મોહોટા મોહોટાં શેહેરોમાં એમજ થતું. શેહેરો સાફ રાખવાને ઘટતા ઈલાજો કરેલા નહીં હતા તેથી કચરો એકઠો થઆ કરતો હતો અને તેથી જાનનું ઘણુ નુકસાન થતું હતું. હમણાં એ કારણ સમજાએથી તેહેના ઘટતા ઈલાજો થવા લાગાછે તોપણ વીલાએતનાં શેહેરો પણ જોઈએ એટલાં સાફ રેહેતાં નથી તો પછી આપણાં હીંદુસથાનનાં તે કાંહાંથીજ રેહે.

માણસ પોતેજ હવાને બગાડેછે, આપણે દમ લઈને પાછી તે હવાને બાહાર કાહાડીએ છઈએ તે હવા બગડેલીછે. અંદર જતી વખત સાફ હવા ઊપર બતાવેલાં વજનસર મેળવણીની હોએછે અને બાહાર આવેછે તારે તેહમાં ફેરફાર થઈ ગએલો હોએછે. આપણાં ફેફસાંમાં જારે હવા જાએછે તારે તેહમાંનું આકસીજન શરીરમાં ફરીને આવેલાં લોહીના કારબાન સાથે મળેછે. તે બે ભાગ મળેછે, અને બાકીના ત્રણ ભાગ પાછા દમની સાથે બાહાર નીકળેછે અને કારબન તથા આકસીજનના મળવા થકી કારબાનીક આસીડ નામની હવા પેદા થાએછે તે પણ બાહાર નીકળેછે. હવે હવામાં કારબાનીક આસીડ જેટલીછે તે કરતાં વધારે થાએ તો તે અવગુણ કરનારછે. જો કોઈ માણસને હવા માંહે જાએ નહીં હેવી પેટીમાં ઘાલીને તે પેટીને બંધ કરીએ તો તેહેના દરએક દમની સાથે હવામાં કારબાનીક આસીડનો વધારો થશે અને આકસીજન ઓછું થશે તે એટલે સુધી કે પછી અંદર જીવી શકાશે નહીં અને માહેલો માણસ અંતે ગુંગળાઈને મરી જશે. હાવો દાખલો ખરેખાત બનેલોછે. કલકતામાં બલાકહોલ નામની એક નાહાની હરાડ ચોરસ ફીટ જગાની ફકત બેજ બારીવાળી ઓરડીમાં એકસોને છેંતાળીસ માણસોને કેદ કરાં હતાં. તે એક રાતમાં એકસોને તેવીસ ગુંગળાઈને મરી ગઆં અને બાકીનાં તેવીસ પણ બીજે દાહાડે અધમુઆં થઈને નીકળાં. એટલા માટે સુવાના ઓરડા બંધ કરીને સુએ છે તે વેળાએ હવા આવવા જવાનો કાંઈ મારગ રાખવો જોઈએ.

## માણસ જાત.

જાંહાં ઘણીજ તાહાડ પડેછે તે સીવાએ બીજા બધા દેશોમાં માણસ રહી શકે હેવું તેહેને ઈશવરે બનાવેલુંછે; તોપણ આખી જમીન પર રંગ, કદ, મનશકતી અને સભાવ એ બાબત માણસજાતમાં ઘણી જુદાઈ નજર આવેછે.




ઈઊરપ ખંડના લોક, એશીઆ ખંડના પશચીમ ભાગમાં રેહેનારા લોક, તથા આફરીકા ખંડના ઊતર ભાગમાં રેહેનારા લોક ગોરા અને ખુબસુરત ચેહેરાનાછે. તેઓનું માથું ગોળ અથવા ઈંડાના આકારનુંછે અને તેઓના બાલ ઝીણા હીરના વાંખળા જેહવાછે, તેઓને કાકેશીઅન જાતના લોક કહેછે. તેઓને આ નામ આપવાનું કારણ એમછે કે

તવારીખ લખનારાઓના વીચાર મુજબ કાકેસસ પર વતના પાહાડી દેશમાંથી નીકળીને તેઓ બીજે ઠેકાણે પથરાઈ ગઓછે. આ જાતના લોકોમાં સઊથી સરસ અને સુધરી શકેહેવી બુધી તથા દયાળુ સભાવ માલમ પડેછે. અસલના તથા હાલના મોહોટા મોહોટા સુધરેલા લોકોની ઊતપતી આ લોકમાંથી થએલીછે. એ લોકોએ ઘણીજ અદલ રાજનીતી કાહાડીછે અને ભાશામાં તથા ઈલમ અને હુનરમાં ઘણો સુધારો કરેલોછે. એ જાતના એક માણસનો ચેહેરો આ ઠેકાણે દેખાડેઓછે.



ઊતરના ભાગો સીવાએ આખા આફરીકા ખંડમાં કાળી ચામડીના અને ગુંછળીઆળા બાલ વાળા લોક વસેછે. તેઓને હબશી કેહેછે. તેઓનું માથું આગળથી ઢાળદાર અને પાછળથી નીકળતું હોએછે, અને તેઓની હડપચી તથા જડબાં પણ આગળ નીકળેલાં હોએછે. આ લોક અકલમાં ગોરા લોકથી ઊતરતે દરજ્જેછે, અને ભાશા, ઈલમ, હુનર, તથા રાજનીતીતો એઓમાંછે એમ કેહેવાએજ નહીં. આ લોકમાંના ઘણાએક માણસોને પશ્ચીમ હીંદુસથાનના ટાપુઓમાં, દખશણ અમેરીકામાં તથા ઊતર અમેરીકાના ઈઊનાઈટેડ ઈસટેટસના રાજમાં ગુલામ કરીને લઈ ગએલાછે માટે તાંહાં હજુ તેઓ અથવા તેઓની ઓલાદના લોકો ઘણાછે. એ જાતના એક માણસનો ચેહેરો આ ઠેકાણે દેખાડેઓછે.



ચીનમાં, રશીઆના પુરવ ભાગોમાં, જાપાનમાં તથા તીબેટ દેશમાં જરા ફીકા રંગના ચોરસ માથાના અને ચપટા મોહોડાના લોકો વસેછે. તેઓ ઘણાજ થંડા મીજાજના તથા સલાહને ચાહનારા લોકોછે, અને એક અજબ સરખી વાત શું છે કે ઘણી મુદત થઈ જેહેવા સુધરેલા તેઓછે તેહેવાના તેહેવાજ તેઓ રહેલાછે. તેઓમાં કાંઈ ફેરફાર પડેઓ નથી. એ લોકને માંગોલીઅન જાતના લોક કેહેછે એઓને આ નામ આપવાનું કારણ એમછે કે તવારીખ લખનારાઓના વીચાર મુજબ ચીનના પશ્ચીમ ભાગમાં માંગોલીઆ કરીને એક દેશછે તાંહાંથી તેઓની ઊતપતીછે. ઈઊરપ ખંડમાં ફીનલંડ અને લાપલંડનાં લોક તથા ગરીનલંડમાંના એસકવીમોકસ લોક આ જાતનાછે.

## પવનની કહેલી વાત.

—o—

શોડાએક દાહાડા ઊપર ગરમીની રૂતમાં એક દીવસ પાછલે પોહારે હું દરીઆ પર ગઓ હતો. તાંહાં કીનારા પર ઘણાએક લોકો આવેલા હતા અને બંદરમાં આગબોટ આવજા કરતી હતી હેવામાં મેં એક હોડી આવતી જોઈ. તેહેમાં એક મરદ અને એક ઓરત બે જણાં હતાં. તે મરદ પુર જુવાનીમાં અને ઓરત આસરે હરાડ વરસની અને ઘણી ખુબસુરત હતી. પેલા મરદે તેહેનો હાથ પકડીને તેહેને હોડીમાંથી નીચે ઊતારી, પછી તે ઘણી નબળી હતી તેથી તેહેના હાથ પર ટેકીને ઊભી રહી. માહારા મનમાં આવીઊં કે હોડીમાંથી દેખાતી હતી તેહેવીજ એ ખુબસુરત છેકે નહીં તે જોઊં એમ કરીને હું તાંહાં જઈને જોઊં છઊં તો તે ખરેખાત ઘણીજ ફુટડી હતી. મેં તેહેના જેહેવી બઈરી આગળ કદી જોઈતી નહીં. પછી તેઓ પોતાનાં ઘર તરફ ચાલતાં થઓં અને હું પણ તેઓની પાછળ ચાલેઓ. તેઓ ઘર આગળ આવી પોહાંચેઆં એટલે બારણાં આગળ એક બઈરી ઊભી હતી તે પેલીનો હાથ ઝાલીને તેહેને એક ઓરડામાં લઈ ગઈ, અને કોચપર સુવાડીને તેહેને પુછેછે, ‘કેમ બેહેન તું થાકી ગએલી દેખાંએછે.’

‘હા, મા, હું થાકી ગઈ છઊં.’

બાપ—‘બેહેન લીલા દરીઆમાં ફરી આવેથી તાહારે મોહાડે જરા લાલી આવી જણાએછે ખરી.’

લી૦—(ડોકું ધુણાવીને) માહારા પેઆરા બાપુ જે હું તડકો ખાઈને આવી છઊં તેહેમાં માહારૂં મોહો તમને લાલ જણાતું હશે, બાકી માહારા જીવને તો કાંઈ ફેર જણાતો નથી. દમ ઘણો ચહડેછે. હવે હું ઘણા દાહાડા જીવનાર નથી. મા, ઓ માહારી મા, માહારે જલદી તહને મુકીને જવું પડશે. હું હવે સારી થઈશ હેવી ખોટી ખોટી વાતો કહીને મહને દુખી નો કર.’

મા૦—‘લીલા, માહારી લાડકી, તું એમ કેહે તે

માહારીથી કેમ ખમાશે ? જો આપણા ડાકટર કેહેછેકે દરીઆની હવાથી પાછી તું સારી અને મજબુત થશે.

**લીo**—(જરા મલકાઈને) 'મા, ડાકટરતો જાણે જછે કે હવે માહારા હાલ ખોટા, પણ તહને તે એમ કેહેવાને રાજી નથી. તે જાણેછે કે હું મરીશ તારે તહને અને બાપુજીને ઘણું દુખ લાગશે.'

**માo**—'બેહેન તું હમારે પેરે એકની એકછે. તું મરશે તો હમારો જીવ નીકળી જશે; હમારીથી પછી રેહેવાશે કેમ ?'

**લીo**—મા, હવે એમ નો બોલ. એથી માહારૂં મન ડગમગેછે. મહને ઘટેછે કે ઈશવર પર ભરોસો રાખીને તે જે દુખ પાડે તે ખમવું. જો આ દુનીઆ નાશવંતછે; હેમાં રહીને થોડા દીવસ પછી સઊ કોઈને એકવાર મરવુંછે. તો પછી તેહેનું દુખ શું કરવા ધરવું જોઈએ ? મુઆ પછી આ કરતાં સારી અને અનંત સુખવાળી બીજી દુનીઆમાં જવાનુંછે. તાંહાં ગઆ પછી કોઈ મરણ નથી, માટે તું વીશવાસ રાખ, આપણે સઊ પાછાં તાંહાં એકઠાં થઈશું. તમારાં દુખની વેળાએ ઈશવર તમને છુટાં મુકનાર નથી; તે હમેશ તમારી સાથેનો સાથેજ રેહેશે. મા, તું રડ નહીં, તું રડેછે તે જોઈને મહને દુખ થાએછે. હું મરવાને તઈઆર છઊં !'

**માo**—'અરે બેહેન! માહારી લાડકી! તું જીવશે; એમ વાકું વાકું નો બોલ.'

પછી લીલાની આંખોમાં પાણી ભરાઈ આવેઆં. તે જોઈને માહારા દીલમાં જાણે બાણ વાગાં. હું જરા હુસકું ભરીને બારીમાંથી બાહાર નીકળી ગઓ. પછી આજ રાતરે હું પાછો તે શેહેરમાં ગઓ કે જોઊં પેલી બાઈ સારી થઈ કે નહીં. અને ધીમે ધીમે જઈને જોઊં છઊં તો જે ઘરમાં તે રેહેતી હતી તે ઘર બંધછે. પછી હું આણીમેર પેલીમેર ફરીને મસાણમાં ગઓ, તો તાંહાં એક નવી બનાવેલી કબરની ઊપર એક પથર પર લીલાનું નામ કોતરેલું જોઈને હું ઘણો રડેઓ અને પછી માહારે ઘેર ચાલતો થઓ.

## ધણી ધણીઆણીને શીખામણ.

જે ધણી ધણીઆણીઓ નીચે લખેલા સુખનો મનમાં રાખીને તે ઊપર અમલ કરશે તેઓમાં ટંટો કંકાસ કદી થશે નહીં અને તેઓ સુખથી હળીમળીને રેહેશે.

**ધણીઓને** ૧. હંમેશ તમારી બાએડીને તમારી બરોબરીની ગણો; તેહેની સાથે પેઆરથી અને મુલાહેજાસર ચાલો; કોઈ વેળાપણ તમે તેહેની ઊપર હકુમત કરતા હોવ તેમ તેહેને કાંઈ કેહેશો નહીં.

૨. રસોઈ, છોકરાં છઈઆં વગેરે તેહેના ઘર ખટલાનાં કામમાં તમે વચે પડશો નહીં. તે કામ તેહેનેજ કરવા દેજો.

૩. તેહેના દરજજા માફક જોઈતી કરતી ચીજો લેવાને તેહેને હમેશાં જોઈતા પઈસા આપજો, કદી ના કેહેશો નહીં.

૪. તે જે કાંઈ કેહે તે જો વાજબી હોએ તો તરત ખુશીથી તે પરમાણે કરજો.

૫. બરાબર અથવા વખતસર રંધાણું નહીં હોએ, તો તેટલા ઊપરથી તેહેની ઊપર ચીડીઆં નો કરતા.

૬. જો તે સમજુક અને ડાહી હોએતો તમારાં સરવે જોખમ ભરેલાં કામમાં તેહેની સલાહ લેજો. ઘણા માણસો પોતાની બાએડીની સલાહથી નુકસાનમાં ફસાઈ પડતાં બચેલાછે; અને ઘણાએક મુરખ માણસો બાએડીની સલાહ નહીં માનેથી પાએમાલ થઈ ગઆછે. આપણા સુખ દુખની વાતમાં આપણી બાએડી કરતાં વધારે શરીગત કોઈ નથી, માટે તે જેહેવી ખરી સલાહ આપશે તેહેવી બીજું કોઈ આપનાર નથી.

૭. જો તમને કાંઈ દુખ આવી પડેતો તે વાત ખુલા દીલથી તમારી ધણીઆણીને કેહેજો, તે તેહેનો કાંઈપણ તોડ કાહાડશે. તમારા પઈસા ખુટેઆ હશે તો તે ઘરનો ખરચ ઓછો કરશે.

૮. કોઈ પણ કારણસર બીજા માણસનાં દેખતાં તમારી બાએડીને ધમકાવશો નહીં. કેટલીએક બાએડીઓ હવીછે કે છાનામાના તમે ગમે તો મારો તોપણ તેઓને ઘણું દુખ લાગે નહીં; પણ કોઈનાં દેખતાં જરા તુંકારો કોહો તો તેઓનો જીવ જાએ.

**ધણીઆણીઓને**—૧. હંમેશ તમારા ધણીની સાથે હસતે મોહોડે વાત કરો; ઘરમાં તેઓને જેમ સુખ થાએ તેમ કરવામાં કાંઈ કસર રાખો નહીં, અને તે જેમ તમારી ઊપર પેઆર કરે તેમ તમે પણ તેહેની ઊપર પેઆર કરતાં રોહો.

૨. ખાનપાન બાબત, ઘર ચલાવવામાં તથા તમારા પોશાક અને તમારી રીતભાતમાં તમારા ધણીને પસંદ પડે એમ કરતાં રોહો.

૩. તમારા ધણીની ઊપર હકુમત કરવાની વેતરણ કરશો નહીં. જે બાએડીઓ પોતાના ધણીની ઊપર હુકમ કરેછે તે ધણીઓની આબરૂ જગતમાં ઓછી ગણાએછે અને જે ધણીઓની આબરૂ ઓછી તેઓની ધણીઆણીઓની આબરૂ પણ ઓછી ગણાએ.

૪. તે જે જે વાજબી વાત કેહે તે કરવાની ખુશીથી અને તરત તજવીજ કરો અને બનેતો તેહેના કેહેતાં પેહેલાં તે કરી મુકો.

૫. જેથી અણબનાવ થાએ હેવી તકરાર અથવા દલીલ કોઈ વાર ઊઠાવશો નહીં, તેહેમાં ખસુસ કરીને ચાર માણસ બેઠાં હોએ તારે. બીજાં માણસોનાં દેખતાં ધણી ધણીઆણીની તકરાર થાએ હેના જેહેવું શરમીંદગી ભરેલું બીજું કાંઈ નથી.

૬. તમને પુછેઆ વના તેહેના કામમાં તમે પડશો નહીં.

૭. તમારા ધણીની કાંઈ એબ હોએ અથવા તમારે ને તેહેને કાંઈ વાતનો વાંધો પડેઓ હોએ તે તમે કોઈને કેહેશો નહીં, કેમકે જો તમે કેહેશો તો પછી તે વાત છુપી રાખવાને તમે ગમે એટલા સમ ઘાલેઆ હશે તોપણ તે વાત જાહેર થઈ જવાની અને સઊ લોક તે બાબત વાત કરવા લાગવાના.

૮. તમારૂં મન સુધારવાને મેહેનત કરજો કે તમારો ધણી સુધરેલો અને ભણેલો હોએ તો તેહેની જોડે એ ઘડી તમારીથી ડાહાપણ ચતુરાઈની વાતો થાએ.

૯. જેથી જરા પણ અણબનાવ થાએ અથવા તમારા ધણીને દુખ લાગે તેહેવી ચીજને હલકી અને નજીવી નો સમજશો.

૧૦. તમારો ધણી વેપાર કરતો હોએ તો તમે ખરચ પર હેવો હાથ રાખજો કે જો તે વેપારથી ટુટે તો તમને કોઈ એમ નહીં કેહેકે તમે બેફીકરાઈથી ખરચ કરેઓ.

૧૧. ખરચમાં છેક હલકાઈ અને બખીલાઈ નો કરતાં, તેમજ છેક ઊડાઊ પણ નો થતાં.

**ધણી ધણીઆણી બંનેને**—તમને માંહેમાંહે કાંઈ વાંધો પડે તો તે ફેડવાની તાકીદ કરજો અને એક બીજાની ભુલચુક માફ કરીને પાછાં એક થઈ જજો.

---

## મોતી પરવાળાંનો હાર.

—o—

(સાંધણ પુસતક ૨ જાને સફે ૨૩૪ થી.)

એ પરમાણે હાર તો લીધો પણ પછી કીલીની શી ગત થઈ તે જુઓ. તેહેના મનમાં ઘણો પસતાવો થઓ અને તે વીચારવા લાગી કે મેં ઘણું ખોટું કામ કીધું જે માહારી માને આપેલું વચન મેં પાળીઊં નહીં. મટુએ તે હારનાં ઘણાંએ વખાણ કીધાં અને તેહેને સમજાવી પણ તેહેના મનનું સમાધાન થાએ નહીં.

પછી કીલીએ વીચાર કરેઓ કે 'હવે હું તરત ઘેર જઈને આ વાત સરવે માહારી માને કહું.' એમ વીચારીને ઘેર જઈને જુએછે તો મા ગાડીમાં બેસીને કયાં બાહાર જવાની તઈઆરી કરેછે.

ગુ૦—ઓ માહારી લાડકી માહારે તહને કાંઈ કેહેવુંછે તે સાંભળીને તું ઘણી મગન થશે. આજે સહવારે તાહારી નવનીત કાકીનો કાગળ આવેઓછે તે પરથી જણાએછે કે તે અને તાહારા ત્રીકમ કાકા અને તેમની બે છોકરીઓ સરવે આવીને થોડાએક દાહાડા આપણે તાંહાં રેહેવાનાછે, અને હું હમણાં તેઓને લેવાને માટે અગની રથના મથક આગળ જાઊંછઊં. ઈછી અને મંછી એ બે છોકરીઓ આવશે તારે તહને રમવાની ખુબ મજેહ પડશે, નહીં વારૂ બેહેન?

કી૦—'હા, મા, અને તે બેહેનોને હું ઘણા દાહાડા થઆ મળી નથી તે મળાશે. પણ હું તાહારી જોડે ગાડીમાં આવું?'

ગુ૦—'ના, બેહેન, કાંઈ જરૂર નથી. તું તાહારે હીંઆં સારાં લુગડાં પેહેરીને બેસજે એટલે હમે સઊ આવી પોહોંચીએ છઈએ.'

એમ કહીને મા ગઈ તારે કીલીએ વીચારીઊં જે હવે તે પાછી આવશે તારે હારની વાત હું તેહેને કહીશ. પણ તેમ કાંઈ થઊં નહીં. તે પાછી આવી તારે તે પોતાની નવનીત જેઠાણીની ખબર અંતર પુછવામાં પડી અને કીલી ઈછી બેહેન અને મંછી બેહેન

ની સાથે હેવીતો રેમવામાં પડી કે પેલા હારની વાત કેહેવામો જોગ બનેઓ નહીં, અને તે હાર તેણે પેટીના એક વખોરામાં પોતાનાં બીજાં ઘરેણાંઓમાં મુકેઓ.

ત્રણે બેહેનો સરખી ઊંમરની હતી. ઈછી અગીઆર વરશની, કીલી દસ વરશની, અને મંછી એકાદ વરશે નાહાની હતી. ઈછી ઘણી ડાહી અને નરમ સભાવની અને મંછી હસમુખી અને ટેકોળી છોકરી હતી. તેઓએ માંહોમાંહે કઈ કઈ રીતની વાત ચોતો કરી પછી ઈછી બોલી.

'માહારી નીરાંતની વેળાએ મા મહને ગામની ગરીબ છોકરીઓને માટે ચણીઆ ચોળી શીવવા દેછે તે ચણીઆ ચોળી ગરીબ છોકરીઓ પેહેરીને મંદીરે દરશણ કરવા આવેછે તારે માહારા જીવમાં કેહેવો આણંદ થાએછે, બેહેન શું કહું તહને ? માહારી મા ઘણી દઆળુછે. તે મહને ચોળી ચણીઆ વેતરી આપેછે. તે હું શીવું છઊં. અને માહારા બાપ મોહોટા ચહુટામાંથી માહારે સારૂ સરવે શીવવાનો સામાન લાવેછે એટલે મહને ઘણા પઈસા પણ બેસતા નથી.'

**કી૦**— તારે શું બેહેન તે પઈસા કોણ તું આપે છે ?'

**ઈ૦**—'હા, હુંજ આપુંતો; બીજુ કોણ આપે ? મા કેહેછે કે જેહેને માટે આપણને કાંઈ દામ આપવાં પડે નહીં તે કોઈને આપવામાં કાંઈ પુન લાગે નહીં. કીલી બેહેન હું તહને ખરૂં કહું છઊં કે નકામી વસતુ ઊપર પઈસા ખરચવા તેહેના કરતાં આ રીતે વાપરવામાં માહારા જીવને ઘણો સંતોશ થાએછે.'

આ બોલ સાંભળતાં વારને કીલીને હાર સાંભરી આવેથી જરા રડવું આવીઊં.

**ઈ૦**—'વારૂ બેહેન એ વાત તો રહી, પણ હવે તેં બાળમીત્રની ચોપડી લીધી હશે. માહારે તેહેનો બીજો ભાગ જરા જોવોછે. મહને આપજે, હું માહારે ઘેર લઈ જઈશ અને જોઈને પાછો મોકલી દઈશ. હું તાહારી ચોપડી બગાડું નહીં, હો બેહેન.'

**કી૦**—(લજવઈને)' બેહેન હજી મેં તે ચોપડી લીધી નથી.'

**ઈ૦**—'શું કેહેછે ? મેં જાણીઊં કે લીધી હશે. તાહારી પાસે જોઈએ એટલા પઈસા તો થઆ હશે.'

સારૂં થઊં આટલી વાત નીકળતાંજ તે છોકરીઓને જમવાનું તેડું આવીઊં અને એ વાત એટલેથી રહી.

તે દાહાડે કીલીના બાપના બે ભાઈબંધ જમવાને આવેઆ હતા. તે ઘણા હોશીઆર અને નામીચા પુરૂશ હતા. તેઓએ જમતાં જમતાં ઘણીએક દીલપસંદ વાતો છોકરાંઓ સમજે હેવી રીતે કરી. પાછળથી ચોપડીઓ બાબત વાત નીકળી તારે તેઓમાંથી એક જણે કીલી તથા ઈછી મંછીની તરફ ફરીને કહીઊં, 'હમણાના વખતમાં છોકરાંઓને ચોપડીઓની તરફથી ઘણો લાભ છે. ચોપડીઓ એટલી તો સસતી થઈ ગઈછે કે ગરીબ લોક પણ લઈ શકેછે. ત્રીશ વરશ પર વાત જુદી હતી. મેં એક ઠેકાણે વાંચીઊંછે કે એક છોકરાને વાંચવાને કાંઈ ચોપડીઓ મળતી નહીં હતી. તેહેનાં માબાપ ઘણાં ગરીબ હતાં અને વળી ચોપડીઓ ઘણી મોહોગી મળતી. પછી તે છોકરાએ શું કરીઊં ? જારે તેહની મા તેહેને બજારમાં કાંઈ લેવા મોકલે તારે તે દુકાનદારને જઈને કેહે કે. 'છાપેલા કાગળના કકડામાં બાંધી આપો.' ઘણાએક દુકાનદારો પડીકાં બાંધવાને જુની ચોપડીઓ અને વરતમાન પત્રો વેચાતાં લેછે; અને એ પરમાણે એ છોકરાએ કેટલાએક છાપેલા કાગળના કકડા એકઠા કરેઆ. તે કાગળને સઘળાને તેણે પોતાના ઘરમાં ભીતે ચોંહોડેઆ અને રોજ રાત પડે તારે તે વાંચે. તેહેની માએ તેહેને બધા અખશર શીખવેઆ. અને એ રીતે તે વાંચતાં શીખેઓ અને પછી ઘણો ભણેલો થઓ.' પછી મંછીની તરફ જોઈને તેણે કહીઊં, 'છોકરી તહને વાંચવાનો શોકછે ?'

**મં૦**—'હા, છેતો ખરો, પણ કીલી બેહેન જેટલો નહીં. એતો પોતાના સઘળા પઈસા ચોપડીઓ લેવાને એકઠા કરી મુકેછે.'

**કીલીના કાકા**—બોલેઆ, 'વારૂ બહુ સારી વાતછે. માહારી મંછી પણ એમ કરે તો મહને બહુ ગમે. કીલી જેવડી નાહાની છોકરી પોતાના પઈસા ડાહાપણથી ખરચે હેવા દાખલા થોડાજ જોવામાં આવેછે.'

આ સાંભળીને કીલી ઘણી લજવાઈ. પેલા ધણીએ પાછી વાત ચલાવીને પુછીઊં, 'કીલી બેહેન હવે તું કહી ચોપડી લેવાનીછે ?'

બીચારી કીલીએ નીચું મોહોડું કરીને સાંભળેઆ કીધું કાંઈ જવાબ દીધો નહીં.

મં૦—'એતો હવે બાળમીત્ર ને ઈસપનીતી ને નાના ફડનવીસની વાત ને નરસી મેહેતાનું મોહોસાળું ને સુદામાજીની વાત ને બીજી ઘણીએક ચોપડીઓ લેવાનીછે અને હેની પાસે તે લેવાના પઈસાઓ હેની પેટીમાં થવા આવેઆછે.'

'વારૂ બેહેન તારે તાહારી પેટીતો હમને દેખાડ. જેટલા પઈસા ખુટતા હશે તેટલા હું પુરા કરી આપીશ કે તું તાહારે કાલે જઈને તે ચોપડીઓ લાવજે.'

કીલીથી ઊંચું જોવાઊં નહીં અને તેહેની આંખોમાં પાણી ભરાઈ આવેઆં. તે જોઈને તેહેના ત્રીકમ કાકાએ કહીઊં કે, હેને મોહોડે હેનાં આટલાં બધાં વખાણ કરેઆં તેથી એ શરમાઇછે. છોકરી બહુ શરમાલ દેખાએછે.

ગુ૦—' કીલી જાતો બેહેન વેહેલી વેહેલી, તાહારી પેટી લાવતો આપણે બતાવીએ. '

કી૦—( આંખમાંથી ડબ ડબ આંશુ પાડીને અને મોહોંડેથી રડી દઈને, 'ઓ મા ! હું તહને ઠગી. માહારી પાસે હવે કાંઈ પઈસા નથી; મેં તે સઘળા ખરચેઆ. હું ડાહી છોકરી નહીં. તાહારા કહેઆ પરમાણે હું ચાલી નહીં. મેં—મેં ( ડુસકાં ભરતી ભરતી ) તે હાર લીધો.' એમ બોલીને કીલી તાંહાંથી ઊઠીને દોડતી પોતાની મા પાસે ગઈ અને વળગી પડીને તેહેના ખોળામાં માથું મુકીને ખુબ રડી.

આ જોઈને સઊ કોઈ અચરત પામેઆં. પછી મા ઊઠીને કીલીને ઓરડા બાહાર લઈ ગઈ. તારે કીલીએ પોતાની વાહાલી માને સઘળી વાત સાચે સાચી કહી દીધી, અને કહીઊં, 'ઓ માહારી મા, મહને તું માહારી ભુલ માફ કર. માહારા મનમાં ઘણુ દુખ થાએછે. મેં હાર લીધો તારથી જરાપણ માહારા જીવને ચેહેન પડીઊં નથી. હું તહને એ બધી વાત કેહેવાની હતી.'

ગુ૦—' હા, છોકરી તું કેહેછે તે વાત હું સાચી માનું છઊં. પણ તું જો કે એક ભુલ કીધા પછી તેમજ ઘણીવાર બીજી કરવાનું મન થાએછે. હવે હું કાંઈ તહને વધારે દપકો દેતી નથી, હું જાણું છઊં કે તાહારા મનેજ તહને સારી પેઠે શીખશા કરી. '

કી૦—પણ મા તે હાર તું લઈને ક્યાં લાખ માહારાથી તે દેખાતો નથી. તે દેખીને મહને મોંહથી ઘણું દુખ થાએછે.

ગુ૦—ના, બેહેન હું તે કાંઈ લેવાની નથી. તું તે હાર તાહારી પાસે રેહેવાદે. તે જોઈ જોઈને તું ડાહી થશે. નીત નીત તું તે જોતી જા, અને તે હાર તહને જે સલાહ આપે તે સમજતી જા. જો એ હારની વાત ધેઆનમાં રાખીને ડાહી થશે તો હું ઘણી મગન થઈશ કે માહારી કીલીએ છ રૂપીઆ ખરચીને ડાહાપણ મેળવીઊં.'

---

## હાથીની ઈઆદદાશત અને આદત.

હાથીને જે શીખવીઊં હાએછે તે તે સારી પઠી મનમાં રાખી મેહેલેછે, તેહેને કોઈએ કાંઈ દુખ લગાડીઊં હાએ તો તે ઘણી મુદત પછી પણ તેહનું વેર લેછે, અને જુનો માહાવત ઘણા દાહાડા થઆ નહીં દીઠો હાએ તોપણ દેખતાં વારને તે તેહેને ઓળખેછે. એ ઊપરથી સાફ જણાએછે કે હાથીની ઈઆદદાશત ઘણી મજબુતછે. એક હાથણી નાહાસીને જંગલમાં જતી રહી હતી. તે આસરે દસ વરશ કરતાં વધારે વાર છુટી રહેઆ પછી બીજા કેટલાએક હાથીઓ સાથે એક ખાડામાં પકડાઈ. તેહેવામાં તેહેને પેલા શીકારીઓએ ઓળખી અને નામ લઈને બોલાવી. તે સાંભળીને તે તરત ખાડાની બાજુપર આવીને ઊભી રહી. તે જોઈને કેટલાએક માહાવત કેળનાં પાતરાં તેહેને ખાવાને લઈ ગઆ. તે તેણે પોતાની સુંડે વતી તેઓના હાથમાંથી લીધાં એટલુંજ નહીં પણ પોતાનું મોહોડું ઊઘાડીને માહાવતોને હાથે તે પાતરાં તેણે ખાધાં અને માહાવતોને પંપાળવા દીધું અને પીઠ થાબડવા દીધી. પછી કેટલાએક પાળેલા હાથીઓને તેહેની નજદીક લઈ ગઆ અને માહાવતે તેહેનો કાન પકડીને તેહેને સુઈ જવાનું કહીઊં. આ વાત તેહેને પેહેલવેહેલાં તો જરા ગમી નહીં, પણ બીજા માહાવતો તાંહાં હતા તેઓએ તેહેને નામ લઈને બોલાવી તારે તે તરત આવી અને તેઓએ તેહેને આગળની માફક વગર હરકતે પંપાળી. તારપછી તેણે બીજા હાથીઓને પણ પોતાની પાસે આવવા દીધા. પછી એક માહાવતે દોરડું લાખીને તેહને બાંધીને તે ઊપર સવારી કરી દીધી અને અંકુશ વડે બીજા પાળેલા હાથીઓની માફક તેહેને આસપાસ ફેરવી. પછી પેલો માહાવત જેમ કેહે તેમ તે હાથણી કરે; બેસવાનું કહેતો બે



જેપોરના મહારાજ.

સ્રી જાએ અને ફરમાવેઆ વના પાછી ઊઠીને ઊભી થાએ નહીં; તે ખવડાવે તે ખાએ; અને તેહેની લાકડી પોતાની સુંડમાં ઝાલે અને માહાવત માગે તારે તે પાછી આપે.. એ રીતે તે પાછી તાબેદાર થઈ.

સન ૧૭૮૭ ના જુન મહીનામાં એક હાથી આગલેજ વરસે પકડેલો તેહેને પીમલથી ખબર પડી કે ચાલીએ છઈએ તે વાઘનો રસ્તોછે એટલે તરત તે ઘભરાઈને માહાવત સમેત જંગલમાં નાહાઠો. માહાવતે જોઈ કે એ કાંઈ હવે હાથમાં રેહે હેવું નથી એટલે પોતાનો જાન બચાવવાને માટે તે કુદીને એક ઝાડની ડાળીને વળગી પડેઓ. માહાવત પીઠ પરથી ગઓ એટલે હાથીએ પોતાની ઊપરનો સઘળો બોજો લાખી દીધો. પછી દોહોડ વરસે એક હાથીના ટોળાંમાં તે પણ પકડાઓ. તારે એક માહાવતે તેહેને ઓળખેઓ પણ તેહેની પાસે જતાંજ તેણે પોતાની સુંડ ઊઠાવી અને તેહેને મારવા દોડેઓ. આખરે એક ઘરડો શીકારી આવેઓ તેણે ઓળખેઓ કે નાહાસી ગએલો હાથી તે એજ. પછી હીંમત પકડીને આગળ ગઓ અને તેહેનો કાન પકડીને ફરમાવીઊં કે બેસી જા. તે જોઇને હાથી તાજુબ થઇને તરત નીચે બેઠો અને આગળની માફક કીકીઆરી પાડી તેથી સઊની ખાતરી થઈ કે એજ તે હાથી.

કલકતામાં એક સાહેબની હાથણી ભાર ભરીને ઊપલા દેશ તરફ જતાં છુટીને નાહાસી ગઈ અને જંગલમાં જતી રહી તેથી જડી નહીં. માહાવતે જે જે બાહાનાં કાહાડેઆં તે કોઈએ માનેઆં નહીં. તેહેને માથે એમ આળ ચહડાવીઊં કે હાથણીને તેં કેઆં વેચી ખાધી. એમ કહીને ધણીએ તેહેનાં બઈરાં છોકરાંને ગુલામ તરીકે વેચેઆં અને તેહેની પાસે રસ્તાઓ ઊપર મજુરી કરાવી. પછી આસરે બાર વરસે કેટલાએક જંગલી હાથીઓને પકડવાને આરૂ આ માણસને મોકલેઓ તેહેવામાં તેણે પોતાની હાથણી પેલાં ટોળાંમાં દીઠી તે જોતાંજ વારને બેધડક તે તેહેને પકડવાને ધસેઓ. હાથણીએ તેહેને ઓળખેઓ કે એ આપણો માહાવતછે, તેથી તેણે સુંડ ઊંચી કરીને તેહેને ત્રણ સલામ કરી અને પોતાની પીઠ ઊપર બેસાડી લીધો. તેણે બીજા હાથીઓને પકડાવવામાં ઘણી મદદ કરી અને ત્રણ બચાં સાથે લઈને બાર વરસે પોતાના માલીકને ઘેર પાછી આવી. આ વાત બની આવેથી પેલા બચારા માહાવતની આબરૂ બચી અને તેણે જે દુખ ખમેલું અને જે દીલગીરી કરેલી તેહેને માટે તેહેના સેઠે તેહેને જીવે તાંહાંસુધી એક સારો પગાર મુકરર કરી આપેઓ. એ હાથણી પાછળથી ગવરનર હેસટીંગસ સાહેબની પાસે હતી.

ઊપલી વાતો ઊપરથી જણાએછે કે હાથીની ઈઆદદાશત ઘણી મજબુત હોએછે પણ તેઓમાં અકલ અથવા બુધી ઓછી હોએછે; કેમકે જો અકલ ઘણી હોએતો એ જાનવર છુટાપણું ભોગવેઆ પછી પકડાઈને તાબેદારીમાં ખુશીથી આવી પડે નહીં. પણ તાબેદારીની તેઓને આદત પડી ગએલીછે તેથી આગળની વાત ઈઆદ આવીને પાછું તાબે થઈ જવાનું તેઓને મન થાએછે.

## જેપોર તથા તાંહાંના માહારાજા.

—o—

“જેપુરનો માહારાજા સવઈ રામસીંગ બાહાદુર બલવાના હીંગામમાં ઈંગરેજ સરકારનો વશદાર મીત્ર રહાછે અને તેણે ઘટતી મદદ કીધીછે. એ રાજાની તસવીર પાસેના પાના પર પાડીછે. એ રાજા જુવાન ઊમરનો મારવાડી પોશાકમાં સુંદર ગાદી તકીઆ ઊપર પાસે તરવાર મુકીને રજપુતની ઢપ પરમાણે બેઠેલો દેખાએછે. એ રાજા રજપુતની જુની ઓલાદથી ઊતરેલોછે. બળવાના સઘળા હીંગામમાં એ રાજાએ ઈંગરેજ સરકાર સાથે ખરી મોહોબત દેખાડીછે અને દરએક વેળાએ પોતાથી બનતી મદદ કીધીછે. રોહીલખંડ જેવા બલવાના મુખીઅ મથકમાં એ રાજાનો મુલક આવેઓ છતાં તથા દીલીના અગાઊના બાદશાહો સાથે એ રાજાના ખાનદાનને અતીઘણો સંબંધ હોવા છતાં તે ઈંગરેજ સરકારનો વશદાર મીત્ર રહા એ ખચીત મોટી વાતછે. તેની દરબારમાં રેહેનારા પોલીટીકલ એજંટ મેજર ઈડનની સાથે એ રાજા તથા તેના કારભારીઓ વચે હંમેશ મોહોબત ભરેલી સોચના માલુમ પડીછે. જે વખતે મેજર ઇડન માહરાજાનું લશકર લઈને દીલી તથા આગરા વચે સંધેસો ચાલવાનું કામ કાએમ રહે એવી તજવીજ રાખવાને ગઓ હતો તેવામાં નશીરાબાદનું બલવાખોર લશકર જેપુરમાં આવી પોંહચેઊં હતું અને એ રાજા

ને મોહટી ધાસતીમાં નાખેઓ હતો. તોપણ તે રાજા એ હીંમત પકડીને મી૦ ઈડનની સ્ત્રી અને તેના છોકરાઓને પોતાના મેહેલમાં બોલાવીને રાખેઆં હતાં. તે શેહેરના રેહેનાર બીજા કેટલાએક ઈંગરેજોને પણ તેણે બચાવ થવાની જગો આપી હતી. એ શીવાએ તેણે બળવાના હીંગામમાં ઈંગરેજ સરકારને ઘણી મદદ કીધીછે તેનો બદલો ઈંગરેજ સરકારે વાળવો ઘટેછે. તે રાજા હાલ નજદીક ૨૭ વરસની ઊમરમાં છે. તે ઊદીઓગી છે અને પોતાના રાજકારોબાર ઊપર સારૂં ધેઆન આપેછે. તેનો સભાવ લોકોને પસંદ પડે તેવોછે અને તેની રઈએત તેની ઊપર ઘણો પેઆર રાખતી હોએ એમ માલુમ પડેછે.

દીલીના બાદશાહ માહમદશાહના વખતમાં જેએસીંગ નામના રજપુત સરદારને જેપુરનું રાજ સોંપવામાં આવેઊં હતું. માહમદશાહની જેસીંગના ઊપર સારી મેહરબાની હતી. જેસીંગના વખતમાં જેપુરનું રાજ સુધરેઊં હતું પણ આગળ ચાલતાં તે માઠી હાલતમાં આવી પડેઊં હતું. મરાઠા સરદાર તુકાજી હોલકર અને સીંધીઆની તરફથી એ રાજ ઊપર વારેવારે હોમલાઓ થતા હતા. આખેર સન ૧૮૦૩ ના સાલમાં જેપુરનો રાજા જગતસીંગ કરીને હતો તારે તે રાજા અને ઈંગરેજ સરકાર વચે કોલ કરાર થઆ હતા પણ તે કોલકરાર બે વરસ પછી હીંદુસથાનના ગવરનર જેનરલ સર જારજ બરલોએ રદ્દ કીધા હતા. તારપછી જેપુરનું રાજ બીજાં તેર વરસ સુધી માઠી હાલતમાં રહ્યું હતું. સન ૧૮૧૮ માં ઈંગરેજ સરકારે જેપુરના રાજા સાથે ફરીથી કોલકરાર કીધા અને તે રાજને લુટારૂઓથી બચાવવાને પોતાને માથે લીધું હતું. તે કોલકરાર થઆ પછી જેપુરનો રાજા જગતસીંગ મરણ પામેઓ હતો. તેનો વારેસ છોકરો નાહનો હોવાથી તે છોકરાની માએ જેપુરનો કારોબાર ચલાવવાને પોતાને માથે લીધું હતું. તે રાણી ૧૮૩૧ ના વરસ સુધી રાજ ચલાવીને મરણ પામી પણ તેના વખતમાં રાજકારોબાર ઊલટો માઠી હાલતમાં આવી પડેઓ હતો. એ રાણીનાં મરણ પછી તેના વજીરની અપરાધ ભરેલી ચાલને માટે તેને ઈંગરેજ સરકારે કેદખાનામાં નાખેઓ હતો અને જેપુરનો રાજકારોબાર ચલાવવાને પોતે માથે લીધું હતું. થોડી મુદતમાં ઈંગરેજ સરકારે જેપુરનો રાજકારોબાર સુધારીઓ અને જેપુરની રાણી ૧૨ લાખ રૂપીઆનું મોટું કરજ મુકીને મરણ પામી હતી તે સઘળું કરજ ફીટાડેઊં; એટલુંજ નહી પણ ૧૮૪૬ ના વરશમાં જેપુરના જુવાન રાજાને વાસતે ૬ લાખ રૂપીઆની સીલક પુંજી એકઠી કીધી. ૧૮૫૧ ના સાલમાં ઈંગરેજ સરકારે જેપુરનો સઘળો રાજકારોબાર હાવી સારી હાલતમાં લાવીને રાણીના જુવાન છોકરાને સોપેઓ. તે જુવાન ઠાકોર હાલનો માહરાજા સવઈ રામસીંગ બાંહાદુર તે વેળાએ ૧૯ ઈઆ ૨૦ વરસની ઊમરમાં હતો.

જેપુર શેહેર મુંબઈથી આશરે ૭૫૦ માઈલ દુરછે તે શેહરની આસપાસ પથરની મજબુત દેવાલ બાંધી લીધેલીછે. એ શેહર લંબાઈમાં તરણ માઈલછે અને પોહળાઈમાં ૧॥ માઈલ ગણાએછે. જેપુરનો કીલો હીંદુસથાનમાં એક મોટો સોભઈતો અને નામીચો ગણાએછે. ઘરો તરણથી ચાર માળના ઊંચા બાંધેલાંછે. મસીદ અને દેહરાંઓથી એ શેહરનો દેખાવ ઘણો દીપી નીકલેછે. જેપુરનો મેહેલ તથા બાદશાહી બગીચો સઘળી મળીને અરધો માઈલ જગા રોકેછે. તે મેહેલને સાત અથવા આઠ માળછે. મેહેલને દરએક છેડે ઊંચો અને ખુબસુરત મીનારોછે. એ મોટા બાગમાં એક ટંકસાળ તથા તારા જોવાને આબસરવેટરીની ઈમારત બાંધેલીછે. એ ઈમારત જેસીંગના વખતમાં બંધાઈ હતી અને હજુર સારી હાલતમાંછે પણ જોતીસ શાસતરનો વરતારો કરનારા વીદવાન એ શેહેરમાં હાલ ન હોવાના સબબથી તે ઈમારત ઊપીઓગ વગરની પડી રહેલીછે. ૧૭૭૯ ના વરસમાં જેપુર મધેથી હીંદુ શાસતરના વેદનું આખું પુસતક કરનલ પોલીમરને મળી આવેઊં હતું તે તેણે બરીટીશ મીઊશીઅમમાં ભેટ દાખલ મોકલીઊં હતું.

જેપુર જારે સારી હાલતમાં હતું તારે તેના તાબેના મુલકની સઘળી પેદાસ દર વરસે એક કરોડ રૂપીઆની ગણાતી હતી. ૧૮૦૨ ના વરસમાં એ મેહસુલ મધે નજદીક અરધો અરધ ઘટાડો થઈ ગએઓ હતો. ઈંગરેજ સરકારે એ રાજા ઊપર દર સાલ ખંડણી વધારીને દર વરસે આઠ લાખ સુધીની ખંડણી લેવા માંડી હતી પણ પાછળથી દર વરસે ચાર લાખ રૂપીઆની લેવાને કબુલ રાખેઊંછે. રાજાની તરફથી ૧૮૦૦૦ પાએદળ તથા ૨૦૦૦ ઘોડેસવાર તથા

૧૦૦ તોપખાનાનું લશકર જેપુર તથા તેની આસપાસના પરગણાઓ ઊપર રાખવામાં આવેલ છે.”

સતીઅ પરકાશ.

## વખતનેં આરાધના.

—o—

દોહોરા.

દીવસ રાત્રી પળ ઘડી પ્રહર ॥ એ રૂપે સાક્ષાત ॥
ફરે નીરંતર પર્યટન ॥ જગમાં થઇ વીખ્યાત ॥ ૧.
ગમેન નીયમસર તુજ ખરૂં ॥ ધીમું તે પરમાંણ ॥
(પણ) લાગે વીધુત વેગસર ॥ ગણે નહી કોઇઆંણ ॥ ૨.
નહીં ભાળૂ આ વીશ્વમાં ॥ વસ્તુ એવી એક ॥
જે પરનપડે છાપ તુજ ॥ નહીં લખે તું લેખ ॥ ૩.
વખત મુલ નવ થઇ સકે ॥ મૂલ સર્વનું હોય ॥
ગયું ધંન પાછું મળે ॥ ગઇ વખત નવ જોય ॥ ૪.
સર્વ કાર્યનો સમય છે ॥ ચેતે પ્રાંણી જેહ ॥
પોજે યુક્તી અનુસરી ॥ સુખ પાંમે બહુ તેહ ॥ ૫.
વાવેતરની વખતમાં ॥ ચુકે ચાતુર માસ ॥
તે કણબી પુરૂ શ્રમથકી ॥ નહીં ભરે નીજઆસ ॥ ૬.
સમય શ્રમ કરનારનેં ॥ ધરતી દેછે પાક ॥
અવસર ચુક્યા મેંઉલા ॥ કરે ધાંન્ય ધુળશાક ॥ ૭.
ક્ષણભંગુર આયુષ્ય તે ॥ દીધું માંનવી કાજ ॥
રચે જેહ સંસારમાં ॥ ખટપટનું આહારાજ ॥ ૮.
અતી લોભ જંજાળમાં ॥ હર નીશદીન તે રેહે ॥
નહીં ધરે નીજઉર વીશે ॥ કાલે કાળજ ગ્રહે ॥ ૯
અવધ રૂપીતાંતણો ॥ ખેંચે તું હરદંમ ॥
અંત આવે એટલે ॥ તૂટે એકજ દંમ ॥ ૧૦.
નહીં રાજા નહીં રંકનેં ॥ કાળ ગણે પળ એક ॥
નહીં જવાંની મદમાં ॥ ધરે બહૂ જે ટેક ॥ ૧૧.
સુખ શૈયામાં પોઢતા ॥ જમતા ભોજન ભાવ ॥
ભરાય જેનેં આંગણે ॥ દેશ દેશનાં નાવ ॥ ૧૨.
રેહેતા મંદીર મેહેલમાં ॥ જઇ શકે નવ કોઇ ॥
ચોકી પોરા જાગતા ॥ હર નીશદીન તો હોય ॥ ૧૩.
પણ પેશે નીશ્ચીત થઇ ॥ કાલતણું લશકર ॥
નહીં ગણુ ગારે ભૂપનેં ॥ તાડે હઇયૂ કર ॥ ૧૪.

ક. બુ. ૧૯

## ભરામણની અવસથા.

—o—

પુરોહીત ભીખારી ભીખારી, ભરામણ ભીખારી ભીખારી ॥
ખાંધે ધરે તે ઝોળી ભારી, ભરામણ ભીખારી ભીખારી ॥ટેક॥
ઘર ઘર દોડે વગર જોડે, અંગે કામળ હોડે ॥
સેરીએ સેરીએ પોળે પોળે, રખડે ધનને કોડે ॥ ભરામણ॥ ૧.
ગાંડી ઘેલી જજમાનીને લખશમી કહી એમ બોલે ॥
રડતાં વહડતાં છોકરાં તેહેનાં રમાડે લઇને ખોળે ॥ ભ૦॥ ૨.
તેડું આવે જજમાન કેરૂં તારે દોડે સંધેઆ છોડી ॥
આશા મોહોટી મળવા કેરી, પણ મળે નકાંઇ કોડી ॥ભ૦॥૩.
આવતાં ગોરને વાર થાએતો, બીહીવાડે આંખો કાહાડી ॥
રાતો પીળો થઇ થઇ બોલે જાણે લાગી હોએ મન હાડી ॥ભ૦॥૪
કેમ તું મોડો આવેઓ ભરામણ કામ બીગાડું હમારૂં ॥
બદલી તુજને કરીશ બીજો તારે જાશે માન તહારૂં ॥ભ૦॥૫.
ખરચ આવે ઘેર તારે નોતરાં મોકલે ગોર હાથે ॥
તેહેમાં ભુલ કાંઇ હોએ પોતાની તો નાખે ગોરને માથે ॥ભ૦॥૬
ભીખશા લેવા જાએ ગોરતો જજમાની કેહે આવો ॥
હીંચકો નાખી છોકરાંને પછી ધુપેલ બજારથી લાવો ॥ભ૦॥૭.
વેદ ભણેલો હોએ વીપ્ર પણ હેવી જજમાન વરતી ॥
જજમાનને ઘેર ગોરાણી પણ ગોરની પુઠે ફરતી ॥ ભ૦ ॥૮.
હે પ્રભુનો નીરાધે છે દવીજ બરંમ તેજ કેમ મુકે ॥
અંન વસત્રનો દાતા જાણી કરશણ શરણું નવ મુકે ॥ભ૦॥ ૯.

## બચાંઓને શહીઅડ કાહડવાના ફાએદા.

—o—

શહીઅડ ઘણી તરેહનાછે, તેમાં મુખીઅ તરણ જાતના, જેવાકે મોટા શહીઅડ, અછબડા શહીઅડ, અને ગોવરૂં. તેઓની નીશાની નીચે પરમાણેછે. પેહલી જાતના ચણા જેવા મોટા તથા પાશે પાશે થાએછે, અને તે વેલા તાવ ઘણી આવેછે, બેશુધી થાએછે, પાણીનો શોશ લાગેછે, માથું દુખેછે, આંખમાંથી પાંણી ગલેછે, આંખો મીચાઈ જાંએછે, અને હાંફ ઊઠેછે. બીજી જાતના શહીઅડ, વટાણા જેવા મોટા પણ છુટા છુટા નીકલેછે, તેથી શરીરે દુખ થાએછે, પણ પેહેલી જાતનાં કરતાં, તાવ, ઘબરાટ, ગરમી વગેરે દુખ કમજોર હોએછે. તરીજી જાતના શહીઅડ મગ અથવા બાજરી જેવડા હોએછે, અને ઘણી જગોએ તે અળાઈ જેવા ફુટેછે, અને તેનો રંગ રાતો હોએછે. એથી પેહેલા બેના જેટલું દુખ થતું નથી.

ઈનશાન ઊપર જે જે આફતો પડેછે, તેમાંની એબી એક મોટી આફ્તછે. એ આફ્ત ઈનશાનને પોતાની જીંદગીમાં એકવાર નડેઆ વગર રેહેતી નથી. એ દુશટ રોગથી ચેહરો ચારાંથી બે શીકલ થાએછે—આંખોમાં ફુલાં પડેછે—આંખો જાએછે—એટલુજ નહીં, પણ ઘણી વખતે બચાંનો જાંન પણ જાએછે—વાસતે શહીઅડના ઘાટકી મરજથી બચાંઓનાં જાંન બંચાવાનો એક શેહેલો ઊપાએ માંબાપોનાજ હાતમાં છે અને તે એલાજ એછે કે બચાંઓને શહીઅડ મુકાવવા.

આપણા દેશમાં જે રીતે ગઊ સીતલા કાહડેછે, તે ઘણીજ શેહેલી રીતછે. ગાએનાં થાન ઊપર શહીઅડ થાએછે, તેમાંથી જીણી અણીનાં નસતરથી થાન ઊપરના શીતલા મધેના એક દાણાને શેડી, તેમાનો ચેપ લઈને, જે છોકરાંને સહીઅડ કાહાડવા હોએછે, તેના બંધે હાત ઊપર પેલાં નંશતરથી ચેપ મુકેછે, તે વખતે જરા છોકરાંને દુખ થાએછે, તથા લોહી પણ નીકલેછે. ચેપ મુકીઆ પછી તાવ આવેછે, અને બે તરણ દીવશ પછી ચેપ મુકેલી જગો લાલ થાઈ નાહાની ફુલી જેટલા શહીઅડ ફુટેછે, અને નવમે દીવશે વટાણાના દાણા જેવા મોટા થાએછે. દશમો દીવશ થઓ એટલે તેનું જોર નરમ પડેછે, અને પછી ધીમે ધીમે કરમાવા માડેછે, અને ચઊદમે દીવશે પોપડા બંધાઈને હરાડમે દીવશે ઊખડેછે. હેવામાં જો કોઈ છોકરૂં બેસમજથી શહીઅડના દાણા ખણી નાખેતો, સુકાતાં ચાર પાંચ દાહડા વધારે થાએછે—હવે વલી હેવી રીતે શીતલા કાહડેલાં છોકરાંમાંથી, આઠમાં દાહાડાનો ચેપ લઈ બીજાં છોકરાંના હાત ઊપર લગાડેછે તો તેહેનેબી શહીઅડ કાહાડેલા કેહેવાએછે. વલી તેનામાંથી લઈ બીજાને, પછી તીજાને, એ પરમાણે શીતલા કાહાડેછે, એથી ઘણી પીડા થતી નથી, તથા માંબાપને જેમ પોતાનાં છોકરાને પોતાની એલે શીતલા નીકલેછે, અને તે વખત જેટલું દુખ પડેછે તેનો શોમો ભાગ પણ દુખ ભોગવવું પડતું નથી. વલી ગઊ શીતલા કાહાડીઆથી તરણ ચાર ફુલા થાએછે, તેનું દુખ જે પડે તે કરતાં, વગર શીતલા કાહાડીઆથી જો પોતાની એલે શહીઅડ નીકલે, અને આખા સરીર ઊપર પાંનશે હજાર દાણા થાએછે તેનું દુખ ઘણુંજ વધારે પડેછે—અને તે ઊપરાંત બચાંના જાનનો જોખમ રેહેછે. તેથી ઘણુજ બેહેતર એછે કે ઊપર જણાવેલી શેહેલી રીત પરમાણે શીતલા કહડાવવા, કે જેથી થોડાંજ દુખમાં સરવે પીડા દુર થાએ.

શીતલા કાહડવાની રીત હેવી શેહેલીછે, અને મુંબઈમાં સંગલાં ધરમનાં દવાખાનાંમાં બચાંઓને મુફત સહીઅડ કાહાડેછે, તોપણ ઘણીએક અસતરીઓ તાંહાં પોતાનાં છોકરાંઓને શહીઅડ મુકાવા લેઈ જતી નથી, એ ઘણું દલગીરી ભરેલુંછે. જુઓ કે ઈંગલંડની સરકારે માણસોનો જીવ લેનાર આં જે વેરી રોગ શહીઅડછે, તેનું જડમુલ ઊખેડી પાએમાલ કરનાર ડાકટરને ઘણી આબરૂ તથા શાબાશી આપી એટલુંજ નહી, પણ ગઊ શીતલા મુકવાની તેહેની ઊતંમ શોધના બદલામાં એક લાખ રૂપીઆ બખશેશ આપીઆ. પછી વરશો વરશ લાખો ઈનશાનના પરાન બચતા જોઈને બીજા બે લાખ રૂપીઆ તેને બખશીશ કરીઆ.

આવી સારી શોધ કરનારનો આપણે જેટલો ઊપકાર માનીએ તેટલો થોડોછે. કોઈ માનવીએ હેના જેવો માણસ જાત ઊપર ઊપકાર કીધો નથી, તથા તેહેના કરતાં વધારે કીરતી મેલવી નથી.

શહીઅડનો ઘાતકી રોગ, ઊપર જણાવેલા શેહેલ ઊપાએથી બરતરફ કરી શકાએછે તેવું જાણેઆ છતાં, પણ જે વેહમી ઓરતો હઠીલાઈથી તે ઊપાએ વાપરશે નહીં, અને પોતાંનાં પેઆરાં બચાંની ઘાત થવા દેશેતો, તેઓએ ખુબ અંદેશો કરવો જોઈએછે, કે આએ દુનીઆંમાંથી અશબાબ ઊઠાવીઆ પછે, તેઓને ખોદાતાલા આગલ પોતાંનાં બચાંનાં મોહોતનો જવાબ આપવો ઘણો ભારી પડશે.

હમો પરમેશવર પાશે પરારથનાં કરીને એવી ઊમેદ રાખીએછે, કે આંએ કરૂપીન માહા ઘાતકી રોગનું નીવારણ કરવાંનો, જે ઊપાએ હાલ આપણાં હાતમાં આવેલોછે, તેનો જલદી ઊપીઓગ કરવામાં કોઈ માંબાપ ચુકશે નહી, અને પોતાને માંથે પોતાંનાં બચાનાં જાંનની ઘાતનો ગુનાહ લેશે નહી. આમીન.

અ. ગ. ૨૦

---

## હીંદુસથાનમાં બરીટીશ રાજને લાગતા મોહોટા બનાવો બનીઆ તે બાબત.

—o—

હીંદુસથાનમાં બરીટીશ લોકનું રાજ શી રીતે

થશે, ને વધીશે, તેની તવારીખથી સહુ કોઈએ વાકેફ થવું જોઈએ. એ તવારીખ જાણવા લાએક છે, ને એમાંથી કેટલીએક નશીહત ભરેલી વાતો આપણને મલી આવેછે. હમે જે ફકરાઓ નીચે ટાંકા છે, તે એ તવારીખના મુખીઅ ભાગો તરીકે સમજવા. ઈંગલંડની રાણી ઈલીજાબેથના દાહાડાઓથી તે ગઆં વરશની આખર સુધી બરીટીશ રાજને લાગતા કીઆ કીઆ મોહોટા બનાવો બનીઆછે, તેઓનું મુખતેસર બીઆન એ ફકરાઓ પરથી હમારા વાંચનારાઓને મલી આવશે; ને એથી તેઓને કેટલીએક વાતોનો ખોલાસો થઈ જશે. જે આંકો હમે નીચે મુકીઆછે તે ઈસવી સનેનાં વરશ સમજવા, ને જે વાતો એ આંકોની સામે આવે છે તે એ વરશોમાં બનેલા બનાવો તરીકે જાણવા.

૧૫૯૧ હીંદુસથાનમાં અંગરેજો પેહેલા આવીઆ.
૧૬૦૦ પેહેલી ઈસત ઈંડીઆ કંપની પાદશાહી સનદથી થાપન થઈ.
૧૬૦૯ ઈસત ઈંડીઆ કંપનીને બીજીવાર સનદ મલી.
૧૬૧૨ અંગરેજોના પેહેલાં કારખાનાઓ સુરત મધે નીકલીઆં.
૧૬૧૫ મગોલની દરબારમાં અંગરેજોનો પેહેલો એલચી આએવો.
૧૬૯૦ અંગરેજો કલકતા મધે પેહેલા વસીઆ.
૧૬૯૮ એક બીજી ઈસત ઈંડીઆ કંપની ઊભી થઈ.
૧૭૦૨ બેશે કંપનીઓ જોડાઈને એક થઈ.
૧૭૪૮ અંગરેજો તથા ફરાંસીસો વચે હીંદુસથાનમાં લડાઈઓ થવા લાગી.
૧૭૫૬ ચાંચીઆ લોકનો મજબુત કીલો આંગરીઆ કોલાબામાં હતો તે અંગરેજોએ તોડી નાંખીઓ. એજ વરશમાં સરાજા દાઊલાએ ૭૦૦૦૦ માણસોની ફોજ સાથે આવીને અંગરેજો પાસેથી કલકતા છીનવી લીધું; ને અંગરેજોના ૧૪૫ માણસને એક બંધીખાનું જેને "બલાક હોલ" નું નામ મલીઊંછે તેમાં કેદ કીધાં. એઓમાંથી ૨૩ માણશ જીવાં, ને બાકીના ૧૨૨ મરણ પામીઆં.
૧૭૫૭ પલાસીની લડાઈ. એ લડાઈમાં અંગરેજોએ સરાજા દઊલાની ફોજ ઊપર એક મોહોટી ફતેહ મેલવી; ને તે દીનથી હીંદુસથાનમાં અંગરેજના રાજનો પાએઓ નખાઓ.
૧૭૬૫ દીલીના મગોલ પાદશાહે અંગરેજોને બંગાલ, બીહાર, ને ઓરીસા પરાંતોની મેહેસુલ લેવાનું કામ સોંપીઊં. એ ઊપરથી અંગરેજોનું બલ બહુ વધીઊં હતું.
૧૭૭૨ વારન હેસતીંગસ બંગાલનો ગવરનર થએો.
૧૭૭૩ કલકતા મધે પેહેલી સુપરીમ કોરટ થાપન થઈ. ગવરનરનો પગાર વરશ દાહાડે બે લાખ, ને પચાસ હજાર રૂપીઆનો ઠેરવીઓ.
૧૭૭૫ વારન હેસતીંગસ પર લાંચ રૂસવત લેવાનો બટો મુકાઓ. એની તપાસ ઈંગલંડ મધે સાત વરશ ઊપર ચાલી હતી.
૧૭૭૬ છાસતીનો પરાંત અંગરેજોએ લીધો.
૧૭૮૦ હાઈદર અલી જે એક આમ સીપાહી હતો તે સરદારને દરજજે પોહાંચો; ને અંગરેજોને હરાવીને કરનાટીકનો પરાંત તેણે લીધો; પણ ૧૭૮૨ માં અંગરેજોએ તેને શીકસત કીધો.
૧૭૮૨ હાઈદર અલીના શાહજાદા ટીપુ સાહેબે અંગરેજોને શીકસત કીધા.
૧૭૮૪ પીટનું ઈંડીઆ બીલ પારલીઅમેંટની સભામાં પસાર થશે. એ બીલની મતલબ એ હતી કે હીંદુસથાનનો કારભાર ચલાવવામાં પાદશાહનો અખતીઆર થાએ. બોરડ આવ કનતરોલ એ ઊપરથી પેહેલ વેહલી થાપન થઈ.
૧૭૯૩ સદરદીવાની તથા ફોજદારી અદાલતો થાપન થઈ.
૧૭૯૯ સીરીંગાપટામ પર અંગરેજોએ હોમલો કીધો. ટીપુ સાહેબ મરણ પામીઓ.
૧૮૦૦ કરનાટીકનો આખો પરાંત અંગરેજને તાબે થઓ.
૧૮૦૩ દુઆબનો પરાંત તથા દીલી અંગરેજોએ લીધી
૧૮૦૫ સીંદીઆ તથા હોલકર સાથે સલાહના કોલકરારો થઆ.
૧૮૧૨ હીંદુસથાનનો વેપાર કરવાને વેપારીઓને છુટ મલી.
૧૮૧૪ નીપાલના મુલક સાથે લડાઈ ચાલી.
૧૮૧૮ ખાંનદેશ, આજમીર, પુનું, ને મહારાશ્ટ દેશ અંગરેજોએ લીધો.

૧૮૨૪ બરમા દેશ સાથે લડાઈ શરૂ થઈ—રંગુન અંગરેજોએ લીધું.

૧૮૨૯ સતીઓ થવાની ઘાતકી રસમ અંગરેજોએ બંધ કરાવી.

૧૮૩૮ કાબુલની લડાઈ કે જે ચાર વરશ સુધી ચાલા કીધી તે શરૂ થાઈ.

૧૮૪૨ સીંધનો મુલક અંગરેજી સવસથાનો સાથે જોડાઓ.

૧૮૪૫ સીખ લોકોએ સતલીજ નદી ઊતરીને ફીરોજપોર મધે અંગરેજો ઊપર હોમલો કીધો.

૧૮૪૯ સીખ લોકોની આખી ફોજ અંગરેજને તાબે થઈ; ને પંજાબનો મુલક અંગરેજી સવસથાનો સાથે જોડાઓ.

૧૮૫૧ બરમા દેશ સાથે બીજી વેલા લડાઈ થઈ, ને ૧૮૫૨ પેગુનો આખો પરાંત અંગરેજોએ પોતાને હસતક કીધો.

૧૮૫૩ હીંદુસથાનમાં પેહેલી રેલવે ઊઘડીઓ, ૧૬ મી અપરેલે.

૧૮૫૬ આઊદનો મુલક અંગરેજી સવસથાનો સાથે જોડાઓ.

૧૮૫૭ આએ વરશના મે મહીનાની તારીખ ૧૦ મીએ બંગાલાની ગામઠી ફોજે મીરત શેહેર મધે બલવો શરૂ કીધો. એ બલવો પુરૂ દોહોડ વરશ ચાલીઓ. એ બલવામાં બંગાલાની ફોજના ૭૦ થી તે ૮૦ હજાર ગામઠી સીપાહીઓ સરકારની વીરૂધમાં ઊઠા હતા; ને કેટલાએક અંગરેજો તથા તેઓના બઈરાં છોકરાંઓને ઘાતકી રીતે કતલ કીધાં. બલવાખોરોએ દીલી મેએની ૧૧ મી તારીખે લીધી હતી, ને મહમદશાહને પાદશાહ કીધો. એ શેહેર અંગરેજોએ સપટેમબર મહીનાની ૨૧ મી તારીખે તેઓના હાથમાથી લીધું.

૧૮૫૮ આએ વરશના નવેમબર મહીનાની પેહેલી તારીખે હીંદુસથાનમાં કંપનીની હકુમત બંધ પડી, ને પાદશાહી હકુમત શરૂ થઈ.

બામદાદ.

---

## પરચુરણ બાબતો.

**શેખ સાદીની હીકાએત**—એક શખસે આવીને નોશેરવાને આદીલની પાસે વધામણી ખાધી કે તમારા ફલાણા દુશમનને ઈશવરે આ જહાનમાંથી ઉઠાવી લીધો તે સાંભળીને બાદશાહે કહ્યું કે તેતો ઠીકછે પણ તે મહને મુકી દેશે હેવું કાંઈ તેં સાંભલીઉં ? દુશમનના મરવાંથી મહને કાંઈ ખુશી થવાનું કારણ નથી કેમકે માહારી કાઆ પણ કાંઈ અમર નથી.

---

**હાતીમ તાઈના** જેહેવો આ દુનીઆમાં ઉદારતાને સારૂ બીજો કોઈ ધણી નામીચો થઓ નથી. તેહેને જારે પુછીઉં કે તાહારા કરતાં તેં કોઈને આ જહાનમાં વધારે હીંમતવાન દીઠોછે અથવા સાંભળીઓછે ? તેણે જવાબ દીધો કે હા, એક દીવસ ચાળીસ ઉંટને કુરબાન કરીને હું એક ઉમરાવની સાથે જંગલના એક ગોશામાં ગઓ. તાંહાં એક માણસ લાકડાંનો ભારો બાંધતો હતો. તેહેને હમે કહીઉં કે હાતીમ આજ જીઆફત આપેછે તાંહાં આખી ખલક ગઈછે ને તું કેમ નથી જતો ? તેણે જવાબ દીધો કે જે માણસ જાત મેહેનત કરીને ખાએછે તે હાતીમનો ઓસીઆળો થવાને આતો નથી. એ માણસ હીંમત અને જવાંમરદીમાં માહારા કરતાં વધારે હતો.

---

**આબરૂ**—આ દુનીઆમાં સઉથી કીમતદાર ચીજ બે છે આબરૂ અને જીંદગી; પણ ઘણી અફસોસની વાતછે કે એક હલકો નીંદાખોર આબરૂને ખલલ પોંહોંચાડી શકેછે, અને એક હલકું હથીઆર જીંદગીનો છેડો આણેછે. માટે ડાહા માણસે સારા કેહેવાવવાની નહીં પણ સારા કેહેવાવવાને લાએક થવાની ફીકર રાખવી જોઈએ, અને એમ કરેથી આ દુનીઆમાં હેવી રીતે ચાલતાં આવડશે કે તેથી મરવાનો ભો જતો રેહે.

---

**છાનાં રેહેવું**—કોઈ માણસ ગુસામાં આવીને આપણને દુખ લાગે હેવું કાંઈ બોલે તો તેહેનો સઉથી સરસ જવાબ છાનાં રેહેવું એછે, કેમકે તેહેનું મન જારે ઠેકાણે આવશે અને ગુસો ઉતરી જશે તારે તેહેનું દીલજ તેહેને ઘણી શીખશા કરશે.

---

**વકીલનું વીલ**—એક વકીલે વીલ કરૂં તેહેમાં તેણે પોતાની સઘલી મીલકત બેસમજ અને ગાંડા લોકોને આપવા

નું લખીઉં. તે જોઇને એક જણે તેહને પુછીઉં કે ત ને આમ કેમ કરૂં ? તેહેનો જવાબ પેલા વકીલે દીધો કે માહારી સરવે દોલત હેવા લોકો પાસેથી મેહને મળેલીછે અને હવે હું તેઓને પાછી આપુંછઉં.

**જગતમાં પાંચ ચીજ નવાઈની.**

૧. વકીલ સાચું બોલે તે.
૨. ઉડાઉ માણસ કસરીઓ થાએ તે.
૩. ગાડીઓ રૂશવતની ના કેહે તે.
૪. વેપ્યાન ખાનારો નાણાં ફેંકીદે તે.
૫. વેશીઆ ભલી થાએ તે.

**વકીલને ચોર મળેઓ**—એક વકીલ ગાડીમાં બેસીને ફરવા જતો હતો તેહેને એક ચોર મળેઓ. તેણે પીસતોલ કાહાડીને કહ્યું કે " તારી પાસે છે તે આપ નહીં તો તાહારો જાન લઉંછઉં. " તે જોઇને પેલા વકીલે ઘબરાઇને તરત પોતાની પાસે સો રૂપીઆની નોટ અસીલની પાસેથી ફીમાં મળેલી હતી તે આપી દીધી, અને ધીમે રહીને કહ્યું " ભાઇ આ તેં લીધી તો ખરી પણ તેં જુલમથી ચોરી કરી એમ તાહારી ઉપર તોહોમત લાગુ નહીં પડે. માટે આ પીસતોલ તું મહને આપી દે કે કોરટમાં સો રૂપીએ પીસતોલ વેચી હેતું ઠરે. " ચોરે કહ્યું વા એતો બહું સારૂં, માહારી પીસતોલ કાંઇ એટલી કીમતી નથી કે નહીં આપું. લો તમારૂં મન રાજી કરો એમ કહીને પીસતોલ આપતાંજ વકીલે વાંદરો ચહડાવીને કહ્યું કે " હવે માહારો વારો આવેઓ, પેલી નોટ પાછી લાવ, નહીંતો હમણાં બાર કરૂંછઉં અને તાહારો જીવ જશે. " ચોરે જવાબ દીધો કે, " વારૂ વારૂ હેમાં દારૂ કાંહાં ભરેલોછે કે તમે બાર કરશો અને માહારો જીવ જશે. " એમ કહીને તે નોટ લઇને નાહાસી ગએો.

**ચોપડીઓનો વેપાર**—ઇઉનાઇટેડ ઇસટેટસ મધે તરણસેંહને પંચાવન પુસતક પરગટ કરનારા, બે હજાર વેચનારા, પંદર હજાર છાપનારા અને તરણ હજારને પાંચસેંહ જીલદ બાંધનારાછે. સન ૧૮૫૩ માં એક હજાર કરતાં વધારે ચોપડીઓ છપાઇ હતી.

**બીહીવાડવાની અસર**—એક બાળક છોકરી બીજી બે ચાર છોકરીઓની જોડે રમતી હતી. તેઓમાંથી એક જણીએ નહીં ખબર પડે હેવી રીત એક કાળું કપડું હોડીને એકાએક આવીને ઉભી રહી તેથી પેલી બાળક છોકરી હેવી તો ચમકી કે તેથી તેહેને આંકડી આવવા લાગી અને થોડા એકવારમાં મરણ પામી.

**અનાજ ભરી રાખવાની રીત**—રશીઆ દેશમાં જમીનમાં ખાડા ખોદીને તેહેમાં અનાજ ભરી મુકેછે. તે અનાજ ઘણી મુદત સુધી એમનું એમ રેહેછે. તેહેની રીત હેવીછે કે સુકી જમીનમાં મોહોટા ખાડા ખોદેછે અને તેહેની બાજું કોલથી ચણી લીધાને ઠેકાણે બાજુપર બાળવાનાં લાકડાં સીંચેછે અને નીચે થોડુંએક સુકું ઘાસ બાળીને માહેલી હવા પાતળી કરેછે અને પછી માંહે અનાજ ભરીને ઉપરથી હેવી રીતે બંધ કરી લેછે કે તેહેમાં હવા પણ પેસી શકે નહીં. હાવી રીતે અનાજ ૫૦ થી ૬૦ વરસ સુધી રેહેછે.

**બરમા દેશમાં હોલી**—એક અંગરેજ લખેછે કે બરમા દેશમાં તા૦ ૧૨ મી એપરેલ એ વરસનો છેલો દાહાડો ગણાએછે. તે દાહાડે આખા દેશમાં લોકો એક નવી રીતથી રમેછે તે જોવાને પીગુ શેહેરનાં નવાબે હમને બોલાવેઆ હતા. તે રમત હેવીછે કે બઇરાં હાથમાં પાણી ભરેલી પીચકારીઓ લઇને જે મરદોને જતા દેખે તેઓની ઉપર મારેછે અને તેમજ મરદો પણ પાછી પીચકારી બઇરીઓની ઉપર મારેછે. આ રીતે પીચકારી મારવાનો હક સઉ કોઇને છે, પણ તેઓની આ અથવા બીજી રમતમાં કોઇ પણ જાતની બે અદબી કીધામાં આવતી નથી.

**ધરતીકંપ**—નેપલસ શેહેરમાં ધરતીકંપો થયાછે તેહેમાં નજદીક ૪૦૦૦૦ માણસોના જીવ ગયાછે.

**ગરીબ લોક**—શુમાર કાહાડવામાં આવેઓછે કે પારીસ શેહેરમાં ગરીબ લોક આસરે ચાર લાખછે.

**શું શોધછે ?** એક માણસ કાંઇ કારણસર પોતાની બઇરીની ઉપર રીસે ભરાઓ અને તેણે હેવો ઠરાવ કરો કે હવે એ બઇરીની સાથે બોલવું નહીં. તે ઠરાવ મુજબ ઘણી મુદત સુધી તે બોલેઓ નહીં. એક દાહાડો રાતરે કાનમાં પુમડાં ઘાલીને સુતોછે તે હેવા વીચારથી કે પેલી બાઇ કાંઇ બોલે તો સાંભળવું પણ નહીં હેવામાં તે બઇરી ઉઠીને દીવો લઇને સરવે ઠેકાણે જોવા લાગી. આમથી જોઇ રહા પછી તેમ જોએ અને તેમથી જોઇ રહા પછી બીજી તરફ જઇને જોએ એ પરમાણે કાંઇ ખોળતી હોએ હેવું ડોળ દેખાડીઉં. તે જોઇને પેલો ધણી પથારીમાં બેઠો થએો અને વીચારેછે કે હમણાં એ પાછી સુઇ જશે, પણ પેલીની શોધનો કાંઇ છેડો આ

વેઓ નહીં. તારે અંતે અકળાઇને તેણે બઈરીને પુછીઉં કે " શું શોધેછે " ! " કેઆરની શું જોઆ કરેછે ! " તે હેનો તે બાઇએ જવાબ દીધો કે " તમારી જીભ શોધતી હતી તે હવે જડી. વારૂ તમે મહને કોહો શામારે માહારી સાથે તમે બોલતા નથી ! શા માટે રોશ રાખોછો ! " તાર પછી બંને જણાંને પાછી સલાહ થઈ.

કનેઆકાળ જાએછે—હીસાબ કાહાડેઓછે તે ઉપરથી માલમ પડેછે કે હાલ ફરાંસ દેશમાં લગન કરવા લાએક ઉમરની જુવાન બઈરીઓ ૧૮૦૦૦૦૦ હરાડ લાંખછે અને તેઓ મનમાનતા વર શોધેછે.

બગીઓની સંખેઆ—લંડન શેહેરમાં ભાડુતી છાપાવાળી બગીઓ ૧૦૦૦૦ થી વધારેછે.

સદગુણ અને દુરગુણ—ઘણું જીવવાનો સેહેલો રસતો સદગુણ; જલદી મરવાનો સેહેલો રસતો દુરગુણ.

લોકની આંખમાં કમળો—એક માણસ કોઇ બઈરીની સાથે કાંઇ છાની વાત કરતો હોએ તો બીજા લોક હેવું ગુમાન લઈ જાએછે કે એ બે જણનું સારૂંછે. જે લોકો હાવો વીચાર મનમાં આણેછે તેઓ જાતે સારા હોએ હેવું જણાતું નથી. જેઓને કમળો થઓ હોએછે તેઓ બીજાને પીળા દેખેછે તેજ મીસાલે જેઓનાં મન લુચાંછે તેઓ બીજાઓને પણ પોતાના જેહેવા લુચાં મનના સમજેછે.

એક બાપની સલાહ—એક વેપારીને લાખ રૂપીઆનું નુકસાન થઉં તેણે પોતાના છોકરાને પાસે બોલાવીને કહ્યું " આ આપણી વાત કોઇને કહીશ નહીં. " છોકરાએ કહ્યું કે ઠીકછે નહી કહું પણ એમ તમે કોહોછો તેહેનો સબબ શો ! બાપે જવાબ દીધો કે " ભાઇ એટલા માટે કે આપણને બે તરફનું દુખ નહીં પડે--એકતો પઈસા ગયાનું અને બીજું દુશમનની હાંસીનું. " શેખ સાદી

જોશીનું ગણીત—એક જોશી બાહારથી આવેઓ તારે તેણે પોતાના ઘરમાં કોઇ અજાણેઆ માંણસને પોતાની બઈરી જોડે કાંઇ વાત કરતો દીઠો. તે જોઇને જોશી ઘણો ગુસે થઓ અને પેલા બીચારાને ગાળો ભાંડવા લાગો અને તેહેની જોડે અંતે મારામારી પર આવી ગઓ. તે જોઇને તેહેના એક ટકોળી પડોસીએ આવીને કહ્યું કે જોશી માહારાજ તમે હેવા ભણેલાછો કે આટલું ઉંચું આસમાનછે તેહેમાં ફલાણો તારો ફલાણા ઘરમાંછે અને મંગલ ફલાણા ઘરમાં ફલાણે વખતે આવવાનોછે એ બધું ગણીતથી નકી કરીને હમને સમજાવોછો અને આ જમીનપરની આટલી હલકી વાતની તમને ખબર નહીં પડી કે ફલાણો માણસ માહારા ઘરમાં આવેછે. શેખ સાદી.

કેમ પણતા નથી !—એક ઘરડા માણસને કેટલાએક જણાએ પુછીઉં કે તમે કેમ પણતા નથી ! તારે તેણે જવાબ દીધોકે " માહારે ઘરડી ઓરતને પણવી નથી. " તારે તેહેને તેઓએ કહીઉં કે " ઘરડી નહીં તો રહીઉં કોઇ જુવાન શોધી કાહાડીને તેહેને પરણો. " તારે તેણે જવાબ દીધો કે " હું ઘરડો છઉં ને મહને ઘરડી ઓરત પસંદ નથી તો જુવાન ઓરત મહને કેમ પસંદ કરશે ! " શેખ સાદી.

ગરીબ લોકની ભલમનસાઈ—સન ૧૦૬૭માં ઈસકાટલંડ દેશમાં એક જાતરા ભરાઈ હતી તાંહાં એક વેપારીના ગજવામાંથી એક કોથળી નીકળી પડી તેમા હજાર રૂપીઆનો માલ હતો. તે ગયા પછી પેલા વેપારીએ જાહેર ખબર છપાવી કે જે ધણીને તે જડે અને તે લાવી આપશે તેહેને બસેંહ રૂપીઆનું ઈનામ આપવામાં આવશે. પછી થોડીવાર રહીને એક ગામડીઓ તે લઈ આવેઓ અને તેણે કહીઉં કે "જુઓ સાહેબ આ તમારી કોથળી મહને જડીછે, તપાસીલો." પેલા વેપારીએ જોઇ તો જેમ બાંધી હતી તેમની તેમજ હતી. તારે વેપારીએ ઈનામના રૂપીઆ આપવા માંડેઆ. તે પેલા માણસે લીધા નહીં અને કહ્યું કે એટલા બધા રૂપીઆ કાંઇ લેવાએ નહીં. પછી તેહેને દોહોડસો રૂપીઆ આપવા માંડેઆ તે પણ તેણે લીધા નહીં. પછી સો રૂપીઆ અને આખરે પચાસ રૂપીઆ આપવા માંડેઆ પણ તેટલા પણ તેણે લીધા નહીં. તેણે કહીઉં કે મહને માતર હડી રૂપીઆ આપો એટલા બસછે—તેટલા રૂપીઆ તેહેને આપેઆ તે તેણે મોહોટા એહેસાન સાથે લીધા. હીંઆંપુંબઈમાં પણ હેવા કેટલાએક દાખલા બનેલાછે. શાબાસછે હેવા ગરીબ લોકને કે ધન દેખીને તેઓની દેઆનત તેઓ બગડવા દેતા નથી.

એક બઈરીની ચતુરાઈ—એક ગરીબ કારીગરની આંખમાં કાંઇ ખરાં લોહોડાંની કરચ ભરાઇ હતી. તે કાહાડવાને એક ડાકટરે ઘણીએ મેહેનત કરી પણ તે નીકળી નહીં. તારે લાચાર થઈને તે ડાકટર પોતાની ઓરતની પાસે ગઓ અને તે વાત તેહેને કહી. તે કેહેતાં કેહેતાં પેલા ડાકટરની આંખમાં પાણી ભરાઈ આવેઆં. તે જોઇને તેહેન

બઈરીએ કહીઉં કે ઘભરાઓછો શું કરવા ? તમે બધા ઇલાજ ચલાવેઆછે, પણ એક રહી ગઓછે, તે ચલાવી જુઓ એટલે કરચ હેની મેળે નીકળી આવશે. એક લોહચુંબક લઈને તેહેની આંખ આગળ ધરો એટલે તે પેલી લોહોડાંની કરચને ખેંચી કાહાડશે. આ પરમાણે વાત થઆ પછી તે ડાકટર ફરીથી પેલા કારીગર પાસે જઈને મેહેનત કરવા લાગો તો તરત તે કરચ લોહચુંબકના જોરથી બાહાર ખેંચાઈ આવી અને તે કારીગરને આરામ થઓ.

---

**ઊધઈનો ઈલાજ**—જે ચીજને ઉધઈથી બચાવવી હોએ તેહેમાં કપુર રાખવું.

---

**દેવલનો ઘંટ**—માસકો શેહેરમાં એક દેવલનો ઘંટ વજનમાં ચાળીસ લાખ રતલછે. તે ૨૧ ફીટ અને ૬ ઈંચ ઉંચોછે અને વચેથી ૨૨ ફીટ અને ૫ ઈંચ પોહોળોછે. તે આસરે સન ૧૭૩૦ ના વરસમાં બનાવેઓ હતો.

---

**વસતીમા વધારો**—લંડન શેહેરની વસતીમાં દર રોજ ૨૫૦ માણસનો વધારો થાએછે.

---

**કામેટી**—કામેટી હંમેશ કઠણ લાગેછે કેમકે મુરખમાં મુરખ માણસ પણ હેવા સવાલ પુછી શકેછે કે મોહોટા મોહોટા ભણેલા માણસોથી તેહેના જવાબ નહીં અપાએ.

---

**ઊધેરસનો ઈલાજ**—ગોળ અને સરકો સરખે ભાગે એક પેઆલામાં મેળવીને તે ઉપર એક રકેબી ઢાંકીને દેવતા આગળ તે પેઆલું મુકવું. તેહેમાં ગરમીના સબબથી તે એક રસ થઈ જાએ તારપછી એક એક ચમચો દાહાડામાં તરણ ચાર વાર પીવો.

---

**આજીજી તે શું ?** આજીજી તે ભીખારીઓની દોલત.

---

**શું જાણવું જોઈએ ?** હાલના વખતમાં દરએક માણસે પોત પોતાનો ધંધોજ સારી રીતે જાણવો બસ નથી; દુનીઆમાં શું શું બનેછે તેહેની પણ થોડી ઘણી માહીતી સઉએ મેળવવી જોઇએ.

---

**રીવાજ તે શું ?** મુરખ લોકોને મુરખ રેહેવાનું બાહાનું, અને સુધારાના કામમાં સઉથી મોહોટી હરકત.

---

**વાંદાનો ઈલાજ**—શીંધુર, ખાંડ અને લોટ સમભાગે મેળવીને વાંદા જાંહાંથી નીકળતા હોએ તાંહાં રાતરે મુકવાં અથવા જાંહાં વાંદા આવતા હોએ તાંહાં ચુનાના પથરા મુકવા.

**ઈનસાફમાં ઢીલ; જડજોને નસીહત**—રૂમી લોકોના બાદશાહ થીઓડોરીકની આગળ એકવાર એક વીધવા બાએડીએ આવીને ફરીઆદ કરી કે માહારો કજીઓ તમારી કોરટમાં ત્રણ વરસ થયાં પડી રહોછે તેહેનો હજુ ફેસલો કેમ નથી થતો ? તે ઉપરથી બાદશાહે ઈનસાફ કરનારાઓને હુકમ કરેઓ કે તાકીદથી તે બાઈનો કજીઓ ચુકવે. પછી તેઓએ બે દાહાડામાં પેલી બાઈની તરફનું હુકમનામું કરી આપીઉં. તારે બાદશાહે તેઓને પોતાની હજુરમાં બોલાવીને પુછીઉં કે જે કજીઓ તમે ત્રણ વરસ સુધી ચુકવી નહીં શકેઆ તે માત્ર બે દીવસમાં કેમ ચુકવાઓ ? તારે ઈનસાફદારોએ કહું કે તમે ભલામણ કરી માટે. તે સાંભલીને બાદશાહે તેઓને કહું કે મેં જારે તમને ઈનસાફ કરવાનું કામ સોંપીઉં તારે તમને ભલામણ નહીં કરી હતી કે જે કજીઓ આવે તે ચુકવવામાં ઢીલ કરશો નહીં ? તે છતાં તમે ઢીલ કરી માટે તમને સજા કરવી જોઇએ કે બીજા ઇનસાફદારો તાકીદથી પોતાનું કામ બજાવે અને કોઇની ભલામણની રાહા જોએ નહીં એમ કહીને તેઓને ગરદન મારેઆ.

---

**પારીસ શેહેરમાં કીતાબખાનાઓ**—પારીસ શેહેરમાં ૩૫ મોહોટાં કીતાબ ખાનાઓછે. એઓમાં કેટલાંએક જાહેરછે, ને બાકીનાં ખાંનગીછે. જે સહુથી મોહોટું કીતાબખાનુંછે તેમાં ચઉદ લાખ કીતાબો, તરણ લાખ ચોપાનીઆં, ને એંસી હજાર દસતાવેજોછે. બીજાંમાં બે લાખ ને વીસ હજાર કીતાબો, ને ૭ હજાર દસતાવેજોછે. તીજાંમાં એક લાખ પચાસ હજાર કીતાબો, ને ચાર હજાર દસતાવેજોછે. ચોથાંમાં એક લાખ વીસ હજાર કીતાબો, ને પાંચ હજાર દસતાવેજોછે, ને એથી ઉતરથી ગનતી કીતાબો બીજાઓમાંછે. બાં૦

---

**સાંચાનું કામ**--પારીસ શેહેરમાં દર વરસે ૫૧૬૦૦૦૦૦ પાંચ કરોડ ને સોળ લાખ રૂપીઆનો માલ સાંચા વડે પેદા થાએછે તેહેમાં છોકરાંઓનાં રમકડાં ૧૭૨૦૦૦૦ સતર લાખ ને વીસ હજારનાં થાએછે.

---

**કજા**—ગએ વરસે ઇઉનાઇટેડ ઇસટેટસમાં ૧૭ આગબોટો ડુબી ગઈ, ૧૯ બળી ગઈ, અને ૯ ફાટીગઈ, ૨૫૯ માણસના જીવ ગયા અને ૧૯૨૪૦૦૦ ડાલરના માલનું નુકસાન થઉં.

---

**સન ૧૮૫૮ માં આગ**—લંડનની વીમાની આફી સોમાં રૂ૧૦૦૦૦૦૦૦૦) નો આગનો વીમો ઉતારેલોછે. ગં આ વરસમાં જાનેવારીની પેહેલી તારીખથી તે ડીસેમબરની એકતીસમી તારીખ સુધીમાં ૧૧૧૪ ઠેકાણે આગ લાગી હ તી. તેહેમાં મકાન બીલકુલ બળી ગયાં ૩૨, ઘણું નુકસા ન થઉં ૩૮૫, અને થોડાં ઘણાં બલેઆં ૬૯૫.

---

**ઈઆહુદી**—ઇઉનાઈટેડ ઇસટેટસના છેલા હીસાબ ઉપરથી જણાએછે કે તાંહાં આસરે ૭૦૦૦૦૦ ઇઆહુદી લો કો વસેછે તેઓમાંના માત્ર એકેજ ખેડુતનું કામ કરવાનો પ રવાનો લીધોછે.

---

**નહીં ભણેલા**—ઈંગલંડ અને વેલસમાં હમણાં શુ માર કાહાડેઓછે તે ઉપરથી માલમ પડેછે કે તાંહાંના પરણે લા મરદોમાં સેંકડે ૨૮ અથવા ૨૯ જણાઓને પોતાનું નામ લખતાં આવડતું નથી અને તાંહાંના પેઆદલ લશકરમાં ૭૩૦૦૦ માણસછે તેહેમાંના ૨૦૦૦૦ ને વાંચતાં કે લખતાં કાંઇ આવડતું નથી તથા ૧૩૦૦૦ ને માત્ર વાંચતાંજ આ વડેછે લખતાં આવડતું નથી તથા ૨૦૦૦ ઉંચી જાતની કેળ વણી લીધેલાછે.

---

**સારી સુચના**—ફરાંસ દેશમાં રેલવેની ગાડીઓમાં જનારી એખલી બાઐડીઓની ઉપર જે જુલંમ ગુજરેછે તે વાત તાંહાંના સતાવાલાઓને જાણ થએથી તેઓએ વીચાર કીધો કે રેલવે કંપનીવાળાઓને તાકીદ કરીને દરએક ટરેન માં બાઐડીઓને સારૂ જુદી ગાડીઓ રખાવવી.

---

**સુખની કદર**—જે લોકને દુખ પડેલુંછે તેઓજ સુ ખની કદર જાણેછે. બીજા સુખ સું ચીજછે તે સમજતા નથી.

**એક મુગલ અને પોપટ**—એક હીંદુને તાંહાં એ ક પોપટ હતો તેહેને "હેમાં શું શકછે" એટલા બોલ બોલતાં શીખવેઆ હતા. તે પોપટને બજારમાં વેચવા લઇ ગઓ. તારે એક મુગલે તેહેની કીમત પુછી. તારે હીંદુએ જવા બ દીધો કે સો રૂપીઆ. પછી મુગલે પોપટને પુછીઉં કે તાહા રૂં મુલ સો રૂપીઆછે ? તો પોપટે જવાબ દીધો કે હેમાં શું શકછે ! તે સાંભળીને મુગલ ખુશી થઓ અને પોપટને વેચાતો લઇને ઘેર ગઓ. પછી જણાઉં કે પોપટને તો બીજું કાંઈ બોલતાં આવડતું નથી તારે તે મુગલ બોલેઓ કે "આ પંખીને લઇને મેં મુરખાઇ કરી" એટલે પોપટે જવાબ દી ધો કે "હેમાં શું શકછે !"

**મદદની જરૂર**—આપણે જનમીએ છઇએ તારથી તે મરીએ તાંહાંસુધી આપણને બીજા માણસોની મદદની જરૂર પડેછે. આપણે ગમે એટલા પઇસાદાર હોઇએ તોપણ આ પણને તેઓની મદદ વના ચાલતું નથી. માટે લાજમછે કે જેહેને મદદ જોઇએ તેણે માગવી અને જેહેની મદદ જોઇએ તેણે આપવી.

---

**પરીખશા**—ઝાડની છાલ જોએથી જેમ ઝાડની પરી ખશા થતી નથી તેમજ માણસના પોશાક તથા ઉપલા દેખા વ ઉપરથી માણસની પણ પરીખશા થતી નથી.

---

**ઊડતો ચીતારો**—પારીસ શેહેરમાંના એક નાદર ના મના શખસે ગુડારડ નામના માણસને સાથે લઇને બલુનમાં બેસીને ઉચાં જઇને પારીસ શેહેર તથા તેહેની આંસપાસની જગાનો ચીતાર સાંચા વડે લીધોછે.

---

**આંધળાં**—વીલાએતમાં ૩૦૦૦૦ માણસ આંધળાંછે.

**મેહેરબાની**—બીજાએ આપણી ઉપર જે મેહેરબાની કરી હોએ તે કદી ભુલવી નહીં, અને કોઇની ઉપર કરી હોએ તો તે બાબત તેહેને કાંઇ કહી સંભળાવવું નહીં.

---

**ગટરો**—લંડન શેહેરમાં સાડી પીસતાળીસ માઇલની માણસો માંહે ચાલી શકે હેવી મોહોટી ગટરોછે.

**ચાહે અને ખુંદ**—આખી દુનીઆમાં સઉ મળીને દર વરસે ૮૦૦૦૦૦૦૦ હેંસી કરોડ રતલ ચાહે અને ખુંદ ખપેછે.

---

**માણસનું મન વેહેમી**—આ દુનીઆમાં માણસનું મન હેવુંતો મજબુત વેહેમીલુંછે કે એક વાર માથામાં કાંઇ ધુન આવીતો તે નીકળવી ઘણી કઠણછે.

---

**સસરા જમાઈની વાત**—એક જમાઇ વારેઘડીએ પોતાના સસરાની આગળ પોતાની બાઐડીની રાવ ખાતો હતો તેથી સસરાએ અકળાઇને એક વેળા જવાબ દીધો કે, 'હા માહારી છોકરી ઘણી ખરાબ અને બેઅદબછે; મેં ભુ લ કરી' કે હેવી નઠારી છોકરીને સારૂ માહારા વીલમાં રૂ૫૦૦૦) ની રકમ લખી; પણ હવે જો તે સુધરશે નહીં અ ને તેહેની બાબત બીજી ફરીઆદ હું સાંભળીશ તો ઉપલી રકમ તેહેને આપવાનીછે તે રદ કરીસ.' તારપછી જમાઇએ કોઇવાર કાંઇ રાવ ખાધી નહીં.

## ભણેલો વાંકો ચાલે તે કેહેવો?

કુંડળીઆ છંદ.

" ભણી વીદીઆ પંડીત બની, એલે પ્રપંચ ફેલ ॥
રટણ અહીં કરે અંધ તે, જેમ ઘાંચીનો બેલ ॥
જેમ ઘાંચીનો બેલ, પીલે તેમ જીવતર ઘાણી ॥
કરમો પાત્ર અપાત્ર, લહે સરખાં તે અજાણી ॥
કરે નરમદા રંક, પડે અડચણ તેને ઘણી ॥
રસ નીતરો પામવે, જેણે નહીં નીતી ભણી" ॥

પીંગળ પ્રવેશ ૧૯

---

**છ મોહોટી કેફી વશતુઓ**—આખે દુનીઆમાં કોઇ લોક એવા નથી કે તેઓમાં કેફ કરનારી વસતુઓનો ખપ નથી; અસલના વખતથી કેફ કરવાની રીત ચાલતી આવીછે. એ ઉપરથી કોઇએ એમ નહીં સમજવું કે એ રીત અસલનીછે વાસતે શારીછે. જુઠું બોલવું, ચોરી કરવી, મગરૂરી દેખડાવવી, ઇતીઆદી વેહવારો લોકોમાં અસલથી ચાલેછે, તો શું એ વેહવારો શારાછે એમ કોઇ કેહેશે! કોઇ એવું બકનાર નથી. એજ પરમાણે કેફી વસતુઓનો વેહવાર અવલથી લોકો પાડતા આએવાછે, પણ તેને લીધે એ વેહવાર શારો નહીં કેહેવાએ. દુનીઆમાં વીશેસ કરીને છ મોહોટી કેફી વસતુઓછે, એટલે તંબાકુ, અફીમ, ગાંજો, ભાંગ, પાન, ને કોકુ. તંબાકુ સારી દુનીઆના લોકો કામમાં લાવેછે, અફીમ કામમાં લાવનારા સુમારે ચાલીસ કરોડ આદમીછે; ગાંજો તથા ભાંગ વાપરનારા વીસથી તે તીસ કરોડ માણસોછે; પાન ખાનારા દસ કરોડ લોકોછે; ને કોકુનો ખપ શુમારે એક કરોડ આદમીઓનોછે. એ છ કેફી વસતુઓ સહુથી વધારે દુનીઆના લોકોમાં વપરાએછે, પણ એઓ શીવાએ જુદા જુદા મુલકોમાં જુદી જુદી કેફી વસતુઓ બીજી ઘણી ખપેછે. એ બધી કેફી વસતુઓથી દુનીઆમાં કેટલું નુકસાન, કેટલો સંતાપ, કેટલી ખરાબી, ને કેટલા ગુનાહ થાએછે તે કોણથી કહી શકાએ. બાં૦

---

## વિવામાં ગાવાનું ગીત.

—o—

"સરસ્વતી સ્વામીને વીનવું, ગણપતી લાગુછું પાયરે"

એ રાગનુંછે.

પ્રભુને પેહેલાં પગે લાગીએ, માગીએ પણ પુરો પ્રેમરે,
ભવની ભાવઠ ભધિ ભાગીએ, જાગીએ ઝબકીને જેમરે, ૧
ચતુર સખી ચતુરાઇએ, ચાઇએ મળવાને ચીતરે,
હૈડામાં હવે હરખાઇએ, ગાઇએ મનમાન્યાં ગીતરે, ૨
ધન ધન અવસર આજનો, રાજનો પરણેછે પુત્રરે,
મંડપમાંહિ મહાજનો, સાજનો આવશે સુત્રરે, ૩
જાજમો જ્યાં કીનખાબની, ત્યાં બની બેઠકો બાઇરે,
ચંપા ચમેલી ગુલાબની, છાબની શોભાછે છાઇરે, ૪
તખતાને ઝમરૂખ હાંડિપો, માંડિપો ઓપસે એવીરે,
પંખવે પાતળી જાડિપો, ડાંડીપો દેખવા જેવીરે, ૫
બેકે ખરાસને કેવડો, તેવડો રૂડેરો રાજેરે,
લાખ દીવાળીથી જેવડો, એવડો હરખછે આજેરે, ૬
વિધ વિધ રીત વખાણીએ, વાણીએ વીવાની વાતરે,
આનંદ અંતરે આણીએ, જાણીએ સુખ પાંમ્યાં સાતરે, ૭
રથસજી બળદને જોડલે, ઘોડલે ખોગીરો ખાસરે,
તોરણ બાંધોને તોડલે, મોડલે મણિયો પંચાસરે, ૮
માંડવો સરસ સોભાવશે, આવશે સાહેલી સાથરે,
મોટે ઉમંગે મેળાવશે, ફાવશે બુહુવરના હાથરે, ૯
નરસી નકલ તજી નાખશે, રાખશે રાજવી રીતરે,
ભાષા ભલી ભલી ભાખશે, ચાખશે ચતુરાઇ ચીતરે, ૧૦
માંડવે દીવડા મેલશું, તેલશું પુરીને પાંતેરે,
મન માની સખિયો મળેલશું, ખેલશું બેશીને ખાંતેરે, ૧૧
વાજીત્ર વિધ વિધ વાજશે, ગાજશે ગગનમાં તેહરે,
છેલ છબીલાને છાજશે, દાઝશે દુરજનનાં દેહરે, ૧૨
કેસરીઆં રંગ ઘોળીએ, બોળીએ કસ્તુરી બેશરે,
અંગે ચોળીને અંઘોળીએ, ઓળીએ દાંશકિયે કેશરે, ૧૩
નેણમાં કાજળ સારિએ, બારીએ બેશીએ બેનરે,
સદગુણે તન શણગારીએ, ધારીએ ધીરજ ચેનરે, ૧૪
સાંકળી કંચન કેરીએ, પેરીએ હીરાના હારરે,
સજ કરી શેરીએ શેરીએ, વેરીએ ફુલડાં સારરે, ૧૫
આંગણે કેળ રોપાવિએ, વાવિએ નાગર વેલરે,
ચોખાઇએ ચોક છંટાવીએ, લાવિએ હેમની હેલરે, ૧૬
મેલી કુડાં રૂડાં મેડીએ, રેડીએ પોથીના રંગરે,
ખાંતે બેશી રથ ખેડીએ, તેડિએ વરકન્યા સંગરે, ૧૭
થાણી સાહેલી સંઘાતમાં, નાતમાં નોતરે જૈશુંરે,
રસ બસ થૈ રળીઆતમાં, વાતમાં વારણાં લૈશુંરે, ૧૮
વળી વહુવરને વધાવશે, આવશે શૈયરો સારીરે,
મોતીડે થાળ ભરાવશે, લાવશે સોનાની ઝારીરે, ૧૯
કામની કહું તને કાનમાં, સાનમાં સમજજે માત્રરે,
ગાશે અપછરાઓ ગાનમાં, જાનમાં જોવાની જાત્રરે, ૨૦
નૌતમ ઉંટછે નાથિયા, હાથિયા રૂડેરે રૂપરે,
મોતીના પુરેઆછે સાથિયા, બાથિયા બાલાળા ભુપરે, ૨૧
ધુલ મચી ધરા ધમકસે, ઝમકશે ઝાંઝરો રૂડારે,
ધુઘરા ધમ ધમ ધમકશે, ચમકશે સોનાના ચુડારે, ૨૨
મળિ જીઆવરકેરિ જાનની, માનની મલપતી જાશેરે,
વળિ હશે એ ગુણવાનની, પાનની બીડીઓ પાસેરે, ૨૩
શ્રી પ્રભુ સુંદર શામના, નામનો મહિમાની જોડેરે;
દસકત દલપતરામના, કામના ગાઇશું કોડેરે, ૨૪

શ્રીબોધ સભાના ચોપાનીઆની ઈસવી સને૧૮૫૮ નાં વરસની આએપત તથા ખરચના હીસાબની તારીજ—

જ

૪૩૯)૧૨-૯ ગઆ વરસના હીસાબ મધેથી બાકી નીચેની વીગત મુજબ.
૧૧૫)૪-૯ રોકડા.
૯)૦-૦ ઊઘરાણી.
૩૧૫)૮-૦ કાગળ સફેદ રીમ ૪૨૬ ૨ રીમ એકના રૂ૭ ≈ લેખે તથા રીમ ૦।।। રંગીન રીમ એકના રૂ૭) લેખે.

૪૩૯)૧૨-૯

૧૨૦૦) ૦-૦ એ ચોપાનીઆને આસરો આપનાર જરતોશતી ગરહસથની તરફથી સને ૧૮૫૮ ના વરસની બખશીશ.
૫૫)૧૪-૭ વેઆજ ઊપજીઊં ટકા ૦।। લેખે ઊપલા બખશીશના રૂપીઆમાંથી ખરચ બાદ જતાં જે રકમ બાકી રહી તે ઊપર.
૧૩૦૨) ૦-૦ એ ચોપાનીઆના સને ૧૮૫૮ ના વરસનાં પુસતક આંક ૧ થીતે ૧૨ સુધી ૧૨૯૬ નકલો ખપી તેની ઊપજ દર નકલ દીઠ વરશ એક રૂપીઆ એક લેખે તથા નકલ ૧૨ આંક ૭ થીતે ૧૨ સુધી તેના દર નકલ દીઠ રૂ ૦।। લેખે રૂ ૬) મળીને જુમલે રૂ ૧૩૦૨)

રૂ. ૨૯૯૭)૧૧-૪

ઊ

૧૧૦૬) ૭- ૦ પુસતક બીજાંના આંક ૧ થીતે ૧૨ સુધીની કુલ છપામણીનો ખરચ.
૯૫) ૦- ૦ એ ચોપાનીઆને સારૂ ચીત્રો ચીતરાવેઆં તેહેનો ખરચ.
૭૯૨) ૨- ૦ ચોપાનીઆને સારૂ [illegible] તથા રંગીન કાગળ લીધા તેહેનો ખરચ.
૩૬૦) ૦- ૦ ચોપાનીઆની લખાઈને સારૂ અધીપતીનો પગાર.
૧૮૦) ૦- ૦ ચોપાનીઆં વેહેંચનાર તથા ઊઘરાણી કરનારનો પગાર.
૬૦) ૦- ૦ ચોપાનીઆને સારૂ ગરબીઓ જોડી મંગાવી તેહેનો ખરચ.
૧૨૨)૧૫-૧૧ ચોપાનીઆંને સારૂ વીલાતથી ચીત્રો મંગાવીઆં તેહેનો ખરચ.
૫૨) ૪- ૦ નીઊસ પેપરો તથા ચોપાનીઆં તથા ચોપડીઓની ખરદી.
૩૪) ૦- ૦ ચોપડીઓ વગેરે સામાન મુકવાને એક કબાટ લીધું તેહેના.
૫૩) ૦- ૦ પરચુરણ ખરચ.

૨૮૫૫)૧૨-૧૧

૧૪૧)૧૪- ૫ બાકી.
૧૧૧)૬-૫ રોકડા.
૩૦)૮-૦ ઊઘરાણી.

૧૪૧)૧૪-૫

રૂ. ૨૯૯૭)૧૧-૪

લા૦ નાહાનાભાઈ હરીદાસ
સી બોધ સભાનો મુનશી.

તા૦ ૧૨ મી એપરેલ સને ૧૮૫૯

# સ્ત્રીબોધ

પુસતક ૩ જું. ફેબરવારી ૧૮૫૯ આંક ૨ જો


## લાએકીવાળી ઓરત.

### નાની વીલસન.

કેટલીએક બાઓડીઓ હેવી હીંમતવાળી હોએ છેકે ગમે હેવી ગરીબ હાલતમાં આવી પડે તોપણ અકળાઈ નહીં જતાં પોતાનું ગુજરાન આબરૂથી ચલાવવાની કોશીશ કરેછે, અને બીજાની એહસાનમંદ થવાને ચાહાતી નથી. નાની વીલસન હેવી જાતની હતી. એ ઘણી બાળક હતી તારથીજ એ બીચારીને પોતાનો ખરચ પોતાને માથે પડો. બચપણમાં હેની મા ગુજરી ગઈ, અને તેહના બાપને દારૂ પીવાની નઠારી આદત પડી હતી તેથી તે પોતાની બાએડીના મરણ પછી છોકરીને એખલી મુકીને કથાં જતો રહો. તે છોકરીને પાળે પોશે હેવાં તેહેનાં કોઈ સગાં વાહાલાં નહીં હતાં, પણ પડોસમાં એક બે દઆળુ ઘર હતાં તેમણે હેની ખોરાકી પોશાકી વગેરેથી થોડી ઘણી બરદાશત કરી. તોપણ કેટલાંએક કારણસર તેહેના મનપર હેવી અસર થઈ કે પોતાની મેહેનતથી ગુજરાન કરવું, પારકાંનાં ઓસીઆળાં થવું નહીં. પછી તે ચઊદ વરસની થઈ તારે એક ગાંધીને તાંહાં તે ચાકર રહી. તાંહાં તેણે બે વરસ સુધી ચાકરી કરી અને તે દરમીઆનમાં પોતાના સેઠ સેઠાણીની ઘણી માનીતી થઈ ગઈ. પછી એક દાહાડો એક ભીખારણ માંગવા આવી તેણે તેહના ઘરડા બાપ જાન વીલસનની કાંઈ ખબર કહી તે ઊપરથી તેહને મળવા જવાની તેહને હોંસ થઈ.

તે ઊપરથી થોડી વારમાં જે તઈઆરી કરવાની હતી તે કરીને બાહાર જવા નીકળી. તેહેની પાસે વધારાનાં કપડાંનું એક ડબોચું અને દસ બાર રૂપીઆ કમાઈને રાખી મેહેલેલા તે એટલાં વાનાં હતાં. જે ગામમાં તેહનો બાપછે હેવું પેલી ભીખારણે કહું હતું તે ગામ તેહેના વતનથી આસરે છતરીસ માઈલ હતું. તેટલે સુધી હોંસ ભેર જાણે રમતી હોએ તેમ નાની ચાલી ગઈ. રસતામાં વીચાર કરેછે કે હું જે ગામમાં જાઊં છૌઊં તાંહાં કદાપી માહારા બાપના નામરાસી ઘણા હોશે તારે માહારો બાપ મહને જડશે કેમ? અને કદાપી જડશે તો આટલા વરસ સુધી જેણે માહારી ખબર લીધી નથી તે હવે મને કેમ કબુલ કરશે? હાવા હાવા અંદેશા તેહના મનમાં પેદા થઆ તોપણ તેણે પાછી નહીં હટતાં નીશચે કરો કે જે બને તે બનો, પણ માહારા બાપને એકવાર મળું તો ખરી. એમ કરીને ચાલતાં ચાલતાં અંતે તે ગામમાં નાની આવી પોંહોંચી. તાંહાં દરવાજામાં એક ઘરડો માણસ બીડી પીતો ઊભેલો તેણે દીઠો. તે ઘરડા માણસને તેણે કહું કે હું મુસાફર છઊં મેહેરબાની કરીને જાન વીલસન વણકર કાંહાં રેહેછે તે મંહને બતાવો. ભોગ જોગે હેવું બનીઊં કે તેજ તેહેનો બાપ હતો અને તેણે તેહને ઓળખી અને નાનીએ બાપને પણ ઓળખેઓ. આટલે દુર સુધી આવી તેથી નાનીને પાછળથી કાંઈ પસતાવો કરવો પડેઓ નહીં. તેહેનો બાપ આગળના કરતાં ઘણો સુધરી ગઓ હતો. તેણે દારૂ પીવાની વગેરે બીજી ખરાબ ખસલત છોડી દીધી હતી અને પાછો ઊદીઆગી માણસ થઓ હતો. તેણે નાનીને પોતાના ઘરમાં રાખી. કેટલાએક દીવસ બાપ દીકરીએ જરા સુખમાં કાહાડા પછી નાની હરાડ વરસની થઈ એટલે તેહેનો બાપ ગુજરી ગઓ. તારે તેહેનો જે કાંઈ માલ અસબાબ હતો તે વેચીને વકરો કરીને નાની

પાછી પેલા ગાંધીને તાંહાં આવી અને તેણે પોતાની આગલી ચાકરી લીધી.

થોડાંએક વરસ આ ચાકરીમાં રહ્યા પછી તેણે પોતાનીજ ઊંમરના એક જુવાન પુરૂશની જોડે પરીત બાંધી અને આગળ સુખ થશે હેવી ઊંમેદથી તેહેની જોડે લગન કરેઆં. કેટલાએક અડોશી પડોશીઓએ તથા તેહેનાં સેઠ સેઠાણીએતો તેહેને વારી અને કહ્યું કે લગન કરેઆ કરતાં હમણાંની પેઠે ચાકરી કરશતો વધારે સુખી રેહેશ પણ તેણે તેમનું સાંભળીઊં નહીં; પણ ખરેખાત તે પરણી નહીં હોતતો સારૂં થાત. તોપણ જે માણસની સાથે તે પરણી તે માણસમાં હેવું કાંઈ અપલખશણ નહીં હતું કે નાનીને પસતાવો કરવો પડે. તે ભલો માણસ હતો અને હાલતમાં સારો ખાતો પીતો હતો; પણ જે કામ તે કરતો હતો તે કામને માટે જોઈએ તેટલું બળ તેહેના શરીરમાં હતું નહીં. તે માળીનું કામ કરતો હતો અને બાગ બગીચાઓને ઝાડ ફુલથી આબાદ રાખવામાં તથા પોતાનાં ઓજારો સાફ રાખવામાં તેહેના જેહેવો ચતુર માળી ભાગેજ જડે. તેહેને રીચરડ માળી કરીને કેહેતા હતા. તેહેનું ઝુપડું નાહાનું તો હતું પણ માંહેથી સાફ અને સુતરૂં હતું; અને તાહાડ તથા તડકામાં અને ઘણું મળે અથવા થોડું મળે તોપણ તે પોતાના દાહાડા સંતોશથી આનંદમાં કાહાડતો હતો. એક દીવસ એક દલગીરી ભરેલી વાત હેવી બની કે તે સહવારમાં કામ કરવા ગઓ, તે ઘણી સરદી તથા ઝાકળના સબબથી તેહેના પગ રહી ગઆ તેથી તે જનમ સુધી લંગડો થઓ. આ દુખ નાનીને માથે મોહોટું પડીઊં. આ આફત ગુજરેથી પોતાના ઘરનો ખરચ બીચારી નાનીને માથે પડેઓ. તોપણ તે જરા નાહીંમત થઈ નહીં અને કાંઈ પણ ફરીઆદ ઊઠાવેઆ સીવાએ તેણે પોતાનાં ગજા પરમાણે પોતાનો સંસાર ચલાવેઓ. ચાર વરસ સુધી આ ઊદીઓગી નાનીએ મેહેનત કરીને પોતાના અપંગ ધણીની તથા બે બાળક છોકરાંઓની ખરદાશત કરી તે દરમીઆનમાં તે પોતાનું દુખ કોઈની આગળ રડી નથી.

આખરે હેવો વખત આવેઓ કે ગુંજરાન ચલાવવાની તેહેની મુસીબત ઓછી થઈ. તેહેનો ધણી ગુજરી ગઓ અને તેહેનાં બે છોકરાં પણ તાવ આવીને મરી ગઆં. હવે નાની જગતમાં જાતે ને જીવે એખલી થઈ તોપણ આખી જગતનો કરતા અને અનાથનો નાથ જે ઈશવર તેહેની ઊપર ભરોસો રાખીને તે બેઠી. પછી શું કરવું તેહેનો તેણે વીચાર કરવા માંડેઓ. કેટલા દઆળુ પડોસીઓએ સલાહ આપી કે પાસેના ગામમાં સદાવરતું આપેછે તાંહાં તું જા, પણ તે વીચાર તેહેને પસંદ પડેઓ નહીં. તેણે પોતાના જીવને કહ્યું, "શું મહને હાથ પગ સલામતછે અને હું ધરમાદાનું ખાઈને માહારા દાહાડા પુરા કરીશ? ના એમ હું કદાપી કરૂં નહીં. જારે ઘરડી થઈશ અથવા રોગ થશે ને માહારીથી ખાટલામાંથી ઊઠાશે નહીં તારેજ માતર હું સદાવરતાનું અંન ખાઈશ. તાંહાં સુધી હું મેહેનત કરીને માહારૂં ગુજરાન ચલાવીશ." આ પરમાણે વીચાર કરીને તે પોતાને ગામ ગઈ અને તાંહાં એક ઓરડી ભાડે લઈને વણકરોને માટે સણ કાંતવા માંડીઊં. એ રીતે મજુરી કરતાં તેહેને જે બે પઈસા મળતા હતા તેટલાંમાં તે સંતોશથી પોતાનો નીરવાહ કરતી હતી. તેહેના ઘર ધણીએ તેહેની ગરીબાઈ જોઈને તેહેને એક જમીનનો નાહાનો સરખો કકડો આપેઓ હતો તેહેમાં તે બળુકડાં તથા બીજી સાક ભાજી તઈઆર કરતી હતી. જોઈએ એટલું ખાવાનું મળે અને જાતે નીરોગી તેથી તેહેના જીવને ઘણું સુખ રેહેતું હતું અને તેહેની ચાલ સરવે રીતે નકલ કરવા લાએક હતી. ઈશવર પર તેહેનો ભાવ પાકો હતો. સુવા જતાં પેહેલાં એક કલાક તે ભજન કરતી હતી. રાતરે પણ બીજાં બઈરાંઓની માફક નકામાં ટાહેલાંમાં નહીં બેસતાં રેંહેંટીઓ ફેરવીને કાંતેઆ કરતી હતી. કોઈ ગરીબ ગુરબું આવી ચહડીઊં તો તે તેહેની ખરદાશત લેતી હતી. તે મળસકાંમાં ઊઠીને પોતાની નાહાની વાડીમાં ઝાડ પાનની ખબર લેતી હતી.

અંતે ઈશવરે નાનીની સામું જોઊં: તેહેનો એક દુરનો સગો જે જીવેછે કે મરી ગઓછે એ વાતની નાનીને ખબર પણ નહીં હતી તે ચારસેંહ રૂપીઆનો વારસો મુકીને ગુજરી ગઓ. આ રકમ તો નાનીના મનમાં ચાર હજારના જેવડી લાગી અને તેણે પાસેની એક બેકમાં જમે કરાવી. જારે ખરચને સારૂ જોઈએ તારે ડહાપણથી આ રકમમાંથી તે ઊપાડે. એ પરમાણે તેણે હીકમતથી ખરચ ચલાવેઓ તેથી હજી તે રકમ છેક ખરચાઈ ગઈ નથી. તે

હેમાં હજી સો રૂપીઆ બાકીછે. એટલાં રૂપીઆ કાં ઈ ઘણાં નહીં કેહવાએ તોપણ નાની હાલ હેંસી વરશ ની થઈછે તેથી જે બે વરસ જીવશે તાંહાંસુધી તેહને પોહોંચસે. હજી તેણે કાંતવાનું કામ મુકી દીધું નથી. હજી તેહના પડોસીઓ તેહનો રેંહેંટીઓ સાંભળેછે અ ને તે સહવારમાં ઊઠીને વાડીમાં ઝાડપાનની ખબર લેછે.

જીવતાં જેમ કોઈને માથે પડી નહીં તેમજ મ રીને પણ કોઈને એક કોડીનો ખરચ કરાવવો નહીં હેવા વીચારથી તેણે મરવાનો સામાન પણ તઈઆર કરી મુકેઓછે.

ખરે આ ઘરડી બાએડીની રીત ઘણી તારીફ લાએકછે, અને સઘળા ગરીબ લોક એ રીતે વીચાર ક રેતો ઘણું સારૂં થાએ. એ બાએડીની માફક સરવે ગરીબ બાએડીઓ ચાલેતો આ જગતમાંથી દુખ ઘણે દરજજે ઓછું થાએ અને ગરીબાઈ દુખમાં ગણાએ નહીં. આ દુનીઆમાં કોઈ પણ હાલત હેવી નથી કે જેહમાં સદગુણથી સુખ નહીં થાએ. ગરીબી હાલત માં દુખ ઘણુંછે એ વાત ખરીછે, તોપણ તે હાલતમાં છતાં જે માણસ સદગુણી હોએછે તેહને બીજાના કર તાં વધારે માન ઘટેછે.

---

## હીંદુસથાનની તવારીખ.

જે દેશમાં આપણે વસીએ છઈએ તે દેશમાં રાજ સંબંધી શા શા ફેરફાર થઆછે એ વાત જાણ વાની સઊ કોઈને અગતછે. તેહમાં મુખીઅ કરીને અં ગરેજ લોક પોતાના દુર વતનથી હીંઆં આવીને ધી મે ધીમે કાબુ મેળવતાં અંતે આપણી ઊપર રાજ કર વા લાગા એ શી રીતે બનીઊં તે જાણવું જોઈએ. હ મે આગલા અંકમા બામદાદ મથેથી એક ઈનતેખાબ દાખલ કરોછે તેહમાં ઈલીજાબેથ રાણીના વખતથી તે ગઆ વરસ સુધી અંગરેજ લોકના રાજકારભારને લ ગતી હીંદુસથાનમાં સું સું વાતો બનીછે તેહનો મુખતે સર એહેવાલ આપેલોછે. પણ એ સરવે બાબત જરા વધારે ખુલાસાથી થોડી ઘણી હકીકત આ ચોપાનીઆ માં દાખલ કરવાનો હમારો વીચારછે તે મુજબ હાલ અસલનાં વખતથી તે સતરમાં સેંકડાની આખર સુધી ની મુખતેસર તવારીખ નીચે લખીછે. હીંદુસથાન દે શનું બઆન આગલા એક અંકમાં કરેલુંછે માટે ફરી થી તે વીશે લખવાની જરૂર નથી. આ અંકમાં ઈસ ટ ઈંડીઆ કંપનીનું થાપન થવું, ડચ એટલે વીલંદા લોકો સાથે તેઓની અદાવત, તથા એમબોએનામાં થ એલી કતલ એ વાતોનું ટુંકામાં બઆન કરેલુંછે.

હીંદુસથાનની તવારીખ ઊપરથી એક સાર જડેછે કે કોઈ પણ પરજામાં રાજસતા અને સંસારી હાલત એ બં ધેની ચઢતી પડતી જોડેજ થાએછે સાથી કે હરકોઈ દે શને પોતાનું બળ તથા સુખને નુકસાન પોહોંચાડીઆ વના પડતી દશામાં આવવું થતું નથી. અને જારે તેહની મોહોટાઈને નુકસાન પોહોંચેછે તેઆરે તેહનાં વે પારનાં મથકોને તથા દોલતને પણ ધોકો લાગેછે. વ ળી એ કરતાં વધારે એટલું માલમ પડેછે કે એક સુંદ ર અને દોલતમંદ દેશ પરાઈ સતામાં આવેઆથી ત થા તેને જીતેલા દેશ પરમાણે વરતેઆથી તે કંગાલ થાએછે અને અફલદરૂપતાની તથા બદનામીની હેવી તો પડતી અવસથામાં આવેછે કે તે દેશ પોતાને તથા પોતાનાં ધણીને એક ભારે બોજો થઈ પડેછે.

હાલનાં તથા ગીરીક અને રોમન રીપબલીક ની અગાઊનાં હેવાલોથી માલમ પડેછે કે હીંદુસથાન ઘણોજ સારો સુધરેલો દેશ હતો; અને હાલના સુખી અને ઊદીઓગી બેટ (ઈંગલાંનદ) ના રેહવાશીઓ જં ગલી હાલતમાં હતા. "હીંદુસતાનનાં શાહાજાદાઓ અ ને અમીરો મોહોટા શોભાએમાન મેહેલોમાં રેહેતા હ તા; અને શાલોની ઊમદા પેદાશથી તેઓ શરીર ઢાંકતા હતા તથા તેજ પરમાણે તેઓ જીંદગીની રી ત ભાંતમાં તથા દરએક હુનરની મોજ શોકમાં લાડ લાડતા હતા" એ વખતે તથા કેટલાએક વરશ સુધી પુરવ હીંદુસથાન સાથે ઈરોપીઅન લોકોનો મુખીઅ સં બંધ વેપાર હતો. અસલનાં વખતમાં ટાઅર, આલેક જાનડરીઆ, કોનસટાનટીનોપલ અને પાલળથી વે નીસ અને જેનોઆ એ શેહરો વેપારનાં મોહોટાં મથ કો હતાં સાથી કે ઈઊરોપનાં શાહાજાદાઓ તથા અ મીરો હીંદુસથાન ખાતેનું ગાજ, રેશમ અને મસાલા ઓ અહીંથી ખરીદ કરતા હતા.

હીંદુસતાને પોતાની ઊતર તરફનાં મોખરાનાં દેશમાં ઈરાનના રાજા ડરાઅસહીસતાસપસ તથા ગીરીક લોકોના રાજા આલેકજાનડરની કારકીર

દીની શરૂઆતથી તે ઍનટીઓકસનાં રાજની આ ખર સુધી અને તેઆર પછી સીથીઅન તથા ટાર ટાર લોકનાં જંગલી લશકરોથી કોઈ કોઈ વખત નુક શાન વેઠેઆ છતાં પણ એ દેશ આશરે એક હજાર વરસ સુધી હીંદુ રાજ હેઠલ સવતંતરતા ભોગવી. એવારે મુસલમાનોએ ગીઝનીનાં મહમદ બાદશાહનાં વખતમાં સીંધુ અને ગંગા નદીની વચમાનો મુલક જીતીને દીલી શેહર પોતાનાં રાજનું પાંએતખત કીધું. તેરમાં સેંકડાની આખરે વીકરાળ અફગાન લોકોએ એ દેશ હાથ કરી એકસો વરશ સુધી રાજનો અધીકાર ભોગવેઓ. ટારટરીનો તઈમુર જે તઈમુરલંગ નાંમથી જણાએલોછે તે અફગાન પછી વીજઈ પુરૂશ થઓ. એની રાજનીતી લુટ ફાટની હતી. જારે એણે એ પોતાની નાશકારક રીત છોડી તેઆરે હીંદુસતાન મુસલમાન અને હીંદુના નાહાનાં સંસથાનોમાં વેંહેંચાણી. સન ૧૭૫૨ માં તેમુરનાં વંશના બાબર બાદશાહે એ બધાં સંસથાનો જીતી લીધાં અને દીલી શેહરને પાછી રાજધાની કીધી. બાબરથી બીજા પુરૂશ અકબરે એ રાજને ઘણા મજબુત પાએઆ પર આણીઊં. હેનાં વખતમાં હીંદુસતાનમાં સથીરતા તથા આબાદીની હતી. હેના મરણ પછી હુલડ, દગાબાજી અને ગાદીનાં ધણીપણા વીશે મારા મારી ઊઠવા માંડી અને એ કારણોથીજ હીંદુસથાનમાં મુગલ રાજની સમાપતી થઈ. એજ કાળે ઈઊરોપની જુદી જુદી પરજાઓ વેપારના ઊદેઓગમાં લાગેઆથી એ દેશના બેટોમાં તથા કીનારા ઊપર તેજ કારણસર જગાઓ સથાપવી શરૂ કીધી હતી પણ એ લોકોની માહો માહેની અદેખાઈ તથા આ દેશી રાજાઓની મેહેરબાની મેળવવાની ચડાચડીથી તેઓ અરસ પરસ ખટપટમાં તથા રાજાઓનાં ટંટા બખેડામાં ગુંથાઆ.

આ ઊતેજન આપનારી બીના વીશે બોલતાં પેહેલાં મોગલ રાજ પોતાની અતીશે મોહોટાઈનાં વખતમાં કેહેવું હતું તેહેનો વીચાર કરવાનું અટકવું બેહેતરછે. આ જમીનનો મોહોટો ભાગ સાડતરીસ જીલાઓમાં વેંહેંચાએલો હતો. એ જીલાઓ તથા હેની સાથે મોગલ રાજને ખંડણી આપનારાં વીજાપુર, ગોળકોંડા અને કરનાટક એ જુદાં જુદાં રાજસથાનો હતાં. હેમાંના ઘણાંએક મોગલ રાજનો આસરો ફકત નાંમનોજ ધરાવતાં હતાં; કેમકે ઘણાએક રાજાઓ સવતંતર થઈ પડતા અને કોઈ કોઈ વેળા બાદશાહની સાથે લડાઈ કરતા હતા. મોહોટા મોગલોમાં આટલી ખામીઓ છતાં તેઓ જેમ જગતમાં ઘણાજ દોલતમંદ ગણાતા હતા તેમ શકતીવાન પણ ગણાતા હતા. તેઓનું વારશીક ઊતપન રૂ ૩૮૭૦૦૦૦૦૦) ગણાએલું હતું: તથા તેઓની હીરા માણેક વગરે દોલત અગણીત હતી. સન ૧૭૯૮ માં વાસકોડી ગામાએ ઈઊરોપથી હીંદુસતાન તરફ કેપ આફ ગુડ હોપને રસતે આવવાનો મારગ શોધી કાહાડવાથી તે દેશનાં આ દેશ સાથે વેપાર સંબંધમાં ફેરફાર થઓ. પોરટુગાલ મોહોટું વેપારી દેશ થઊં. એ દેશના લોકોએ મલાકા, ગોઆ, દીવ અને મલબાર કીનારાના કેટલાએક ભાગોમાં બંદરો સથાપવા માંડેઆં. એ વખતે લીસબોન શેહેર વેપારનું મોહોટું મથક હતું; અને અંહીંથી આખા ઈઊરોપ ખંડમાં પુરવ તરફની ખુશનુમા અને કીમતી ઊપજ પથરાતી હતી. એ વેપારમાંથી ડચ લોકો અતીશે માલ ખરીદ કરતા તેથી તેઓ આખા ઈઊરોપમાં મોહોટા દરીઆઈ વેપારી થઆ. સન ૧૫૮૦ માં સીબેશચીઅનનાં મોત પછી જીઆરે પોરટુગાલ સપેનનાં તાબામાં આવીઊં તીઆરે આ નફાદાર વેહેવાર બંધ થઓ. બીજા ફીલીપ બાદશાહે હાલનદર લોકો સવતંતરતાને વાસતે લડાઈ કરતા હતા તેમને પોરટુગીઝ સાથે સરવે રીતનો વેપાર કરતા બંધ કીધા. તોપણ હઠીલા ડચ લોકોએ ખરાબ અને કીનાખોર રીતથી બીધા વગર પોતાનું સુઝતું કીધું. તેઓએ હીંદુસતાન ખાતે પાધરો વેપાર ચાલુ કીધો અને હંમેશ અભાગીઆ પોરટુગીઝ લોકો સાથે બાંજગડ કરવા માંડી તેથી એ લોકોએ પુરવમાં ગોઆ શીવાએનાં બધાં બંદરો તથા સતા ખોઈ.

આ મોહોટા વેપારનાં ભાગીઆ થવા સારૂ અંગરેજ લોકો કોશીશ કરતા હતા. કેવેનડીસે સન ૧૫૮૮ માં પુરથવીની આંસપાસ ફરી આવેઆ પછી "હીંદુસથાન ખાતે વેપારને અરથે વાહાણનો કાફલો તઈઆર કરવાની રજા સારૂ" જુદા જુદા વેપારીઓને અરજ કીધી પણ નાઊમેદ થઓ. તાર પછી ડરેકે સવારી કીધી. એણે પોરટુગીઝ લોકોનાં પાંચ વાહાણો હીંદુસથાનનાં માલ સહીત કબજ કરેઆં. અને આખરે સન ૧૫૯૯ માં (હીંદુસથાન સાથે વેપારને સારૂ ડચ લોકોએ વાહાણો મોકલેઆ પછી) લંડન

શેહેરમાં ઈસટ ઈંડીઆ કંપની મળી. એનો આધારણ ભંડોલ ૨૦૧૩૩ પાઉંડ ૬ શીલીંગ ૮ પેનસ હતો. સને ૧૬૦૦ નાં ડીસેમબર મહીનાની ૩૧ મી તારીખે સરકારે કંપનીને ૧૫ વરસનો પટો એવી શરતથી કરી આપેઓ કે બે વરસ અગાઊ ખબર આપવાથી તે ફેરવી શકાએ. અને દેશને ફાએદાકારક નહી માલમ પડેતો તે મુદતની અંદર પણ રદ કરી સકાએ. એ પટાએ તેઓને હીંદુસથાન સાથે વેપારનો ખીલકુલ હક આપેઓ હતો. કંપનીનાં અસલ કાએદાઓમાં એક હેવો કાએદો હતો કે "કોઈ ગરહસથ કંપની સાથે સંબંધ રાખનાર ન જોઈએ." પેહેલ વેલાં કંપનીનું કામ તરેહવાર રીતે ચાલતું હતું. દર એક સભાસદ પોતાની નજરમાં આવે તેમ કંઈ જોખમ વાળું કામ કરતો હતો. પણ જીઆરે જેમસ પેહેલાએ ત્રણ વરશ અગાઊ ખબર આપીઆથી પટો રદ કરવાનો અધીકાર પોતાની પાસે રાખી હંમેશ સુધીનો પટો કરી આપીઓ તીઆરે કંપનીનું કામ એકઠા ભંડોળથી એક ગવરનર અને ડીરેકટરોથી ચાલવા લાગીઊં. આ ફેરફારથી તેઓનું પોતાનાં દુશમનો સાથે હીંદુસતાંનનાં દરીઆમાં લડાઈ કરવાનું જોર વધીઊં. અને એ કારણથી તેના સભાસદોની મેહેનત ફોકટ જતી હતી તેમજ તેઓની વેપારીઆની રીતની પરાપતી કમ થતી હતી. કંપનીનાં વેપારની જનસોમાં મુખીઅ વસતુ મસાલો હતો. અને તેમાં તેઓને સોએસોમાં જરાપણ ઓછો નફો મળતો નહીં તથા કોઈ કોઈ વખતતો બમણો નફો થતો.

આને વાસતે થોડીએક સમજુતી જે મેકલક સાહેબે આપેલીછે તે જરૂરનીછે—તે કેહેછે કે કંપનીના થએઆ પછી તેનાં ઘણાએક ભાગીઆઓ પેહેલી સવારીનાં ખરચનાં પરમાણ મુજબ પોતાના ભાગ ડીરેકટરોની મેહેનત તથા ધમીકીઓ છતાં આપતા ન હતા. એનો પરીણામ એવો નીપજીઓ કે કંપનીનાં પેટામાં એક નવી સભા ઊભી થઈ. એ સભાનાં સભાસદો કંપનીના સભાસદો માંના જે લોકો તે સફરનો ખરચ તેનો સઘળો નફો લેવાની શરતથી આપવાને રાજી હતા તે લોકોની હતી. એ પરમાણે પેહેલાં ૧૩ વરસ સુધી કંપનીના વેપારની રીત ચાલી. પેહેલી સફરમાં વાહાણો તથા માલ મળીને ૬૯૦૦ પાઊંડ ખરચ થઓ. અને એ પેહેલાં ૧૩ વરસના અરસામાં તેઓને ૧૦૦ પાઊંડે ૧૩૨ પાઊંડ પરમાંણે નફો મળીઓ. પણ એ નફો તેઓની દરીઆઈ સફર ઊપર આધાર રાખતો હતો: અને તે સફરો કોઈ વારજ ૩૦ મહીનાની અંદર સહી સલામત પાર પડતી હતી તથા માલ લાંબી મુદતનાં વાએદાએ વેચાતો હતો તેથી એક સફરનો હીસાબ ઘણુ કરીને છ સાત વરસે માંડી વલાતો હતો.

પણ ચીન તથા જાપાનમાંની જીનસો હીંદુસથાનમાં આવતી તેના તથા હીંદુસથાનને લગતા બેટોની પેદાશના ખપ પરમાંણે હીંદુસથાનનાં કારીગરોના કરેલા માલનો ખપ હતો. માટે સુમાત્રા તથા સુરત તથા ખંભાત વચચે કીનારા પરનો વેપાર ચલાવવાની સુચનાં કીધી હતી. વળી કોરોમાનડલ કીનારા ઊપરપણ વેપાર કરવાની સુચના કીધી હતી. શાથી કે અહીંઆનાં કપડાં મસાલાનાં બેટોનાં માલની અદલ બદલ કરવાને અતીશે નફાદાર હતાં. સન ૧૬૧૨ મા કંપનીએ સઊથી પેહેલાં સુરતમાં એક નાહાની કોઠી કરી. તીઆર પછી હીંદુસથાનના પશચીમ કીનારા ઊપર બીજી નાહાની જગાઓ થઈ. અને એ જગાઓ સુરતનાં અખતીઆર હેઠલ હતી. હલવે હલવે તેઓની મેહેનત અને મમતથી તથા તેઓનાં કાંમદારોની તથા ચાકરોની સારી મદદથી જાવા એમબોએનાં અને બેનડામાં કોઠીઓ તથા કીલલાઓ બાંધવામાં ફતે પામીઆ.

ડચલોકો આ અડચણોનાં ઘણાં અદેખા હતા તેથી (પુરટુગીઝ લોકોનાં ગઆ પછી) તેઓને તકરારનું ખસુસ એ કારણ મલીઊં. અને તેઓએ આ નવા આવનારોને હાંકી કાહાડવાને જુલમ તથા ખટપટો કીધી તોપણ બધું ફોકટ ગઊં. કેમકે બરીટીશ લોકોની મજબુતાઈ તથા બાહાદુરી તેઓને માટે બસ હતી. આખરશ મલાકા, એમબોએનાં અને બેઊંડા બેટોમાં બંધે પરજાની કંપનીઓએ હળી મળીને રેહેવું એવો બંદોબસત (૧૬૧૯) માં થઓ. એ બંદોબસત કરવામાં અંગરેજ લોકોનાં વીશવાસનો બદલો ડચ લોકોએ ઘણોજ ખરાબ રીતે વાલેઓ. જેમ પેહેલા જેમસ બાદશાહનાં અશકત રાજમાં દુસટાઈ સજા પામીઆ વગર રહી તેમ સન ૧૬૨૩ માં એમબોએનાંની કતલ તથા લુટ થઈ તેથી ડચ લોકોના નામને નીરંતર બદનામી ચોહોટી.

આ ખરાબ બીના બનીઆ પછી તરતજ કંપનીને શાહજાને હુગલી નદીનાં કાંઠા ઊપર એક નવું રેહઠાણ કરવાની રજા આપી. અને જે જમીન ઊપર ફોરટસેંટ જીઆરેજનો કીલલો તથા મદરાસ શેહેર બાંધેલુંછે તે એક રાજા પાસેથી તેઓને મળી હતી. આ જગેઆઓ જલદીથી વધી ગઈ કેમકે આ દેશનાં લોકોને એ જગા વેપારને સારૂં તથા વેપારમાંથી તેઓને દોલત મળતી તેને સાચવી રાખવાને તથા ઊપભોગ કરવાને પોતાનાં દેશમાં રાજા તથા સુખીઅ આદમીઓનાં ડરને લીધે નહી બનતું તે આ ઠેકાણે તેઓને છુટ હતી માટે તેઓ અહીં આવતા હતા.


પેહેલા ચારલસનાં રાજનાં ઈજા ભરેલા વખતમાં કંપનીનો કારભાર નરમ પડેઓ, પણ પાછલથી તે સારી રીતે ચાલવા લાગેઓ બીજા ચારલસથી જેટલું બનીશેં તેટલું કંપનીનાં જીવતરને નુકસાન પોહોચાડવા તથા તેનાં વેપારનો નાશ કરવા કીધું. તે કોઈ કોઈ વખત તેઓ પાસેથી ઊધાર રૂપીઆ લેતો તથા તેઓની મતલબો ફરેનચ લોકો પાસે લાલચ લઈ તેમને બતાવતો હતો. વળી કંપની સાથે વેપારમાં ચઢાચઢી કરવાને કોઈ ઊમેદવાર હોએતો તેને રજા આપતો હતો. અને આખર દસતાવેજ કરી આપી તેઓ પાસેથી તે અતીશે મરી લેતો હતો પણ તે દસતાવેજ મુજબ કદી રૂપીઆ આપતો નહી તથા તે માલને રોકડ રૂપીએ વેચી જે પઈસા ઊપજે તે પોતે રાખતો હતો. કંપની હળવે હળવે લગભગ નાશ પામવા આવી એ વાત શું આશચરીઅકારકછે ? આવા વખતમાં સુરતમાં તેઓની કોઠી મરાઠા અમલનાં સથાપનાર શીવાજીએ લુટી. એ અરસામાં જાણવાં જોગ હકીકત એટલીજ બનીકે કંપનીને બીજા ચારલસે (૧૬૬૧) માં મુંબાઈ અને સેંટ હેલીનાં બેટો બખશીસ આપેઆ. પેહેલો બેટ જેહારે ચારલસ બાદશાહનાં લગન પોરટુગાલની કુમારીકા સાથે થઆં તીઆરે પેહેરામણીમાં મલેઓ હતો. એ બેટ હીંદુસથાનનાં પશચીમ કીનારા ઊપર હોવાથી ઘણી અગતની જગા થઈ પડી.

બીજા ચારલસ બાદશાહના અમલમાં કંપનીની વેપાર સંબંધી બાબતમા અગતની વાત ચાહના વેપારની શરૂઆત હતી. તેઓએ સન ૧૬૬૭—૬૮ માં બેનટામમાંથી ૧૦૦ રતલ ચાહ લીધી હતી.

હવે પછીની ગડબડોમાં કંપનીને કંઈ વધારે મળતર થઈ. કરનાટકના કીનારા ઊપર તેઓને ચીગનાપટેમ મલીશેં. અને તાંહાં તેઓએ ફોરટ સેંટ ડેવીડ કીલલો બાંધેઓ. વળી બંગાલામાં કોઠી કરવાની રજા મલી. ઓરંગજીબના છોકરાનો છોકરો અઝીમ બંગાલાની સુબેદારી કરતો હતો તેને કંઈ લાલચ આપેઆથી તેણે કલકતા ગોવીંદપુર અને ચીટા નીટી એ ગાંમો આપેઆં તથા એ ગામોનું દીવાની કાંમ પણ સોપીશેં. આ તેઓને રાજદ્દારી હક હીંદુસથાન ખાતે પેહેલોજ મલેઓ.

## પાણીમાં દીવો.

પાણીમાં દીવો બાળવાની ગોઠવણ કરવાને ઘણીએક મેહેનત કરવામાં આવી હતી પણ તે બધી પાણીમાં ગઈ હતી. થોડીએક મુદત પર પારીસ શેહેરમાં વીજલીની મારફતે પાણીમાં દીવો બલે અને રોશની આપે હેવી તદબીર કરવામાં આવી હતી પણ તેહમાં ખરચ ઘણો પડતો હતો તેથી તે કાંઈ કામમાં આવી શકી નહીં. હાલમાં હરકારલ કાહન નામના શખસે એક ગોઠવણ કરીછે તે ઘણી સેહેલ અને સાદી છે. તેહેનો નમુનો પાસેના પાના પર પાડેલોછે. બંદરોમાં પેસતાં ખાડીનાં બારાંઓમાં ખડકો તથા બીજા ખરાબાઓ હોએ તે જોવાને માટે એ સાંચો બનાવેલોછે. એ બનાવનારના ધારેઆ પરમાણે દીવો નહીં હોલવાઈ જતાં પાણીમાંથી ૯૦ થી ૧૦૦ ફીટ સુધી નીચે ઊતારી શકાએ હેવોછે. જેમ બીજા સરવે ઊપીઓગી સાંચા અસલ જુજ વીચાર ઊપરથી બનેલાછે તેમજ આ પણ બનેલોછે. દરીઆમાં જાંહાં રોશની હોએ તાંહાં માછલીઓ જાએછે એ વાત માછીઓને જાણીતીછે અને તે ઊપરથી ઈસકાટલંડ દેશમાં માછીઓ રાતરે હોડીઓમાં બેશીને મોહોટી મોહોટી મશાલો સળગાવીને ધરેછે તેથી માછલીઓ ઊપર આવેછે. પણ જે દીવાની તદબીર હમણાં શોધી કાહડીછે તે દીવાથી મશાલો કરતાં વધારે ગુણ થાએછે. એ દીવો એક ફાનસમાં રાખેછે અને તે ફાનસને ઊંડા પાણીમાં મુકેછે. તાંહાં રોશની દેખીને સરવે જા



ો તમે એખ
ારી બાબત
કરો. બીજા
જોઈને મન
ુખી થવાનો
સુખી દેખો
ીજ નથી તે
મા હોએ તે
. ધારજો અ
ીહીતા રેહે
કોઈ તમા
ારીને તે પા
ાને નજીવી
સાથે તેટલા
એ તોપણ તે
માણસને ત
જીદ લો તે
ેપર થવા દે

ગુ તેહની રી
તે કે તમારી
આપતી ન
વેર વાળ
તેઓને બ
રહડાવીને બે
તેહની ઊપર
પડીઊં હો
ર પછાડજો
યા મારજો.
ને તેહેના વ
ેખ જોઆ
છે તેહમા
નેદુખી થશો

રવાનો ગુણ
તી હોએ અ

ને તે ઊપર કોએલા ઘસે તો તે માંહેલી ગંધ મરી જાએછે. પાણી વાસ મારતું હોએ અને તેહમાં કોએલા લાખીએતો તે માંહેલી વાસ નીકળી જાએછે. આ વાત ખારવા લોકોના જાણીઆમાંછે કેમકે જારે તેઓ દરીઆમાં હોએછે અને વાહાણમાંનું પાણી સવાદમાં વાસ મારેછે તારે તેઓ બીસકીટ બાળીને તેહમાં લાખેછે તેથી તે પાણી જાણે તાજું હોએ તેહવું થઈ જાએછે. રંગનો નાશ કરેછે એ વાત જોવી હોએતો કોએલાનો બારીક ભુકો કરીને તેહમાંથી પોરટ વાઈનનો એક શીશો ગાળવો. તે પેહેલી વાર ગળાતાં તેહનો રંગ બદલાઈને ભુરો થઈ જવાનો, અને પછી બે ત્રણ વાર ગાળેઓ તો તેહેનો રંગ બીલકુલ જતો રેહેવાનો. કેટલાએક માણસોનાં દાંતમાં ખાવાની ચીજ ભરાઈ રહેથી તે અંદર સડેછે તેથી વાસ મારેછે અને તેઓના દાંતનો રંગ પીળો દેડકા જેહવો થઈ જાએછે ને લોકોને હમે ભલામણ કરીએ છઈએ કે સહવારમાં ઊઠીને દાતણ કરે તારે દાંતને વાટેલે કોએલે વતી ઘસવા અને મહસ પાણીએ મોહો સાફ કરવું. એમ કરેથી ખરચ કાંઈ થનાર નથી અને દાંત સારા થશે એટલુંજ નહીં પણ મજબુત અને વધારે મુદત ટકે હેવા થશે. કોએલામાં પાણી ચુંસવાનો પણ ગુણછે, તેથી સરદી વાલી હવામાં અથવા બીની જગામાં કોએલા રાખેલા હોએ તો તેહેનું વજન વધેછે.

## ૫૬ છાઆંનો એક અજાએબ જેવો ખરો બનેલો દેખાવ.

"સર ડેવીડ બ્રુસટર" એક માહા નીપુણ વીદવાન ઈંગરેજ એક દીવસે રાતના પોતાની ટેબલ ઊપર બતી સલગાવી લખવા બેઠેલો હતો. થોડુંએક લખીકી હતું તેવામાં ચાકરે આવી એક કાગજ બાહેર ગાંમથી આવેલો લાવી આપેઓ. સર ડેવીડે તરત પોતાના હાતમાંની કલમ ટેબલ ઊપર મેલીદેઈ જલદીથી તે કાગજ હાતમાં લેઈ તેનુ સીલ ફોડી વાંચવા બેઠો. વાંચી રેહા બાદ તે કાગજને એક બાજુએ મુકી પાછું પોતાનુ લખવાનુ કાંમ ચલાવીઊ. કંઈ જુજ લીટીઓ નહી લખી એટલાંમાં તેહેને એક અજાએબ જેવો દેખાવ તે વખતે નજર પડેઓ. તેએ પરખાંણું કે પોતાની સાંમણે જે બતી સલગાવેલી હતી તે બતીનો ઓરો સર ડેવીડે પોતાના માંથાની ઊપર પડેલો જોઓ અને તેથી તેહેને એક બીજી બતી જાણે પોતાના માંથા ઊપર જરા ઢલતી ઊભી હોએ તેહવું દેક પોતાના માંથાની અંદર થાઈ ખાલવારેથી દેખાવા લાગું. સર ડેવીડે હેવો બનાવ જોઈ ચોકસી કીધી કે એ બીજી બતી જે દેખાએચ તે ઓરો કદાચ ઓરડામાંની કોઈ આરસીથી પડતો હસે પણ તેવુ કાંઈ હતું નહી. સર ડેવીડ બેઠેલો હતો તેની આસપાસ નજદીક આરસી હતીજ નહી તેથી વધારે અજાએબ થાઈ વીચારમાં પડેઓ. તેણે વીચાર કીધો કે કંઈ ભવાંમાં તો હરકત નહી થાઈ હોએ હેવું ધારીને પોતાના હાતે ભવાને રોશનીથી ઢાંકેઆ તોબી પેલી બતી માંથા ઊપર દેખાઆ કીધી. તારપછી આંખનાં ડોપાં તપાસી જોઆં પણ તેમાં પણ કંઈ વલીઊ નહી તેથી બીચારા સર ડેવીડને ઘણીજ દલગીરી પેદા થાઈ અને વીચાર કીધો કે આંખની અંદર મોતીઓ પાકેચ ઈઆ કઈ પણ અંદર ખાનેથી હરકત થાએચ. એ વીચારથી ઘણોજ ના ઊમેદ થાઈ પડેઓ અને અફસોસ કરવા લાગો કે આંખને ભારી ઈજા પોહોંચવાની નીસાન માંલમ પડેચ. હેવી બેચેન હાલતમાં પણ તેણે તપાસ કરવાની જારી રાખી હતી કે કંઈ પણ કારણ ખરૂ માંલમ પડેતો સારૂ. સર ડેવીડ કેહેછે કે જારે હું મારૂ માંથુ હીલવતો હતો તારે પેલી બતી પણ હીલતી હતી. વલી આંખના ડોલાને ફેરવતો હતો તારે પણ બતી ફરતી હતી. મારી સાંમે મુકેલી બતીને જેમ હું વાંકી સીધી કરતો હતો તેમ પેલી માંથાં ઊપરની બતી પણ તેમજ વાંકી સીધી થાતી હતી. મેં પછી એક ગોલ આર પાર નહી દેખાઈ સકાએ હેવી એક જીનસ લીધી અને મારી આંખની અને ટેબલ ઊપર મુકેલી બતીની વચમાં તે જીનસને ધરી અને હલુ હલુ તેહેને ઊચે નીચે કરેઆં કીધી જાહાં સુધી પેલી માંથાં ઊપરની બતી નહી દેખાએ તાંહાં સુધી. એમ ફેરફાર જગા કરતાં એક વખત હેવો આવી ગીઓ કે પેલી ગોલ જીનસ હેવી જગા ઊપર આવી ગેઈ કે મારાં માંથાં ઊપરની બતી દેખાતી ગેપ થાઈ ગેઈ. મેં મારો હાત તે ગોલ જીનસ સુધાં તેજ જગા ઊપર અટકાવી દેરવી રાખેઓ અને તે ગોલ જીનસના સુમાર

ઊપરથી મારી આંખ તપાસી જોતાં હેવું સાબેત થા ઈઊં કે કંઈ હરકત આંખના પાપણમાં થાઈછે. આં ખના પાપણ તપાસી જોતાં પેલી ઝાંયાં ઊપરની બતી તરણ વખત જુદી જુદી રીતે ફરી ગેઈ હતી. જો કે માહારી ખાતરી થાઈ હતી કે કંઈ પણ હરકત પાપ ણની અંદર થાઈ હતી તોએપણ મેં ઘણીબી સોધ કી ધી કે તે સું હરકત હસે પણ હું તે બારીક જીનસો જોવાના મોહોટા કાચની મદદથી પણ નહી જોઈ સકે ઓ હતો. છેલ વેહલે માહારી બઈરી જેની આંખે ન જદીકની ચીજો ઘણીજ ખોલી અને સારી રીતે દેખા તી હતી તેણે અતીશે મેહનત અને ફરી ફરીને તપાસી જોતાં સોધી કાહાડીઊ કે બે પાપણના બાલની વચો વચમાં એક અતીશે જીહીણી બારીક લાલ લાખની ક ગરસ વલગેલી હતી. એ કગરસ એટલીતો બારીક હ તી કે તે એકાએક નીકલી પણ નહી સકી પણ ઘણી જ મેહનત કરી તે કાહાડી અને તેને તપાસી જોતાં મા લમ પડીઊં કે તે લાખની કગરસ સુમારી અને ચલ કાટ ભરેલી હતી અને જાર હું તે કગરસને મારી આખની ઘણીજ નજદીક લેઈ જતો હતો તારે હેવી તો ચલકાટ ભરેલી તે હતી કે મહને તે કગરસમાંથી ટે બલ ઊપરની બતી દેખાતી હતી. આએ બારીક ક ગરસ મારી આંખમાં હું ધારૂચકે પેલા કાગજનુ ઊતા વલમાં સીલ શેડતાં ઊડી હસે એમાં કંઈ સક નથી. હેવો વીચાર સર ડેવીડે પોતે લખી જણાવેઓછે. હવે એ ઊપર આપણે વીચાર કરીએચનો હેવુ માંલમ પડે છે કે જો કોઈ સાંધારણ માંણસ ઊપર હેવો બનાવ બનેઓ હતેતો તે કારણ ખચીતતો નહીજ સોધી કા હાડતે પણ ઊલટા આડા અવડા વીચાર કરી કંઈ તરે વાર વેહમ ઊપજાવતે.

આએ બીના વાંચેઆથી આપણને લાજેમછે કે જારે કંઈ પણ અજાએબ જેવો દેખાવ આપણી ન જરે પડે તારે તેની ઊપર તરત અણજાણ પણાથી મ ત નહી આપી દેવું પણ આસતે રેહી પુરતી તપાસ ક રી એવા દેખાવનુ બનવાનુ કારણ સોધી કાહાડવું જો ઈએછે અથવા આપણને નહી સમજ પડેતો કોઈ બી જા માંણસનાં મતની મદદ લેવી જોઈએછે. જારે કા રણ માંલમ પડેચ તારે બીહીક તરત દુર થાએછે— વગર કારણ જાણવે તરેવાર વેહમ અને દેહસત ઊત પન થાએછે એ વીચાર અનુભવ ઊપરથી ખરો ઠરી ચુકેછે. ખો. જા

---

## ઊંઘ.

આપણા શરીરમાં અથવા શરીરવડે જે જે અ નેક જાતનાં કામો બનેછે તેના બે પરકારછે. એકતો જે કામો મરજીથીજ બનેછે તે અને બીજાં મરજી હોએ ઈઆ નહી હોએ તોએ આપો આપ બનીઆં જાએછે તે. જારે આપણે ખાઈએ છઈએ તારે આપ ણા શરીરના ભાગ જે હાલેછે તે આપણી મરજીથી હાલેછે. પણ અનાજનું પેટમા પચવું એ આ પણી મરજી સાથે ઈલાકો રાખતું નથી. શરીરની અંદરના ભાગમા જે જે કામો બનેછે તે સંધા મરજી સાથે ઈલાકો રાખતાં નથી તથા તેઓ આપણે જાગ તા હોઈએકે ઊંઘતા હોઈએ તોએ બનીઆં જાએછે.

શરીરના મોહોટા ભાગોના ઘસારાનો બદલો વાળવા સારૂ જેમ ખોરાકી જારી રાખવાની જરૂરછે તેમ બારીક અને નાજુક રગોનાં કઊવતની આસાએ શ તથા તે તાજું બનવાને કાજે ઊંઘની જરૂરછે ફક ત થાક ખાધેથીજ પરાણીઓના શરીરના ઘસારાનો બદલો વળતો નથી, પણ ઊંઘ અથવા બાહારની બા જુએ તેઓના શરીરની આસપાસ જે બનેછે અથવા તેમને લાગેછે તેથી બીલકુલ બેભાન એવી હાલત દર દીવસને છેડે જરૂરનીછે. આખો દીવસ મેહનત કીધા પછી સનાઈઊંઓ (એટલે માંસના ભાગ) જે આપણા હાથ પગ વગરે હલાવવામાં અથવા જે આપણા શરી રને ટટાર રાખવાના કામમાં આવેછે તે નબળા પડી જાએછે આખો ઝાંખી અને ભારે થાએછે, આંખનાં પોપચાં વગર ચાહે મીચાઈ જાએછે, હેઠળનાં જડબાં નીચલી બાજુ તરફ જવા માંડેછે, ફેફસાંની અંદર થ ઈને લોહીનું ફરવું ઘણું સુસત થઈ જાએછે, એણે ક રીને બગાસાં ઊપર બગાસા આવીઆ જાએછે, માથું આગલી તરફ ઝુકાએછે; આસપાસની બાહારની ચી જોનું ભાન થોડું થોડું થતું જાએછે; વીચાર નરબળા ગુંચવણ ભરેલા થઈ જાએછે; અને છેરે ઊંઘ રૂપી લુ લાવાની હાલત આવી પોહોંચેછે. ઊંઘ કારે આવેછે

તેનો બરાબર વખત આપણે જાણતા નથી, પણ વખતપર એવું બનેછે કે તે આવીઆં પછી તરતજ આપણે ધભરાઈને ચોંકી ઊઠીએ છઈએ. એ બનાવ જારે આપણે પુરા આરામની હાલતમાં ન આવીઆ હોઈએ ને આપણા મનની જે શકતીથી આપણી મરજી થાએછે તે એકાએક કામે લાગેછે તેણે કરીને બનેછે. ઊંઘ માણસની હઈઆતીને બીલકુલ અગતનીછે, કોઈ માણસને ઊંઘ વગરનું કરી મેલો તો તેનું શરીર દુશકાળનાં દુખે કરીને ગળેછે, તેના કરતાં વધારે ગળી જાએછે. ખરે કોઈ પણ બનાવ ગમે તેવો અગતનો હોએ તોપણ તેથી ઊંઘ આવતી બંધ થવાની નહીં; અને સખતમાં સખત આફતોમાં તથા લડાઈની વખતે અથવા જારે અતીસ થાક, ટાહાડ, અથવા ભુખે પીડાતા હોઈએ તોપણ આપણી ઈંદરીઓને વીશરાંતીમાં નાખવાને ઊંઘ આવેછે. શરીર તંદુરૂસતીમાં હોએ તે વખતની ઊંઘ એવી ઘોર હોએછે કે જાણે મોતજ, કંઈ વાતનું ભાન રેહેતુંજ નથી. કોઈક વખતે મન જાગરૂત હોએછે તોપણ તે અધુરી જાગરૂતી, ને તેણે કરીને ગએલા દીવસના વીચારો, ઘણાંએક વરસો ઊપર બનેલી વાતો, આપણી નજરે જોએલા કેટલાક દુખ સુખ દેખાવો અને બીજા કેટલાએક મનકલપીત વીચારો જેમાં સેળ ભેળ થઈ ગએલા એવાં સપનાં, અને તરેહવાર ઊંઘના વીચારો આવેછે. ઊંઘમાં હઈઊં બરોબર એક સરખું ઠડકેછે તથા લોહીનું ફરવું શરીરમાં બરોબર થાએછે; ફેફસાં પોતાનું કામ કરીઆં જાએછે; જઠરાગની (હોજરી) માં પચવાનું કામ ચાલેછે તથા આંતરડાં અને આપણા શરીરમાં જે પાણી ઊપજેછે (જેમકે આંસુ, પેશાબ, વગેરે) તેની કોથલીઓ પોત પોતાનાં કામ બરોબર કરીઆં જાએછે. ટુંકામાં એટલુંજ કે આપણા શરીરના ટકાવ અને આપણી ચઈતન રૂપી શકતીઓને હઈઆતીમાં રાખવા સંબંધીની સઘલી વાતો બનેછે. પણ ઘણાખરા બીજા સઘળા શરીરના ભાગ અને શકતીઓ જેઓ ઊપર આપણે જાગતી હાલતમાં અખતીઆર ચલાવીએ છઈએ તે આરામ પામેછે: તોપણ એ વાત હમેશાં બનેછે એમ નથી. કેમકે કેટલાક માણસોમાં એવી કંઈ ખાસીઅત હોએછે કે તેઓ ઊંઘમાં ચાલેછે. જારે ઊંઘ અધુરી હોએછે અથવા ઘણીવાર સુધી આવી હોએછે તારે સપનાં ઘણાં આવેછે; અને એ પરમાણે તેઓ સહવાર પડવાની થોડું એક આગમજ અથવા હોજરી ખોરાકથી અસમાતી ભરેલી હોએ અથવા મન ફીકરે કરીને ઘોળાઆ કરતું હોએછે તારે રાતમાં પણ આવેછે. શરીર તંદુરૂસતીમાં હોએછે તારે તથા તેના ચઈતનવાળા ભાગ થંબ અને શાંત હોએછે તારે પેહેલી રાતનાં ઘણીજ મીઠી અને થાક ઊતારી નાખે એવી ઊંઘ આવેછે—જારે ઊંઘમાં હોઈએ છઈએ તારે લોહીનું ફરવું, અને દમ લેવો એ બે કામ જાગતા હોઈએને બનેછે તેના કરતાં કંઈક આએસતે આએસતે થાએછે તેણે કરીને શરીરની અંદરની જે શીરસતાની ગરમી તે ઓછી થાએછે, શબબ આપણ જો દીવસના કરતાં રાતે સુતા હોઈએ છઈએ તારે વધારે કપડાંની ગરજ પડેછે, તથા એક માણસ અંગ ઊપર દીવસે પેહેરવાનાં કપડાં હોએ તેટલાંજ અંગ ઊપર પેહેરી ઘરની બાહાર ઓસરીમાં અથવા એકલા કોચ ઊપર પડી રેહેછે તારે ઊઠતી વખતે તેને તેનું શરીર થંડું અને અસુખી લાગેછે તેપણ એજ કારણને લીધે સમજવું. સદરહુ બનાવથી ખુલ્લું માલમ પડી આવેછે કે પચવાનું કામ પણ ઊંઘમાં ઓછું થવું જોઈએ તારે એ ઊપરથી હોજરી ચીકાર ભરીને સુવા જવું એ નાલાએકછે એ પણ ખુલ્લુંછે. રાત અને અંધારામાં આસાએસનો વખત પસંદ કરવો એ સવાભાવીક અને ખુલ્લુંછે; તથા રાત મુકીને દીવસે સુવું એતો માતરે ટેવનું બેજા લાકડુંછે—વેહેલા સુતાથી રાતરે શરીરને શરદી અને ભીનાસનો જે અસર થાએછે તેનો અટકાવ થાએછે જે અટકાવ નાજુક બાંધાના શરીરવાળાનેતો ખસુસ કરીને ઘણોજ અગતનોછે. શરીરનાં કામો તથા દાહાડા અને રાતના જુદા જુદા ભાગો વચે એક કુદરતી સંબંધ પણછે, જેથી રાતના પેહેલા ભાગની ઊંઘ ઓર તરેહ આસાએસ આપનારી થાએછે—મગજ તથા શરીરના બીજા ભાગ સંતાપથી દુર હોએ અને બાહારની ઈંદરીઓ તથા મન બીલકુલ આરામ પામેલાં હોએ એવી જે શરીરની હાલત તેપણ ઊંઘને ઘણી વધારેછે. વલી આંગમાંથી ઘણું લોહી નીકળી ગઊં હોએ તે, થંડક કરનારાં ઓસડ, થંડી હવા તથા જુલાબ જેઓએ કરીને શરીરમાં નબલાઈ આવેછે તેઓપણ ઊંઘ આણેછે. તથા તંબાકુ, અફીણ, દારૂ ને એ ગેહેલ વેહેલ શરીરમાં જેમ આણીને પાછળથી માણસને તેટલુંજ નબલું કરેછે તેઓથી પણ તેવીજ અ

સર થાએછે. મગજનાં દરદ જેથી ભેજાંને ઘણી અસર થતી હોએ અથવા તેના કામમાં ખલેલ પોહોંચતી હોએ તેઓ પણ ઊંઘ લાવેછે. તથા આંગ ઘણું ફુલેલું અને જાડું હોએ જેથી નેસોમાં લોહીનું ફરવું ઘણું ધીમું પડી જાએછે અને જેથી કરીને મગજ ઊપર ઘણો ભાર રેહેછે તેથી પણ ઊંઘ આવેછે.

જુદા જુદા માણસોનો ઊંઘમાં ગુજારવાનો વખત તેમના શરીરની જેવી જેવી તબીએત અને ખાસ ગુણો હોએ તે ઊપર તથા તેમજ તેમની જીંદગીના ગુજરાનની રીત અને ટેવ ઊપર ઘણો આધાર રાખેછે—કેટલાકલોકો પાંચ અથવા છ કલાકથી વધારે ઊંઘ લઈ શકતા નથી તેમ કેટલાકને આઠ અથવા નવ કલાક સુધી ઊંઘીઆ વગર ચાલતું નથી. બચાંઓ પોતાનો અડધો અડધ વખત ઊંઘમાં કાઢેછે, તેમ તેમને જોઈએપણછે અને તેઓ તેથી ઊછરેછે. તથા જુવાનોને ઘણી થોડી આરાએસની ગરજછે. સરાસરી ગણતાં માણસે આઠ કલાક ઊંઘવું એ ઠીક નજર આવેછે. સારી અને ખલેલ વગરની ઊંઘ ભોગવવા સારૂ દાહાડાની વખતે સારી કસરત કીધી જોઈએ. ખાવા પીવા વગેરેમાં મધીઅમપણું રાખવું જોઈએ; જલદ ચાહ અથવા કાફી જેનામાં શરીરમાં જોમ પેદા કરવાનો ગુણછે તે સુવા જવાની અગાઊ બે કલાક લીધાં ન જોઈએ; તથા રાત્રે કાંતો રાતનું ખાણું બીલકુલ ન હોએ અથવા હલકું હોએતો ઠીક. એદીપણું તથા નીશાથી કોઈ કોઈ વાર ઘોર ઊંઘ આવેછે એ વાત ખરીછે પણ તે મધીઅમ ખાનારા પીનારા માણસના જેવી આરાએસ નહીં, તેતો પ્રેફરાનાં આજારથી જેમ માણસ બેભાન પડેછે તેના જેવી બેભાનીની હાલતછે.

---

## માણસને સઘળી હવામાં રેહેવાને લાએક બનાવેલુંછે.

બીજાં જાનવરો કરતાં માણસનો આ મોહોટો દરજોછે કે તે દુનીઆના સઘળા ભાગમાં રહી શકેછે તથા તે ઠેકાણે થોડો ઈઆ ઘણો સુધારો બતાવી શકેછે. તે આફરીકાખંડની સુરજની કરમાવી નાખતી ગરમીમાં તથા વેરાન રેતાળ મેદાનોમાં દીઠામાં આવેછે તેમજ તે પાછો "સપીટ ઝબરગન" જે ઘણુંજ થંડું બેટછે તાંહાંપણ રહી શકેછે. ઘણાં વરસ સુધી એક જગામાં વસેથી તે તાંહાંની અતીશ થંડી તથા ગરમી સોસી શકેછે એટલુંજ નહીં પણ તે એક દેશથી બીજે દેશ ઝટોઝટ જઈ શકેછે; અને જે જે દેશમાં જાએછે તે તે દેશની હવામાં પોતાનો નીભાવ કરી શકેછે. આપણે જોઈએ છેઈએ ઈંગલાંડ દેશનો માણસ ઈઊરોપના છેક ઊતરના ભાગ જોહાં થંડી ઘણી સકત પડેછે તાંહાં અને તેમજ ગરમમાં ગરમ દેશોમાં પણ જાએછે. પણ ઘણું કરીને બીજાં સઘળાં જનાવરો જે જે દેશમાં તેઓ જોઆમાં આવેછે તે તે દેશમાં રેહેવાને લાએક બનાવેલાં હોએછે. અને અગરજો તેમને તે જગાઓમાંહેથી બીજી જગાઓએ લઈ જવામાં આવેછે તો તાંહાં તેઓ પોતાની જીંદગાનીની પુરી મુદત ભોગવી શકતાં નથી. કુતરા તથા ઘોડા જેઓ માણસના પાળેલા સોબતીઓ હોએછે તેઓ પણ ઘણીજ જુદી જુદી હવામાં પોતાના સવભાવ બદલી નાંખેછે; અને વાંદરા જેઓના શરીરની બાંધણી તથા જેઓનું ખોરાક માણસની બાંધણી તથા ખોરાકીને ઘણુંજ મળતું આવેછે તેઓ માંદા પડેછે તથા તેમને જારે દુનીઆના ઘણાજ થંડા ભાગોમાં લઈ જવામાં આવેછે તારે તેઓથી પોતાની જાતનો વધારો થઈ શકતો નથી. તરેહ તરેહવાર હવાના અને પેદાએશના દેશોમાં ફરવાને શકતીવાન કરવા સારૂ માણસને હરકોઈ જાતની ખોરાકની વસતુ પચાવવાની શકતી આપેલીછે. બીજાં જાનવરો સાથે મુકાબલો કરતાં માણસને "સરવ ભખસ" એટલે સંધું ખાનાર એમ કહીશું તોએ ચાલસે. એ પરમાણે આપણે જોઈએ છેઈએ કે ગરીનલાંડ જેની જમીનમાં કંઈજ અનાજનો પાક થતો નથી તાંહાંના લોકો જનાવરોનું માંસ અને માછલાં ખાઈને જીવેછે એવું છતાં પણ એ ખોરાકમાં જે જોમ આણવાનો તથા શરીરને ફુરતી આપવાનો ગુણછે તેણે કરીને તે તેના ખાનારને ઘણુંજ સારૂં ખોરાક એ થંડા વેરાન દેશમાં થઈ પડેલુંછે. તેમજ ગરમ દેશ જેની જમીનની ગરમીથી અનાજ ઝાડપાન વગેરે પેદા થઈ શકેછે તાંહાં લોકો ઘણું કરીને ચોખા વગેરે અનાજ તથા ફળ તથા ભાજી પાલો ખાઈને જીવેછે જે ખોરાક માંસ માછલાં વગેરેનાં કરતાં થોડી ગરમી તથા જોમ શરીરમાં લાવેછે. મધીઅમ દેશ

(એટલે જેમાં ઘણી ગરમી નહીં તેમ થંડી નહીં) તેવા દેશોમાં માણસ માંસ માછલાં તથા અનાજ વગેરે જમીનની પેદાએશ ઊપર ગુજરાન કરવાનું પસંદ કરેછે. માણસ માંસ ખાઊ થવાને વધારે લાએકછે કે વનસપતી, ફળ, અનાજ વગેરે ખાવાને વધારે લાએકછે એ બાબત ઘણી તકરાર થએલીછે. અજમાએશ ઊપરથી સાફ માલમ પડેછે કે તે સદરહુ બંને વાતો કરવાને લાએકછે. એટલે એમ કે તે ઘણું કરીને કેવલ માંસ માછલાંના ખોરાકથી જીવસે તેમજ કેવળ વનસપતી, ફળાદીક વગેરે ખાઈને પણ જીવસે તોપણ જો આપણે તેનાં ડાચાં તથા દાંતનો આકાર અને તેના આંતરડાંની બાંધણી જે જનાવરો ફોફલાં, ફળ ફળાદીક અથવા જે મુળીઆંઓનો લોટ બની શકેછે તેવાં મુળીઆં ખાઈને જીવેછે તેઓનાં ડાચાં વગેરેની સાથે મેળવી જોઈએ, અને દાખલાને વાસતે વાંદરાજ લઈએ કેમકે તેઓના શરીરનું બંધારણ માણસના શરીરના બંધારણ જેવુંજછે, તો તે ઊપરથી સાફ માલમ પડશે કે ગમે તેમ લઈએ તોપણ અનાજ વગેરેની ખોરાકી માણસના શરીના બંધારણને ઘણીજ માફક આવે તેવીછે. એ પરમાણે આપણે જોઈએ છઈએ કે સુધરેલી કોમોમાં રોટલી, અનાજ વગેરે ઝાડ પાનની પેદાશ ખાણા ઊપર વધારે જોવામાં આવેછે. પણ માણસ આમ કરીને જરા સુધારાની હાલને આવીકે કે રસોઈ કરવાની કળા જે કામમાં લેછે તેણે કરીને તે તરેહ તહરેના ખોરાકના ગુણ બદલવાને તથા તે પોતાને પચે અને પુશટી આપે તેવા કરવાને શકતીવાન થાએછે. એ પરમાણે સદરહુ કળા તેને બીજાં પરાંણીઓ કરતાં મોહોટું બનાવેછે. ખરેખર કદાચ એ ખોરાક તઈઆર કરવાની સુધરેલી રીતીથી, અને તે ટસુંજ, શરીરની પુરતી બાંધણી તથા અસલ મજબુતી, તથા સુધારાનાં બીજાં સુખોએ કરીને હવાના ફેરફારની સામે ટકવાને તથા ઘણાંએક બીજાં જનાવરોના કરતાં પોતાની જીંદગી વધારે લાંબી કરવાને તે શકતીવાન થાએછે.

માણસને ઓઢા વગરની ચામડી સાથે પેદા કરેલુંછે. તે ઊપરથી તેણે પોતાની મેહેનત તથા અકલે કરીને પોતાનું શરીર ઢાંકવું એવી તેના પેદા કરનારની મતલબછે એ સાફ માલમ પડેછે. એના કરતાં ઊતરતા દરજાનાં મોહોટાં અને શરીરની પુરી બાંધણીનાં ઘણાંખરાં જનાવરોને બાલ, પીછાં અથવા રુઆંટાંના ઓઢા ઓપેલાછે તેથા તે વરસના જુદા જુદા ભાગમાં જેમ જેમ હવાનો ફેરફાર થાએછે તેમ તેમ વધેછે, ખરી પડેછે, અથવા નવાં આવેછે. પણ માણસ પોતે જે દેશમાં વસતો હોએ તાંહાંની હવાને અથવા રુતુમાં જે ફેરફાર થાએછે તેને લાએકનાં કપડાં પોતાની મેહેનતથી બનાવી શકેછે. હવાની થંડી તથા ગરમી માંહેથી બચવાને તે ઘર બાંધેછે અને બીજાં જંગલનાં જનાવરોની પેઠે દર, ગુફા, વગેરેમાં રહીને તે સંતોશ પામતો નથી. મધમાખ તથા બીજાં જનાવરોના માળા અજાએબ જેવા અકલ ખરચીને અને જોઈએ તેવા બનાવેલા હોએછે ખરા પણ માણસનાં બનાવેલાં ઘર દેવાલો શેહેરો વગરે તેમને બાંધણીમાં તથા વગમાં કેવાં અને કેટલાં મારી જાએછે, જનમેછે તે વખતથી માણસની કને બચાવનાં સાધન અથવા હથીઆરો નથી હોતાં તોપણ તેની અકલ તેને જંગલોનાં જનાવરો ઊપર કેવું જલદીથી ઊપરીપણું આપેછે, તથા તેને પોતાના દુશમનો સામે ટકાવ કરવાને હથીઆર કેવાં પુરાં પાડેછે. જમીન સુધારવા તથા ખેડવાને કાદવવાળી જગો સાફ કરવાને; જંગલો કાપી નાખવાને, ડુંગરને એક સપાટીનાં કરવાને જે અનાજ અથવા ભાજી પાલો તંદુરસતીને માફક આવે તે પસંદ કરવાને તથા ખેડવાને, અને જેણે કરીને તે જમીન તથા દરીઆ ઊપર હકુમત ચલાવેછે, પુલો બાંધેછે, સાંચા બનાવેછે અને મોહોટા માહસાગરમાં વાહાણો ઝોકાવેછે, એવાં હથીઆર તથા સાંચ બનાવવાને તેની અકલ તેને કેવો જલદીથી શકતીવાન કરેછે ! અને છેલે કુદરતની ઘણી ઝીણી ચીજો તપાસવાને તથા આસમાન અને ધરતી ઊપરની ઘણી ર ચીજોને પોતાથી દેખાઈ શકાએ તેવી કરવાં હોનર તથા વીદીઆનાં હથીઆર તે કેવી અકલ ર ને ચતુરાઈથી શોધી કાહાડેછે ?

---

## ગંધક.

ગંધકનો એક કટકો તમારા હાથમાં લેઓ ર ને તેની ખાસીએતો તપાસો, તે જલદીથી ભાંગી એછે, તેનો સેહેલથી ભુકો થઈ શકેછે. તે જલદીથી


બળી ઊઠેછે. ઠંડો હોએછે તારે તેને કંઈ વાસ હોતો નથી. જીભ ઊપર મુકીઆથી તેનો કંઈ સવાદ આવતો નથી. તમારી ડગલીની બાંહે ઊપર તેને જોરથી ઘસો એટલે તે નાહાના નાહાના કાગળનાં કડકાને પોતાની તરફ ખેંચશે—તેમાં વીજલી ઘણીછે એટલે કે ઘસીઆ એવડે વીજલી પેદા થઈ શકેછે. ગંધકનો એક કડકો પાણીમાં નાખીઓતો તે તળીએ જઈને બેસશે એટલે એમકે પાણી કરતાં વધારે ભારેછે.

ગંધક એ એક ખાણમાંહેથી ખોદી કાઢેલી ચીજછે અને તે દુનીઆનાં ઘણા ભાગોમાં મળી આવેછે. પણ ઘણુંકરીને લોહાડાંની સાથે ભેળાએલું મળી આવેછે. એ હાલતમાં તેને "સલફરેટ ઓફ આએરન" એમ અંગરેજીમાં કેહેછે. ગંધક એ એક ખાસ પદારથછે. પણ બીજા ઘણાખરા પદારથો સાથે મળી શકેછે, હવે ખાસ પદારથ તે શું તેની સમજ નીચે આપેલીછે.

## ખાસ પદારથો.

ખાસ પદારથ એટલે તેજ પદારથ જેને આપણે કુટીએ, ગાળીએ, ભુકો કરીએ ગમેતે કરીએતો તેમાંહેથી તે શીવાએ બીજો પદારથ મળવાનો નહીં. એ પરમાણે ગંધક છે તે પણ એક ખાસ પદારથછે કેમકે તેના ઊપર આપણે ગમે ને કરીએ તોપણ આપણને તેનો તેજ મળવાનો, તેમજ લોહાડું, જસત, સીસુ, કોલસા વગેરે ખાસ પદારથછે. મીશર પદારથમાં બે અથવા વધારે ખાસ પદારથો હોએછે. તેઓ એક બીજા સાથે રસાએણ શાશતરની કીરીઆથી મળી જાએછે. એ હાલતમાં પેલા ખાસ પદારથોના ગુણ બીલકુલ બદલાઈ જાએછે. એ પરમાણે ગંધક અને લોહાડું એ જલદીથી એક બીજા સાથે મળી જાએછે. અને તેઓના મળવાથી જે મીશર પદારથ બનેછે તેને "સલફરેટ ઓવ આએરન" એમ કેહેછે તથા તેની ખાસીઅતમાં તે ગંધકથી તથા લોહાડાંથી તદન જુદો હોએછે. આપણા જાણવામાં હજી લગણ બાસેટ ખાસ પદારથો આવીઆછે. ને અનેક તરાંના જે પદારથો આપણા જોવામાં આવેછે તે સંધા તેઓના એક બીજા સાથે રસાએણ કીરીઆ કરીને મળવાથી થઆછે. હવા તથા પાણી એ પણ મીશર પદારથોછે. હવામાં ઘણુંકરીને બે વાઈશ જેવા પદારથોછે; તેમાંના એકનું નામ "ઓકસીજેન" જે પરાણીઓના જીવને તથા બળતાંને ટેકો આપેછે; અને બીજાનું નામ "નઈટરોજેન" જે સદરહુ બે વાનાં માંહેથી એકને ટેકો આપતો નથી. પાણી બે ખાસ પદારથોનું બનેલુંછે—એક ઓકસીજેન અને બીજો હઈડરોજેન—"હઈડરોજેન" એ ઘણોજ સળગી ઊઠે તેવો પદારથછે જારે તે બળેછે તારે તેહવામાંહેલા "ઓકસીજેન" સાથે મળી જાએછે અને એ બે મળીઆ એટલે પાણી બનેછે, ખરેખર જારે એક પદારથ બળેછે તારે તેનુ બળતું હવાના ઓકસીજેનથી ટકી શકેછે. અને તે "ઓકસીજેન" પેલા બળી ઊઠે એવા પદારથ સાથે મળીઓ કે તેનો એક મીશર પદારથ બની આવેછે. એ પરમાણે જારે ગંધક હવામાં બળેછે તારે તે હવા માંહેના "ઓકસીજેન" સાથે મળેછે. અને તેથી ઘણો ગુંગળાવી નાખે તેવો ધુમાડો બનેછે તે એક તેજાબછે જેને અંગરેજીમાં "સલફરસ આસીડ" કરીને કેહેછે,

## અખતરા.



૧. થોડીએક ગંધકની ભુકી સળગાવીને તેઊપર એક કાચનું વાસણ ઊંધું પાડો એટલે તે ગંધક ધુમાડાથી ભરાઈ જશે પછી તે વાસણમાં થોડાંક આસમાની રંગનાં ફુલ દાખલ કરોતો થોડાક વખતમાં તેઓનો રંગ બીલકુલ જતો રેહેવાનો. ઘાસની બનાવેલી ટોપીઓ સાફ કરવાને ગંધકનો ધુમાડો ઘણો કામમાં લીધામાં આવેછે.

૨. થોડીએક ગંધકની કોલસાની, અને સુરાખારની ભુકી એકઠી કરીને તેને સળગાવીએ તો તે બંદુકના દારૂની મીસાલેના ચળકાટથી બળેછે.


કલાઈની રકાબીમાં થોડોએક ગંધક મુકીને તેને એક સળગતી મીણબતી ઊપર રાખીને થોડો ગરમ કરીએ; તો ગંધક પીગળી જાએછે; ને તેની પછી વરાળ બનેછે. એ વરાળ ઊપર એક ઠંડું "વઈન ગ

લાસ" ઊંધું ધરી રાખીઊં હોએતો તેની બાજુએ ગંધક ચોંટેછે તે વખતે તેને અંગરેજીમાં "સબલઈમ થાએછે" એમ કેહેછે.

## માણસ જાત.



આગલા અંકમાં કાકેશીઅન, હબશી અને માંગોલીઅન એ તરણ જાતની વાત લખીછે. એ સીવાએ બીજી બે જાતછે, એક મલાએ અને બીજી અમેરીકન. મલાએ જાતના લોકોની ચામડી ભુરી હોએછે તથા તેઓને માથે બાલ ઘણા હોએછે. તેઓના માથાનો ઘાટ ઊપરથી ટોંચદાર હોએછે. એ લોકો ઘણા મજબુત પણ બીલકુલ જંગલીછે. તેઓ મલાઆ, પુરવ હીંદુસથાનના ટાપુઓ, તથા પાસીફીક માહાસાગર માહેલા ઘણાએક ટાપુઓમાં વસેછે. તેઓનો આકાર આ બાજુપર પાડેલો છે.



ઊતર અમેરીકામાંના અસલના લોક ઘણા ખુબસુરત અને મજબુત પણ જંગલી હતા. તેઓની ચામડીનો રંગ તાંબાના જેહવો લાલ હતો. તેઓની સંખીઆ ઘણી થોડી હતી. તેઓની જુદા જુદા સરદારોની નીચે જુદી જુદી ટુકડીઓ હતી, અને તેઓ વારેવારે એક બીજાની સાથે લડાઈ અને ખુનરેજી કરતા હતા. ઊતર અમેરીકાના પુરવ તથા વચલા ભાગોમાં હાલ ઈઊરોપથી આવેલા લોકોએ વસતી કરી છે. તેઓ રાજનીતીની રીતસર વહીવટ ચલાવીને વેપાર ધંધો કરેછે. તેઓનો આકાર બાજુએ પાડેલોછે.

ઊતર અમેરીકામાં મેકસીકોમાં તથા દખશણ અમેરીકામાં પીરૂ દેશમાં આગળ ઊપર લખેલા લાલ ચામડીના લોકો કરતાં સારા લોકો વસતા હતા. તેઓ રાજનીતીની થોડી ઘણી વાતો જાણતા હતા. દખશણ અમેરીકાના બાકીના ભાગોમાં ઘણા જંગલી લોકો વસતા હતા.

દખશણ આફરીકા માહેલા હાટેંટાટ દેશના લોકો તથા આસટરેલીઆના અસલના લોક એક જાતના ગણવામાં આવેલાછે. તેઓનું રૂપ સારૂં નથી. તેઓ કાળા અને અકલમંદ છે.

આખી દુનીઆ પર સઊ મળીને માણસ ૯૦૦૦૦૦૦૦૦ કરતાં વધારે છે.

## તેલ તથા પાણી, સંઈઓગી આકરશણ તથા રશાયેની આકરશણ.

તેલ તથા પાણી એ પરવાહી પદારથોછે. એક વાસણ માંહેથી બીજા વાસણમાં તેઓ વેહેછે. જે સુખશમોનાં તે બનેલાં તે એક બીજાથી સેહેલથી છુટાં પડેછે. ચાક સરખા એક નકર પદારથના સુખશમો એક બીજાને વધારે પાસે પાસે વળગી રેહેછે, તેથી તે સુખશમો એક વાસણમાંથી બીજા વાસણમાં વેહેતાં નથી. જે આકરશણે કરીને પદારથોના સુખશમો એક બીજા સાથે વળગી રેહછે તેને સંઈઓગી આકરશણ કરીને કેહેછે. પરવાહી પદારથોના કરતાં નકર પદારથોમાં સંઈઓગી આકરશણ વધારે રહેલુંછે અને પરવાહી પદારથોમાં વાઈઊ જેને અંગરેજીમાં "ગાસીઝ" કરીને કેહેછે તેઓ કરતાં વધારે રેહેલુંછે.

### ઠારનું એક ટીપું.

પેલા ઘાસના તરણા ઊપર અથવા કોબીના પાંતરા ઊપરના ઠારનાં ટીપા સામું જુઓ, એ પાણીનું ટીપુ ગોળ શા સારૂ છે વારૂ? એ તેના સુખશમોમાં સંઈઓગી આકરશણ રહેલુંછે તેથી ગોળછે. સઘળા પરવાહી પદારથોમાં એવી ખાસીએતછે કે તેઓ ગોળ આકારસે. જે પ્રુથવી ઊપર આપણ વસીએ છઈએ તે એક ગોળછે. એ વાત ઊપરથી એવું નીકળેછે કે તે કોઈ એકાદી વખતે પરવાહી હાલતમાં હોવી જોઈએ.

### એક સુકી સોએ પાણી ઊપર કેમ તરેછે.

ભારે તીખું પાણી ઊપર કેમ તરેછે? તો તેનો જવાબ એજે પાણીના સુખશમોમાં સંઈઓગી આકરશણ રહેલુંછે. સોએનું ગુરતવ (એટલે વજન) પાણીના સપાટી ઊપરનાં સુખશમોમાં રહેલા સંઈઓગી આકરશણને તોડી નાખે એટલું જોરાવર નથી.

### તેલ પાણી ઊપર તરેછે.

તેલ પાણી ઊપર તરેછે કેમકે તે હલકો પરવાહી પદારથછે, એટલે કે તેલનો એક પીંટ પાણીના એક પીંટના કરતાં ઓછો થવાનો.

જેમ સાકર પાણીની સાથે મળી જાએછે તેમ તેલ પાણી સાથે મળવાનું નહીં અથવા ભેળસેળ થવાનું નહીં. પાણી અને તેલ એ બેને સાથે લઈને તેમાં આમોનીઆ નાખીએતો પેલું તેલ આમોનીઆ સાથે મળી જવાનું અને તેઓનો સાબુના જેવો એક પદારથ બનશે. પેળું પાણી જુદું તું જુદું રેહેવાનું. પાણી તથા તેલ વચે કંઈજ રસાએણી આકરશણ નથી—પણ આમોનીઆ તથા તેલ એઓ વચે રસાએણી આકરશણછે.

### ગંધકનો તેજાબ.

આ અગતનો પદારથ પરવાહીછે અને તે દેખાવમાં જરા તેલના સરખો માલમ પડેછે. તે પાણીના કરતાં વધારે ભારેછે. પણ તે ગમે તેટલું પાણી લો તો તેની સાથે તરત મળી જાએછે. અને તે મળવાથી જે પદારથ બનેછે તેને કમજોર ગંધકનો તેજાબ કેહેછે. ગંધકનો તેજાબ વાપરતી વખતે ઘણી સંભાળ લેવી જોઈએ કારણ કે આપણી ચામડીને અડકેછે તો તેને બાળેછે ને પીળો ડાઘ પડી રેહેછે તથા કપડાંને અડકીશં તો તેને બાળી નાખેછે.

### અખતરો.

ગંધકના તેજાબ ઊપર હળવે રહીને પાણી રેડવું એટલે પાણી તેજાબ ઊપર તરેછે. પછી એક કાચની ઝીણી લાકડી લઈને તેને હલાવવું એટલે તે બે મળી જઈને તેમનો કમજોર ગંધકનો તેજાબ બનેછે. અને એ બે મળીઆથી જે મીશર થાએછે તે ઘણોજ ગરમ બનેછે.

### કપુર.

આ કામનો અને જાણીતો પદારથ ગરમ દેશો (અથવા કરાંતી વરૃત જેને કેહેછે તે માંહેના દેશો) માના એક રોપાનો રસછે. તે એક ઘણું કીમતી ઓસડછે અને તે કીડા મારી નાખવામાં કામમાં ઘણું આવેછે. બીજી સઘળી જાતના ઝાડ પાનની ઊપજના પદારથોની પેઠે કપુર પણ એક મીશર પદારથછે. કારબાન, હાઈડરોજેન, તથા ઓકસીજેન એ તરણ ખાસ પદારથો એમાં એકઠા મળેલાછે. કપુરનો એક કટકો હાથમાં લઈને તપાસીએતો તે સફેદ અને લુકો થઈ જાએ એવો પદારથ નજર આવેછે તથા તેમાં કંઈએક મીણના સરખી ચીકાશ માલુમ પડેછે. તે મોહોટા ચળકાટથી બલેછે. તે ઘણી ખુશબો આપેછે. તે પાણી ઊપર તરેછે એટલે કે તે પાણી કરતાં હલકુંછે. તે પાણીમાંથી ગળતું નથી તથા દારૂમાં તરત પીગળી જાએછે.

---

## સુખ શામાંછે તે વીશે.

આપણને શું ખુશી કરશે અને કઈ ખુશી આપણને મળશે એ વાતો આગળથી જાણવી એ જીંદગીના ગુજારામાં મોહોટી બાબતછે. સદરહુ બાબતો બરોબર જાણવામાં આવેતો આપણે જે વાત પસંદ કરીએ તે સેવટ ખરી ઠરે. પણ એ જાણવું એ આપણને પેહેલ વેહેલે જેવું દેખાએછે તેના કરતાં વધારે અઘરું અને થોડુંજ બને તેવું લાગેછે. કેમકે કોઈવાર એવું બનેછેકે જે ખુશીઓ આપણને ઘણીજ સારી નીવડશે એમ દેખાઈને લલચાવેછે, તેજ જારે આપણને મળેછે તારે ઘણીજ અણગમતી થઈ પડેછે અથવા આપણે ધારતા હોઈએ તે પરમાણે નીવડતી નથી. તેમજ બીજે વખતે એવું બનેછે કે જે ખુશીઓ વીશે આપણે ધારીશંજ ન હોએ તેવી ખુશીઓ નીકળી આવેછે. અને એ બનાવ આપણે દુરઅંદેશો કરવામાં લુલ કીધાથી બને એ ઊપરથી સદરહુ કારણથી આપણે ઘણી ખુશીઓ વીશે ધારવાનું લુલી જઈએ છઈએ એમ માનવાને કારણ મળેછે " આગળથી " જાણવું એવું કેહેવાનો મતલબ સો ? તો એમકે એકવાર એક પરકારની ખુશી અથવા સુખ મળીશં એટલે બદલવું અથવા તેનાથી પાછાં હટવું એ કોઈએકજ વખત બનેછે. વળી એવી રીતની બદલા બદલી કરવાથી આપણને ચેન પડતું નથી, અને તે આપણી દરએક હાલતના સુખનો નાશ કરેછે.

માણસોના જુદા જુદા રસ, જુદી જુદી સમજવાની શકતી તથા શરીર તથા સવભાવનું બંધારણ અને તે વળી ટેવ તથા રીવાજ એણે કરીને વધારે તરેવાર બનેલાં તેથી તેવી સુખી થવાની રીત ફલાણીજ સહુને લાગુ પડે અથવા સઘલાં માણસોને પસંદ પ

ડે અને સંપળાથી ચાલી શકાએ એવી જીંદગાની ગુજારવાની ફલાણીજ રીત એમ કહી શકાતું નથી.

આપણાથી માતરે એટલુંજ કહી શકાશે કે જીંદગાનીની જે હાલતથી માણસો આનંદમાં અને સંતોશમાં ઘણું કરીને રેહેછે તે કદાચ સુખી થવાની રીત હશે. કારણ કે માણસનું દેખાઈતું સુખ એ તેના ખરા સુખનું ખરૂં માપ નથી તોપણ આપણા હાથમાં એ કરતાં બીજું વધારે સારૂં માપ નથી.

તારે એ દેખઈતા શુખ ઊપર નજર રાખતા જઈએતો સુખ હકળ લખેલી વાતોમાંછે એમ માનવું.

---

## સંસારી પરીતી કરવી એ ખુશી અથવા આનંદ મેળવવાનું પેહેલું સાધન.

જે માણસોની આસપાસ બઈરી, છોકરાં, દોસતદારો વગરે જેવી વસતુઓ પરીતી તથા વાહાલ કરવાને ઘણી હોએછે તે માણસો ઘણુ કરીને સારા મીજાજમાં હોએછે. વેરાગીઓના સવભાવ ચીડાએલા અને ધુંધવાતા હોએછે તેનું કારણ એજ કે સદરહુ વસતુઓના તેઓને વાંધા.

એ સંસારી વાહાલ તથા પરીતીથી જેટલી આપણા દીલને ખુશી તથા મીજાજને થંડક થાએછે તેટલીજ ખુશી તથા થંડક ગરીબોને પઈસા વગેરે આપીને સખાવત કીધાથી તથા જેઓનેઆપણી બુધી વગેરેની મદદની ગરજ હોએ તેમને તે આપીને તેમનું સારૂં કીધાથી થાએછે.

૨. હરકોઈ મતલબ જે આપણા મનની અથવા શરીરની શકતીઓને કામમાં ગુંતાએલી રાખે તેવો હોએ તેની પાછળ તન અથવા મનથી ગુંતાએલા રેહેવું એ ખુશ અથવા આનંદનું બીજું સાધનછે.

એ ખરૂંછે કે હરકોઈ માણસની પાસે જીંદગાની લગણ સુખ અને ચેન ટકે તેટલાં સુખનાં સાધનો હોએ અને કંઈજ સુખ મેળવવાનું બાકી ન રહીઊં હોએ તો તે માણસને કદાપી સુખ થનાર નહીં. એવાત કોઈ મતલબની આશાથી ભરેલો હોએ તેની ચંચળાઈ અને મીજાજની સાથે જેઓ જનમથીજ સુખનાં સાધનો લઈને દુનીઆમાં આવીઆ હોએ અને જેઓને કશાનો ખામી નહોએ એવા, અથવા જેઓ સુખ લોગવીને જલદી જલદી ધરાઈ ગએઆ હોએ અને જાણે કે તેના સંધાં સુળો માંહેથી તે નીચોવી લીધું હોએ એવાઓની, સુસતી અને નાસીપાગોસીની સાથે સરખાવીઆથી ખુલી નજર આવેછે.

તવંગર લોકોને ઘોડદોડ અને જુગાર રમવાને જે ખેંચી જાએછે તથા કજીઆ ફીસાદ જેઓમાં ફતે થાએ તો તે મેળવતાં જે ચીંતા અને ખરચ બેસેછે તેની સાથે સરખાવતાં કંઈજ નથી તેવાં કજીઆ ફીસાદમાં જે તેમને ગુંતાવેછે તે સદરહુ મનની સુસતીછે.

તારે એ ઊપરથી જણાએછે કે આશા જે આપણા સુખને એટલી બધી અગતનીછે; તે બે જાતનીછે. એક એવી કે જેનો મતલબ પારપાડવાને કંઈ કરવાનું હોએછે અને બીજી એવી કે તેનો મતલબ પારપાડમાં કંઈજ કરવાનું નથી હોતું. તારે સદરહુ બે પરકાર માંહેની પેહેલા પરકારની આશા કંઈક કામની પણ બીજીતો છેક નકામી કેમકે તે આશાવાળા માણસને કંઈ કરવાનું નહીં, બેઠે બેઠે મતલબ કારે પારપડે એટલુંજ ધારવાનું તેથી તે કંટાળી જાએછે અને સેવટ ઊમેદવારને બદલે અધીરો થઈ જાએછે.

સદરહુ મતતો જાણે જલદીથી મંજુર રાખવામાં આવશે પણ આપણને આનંદમાંના આનંદમાં રાખે એવાં કામો શીરીતે મેળવવાં એ મુશકીલીની વાતછે. એ મેળવવાને બે વાત જોઈએછે. એકતો આપણી તકને લાએક હોએ એવા મતલબો પસંદ કરવામાં વીવેક રાખવો તથા બીજી વાત એ કે આપણે આપણા વીચારો ઊપર અખતીઆર રાખવો કે તેથી કરીને આપણે એકપણે એકવાર વીવેકથી આપણે એક મતલબ પસંદ કીધો કે પછી તે પાર પાડવાના ઊપાઓ કરવામાં આપણને ખુશી લાગે એવું કરવાને આપણે શકતીવાન થઈએ. અને પછી તે જેમ જલદીથી ચાહીએ તેમ મતલબ વીસરી જઈ શકીએ.

વાસતે જે આનંદ માંહેથી ફળ વધારે મળેછે તે નહીં પણ જેથી ફળ પાછળ લાગવામાં આપણે વધારે રોકાઈએ છઈએ તથા આપણામાં ચંચળાઈ વધેછે એવા આનંદ વધારે ઊપીઓગીછે.

એક માણસ જે આ દુનીઆ છોડીઆ પછી જે તેની હાલત થવાની તેમાં સુખ મેળવવાની તદબીરમાં મશગુલ હોએછે તેને આ બાબદમાં આખી દુની

આના માંણસો કરતાં વધારે નશેછે. કેમકે ઘણીજ અગતનો મતલબ જેમાં હમેશાં મશગુલ અને ચંચળ રેહેવું જોઈએ તે તેની નજર તલે રમતો હોએછે તથા જેની પાછળ ગુતાવાનું જનમારા સુધી મટતુંજ નથી.

કોઈ પણ વાતમાં ગુંતાએલા રેહેવું એમાં બ ધુંછે. જેમ જેમ આપણે વધારે વધારે અગતનાં કામ માં તેમ તેમ વધારે સારૂં જેમકે ધારા બાંધવા, કંઈ કારખાનાં કાઢવાં, ધરમનાં કાંમો કરવાં, સુધારા ક રવા, લોકોનાં સારાંને સારૂ જાહેર કામો કરવાં તથા કોઈને કહીને અરજ કરીને તે કાંમો સેવટ સુધી પા ર પડે તેવું કરવું એ મનને ઘણુંજ ગુંતાએલું રાખે છે. પોતાની મેહેનત વડે કમાઈને પોતાના કુટુંબને સુખી કરવું, પોતાના બચાંને ભણાવવું ગણાવવું, તે ને આગળ જતાં કઆ ધંધામાં નાંખવું એનો વીચાર કરવો, તથા પોતે કોઈ નવી નવી ભાશાઓ શીખવી એ જરા થોડું ગુંતાએલું રાખેછે. સેવટ તે પણ નહીં. ઘરમાં બેઠે બેઠે કંઈ ચોપડીઓ બનાવવી, ઘર બાંધવું બાગ બગીચા બનાવવા, વગેરે કોમોમાં વળી ઊપલાં બે જાતનાં કરતાં મન વધારે થોડું ગુંતાએલુંછે. પ ણ જે જે પરમાણે કામ વધારે અગતનું અને જેમાં મન ગુંતાએલું રેહતે પરમાણે તેથી મનને વધારે આ નંદ અને ચંચળાઈ આપણામાં આવવાનાં.

૩. જે જે ટેવ અથવા ચાલ ડાહાપણની રીતે પાંડી હોએ તે ઊપર સુખ વધારે આધાર રાખેછે.

જે હુનરમાં માંણસ જાતના સુખનો મરમ રહે ઓછે તે ઘણું કરીને આ છેકે દર અસલથી ચાલ અ થવા ટેવ એવી રીતની પાડવી કે પાછળથી તેમાં જે કંઈ ફેરફાર થાએ તે સારોજ થાએ, એ ચાલોનો ઘ ણું કરીને એવીજછે. કેમકે આપણે જોઈએ છઈએ કે જે કંઈ વાતનો આપણને માહાવરો પરેલો હોએછે તે સાફ સેહેલી બનેછે.એક ચાલ પડી હોએને તે થોડા વ ખત સુધી ગઈ હોએને ફરીથી આપણે તે આપણામાં લાવવી હોએ, તે ગમે તેવી હોએ તોએ સેહેલથી લાવી સકાએ તેટલા વાસતે જે ચાલ પોતાથી આડાઅવળા જવા દે એવી હોએ તે ફાએદા ભરેલી ચાલ સમજવી. તવંગર માણસ હમેશાં સારૂં સારૂં જમણ જ મે તેને ગરીબ રોટલીને ભાજી રોજ ખાએછે, તેના કરતાં કંઈ વધારે ખુશી લાગતી નથી. પણ ગરીબ બાહાર જે ઠેકાંણે તે ખાવા જાએછે તેને મેજવા ની થઈ રેહેછે ને તવંગરને મેજબાની આપવી હોએતો તેને વાસતે અનેક જાતની ઊમદા ઊ મદા વસતુઓ જેનો તેને લગાર કંટાળો ન લાગે એ વી બનાવવી જોઈએ. જેઓ દરરોજ પાનાં રમેછે તથા જે ખેતર ખેડેછે તેઓ બંને પોતાનો વખત ઘ ણો ખરો એક સરખી રીતે કાઢેછે પણ પાનાં રમના રને પાના રમવા જવામાં જેવારે અટકાવ થાએ તારે ઘેર રેહેવું પડે એટલે તેને દુખ થાએછે. પણ ખેડુત થી જે દાહાડે કામે જવાતું નથી તે દાહાડો તેને આ સાએશનો થઈ પડેછે. જે માણસ એકલું રેહેવાને શીખીઓ હોએ તે જારે માણસોમાં જાએછે તારે તે નો મીજાજ ખુશ થાએછે તથા તાંહાંથી તે ચેનમાં ઊ ઠેછે. બીજો જે માણસોની ગરદી અને જુદી જુદી મોજ શોકી મંડળીમાં ફરનારો હોએછે તે કોઈ મંડલી માં ગઓ આવીઓ તો તેથી તેને પેલાના જેટલો કં ઈ આનંદ થતો નથી. પણ એવું બને કે મોજ શો કવાળી મંડળીમાં ફરનારાને ગરીબાઈ આવીઆને લીધે અથવા બીજી કોઈ રીતે પોતાના દોસતદારો વ ગેરેથી જુદું પડવું પડે તો તે વખત સદરહુ બે જાત ની ટેવના ફાએદા ગેરફાએદા સમજાવવાના. મંડલીઓ માં ભટકનારાને પોતાના દોસતોથી છુટા પડવાને લીધે અતીસે દુખ થવાનું અને બીજો જેને એકલાં રેહેવાની ટેવ હોશે તેને પોતે જાણે છુટાપણું ભોગવતો હોએ એમ લાગવાનું. એક એકલાપણાથી, ચીડાઊ, થવાનો અને શું કરવું વખત કેમ ગુજારવો તે સુજતું નથી, બીજો જારે એકલો હોએછે તારે પોતાની ચોપડી લઈ ને વાંચવા બેસેછે અથવા નીરાંતે પોતાને કામે બેસેછે અથવા તે નહીં તો મોહોટા ઊંડા વીચારમાં પડીને મન ને ખુશ રાખેછે. જે શાસતરની બાબતો વીશે શીખ તો હોએછે તેના હાથમાં કોઈ તવારીખનું અથવા બીજું કોઈ રમુજી વાતોનું પુસતક આવીઊં એટલે તે પોતાની ગમતને સારૂ તે પોતાના હાથમાં લઈ મનને ગમત થાએ અને આસાએશ મળે તાંહાંસુધી વાંચેછે, વળી પોતાને કામે ખુશ મગજથી બેસેછે. પણ જેને વાર તાઓ, ટોળ વગેરેનીજ ચોપડી વાંચવાનો શોક હોએ છે તે જે પુસતકખાનામાં જાએછે તાંહાં ગમતનાંજ પુસતકો જોતો ફરે ને તે ન મળીઆં એટલે મોહો મર ડી ચાલતો થાએ. પણ જે આશાએ તે તાંહાં ગઓ હોએ તે આશા તેની બર આવે નહીં.

કોઈ કહેશે કે પઈસા સુખ આપેછે, તો એમ ન હીં-કે તે પોતાના એક બાંધેલા આએપતથી સુખી થા એછે પણ તે આએપતમાં વારેવારે વધારો થતો જાએ તેમાં સુખ માનેછે. જેમકે એક માણસ એકસો રૂપી આ લઈને વેપાર કરવા માંડે અને બીજો એક હજાર રૂપીઆ લઈને વેપાર કરવા માંડે. તેહમાં પેહલાને પોતા ના વેપારમાંથી હજાર મળીઆ અને બીજાને ખોટ જતાં હજાર મુદલમાંથી સો બાકી રહેઆ. હવે જોઈએ તો એ બંનેની આવક જાવક સરખી હોશેતો પણ તેઓ ને પઈસા વડેને ખુશી થવાની તે ઘણીજ જુદી જુદી ત હરાંની થવાની. હજાર હજાર રૂપીઆનો ખરા, પણ એક ની પદરે થઆ, ને બીજાએ પદરથી ખોઆ, તારે પેહલા એ પોતાની આવકમાં વધારો કીધો તેથી તેને ખુશી થવા ની અને બીજાએ પોતાંની પદરે તો પઈસા હુતા પણ ખોઆ એટલે આવક ન થવાના સબબથી તેને દુખ થવાનું,

૪. સુખ તંદુરૂસતી રાખવામાંછે.

આપણું શરીર તંદુરૂસત રેહે એટલે ફકત તેમાં શરીર રોગ વગરનું રેહે એટલુંજ ન સમજવું પણ તે ની સાથે મીજાજની બાહાલી પણ જોઈએ, એ મી જાશ બાહાલીને તંદુરૂસતીમાં હોવી જોઈએ તેનું કાર ણ એકે ઘણું કરીને જે જે કારણોથી સરીર ઊપર ખ રાબ અથવા સારી અસર થાએછે તેવાંજ કારણોથી મીજાજપરખી અસર થાએછે.

ઊપર કહા પરમાણે આપણે તંદુરૂસતીનો અ રથ લઈએ તો તંદુરૂસતીની આપણને ઘણીજ ગરજ છે એમ માલમ પડશે. તેટલા વાસતે આપણે પોતાની તંદુરસતીને વાસતે ગમે તેટલી મેહેનત કરીએ અથવા ખરચ કરીએ, અથવા મન મારીએ અથવા પરેજી પાળીએ તો તે ઘણું કીધું એમ કદાપી નહીં કેહેવાએ. વળી એને વાસતે ચાકરી અથવા પોતાની વાહાલી ગ મન, છોડવી પોતાના બે મરઆદ હવસોને આંકોસમાં રાખવા અને ટુંકામા જે અડચણો પોતાને પડે તે સ ઘલી સોસવી, એ બધું કરવામાં સમજુક તથા પોતાનું સારૂં ચાંહનાર માણસ કદી પછાત પડવાનો નહીં.

જારે આપણે પુરી તંદુરસતીમાં અને મીજાજ બાહાલીમાં હોઈએ છઈએ તારે આપણે જે સુખ લો ગવીએ છઈએ તેને સુખ આપનાર બાહારનાં સાધન જેવાં મેજબાની નાચ વગેરેની કંઈજ ગરજ લાગતી નથી. એ સુખનું બઆન આપી શકાતું નથી. એ જ સુખ જીવ વાળાં પરાણીઓની જીંદગી પાછળ લ ગાડેલુંછે. એ સુખ ઘણું કરીને નાંનાં બચાંઓમાં તથા જેને જનમારામાં થોડુંજ પોતાની જગાથી હીલ વું પડેછે એવા પરાણીઓમાં હોએછે.

ઊપર લખેલી કલમ માંહેથી બે પરીણામ હાં સલ થાએછે.

૧. માણસ જાતના જુદા જુદા ફીરકાઓને સુખ ઘણું ખરૂં બરાબર વેંહેંચી આપેલુંછે.

૨. આ દુનીઆના સુખની બાબતમાં પણ બ દીનું નેકી ઊપર બીલકુલ ચલણ નથી એમ માલમ પડેછે.

---

## ગુલાંમોનો વેપાર.



સઘલા વેપારોમાં ગુલામનો વેપાર સરવેથી બુ ડો, દુખ ઊપજાવનાર, પાપી અને નીતીના કાએદાથી ઊલટોછે. પરમેશવરના પેદા કીધેલા મનુશોમાના એ ક મનુશને તેનો એક ભાઈબંધ તેના છુટાપણાનો નાશ કરી, પોતાના પેઆરા કુટંબથી જનમ સુધી દુર પા ડી, એક હેવાનની માફક તેને જાહેર બજારમાં વેચે અને બીજો એક ભાઈબંધ તેને પોતાંનો તાબેદાર અ ને ગુલાંમ કરવા સારૂ ભર બજારમાંથી વેચાતો લી એ ! એ ઈનસાંનીઅતથી કેટલું ઊલટું અને ધીકાર વા જોગછે ?

ગુલામોનો વેપાર આગલા જમાનાથી ચાલતો આવેઓછે અને હાલમા તે ઈઊરોપના સુધરેલા ખંડ માંથીનો ઘણુ કરીને નાબુદ થાએઓછે પણ અમેરીકા ખંડમા એ જંગલી ચાલ હજી ચાલુછે. ગુલામોને પક ડવાની રીત તથા તેનો વેપાર દુનીઆંમા તરેહવાર રી

તે ચાલેછે. પણ હાલ અમેરીકામાં જે રીતે કામમા લા વેછે તે ટુકામાં અતરે જણાવીએછે.

ઘાતકી દીલના ગુલામોના વેપારીઓ પેહલાં એ ક હથીઆર બંધ ટોલું થાઈને દુરના ટાપુઓ ઊપર જાએછે. તાંહાંનાં જંગલી રેહવાસીઓ કે જેઓ પોતા ના કુટંબો શાથે છુટી છુટી જંગીઆએ જુપડાંઓ બાં ધીને રેહછે તે જુપડાંઓને રાતની વેલાએ એ કરપી ણ ટોલી આસપાસથી સલગાવી દીએછે જેથી પેલું ની રદોશ કુટંબ ભર ઊંઘમાંથી ચોંકી ઊઠેછે અને પોતા ની આસપાસ બલતું જોઈને ઘબરાટમાં બાહેર નીક લવા માંડેછે, તેવાજ પેલા છુપાઈ રહેલા કરપીનો તે ઓને બાએડીઓ તથા બચાંઓ સુધાં પકડી લીએછે. એ વેલાએ આ ગરીબોનો કકલાટ તથા કલાપીટ હેવો થાએછે કે તે કોઈ દએઆલુ મંનનાથી બરદાસત થા ઈ શકાતો નથી. એવી રીતે એક પછે એક હજારો આદમીઓને પકડીને તેઓને એક વાંહાંણમા ભરેછે. જેમ વખારમાં લાકડાં સીચેછે તેમ આએ ગરીબોને જબરદસતીથી એકનો હાથ બીજાના પગ સાથે બાંધી ને વાંહાંણમાં ગીચો ગીચ ભરેછે, પછે તે મરો ઈઆ જીવો તેની કાંઈ દરકાર તેઓને હાતી નથી. વાંહાંણ માં ઘણોજ ખરાબ અને તેબી ઘણો થોડો ખોરાક તે ઓને ખાવાને મલેછે. તેથી તેઓ અધમુઆ થાઈ જા એછે તથા ખીચો ખીચ રેહવાથી તેમાના શેંકડો બં ધીવાંણો મરણ પાંમેછે તથા શેંકડો દરદ અને પીડા થી મરેછે. એટલુંજ નહી પણ કદાચ રસતામા વાંહાં ણને તોફાન લાગું તો નેહાવ ખાલી કરવાને બદલે આ ગરીબ પરાંણીઓમાંથી કેટલાએકને દરીઆમાં નાખી દીએછે. હાવા જુલમમાંથી જારે તેઓ ઠરાવે લી જગાએ આવી પોહોંચેછે તારે તાંહાંની બજારમાં મુકરર કીધેલે દીવશે તેઓનું લીલાંમ કીધામા આવેછે. તેઓને લીલાંમની જગાએ હારેદાર બેસાડેછે પછી ખરીદનારાઓ તાંહાં એકઠા થાએછે અને જેમ ઘોડા તથા બલદોને લેતી વેલાએ છાતી, પગ તથા બીજા ભાગો તપાશીઆમાં આવેછે તેમજ પેલા ખરીદદારો આએ કંગાલોના બધા ભાગો તપાસી જોએછે. એ ત પાસની વેલાએ તે માણશોને હોશીઆર તથા ચાલાક દેખાડવા સારૂ તેના ધણીઓ તેને તંબાકુ, મરચુ, અ ને હેવીજ બીજી જલદ ચીજો ખવાડેછે. જો એમ કી ધાથી તેઓ હોશીઆરી નહી બતલાવેતો તેઓના ધ ણીઓ તેઓને પાંસરોમાં તથા માથામા ટોંશા મારી ચંચલ કરેછે. લીલાંમ કરનાર જે ગોલાંમને વેચવો હોએછે તેહની તારીફ પેહલાં બઆંન કરેછે અને તે પછે લીલાંમમાં ચડાચડી થાએછે. જે કોઈ વધા રે કીમત આપેછે તેને તે ગુલાંમ મલેછે. ગુલાંમ ને તેના જાતભાઈ ઓમાંથી છુટા પાડીને તેનો ખ રીદદાર લઈ જાએછે તે વેલાનો દેખાવ ઘણો દએ આ ઊપજાવનારોછે. એક ઓરત પોતાના ખાવંદ થી અથવા એક બચું પોતાની માએથી છુટું પડતાં ભારે વીલાપ અને શોર કરેછે. એ લીલાંમના દેખાવ નુ એક ચીતર આએ બીનાને મથાલે આપીઊંછે તે ઊપરથી જણાશે કે એક માએને તેનુ બચું કેટલાં પે આરથી વલગેછે અને તે માએને પોતાંનુ બચું મુકતાં કેટલુ દુખ ઊપજેછે.



## પરચુરણ બાબતો.

**કેલવણી નહી પામેલાં બઈરાં**—ગનેઆન મેળવ આના ફાએદાઓમાંનો એક ઘણોજ સારો ફાએદોછે તે બુઢા પણામાં માણસને પોતાની આબરૂ અને અગત રાખવાને શ કતીવાન કરેછે. જેમ જેમ માણસો ઉમરે વધેછે તેમ તેમ તેઓની આબરૂ વધેછે. જે ગનાન તેઓએ મેળવેલું હોએ છે તેથી તેઓ આબરૂને લાએક ગણાએછે અને જે તેઓ આપી શકેછે તે આપીને તેઓ સુખી થાએછે. જો તેઓ બુઢા થઈ જાએ અને તે વખતમાં તેમની અકલને ધોકો પોં હોંચે તોપણ તેનું બદન માંન પામેછે કેમકે તેમાં એકવાર ગ નેઆન ભરેલું હતું વાસતે પણ ગનાન વગરની બાઈરીને તે ની જુવાની ગઈ એટલે સઘળું ગએઉં. કોઈ તેને ઢુંકીને જો તું પણ નથી. કેમકે તે તેની આંખને કે તેના મનને એકે ને ખુશ કરતી નથી.

---

**બઈરીનો પોતાના ખાવંદ ઊપરનો પેઆર**— ઈંગલાંડના પાદશાહ ઊઈલીઅમ-ધી કોંકરરનો છોકરો રાબરટ ઓવ નારમંડી એને ઝેરી તીર વાગેઓ હતો તારે વાહાડકા પના ડાકટરે સલાહ આપી કે કોઈ માણસ એ ઘાઆંહેથી ઝે ર ચુસી લીએ તો સારૂં થાએ. તારે પેલો ઘવાએલો છોકરો બોલી ઉઠીઓ કે હું પોતે મરીશ બીજા કોઈને મારે બદલે મ

રવા દેવો એવું ઘાતકી કામ કરનાર નહી. એ તેનું બોલવું મનમાં રાખીને તેની બઈરી જારે તે સુતો હતો તારે તેની આગળ ગઈ અને તેના ઘા ઉપર હાથ મુકીને તેનું ઝેર ચુંસી લીધું જેથી તે બઈરીનો જીવ ગએઓ અને તેનો ધણી બચીઓ. આહાહા એ બઈરીનો પોતાના ખાવંદ ઉપર પેઆર તે કેવો !

---

**એક માઈલની વેગલાઈથી એક બીજા સાથે વાત કરવી**—ઉતર ધ્રુવ કે જાંહાં બાહરે મારા બરફ બંધાએલો હોએછે, તાંહાં માણસો એક માઈલ ઉપરાંતની વેગલાઈથી વાત કરી શકેછે. મીશતર જેમીસન કેહેછે કે એક દાહાડે મેં બે માઈલના તફાવતથી દેવલમાં કીરેલો ધરમોપદેશ સાફ ખુલલી રીતે સાભલેઓ.

---

**માણસનો અવાજ**—માણસ ૧૭૫૯૨૧૮૬૦૪૪૫૧૫ જુદા જુદા અવાજો કાહાડી શકેછે એવું માલુમ પડેઉછે.

---

**છતરી કાંમમાં કીહારે આવી**—૧૭૫૬ ના વરશમાં જોનાસહાનવે નામના એક મુસાફરે પેહેલ વેહેલે છતરી ઓઢવાને શરૂ કીધું. પેહેલાં લોકોએ તેની ઘણીજ મશકરી તથા હશી કીધી હતી, પણ તે ૧૭૮૬ ના વરશમાં મરણ પામેઓ તેની આગમજ તેણે લોકોને ઓઢતાં જોએઆ.

---

**ચીનની ઓરતોના પગ નાહાના હોવાનું કારણ**—ચીન દેશની તવારીખ ઉપરથી માલુમ પડેછે કે એ રવઈઓ કેટલીએક સદી થઇ ચાલતો આવેઓછે. કાંઈ સેંકડો વરશોની વાતપર ચીનીઓએ રાજ તરફ ભારી તોફાન ઉઠાવેઉં, અને તેને તોડી પાડવાને કોશેશ કીધી, માટે તેવું તોફાન ફરીથી નહી ઉઠે તેટલા વાસતે તેઆરથી તાંહની શરકારે એવો હોકમ કીધો કે જે કોઇ છોકરી જનમે તેના પગે લાકડાંના જોરા પેહેરાવા—કે જેથી કરીને તેઓના પગનો ઘણો ઉપઈઓગ થઇ શકે નહી.

---

**જીના જાણવરોનો ડંખ લાગો હોએ તેને સારૂ કરવાનો નવો ઉપાએ**—જો મછરનો ચાંચરનો, ઈતીઆદી ડંખ લાગો હોએતો કલોરોફારમ નામની બેશુધ કરવાની જે દવાઈ આવેછે તેમાં આંગલું બોરીને તે બાગપર થોડીએક સેકંડ લગીન લગાડો. પછી તુરત સઘલો ચચરવાટ નરમ પડી જશે. આ ઉપાએ સસતો તેમ શેહેલો અને અશર કરે એવોછે.

---

## નાનપણમાંથી દીકરીને નીશાળે મોકલવા વીશેનું

## ગીત.

" મોહનજીએ મોકલુરે મોશાળું " એ રાગનુંછે.

---

નાનકડીને મોકલોને નીશાળે ॥
વીદીઆથી ઘણો ખુબી વીશાળે ॥નાન ॥ ટેક ॥
બાળાપણથી નીશાળે જો બેસે ॥
પુરા પંડમાં સદગુણ પેસે ॥ નાન ॥ ૧ ॥
ભોળી મા મેલે છોકરાં ભમતાં ॥
લડેને રડે રસ્તામાં રમતાં ॥ નાન ॥ ૨ ॥
કાંતો કેકની જઈ કરે આળો ॥
કાંતો ગાવા શીખે ભુંડી ગાળો ॥ નાન ॥ ૩ ॥
જાએ ફેલથી લુઘડાં ફાટી ॥
મેલાં ઘેલાં ફરે ચુંથે માટી ॥ નાન ॥ ૪ ॥
કેક ઘરમાં રમેતો કદાપી ॥
તાત માતને મેલે સંતાપી ॥ નાન ॥ ૫ ॥
મળે નહીં તે ચીજે મોઢે માગે ॥
લેને રઢ પછી રડવાને લાગે ॥ નાન ॥ ૬ ॥
ખોટા હઠ નથી દેખી ખમાતા ॥
તેથી માર મારે તેની માતા ॥ નાન ॥ ૭ ॥
ભણશે ભણતર જો ભલી ભાતે ॥
શાણી સારી સાહેલી સંઘાતે ॥ નાન ॥ ૮ ॥
શીખે સુધ શીખામણ સારી ॥
ચોંપે ચીતમાં જુવોને વીચારી ॥ નાન ॥ ૯ ॥
દીસે ભણી ગણી ડાપણવાલી ॥
સદા ચરણથી ચાલે સંભાળી ॥ નાન ॥ ૧૦ ॥
ચીતે ચેતી લેશે ચતુરાઈ ॥
ઠગી નહી સકે ઠગની ઠગાઈ ॥ નાન ॥ ૧૧ ॥
ગણી લખશે લેશે સારી ગમના ॥
ભુત પરેતની ભાગશે ભરમના ॥ નાન ॥ ૧૨ ॥
ધરમ કરમ કરે મનધારી ॥
સારાં શાસ્ત્ર શીખે સુખકારી ॥ નાન ॥ ૧૩ ॥
સાચું સ્વરગનું સાધન શોધે ॥
બીજી બેહેનપણીને પ્રબોધે ॥ નાન ॥ ૧૪ ॥
જેથી જગતમાં શુભ જશ જામે ॥
પુરા પરેમથી પ્રભુ પદ પામે ॥ નાન ॥ ૧૫ ॥
માત તાતને મન થાએ ગમતી ॥
ભુંડી ભાતે ભમે નહીં ભમતી ॥ નાન ॥ ૧૬ ॥
આચરણ એવાં ઉત્તમ આવે ॥
શાણી થઈને સાસરીઉં શોભાવે ॥ નાન ॥ ૧૭ ॥
હેને હળી મળીને રહે હરખી ॥
શોભે સતી સીતા સુંદરી સરખી ॥ નાન ॥ ૧૮ ॥
તાત માતની કીરતી તાજી ॥
સારા સંસારમાં રાખે સાજી ॥ નાન ॥ ૧૯ ॥
એતો આદરો વચન અમારૂં ॥
તેતો અંતેછે હેતુ તમારૂ ॥ નાન ॥ ૨૦ ॥
સારા શીખશક સૌને સુધારે ॥
વારે વારે વીવેક વધારે ॥ નાન ॥ ૨૧ ॥
એને આજથી આગના આપો ॥
ધીરતાથી નીશાળમાં થાપો ॥ નાન ॥ ૨૨ ॥
પુત્રી હોએ પોતાને જો પીઆરી ॥
સારૂ શીખવીને કરો સારી ॥ નાન ॥ ૨૩ ॥
કપીઆં કથન સ્વદેશીને કામે ॥
રૂડી રીતથી દલપતરામે ॥ નાન ॥ ૨૪ ॥

# સ્ત્રીબોધ.

પુસતક ૩ જું. મારચ ૧૮૫૯. આંક ૩ જો.


## લાએકીવાળી ઓરત.

### કાથીરાઈન.



મુશ્કેલ હાલત અને ભારી અડચણો છતાં ઘણી મેહેનત અને ખંતીથી તથા પોતે દુખ ખેંચીને બીજાઓનું ભલું કીધાથી જે જે અસતરીઓ વખણાઈ ગઈઓછે તેઓમાં લીવરપુલ શેહેરમાં હાલ એક કાથીરાઈન નામની અસતરી રેહેછે તેને સરવેથી પેહેલી જગો આપવી ઘટારતછે. એ લાએકી વાલી ઓરતનો હેવાલ વાંચેઆથી જે ધડો મલશે તે ઊપરાંત નાહાનપણમાંની સારી નશીહતો અને સોહોબતોની અસર મોટપણમાં કેવી મજબુત થાઈ શકેછે એ વીશે દરએક વાંચનારની અછી રીતે ખાતરી થાશે.

કાથીરાઈન ૧૭૮૬ ના વરશમાં લેનકેશાએરના એક ગામડાંમાં જણમી હતી. તેના માબાપ ઘણા ગરીબ હતાં, પણ સારે ભાએગે તેઓને એક આબરૂવાલી જઈફ અસતરી સાથે સારી પેઠે ઓલખાણ હતી અને તે ઓરત જાતે શરીરે નબલી હોવાથી તેણે કાથીરાઈનને પોતાના ઘરમા એક દાસી અને સોબતી તરીકે રાખી. એ માએઆલુ અસતરીએ કાથીરાઈનને વાંચવા લખવા શીખવી એટલુંજ નહી પણ નાહાનપણથી પોતાના ઘરમની સંઘલી ફરજો સમજવાની અને સફાઈ ભરેલી રીતે ચાલવાની ટેવ પાડી. એ ઓરતની ગુંજાશ જુજ હતી તોપણ તે ગરીબ લોકોની સારી રીતે બરદાસત લેતી હતી; જરૂર પડે તારે તેઓને સારી સારી સલાહ આપતી હતી અને દુખને વખતે તેઓની માવજત કરતી હતી. શરીરે નબલી હતી માટે થોડા પડોશીઓને તાંહાં ચાલીને જવાની શકતી રહી નહી. તેટલા માટે જારે કોઈને એની મદદની જરૂર પડે તેઆરે ખુરસી પર બેસાડીને તેને લઈ જતા હતા અને તેની નાહાની દાસી કાથીરાઈન તેની સાથે પગે ચાલતી જતી હતી. રસતામાં કોઈ નાચારની જુપ્ડી જોવામાં આવેતો તેની ખબર લેવા કાથીરાઈનને મોકલતી હતી, કારણ કે તેની પોતાથી ખુરશી પરથી ઊતરાતું ચહડાતું નહી હતું. નાચાર બીચારની દાદ લીધા પછે તે ઘર આવતી તારે કાથીરાઈનને વારે ઘડીએ સારી સારી સીખામણો દેતી અને બોલતી કે કાથીરાઈન કદાચ તું હમેશ એવી ગરીબ હાલતમાંજ રેહેશે, તોપણ તારામાં એક શકતીછે તે તારા ભાઈબંધના સારાંને માટે કામે લગાડજે. તે એ કે તારો કોઈ પડોશી આજારી હોએતો તું તેની પાસે બેસીને ધરમ પુસતકમાથી અથવા બીજી કાંઈ સારી ચોપડીમાંથી એકુ ફકરો વાંચી સંભલાવજે; અથવા જો તેનું કામ કાજ કરવાને કોઈ સગું વાહાલું નહી હોએ તો તું જડપથી તેનું કામ કરજે.

આવી નેક ખશલતની ઓરત થોડીએક મુદતમાં મરણ પામી અને તેનુ કુટુંબ છુટું પડેશે તેથી કાથીરાઈન પાછી પોતાના મા બાપને ઘર ગઈ. આ વખતે તેની ઊમર માતર બાર વરસની હતી, અને તને લાએકની કાંઈ ચાકરી મલી નહી આવી મા

ટે તેના મા બાપે તેને તેના ભાઈની સાથે કાપડ બનાવાના કારખાનામાં કાંમે લગાડી. એ કારખાનામાં તે થોડાએક વરસ રહી અને તાંહાં પોતાની અકલ તથા તંનદરોસતીમાં વધારો કીધો. તે કારખાનાનો ઊપરી ઘણો માએઆલુ પુરૂશ હતો, અને તાંહાના સરવે માણસો પર એક બાપની પઠે મેહેરબાની રાખતો હતો તેથી કાથીરાઈન તેની ઘણી વખાણ કરવા લાગી. તારપછે કાથીરાઈનને એક કુટુંબમાં ચાકરી મલી તેથી તેણે તે કારખાનું છોડઉં. એ ચાકરીમાં તેણીના ઊદીઓગ અને ઈમાનદારીમાં વધારો થાએઓ અને તાંહાં દરએક ચીજ જોએઆથી પોતાના ગનેઆનમાં વધારો કરવા લાગી. આવી રીતે પોતાની આસપાસની દરએક ચીજ જોઈને ગનેઆનમાં વધારો કરવાની ટેવ જે કાથીરાઈનમાં હતી તે ઘણી વખાણવા લાએક હતી.

એ કુટુંબમાં કાથીરાઈન હમેશાં ખુશી અને ઈમાનદારીથી પોતાની ચાકરી બજાવતી હતી: અને એ સઘલી ચાલો તેને આગલ જતાં ઘણી અમુલીઅ થાઈ પડી. એ ચાલથી તેને પોતાને સારૂં થાએઊં એટલુંજ નહી, પણ બીજાઓનેબી તેજ રીતે ફાએદા થાએઓ. એ પછી તેના એક સખશ સાથે લગન થએઆં; પણ કેથીરાઈનની માં જે ઘણી ઘરડી તથા અશકત થઈ ગઈ હતી માટે લગન કરેઆની આગમજ તેણીએ તે સંખશ સાથે કબુલાત કીધી કે મારી માએને આપણી સાથે રેહેવા દેવી. પછે એક નાહાનુ ઘર લઈને તેઓ બંધે ખુશાલીમાં કેટલાંએક વરસ સુધી રહેઆં. કાથીરાઈનને બે છોકરા થએઆ પછી તેનો ભરથાર મરણ પામેઓ. આ માઠા બનાવથી કાથીરાઈનને ઘણુ દુખ થએઊં અને તેની ગમગીની અને શોકથી છુટીતી નહી તેટલાંમાં તેના દુખમાં ઊમેરો થએઓ. તેની માએ ઘેલી અને આંધલી થઈ ગઈ. આ દુખનો બોજો કાંઈ જેવો તેવો હતો નહી. જો કાથીરાઈનને ઠેકાણે કોઈ બીજી ઓરત આવી પડતે તો તે પોતાના દુખનું ભારે રદન કરતે; દલગીરીમાં ગરક થાઈ જતે અને ઘરબાર છોડીને ધરમશાલામાં જઈ રેહેતે. પણ કાથીરાઈને પોતાની જાતી હીમત છોડી દીધી નહી. પોતાંના દુખનો જહરકોતો તેને ભારી લાગો પણ તેને જોએઊં કે એવા બનાવમાં માણસનું કાંઈ ચલણ નથી, તેટલા માટે જે પડે તે ખમવું જોઈએ. એવી રીતે તે પોતાને દીલાસો આપતી હતી, અને તુરત પોતાના કુટુંબના ગુજરાણને માટે મેહેનત કરવા મંડી કાંએક આલસુ બેસી આસપાસનાઓ ઊપર આધાર રાખવાને તેને પશંદ પડેઊં નહી. તેની હાવી હાલત જોઈને સરવેને દએઆ આવી અને લોકોમાં તેની આબરૂ સારી હતી તેથી તુરત ધવાડનારીની એક ચાકરી મલી. શારી સલુકાઈથી અને ઈમાનદારીથી તે લોકોમાં એટલીતો જાણીતી થઈ હતી કે તેણીએ પોતાનું ઘર છોડવાને ના પાડેઊં તેથી તે બાલકને તેના પોતાને ઘર આપેઊં. એ કાણેથી તેને જે કાંઈ મલતુ હતું તે તથા પોતાના બરથારનું કાંઈ સેહેજ સાજ લોકો ઊપર લેહેણું હતું તે ઊપર તેણીએ આખું વરશ પોતાનું ગુજરાણ કીધું પછી તેને પાછું દુનીઆમાં બાહેર પડવાની ફરજ પડી. તે વખતે ચાકરી મલવી ઘણી કઠણ હતી, તોપણ કાથીરાઈને ઘણી મેહેનતે ખીલા બનાવવાના એક કારખાનામાં ચાકરી શોધી કાહાડી. ખીલા બનાવવાનું કામ મુદલ તેણીને લાએકનુ હતુ નહી તોપણ બરજની મારી તે ચાકરી કબુલ કરવાની તેને ફરજ પડી. કાથીરાઈન દરરોજ ૮૦૦) મોટા ખીલા બનાવી શકતી હતી. એ ધનધાથી તે દરરોજ આસરે ૧૦) આંણા કમાતી હતી અને જોકે આ કમાઈ એક કુટુંબનું ગુજરાણ કરવાને ઘણી થોડી હતી, તોપણ તે ઊપર તે સંતોશ પાંમતી હતી કારણ કે તે પોતાની ખરી મેહેનતની કમાઈ હતી. જાંહાંશુધી પોતે મેહેનત કરી શકે તાંહાં શુધી કોઈ બીજાપર આધાર રાખવાને તેણે દશત વીચારીઊં નહી. જારે ઘણુ કામ કીધાથી તેના આંગલાંપર છાગરા પડતા હતા તારે ઘરમાં રહી તેઊપર પોટીસ મુકીને તે સારા કીધાબાદ પાછી પોતાનાં કામપર જતી હતી. એ પરમાણે તે જેટલા દાહાડા ઘરમાં રેહેતી હતી તાંહાંવેર તેને અને તેની માએને ભુખે મરવું પડતું હતું. તેણીનો એક માએઆલુ દોશત હતો, તે પોતે ગરીબ હતો તોપણ તેની પર દએઆ લાવીને વારે ઘડીએ સારૂં ખાવાનું આપતો હતો વલી તેજ દોશતદાર કોઈ કોઈ વેલા થોડાંએક ફુલો કાથીરાઈનને વેચવા આપતો હતો અને તે વેચીઆથી જે પઈસા આવે તેમાંથી તે પોતાનું ગુજરાણ ચલાવતી હતી. એવી અવસથામાં તેને કેટલાંએક વરશ કાહાડેઆં. આ વખતે તેની માએની સુધ એટલી બધીતો

જતી રહી કે કાંઈ પણ પોતાના જાનની ધાસતી રખેઆ વગર તેની આગલ ઊભુ રહી શકે નહી. તોપણ કાથીરાઈન તેની ઘરડી મા આગલથી જુદી પડી નહી. કાથીરાઈનનુ તેની મા પર એટલુતો હેત અને ચાહ હતો કે ગમે તેવી હેજગારી અને અડચણો તેને વાસતે તેણીને ખેંચવી પડી તોપણ તે જરીકપણ હટી નહી. છેલલે કાથીરાઈનને તેની માઆથી જુદી પડેવાની ફરજ પડી. માએના પોતાના બચાવને સારૂ તેની આગલ બીજા માણસો રાખેઆં અને કાથીરાઈન કામ ઊપર ગઈ. જુદી પડી તોપણ પોતાથી જે કાંઈ બની શકે તે કરવામાં આ લાએકીવાલી છોકરીએ કાંઈ બાકી રાખેઊં નહી. શાબાશ છે આવી નેક છોકરીને અને આફરીનછે તેની આવી ધીરજ અને હીમત ઊપર. પણ આટલો દુખથી બસ થાએશે નહી. તેનો વડો છોકરો જનમથીજ રોગી અને નબલો હતો તે વીસ વરશની ઊમરે મરણ પાંમીઓ. આ છોકરાને વાસતે તેણીએ કેટલી હેજગારી અને દુખ પોતાપર ખેંચી હશે તે આપણ સેહેલથી વીચારી સકશું. આખો દાહાડો મેહેનત કરીઆ બાદ તે કેટલાંએક અઠવાડીઆં શુધી લાગટ આખી આખી રાત પોતાના છોકરા આગલ બેશી રેહેતી હતી; અને આટલી બધી મુસીબતો પડતી હતી તે છતાં તે અચરત સરખી હીમત રાખતી હતી. પોતાના છોકરા પર કાથીરાઈનનો ઘણો પીઆર હતો, અને તે માએના જેવોજ સબુરી વાલો હતો. આવા છોકરાના મરણથી કાથીરાઈનને ઘણો ગમ લાગો. રાતે જરાક ઊંઘાએ નહી તથા કાંઈ ખાએ પીએ નહી. એવી ગમગીનીમાં તેણે થોડાએક દાહાડા કાહાડેઆ, પણ પછી એ નેક ઓરત રાતનો વખત ઘણી તારીફ કરવા લાએક રીતે કામે લગાડેવા લાગી. તેની પડોશમાં કોઈ કોઈ આજારી હોએ તેની ચાકરી કરવા જતી હતી, પણ કોઈનું દુખ જોઈને તેને પોતાના છોકરાની સઘલી વાત ઈઆદ આવતી હતી, તે તેનાથી ખમી શકાઊ નહી તેથી પોતાનો એ વીચાર તેણે છોડી દીધો. પોતાના છોકરાની જગા ઘરમાં ખાલી પડેઆથી તે બીજા લોકોના કેરાલે આપનારા છોકરાંને પોતાના ઘરમાં લાવી બરદાશત કરવાનું કામ માંથે લેતી હતી. તેનો પોતાનો એક બીજો છોકરો હતો તેપણ તેને ઘણો હેરાન કરતો હતો વારે ઘડીએ તેનો એક એવો જોશો થઈ આવતો હતો કે તેને કબજામાં રાખવું મુશકેલ થઈ પડતું હતું.

જારે કાથીરાઈન ખીલાં બનાવવાના કારખાનામાં હતી તારે તાંહાં એક બીજીઅસેતરી કામ કરતી હતી, તેની સાથે તેને દોસતી થઈ હતી, તે ઓરત હમણા નાચાર તથા આંધલી થઈ ગઈ; તેથી કાથીરાઈને તેણીને પોતાના ઘરમાં લાવીને રાખી અને સાત વરશ સુધી પોતે એખલીએ તેનું ગુજરાણ કીધું—છેલે પોતાનો છોકરો ઘણો આજારી પડેઓ અને ખરચ પરમાણે કમાઈ હતી નહી તેથી તે આંધલી ઓરતને ધરમસાલામાં મોકલી પણ તે પછીબી તેનાથી બનતી મદદ તેને કરતી હતી. જેમ એક માએ પોતાના બચાંપર પીઆર રાખે તથા તેની બરદાસત લે તે પરમાણે કાથીરાઈન તે આંધલી નાચાર ઓરતની બરદાશત લેતી હતી. તેને ચાહ પીવાની ટેવ પડી હતી તેથી અઠવાડીઆમાં એક વખત કાથીરાઈન તેને વાસતે થોડી ચાહ અને સાકર મોકલતી હતી. એ આંધલી ઓરતને એક આંધલો છોકરો હતો તેને પણ તે પોતે ચાહ પીતી વખતે ચાહ પાતી હતી તેથી તેના મરણ પછી એ ટેવને લીધે તે છોકરાને ઘણુ દુખ ખમવું પડેઊં પણ માએઆલુ દીલની કાથીરાઈન પોતાની હમેસની સખાવત પરમાણે તે છોકરાની આ હાજત પુરી પાડવાને કબુલ થઈ અને તે વચન તેને પાલીઓ, એક વખત કાથીરાઈનનો એક દોસત તેને તાંહાં મુલાકાતે આવેઓ અને તાંહાં તેને એક ઘરડી ઓરતના હાથમાં થોડાંએક પરીકાં જોઈ ને પુછીઊં તેઆરે કાથીરાઈને જવાબ વાલીઓ કે આ પરીકામાં થોડીએક ચાહ શાકર અને તપકીરછે તે એક સો વરશની ઘરડી ઓરતને વાસતે ધરમસાલામાં મોકલાઊં છું. એ ઓરત મારી માએની ઓલખાણનીછે, અને તે જારે તારે તેની બરદાશત લેતી હતી, તેથી આ ચીજો તેના બદલામાં મોકલાઊંછું. તેજ ધરમસાલામાં બીજા કેટલાંએક ઘરડા માણસોછે તેને વરે પણ કાંઈ મોકલવાને હું રાજી છેઊં, પણ શું કરૂં મારાંમાં તેટલી ગુંજાસ નથી. આવી રીતે કાથીરાઈન પોતાની લાએકી દેખાડતી હતી. ખીલા બનાવાનુ કામ છોડી દીધા પછી કાથીરાઈનના એક સુખી જીવના પડોશીએ તેને કાંઈ પરચુરણ કામ ઊપર લગાડી તેમાંથી કાથીરાઈનપોતાનુ ગુજરાણ ચલાવા લાગી, પણ થોડાંએક વરશમા

તેની માઓ મરણ પાંમી તેથી કાથીરાઈન પોતાના છોકરાને લઈને લીવરપુલ જઈ રહી કે જાંહાં તેને પોતાના દુબલા છોકરાની કાએનાત મુજબની તેને સારૂં એક ચાકરી શોધી કાહાડી. આ શેહેરમાં પણ તેને પોતાનુ નામ અને સખાવત જારી રાખવાને બનતી કોસેશ કીધી. એક વખતે એક લાચાર ઓરત તેનાં ઘરની પડોશમાં પોતાનું રેહેઠાંણ સોધવાને ભટકતી હતી, પણ કેથેથી મલી શકેઊ નહી, તારે કાથીરાઈને તેને તથા તેના છોકરાંને પોતાંના ઘરમાં ઊતારો આપેઓ. એક પખવાડીઊં થાઇઊ નહી તેટલામાં તે ઓરત મરણ પાંમી અને પોતાના છોકરાં ઊપર ઘણો પીઆર હોવાથી મરતી વખતે તેણ તેઓ વીશે ઘણી ફીકર રાખી, પણ સખી દીલની કાથીરાઈને તેઓનું પાલણ પોશણ કરવાની કબુલાત આપી હતી અને માએની માફક તે છોકરાંઓની ખરદાસત લેતી હતી. વલી બીજી એક આએરલંડ દેશમાંની અસતરી હતી. તે જાતે ફકીરડી હતી, તે સાથે શરીરે ઘણી દુખી હતી. કાથીરાઈન વારે ઘડીએ તેની ચાકરી કરવા જંતી હતી અને પોતાપર તેનો વીસવાસ બેસાડીને તેના એક છોકરાને એક ચાકરીએ લગાડીઓ અને બીજા બે વરસના નાહલા છોકરાને પોતાના ઘરમાં લાવી ખરદાશત લીધી. દર અઠવાડીએ કાથીરાઈન તે ઓરતને વાસતે કપડાંની જોર અને જે કાંઈ બીજું મલે તે મોકલતી હતી, પણ તે નીમકહરામ ઓરત આવા ઊપકારના બદલામાં કાંઈ નહી પણ ઠપકો અને કજસ, કાથીરાઈનને આપતી હતી. કપડાંતો ધોએલાં પસંદ નહી પડે અને ખાવા પીવાનુ મોકલે તેતો ખાતરમાં નહી આવે. આવી નીમકહરાંમી છતાં મોટા મનની ઓરત કાથીરાઈનનું દીલ તેની બરદાસત લેવાથી જરાંક પણ હટીઊં નહી. આવા દાખલા ઊપરથીજ આપણને માલમ પડશે કે ગરીબ લોકો બીજા ગરીબોને વાસતે વારે ઘડીએ કેટલું કરેછે. લીવરપુલમાં રહેઆને થોડાંએક વરશ થએઆં તેટલામાં તેનો છોકરો મરણ પાંમીઓ. એથી તેનું દુખ ઘણુ વધી ગએઊં કારણકે હવે કોઈ તેનું સગું દુનીઆમાં રહેઊં નહી, અને પોતે એખલી પડી અઈ. તેના કોઈ પડોશીની બાએડી મરણ પાંમીઆથી તેણે પોતાના તરણ છોકરાં કાથીરાઈનનાં સવાધીનમાં આપીઆં અને તેઓના ખોરાકને માટે તે સખસે કાથીરાઈનને દર અથવાડીએ બાર શીલીંગ ઈ. આ. છ રૂપીઆ આપિવાને કબુલ કીધું. પણ થોડાંએક દીવશમાં તે સખશની તંનદરોસતીમાં ઘણો બીગાડ થએઓ તેથી પોતાંની કબુલાત પુરી પાડવાનુ બની શકીઊં નહી. તે કાથીરાઈનને જેટલું કબુલ થએઓ હતો તેટલું પણ દર અથવાડીએ તે કમાઈ શકીઓ નહી. કાથીરાઈનની મેહેનતનો બદલો આપવાને તે ઘણો આતુર હતો માટે પોતાંની હઈઆતીની છેલ્લી ઘડી સુધી તેણે કામ કરવાને જારી રાખીઊં, પણ જારે છેક મરતતોલ થએઓ તારે પોતાના બચાંની સંભાલ લેવાને તેણે કાથીરાઈનની વીનંતી કીધી. કાથીરાઈને હા કહેઊં અને તે પરમાણે પોતાનો બોલ પાલીઓ. સઊથી નાહાના છોકરાને એક ધરમની નીશાળમાં મુકેઓ અને તાંહાંથી નીકલીઆ પછી એ દરીઆઈ ચાકરી ઊપર રખાવીઓ અને હમણાંબ તે તેની મુસાફરી ઊપરથી શેહેરમાં આવેછે તેઆરે મી. બરદાશત લેછે. છોકરીને બે તરણ વરશ ઘરમાં રાખીઆ પછી એક સારે ઠેકાંણે ચાકરી રાખી. સખશને તાંહાં વડો છોકરો શીકાઊ તરીકે રહેલો હતે તેનુ પડી ભાગાથી કાથીરાઈનને ઘણાએક વરશ સુધ ગુજરાણ કરવું પડીઊં અને હાલ તુલકપણ કરવું પ છે કારણ કે જે ચાકરી કરેછે તેમાંથી ઘણું થોડું મ છે. વલી તે છોકરાની સાથે બીજો એક છોકરો કામ કરતો હતો તે અથવાડીએ માતર બે રૂપીઆજ કમાતે હતો તેથી તેના બાપે તેને પોતાના ઘરમાં રાખી જરાણ કરવાને ના પાડીઊં તારે તેની માએથી ખદાશત નહી થએઊં; તેથી કાથીરાઈનના કાલાવાલા ધાકે તું મારા છોકરાને તારે ઘર રાખ. એ છોકરો પણ કાથીરાઈને ઘરમાં રાખીઓ.

જે વખતે ઈંગલંડ દેશમાં પેહેલ વેહેલે કોલેર નો રોગ ફેલાએઓ તે વખતે લોકોના દીલમાં ઘણ દેહેસત અને ધાસતી પેદા થઈ હતી અને જેમ બનેમ તેઓ પોતાનુ શરીર સાફ રાખતા હતા પણ ગરી લોકોને પોતાના કપડાં ધોવાને તથા આંગ સાફ ચાવાને ઘણી અડચણ પડતી હતી તેથી કાથીરાઈને કારણસર પોતાની જુપડી વાપરવા આપી. જેઓ ઘણી ટાઢ લાગી હોએ અથવા ખોરાકની તંગી પડ હોએ તેઓપર કોલેરાની અસર ઘણુ કરીને થતી, તેથી કાથીરાઈન જેમ બને તેમ પોતાના ખોરાકમાં

ગરીબ લોકોને મદદ કરતી હતી. કાથીરાઈનનાં આ
લખાણમાં તે મરજ લાગુ પડે ત્યારે તે હમેશાં તાંહાં જ
ઈને મદદ કરતી હતી. જોરે ત્યારે વઈદોથી સઘલે ઠે
કાણે જવાઈ નહી શકાએ ત્યારે તેઓ કાથીરાઈનને દ
વા આપીને તેની ઓલખાણના ઘરોમાં મોકતા હતા.
તાંહાં જઈને વઈદના ફરમાવીઆ મુજબ તે તેઓને દ
વા આપતી અને હકીકત લઈને પાછી વઈદો પાસે આ
વતી. એવી રીતે તે ગરીબોને ઊપીઓગી થાઈ પડતી
હતી. તેને મનથી રાત અને દીવસ એકજ હતા
કારણ કે તે મુદલ આસાએશ તથા ફુરસત ભોગવી શ
કતી હતી નહી. એ મરજથી ઘણાંએક કુટુંબનાં વડીલો
મરણ પામીઆથી કેટલાંએક બચાંઓ માબાપ વગરના
થઈ પડીઆં અને રસતે રસતે ભટકવા માંડીઆં, તેથી
તેવાં આસરે વીસ છોકરાંને કાથીરાઈને પોતાના ઘર
માં એકઠાં કીધાં. આસતે આસતે એવાં છોકરાંઓની
સંખીઆ એટલીતો વધતી ગઈ કે તેઓ ઘરમાં શમા
ઈ શકીઆં નહી. તેટલા માટે એક નીશાલ તેઓને
વાસતે ઊભી કરવાનો કાથીરાઈને ઠેરાવ કીધો. તે ની
શાલમાં એક અકલમંદ ઓરતને તે છોકરાઓને શીક
વવા રાખી. એટલુંજ નહી પણ પોતાનું ઘર જેમ
બને તેમ ઊપીઓગી કરવા માટે કેટલાએક માણસો
ને પોતાના ઘરમાં રાખતી હતી, અને તેઓના ફા
એદાને વાસતે સાંહાંજે સાંહાંજના એક મંડલી ભરીને
તેમાં પોતે અને બીજાઓ ભાશણ કરતા હતા. ૧૮૩૫
ના વરસમાં એ જગાએ દસ પુરૂશો આવતા હતા અને પો
પોતામાં એક ઊઘરાંણુ કરીને તરણ શશતાં ચોપાની
આં ખરીદ કરતા હતા. આ ગરીબ અસતરીમાં સઘ
લા સારા ગુણોમાં એક બીજી વખાણવા લાએક ખુબી
એ હતી કે કાંઈબી ચીજને નજીવી નહી ગણતી હતી.
એક દાહાડે રસતાંપરથી જતાં તેણે એક દુકાનમાં ન
કામાં કાગજનો પેટારો જોએઓ, તે થોડાએક પઈસા
આપીને તાંહાંથી વેચાતો લીધો અને તેમાંથી ધરમ પુ
સતકના પાના શીવીને ચોપડીઓ બનાવીને કેટલાએક
ખલાસીઓને ભેટ આપી અને તેથી તે ખલાસીઓની
ચાલચલણમાં ઘણો સુધારો થાએઓ. હવે કોઈપણ
અજબ થઈને એવો સવાલ કરશે કે આટલા બધાં સ
ખાવતોના કામો કરવાને કાથીરાઈન પાસે પઈસા કાં
હાંથી આવીઆ? એનો જવાબ એછેકે કોઈપણ પુરૂશ
ભારી મેહેનત, ખંત અને કરકસરથી અચરત સરખી
ચીજો કરી શકેછે. તેની કરકસર પણ અજબ થવા
જોગ હતી. માછલીના કાંટામાંથી તે આજારી માણસો
ને વાસતે સેરવો બનાવતી હતી અને એવાની છાલમા
થી તાવના દરીદરીઓને વાસતે એક પીવાની વસતુ
બનાવતી હતી. વખતની કીમતપણ તે અછી રીતે સ
મજતી હતી અને દર ઘડી તે કાંઈ સારાં કામ પછવા
ડે કાહાડતી હતી. જે ઘરમાં તે હાલ રેહેછે તેની ધ
ણીઆણી ગરીબ તથા શરીરે દુખીછે માટે ઘર
માં કાંઈ સમારવાનું હોએ તેવારે કાથીરાઈન તેને કાં
ઈ કેહેતી નથી, પણ પોતે પોતાના હાથે જે કાંઈ કરવું
હોએ તે કરેછે. પોતાની ટુક કમાઈમાથી બીજી ગ
રીબ અસતરીઓને પઈસા ઊછીના આપેછે. લોકો તે
ની સાથે ઘણીએક બેમરવતાઈથી તથા ગેરવાજબી રી
તે ચાલેઆં હશે પણ કાથીરાઈન કદીપણ તે મનમાં
લાવી નહી. તે સમજતી હતી કે લોકોની તકસીર મા
ફ કરવાની આપણી ફરજછે, કારણ કે આપણ પોતે
એટલા ખામી ભરેલાં છેઈએ. આટલાં બધાં કામોમાં
તેણે એક દમડીનું દેવું કોઈનું કીધું હતું નહી; જો
તેની ખટપટમાં તે પડતેતો થોડાંજ નેક કામ થતે. ટુકમાં
કહીએતો આ ઓરતના હેવાલમાં સચચાઈ, ઈમાનદા
રી, મેહેનત, દાહાપણ, કરકસર અને સખાવતના ઘણા
જ વખાણવા લાએક અને તાજુબી ઊપજાવનાર દા
ખલા મલી આવેછે. આફરીનછે, એવી નેક ઓરત
ઊપર !

## ગોલાબનું ફુલ અને અતર.

જે સઘલાં ફુલો આપણા બાગ બગીચાંને ખુબ
સુરતી આપેછે તેઓમાં ગોલાબના રંગ, ખુબસુરતી
અને ખુશબોની બરાબરી કરી શકે એવું એકકું બી
જું ફુલ નથી. એ ફુલની આસરે સાહાઠ જુદી જુદી
જાતછે.

સઘલા જમાનાના કવીઓ ગોલાબના ફુલની
બેહદ તારીફ કરતા આવેઆછે. એક ફરેંચ લખનાર
કેહેછેકે નામીચા શખસો, વસતીવાન દેશો, માહાભારત
શેહેરો અને જબરદસત રાજો એ સઘલાં આપણી દુ
નીઆની સપાટી ઊપરથી નાબુદ થાઈ ગએઆંછે પણ
એ સાદુ ફુલ જેમનું તેમ રહેલું છે. તરણ હજાર વરસની

વાત ઊપર એ ફુલની જે તારીફ કરવામાં આવતી હતી તે આજ દીન તુલક જારી રહીછે. સઘલી જાતના લોકોમાં એ ફુલ ખુબસુરતીની નીસાંન તરીકે ગણાએલુંછે, અને જે મરદ ઈઆ ઓરતમાં ખુબસુરતી, નાજુકાઈ, નમરતા અને ગરીબાઈ હોએછે તેને એ ગોલાબના ફુલ સાથે સરકાવેછે તે આપણુને સારી પેઠે ખબરછે અને એજ ઊપરથી આપણામાં "ગાએ ગોલાબ જેવા" એવી કેહેવત ચાલતી આવીછે.

આગલા વખતમાં રૂમ શેહરના લોકોએ કાંઈ ફતેહ કીધી હોએ તારે રસતે રસતે એ ફુલો નાખવાની ચાલ હતી. વલી જેમ આપણામાં ફુલના હાર પેહેરાવેછે તથા છોકરીઓને વારી ભરાવેછે, તે પરમાણે તેઓમાં પણ તદંન ગોલાબનાજ ફુલની વારી તથા હાર પેહેરવાની રસમ હતી.

સતરમી સદી લગી ફરાંનસ શેહેરમાં એક અજબ જેવો રવઈઓ ચાલુ હતો, તે એકે એપરેલ, મે અને જુન મહીનાઓમાં રાજદરબારના અમીર ઊમરાવો પારીસની પાદશાહી દરબારમાં જઈને તાંહાના બેસનારાઓને ગોલાબના ફુલો વેંહેંચતા હતા. એ કામ કરવાની જે અમીરની વારી હોએ તે પાદશાહી દરબારનાં બધા ઓરડાઓમાં ફુલો પંથરાવે અને સઘલાઓ ખાનું ખાઈ રહેઆ પછી ખુમચામાં મુકીને તે મીજલશના દરએક શખસને એકકો તોરો આપે.

એ ગોલાબનુ ફુલ જુવાન પુરસો તથા નાહાના બાલકો મરણ પાંમેછે તેઆરે કેટલીએક જાતની રસમ પરમાણે તેઓની કબરપર મુકેછે, અને તેઆરપછી પણ વરસમાં બે તરણ વખત તેઓની કબર પર તેઓના સગાં વાહાલાઓ ફુલો મુકેછે. આ ફીરીઆચીના લોકોમાં જોવામાં આવેછે. ફરાંનસના કેટલાએક બાગેમાં લોકોને તેઓની બાહુરીના બદલામાં એ ફુલ ઈનામ તરીકે આપવામાં આવેછે.

એ સુંદર ફુલમાંથી બે અતીઘણી ખુશનુમા ચીજો બનેછે, ગોલાબ અને અતર.

એ ફુલમાંથી અતર બનાવાનો વીચાર નીચે લખેલી બીના ઊપરથી આવેઓ. કેહેછે કે પુરવ તરફના શેહેરો માંહેલાં એક શેહેરની રાણીએ હમેશની પેઠે એક દીવસ પોતાના બાગમાં ફકત ગોલાબના ફુલથી ભરેલું વાસણ મુકાવેલીં અને તેમાંથી મીઠી સુગંધ નીકલતી હતી માટે પોતે પોતાના ભરથાર સાથે તાંહાં બેસીને રમુજ કરતી હતી તેવામાં સુરજની ગરમીથી તે ગોલાબમાંનુ તેલ છુટું પડીને પાણીની સપાટીપર તરતું તે રાજા રાણીએ જોએઉં અને તુરત તેમાંથી બેહદ ખુશબો નીકલતી માલમ પડી.

ઈરાનમાં અતર બનાવાની રીત હવીછે કે એક લાકડાંના કુડાંમાં ઊપર લગી સાફ નીરમલ પાણી ભરીને તેમાં ગોલાબના ફુલના પાતરાં નાખેછે અને તે કુડું થોડાએક દીવસ સુરજના તડકામાં રાખી મુકેછે. ગરમીથી તેલ ઊપર તરી આવેછે તેઆરે એક લાકડીને છેડે ઊનનુ કપડું બાંધીને તે અતરના વાસણમાં બોલેછે અને પછી તે કપડું નાહાની સીસીઓમાં સંભાલથી નીચવી નાખેછે. એ અતરનો રંગ પીરાસપર હોએછે, અને લાંબી મુદત સુધી ખરાબ થએઆ વગર રેહેછે.

---

## એક ખરો હકીમ.

બગદાદના એક ખલીફાની દરબારમાં એક વખત હાનીમ નામનો એક પારકો હકીમ આવેઓ હતો કે જે પોતાના ધંધામાં ઘણીજ કાબેલીઅત તથા માહીતગારી ધરાવતો હતો, તેથી ટુંક મુદતમાં તે ખલીફનો માનીતો થઈ પડેઓ. પારકા શખસ ઊપર ખલીફાની ઘણી મેહેરબાની જોઈને આસપાસના વજીરો અને પરધાનો તેને વીશે અદેખાઈ કરવા લાગા અને હરેક રીતે પોતાના બાદશાહને સમજાવા લાગા કે સાહેબ તમો જે આ પારકા તબીબની બનાવેલી દવા કાંઈપણ ધાસતી રાખેઆ વગર ખાઓ છેઓ તે ઘણુંજ ખરાબ છે. એ શખસ પોતાની મતલબ સાંધવા માટે કોઈ દાહાડે તમને જેહેરી વસતુ આપે તેમાં કાંઈ શક રાખવો નહી. ખલીફે પેહેલલે થોડા દાહાડા લગીતો તેઓના બોલવા ઊપર કાંઈ ભરોસો રાખેઓ નહી પણ છેલસે એક દાહાડે બીધો અને તેણે વઈદની એકીનદારી અછી રીતે તપાસવાનો ઠેરાવ કીધો. તેને વઈદને પોતાની પાસે બોલાવી મંગાવેઓ અને કહેઉં કે હાનીમ, મારા કેટલાએક અમીરોની નીમક હલાલી અને વફાદારીપર મારો શક પેદાછે માટે મેં તેઓનો નાસ કરવાને ઠેરાવ કીધોછે પણ ખુલલી રીતે મારાથી તેઓનો નાસત થઈ શકતો નથી કારણ કે તેઓના દોસત અ

ને હીમ્મતી ઘણાછે, તેટલા વાસતે મેં તેઓને કાશે જમવા બોલાવેઆછે અને તું કાંઈ હેવી જેહેરી વસતુ આપ કે જેની અસરની નીસાંન મરણ પછી કાંઈ માલમ નહી પડે; કે તે તેઓના ખાંનામાં મેલી તેઓનો નાશ કરૂં. આ સાંભલી રહેઆ પછી હાનીમ હીમતથી બોલેઓ કે સાહેબ મારો ધંધો લોકોની જીંદગાની બચાવવાનો છે; તેઓનો નાસ કરવાનો નથી. જેહેર આપવાનો હોનરનો અભેઆસ કરવાની મેં કધી તાલીમ લીધી નથી તે એવી ખાતરીથી કે એકીનદાર લોકોનો સાહેબ મારી માશે તેનુ કામ કધી પડાવશે નહી. તે કરતાં મારો વીચાર ખોટો હોએતો મારા દેશમાં જવાની મને પરવાનગી આપો કે તાંહાં જઈને એકાંત રીતે મારો અભેઆસ કરૂં. એ ઊપરથી ખલીફે વધારે આતુરતાથી પોતાની અરજ ગુજારી અને કહેઊ કે જો મારા કહેઆ પરમાણે કરશેતો મારી દોલતનો ઘણોએક ભાગ તને બખશીશ આપશ પણ એ સઘલી આજુજી ફોકટમાં ગઈ તે ઊપરથી ખલીફ ઘણોજ ગોસસે થએઓ હોએ એવો બાહેરથી દેખાએઓ અને તેના જાનની વીશે ધાસતી આપી પણ તેથી કાંઈ વલીઊ નહી તારે તેને તુરત બંદીખાનામાં નાખવાનો હોકમ કીધો કે જોંહા તેને થોડાએક દાહાડા રાખેઆ પછી પાછો કાહાડીને ખલીફની હજુરમા લાવી ઊભો રાખેઓ. જાંહાં ઊભેલો હતો તાંહાં તેના એક હાથપર શોના, રૂપાં અને જવાહેરથી ભરી નાખેલી મેજ મુકેલી હતી અને તેના બીજા હાથપર નાગી તલવાર ધરી એક શખસ ઊભેલો હતો. પછી ખલીફે હાનીમને કહેઊ કે એક બાજુએ આ સઘલો ખજાનો મુકેલોછે તે અને બીજી બાજુએ મોહોત ઊભુંછે એ બેમાંથી તને ગમે તે પસંદ કર. વીચાર કરવાને તને મુશકલ વખત મલેલોછે વાસતે મને તુરત જવાબ આપ. એમ કહીને ખલીફ તેને ધાસતી આપવા લાગો. એ ઊપરથી તબીબે જવાબ દીધો કે ખોદાવંદ મરવામાં કાંઈ નામોશી નથી પણ ગુનાહ કરવામાં મોટી નામોશીછે કોઈપણ શરમ વગર મરવાને હું તઈઆર છેઊં, મારી જીંદગાની તમારા હાથમાંછે; તેઓને ગમે તેમ કરો. તુરતજ બાદશાહે જે સઘલા હાજર હતા તેઓને બાહેર જવાને હોકમ કીધો અને પછી પોતાનો હાથ તે વઈદને આપીને બોલેઓ કે મારી ખાતરી થઈછે હવેથી આપણ બેઊ મીતર છઈએ એમ સમજજે. દગલબાજી અને અદેખા અમીરોના શરમજાવેઆ ઊપરથી મને એવું કરવું પડેશે કે જે ઊપરથી મને તારી એકીનદારી અને તેઓનુ ઘાતકી પણું સાફ રીતે માલુમ પડેઊછે પણ એ વીશે મને માફ કર અને આ ખજાનો આપણી દોસતીની નીશાન તરીકે કબુલ કર.

શાબાશછે તે વઈદને ખરેખરો તબીબ તે કે જે બાદશાહના હોકમ કરતાં ખોદાનો હોકમ બજાવવાને પોતાની ખરેખરી ફરજ સમજીઓ અને તેથી પોતાનો જાન આપવાને તઈઆર થએઓ.

---

## સચાઈનુ બલ.

અબદુલ કાદર નામનો એક વખનાએલો ઈરાંની પોતાના નાહાન પણની એક વાત લખી ગએઓ છે, કે જે ઘણીજ તાજુબી ઊપજાવનારછે. તે કેહેછે કે એક દાહાડે મને સપણો આવેઓ અને તેમાં મેં જે જે જોએઊ હતું તે મારી માએને કહી રહેઆ પછી બગદાદ જઈને હમેશ ખોદાની બંદગીમાં મશગુળ રેહેવાને તેની પાસેથી રજા માંગી, તેઆરે તે રડી પડી અને પોતાની પાસેથી હેંશી દીનાર કાહાડીને મને કહેઊ કે તારો બીજો ભાઈછે વાસતે હેમાન ચાલીશ દીનાર તને મળશે. પછી મારા હાથમાં પઈસા આપતી વખતે બોલી કે તું સોગન ખા કે હું કધી જુઠું બોળશ નહી. સોગન ખવરાવેઆ પછી મને કહેઊ કે જા મારા છોકરા મેં તને ખોદાએના આસરા તળે મુકેઓ છે, અને ઈનસાફને છેલલે દાહાડે આપણ બંધે સાથે મળશું. હું થોડેએક રસતેતો સારી રીતે ચાલેઓ પણ હમદાન આગળ જઈ પોંહાચેઓ તારે સાહાક થોડસવાર મને લુટવા આવેઆ. તેઓમાના એક મને પુછેઊં કે તારી પાસે શુંછે? મેં જવાબ દીધો કે ચાલીસ દીનાર મારા કપડાંમાં સીવેલાછે. એ સાંભળી તે હસીઓ અને બેશક એવું સમજીઓ કે એ મારી સાથે મશકરી કરેછે. તેવામાં બીજા સખસે પુછેઊં કે તારી પાસે શુંછે? તારે મેં તેજ ઊતર દીધો, વળી તેઓનો સરદાર જે પહોડની તેકડીપર ઊભેલો હતો તેણે મને પુછેઊં, ઓ નાહાના છોકરા તારી પાસે શુંછે? તારે મેં જવાબ દીધો કે તારા બે માનસોનેતો કહી રહેઓ, વળી ફરીથી શું કહું. મારી પાસે ચાલીશ

દીનાર અછી રીતે કપડાંમાં સીવેલાછે એ સાંભલી તેઓએ માહારા કપડા ઊખેડીઆં અને મારા કહેઆ મુજબ તેમાંથી પઈસા નીકળેઆ તેઆરે તેઓ સઘળા ઘણા અચરત થએઆ, અને તાજુબીથી પુછવા લાગા કે આ પઈસા જે હાવી અછી રીતે સાંતેલા હતા તેનો તેં તુરત કાંઈપણ રીતે ધચુ પચુ થએઆ વગર ખોલાશો કીધો તેનું કારણ શું? તેણે ઊતર દીધો કે મેં મારી માએને વચન આપીઓછે કે હું કધી જુઠું બોલનાર નથી અને તે વચનને મને હમેશ વળગી રેહેવું જોઈએ. એ સાંભળીને તેઓ બેહદ તાજુબ થએઆ અને મને કહેણું કે ઓ નીરઅપરાધી છોકરા તું આ નાહાની ઊમરે તારી માઓ તરફની તારી ફરજ આવી સારી રીતે સમજી શકેછે અને હમે અતેઆર લગી હમારા પરમેશવર તરફની ફરજોથી અનજાંણા રહેઆછે. શાબાશછે તને ઓ પીઆરા છોકરા! ખચીત જાણજે કે હમો હમારા બદ કામોનો ભારે પસતાવો કરીશું. વળી બીજા ચોરોએ પોતાના સરદારને કહેણું કે જેમ અતેઆર તુલક તમો સઘલાં બદીના કામોમાં હમુને આગેવાન થએઆછો તે પરમાણે હવેથી સઘલાં નેકીના કામોમાં આગેવાન થાઓ. એમ બોલીને જે જે લુટફાત મેલવી હતી તેઓનો તુરતજ મારા દેખતાં પસતાવો કરવા લાગા.

જો પીઆરા વાંચનાર સચચાઈની કેવી અસર થાએછે? રાખશ જેવાઓના દીળ એક પળવારમાં પગલી ગએઆં.

ધનછે તને ઓ અબદુળ કાદર અને તારી નેક ખશલતની માઓને અને સણી કોઈ મા દીકરાંને ખોદા એવીજ નેક બુધી આપે.

## બચાંઓને કબુલત આપતી વખતે શંભાલ રાખવાની જરૂર.

—o—

મા બાપોએ પોતાનાં છોકરાંઓને કાંઈ પણ કબુલાત આપીઆની આગમજ વીચાર કરવો ઘટેછે અને તે કબુલાત પરમાણે ચાલવાની તેઓને જરૂરછે.

સુનાબાઈને પેટે મેહેરી, રતુ, અને જાઈ, નામની તરણ છોકરી, તથા માણેકજી અને કુવરજી નામના બે છોકરા હતા. સુનાબાઈની પાસે પોમેસમનો ભરેલો એક ચપુ હતો, તે ખાલી થએઓ તેઆરે તેઓને ઈઆદ આવેણું કે, એ ચપુ મેં કોઈને આપવા કહેઓ હતો, પણ કોણને આપવા કહેઓ હતો તે ઈઆદ નહી રહીણું તેથી છોકરાંઓ રમતાં હતાં તાંહાં જઈને તેઓને પુછીણું કે આ ચપુ આપવાને હું કોણને કબુલ થઈ હતી, તારે મેહેરી બોલી કે માએ એ ખાલી થએઆ કે?

મા—હા.

મેહેરી—તારે મને લેવો જોઈએ, કાંએકે તમે મને કહેણું હતું કે જારે ખાલી થશે તારે તુને આપશ.

સુનાબાઈ ચપુ એના હાથમાં આપવા જતી હતી એટલાંમાં બીજી છોકરીએ તે ઊપર દાવો કીધો.

જાઈ—માએ, માએ, એ ચપુતો તમે મને આપવા કહેઓ હતો, મેહેરીને શાંનો આપવા જાઓછો!

મા૦—શું હું તુને કબુલ થઈ હતી, જાઈ? એ તો અજબ જેવુંછે. એક ચીજ બે જણીને આપવાને હું કેમ કબુલ થઈ હોશ! મારે ઈઆદ કરવું જોઈએ કે કોણને હું કબુલ થઈ હતી.

જાઈ—શું તમને ઈઆદ નહી આવતું માએ, એક દાહાડે રતુના હાથમાં પરથમ જોઈને હું રડી, તારે તમે મને કહેણું કે દીકરી રડના હું તુને પેલો ચપુ આપશ.

મેહેરી—નહી, માએ મને ઈઆદછે કે તમે મને આપવાને કબુલ થએઆં હતાં, પણ તેનું કંઈ નહી, જાઈને ગમેતો જાઈને આપો.

જાઈ—નહી માએ બેલાસક મેહેરીને લેવા દેવો; હું તો એટલું કહુંછું કે મારી ખાતરીછે કે તમે મને કહેણું તું કે એ ચપુ તુને આપસ.

સુનાબાઈને થોડેએક વારે ઈઆદ આવેણું કે જુદે જુદે વખતે હું બંધે છોકરીને તે ખાલી ચપુ આપવાને કબુલ થઈ હતી, માટે એવું કીધું કે તે ચપુ મેહેરીને આપીઓ અને જાઈને કહેણું કે બીજો હવેનો ખાલી થશે તે તુને આપશ. વળી બંધે છોકરીઓને તેણીએ કહેણું કે આએ વખત મારી ભુલ થઈ કે હું તમને બંધેને કબુલ થઈ. હવેથી હું સંભાલ લેવશ કે એક ચીજ બે જણને આપવાને કધી કબુલ થવશ નહી. એમ કહી તે જરાક પોતાનાં મનમાં બેચેન થઈને એકાંત ઓરડાંમાં ગઈ. અરધાએક કલાક થએઓ

નહી તેટલામાં રતુ ડચકાં ખાતી ખાતી ઓરડામાં
આવી અને બોલી કે "માએ જે ચપુ તમે મને આપ
વાને કબુલ થએઆં હતાં તેતો મેહરીના હાથમાંછે."

**મા**—અરે બરીઓ "તે ચપુ" હવે મને ઈઆદ
આવીઉ કે તરંણે જણીને તે આપવાને હું કબુલ થ
ઈ હતી.

જો કે આ ચીજમાં કાંઈ જીવ હતો નહી, તોપ
ણ તે માએ ઘણી દાપણવાલી હતી, તેને પોતાની હ
મેશની સચચાઈ અને બોલ પાલવાને વાસતે તુરત બ
જારમાંથી બે ખાલી ચપુ મંગાવીને જાઈને અને રતુ
ને આપીઆ.

વલી એક દાહાડે સુનાબાઈ બાહારથી ઘરમાં
આવીઆં તારે રતુએ પુછીઉં કે "માએ મારે વાસતે
શું લાવીઆં?"

**મા૦**—કંઈબી નહી! લાવે શું?

**રતુ**—કંઈબી નહી! બાહાર જતી વખતે તમે
શું બોલીઆં હતાં? તમે નહી કહેઉતું કે તારે વાસતે
કંઈ લાવશ.

**મા૦**—કીઆરે? મુનેતો કંઈ ઈઆદ નથી.

પછી માએને ઈઆદઆવેઉ અને બોલીઆંકે

**મા૦**—અરે, હા, હા, મને ઈઆદ આવેઉ, મેં
તને કહેઉતું કે તારે સારૂ કંઈ લેતી આવશ, પણ હું
ભુલી ગઈ, મને તેની કાંઈ સુરતાજ નહી રેહી, મારૂ
પોતાનું કેટલુંએક લેવાનું હતું તે પણ રહી ગએઉં.

માએ પોતાનો વચન પાલીઓ નહી તેથી તે
રાતે ગરીબ બીચારી રતુ ઘણી દલગીર અને નાશી
પાએસ થઈને સુઈ ગઈ.

એ પુરૂં થએઉ નહીં, એટલામાં જાઈ બોલીકે
"માએ તમે તે દાહાડે કહેઉં હતું કે આપણે બધાં વા
રી જઈશું; ને હજી ગીઆં તો નહી? સાચસું કેહો
ની કેહારે જશો?

**મા૦**—હા મેં કહેઉતું ખરૂં જાઈ, પણ મારા
વચન પરમાણે મારીથી હજી શુધી બનીઉ નથી એ
કુ દાહાડે જઈશું.

**જાઈ**—એમતો તમે કેટલા દાહાડા થએઆ કેહા
કરોછો. પણ કંઈ ઠેકાણું મલે નહી.

થોડાએક વરસ પછી સુનાબાઈ ગુજરી ગએ
આં. પોતાની જે કાંઈ માલ મીલકત હતી તે છોકરી
છોકરાઓમા મરણની આગમજ વેંહેંચી આપી હતી,
પણ એક ઘર હતું તે પોતાના છોકરા માણેકજીને આ
પવાને તેવણ કબુલ થએઆં હતાં. એવું બનીઉ કે
માએના મરણને વખતે માણેકજી બાહેર ગામ હતો
તેથી અડચણ મટાડવાને તે ઘર તેના ભાઈ કુવરજીને
આપેઉં. આ કામ તેણીએ પોતાનો વચન અને ક
બુલાત પરમાણે કીધું નહી. એવું કીધાથી તેણીને ક
દાચ સવલ પડીઉં હશે ખરૂં પણ કાંઈબી કરીને તે
ને પોતાનો બોલ પાલવો જોઈતો હતો

એક દાહાડે બંધે ભાઈઓ તે ઘરની તરફથી
જતા હતા તારે માણેકજી બોલીઓ કે બરાબર જોતાં
આ ઘર જે તમારા હાથમાં આવેઉંછે તે ઊપર મા
રો હકછે. કુવરજીએ પુછીઉં તે કેમ મનચેરજીએ
જવાબ દીધો કે જારે માએ જીવતાં હતાં તારે વારે ઘ
ડીએ મને કેહેતાં હતાં કે આ ઘર હું તુને આપશ અ
ને એ ઘરપર વસીઅતનામામાં મારૂં નામ લખવાને
જારે તારે પોતાની ધારણા દેખાડતા હતાં. પણ તેવણે
તેમ નહી કીધું, અને તમુને આપી ગએઆ. એ ઊ
પરથી કુવરજી બોલીઓ કે એ ઘરને બદલે તમને બી
જું ઘણું મલેઉંછે કે જેની કીમત એ ઘરની બરાબર
જછે અથવા તે કરતાં પણ વધારેછે. મનચેરજીએ
જવાબ આપેઓ કે તે કાંઈ હું જાણતો નથી, હું તો
એટલું જાંણુ છે કે માએ પોતાનો વચન પાલીઓ નહી

એ તકરારમાં બંધો ભાઈઓને હુજત થઈ અ
ને તેમાંથી બંધો વચે બીગાડ થએઓ તે વખતથી
એક બીજા સાથે કધી ફરીથી બોલેઆ નહી

### ઊપલી વાતનો સાર.

જારે આપણે આપણાં છોકરાઓને સઘલાં ખ
રાબ, દગલબાજી ભરેલાં અને નીચ કાંમોથી દુર રેહ
વાને તથા દીલના ભોલાપણા, આબરૂ અને દીઆન
તદારીને વલગી રેહેવાને વારેવાર શીકામણો અને ન
શીહતો કરીએ, અને આપણેજ પોતેજ તે પરમાણે ન
હી ચાલીએ, તેઆરે આપણી શીકામણ અને નશી
હતની અસર તેઓપર કેમ થાઈ શકે? જારે તેઓ જો
એ કે આપણા માબાપો જેમ ગમેછે તેમ કબુલાતો ક
રેછે, પણ તે પરમાણે ચાલતા નથી, તેઆરે આપણા
સાચવટપણાનો અને દીઆનતદારીનો તેઓના મનમા
કહેવો હલકો વીચાર આવે વારૂ"?

તેઓએ એક ચીજ કરવાનો આપણને વચન
આપીઓ હોએ અને તે પરમાણે નહી કરેનો આપણે

તેઓપર કદાચ. જુઠું બોલવાનો અનીઆએ શું કીએ અને તેથી ઠપકો આપીએ અને સજા કરીએ; પણ આપણી પોતાની ગફલતપણાનો કશો વીચાર મનમાં લાવતા નથી. શું તારે, સચ્ચાઈ, આબરૂ, અને દીઆનતદારીનું પરમાણ આપણામાં એક જાતનુંછે, અને આપણાં છોકરાંઓમાં બીજી જાતનુંછે ? નહી ખરેખર નહી. એટલા માટે આપણને ઘણી સંભાલથી ચાલવું જોઈએછે.

ઊપર કહેલી તકરાર ઊપરથી કોઈને એમ નહી સમજવું કે હમો એવું કહેવા માગીએછે કે મા બાપો જે વચણો અને કબુલાતો પોતાનાં છોકરાંઓને આપે તે કાંઈથી કરીને પુરી પાડવી જોઈએ. અડચણો અને હરકતો આવી પડેછે, તેઆરે આપણી કબુલાત મુજબ કરવાને આપનીથી બની આવતું નથી. પણ તારે કાંઈ પણ કબુલાત આપતી વખતે આપણને સરત કરવી જોઈએછે કે " જો એમ હોએતો એમ કરશ" " જો બનસે તો જઈશું" ઈતીઆદી. આવી રીતે સરત કીધાથી એ ફાએદો થાએછે કે જો તે કામ કદાચ, આપણીથી નહી બની શકે તોપણ આપણા ઊપરથી તેઓનો વીસવાસ ઊઠી જતો નથી. પણ આવી રીતની કબુલાત પણ થોડીજ કરવી. સઊથી સરસ ચીજ એછે કે આપણાથી પલાઈ શકે તેવીજ કબુલત કરવી, કે જેથી આપણાં છોકરાંઓનો વીસવાસ પણ નહી ઊઠી જાએ અને તેઓ આપણી નકલ કરે. અને એ કારણસર હમો ફરીથી કહીએછે કે મા બાપો એ પોતાનાં છોકરાંઓને કાંઈ પણ કબુલાત આપીઆની આગમજ વીચાર કરવો ઘટેછે, અને તે કબુલાત પરમાણે તેઓને ચાલવાની જરૂરછે.

---

## ચીન.

આ દેશ વીશે આપણને ઘણી થોડીજ ખબરછે' કારણકે તાહાંના લોકો ઘણા અદેખાછે અને તેથી પારકા લોકોને પોતાના દેશમાં આવવા દેતા નથી. જે કાંઈ સેહેજ સાહજ આપણે જાણીએ છઈએ તે જેસીઊટ લોકોની મદદથીછે. સતરમી સદીમાં જેસીઊટ લોકો તાંહાં જઈને વશીઆ, પણ તાંહાંના રાજ કારોબારમાં વચમે પડવાની તેઓએ કોશેશ કીધી તેથી તેઓને ચીનાઓએ દેશ બાહેર કાહાડી મુકીઆ. તે વખત થીતે ગતઝાલફ નામનો શખસ ચીનમાં દાખલ થએઓ તાંહાંસુધી કોઈ કાબેલ અને વીસવાસ રાખવા લાએક પુરૂશ એ દેશનો ચોકશ હેવાલ આપીઓ નથી.

તવારીખ ઊપરથી આટલુંતો ખચીત માલુમ પડેછે કે ચીન દુનીઆના સઘલાં બીજાં દેશો કરતાં વધારે પુરાતમછે. ચીનાઓનો મોટો નામીચો ફીલશુફ, કોનફીઊશીઅશ ઈ० સ० ની આશરે ૧૧૦૦૧ રસ આગમજ થઈ ગએઓછે. એ રાજ અસલથીજ ઘણું આબાદાની ભરેલુંછે. તેની આબાદાનીથી લલચાઈને તાર તાર લોકોએ તે પર હોમલો કીધો તેવારે તેઓનો અટકાવ કરવા માટે શીન તોખમના પેહેલા બાદશાહે આસરે ૨૦૦૦) વરસની વાતપર એક મોટી દેવાલ બાંધી. તે વખત પછી થોડીએક મુદતે માહો માહે લડાઈઓ થવાના સબબથી એ રાજો થએઆં, ઊતર તરફના રાજનુ પાએતખત નાનકીન, અને દખશીન તરફના રાજનું પાએતખત હોનાન થઈઊં. ઈ० સ० ૫૮૫ ના વરસમાં એ બંધે રાજો પાછાં જોડાઈને એક રાજ થએઊં, અને છેલલે તાંગ તોખમના રાજના અમલ તલે આવેઊં. તવારીખ ઊપરથી માલમ પડેછે કે આ વખતે પીરા બાલના અને બલુ આંખના કોઈ માણસો ચીનમાં આવેઆ હતા, પણ તેઓ શું કારણસર આવેઆ હતા તે વીશે કાંઈ જણાવેઊ નથી. જો નીચે લખેલો જેશીઊટ લોકોનો આપેલો હેવાલ આપણ માનીએતો સેહેલથી અટકલ કરી શકીએ કે તેઓ ખરીસટી ધરમના ઊપાધીઆ હશે. જેસીઊટ લોકો કેહેછે કે હમે ચીનમાં એક ઘોર જોઈ તે ઊપર એક કરૂસ અને સાહક ધરમોપદેશ કરનારાઓના નામો શીરીઅન જુબાનમાં કોતરેલાં જોએઆં.

કેટલાએક અગતના શોધો આ દેશમાં થએઆ છે જેવાકે છાપવાનો હોનર, બંદુકનો દારૂ, વાહાણ ચલાવવાનુ હોકા ઈઅંતર ઈતીઆદી.

તારતાર લોકોને ચીનાઓપર વારે ઘડીએ શવી ગએલા જોઈને મગોલ લોકોનું મન એ દેશપર દોડીઊ, અને તારતાર લોકોનો અટકાવ કરીને ચીનની ઊતર તરફના સઘલા પરાંતો પોતાને હસ્તક કીધા. ઈ० સ० ૧૨૮૧ ના વરસમાં કુબલઈ



ચીનાઈ લસકરનાં જુદી જુદી ઢંપનાં સીપાહીઓ.

ખાંન નામના એક સરદારે ચીનનો આખો મુલક જી
તીઓ. પણ તેના મરણ પછી જે સરદારોએ અમ
લ ચળાવીઆ અને તેઓની એદદી અને કમજોરીને
લીધે થોડાંએક વરસમાં મીંગ તોખમના પેહેલા બાદ
શાહે તેઓને હરાવીને દેશ બાહેર કાહાડી મુકીઆ.
મીંગની તોખમમાં પાદશાહી ૨૭૮ વરશ શુધી કાએ
મ રહી. અને તેઆર પછી તારતાર અને મીંગના
કાહાડી મુકેલા મગોલોની ઓલાદનાઓએ મીંગ તોખ
મના બાદશાહને હરાવીને પોતે રાજ લીધું. તેઓ હા
લ ચીનમાં રાજ કરેછે.

ચીનમાં અટાર પરગણાછે, અને તેની બધી મલીને
નજદીક ૪૦૦,૦૦૦,૦૦૦ માણસની વસતીછે. આ
વી બોહલી વસતી પરમાણે જો સઘલી જમીન ખેડા
એલી હનેતો રેહવાને ઘણી અડચણ નહી પડતે, પણ
તેવું નથી. દેશનો મોટો ભાગ ઊજડ અને પાહાડી પ
ડેલોછે. તેને ખેડવાની કશી કોશેસ કરીઆને બદલે
ખેડેલી જમીનપર સઘલાઓ ખીચોખીચ ભરાએલાછે.
અને તેથી ઘણી અડચણ પડેછે, જગાની એવી કોતા
ઈ હોવાથી વસતીનો મોટો ભાગ દરીઆ ઊપર રેહેછે.
અને ઘણું કરીને, તેઓ દરીઆ ઊપર જનમેછે, જીવે
છે અને મરેછે.

ચીનના શેહેનશાહના તાબામાં આસરે (૭૦૦૦૦૦)
સાત લાખ સીપાહીઓની ફોજછે પણ તે લસકર જુદી
જુદી જગોએ વેહેંચાઈ ગીએલુંછે અને તેઓ કાંઈ બ
રોબર કવાએદવાળા અને સુરા સીપાહીઓ નથી. તે
ઓનો પોસાક કાંઈ એક સરખો નથી. તેઓના હથી
આરો કાંઈ ચોક્સ જાતનાં નથી. કોઈ તીર, કમાન
અને ઢાલ, તરવાર રાખેછે. કોઈ તે સાથે બંદુક પણ
રાખેછે અને કોઈતો ફક્ત એક કોહાડોજ ધરાવેછે. એ
ઓનુ કફીઅત માતરે પોતાની બીહાંમણી ધાસોમાંછે
અને તેઓ પોતાંને ઓહોડેહમે "ઈશીંગ" એટલે જે બા
હાદુર છઈએ એવું બોલી પતરાજી મારેછે. એ બોલ
તેઓ કાંઈ મોહોડેજ બોલતા નથી પણ પોતાની છાતી
ઊપર લખી રાખેછે એટલુંજ નહી પણ પીઠ ઊપરબી
લખેછે. એ જુદી જુદી ટપના સીપાહીઓના દેખાવનુ
એક ચીત્ર પાસેના પાણાં ઊપર આપીઊંછે.


૧૫૯૬ ના વરસમાં ઈંગરેજ લોકોએ ચીન
સાથે વેહેવાર ચલાવવાને કોશેસ કીધી, પણ વલંદા અ
ને પોરટુગીજ લોકો કે જેઓએ ઈંગરેજોની આગમજ
તાંહાં પગ મેલેઓ હતો અને જેઓના કારખાના કન
તાનમાં અને મકાઊમાં બાંધેલાં હતાં તેઓ આ લોકની
અદેખાઈ કરવા લાગા, તેથી ઈંગરેજોને પેહેલે અડચ
ણ ભોગવવી પડી, એક જગાથી બીજી જગાપર કાહા
ડી મુકીઆ પછી ઈંગરેજો કનતાનમાં આવેઆ અને
તાંહાં વેપાર કરવાને તાંહાંના અમલદારની પરવાનગી
માંગી. પરવાનગી આપવી કે નહી આપવી એ બાબ
દનો વીચાર કરવાને તેણે છ દાહાડા માગીઆ, પણ
તેટલામાતો પોરટુગીજ લોકોએ તે અમલદારને કહીઊં
કે આ ઈંગરેજો જાતે ચોર, લુછા અને ઠગછે માટે એ
ઓને હંદથી કાહાડી મુકવા. આવા બોલવાથી ટગાઈ
ને તે અમલદારે ૪૬ મોટી તોપો મંગાવીને ઈંગરેજો
ના વાહાણોની સામણે ફોરવાને હોકમ કીધો. આ અ
પમાન ઈંગરેજોએ ખમીઊ નહી. તુરત સો માણસો
જમીનપર આવીને ચીનાઓ સાથે લેહેજ લડાઈ કીધા
પછી તેઓને દુર નહસાડી મુકીઆ અને તેઓની તોપો
છીનવી લીધી અને તેઆર પછી વેપાર કરવાને તેઓ
ને છુટ આપી. તેઆર પછી કેટલાંએક વરસ શુધી તે
દેશ સાથે પોતાનો વેપાર વધારવાને ઈંગરેજોએ કોશે
સ કીધી નહી, પણ પછી કેટલીએક મેહેનત અને હર
કત થએઆ પછી કારખાના બાંધવાને ઈસ્ટ ઈંડીઆ
કંપનીને પરવાનગી મલી.

### કુદરતી અજાએબ દેખાવો.


દુનીઆની અંદર જે જે અજાએબ બનાવો દ
રરોજ આપણી નજરે પડેછે તે હેવાનો સાધારણ થા
ઈ ગએલા હોએછે કે તેથી કંઈ તાજુબી આપના મન
માં ઊપજતી નથી. સુરજનું ઊગવું અને અસ્ટ થાં
મવું એવી એક અજાએબ જેવો કુદરતી બનાવછે તો
એપણ તે દર રોજ આપણી સાંમણે થાઆ કરેછે ત
થી તેની અચરતી આપણને કઈજ લાગતી નથી, તેમ
જ બીના કેટલાએક દેખાવો કુદરતમાંના ઘણા અજાએ
બ જેવાછે પણ તે સઘલા હમેસ થાઆથી સાધારણ
થાઈ ગીઆછે. તોબી બીજા કેટલાએક દેખાવો હ
જુર હેવાછે કે તે જોઆથી માંણસના મનમાં અચરતી
ઊતપન થાઆ વગર રેહેતી નથી અને જો કે તેવા દે
ખાવોનો ખોલાસો થએલોછે કે તે માતરે કુદરતી કા
એદા પ્રમાણે બનનોજ નથી તોબી તેવા દેખાવો જા




ચીનાઈ લશકરના જુદી જુદી ઢપના સીપાહીઓ.



નકસ ૧લો



નકસ ૨જો



નકસ ૩જો

પર સહવારના પરોડીઆંમાં પેલાં માંણસો ગએલાં હતાં અને સહવારનાં સુરજ ઊગતી વખતે તે જગા ઊપર વધારે સરદી રેહેછે તેથી તે જગા ઊપર હવામાં જે પાણીનો બાફ હોએછે તે વધારે જાડો થાએલો રેહેછે તેથી પેલાં માંણસો ઊપર જે સુરજના તરતના જ નીકલેલાં કીરણો પડતાં હતાં તેનો ઓરો પેલા પાણીના જાડા બાફ ઊપર પડતો હતો તેથી તેઓની સબી હેવી મોહોટી થાઈ દેખાતી હતી. કદાચ કોઈ એમ પુછશે કે એ શખસની સબી બેજ પડવી જોઈએ તારે તરણ આકાર કેમ થાઓ તો તેનો ખોલાશો હેવો વીચારેઆમાં આવેછે કે "રીફરાકશન" ના કાએદા પરમાંણે કોઈ વાર હેવુ બનેછે કે એક ચીજની બેવડી સબી પડી શકે.

### બે સુરજોનુ દેખાવું.

એજ કાએદા ઊપરથી ઈંગલંડની અંદર એક દીવસે સહવારનાં એક સુરજને ઠેકાણે બે સુરજ દેખાંઆ હતા, તેથી લોકોમાં ધબરાટ પડેઓ હતો પણ તેની સમજ જલદીથી આપેઆમાં આવી હતી કે બીજો સુરજ જે દેખાઓ હતો એ માતર હવાની અંદરના પાણીના બાફ ઊપર અસલ સુરજની સબી પડી હતી અને એ બીજી સબી અસલ સુરજ કરતાં વધારે જહલકથી પરકાસતી હતી. છેક સહવારના આઠ વાગા સુધી એ બીજો સુરજ દેખાઆ કીધો હતો પણ જારે પુરતી ગરમીથી હવામાંતુ પાણી ગરમ થાઈ ઊડી ગીઊં કે પેલી બીજા શુરજની સબી ગેબ થઈ ગેઈ હતી.

### કમબરલાંનડ શેહેરમાં દેખાએલી હવામાની ફોજ.

ઊપર જણાવેલા દેખાવો ફકત પાહાડનાંજ મથાંલાં ઊપર થાએછે હેવું નથી પણ જાંહાં ઊપર લખેઆ પરમાંણે હવામાં સંજોગ બનેછે તે જગા ઊપર થાએછે તેથી કોઈ વાર ચાલતાં ચાલતાં રશતા ઊપર અથવા મેદાનમાં પણ હેવો બનાવ કદી બની જાએ તેની નવાઈ નથી. સર ડેવીડ બ્રુસટર કેહેછે કે ઘણાં ઊંડા પાણીના ચશમાંમાં નાહાતી વખતે હેવો દેખાવ ઘણી વખતે બનેછે. જારે કોઈ ધણી પાણીની અંદર નાહાવા ઊતરેઓ હોએ અને તેનાં પગથી તે પાણીની તલીએ બેઠેલું મરોરુ ડોવાઈઊં એટલે તે તરનાર ધણીનો આબેહુબ આકાર પાણીની અંદર દેખાવાનો અને જાણે કોઈ બીજો સાથે તરતો હોએ હેવું દેખાશે, અને વલી એ આકારના માંથાની આસપાસ એક ચલકતો રોશનીનો ઘેહેરો નજર પડવાનો. એ બીનાને લગતો એક ખરો બનાવ ૧૭૪૩ માં કંબરલાંડના સરોવર આગલ મી૦ જેમસ કલારકને દેખાઓ હતો. એ સરોવરની પડોશમાં એક પાહાડ આવેલોછે તેની એક નોક નીકલીછે તે એટલીતો ઊંચી અને ઢેગવનીછે કે તે ઊપર કોઈબી માણસથી અથવા જનાવરથી ચહડાઈ નહી શકાએ. એક દીવસ હેવો બનાવ બનેઓ કે એ ટેકરીની નોક ઊપરથી એક ઘોડસવારને તેના કુતરા સાથે અતીસે જડપથી દોડતાં લોકોએ જોઓ તેથી તેઓના મંનમાં ઘણી અચરતી ઊપજી કે એ શખસ કેહેવી ધાસતી ભરેલી જગા ઊપર પોતાના જાનને મોજ દેખાડવા લેઈ ગીઓછે. છેક દોડતાં દોડતાં પેલો અસવાર તથા કુતરો એક ખીણના મોહોડાં આગલ આવેઆ અને તે જગા ઊપરથી બે માંલમ થાઈ ગીઆ તે ઊપરથી પેલા જોનાર લોકોએ વીચાર કીધો કે તે ધણી પોતાના ઘોહોડા અને કુતરાં સાથે તે ખીણમાં તુટી પડેઓ હશે. બીજે દીવસે સહવારના પેલા જોનાર લોકની ઈછા થાઈ કે પેલા અસવારની સોધ કરવી. તેઓ પેલી ટેકડીની ખીણ તરફ એક સેહેલે રસતે ગીઆ અને જોઈઊંતો તે જગા ઊપર પેલાઓની કઈબી નીશાંન નહી દેખાઈ બલકે જમીન ઊપર ઘોહોડાનાં પગલાં પણ પડેલાં નહી નજર આવેઆં તેથી તેઓ તાજુબ થાઆ. એજ દેખાવ બીજા બે માંણસોએ બીજી જગા ઊપરથી પણ જોઓ હતો પણ તેઓએ વીચાર કીધો કે હેવી કઢંગી જગા ઊપર ઘોહોડ સવારથી કદી દુનીઆમાં કોઈબી રીતે નહી જવાએ તેથી કઈ પણ તે વાતમાં ભેદ હશે હેવું ધારીને હેવી હસવા જેવી વાત કોઈની આગલ કેહી નહી કે ફલાંણી ટેકરીની નોક ઊપર એક ઘોડસવાર અને તેનો કુતરો દોડતા જતા દેખાઆ હતા. એ વાત ફકત બોલેઆથીજ તરત લોકને હસવું આવેઆ વગર નહી રેહે હેવી કઢંગી વાત હતી. એક આખુ વરશ થાઈ ગીઊં પણ એ અજાએબ જેવી બીનાંનો ખોલાસો નહી થાઓ. ૧૭૪૪ ના ઈજવી સાલમાં એક સહવારના ૭ વાગે તેજ ટેકરીની નોક ઊપર વલી થોડાએક સીપાહી લોકની ટોલકી કુલ મારચથી દોડી જતી દેખાઈ. એ દેખાવ જોનાર ધણીને તરત ગીએ વરસના ઘોહોડ સવારની ઈઆદ આવી પણ વીચાર કીધો કે તે વખતે કોઈ એ

એ વાત માની નથી તેથી આએ સીપાહીઓની વાત પણ હસવામાંજ નીકલી જશે તેથી પુરતી રીતે તપાસી જોવા લાગો પછી તરત જઈ પોતાના સેઠને કહું કે સાહેબ પેલી ટેકરીની નોક ઊપર અજાએબ જેવો દેખાવ હમણા દેખાએછે. સેઠ તરત બાહેર આવેઆ અને તેવણે જોઈશે તો ખરેખર એક રીજમીંટ કુચ કરતી દેખાઈ તેથી ઘેરના સઘલાં માંણસો તે જગા ઊપર જોવા એકઠા થાઆં. બે કલાક સુધી તે લશકર તે જગા ઊપરથી કુચ કરી આગલ ખીણ તરફ ચાલી જાતું દેખાઆ કીધું, અને બરોબર કવાએદનો દેખાવ તેમાં અમલદારો એણીગમથી પેલીગમ પોતાના ઘોડા દોડાવી તરેવાર રીતે પોતાના લશકરને ફેરવતા દેખાતા હતા. એ દેખાવ તે જગા ઊપર એક માઈલ સુધી રેહેનારા સઘલા એકેએક રેહવાસીએ જોઓ હતો. એ ઊપર બનેલી બીના ઊપર ૨૧ મી જુલાઈ ૧૭૮૫ ના વરશની તેરીખ લખાઈછે અને તેની ઊપર જેવોએ એ દેખાવ નજરે નજર જોઓછે તેવાં સારા અને આબરૂદાર માંણશોની સહી થાઈછે.

## ઈટેલી દેશના દરીઆઈ તલેસમતી મેહેલો.

ઈટેલી દેશની દખણ દસાએ જે દરીઓ આવેઓછે જે ભાગને "મશીનીનો ઈસતરેટ" કરીને નામ આપેલુછે તે જગા ઊપર થાતા દેખાવને લોક એક ઘણીજ લકી નીશાંન સમજેછે અને જારે તેવો બનાવ બનેલો દેખાએછે તારે લોક મગન થાઈ ખુશાલીના આવાજ "મરગાના" "મારગાના" શબદો બોલી મારેછે અને તે જોવા દરીઆ કીનારા તરફ દોડી જાઓછે. જારે ઊગતા સુરજના કીરણો એ જગા ઊપરના દરીઆના પાણી ઊપર ૪૫) ડીગરીએ વાંકાં થાઈ પડેછે અને તે વખતે જો દરીઆના પાણીની સપાટી ઠમ હોએતો તે વખતે શેહરની અંદરની ઊચાંણ જગા ઊપર સુરજની તરફ પીઠ ફેરવી ઊભેલાં માંણસોને દરીઆની સપાટી ઊપર ગોહોટ ગોહોટા મેહેલો અને તેના છાપરાં તથા અગાશી તથા બારી અને ઊંચા બુરૂજો અને ટેકરાઓ જેની ઊપર બકરાં અને મેહનદના ટોલેટોલાં લીલાં મેદાનમાં ચરતાં તથા સીપાહી લોકની હાર કવાએદ કરતી અને એ વગરે બીજો તરેવાર જોવા લાગેક દેખાવ પાણી ઊપર નજર પડેછે. એ સઘલો દેખાવ જલદીથી પાણીની સપાટી ઊપરથી દાડનો ચાલેઓ જાતો હોએ હેવી રીતે દેખાએછે. એ મેહેલો અને જે જે બીજી ચીજો પાણી ઊપર દેખાએછે તે કંઈ નહી પણ માંતરે તે શેહેરની અંદરના ચેહેરો અને તેવીજ બીજી ચીજોના પડછાઓ હોએછે. જો એ દેખાવ દેખાતી વખતે હવામાં વાદલાં થાઈ આવેઆં હોએ અને દવ પડતો હોએતો તે વખતે સઘલી ચીજો રંગીન બેરંગી દેખાએછે જેમ આપણે કાચના લુલકની અંદરથી રંગીન બેરંગી ચીજો જોઈએછે તેમ.

## ફરાંસના કીનારાનુ ઘસડાઈ આવવું.

એક બીજી તરેનો હેવો બનાવ બનેછે કે તેથી વલી વધારે તાજુબી ઊપજેછે. હેવા એક દેખાવથી એક વખત ઈંગલંડના માંણસોને એક કલાક સુધી ઘણીજ રમુજ અને તેની સાથે અચરતી પેદા થાઈ હતી. ઈંગલંડના કીનારા ઊપર ઊભા રેહી ફરાંસ દેસ તરફ જોઈએ તો તે દેશનો કીનારો જે ૫૦) માઈલ દુર છે તે મુતલક નજર નથી પડતો કાંએકે વચમાં દરીઆ આવેલોછે. પણ ૧૭૯૮ ના ઈસવી સાલમાં ૨૬ મી જુલાઈની સહવારના પાંચ વાગે ઈંગલંડની દખણ તરફના ભાગના લોકમાં કલોર ઊઠી રેહો અને સઘલા દરીઆ કીનારે તરફ દોડતા જતા માંલમ પડેઆ. ખોલ કાહાડતાં માંલમ પડીઊ કે આજે ફરાંસ દેશનો કીનારો આપણા દેશની ઘણીજ નજદીક ખેંચાઈ આવેલો દેખાએછે અને તે કીનારા ઊપરનાં માંણસો સાફ દેખાએછે. જેમ જેમ વખત વધતો ગીઓ તેમ તેમ તે કીનારો હવામાં વધારે ઊંચે ચહડતો અને નજદીક આવતો દેખાવા લાગો અને લોક ખોલી આંખે જોઈ ઓલખવા લાગા કે પેલી ફલાંણી જગા અને પેલું ફલાણુ ઘેર. હોડીઓમાં માંણસો એણીગમ પેલી ગમ ફરતા હતા તે સાફ નજર આવવા લાગા. છેક ૮ા વાગા સુધી ફરાંસના કીનારાનો દેખાવ બરાબર દેખાઆ કીધો અને સુરજ જો કે વાદલમાં હતો તોબી સઘલી ચીજો સફાઈ ભરેલી અને ખોલી નજર પડતી હતી. ૮ા વાગા પછી એકાએક તે કીનારો નાબુદ થાઈ ગીઓ અને જેવો આગલ દરીઓ અને આસમાન મલેલાં હતા તેવું થાઈ ગીઊ. એ અજાએબ જેવા દેખાવનુ કારણ એક તેવાજ બીજા કાએદા ઊપરથી સમજમાં આવશે. રોશનીના કીરણો સીધાં જવાને ઠેકાણે કોઈવાર જાડી પાતલી હવાની અંદરથી જાઆથી મંડાઈ જાએછે તેથી વ

મે હેવી નીચી ચીજો ઊંચી થાએલી નજર પડેછે. જેમકે બાજુએ આપેલાં ચીતરનાં નકસ બીજામાં (ક) અખશ ર આગલ એક વાંહાંણછે તે મુતલક (પ) જગા આગલ ઊભા રેહેલાં માંણસને નથી દેખાતું કાંએકે વચમાં દરીઓ આવેલોછે અને (ક) જગા નીચાણમાંછે. પણ હવામાં ફેર ફાર થાઆથી (ક) ઊપરથી નીકલેલાં કીરણો સીધા (સ) લીટીમાં જવાને ઠેકાંણે એલ મંડાઈ (ગ) લીટીમાં જાએછે તેથી પેલુ વાંહાંણ (ક) જગા ઊપર દેખાવાને ઠેકાંણે (ચ) જગા ઊપર ઊંચે ચહડી ગએલુ માંલમ પડસે. તેમજ ફરાંસ દેસનો કીનારો ઊંચે ચહડી ગએલાં હતો તે પેલાં ઈંગલંડના લોકને દેખાતો હતો.

**એક કીલાનુ ટેકડી ઊપરથી નીચે ઊતરી પડવું.**

વલી ૧૮૦૬ ના સાલમાં હેરોજ પણ વધારે તાજુબી ભરેલાં દેખાવ કુદરતના હેવાજ કાએદાથી બનેલો ઈંગલંડમાં દેખાઓ હતો. તે એ પરમાંણે કે એક મોહોટો બુરૂજ જે એક ટેકરીની ઊપર હતો તે બુરૂજ એકાંએક નીચે ઊતરી પડેલો દેખાઓ અને જે ટલો તે નીચે ઊતરેઓ હતો તેટલોજ ટેકરીની ઊપર ઊંચેબી દેખાતો હતો. એ પરમાંણે એ બુરૂજની બેવડી લંબાઈ વધી પડી હતી. જુઓ નકસ તરીજો. (અ—બ) ટેકરીછે અને તેનાં મથાલાં ઊપર (ક—ખ) કીલોછે પણ તે બરાબર મથાલાં ઊપર દેખાવાને ઠેકાણે ટેકરીની કહણમાં ઊતરી પડેઓછે. એકાએક હેવો દેખાવ લોકને નજર પડેઆથી સઘલા ઘણાં અજાએબ થાવા લાગા. દુરબીન મુકી જોઆથી વધારે સાફ અને ખોલુ દેખાવા લાગું કે કીલો ખરેખર કોઈએ નીચે ઊતારી પાડેઓછે. કોઈએ એમ નહી વીચાર કીધો કે કઈ કુદરતી બનાવથી હેવુ દેખાતું હશે, કાંએકે તેઓને વધારે શક એ કારણથી જાતો હતો કે એ ઊતરી પડેલા કીલાનો ખરેખરો ઓરો પડતો હતો અને કીલાની પછવાડે આવેલો ટેકરીનો તેટલો ભાગ મુતલક ઢંગાઈ ગએલો હતો.

**હવામાં દેખએલાં વાંહાંણો.**

ઊપલાજ કાએદા પરમાંણે થાતો દેખાવ એક વખત એક ધણીને ઘણીજ અજાએબ રીતે કાંમ લાગો હતો. ૧૮૨૨ ના ઈસવી સાલમાં અમેરીકા ખંડમાંના ગ્રીનલાંડ દેશના દરીઆમાં મી૦ ઈસકારબી પોતાનુ વાંહાંણ ચલાવતો હતો. તે ભર દરીઆમાં હતો અને તેની આસપાસ છેક પાંણી અને આસમાન મલી ગએલુ હતું તાંહાં સુધી એક પંખેરૂ અથવા કોઈબી વાંહાંણ નહી દેખાતુ હતુ. તેવામાં તેહેને એકાએક હવાની અંદર ઊંચે એક વાંહાંણની ઊંધી સખી નજર પડી: તે ઊપર તરત તેણે દુરબીન મુકી, અને જોઈ તો તે વાંહાંણ એટલુતો ખોલું દેખાતુ હતુ કે તે વાહાંણનાં વાવટા ઊપરથી ઓલખી કાહાડેશે કે તે વાંહાંણ તેના પોતાના બાપનુ હતુ. મી૦ ઈસકારબીએ ફરીને તપાસી તપાસીને જોઈ અને તેણે તે વાંહાંણના સડ તથા રીગીંગ અને બીજી કેટલીએક ચીજો બરાબર ઓલખી તેથી તેનો ખાતરી થાઈ હતી કે તે વાંહાંણ ખરેખર તેનાં બાપનુજ હતું. જારે તે બેહુ વાંહાંણો સાથે મલીઆં તારે એક બીજા સાથે વાત ચીત થાઆથી જે વખતે પેલો દેખાવ જોઆમાં આવેઓ હતો તે વીસે પુછ પરછ કીધી અને ગણતરી કરતાં હેવું સાબેત કીધું કે જારે તે વાંહાંણની સખી હવામાં ઊંચે પડી હતી તે વખતે ઓછાંમાં ઓછા તેઓ ૩૦ માઈલ એક બીજાથી દુર હતા અને જેટલું દુર દુરબીનથી જોવાઈ શકાએછે તેનાં કરતાં ૧૭ માઈલ વધારે દુર તે વાંહાંણ હતુ.

હાવા દાખલા આપવાનુ કારણ એમ છે કે હાવા ખુદરતી બનાવો જારે બને અને જો તેનો ખોલાસો આપણને નહી ખબર હોએ તો તેથી કેવા વેહમ ભરેલા વીચારો આવે ! હેવા વેહમ ભરેલા વીચારો ઘણી વખતે ઊપજેલા સંભલાએલાછે. (ખોલાસે જાદુ.)

---

## ઘોડાની બાહાદુરી તથા ચંચલાઈ.



ઘોડા જેવા થોડાંના, ચંચલ, બાહાદુર અને નીમક હલાલ ઘણાં થોડાં જનાવરો હશે. કુતરાંઓની અજાએબ જેવી ચંચલાઈ, હોશીઆરી અને નીમક

હલાલીના આપેલા દાખલાઓ આપણે વાંચીએછે તેમ ઘોડા વીશે પણ અજબ જેવી વાતો કહેલીછે. તેની વખાણવા લાએક ખાસીઓતો માહેલી થોડીએકનુ બએઆંન અતરે આપીએછે—

ઘોડામાં બાહાદુરી અને હીમત ઘણી જોવામાં આવેછે, પણ જેમ સઘલાંઓમાં હોએછે તેમ તેઓમાં પણ કેટલાએક શખત અને હીમત વાલા અને કેટલાએક પોચા અને બીહીકણા હોએછે. જેઓ વારેઘડીએ લડાઈઓમાં ગએલા હોએછે તેઓ આતશના ચમકારોથી અને તોપોના ભારી અવાજોથી જરાકપણ ચોંકેઆ વગર જમીનપરનુ ઘાસ ખાએછે; અને બીજાઓ એવી હાલતમાં આવી પડેઆ હોએતો મોટેથી દુખની અને ઘાસતીની ચીચીઆરી પાડેછે કે જેથી આપણાં દીલમાં દએઆ ઊપજીઆ વીના રેહેતી નથી.

કુદરતીથીજ વાઘ, સંહી અને તેઓનીજાતના બીજા જનાવરોથી ઘોડો ડરેછે તોપણ જો કોઈ સારી રીતે તેપર બેસી જાણતો હોએતો તેથી અને પોતાની હીમતથી તે જનાવરો સાથે લડાઈ કરવાને હીમત ચલાવેછે. એ મુજબ બનેલો એક દાખલો અતરે જણાવીએછે.

સર રાબરટ ગીલીસપી નામનો કલકતાનો એક મોટો સરદાર એક દાહાડે તાંહાંની ઘોડાની શરત જોવા ગએઓ હતો તાંહાં એકાએક હજારો લોકના પોકાર અને ગડબડથી તે ઘબરાઈ ગએઓ. ખબર કાહાડતાં માલમ પડેઊ કે એક વાઘ છુટી ગએઓ છે, તારે સર રાબરટે તુરત પોતાનો ઘોડો મંગાવાનો હોકમ કીધો અને પાસે ઊભેલા શખસો માહેલા એક શખસ પાસે ભાલો હતો તે લઈને ઘોડાપર સવાર થઈને તે વાઘને મારવા નીકલેઓ. વાઘ પોતાંને આટલા બધાં પોકાર કરતાં માણસોની વચચે આવી પડેલો જોઈને અજબ થએઓ હોએ એવો દેખાવા લાગો પણ જારે તેણે સર રાબરટને જોએઓ તારે તેની ઊપર ઘસારો કરવાને માટે પછવાડેથી વાંકો વળીઓ પણ તેજ પલે તે બાધુર સરદારે પોતાના ઘોડાને તેની પીઠપર કુદાવીઓ અને ભાલો વાઘને લોકીઓ. આએ ઠેકાણે તે ઘોડો પાછો હટીઆને બદલે એવીતો મજબુતીથી તે વાઘની પીઠ ઊપર કુદેઓ કે તેથી તે સવાર બરાબર ભાલો લોકી શકેઓ.

એક શખસ પાસે ઘોડો હતો તે એવોતો મસતીખોર અને ઘાતકી થઈ ગએઓ કે જરાક પણ કામ કરે નહી એટહુંજ નહી પણ જે કોઈ તેને કામ કરવાની ફરજ પાડે તેની ઊપર દાંતથી અને પગથી ઘસારો કરતો હતો. આવી ચાલથી કંટાલીને તેના ધણીએ તેને વાઘ અને વરૂના ગોશમાં નખાવેઓ, પણ જો એણીકે તે સઘલાં જાનવરનો એ નાસ કરશે માટે તાંહાંથી કાહાડીને શીંહીને હસતક કીધો. તેનીથીપણ તે કાંઈ ડરીઓ નહી પણ એક ખુણામા જઈને તે શીંહી તરફ પોતાનુ મોહાડું કરીને બેઠો અને તેનીજ તરફ નજર રાખીને ટીકેઆ કરતો હતો, ઘોડાની નજર ચુકાવવાને શીંહીએ ઘણીબી વેતરણ કીધી પણ તે ફોકટ ગઈ. છેલલે તક મલેઆથી તે ઘોડાએ શીંહીપર એક મજબુત ઘસારો કીધો, અને એક પલવારમાં પોતાના આગલા પગથી તેના કેટલાએક દાંત ભાંજી નાખેઆ, જેથી તે શીંહી મુગો મુગો પોતાના પીંજરાંમાં ગએઓ.

ઘોડાની એવી બાધુરી વારે ઘડીએ આદમી જાતને સંકટને વખતે ઘણી કામની થઈ પડેછે, કે જેથી તેઓની ઘરતી તારીફ કરવી આપણને લાએકછે. કેપ આવ ગુડ હોપના દરીઆમાં એક વખત ભારી જોસથી પવન ફુકીઓ તેથી એક વાંહાણ ખરાબા તરફ ઘસડાઈ ગએઊ અને તે માહેલા કેટલાએક ખલાશીઓ મોજામાં તણાઈ ગએઆ, અને બાકીના થોડાએક કીનારે આવવાને હાતપગ પછાડતા હતા. તે વખતે દરીઆમાં એવુંતો તોફાન હતું અને એટલાંતો પાણી ઊછલતાં હતાં કે તે કમનસીબના પુરૂશોની મદદે જવાની કોઈનીપણ હીમત ચાલે નહી; પણ તેટલામાં એક ઊમરે પુગેલો ખેડુત તાંહાં આવી પુગો, અને તેઓને એવી માઠી અવસથામાં જોઈને તેના દીલમાં ઘણી દએઆ ઊપજી. તે પોતાના ઘોડાની હીમત, બાધુરી અને તરવાનાં કામની ચાલાકીથી સારી રીતે વાકેફ હતો, તેથી તેઓના બચાવનુ બીકટ અને ઘાસતી ભરેલું કામ માથે લેવાને તુરત ઠેરાવ કીધો. તે ઘોડા ઊપરથી ઊતરેઓ, અને ઘોડાના નાખમાં થોડેએક બરાંનડી નાખેઆ પછી પાછો તેપર સવાર થઈને તે તોફાની મોજામાં ગએઓ. પેહેલેતો બંધે જણ ગુમ થએઆ પણ પછી જલદીથી પાછા સપાટીપર તરી આવેઆ અને ખરાબા આગલ જઈને બે માણસોને તાંહાંથી આબાદ કીનારે લાવેઓ, અને એવીજ રીતે સાત વ

ખત મલીને ચઊદ માણસોને કીનારે લાવી તેઓનો જીવ બંચાવેઓ. પણ આઠમી વખતે આવતાં તે ઘોડો ઘણોજ થાકી ગએઓ હતો એવામાં એક ભારી પવનનો જહપાટો આવેઓ તેથી તેનું જોર રહેઊ નહી અને તે પાંણીમાં સવાર સાથે ડુબી ગએઓ. ઘોડો તો તરીને જમીનપર આવેઓ પણ અફશોશ પેલો મોટા મનનો અને મોટી હીમતનો શખસ ડુબી મુવો.

ઘોડામાં આવી હીમતની સાથે કોઈ કોઈ વેલા એટલોતો પીઆર અને હોશીઆરી હોએછે કે તેની ચાલથી આદમી જાતને પણ એકવાર સરમાવું પડે. કુતરાંની પેઠે એપણ તરીને કોઈ ડુબતાં પરાણીનો જીવ બચાવેછે. કેહેછે કે ઈંગલંડમા એક ઘરહસથની છોકરી નદીના કીનારા આગલથી રમતી રમતી કમનસીબે પાંણીમાં ગેઈ, અને ડુબવાને તઆર હતી તેટલામાં એક નાહાનો ટટુ કે જે તેનાં કુટંબમાં ઘણાંએક વરસ શુધી રહેલો હતો તે પાંણીમાં જઈને તે છોકરીને સહીસલાંમત કીનારે લાવેઓ હતો.

---

## પોતાનો દેશ બંચાવનાર એક અસતરી.

ઈ. શ. ૧૭૧૬ ના વરશમાં જારે સુવીદન દેશના બાદશાહ બારમાં ચારલસે નોરવેપર હામલો કીધો તેઆરે તેના લસકરનો મોટો ભાગ નોરવેની રાજધાની કરીસતીઆનીઆ તરફ રવાને કીધો હતો. કરીસતીઆનીઆમાંથી તે લશકરની એક ટુકડી કોનસબરગ નાંમના શેહેરમાં મોકલવાને હોકમ થએઓ. એ કારણસર કરનલ લોઈવનના હાથ તલે ૮૦૦ ઘોડેશવારની ફોજ તે જગા પરથી નીકલી, અને રાત પડી ગઈ હતી માટે એક જગામાં તેઓએ વીસામો લીધો. એ જગાથી થોડીએક વેગલાઈએ નોરવેના શીપાહીઓની એક નાહાંની ટુકડી પોતાના દુશમનોની હીલ ચાલ જોવા માટે રાખી હતી. આ ઠેકાણે સુવીદીશ સરદારે કોલબીઓરસન નાંમના એક પાદરીના ઘરમાં પોતાનો ઊતારો કીધો. તેના ઘરમાં તે સરદાર બેઠેલોછે તેટલામાં તેણે કોઈ શખસને પોતાના દુશમેનોને જોવા માટે મોકલીઓ હશે તે આવી પુગો, અને તેને એવી ખબર આપી કે દુશમેનો માતર તરણ માઈલની વેગલાઈએછે અને આપણે હંઈ આવીઆછે તેની તેઓને કાંઈ ખબર નથી. તેઆરપછી તેઓ બંધે એક બીજા સાથે મસલહત કરવા લાગા કે સવાર પરતાં પેહેલાં તે લોકોપર આપણે હામલો કરવો, અને પછી તાંહાંથી કોનસબરગ તરફ વધવું. સારાં ભાગેગે એ વાત પેલા પાદરીની બાએડી મીશીશ કોલબીઓરસનના કાને પડી, જેણે એ વાત જલદીથી પોતાના દેસીભાઈઓને જણાવાને થેડાવ કીધો. પણ હજી કાંઈ વધારે ખબર મેલવવાની મતલબથી તે તેઓની કેવીએક બરદાશત લેતી હોએ એવી રીતે તેઓની આગલની આગલ ફરીઆ કીધી, અને તેથી વધારે ખબર મેલવી. પછી તે સરદારને વાસતે કાંઈ બાહેરથી મંગાવાને બાહાને તેણીએ પોતાના માણસને પેલા નોરવેનાં શીપાહીઓ જેઓ થોડેએક તફાવતે હતા તેઓને ખબર આપવાને મોકલીઊં. અને તેને ધારીઊં કે સવાર પડતાં તેઓ સઘલા ઘોડેસવાર થઈને જશે તેટલા માટે આગમજથી સઘલા ઘોડાવાલાઓને ખુબ દારૂ પાઈને છાકટા કરી મુકેઆ, કે જેથી તેઓના કામમાં ખલલ પોંહોંચે. તેઆરબાદ તેણીએ લશકરના સરદારને કહેઊં કે થંડી ઘણી પડેછે માટે તમારા ગરીબ શીપાહીઓને ગરમી આપવાને જો હોકમ આપોતો બાહેર એક ભડકું શલગાઊ? તે બાબે પેલા સરદારે રજા આપી તેથી તેને છાવણીની આગલ એક મોહોટી ચેહ શલગાવી. હવે જુઓ એ ચેહ કાંઈ તે શીપાહીઓને ગરમી આપવાને નહી કીધી હતી, પણ તેઓના દુશમનોને રસતો દેખાડવાને માટે હતી, કારણ કે તેણીએ પેલાં માણશ પાસે શામણાઓને કેહેવાડીઊં હતું કે જાંહાં તમો રોશની જોવો તાંહાં આવજો. મીસીસ કોલબીઓરસન પોતાના કામમાં ફતેહ પાંમી. નોરવેના શીપાહીઓ અચણુચા આવીને તે સરદારને બંધવો કીધો અને તેના માણસોને કતલ કીધા તથા નહસાંરી મુકેઆ. હેવી રીતની એક અસતરીની મેહેનતથી અને તેનો પોતાના દેશપર ચાહ હોવાથી આટલા થોડા નોરવેના શીપાઈઓ પોતાના દુશમનોની મોટી સંખીઆ પર ફતેહ પાંમીઆ. રાતના જે શીપાહીઓ નાહાસી ગએઆ હતા તેઓને દુસમનોનું લશકર કેટલુંછે તે માલુમ નહી હતું તેથી તેઓએ એક શીપાહીને એ વીશે ખબર કાહાડવાને મોકલીઓ. તે શીપાહી પાધરો મીસીસ કોલબીઓરસનની પાસે આવીઓ અને પોતાની બંદુક તેની સામણે ધરીને તેને પુછીઊં કે મને ઊતા

વલેથી કેહે કે નોરવેનુ લસકર કાંહાંછે અને તેની સંખીઆ કેટલીછે? આ વખતે મીસીસ કોલખીઆરસન એક બીજી અસતરી સાથે પોતાના ઘરના આંગણાં આગલ ઊભેલી હતી. તે શીપાહીનું એવું બોલવું સાંભલીને મીસીસ કોલખીઆરસન સાથની બાએડી બેશુધ થઈને જમીનપર પડી ગઈ, પણ મીસીસ કોલખીઆરસનેતો બાહાદુરીથી તેને પુછીઊકે શું ઘરડી અસતરીઓને મારી નાખવાને તારા બાદશાહે તને હોકમ આપીઓછે? આ સાંભલતાં તે શીપાહીએ સરમાઈને પોતાની બંદુક તેણીની છાતી આગલથી ખીસાડી નાખી, પણ પોતાનો સવાલ પાછો પુછવા લાગો. તે ઊપરથી તેણીએ જવાબ આપીઓ કે જે લસકરની સંખીઆ વીશે પુછેછે તે તું સેહેલથી જાંણી શકશે કાંએ કે તેઓ દેવલ પછવાડે ઊભા રઈને તમારા લોકપર હોમલો કરવાને મસલહત કરેછે. એ ઊપરાંત હું વધારે કહી શકતી નથી કારણ કે મેં તેઓને ગણીઆ નથી પણ હું એટલું જાણુંછું કે મધ માખના પુડામાં જેટલી માખ હોએછે, તેટલાં માણસો તે લસકરમાંછે. આ સાંભલીને તે શીપાહી તુરત પોતાના સોબતીઓ પાસે દોડીઓ અને એવી ખબરથી તેઓના મનમા એટલીતો ધાસતી પેઠીકે સઘલાઓ જાંહાં નહસાએઊ તાંહાં નાહઠા અને એવીતો ગરબર અને ઘભરાટ થએઓકે તેઓમાના કેટલાએક માણસો ફરી હાથ લાગા નહી. આવી રીતે એક ઘરડી ઓરતે પોતાના દેશપર ચાહ દેખાડીઓ અને દુશમનોના હાથમાં જવાથી બચાવીઓ. ધનછે એવી ઓરતને!

---

## ચીનના બંદીખાના.

ચીનનાં બંદીખાનામાં એવીતો બેદારી અને અંધેર ચાલેછે કે કેદીઓ જો પઈસાવાલા હોએ અને બંદીખાનાના માણસોને લાંચ આપી શકેતો તેઓને ખાનગી ઓરડા, ચાકર અને તે શીવાએ દરએક બીજું સુખ મલી શકેછે. તેઓ હાથ પગની બેડીઓ આખો દાહાડો પોતાના દીલ ઊપરથી કાહાડી નાખીને ઓરડાની દેવાલે લટકાવી રાખેછે; અને જારે મોટા સરદારો જેઓને બંદીખાનાપર ઊપરી રાખેલા હોએછે તેમના આવવાનો વખત થાઓ તેઆરે માતર થોડેએક વાર પોતાની બેડીઓ પેહેરેછે, અને તેઓ ગએઆ પછી વળી પાછી કાહાડી નાખેછે. એ પરમાણે જાણે પોતાના ઘરમાં હોએ તેવું સુખ ભોગવેછે. પણ બીચારા ગરીબ અને જેઓથી લાંચ રસવત આપી નહી શકાએ એવી હાલતના બંદવાઓની હાલત ઘણીજ દળગીરી ઊપજાવનારછે. તેઓને કોઈબી રીતની છુટ મળતી નથી એટલુંજ નહી પણ ઊલટી બંદીખાનાના માણસો પોતાની તરફથી તેઓને શજા પોંહોંચાડેછે. વારે ઘડીએ તેઓને બાંધીને નેતરે અથવા ચાબકે મારેછે, અને રાત પડે તારે તેઓની ગરદન અને પગ સાથે બાંધીને કમકમાટ ભરેલી નજીશાતમાં નાખેછે અને તે જગોએ ઊંદરો પાસે તેઓનું શરીર કરડાવેછે. ખરેખર એ કમ નશીબનાંઓની હાલત બેહદ દએઆ ઊપજાવનારીછે.

---

## એક બેમરવત છોકરાને તાણો.

એક પુરસનો એકનો એકજ છોકરો હતો માટે તેની ઊપર તે ઘણી માએઆ તથા હેત રાખતો હતો અને પોતાની પાશે જે કાંઈ હતું તે સઘલું તે છોકરાને આપીઊ હતું. પણ તે છોકરો જારે મોટો થએઓ તારે ઘણો નગુનો અને નીમક હરામ નીકલેઓ; પોતાના બાપનું ગુજરાણ કરવાને ના પાડીઊં અને તેને ઘેરમાંથી કાહાડી મુકેઓ. એવું જોઈને તે બુઢા શખસે પોતાના છોકરાના છોકરાને કહેઊંકે જઈને મારા બીછાણા ઊપરથી ઓઢવાની ધાબરી મને લાવી આપ કે તે ઊપર બેસીને લોકો પાશે રસતે ભીખ માંગુ. તે છોકરાને તેનો બાપ મલેઓ તેને કહેઊંકે બાપાવા રસતે રસતે ભીખ માંગવા જવા માટે બીછાણા ઊપરની ધાબરી માંગેછે, પછે તે લાવીને પોતાના બાપ પાશે ગએઓ અને કહેઊંકે બાવા મેહેરબાની કરીને એમાંથી બે કટકા કરો—તેમાંનો એક કટકો બપાવાને બસ થશે અને બીજો કટકો તમે પોતે રાખો કે જાહરે હું મોટો થાઊં અને તમને પણ એવનની પેઠે ઘેરની બાહેર કાહાડી મુકું, તારે તમને તે કાંમ લાગે. આ બોલ સાંભલતાં તેના મનમાં એવુંતો લાગું કે તુરત પોતાના બાપ પાસે દોડી જઈને માફ માંગી અને તેઆરથી તે મુવો તાંહ લગી તેણે તેની અછી રીતે બરદાશત લીધી.

---

## પરચુરણ બાબતો.

**એક બીલાડીના કરડવાથી થએલું મોહોત**—થોડાએક દાહાડાની વાત પર એક મજુર એક ઘેલી થઇ ગએલી બીલાડીના કરડવાથી મરણ પાંમીઓ. જેમ હરખાએલાં કુતરાં તથા કોહોલાંના કરડવાથી હરખું લાગેછે તેમજ હરખાએલી બીલાડીથી પણ આપણને ધાસતી રાખવી જોઈએછે.

**માછલીનો વરસાદ**—ગએઆ ફેબરવારી મહીનાની અગીઆરમી તારીખે ગલેમોરગન શાએરમાં વરસાદનું એક ભારી જાપટું આવેઉ અને તેમાં નાહાની નાહાની માછલીઓ પરતી દીઠી. કેટલાંએક ઘરોના છાપરાં એ માછલીઓથી ઢંકાઇ ગએઆં હતાં. તેમાંની ઘણીખરી હજી જીવે છે. એની પુછડી અને ભીંગડાં ચલકતા શફેદ રંગનાછે અને એક ઈંચથી તે તરણ ઈંચ લાંબીછે. એ વખતે પવનનું પણ ભારી જોર હતું.

**હથેલી અને તલીઆં**—આ વાત ખરીછે કે પુરવ તરફના દેશોના કુતરાઓ સુવેલા માણસોના હાથ, પગ કધી ખાતા નથી. હીંદુસથાનમાં પણ જોકે હજારો હજ કરનારા લોકો દર વરસે રસતામાં મરી જાએછે, તેઓના સરીરના આ ભાગોને કુતરાઓ અડકતા નથી, જો કે બાકીના સઘલા ભાગો જહડપથી ખાઈ જાએછે. આલજીરીઆના આરબોમાં આએ સાધારણ કેહેવતછે કે જે હાથે કોરાન ( મુશલમાન લોકોનું ધરમ પુસતક) પકડીઉં હશે અથવા જે પગ મકકા તરફ ફરીઆ હશે તેને શીંહ કધી અડકતો નથી.

**મોહોટા આવાજથી થતી અસર**—તોપના આવાજથી અથવા હવામા થતા ભારી ગગરાટથી, માણસો અને જાનવરોપર જારે તારે ઘણી ખરાબ અસર થાએછે. બરૂસતર નામનો નામીચો વીદીઆરથી લખેછે કે ૧૬૯૭ ના વરસમાં ઈંગલંડમાં જારે સુલેહના સમાચારો જાહેર કીધા તે વખતે તોપો મારવાનો હોકમ થએઓ. તોપ ફોડવાની જગાની શાંમણે એક ખાટકીની દુકાન હતી તાંહાં એક મોહોટો કુતરો સુતેલો હતો, તે પેહેલી તોપના અવાજથી ભડકીને જાગી ઉઠેઓ અને બીજા ઓરડામાં દોડી જઇને એક બીછાણાની તલે ભરાઈ બેઠો. બીજી વખત જારે તોપ ફુટી તારે પોતાની જગા પરથી ઉઠીને આખે ઓરડે ધ્રુજતો ધ્રુજતો દોડવા લાગો અને જારે તરીજી વખતે તોપ ફુટી તારે એકુબે વખત ભારી જોશામાં દોડીને તુરત જમીનપર પડીને મરી ગએઓ, અને તેના મોહમાંથી અને નાખમાંથી લોહી વેહેવા લાગું.

**પ્રુથવીપર સઊથી મોહોટી ઈમારત**—ડાકટર ડફ કેહેછેકે શીરીંગહામમાં હીંદુ લોકનું એક એવુંતો મોહોટુ દેહરુંછે કે તેના જેવી બીજી મોહોટી ઈમારત એક દરૂપીતે બીજા દરૂ સુધી આપણને મલી આવશે નહી. તે દેહરાંનો આકાર ચોરસછે અને તેની એકકી બાંજુની લંબાઈ આસરે એક માઇલનીછે તેથી આખી ઈમારતનો ઘેરાવો ચાર માઇલનોછે. દેવાલો પચીશ ફુટ ઉંચી અને ચાર, પાંચ ફુટ જાડાઈમાંછે. ઈંગલંડની અંદર કરીસટલ પેલેસ નામની જે મોહોટી ઈમારત થાઈ હતી તેતો એના વટાવમાં જાએ. ડાકટર ડફ કેહેછે કે જેમ આપણે એક દોઢીઉ સેહેલથી ગજવામાં મુકી શકીએ તે પરમાણે કરીસટલ પેલેશને આ દેહરાંના ગજવામાં સેહેલથી મુકી શકીએ. તે દેહેરાંના એક મોટા હાલનેજ માતર પથરના એક હજાર થાંબલાના ટેકા આપેલાછે.

**હાથે ફુલો બનાવાનો હોનર**—કાંઇ સેંકડો વરશની વાતપર ઇટલીના કેટલાએક ભાગોમાં હાથે ફુલો બનાવતા હતા, તેઆર પછી તે હોનર ફરાંનસમાં દાખલ થએઓ કે જાંહાં તેને શંમપુરણ હાલત પર લાવેઆ. કેહેછે કે સેગવીન નામનો એક ફરેંચ જે આસરે સો વરશની આગમજ થઇ ગએઓછે તેની આ હોનરમાં એવીતો કલા અને માહીતગારી હતી કે તે જે ફુલો બનાવતો હતો તે હેવાં કે જો તેને હાથ લગાડેતોજ તે કુદરતી ફુલોથી ઓલખાઇ આવતાં હતાં.

**કધી નીકલી નહી જાએ તેવી શાહી બનાવાની રીત**—દોહોડ ડરામ નાઇતરેટ આવ સીલવર, એક આંઉસ ગારેલુ પાણી, અરધો આંઉસ ગુંદર અને પોણો દરાંમ આમોનીઆને એક સાફ કાચની બાટલીમાં નાખીને ભેરી નાખવું અને તેને જોરથી બુચ દઇને એક અંધારી જગામાં હમેશ રાખવી. જારે કામ પડે તારે બાટલીને હીલવીને તેમાં એક કલમ બોરીને જેપર લખવું હોએ તેપર લખીને તે તુરત આતશ આગલ ધરો અથવા ગરમ કીધેલું લોહોડું તેની ઉપર ફેરવો અને પછી તેની ઉપર ઘણી મુદતની અથવા આશીડની કાંઇ અસર થશે નહી, અને જે નીશાંન કીધી હશે તે હમેસ રેહેશે.

**એક અચરત સરીખો એલ**—દખશીણ અમેરીકામાં કાફીના રંગનાં પાણીની એક નદીછે, તે પાંણીમાં એવી ખુબીછે કે જો ખજુરીના જાહાડના છાંએડા તલે એક વાશણમાં તે પાંણી મુકે તારે તેનો રંગ બીલકુલ કાલો થાએછે અને જારે કાંઈ બીલોરી વાસણમાં મુકે તારે સોનાના જેવો પીરો રંગ થઈ જાએછે. ખરેખર આ બીના ઘણી તાજુબી ઉપજાવનારછે.

**મરદો કરતાં ઓરતો વધારે વરસ જીવેછે**—ગણતરી ઉપરથી માલમ પડેઉંછે કે ઘણું કરીને ઓરતો, મરદોના કરતાં વધારે ઉમરે પુગેછે, પણ તેનું કારણ બરાબર માલમ પડેઉ નથી. કદાચ આ કારણ હોએકે ઓરતો, મરદોના જેવી જંજાલ અને હેંજગારીમાં અને ફીકર ચીંતામાં પડતી નથી તેથી હશે. એક શખસે પોતાનો વીચાર આપીઓછે કે તેઓ મરદોના કરતાં વધારે વાત ચીત કરેછે તેથી ફેફસાંને સારી કસરત પડવાના સબબથી તંદરોશતીને ઘણો ફાએદો થાએછે.

**૧૮૫૧ ના** વરસમાં ઈંગલંડમાં પચીસ વરસની વએની અંદરના ૧૧૫૭૩૩૭૭ માણસો હતાં, અને પચીસથી વધારે ઉમરના ૯૬૧૧૬૩૩ માંણસો હતાં. ઈંગલંડ અને ઈસકાટલંડમાં ૩૩૯૧૨૭૧ મરદો, અને ૩૪૬૧૫૨૪ બાએ

હીઓ, તથા ૩૮૨૯૬૯ રંડાએલા પુરૂશો અને ૭૯૫૫૯૦.રંડાએલી ઓરતોછે. વીસ વરસના અને તેથી વધારે ઉમરના ૧૬૮૯૧૧૬ કુમારા પુરૂશો અને ૧૭૬૭૧૯૪ કુમારી ઓરતોછે.

**રાણી વીકટોરીઆ**—આપણી રાણી વીકટોરીઆની ઉંચાઈ આસરે પાંચ ફુટ એક ઈંચછે.

**દરીઆમાં રોશનીનો ચલકાટ દીશેછે તેનું કારણ**—દરીઆઓમાં રોશનીનો ચલકાટ નજરે પડેછે તેનું ખરેખરૂં કારણ હજી શુધી કોઈ પુરૂશે ખાતરી થાએ એવી રીતે શમજાવેઉ નથી, પણ હાલ એવી કલપણા કરવામાં આવીછે કે દરીઆઓમાં "મોલશકા" નામના જીના જીના જાણવરો વસેછે તેઓ જારે તારે એ રોશની આપેચ કે જે જાંહખી અને ઘણુ કરીને સેહેજ આશમાની રંગની હોએછે.

**એક માએઆલુ ખચર હાંકનારને ઈનામ**—શીકંદર બાદશાહનો એક શીપાહી એક દહાડે ખચર પર લાધીને કેટલુંએક સોનુ તેની પાશે લઈ જતો હતો. તે જાનવર બોજે ઉચકીને ચાલવાને તદન અશકત હતું માટે ખચરવાલાએ તે પોતાની પીથપર લઈને ચાલવા માંડેઉ પણ તે બોજે ઘણો ભારી હતો માટે થોડેએક રશતે ચાલીને જમીન પર મુકવા જતો હતો તેવામાં શીકંદરે તેને કહેઉકે દોશત એ જમીન ઉપર મુકતો ના, જરીક મેહેનત કરીને પાધરો તારા પોતાનાજ તંબુમાં લઈ જા એ દોલત તને ઘટેછે.

**કુમારા શખસોપર છાપો**—૧૬૯૫ ના વરશમાં જારે તરીજો વીલીઅમ ઈંગલંડમાં રાજ કરતો હતો તારે પચીસ વરશ ઉપરાંતના કુમારા શખશોપર છાપો મુકેઓ. ડીઉકપર ૧૨૫) રૂપીઆનો અને શાધારણ માણશ પર અરધો રૂપીઓ.

**ચાદની અજબ જેવી અશર**—એક શખશ કેહેછે કે જારે હું બરમુદામાં હતો તારે મેં નજરે નજર જેએઉછે કે ચાંદની રાતના જેગોશત ખુલલી રીતે ટાંગી મુકેઉ હોએ તો બીજી સવારનાં તે શઘલુ શડી ગએલું માલમ પડેછે વલી તાંહાના રેહેવાશીઓ તેને ચાંદનામાં શુવા ના કેહેતા હતા કે જો તું ચાદને તારા દીલપર પરકાશવા દેશેતો ઘણો ધાશતી ભરેલો અને દુખદાએક તાપ આવશે. વલી બીજુ એ વીશે એવું માલમ પડેઉછે કે ચાંદનાની અશરથી થોડાએક વખત લગી અંધાપો આવેછે.

ઉપર કહેલો શખસ કેહેછે કે જે ચાંદણામાં હું શાફ રીતે વાંચી શકું તેવા ચાંદણામાં મેં પોતે કેટલાએક લોકોને રશતામાં ઠોકર ખાતા અને આંધલા હોએ એવી રીતે ચાલતાં જેએઆછે. એજ પરમાણે મેં તાંહાંની રીજમીટના ડાકટરથી શાંભલેઉકે રીજમીટના શીપાઈઓનો પેતરતીઆંઉશ ભાગ એવી રીતે રાતના આંધલો થઈ જાએછે. ખરેખર આ વાત ઘણી તાજુબી ઉપજાવનારછે પણ એનુ કારણ હજી શુધી કોઈને માલમ પડેઉં નથી.

**ફુરીઆદ** કીધાથી સારૂં થવાની આશા વગર કદી ફરીઆદ કરવી નહીં.

**આપણા માથાપર કેટલા બાલછે**—થોડુંએકપર એક જરમન વીદવાને આદમી જાતના ચાર જુદા જુદા રંગના બાલના માંથાંપરના બાલની સંખીઆ ગણવાની મેહેનત લીધી, તે ઉપરથી તેને પીરા બાલના માંથાં પર ૧૪૦૪૦૯ ખુલલા બાલ માલુમ પડેઆ; ભોરા બાલના માંથાંપર ૧૦૯૪૪૦; કાલા બાલના માથાં પર ૧૦૨૯૬૦ અને રાતા બાલના માથાંપર ૮૮૭૪૦ બાલ માલુમ પડેઆ.

**ખોટી રેહેવાની ખરાબી**—બાકસટર નામનાં શખસે એક નીસાળ બાંધવાને એકઠી કરી મુકેલી એક હજાર પાંઉંડની રકમ ખોઈ તારે બોલી ઉઠીઓ કે "ધરમ કરવો તે તાતકાલ કરવો ને હું કેવો બેવકુફ જે મેં લોકોના કલેઆણને માટે ધારેલું કામ જલદીથી અને મન દઈને કરીઉં નહીં."

## હીતના વચનો.

—o—

(હરીગીત છંદ.)

હીત કહીઉં સુણે ન કંઈ તે, બેરા સરખો જાણવો
થાએ સ્વાધીન કરોધને તે, આંધળાં સમ માનવો. ૧.
જેહ સારૂં બોલી ન જાણે, ગુંગા સરખો ધારવો
સારૂં માઠું નહી સમજતાને, પશુ સમજી કાડવો. ૨.
મોટો તેને જાણવો જેહ, નીત્ય પરોપકારી છે
ધીરો તેને ધારવો જેહ, સંકટ નીરભએ ભારીછે. ૩.
જુંવાની ધન આઈઉસ પર જે, નથી ભરોંસો રાંખતો
સાવધ શાણો માનવો તે, સ્થીર મનનો સુખી થતો. ૪.
સ્તુતી કરે કોઈ આપણી તો, ખાવી ભુલી ના ખતા
કાંકે લોકો સ્વારથ સારૂ, જુઠું આજી બોલતા. ૫.
આપણી વાંસે કોઈ નીંદા, લડેવું નહીં તે સાંભળી
પીઠ પાછળ હલકા લોકો, માઠું બોલે તે વળી. ૬.
કોઈ ગરીબને જોઈ તેનો, અનાદર કરવો નહીં
કોઈ કાળે આપણી પણ, થાએ દશા તેવી સહી. ૭.
આપણી પાસે ધંન હોશે, સ્નેહ કરવા સહુ આવશે
દુખની વેળા કોઈ ના રેહે, આઘા પાછા તે થશે. ૮.
સારા લોકની શીખામણનું, કડણ લાગણ છે ખરૂં
પણ તે ભારી હીતકારક, વેર કોઈસું હું ના કરૂં. ૯.
છાંની વાત જે આપણી તે, વીશવાસે કેવી નહીં
સાચો સ્નેહી હોએ તો વળી, વીશવાસે કેવી સહી. ૧૦.
આવક જાવક માંડવાથી, માણસ સાવધ રેહછે
વેહવારમાં શરમ રાખે, નુકસાની તે લેએછે. ૧૧.
લેવી ન્હાના પાસથી પણ, જુકતીની જે વારતા
ઘરમેળે કજીઓ પતે તો, સરકારે રે ના જતા. ૧૨.
ભુંડું બોલો ના કદીરે, મુએલાંનું સરવથા
વેરભાવ ના રાખવો ના, ઉઘાડો છાની કથા. ૧૩.
મીઠાઈ મેવો ખાવાની રે, જીવને ટેવ ન પાડવી
બીજાનો કજીઓ માથે લેવા, બાહાર ન હીંમત કાડવી. ૧૪.
એક કામ પુરૂ થએઆથી, હાથ બીજામાં ઘાલવો
બેજાણ વાતો કરતા હોએ તીહાં, અદ વીચાર ન આલવો. ૧૫

(નરમ કવીતા.)

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું | એપરેલ ૧૮૫૯. | આંક ૪ થો

## લાએકીવાળી ઓરત.

### મડંમ રોલાંડ.

મડંમ રોલાંડ ઈ૦ સ૦ ૧૭૫૬ નાં સાલમાં ફ્રાંસ દેશના પાએ તખત પારીસ શેહેરમાં જનમી હતી. તેના મા બાપ ગરીબ પણ આબરૂ વાલાં હતાં. તેનો બાપ ચીતાર પાડનાર અને જાતે ચંચલ, મેહેનતુ અને અકલમંદ હતો. તેની મા કેલવણી પામેલી અને સદગુણ ઓરત હતી. મડંમ રોલાંડ નાહાન પણથીજં પોતાંનાં નરમ સવભાવ, ચંચલાઈ અને અભેઆસમાં ઊદીઆગી હોવાથી વખણાવા લાગી. ચાર વરસની થાઈ નહી એટલામાંતો વાંચવા સીખી. જે કાંઈ ચોપડી તેના હાતમાં આવતી તે વાંચી તેનો લાભ મેલવતી અને વાંચવામાં એટલીતો મશગુલ રેહેતી કે જો તેને એકુ ફુલ આપતાં તોજે તે ચોપડીમાથી ધેઆંન કાડતી, કાંએકે ફુલનો તેણીને ઘણોજ શોખ હતો. જેમ ઊમરે વધતી ગઈ તેમ માબાપોએ પોતાથી બનીઊ તેમ તેણીને સારી કેલવણી અપાવવામાં કશી ખાંમી રાખી નહીં. તેથી તે લખવા, ભુગોલ વીદ્દેઆ, ગાએણ, ચીતર વીદીઆ ઈતીઆદી સીખી. અભેઆસ કરવાની તેણીને એટલીતો ખાહેશ હતી કે તે દરરોજ પરોઢીઆંમાં ઊઠીને પોતાના સઘલા ધડા પાઠ કરતી. આવી ટેવથી તેણીએ ટુક મુદતમાં અજબ જેવો પોતાંમાં શુધારો કીધો.

ઊપર કહેલી વીદ્દેઆઓનો અભેઆસ પુરો કરી રહેઆ પછી તેણીને એક વરસ શુધી એક ધરમશાલાંમા રાખી તે એકાંત મુકાંમમાં પોતાના શીખશા ગુરૂઓની સંભાલથી તેનુ મગજ વધારે પુખત થએઊં. પોતાંને ઘર પાછી આવેઆ પછી પોતાંનો થોડોએક વખત ઘેર સંસારના કાંમમાં કાહાડવા લાગી તોપણ પોતાના સીકવામાં તેણે ઘણો વધારો કીધો. તવારીખનામામાં, ગણીત શાસતરમાં, ખગોલ વીદીઆમાં અને ફીલસુફીમાં તેહને ઘણુ સારૂં ગણેઆંન મેલવીઊં. વલી આવી કાબેલીઅત છતાં પોતાંની ભલમણસાઈ અને નરમ સવભાવને માટે તેણે સંઘલાઓનો પેઆર મેલવેઓ હતો.

એ પરમાંણે ઘણાંએક વરસો સુખ ચેનમાં નીકલી ગએઆં. મડંમ રોલાંડ સાથે પરણવાના માગણા ઘણેએક સારે સારે ઠેકાંણેથી આવેઆં પણ તેને પરણવાને ના પાડી. તેની મા જે અતેઆર સુધી એની સાથે હતી તેની તંદરોશતીમાં બીગાડ થવાથી એને ઘણી બેચેની ઊતપંત થાઈ. થોડુંએક પછી મા મરણ પાંમી તેથી હેને ઘણો ભારે જખંમ લાગો અને ઘણાએક દાહાડા શુધી પોતે તાહાડીઆ તાવથી આજારી પડી કે જેથી તેને જીવવાની આસા રૂહી નહી. જારે સાજી થાઈ તારે પાછો અભેઆસ સરૂ કીધો અને પોતાના ખાંનગી ઊપીઓગને માટે કેટલીએક નાહાની નાહાની ચોપડીઓ લખી. એ પછે તેણે મોનસીઊર રોલાંડ નામના એક ઘરહસથ સાથે પોતાંનાં લગંન કીધાં. એ ઘરહસથ કેટલાંએક મોહટાં કારખાનાંઓનો ઊપરી હતો તે છતાં તે વેપાર સંબંધી કેટલાંએક પુસતકો બનાવવાનાં કામમો ગુતાએઓ. આ વખતે મડંમ રોલાંડ પોતાના ખાવંદનાં આ છેલાં કાંમમાં તેની સાથે મદદ કરવા લાગી અને જારે તે એ કાંમથી પરવારતી તારે કુદરતી તવારીખ અને જાહાડપાંન સંબંધી વીદીઆના ભાશણો સાંભલવા જતી હતી. ચાર વરસ પછી તેને પેટે એક છોકરી અવતરી. પોતાની ફરજ એ છોકરીને ઊછેરવાની શમજીને તેને સાધારણ રવઈઆ મુજબ એ બચાંને

દાઈને સોંપવાને નાપાડીઊં અને પોતેજ તેહની મ દારત કરવા તથા ધવડાવવા લાગી. મડંમ રોલાં ડમાં આ એક મોહોટો ગુણ હતો કે પોતે સીકવાના અને રાજદ્વારી કાંમમાં ગુંતાએલી છતાં પોતાના ઘર સંબંધી ફરજોમાં પાછલ નહી હતી.

આ વખતે ફરાંસના રાજમાં એક ભારી ફેર ફાર થએઓ અને તે વખતે લોકોની બે ટોલકીઓ થ ઈ અને તેમાની એક ટોલકી જે ફેરફાર કરનારાઓ ની તરફેંનમા હતી, તેમાં મડંમ રોલાંડ અને તેનો ખાવંદ સામેલ થએઆં હતાં. તે વખતની ફરાંસની જુલંમગાર સરકારથી મડંમ રોલાંડ ઘણી અસંતોશ હતી પણ આ ફેરફારની વેલાએ તેને આસા આવી કે અવે પોતાના દેશમાં સંઘલાંઓને ખોલલી રીતે બો લવા અને ચાલવાની છુટ મલશે. અને જોકે પોતાની ખાતરી હતી કે એ છુટાપણાનુ મોટું અને ખરેખરૂં સુખ હું નહી ભોગવી શકસ તોપણ તે આવતી ઓલા દના ફાએદાને વાસતે મથંન થતી હતી. તેણીના ખા વંદ મોંનસીઊર રોલાંડને રાજના એક અમલદાર ત રીકે ઠેરવેઓ કે જે ઓધો તેહને ઘણી દાહાપણ અને ચંચલાઈથી ચલાવવા માડેઓ. મડંમ રોલાંડ જેમ મંન સંબંધી ગુણોમા સરસ હતી તેમજ તે રાજ સંબંધી બા બદોમા પણ પોતાના ભરથાર સાથે સામેલ થાઈ હતી. તેણીની મસલહત લીધા વીણા તેનો ભરથાર પોતાનુ પગલું આગલ ભરતો નહી હતો. કાંએકે આવી બાબદો માં પણ તેણીને ઘણુ સારૂં ગણેઆંન હતું. એક વખતે પાદશાહે એક નવો ધારો પસાર કરવાનો ઠરાવ કીધો તે ઊપરથી મોનસીઊર રોલાંડની ટોલકી વાલાઓએ જોઈઊં કે એ ધારાંથી છુટાપણામાં ઘણી ખલલ પોંચ શે તથા આગલ જતાં ઘણ દુખદાએક પરીણામો નીપ જશે, માટે તે ધારાની સાંમણે પાદશાહને અરજી કરવા નુ કાંમ તે ટોલીએ મોનસીઊર રોલાંડને લાએક શખસ જોઈને ગોંપીઊં પણ તે અરજી મડંમ રોલાંડે ઘણીજ કાબેલીઅતથી લખીને મોકલી. પણ આ ઓરતની અરજીમાં વાજબી બલાંમણ કીધા પરમાંણે આસે આને બદલે તેથી પાદશાહ ગોસે થાઈને મોનસીઊર રોલાંડને તેના ઓધા ઊપરથી બરતરફ કીધો. આવું જોઈને મડંમ રોલાંડે છુટાપણાની સંઘલી આસા છોડી. આવીઅવસથા જોઈ સાંમેવાલી ટોલીના લોકો તેહની ત થા તેણીના ભરથારની ખુહારી કરવા પછવાડે મંડેઆ અને હરેક રીતે તેઓને કોઈ ફંધામા નાખવાની કો શેસ તેઓ કરવા લાગા. હેવામાં ફરેંચ રઈઅતની સાંમણે લંડનમાં થાએલાં કાવતરાંની એક જુદી અફ વા ઊઠી તે કાવતરાંમાં સામેલ રેહવાનુ તોહોમત એક શખસે મડંમ રોલાંડ ઊપર મુકીઊં. આ ખબર જા રે સરકારને થઈ તારે મડંમ રોલાંડને દરબારમાં હા જર થવાનો હોકંમ થાએઓ. તે હોકમને તાબે થઈ ને તે તુરત દરબારમાં ગઈ, તાહાં તેહને તરેહવાર આ ડા અવલા સવલો કીધામાં આવેઆ તે સંઘલા સવા લોનો જવાબ તેણીએ ઘણી ધીરંજ અને દાહાપણથી આપેઆ કે જે ઊપરથી નેઆએધીસની ખાતરી થઈ કે એ ઓરત નીર અપરાધીછે તેથી તેહને છોડી દીધી.

ઊપલી વાતને ઘણુ થાઈઊ નહી એટલામાં પો તાંના દેશીઓના ફાએદાને માટે આગેવાંન થતાં મડં મ રોલાંડ તથા તેનો ભરથાર બીજી ધાસતીમાં આવી પડેઆં. કેટલાએક હથીઆરબંધ સીપાહીઓ એકા એક મોનસીઊર રોલાંડને પકડવા આવેઆ પણ તેઓ ની સાંમણે તે થએઓ તેથી તેઓ હોકમ બજાવેઆ સીવાએ પાછા ગએઆ. આ વખતે મડંમ રોલાંડ ઘણી આજારી હતી તોપણ પોતાના ભરથારના જાંન ની તેણીને ભારે ધાસતી લાગી માટે પોતે ખુદ દરબા રમા જાઈ એ ગેરવાજબી ચાલનો અટકાવ કરવાને વીચારીઊં અને તરત પોતાના દીલપર એક સીઆલ નાખીનેજ દરબાર તરફ દોડી ગઈ અને તાંહાં પોતાથી બનતી કોશેસ કીધી પણ તેમા તે કાંઈ ફતે હ પાંમી નહી. કાંએકે તેણીને દરબારમાં દાખલ થ વાજ નહી દીધી. પોતે બીમાર હાલતમાં છતાં પો તાંનાં ભરથારની શલાંમતીને વાસતે બીજા ઊપાએ ઓ કરવાને તે ચુકી નહી. તુરત ઘર આવીને તેણી એ મોનસીઊર રોલાંડને ઘરના પાછલા દરવાંજાથી બાહેર લઈ જઈને એક વોસવાસુ દોસતના ઘરમાં સાંતેઓ કે જેથી સીપાહીઓના હાથમાં તે આવે નહી. એ પરમાંણે તેને બાહેર સાંતીને જેવી ઘરમાં આવી કે ઓટલાંમાં કેટલાએક શખસોનુ એક ટોલું મોનસીઊ ર રોલાંનડ વીશે પુછપરછ કરવાને તેના ઘર આગલ આવીઊં. મોનસીઊર રોલાંડ કાંહાંછે તે વીસે તેણી એ તેઓને કેહવાને સાફ ના પાડી જેથી તેઓ ફ્ફરી ને પાછા ગએઆ પણ કેટલાએક સીપાહીઓને ચોકી કરવાને તેના ઘર આગલ મુકી ગએઆ. મડંમ રોં

લાંડે એક છુપી ચીઠી પોતાના ખાવંદને લખીને પોતાંના વીસવાસુ માણસ પાસે મોકલી અને પોતે કાંઈ ખાનુ ખાઈને શૂતી, એટલામા ચાકરે આવીને તેહને ઊઠાડી કહીઊં કે કેટલાએક માણસો તમારી સાથે વાત કરવાને નીચે આવી ઊભાંછે. એ ઊપરથી તે નીચે ગઈ તેહવામાં પેલાઓએ તેહના હાથમાં એક વારંટ (પકડી લઈ જવાનુ હોકમનામુ) આપીઊં. તેહમાં હેવું લખેલું હતું કે તમારે તુરત આ માણસો સાથે આવવું. જોકે તે વારંટ બેકાએદે લખેલું હતું હેવું મડંમ રોલાંડે જોઈઊં તોપણ તેણે વીચારીઊંકે આ બાબદમાં સાંમણે થએઆથી કંઈ વલવાનુ નથી તેથી તુરત તે તેઓને તાબે થઈ. પેહેરવાના થોડાંએક કપડાંજ માતરે પોતાની સાથે લેવાને તેણીએ તેઓની રજા માગી તે તેઓએ આપી. પછે તેને બંદીખાનામા લઈ ગએઆ. જતી વેલાએ પોતાની છોકરી અને ચાકર નફરોને છેલ્લી સલાંમ કીધી. તે સંઘલાંઓ પોકેપોક રડતાં હતાં તેથી તેઓને તેઓનુ દુખ સબુરીથી અને ધીરજથી ખમવાને નરમાસથી અરજ કીધી.

મડંમ રોલાંડને એક અંધારા અને બીહાંમણા બંદીખાનાંમાં લઈગએઆ અને તેણીને કાંઈ પણ છુટ નહી આપવા વીસે બંદીખાનાના માણસોને સકત હોકમ કીધો, પણ તાંહાંના માણસો માએઆલુ અને વીચાર વાલાં હતાં તેથી તેઓ આ કંમનસીબ ઓરતની સારી બરદાસત લેવા લાગા. પોતાને આવી ગેરવાજબી રીતે પકડીને કેદ કીધી તે બાબેની એક અરજી લખીને દરબારમાં મોકલવાને તેઓએ તેણીને પરવાંનગી આપી તથા તેહના કેટલાએક દોસતોની મુલાકાત લેવાની છુટ આપી.

પોતાની આવી દુખ ભરેલી હાલતનો બોજો કમી કરવાને તથા ચેનથી રેહવાને માટે તે પોતાથી બનતી કોશેસ કરતી હતી. પોતાના કપડાં મુકવાને એક ટેબલનો કડકો હતો, તેને લખવાની ટેબલ તરીકે કામે લગાડી હતી. અને બે મોટી ટાંચણીઓની ખુંટી બનાવીને પોતાના કપડાં ઓરવતી હતી; અને એ સઘલાં કાંમો જાણે પોતાના ખુદ ઘરમાં કરતી હોએ તેવી ખુશીથી કરતી હતી. તેઆર પછી થોડીએક ચોપડીઓ મેલવી કે જેનો તેણે ભારી શોખ હતો. આવી રીતે તેણીએ પોતાનાં દુખનો બોજો હલકો કરી નાખેઓ, કે જે ઘણાં થોડાજ શખસોથી બની શકેછે.

જોકે મડંમ રોલાંડ બંદીખાનામાં પડેલી હતી તોપણ તેણીને બાહેરની સઘલી ખબરો મલતી હતી, અને પોતાના દુખ અને માઠી હાલતથી નહી તેટલી દેશની ખરાબ હાલતથી દલગીર થતી હતી. પણ જારે તેણીએ જાંણીઊં કે તેનો ભરથાર ઘરબાર વગરનો થાઈને ઠેકાંણે ઠેકાંણે સંતાઈ બેશેછે અને છોકરીને રેહવાને અને ખાવા પીવાને તંગી પડેછે તારે દેશની હાલતને તે વીશરી ગઈ. બંદીખાનામાં તેણીની ઘણીજ માઠી અવસથા હતી, જાડી રોટલી અને કાંઈ તરકારી મલતી હતી તે ઊપર તેણીને ગુજરાણ કરવું પડતું હતું, પણ તે ઊપર તે સંતોસ હતી; કેદીઓને પોતાના ખરચથી ગમેતે ખાવાની છુટ હતી, તેથી તેણીને જે પઈસા પોતાના દોલતથી મલતા હતા તે પોતાને અંગે લગાડવાને બદલે તે બંદીખાના માહેલા ગરીબ કેદીઓમાં વેંહેંચી આપતી હતી. તેણીનાં આગલા દોસત માહેલા જેઓ અનેઆર શુધી તેના દુખના વખતમાં તેને વલગી રહેઆ હતા તેઓએ તેનો છુટકારો કરવા માટે ઘણી મેહનત કીધી પણ તેથી તુરત કાંઈ બનીઊં નહી. તેણીએ પોતે સરકારમાં કાગજપર કાગજ લખીને મોકલેઆં પણ તેનો કસો જવાબ નહી મલેઓ. પણ તેઆર પછે થોડાએક દાહાડામાં તેને છોડી મુકવાનો અચબુચ સરકારથી હોકમ આવેઓ તારે તેને ઘણીજ અચરતી લાગી. તુરત ગાડીમાં બેસીને મડંમ રોલાંડ પોતાને ઘર તરફ ચાલી પણ હજીતો બંદીખાનાનો દરવાજો પસાર કીધોતો નહી તેટલામા તો બે માણસોએ પાછી તેણીને પકડી, અને બીજા વધારે ખરાબ બંદીખાનામાં લઈ જઈને નાખી. આ સઘું દુખ તે લાએકીવાલી ઓરતે મોટા મનથી સહન કીધું.

આ બીજા બંદીખાનાના જે કોટરામાં તેણીને કેદ કીધી હતી તે એવુંતો નાહનું હતું કે મુસકેલાઈથી તેનાથી તાંહાં હીલાઈ સકાએ, અને તે ઊપરાંત ખાવા પીવાની ઘણી તંગી પડતી હતી; આવી રીતે પોતાના છુટકારાની આસા તદન બંગ થઈ ગઈ તેથી તેણીને ઘણું લાગુ, પણ તેઆરબાદ આસતેઆસતે પાછી પોતાની જાતી ખુબી ભરેલી ચાલ પકડી, અને પેહેલાંની પેઠે પોતાના અભેઆસ પછવાડે મંડી. તેણીના તરણ ખરા મીતરો બંદીખાનાંમાં તેની મુલાકાતે આવતા હતા.

છેલલે મડંમ રોલાંડની તપાસનુ કાંમ સરૂ થઈઊં કે જે પછી બીચારી નીરઅપરાધી ઓરતનાં દુખનો દલગીરી ભરેલો નીવારો આવેઓ.

તપાસ થવાની એક દાહાડો આગમજ તેણીનાં વકીલઈઆ ઈનસાફની દરબારમાં બચાવનો કરનાર તેણીની પાસે ગએઓ તારે મડંમ રોલાંડે પોતાને આંગલેથી વીંટી કાહાડીને તે વકીલને કેહેલું કે "હવે હું આ દુનીઆમાં નથી રેહેવાની, તમારી મદદથી કાંઈ થવાનું નથી અને તમો વધારે મેહનત કરસોના કારણ કે તેથી હું કાંઈ બચવાની નથી અને તમારો જાંન ધાસતીમાં આવી પડશે, તેટલા માટે હું તમને વીનંનતી કરૂંછું કે દરબારમાં હવે આવશો નો, પણ મારા પેઆરની છેલલી નીસાંન તરીકે આ વીંટી લેવો."

દેહેલે દાહાડે મડંમ રોલાંડ પોતાના નીર અપરાધીપણાની નીસાંન તરીકે સફેદ જહલો પેહેરીને તે દરબારમાં ગઈ, કે જાંહાં તેણીનો દેખાવ ઘણો દબદબા ભરેલો થઈ રહેઓ હતો. જે શખસોથી કાંઈ પણ બીના સાબેત નહી થાઈ શકે તેવોને તેણીની વીરૂધમાં સાહેદી ઊદી ઊભા કરીને નીઆએધીશ સવાલો પુછવા લાગો. તે સાહેદીઓમાં એક ઓરત કે જેની ઊપર મડંમ રોલાંડે આગમજ ઘણી મેહરબાની અને માએઆ દેખાડી હતી, તેણે નીમક હરાંમીથી તથા રખેને પોતાનો જાન ખોવો પડે એવી ધાસતીથી મડંમ રોલાંડની વીરૂધમાં સાખથી આપી. તે આર પછે મડંમ રોલાંડે પોતે પોતાનો બચાવ કીધો, કે જે ઘણોજ અસર ભરેલો હતો. તે બોલી કે "મસલહતખોર માણસો સાથે હું સામેલ હતી એવા વીચારથી તમોએ મને અપરાધી ઠેરવીછે પણ એ તમારો વીચાર બીલકુલ ખોટો અને વગર પાએઆનોછે. બંદીખાનામાંથી નાહાસી જવાને ના પાડીઊં તે વીશે બોલતાં તેણીએ એવું જણાવેલું કે "બંદીખાનામાંથી નહસાડીને કોઈ સલામત જગામાં લઈ જવાને ગારે મને કેટલાએક પુરૂશોએ આતુરતાથી કહેલું, પણ બે વીચારથી તે કાંમ મેં ના પાડેલું. એકનો એકે જો તેવું કરૂંતો જે અમલદારોને સવાધીન મને કીધી હતી તેઓને ઈજા પોહોંચે કે જે હું ચાહતી નથી, અને બીજું એકે તેવું કીધાથી મારી આબરૂને ધકો પોહોચે, કે જે આબરૂ મને ઘણીજ પીઆરીછે. મારી આબરૂને ધકો લાગે એવી રીતે નાહાસી જઈને મારો બચાવ કરૂં તેના કરતાં આબરૂ ભરેલી રીતે મારા જાનનો ભોગ આપવાને મને વધારે પસંદછે. આ વખતે જે આફતમાં આવી પડી છેઊં તે આફતમાંથી જો હું બચવા ચાહતે તો સેહેલથી બચી શખતે પણ નહી તેની સાંમણે થવાને મેં વધારે લાએકી ભરેલું ગણીઊં. મેં એવું વીચારેલું કે જોકે જુલમગાર લોકોનો જુલમથી મારા જાનની ખુવારી થશે તોપણ એક ઓરત કે જેનામાં થોડીએક અકલ; આદમી જાતના શખસોને માટે ઘણી આતુરતા, પોતાના કમનસીબના દોસતોને વલગી રેહેવાની હીમત; અને પોતાના જાનની ધાસતી ન રાખીને સચચાઈને વલગી રેહેવાની ખાસીઅત સીવાએ બીજો કાંઈ પણ બદગુણ નહી હતો તેવી ઓરતને શેકટ મારી નાખવાનો પસતાવો હંમેશ તેઓના દીલમાં રહી જશે. જેઓ ખરેખરા મોટા મન અને દીલના શખસો છે તેઓ આવાં આબરૂ ભરેલાં મરણની કસી દરકાર કરતાં નથી, કાંએકે તેઓ સારી પેઠે સમજેછે કે તેઓને ઘરતો બદલો બીજી દુનીઆમાં મલશે. ચાલો હવે વધારે વાર ખોટી રેહેવાને હું ચાહતી નથી. આ અસુખી દેશ કે જે સારાં અને નેક માણસોનો નાસ કરેછે, અને અદલનું લોહી પીએછે તે છોરવાને હું રાજી છેઊં. પરમેસવર કરે ને એવું બને કે હુંજ છેલલો ભોગ ગણાઊં અને કોઈ બીજાં ઊપર એવો ઘા પડે નહી ! ઓ પરમેશવર આ અશુખી અને કણુંધી આ લોકોને શુધાર અને નેક બુધી આપ, કે જેઓના છુટાપણાને માટે હું તને મોટી આતુરતાથી અરજ કરૂંછું. છુટાપણુ માતર જે શખસો મોહોતનો ધીકાર કરી હીમતથી સામણે થાએછે તેઓને મારેછે, પણ નબલા મનના; હીચકારા, તથા આપ મતલબી પુરૂશોમાં નથી હોતું. અકલમંદ અને માએઆલુ લોકો જેઓ ઈનસાફની રાહે ચાલેછે, ખુશામદીઆઓનો ધીકાર કરેછે, સાચચા અને ખરેખરા દોસતો પીછાણી લેછે અને સચચાઈને માન આપેછે તેઓજ સઘલી પોતાના છુટાપણાની ખુબી સમજેછે."

પણ અફસોસ આવાં માહબારત ભાશાણથી કાંઈ વલેઊં નહી. તેણીનું નીર અપરાધીપણુ સાબેત થએલું પણ તે કરૂર દીલના શખસોમાં દએઆ ઊપજી નહી, નીઆએધીસે જોએલું કે કાંઈ પણ રીતે તે અનીઆવમાં આવતી નથી તારે તેને પુછેલું કે

તું તારા ભરથારની છુપી જગા જાણેછે કે નહી ? તે ણીએ ઊતર વાલેઓ કે "હું જાણતી હોઊં કે નહી પ ણ હું કેહેનાર નથી. કોઈ પણ એવો ધારો નથી કે કુદરતી અરસ પરસના પીઆરની સઘલી ફરજો અ ને વીચાર એક કોરે મુકીને બેમરવત થાઊં." ખ સ એ ઊપરથી તેણીને ગુનેગાર થેડવીને ફાંસીની સજા કીધી. જારે તેની આગલ સજા પતર વાંચી સં ભલાવેઓ તારે તે ઊઠીને બોલી કે "જે મોટા માણ સોંને તમોએ મારી નાંખેઆછે તેઓની પેઠે મારા હા લ કરવાને તમો વાજબી સમજોછો; વારૂ હું પણ તે ઓની પેઠે ફાંસીના લાકડાં ઊપર હીમત ધરવાને કોશે સ કરીશ" આવી રીતે તેણીએ વખાણવા લાએક હી મતથી જવાબ વાલેઓ; અને જોકે તે વખતે પોતાની પાસે અફીમ હતું, તેથી આવાં ઘાતકી મોહતથી બચી શકતે તોપણ તેવું કીધાથી પોતાના નામ, બાહદુરી, અને આબરૂને કાંઈપણ પરકારે ધોકો પોહાંચે એવા વીચારથી તેણીએ આપઘાત કીધો નહી. ખરેખર આ ગુણો કાંઈ થોડી સાબાશી ભરેલા નથી, અને આવે વ ખતે કાંઈ સઘલાથી એવી હીમત રખાતી નથી, આ ગુણો એક મોહોટા મનની નીશાંનછે, તેણીના છેલલી ઘડીનાં વીચારો ઘણી ઘંભીરાઈ અને દબદબા ભરેલા છે. એ શીવાએ તેણીએ છેલી વેલાએ ઘણાંએક કાગ જો લખેઆં હતાં; તેમા એક દીલાસાનો કાગજ પોતા ના ચાકર ઊપર લખેઓ કે જે પોતાના જાંનનો જો ખમ ખેંચીને તેણીને વલગી રહેઓ હતો અને પીઆ ર અને નીમક હલાલીના દાખલા બતલાવેઆ હતા. બીજો એક કાગજ પોતાની છોકરી ઊપર લખેઓ કે જેમાં એક માએનો પીઆર અને કીમતી નશીહતો જોવામાં આવતી હતી, અને તે પતરને છેડે હેવું લખે ઊ હતું કે "પીઆરી છોકરી ! તારા મા બાપના ના મને જેબ આપજે, તેઓએ મોટા મોટા દાખલા તને વા રસા તરીકે આપેઆછે, અને જો તું તેઓનો ફાએદો અ ને લાભ મેલવી શીકશે તો તારી જીંદગાની વગર ઊ પઇઆગી નહી થઈ પડશે."

ફાંસીની જગાપર જતી વખતે મડંમ રોલાંડની હીમત અને કઊઅત ઓછું થઈઊં હતું નહી. તે વ ખતે તેણીએ એક અજાએબ જેવું સુર અને ઊદાર પણુ દેખાડીઊં. તેણીની સાથે બીજો પણ એક કંમન સીબનો શખસ હતો, પણ તેનીથી આવા દુખ ભરેલા અને બીહામણા મોહોતનો વીચાર ખમી શકાએઓ ન હી. તેને બેહદ ધાસતી અને બીહીક લાગી. આ કમ નસીબના માણસમાં હીમત અને બાહદુરી ઊતપન ક રવાને એ લાએકી વાલી ઓરતે ઘણી મેહેનત કીધી, અને તેમાં ફતેહ પાંમી.

ફાંસીના માચરા ઊપર જારે એક કરતાં વધા રે માણસો ચહડવાના હોએ તારે જે પેહેલાં ચ હડે તે બીજાઓના ભંએકાર મરણનું દુખ જોવાથી બચેછે, અને તેને બીજાઓના જેવી ધાસતી લાગતી નથી. તેટલા માટે મડંમ રોલાંડને એક ઓરત તરીકે એ હક આપેઓ. પણ પોતાના સોહોબતીને ધાસતી ખાધેલો જોઈને તેણીએ તેને કહેઊં કે "તું પેહલે ફાંસીએ જા; મારેથી આ વેલાએ બીજુ કાંઈ નહી બનેતો મા રા મોહોત જોવાથી તને દુખ લાગશે તેમાંથીતો તને બ ચાઊં. તેઆર પછી ફાંશી દેનારની તરફ ફરીને તેની વીનંતી કીધી કે "એટલો હક આ બીચારાને આપ" પણ તે માણસે આનાકાની કીધી અને કહેઊં કે "ત ને પેહેલી મારીનાખવાને મને હોકમ થએલોછે." તા રે તેણીએ હસવા જવું મોહ કરીને તેને કહેઊં કે મા રી ખાતરીછે કે એક ઓરતની છેલી અરજ તું ના પા ડશે નહી." તેણીની અરજ તેણે તુરત કબુલ કીધી, અને તે શખસ પેહેલો ફાંસી ગએઓ, અને તેઆરબાદ છેલલી સલામ કરી પોતે ફાંસીના લાકડાં ઊપર ચહડી.




આવી રીતે ૧૭૯૩ ના વરશમાં આ બાહા દુર અને કમનસીબ ઓ રત મરણ પામી, કે જે ને તેની અકલ અને ને કીને માટે એથી વધારે સારો બદલો મલવો જો ઈતો હતો. ઓગણચા લીસ વરશની ઊમરે તે જુલમનો ભોગ થાઈ પડી. આટલી ઊમરે પણ તે ઘણીજ જુવાન દેખાતી હતી. જેઓ કોઈ એ ઓરત ને ઓલખતાં હતા તેઓના દીલમાં ભારી દલગીરી ઊ તપન થાઈ. જારે તેણીના બે દીલોજાની દોસતોએ આ માથા ભાએગની ખબર સાંભલી તારે કેટલાએક દાહાડા શુધી તેઓ બેસુધીમાં પડી રહેઆ. તેણીની એક નીમકહલાલ દાસીથી પોતાની સેઠાણીનું મરણ

તાંમેશ નહી થઈ શકેશે તેથી સતાવાલાઓ પાસે જઈ ને અરજ કીધી કે જે ફાંસી ઊપર મારી સેઠાણીને ચ હડાવી, તે ઊપર મને પણ ચહડાવો, પણ તે મરવાને એટલીતો આતુર દેખાઈ કે તેઓએ તેણીને ઘેલી ઘેડ વીને કાહાડી મેલી. વલી એક બીજો ચાકર કે જે તે ણીની ઊપર ઘણોજ ચાહ દેખાડતો હતો, તેને પણ ઊપલી અરજ કીધી, તે તેઓએ કબુલ કીધી અ ને તુરત તેને ફાંસી દીધી !

મડંમ રોલાંડનો ભરથાર જે કેટલાએક કોશ દુ રના ગામમાં ભરાઈ બેઠો હતો તેને તેની પીઆરી બા નુના મોહોતની જારે ખબર પોંહોચી તારે દલગીરી અને નાઊમેદીથી તેનુ દીલ ભરાઈ ગએઊં. તેણે તુ રત મરવાનો થેડાવ કીધો, અને પોતાના દોસતોની આજેજીથી તે હટીઓ નહી તેણે પેહલેતો એવો વીચા ર કીધો કે પારીસમાં જઈ તીહાંના સતાવાલાઓ પર પોતાની બાએડીના મરણને મારે લીઆનત નાખવી અને પછી તેઓનાજ હાતે મરવું પણ વીચાર કરતાં તેને માલમ પડેઊં કે એવું કીધાથી મારી માલમીલક ત સરકારના કબજામા આવશે અને મારૂ એકનુ એક છોકરૂં ભુખે મરશે તેથી પોતાનેજ હાતે મરવાનો થેડા વ કીધો, અને એ કારણસર એક ઝાહાડ આગલ જ ઈને તેણે આપઘાત કીધો, આવી રીતે તેણે પોતાની બાએડીના પેઆરમાં જાંન આપેઓ.

---

## આટલું કામ પુરૂં થાએને એકદમ નેકીના કામો કરવા માડું.

—o—

આપણ સઘલાઓને સારી પેઠે રોસનછે કે મા ણસ જાંહાંસુધી પોતાની જુવાનીના જોસમાં અને આ બાદનીના છાએઆ તલે હોએછે તાંહાં લગીન તે તે ના પેદા કરનાર, તેને સઘલુ સુખ અને ચેનના બખ સનાર સાહેબની કશી દરકાર કરતો નથી. તે પોતાના મનમાં એવુંજ સમજેછે કે આવા સુખકારક દાહાડા હ મેશ જારી રેહશે અને જોકે તે ચહડતી, પહડતી હમે સાં પોતાની આસપાસ જુવેછે તોપણ ગોએઆ આંધ લું થઈ તેનો કશો વીચાર મનમાં લાવતો નથી, પણ જેઆરે તેના ખુશી ખુરમીના દાહાડાનો અંત આવેછે, જેઆરે દોલત અને સગાં વાહાલાં તેને ખરતો કરે છે, જેઆરે આબાદની અને અમન કે જેઓએ તેને એક વખત પોતાના ખોલાપર રમાડીઓ હતો તેઓ તેનો આગલથી ખસી જાએછે, તથા જેઆરે જીંદગા નીનો આંકો આવવાની તઈઆરી થાએછે. તેઆરે તે ને ખોદાતાલાની મદત માગવાને સુજ પડેછે અને તે તેની બંદગી કરેછે; અને જેઆરે મરવા સુતો હોએ તેઆરે પોતે જે જે બદીના કરમો કીધાં હોએ તેનો, તથા ખોદાતાલાની ફરમાબરદારી કરવાથી બેપરવાહ રહેઓ હતો તેનો ભારી પસતાવો કરેછે તે એમ બોલે છે કે અરે ખોદા એક વરશ અથવા છ મહીના પણ અવે પછી જો મને જીવાડેતો તેટલા વખતમાં મારાથી જેટલી નેકી તથા તારી ચાકરી થાએ તેટલી અવે તો હું ખચીત કરી લેઊં, અફસોસ ! પસચાતાપ ઘણો મો ટો આવેછે પણ એટલુંજ નહી જો કદાચ તેની હાલત સુધરવા માડી અને જે બીછાના ઊપર પોતાની જીવ વાની સઘલી આસા છોડીને પડેલો હતો તેવા બીછા ના પરથી ઊઠીઓતો જે પસચાતાપ અને ઠેરાવ પો તે કીધો હતો તે પાછો દુનીઆની ખટપટમા પડેઆથી આસતે આસતે પાછો કમજોર થતો જાએછે, અને મ નમાં વીચારેછે કે હજી તો ઘણા દાહાડાછે, આંટલું કામ પુરૂં કરીનેજ એકદમ બંદગીનું તથા નેકીનું કા મ સરૂ કરૂં. જુઓ પીઆરાં વાંચનારાંઓ આ બીજો વીચાર વલી કેવો બેવકુફી અને અફસોસ ભરેલોછે. જે આરે ખોદાતાલાની રેહમથી તે પાછો પોતાના મોત ના ખાટલા પરથી ઊઠીઓ અને જેઆરે તેની હાલત પાછી સુધરવા માંડી તેઆરે પેલો કેવો મુરખાઈ ભરે લો વીચાર કરેછે. તેને તેની જીંદગાનીનો એક પલનો પણ ખચીત ભરોસો નથી તેઆરે આવો વીચાર ક રવો અને તેથી પોતાના ઠેરાવમાં ઢીલ નાખવી એ કે વું મુરખપણુંછે જે સારાં કામ આજે થઈ શકે તે કા લ ઊપર શું કરવા રાખવાં. એ પરમાણે દાહાડા પર દા હાડા ગફલતમાં નીકલી જાએછે, અને પછી તેનો જ મ અચબુચ તેને ઘસડી લેઈ જાએછે અને તેનો ઠેરાવ એક મેરે રહી જાએછે. આ વાતનો હમો એક નીચે દાખલો આપીએ છઈએ.

અમેરીકા દેશમાં એક વેપારી ઘણીએક મુદત સુધી પોતાના વેપારનું કામ દગલબાજીથી ચલાવતો હતો અને એ પરમાણે તેણે થોડી ઘણી દોલત એકઠી કીધી હતી. એ રીતે કેટલાંકએ વરશ ગુજરી ગીઆં પછી તે એક દાહાડે ઘણોજ આજારી પડીઓ અને

દીનંપરદીન બેમારી વધતી ગઈ અને છેલે સરવાલે મ રવા તુલક થએઓ તેઆરે પોતાના મન સાથે ઘણો એક પસતાવો કરવા લાગો અને બોલીઓ કે, અરે અરે ! મેં અતીઆર સુધી શું શું દગલબાજી ચલાવી છે ! મેં લોકોને કેવા ઠગીઆછે ? તે શીવાએ મેં બી જાં કેવાં કેવાં કાંમો કીધાંછે ? અરે; મારા શું હાલ થશે. હવે કાંઈ બચવાની આશા નથી. એવી રીતે તે બોલ તો અને તેના વઈદને ઘણાજ કાલાવાલા કરીને કેહે તો કે જો તું મને પાછો ઊઠાડેતો તુને મારી કેટલીએ ક દોલત આપીશ અને તારો મોટો આભારી થઈ રેહી શ; અને તેજ પરમાણે ખોદાની આજીજી કરતો કે સાહેબ એક છજ મહીના મને વધારે જીવાડ કે જે મા રે કરવુંછે તે કરી લેઉં. હવે જોકે વઈદતો તેની સઘ લી આશા છોડી દીધી હતી, તોપણ તે સાહેબની મેહ રબાનીથી તે દરદી પાછો ઊઠીઓ પણ જુઓ વાંચના રાંઓ પાછો સારો થએઆ પછી તેને શું વીચાર આ વીઓ. વઈદની "ફી" ના વાએદા કરવા માંડેઆ, આ જે આપુંછું, કાંલે ખચીત આપસ, અને અગાઊની કાણી ફરવા હરવા તથા પોતાનુ કામ કરવા લાગો. તે ના વઈદ તથા આસપાસનાઓ કે જેઓની હજુરમાં તે ઊપલા સખુનો બોલીઓ હતો તેઓ તેને કેહેવા લા ગીઆ કે કેમ ભાઈ જે કબુલાત તેં તારી બેમારીને વખ તે આટલી ઈનતેજારીથી કીધી હતી તે કેમ હજી પુરી પાડતો નથી ? તેઆરે પેલા કમ વીચાર વાલાએ જ વાબ આપીઓ કે મારે આટલુ વેચાંણ કરવુંછે તે પુ રૂં થાએ કે હું તે કામપર મંડુ અને વઈદના રૂપી આ એકના બે આપવાનો મેં ઠરાવ કીધોછે. એ પર માણે થોડાએક દાહાડા નહી ગએઆ તેટલામાં તે પાછો આજારી પડીઓ અને તે એટલાતો થોડા વખ તમા મરણ પામેઓ કે પસતાવો કરવાને પણ તેને વ ખત મલીઓ નહી. એ પરમાંણે બીચારો પોતાના ખોટા વીચારથી ઠગાએઓ; અને તેનો ઠેરાવ તથા ઊ મેદ જાંહાંની તાંહાં રહી ગઈ. ટુકામાં કહીએછે કે સા રા કામમાં એક ઘડીની પણ ઢીલ નહી થવી જોઈએ.

---

## બંગાલામાં હાથે બરફ બનાવવાની રીત.

અમેરીકાખંડથી જે જથાબંધ બરફ બંગાલામાં આવેછે તે ઊપરાંત તાંહાંના રેહવાસીઓ પોતાને હાથે પણ બરફ બનાવેછે અને તે બનાવવાની રીત નીચે મુજબછે.

બરફ બનાવવાનાં કારણસર હુગલી નામના કસબાની પડોસમાં એક જમીનનો કટકો પસંદ કીધે લોછે. તાંહાં તે જગાના ગામટીઓ ૧૨૦ ફીટ લાંબો, ૨૦ ફીટ પોહાલો અને ૨ ફીટ ઊંડો એક ખાડો ખો દેછે. એ ખાડાને તડકાંમા થોડોએક વખત ખોલલો રાખેઆ પછે તેમાં એક ફુટ ઊંચાંણ સુધી ઘાસની પુ રીઓ સીચેછે અને વલી તેની ઊપર અરધો ફુટ છુટ તું છુટતું ઘાસ પાંથરેછે. ઘાસ પાંથરેઆ પછે જે વાસ ણોમા બરફ બનાવવાનુ પાંણી નામવાનુ હોએ તે વા સણો પેલા ઘાસ ઊપર હારેદોર મુકેછે. એ વાસણો ઘ ણુ કરીને ૯ ઈંચ પોહાલા, દોહોડ ઈંચ ઊંડાં અને ૦। ઈંચ જાડદાં હોએછે અને તે હેવીતો એક જાતની પોચી મટોડીના બનાવેલાં હોએછે કે તેમાં પાંણી નામ તાંજ તે આસપાસથી ભીણાઈને તર થાઈ જાએછે. સાં જની વેલાએ જેહારે હવા ૫૦ ડીગરીથી ઊતરતી હો એ અને ઊતર અથવા પશચીમ તરફથી સારો પવણ ફુંકતો હોએ તારે બરફ બનવાની આસા રાખેઆમાં આવેછે પણ જો પુરવ અથવા દખણ દસાનો પવણ ફું કતો હોએતો તે વેલાએ બરફ બનવાની આસા રેહતી નથી.

પવંન સારો હોએછે તો પેલાં ઘાંસ ઊપર પાં ચ હજારથી તે છ હજાર ઊપર કહેઆ મુજબના છા લકાં વાસણો મુકેછે અને પછે તે દરએકની માહે પા ઈ આ અરધી બાટલી પાંણી નાંખેછે. પાણી નાખેઆ પ છે તેઓને જેમના તેમ રેહવા દીએછે. મધીમ રાત ની વેલાએ તે પાણી થંડું થવા માંડેછે અને જારે તે પાંણી બંધાવા અને તેમા બરફની શેહેજ નીસાંન મા લમ પડવા માંડેછે તારે તેની આગલ રાખેલાં માણસો તે માંહેલા ઘણાએક વાસણોનું પાંણી એકઠું કરી નાખે છે. અને થોડું એક બાકીના વાસણોમાં નાખેછે. એમ કરવાનુ કારણ એકે તેઓને અજમાએસ ઊપરથી મા લંમ પડેલું છે કે એવું કીધાથી બરફમાં વધારો થાએછે. પછે ઊપર કહા પરમાંણે સવારસુધી તે વાસણોને રા ખેછે. સવારના અરધાઈંચ જાડાઈનો બરફ તે વાસણોમાં બંધાઈ રહેછે. ડાકટર વાઈસ નામનો કાબે લ શખસ જેણે આ બાબદ ઊપર ઘણાએક અખતરા કીધાછે તે કેહેછે કે જારે ઘણોજ સારો પવન હોએછે તો

રે સંઘળાં પાંણીમાથી બરફનો એક મોટો જથો થાઈ પડીછે. આ રીતે બરફ બંધાએઆ પછે કેટલીએક બા એડીઓ કે જેઓને એ કામસર રાખેલીઓ હોએછે તે ઓ એક જાતની છરી વતે દરએક વાસણ માહેલું બરફ કાપી કાપીને જે કાંઈ તેઓમાં પાંણી રહેલું હોએ તે સુધાં મરોડાંના વાસણોમા નાખેછે અને જારે તે વાસણો ભરાઈ જાએછે તારે ટોપલીઓમાં તે ખાળી કરેછે.

અવે એ બરફ જો ખોલલો રેહતો સુરજની ગરમીથી પીઘલી જાએ માટે તેહને પેલા ખાડાની આગલજ બીજા નાહાના ખાડા ખોધીને તેની અંદર સઘલી તરફથી ઘાંસ પાંથરેછે અને પછી તેની ઊપર બરફ મુકેછે અને તે બરફની ઊપર ફરીથી બીજું ઘાંસ પાંથરીને સારો દાહાડો રાખી મુકેછે અને રાતના તે સંઘલુ બરફ બીજા ૧૨ ફીટ ઊંડાં અને ૯ ફીટ પોહલાં એક ભોંઅરાંમાં રાખેછે અને તાંથી કપડાંની ટોથલીઓમાં ભરીને પછે મછવામા નાખી કલકતે લઈ જાએછે. એવી રીતે બનાવેલો બરફ જે અમેરીકાથી આવેછે તેના કરતાં બેવડી કીમતે વેચાએછે.

છેલે આટલું કેહવું જરૂરછે કે વરસના બાહારે માસ આ બરફ બની શકતો નથી. ડીસેમબરથી તે ફેબરવારી સુધીમાંજ બનેછે.

## સારી બઈરીઓના ગુણો.

માણસ જાતના સુખ અને સંતોસને વાસતે આ દુનીઆમાં નાના પરકારની રચના કીધીછે. અને તે મધે ઓરત જાત એ એક ઘણો સારો નમુનો તે દએઆલુ સાહેબનોછે. માણસનાં સુખ તથા દુખનો ખરો મીતર આ દુનીઆમાં તેની ઓરત માલમ પડે છે. ઓરતથી માણસના ઘરના સુખમાં ઘણો વધારો થાએછે. ઓરત એ આ જગતમાં મોટા સુખનું ધામ છે, અને ઓરતથી કરીને માણસના મન ઊપર સારી અથવા માઠી અસર થાએછે. ઓરતોને કેટલાએક દાનાવ તથા અકલમંદ લોકો ઘરનું નુર કરીને કેહેછે, અને એ કેહવું ઘણું વાજબીછે. ઓરતના ઊપર તેના ભરથારનું સુખ, તેના બચાંઓનું સુખ, અને આખાં કુટંબનો મોટો આધાર રેહછે વાસતે આ પરસંગે હમો સારી બઈરી કોણને કેહવી ઈઆ સારી બઈરી થવાને શાશા ગુણો જોઈએ તે ઊપર થોડીએક બીના નીચે પરગટ કરીએછે તે ઊપર વાંચનારી બાનુઓનું ધેઆંન પોહોંચાડવાને હમો તેઓને અરજ કરીએછે.

સારી બઈરી તે એને કહીએકે જે પોતાના ઘર સંસારના સુખ વધારવાને વાસતે સદા ખંતી રેહેછે. તે જારે છોકરીની અવસથામાં હોએછે, તારે પોતાના માત પીતાના હોકમને ઘટારત રીતે માન આપેછે, પોતાના કામ પછવાડે ધેઆન આપેછે, પોતાના ભાંહુઓ સાથે હેત પરીતથી ચાલેછે, પોતાના મગજમાં દએઆ અને મમતા રાખેછે, અને સઘલો વખત સદગુણી ચાલને અનુસરીને ચાલવને કોશેશ કરેછે. પોતાના મા બાપના ઘરની અંદર તે એક મોટાં સુખનું સાધણ ગણાએછે અને પોતાની નેક ચાલથી ઘરના સઘલા માણસોની પરીતી મેલવેછે. એ શીવાએ તે પોતે બાલીઅવસથામાં વીદીઆના કીરણથી પોતાના મગજને ઘણુ ઊમદા તથા સરસ અજુઆળ આપવાના કામમાં પોતાથી બનતી સઘલી પાંતીની કોશેશ કરેછે. જે મીશાલે તે પોતાના ઘરની અંદર પોતાના માતપીતા તથા ભાઈ ભાંહુઓની પરીતી મેલવેછે તેજ માફક તે નીશાલમાં જઈને પોતાની સાથે વીદીઆભીઆશ કરનારી છોકરીઓનો પીઆર મેલવેછે. તે સઘલી છોકરીઓની સાથે સારી રીતે ચાલેછે, તેઓને હેતથી બોલાવેછે, તેઓને પોતાની બેહનો માફકછે ગણેછે, અને તેઓને તથા પોતાને સુખી કરવાને તે કોશેશ કરેછે, સારી બઈરી હાવી રીતે પોતાની બાલીઅવસથામાં પોતાના માતા પીતાના ઘરમાં તથા નીશાલમાં સારી ચાલ ચલાવીને સઘલાનો પીઆર મેલવેછે. એજ અવસથામાં તે નીતી તથા ધરમ મારગે ચાલવાનું બીજ પોતાના મગજમાં રોપેછે.

સારી બઈરી જારે પોતાને સાસરે આવેછે તારે તેણીની ચાલ ઘણી વખાણ કરવા લાએક જોવામાં આવેછે. તે પોતાના સાસુ સસરા સાથે આદરમાનથી બોલેછે તથા તેઓને ઘટતું માન આપેછે. તેઓને પોતાના માત પીતાની બરોબર તે બઈરી ગણેછે તથા તેઓના હોકમને સારી રીતે માન આપેછે. સાસરાની અંદર પોતાના ભરથાર સાથે તે ઘણી સારી રીતે ચાલેછે તથા તેની પરીતી સંપાદન કરવાને સારૂ પોતાથી બનતી સઘલી પાંતીની કોશેશ કરેછે. તે

રે સંઘળાં પાંણીમાથી બરફનો એક મોટો જથો થાઈ પડીછે. આ રીતે બરફ બંધાએઆ પછે કેટલીએક બા એડીઓ કે જેઓને એ કામસર રાખેલીઓ હોએછે તે ઓ એક જાતની છરી વતે દરએક વાસણ માહેલું બ રફ કાપી કાપીને જે કાંઈ તેઓમાં પાંણી રહેલું હોએ તે સુધાં મટોડાંના વાસણોમા નાખેછે અને જારે તે વાસણો ભરાઈ જાએછે તારે ટોપલીઓમાં તે ખાળી કરેછે.

અવે એ બરફ જો ખોલલો રેહેતો સુરજની ગ રમીથી પીઘલી જાએ માટે તેહને પેલા ખાડાની આ ગલજ બીજા નાહાના ખાડા ખોધીને તેની અંદર સ ઘલી તરફથી ઘાંસ પાંથરેછે અને પછી તેની ઊપર બ રફ મુકેછે અને તે બરફની ઊપર ફરીથી બીજું ઘાં સ પાંથરીને સારો દાહાડો રાખી મુકેછે અને રાતના તે સંઘલુ બરફ બીજા ૧૨ ફીટ ઊંડાં અને ૯ ફીટ પોહલાં એક ભોંએરાંમાં રાખેછે અને તાંથી કપડાંની કોથલીઓમાં ભરીને પછે મછવામા નાખી કલકતે લ ઈ જાએછે. એવી રીતે બનાવેલો બરફ જે અમેરીકા થી આવેછે તેના કરતાં બેવડી કીંમતે વેચાએછે.

છેલે આટલું કેહવું જરૂરછે કે વરસના બાહારે માસ આ બરફ બની શકતો નથી. ડીસેમબરથી તે ફેબરવારી સુધીમાંજ બનેછે.

---

## સારી બઈરીઓના ગુણો.

—— o ——

માણસ જાતના સુખ અને સંતોસને વાસતે આ દુનીઆમાં નાના પરકારની રચના કીધીછે. અ ને તે મધે ઓરત જાત એ એક ઘણો સારો નમુનો તે દએઆલુ સાહેબનોછે. માણસનાં સુખ તથા દુખનો ખરો ભીતર આ દુનીઆમાં તેની ઓરત માલમ પડે છે. ઓરતથી માણસના ઘરના સુખમાં ઘણો વધારો થાએછે. ઓરત એ આ જગતમાં મોટા સુખનું ધામ છે, અને ઓરતથી કરીને માણસના મન ઊપર સારી અથવા માઠી અસર થાએછે. ઓરતોને કેટલાએક દા નાવ તથા અકલમંદ લોકો ઘરનું નુર કરીને કેહેછે, અને એ કેહવું ઘણું વાજબીછે. ઓરતના ઊપર તેના ભર થારનું સુખ, તેના બચાંઓનું સુખ, અને આખાં કુ ટુંબનો મોટો આધાર રેહેછે વાસતે આ પરસંગે હમો સારી બઈરી કોણને કેહવી ઈઆ સારી બઈરી થ વાને શાશા ગુણો જોઈએ તે ઊપર થોડીએક બીના નીચે પરગટ કરીએછે તે ઊપર વાંચનારી બાનુઓનું ધેઆંન પોહાંચાડવાને હમો તેઓને અરજ કરીએછે.

સારી બઈરી તે એને કહીએટ જે પોતાના ઘ ર સંસારના સુખ વધારવાને વાસતે સદા ખંતી રેહે છે. તે જારે છોકરીની અવસથામાં હોએછે, તારે પો તાના માત પીતાના હોકમને ઘટારત રીતે માન આપે છે, પોતાના કામ પછવાડે ધેઆન આપેછે, પોતાના ભાં હુઓ સાથે હેત પરીતથી ચાલેછે, પોતાના મગજમાં દએઆ અને ભમતા રાખેછે, અને સઘલો વખત સદગુ ણી ચાલને અનુસરીને ચાલવને કોશેશ કરેછે. પોતા ના મા બાપના ઘરની અંદર તે એક મોટાં સુખનું સાધણ ગણાએછે અને પોતાની નેક ચાલથી ઘરના સ ઘલા માણસોની પરીતી મેલવેછે. એ શીવાએ તે પો તે બાલીઅવસથામાં વીદીઆના કીરણથી પોતાના મ ગજને ઘણુ ઊમદા તથા સરસ અજુસણ આપવાના કા મમાં પોતાથી બનતી સઘલી પાંતીની કોશેશ કરેછે. જે મીશાલે તે પોતાના ઘરની અંદર પોતાના માતપી તા તથા ભાઈ ભાહુઓની પરીતી મેલવેછે તેજ માફક તે નીશાલમાં જઈને પોતાની સાથે વીદીઆભીઆશ ક રનારી છોકરીઓનો પીઆર મેલવેછે. તે સઘલી છોકરીઓની સાથે સારી રીતે ચાલેછે, તેઓને હેતથી બોલાવેછે, તેઓને પોતાની બેહેનો માફકછે ગણેછે, અ ને તેઓને તથા પોતાને સુખી કરવાને તે કોશેશ કરે છે, સારી બઈરી હાવી રીતે પોતાની બાલીઅવસથા માં પોતાના માતા પીતાના ઘરમાં તથા નીશાલમાં સા રી ચાલ ચલાવીને સઘલાનો પીઆર મેલવેછે. એજ અવસથામાં તે નીતી તથા ધરમ મારગે ચાલવાનું બીજ પોતાના મગજમાં રોપેછે.

સારી બઈરી જારે પોતાને સાસરે આવેછે તા રે તેણીની ચાલ ઘણી વખાણ કરવા લાએક જોવા માં આવેછે. તે પોતાના સાસુ સસરા સાથે આ દરમાનથી બોલેછે તથા તેઓને ઘટતું માન આપેછે. તેઓને પોતાના માત પીતાની બરોબર તે બઈરી ગ ણેછે તથા તેઓના હોકમને સારી રીતે માન આપેછે. સાસરાની અંદર પોતાના ભરથાર સાથે તે ઘણી સા રી રીતે ચાલેછે તથા તેની પરીતી સંપાદન કરવાને સારૂ પોતાથી બનતી સઘલી પાંતીની કોશેશ કરેછે. તે

ખઈરી પોતાની મધુર વાણીથી સાસરીઆં તથા પીએરીઆંના માણસો સાથે બોલેછે. ઊદીઓગ તથા વખતનો સારો ઊપઈઓગ કરવા તરફ તે ખઈરી સદા પોતાનું ધેઆન આપેછે. સાસરાંમાં સારી બઈરી પોતાના ઊદીઓગથી, ચંચલાઈથી, મધુરવાણીથી, અને નીતીની ચાલથી સઘલા માણસોને સુખ આપેછે તથા પોતે સુખ ભોગવેછે. તે પોતાનાં ધણીની સાથે કજીઓ કંકાસ કરતી કોઈ વખતે નજર આવતી નથી. નજીવી બાબદમાં ચેરાં કાહાડીને તે ઘેલી બની જતી નથી, પણ સલુકાઈથી તથા સારી રીતે પોતાને કેહેવાની બાબદ પોતાના ભરથાર ઈઆ સસરાને સમજાવીને કેહેછે. સારી બઈરી પોતાની મોટાઈ ઘણાં સારાં કપડાં તથા મોટી કીંમતના દાગીના પેહેરવામાં ગણતી નથી, પણ નીતી તથા ધરમને માન આપે હેવી ચાલ ચલાવવામાં તથા સદગુણથી પોતાનાં અંતકરણને શોભા આપવામાં તે પોતાની ખરી મોટાઈ ગણેછે. સારી બઈરી આ દુનીઆમાંની પોતાની ફરજ અદા કરવાનાં કામમાં હંમેશા ઈનતેજાર રેહેછે. તે પોતાના પેદા કરનાર તરફ પોતાની ફરજ હંમેશાં અદા કરેછે. દર રોજ સાંજ તથા સવારે આ જગતના બનાવનારની બંદગી કરેછે. બંદગીમાં તે પોતાનું મોટું સુખ માનેછે કે જેવી રીતનું સુખ બીજી ઓરતો માનતી નથી. સારી બઈરી પોતાની ચાલથી ઘણા થોડા વખતમાં પોતાની આસપાસના સઘલા લોકોનો પીઆર મેલવેછે તથા પોતાની સાહેલીઓને રૂડે મારગે ચાલવાને ઊપદેશ કરેછે. હાવી રીતે તે પોતાની ફરજ એક બઈરી દાખલ અદા કરેછે.

સારી બઈરી માતા દાખલબી એક ઘણી નકલ કરવા લાએક ઓરત ગણાએછે. તે પોતાનાં કુમલી વએના બચાંઓને નાહાનપણમાંથી સારી ચાલ શીખવેછે. બચાંઓ નકલીછે વાસતે જેવી તેઓને નકલ કરવા દઈએ તેવી તેઓ નકલ કરેછે. આ બાબદ એક સારી બઈરી ખુબ પોતાનાં ધેઆનમાં ઈઆદ રાખેછે, અને પોતાનાં બચાંઓને નાહાનપણમાં સચાઈ, દએઆ, અરસપરસ પીઆર, વીવેક, અને હેવી બીજી સારી આદતો શીખવેછે. જારે બચાંઓ મોટાં થાએછે તારે તેઓને લાએક કેલવણી પોતે આપેછે, અને નાહાનપણથી તે બાઈ પોતાનાં છોકરાંને વીદીઆ ઊપર ધેઆન આપવા શીખવેછે. નીતી તથા ધરમને માન આપવાને વાસતે તે પોતાનાં બચાંઓને શીખવવામાં પછાત પડતી નથી. પોતાની ચાલથી પોતાના બચાંઓને એક સારો દાખલો તે પોતાનો આપેછે, અને તે પરમાણે ચાલવાને તેઓને શીખવેછે. એ વગરે તે પોતાની માતા દાખલ બીજી સઘલી ફરજો અદા કરવાને સદા કાલજી રાખેછે.

સારી બઈરી વીશે ટુંકામાં બોલીએતો તે એક ઘરનું મોટું સુખછે. તે પોતાની નીતીની ચાલથી, પોતાના ઘર સંસારના કામો બજાવવાથી, પોતાની ફરજો અદા કરવાથી, અને બીજી હેવીજ રીતે સારી બઈરી માલમ પડી આવેછે. સારી બઈરીના ગુણો મેલવવા સારૂ દરએક ઓરતે પોતાથી બનતી સઘલી પાંતીની કોશેસ કરવી જોઈએછે. સારી બઈરી એ પોતાના પીતાનું, પોતાના ભરથારનું, પોતાના બાલકોનું અને માણસ જાતનું એક મોટું સુખ ગણાએછે.

## સર જમશેદજી જીજીભાઈ બારોનેટ.

સરવ જગતના પેદા કરનાર સાહેબે માણસ જાતમાં નાના પરકારનાં ગુણો મુકેલાછે, તેઓમાં પરોપકાર બુધી એ એક ગુણછે. જે જે સારા ગુણો માણસ જાતમાંછે અને જારે તે ગુણોનો પુરતો પરકાશ હરએક કોઈ શખસની અંદર જોવામાં આવેછે તારે તેના ઘણા સારા પરીણામો થએલાં આપણી નજર આગલ જોઈએછે. જે જે ગુણો માણસ જાતમાં પરમ દએઆલુ ઈશવરે મુકેલાછે તે સઘલા ઘણી સારી મતલબસર મુકેલાછે, અને જારે આપણે તે ઊપર વીચાર કરીએછે તારે આપણે તે સાહેબનું અપાર ડાહાપણ તથા તેની બુલંદ શકતી જોઈને અચરત થઈએછે. પરોપકાર બુધીનો રૂડો ઊપીઓગ કરવામાં તથા દએઆના પરવાહમાં જેઓએ પોતાની દોલત વાપરીછે તેઓના નામ આ દુનીઆની તવારીખના સફાઓમાં નોંધાએઆંછે. જેઓ માણસ જાતના દુખો કમી કરવામાં, હજારો લોકોનું કલીઆણ કરવામાં, હજારો કુટંબોને સુખી હાલતે લાવવામાં, અને લોકો ઊપીઓગી ધરમ ખાતાંઓ ઊભાં કરવામાં પોતાની મોટી દોલત વાપરેછે તેઓનાં નામો અમર થાએછે. હેવા લોકો આપણી દુનીઆ ઊપર કોઈ કોઈ વખતે નીકલી

આવેછે; અને તેઓ પોતાની પરોપકારી ચાલથી માણસ જાતને તેઓની દોલતનો ઊપીઓગ કેમ કરવો એ બતલાવી જાએછે. હાવા પરકારનો એક માહાન તથા અસાધારણ શખશ આ ભરતખંડ દેશના મુંબઈ શેહેરમાં થઈ ગએઓછે, અને એ સખી દીલના ઊમરાવે પોતાનાં પરોપકારી તથા લોકો ઊપીઓગી કામોથી પોતાનાં ટોલાંને માતર નહી પણ આખા હીંદુસથાનના લોકોને મોટી જેબ આપીછે. હમો આ બોલીએછે તે મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ વીશે બોલીએછે, અને એ હાતમ દીલના પારસી બારોનેટનો ટુક હેવાલ નીચે આપવાની રજા લઈએછે.

હીંદુસથાનનો પેહેલો બારોનેટ, પારસી ટોલાંનો જલકતો તથા કીરતી ભરેલો સેતારો, અને ઈંગલંડનો નામીચો ઊમરાવ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સને ૧૭૮૩ ના વરસના જુન મહીનાની પંદરમી તારીખે નવસારીની પાસેના મલેશવર ગામમાં જનમીઆ હતા. એ દાનાવ તથા પરોપકારી શખસના બાપનું નામ જીજીભાઈ ચાંદજીભાઈ તથા એઓની માએનું નામ જીવંણબાઈ હતું. કેહેવતછે કે "પુતરના લખશણ પાલણામાંથી દીસે" તેમજ સર જમશેદજીની ચંચલાઈ, તીખસણબુધી, ઊદીઓગ, લાંબી નજર, અને હેવા બીજા ઊમદા ગુણો એ શખસની અંદર નાહાનપણથી માલમ પડવા લાગીઆ. સર જમશેદજીને ઊતમ પરકારની કેલવણી કોઈબી નામીચી નીશાલ મધે મલી હતી નહી તોબી એ શખસના જાતી ગુણો જેમ જેમ એઓ ઊમરે મોટા થતા ચાલીઆ તેમ તેમ ખીલવા લાગીઆ. જારે તેઓ સોલ વરસની ઊમરના થએઆ તારે તેઓના માબાપો આ ફાની દુનીઆ મધે પોતાના છોકરાને એખલો મુકીને બેહેસતનશીન થએઆં. આ બનાવ બનવાથી સર જમશેદજીને પોતાનું ગુજરાન ચલાવવાની ફરજ પડી, અને તે ફરજ અદા કરવાને વાસતે એ દાનાવ શખસ પોતાની જનમભુમી છોડીને મુંબઈ શેહેરમાં આવી વસીઆ. મુંબઈ મધે તેઓ પોતાના સસરા સાથે મલીને વેપાર કરવા લાગીઆ. વેપાર ચલાવવાના કામમાં ફતેહ મેલવવાને ચંચલાઈ, બારીક નજર, જાતી મેહેનત, ચાલાકી, પરમાણીકપણું, અને મોટી હીંમત જરૂરના સાધણો ગણાએછે, અને તે સઘલા સાધણો ઈઆ ગુણો આપણા પારસી બારોનેટમાં અસલથી હતા તેનો પુરતો પરકાશ આસતે આસતે માલમ પડવા લાગીઓ.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટ વેપારના કામમાં ફતેહ મેલવવા લાગીઆ. સને ૧૭૯૯ ના વરસમાં ચીન ખાતેની પેહેલી સફર સર જમશેદજી જીજીભાઈએ વેપારને વાસતે કીધી હતી. આ સફર કરી આવીને સર જમશેદજીએ એ દેશ સાથે મોટો વેપાર ચલાવવાનો વીચાર કીધો. પોતાની ધારણા પાર પાડવાને તેઓએ આ શેહેરના વેપારી શેઠ મોતીચંદ ખીમચંદ, શેઠ ફરદુનજી સોરાબજી, અને નાખોદા મહમદ અલીરોગે સાથે પંતીઆલું કીધું, અને એ પંતીઆલાંમાં તેઓ બોહોલો વેપાર કરવા લાગીઆ. સર જમશેદજીનો વેપાર દીનપરદીન વધતો ચાલીઓ અને તેઓનું નામ દુરના દેશાવરો ખાતે એક ચંચલ તથા ફતેહમંદ વેપારી દાખલ પરસીધ થવા લાગીઉં. વેપાર કરતી વખતે સર જમશેદજી પોતાના કામ ઊપર ઘણી સાહુચેતી વાપરતા તથા જાતી મેહેનત કરતા હતા. ચીન દેશ ખાતે વેપાર કરવાને સારૂ એઓએ ચાર વાર સફર કીધી હતી. એ ચાર સફરો મધેની છેલી સફર કરીને મુંબઈ આવતાં જે વાહાણમાં તેઓ બેઠા હતા તે વાહાણ ફરેંચ દરીઆઈ કાફલાએ પકડીઉં અને સર જમશેદજી તથા તેઓની સાથેના બીજા સઘલા ઊતારૂઓને ફરેંચોએ બંદીવાન કીધા. વાહાણ મધેનો સઘલો માલ ફરેંચ દરીઆઈ કાફલાએ પોતાના બારકસો મધે ખાલી કરી લીધો. હાવી હાલતમાં સર જમશેદજી તથા તેઓની સાથેના ઊતારૂઓ કેપ આવ ગુડહોપ આગલ આવી પોહોંચીઆ. આ જગાએ તેઓ સઘલાને છોડી દેવામાં આવીઆ. કેપ આવ ગુડહોપથી સર જમશેદજી કલકતા શેહેર ખાતે કેટલોએક વખત ગુજરીઆ પછી સહી સલામત જઈ પુગીઆ. સર જમશેદજી સહી સલામત કલકતે આવીઆ તે જોઈને તેઓના સગાં વાહાલાં તથા મીતરો અતરે ઘણા ખુશી થએઆ હતા. હાવી પરકારની મુશીબત પોતાની ઊપર ગુજરી તેથી સર જમશેદજીએ નીરાશ થઈને વેપારનું કામ પડતું મુકીઉં નહી, પણ પોતાનો વેપાર આગલ કરતાં ઘણો કરવા માંડીઓ. વેપારની અંદર સર જમશેદજીને પોતાંની દુર નજરને લીધે સારી પેદાસ થતી

ચાલી, અને તેઓનો વેપાર દુરના દેશાવરો ખાતે ઘણો વધી પડીઓ. સર જમશેદજીનો વેપાર એટલો તો બોહોલો હતો કે તેઓએ આડતીઆ તથા દલાલનું કામ લેવાને ઘણી વખત નાપાડી હતી. ઈઉરોપ, આફ્રીકા, અને એશીઆ ખંડના જુદા જુદા દેશો ખાતે સર જમશેદજી જીજીભાઈનો વેપાર ઘણો મોટો ચાલતો હતો. પરમ દએઆલુ ઈશવરે સર જમશેદજી જીજીભાઈને વેપારમાં પુશકલ દોલત આપી. આ પરમાણે સર જમશેદજીએ લાખો રૂપીઆની દોલત પોતાના બોહોલા વેપારમાં મેલવી હતી, અને તે મોટી દોલતનો એક મોટો ભાગ એ સખી તથા ચંચલ ગરહસથે માણસ જાતનાં દુખો ઓછાં કરવામાં તથા હજારો લોકોને સુખી હાલતમાં લાવવાનાં ધરમ ખાતાંઓના કામોમાં વાપરીછે. એ સખી દીલનાં ઊમરાવ વેપારીએ પોતાની મોટી દોલતનો કેટલોએક ભાગ પરોપકારી કામોમાં વાપરીઓછે તે બાબે થોડીએક બીના નીચે આપીએછે.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટે નજદીક **પચીશ લાખ રૂપીઆ**ની મોટી રકમ જાહેર સખાવતના કામો પાછલ વાપરીછે. એ હાતમ દીલના ઊમરાવે ખાનગી સખાવતના કામોમાં **પંદર લાખ રૂપીઆ**ની મોટી રકમ વાપરેલીછે હેવો અડશટો કીધામાં આવેછે, સર જમશેદજી જીજીભાઈની જાહેર તથા ખાનગી સખાવતની રકમો સાથે મેલવીએ તો **સખાવતના કામો પાછલ એ હાતમ દીલના ગરહસથે ચાલીશ લાખ રૂપીઆની મોટી રકમ ખરચીછે!** હાવી રીતની સખાવતને જે પાહાદશાહી સખાવતનું નામ આપવામાં આવીઊછે તે નામ પુરતી રીતે લાએકછે. વલી સર જમશેદજીની સખાવત સંબંધી એક જાણવા જોગ બીના એછે કે એ પરઊપકારી ગરહસથે સખાવત કરતી વખતે પોતાની કોમનો ફાએદો માતર શોધીઓ હોએ એમ નથી, પણ સર જમશેદજીની સખાવતનો લાભ સઘલી કોમના લોકો લેછે. સખાવત કરતી વખતે સર જમશેદજીએ નથી જોએઓ પારસી કે હીંદુ, મુશલમાન કે ખરીસટીઅન, ઈઆઊદી કે ઈઊરોપીઅન, પણ સઘલા લોકોને જે કામથી ફાએદો થાએ તે કામમાં એ ગરહસથે મદદ કીધીછે. ખરેખર હાવી રીતની સખાવત ઘણા થોડાજ શખસોએ કીધી હશે. ધનછે હેવા શખસોને કે જેઓ પોતાની સખાવત સઘલી જાતના લોકોના ફાએદાઓને વાસતે કરેછે !! સને ૧૮૪૨ ના વરસ સુધીમાં સર જમશેદજીએ ૬૩૪૭૪૦ રૂપીઆ ધરમ ખાતાંના તથા સખાવતના કામો પાછલ ખરચીઆ હતા. હાવી મોટી રકમ લોકો ઊપીઓગી ધરમ ખાતાંઓ પાછલ સર જમશેદજીએ વાપરીછે હેવી ખબર જારે નામદાર રાણી વીકટોરીઆએ સાંભલી તારે એ નામદાર બાનુએ સર જમશેદજી જીજીભાઈને "નાઈટ" નો મોટો ખેતાબ આપીઓ. "નાઈટ" ના ખેતાબની સનદ મોટી ધુમધામ સાથે ૧૮૪૨ ના વરસની ૨૮ મી મેએ સર જમશેદજી જીજીભાઈને મુંબઈના તે વખતના ગવરનર મી૦ આંનડરસને પરેલ મધેના સરકારી બાગમાં આપી હતી. "નાઈટ" નો ખેતાબ મેલવવાને ઘણા લોકો બાહાદુરીના કામો કરેછે, પણ સર જમશેદજીએ પોતાના જાતભાઈઓના દુખો ઓછાં કરવાના કામમાં પોતાની કમાઈનો પઈસો ખરચીઓ તે જોઈને ગરેટ બરીટનની માહારાણી વીકટોરીઆએ હીંદુસથાનની અઢાર કરોડની વસતીમાંથી સરવેથી પેહેલો "નાઈટનો" ખેતાબ આ ધરમી ગરહસથને આપીઓ હતો.

"નાઈટ" ના ખેતાબની મોટી પદવી સર જમશેદજીને ૧૮૪૨ ના વરસમાં આપવામાં આવી હતી. ૧૮૪૩ ના વરસની ૧૫ મી ડીસેમબરે સર જમશેદજી જીજીભાઈને એક હીરાથી જડેલો ચાંદ બરીટીશ સરકારે એ ઊમરાવ ગરહસથને તેની સખાવત જોઈને બખશેશ કીધો હતો. એ ચાંદની એક બાજુએ હીરાથી જડેલો નામદાર રાણી વીકટોરીઆનો શીકોછે, અને બીજી બાજુએ લખવામાં આવીઊંછે કે "આ "એ ચાંદ બરીટીશ સરકારે સર જમશેદજી જીજીભાઈ "નાઈટને તેવણની સખાવતને સારૂ ભેટ આપીઓ "છે." આ ચાંદ આપતી વખતે મુંબઈ મધેના પરેલવાલા સરકારી બાગમાં મોટી ધુમધામ કરવામાં આવી હતી, અને તે વખતે સર જમશેદજીની સખાવતની ઘણી વખાણ મુંબઈના તે વખતના ગવરનરે પોતાના ભાશાણ મધે કીધી હતી.

૧૮૪૨ ના વરસ પછી સર જમશેદજીની સખાવતનો ઝરો અટકીઓ નહી, પણ તે એ સખી ઊમરાવ ગરહસથના મરણવેર ચાલુ રહેઓ. સર જમશેદજીએ જે મોટી સખાવત કીધી તે જોઈને એ ઊમરાવ ગરહસથનું નામ આવતા જમાનાના લોકોને જાણવામાં

આવે માટે તથા એ સખી નરનું નાંમ તેના કુટંબમાં ચાલુ રેહે હેવી ધારણાથી આપણા દેશ ઊપર હકુમત ચલાવનારી ગરેટ બરીટન તથા આએરલંડની નામદાર રાણી વીકટોરીઆએ સર જમશેદજી જીજીભાઈને "બારોનેટ" નો ખેતાબ આપીઓ. નામદાર રાણી વીકટોરીઆએ જે મોટો ખેતાબ તથા માન આપીઊને આબરૂ ઈજતથી એ ખેતાબ ધરાવનાર શખસ પોતાની પાંછલ ચલાવે વાસતે શર જમશેદજીએ ઘણી તારીફ લાએક ગોઠવણ કીધીછે. સર જમશેદજીએ પોતાની દોલત મધેથી ૨૫ લાખ રૂપીઆની ચાર ટકાની લોન એલાહેદી કાહાડીને એ સરકારી લોનનું વીઆજ દર વરસે એક લાખ રૂપીઆ ઊપજે તે તથા મજગામનો મેહેલ જે શખસ પોતાની પાછલ બારોનેટનો ખેતાબ ધરાવે તેના હસતકમાં કરવાની ગોઠવણ કીધીછે. સર જમશેદજી જીજીભાઈ બારોનેરની લાંબી નજરનો ઘણો.આછો નમુનો ઊપલી ગોઠવણથી આપણને મલી આવેછે.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટને નામદાર રાણી વીકટોરીઆએ મોટો ખેતાબ આપીને એ સખી ઊમરાવ ગરહસથનું નામ સદા કાએમ રાખવાને ઘણી સારી ગોઠવણ કીધીછે. એ શીવાએ સર જમશેદજીની પોતાની સખાવત તેવણનું નામ સદા કાએમ રાખવાને બસછે, એ સઘલા લોકો કબુલ કરશે. પણ મુંબઈના રેહેવાશીઓએ પોતાની તરફથી એ સખી તથા હાતમ દીલના ઊમરાવનું નામ કાએમ રાખવાને વાસ્તે એક જાહેર શભા ૧૮૫૬ ના જુન મહીનામાં આપણી ટાઊનહાલ મધે બોલાવી હતી, અને એ શભાના સરનસીનની ખુરસીએ આપણી મુંબઈનો ગવરનર લારડ એલફીનસટન બીરાજીઓ હતો. લારડ એલફીનસટન જેવો મોટી પદવીનો અમલદાર પોતાના ભાશાણમાં બોલીઓ હતો કે "સર જમશેદજી જીજીભાઈ બારોનેટને માન આપવું એ ગોએગ્મા આપણુને માન આપવા બરોબરછે." આ ઊપરથી વાંચનારે વીચાર કરી લેવો કે સર જમશેદજી જીજીભાઈ બારોનેટને માન ઈંગલંડના નામીચા શખસો કેવી રીતે આપેછે. "ટાઊનહાલ" મધે ભરાએલી શભાએ સર જમશેદજી જીજીભાઈ બારોનેટનું એક પુતલુ ઊભુ કરવાનો ઠરાવ ઘણી ખુશાલીના અવાજથી પસાર કીધો હતો. એ પુતલુ મુંબઈમાં આવીઊંછે અને તેને આપણી "ટાઊનહાલ" મધે મુકવાની ગોઠવણ ચાલેછે. આ પુતલુ આવતા જમાનાના લોકોને મુંબઈના રેહેવાસીઓ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને કેવી રીતે ચાહાતા હતા તથા માન આપતા હતા એ બતલાવી આપશે, અને એ પુતલુ જોઆઆથી હજારો લોકોને સખાવત કરવાનાં કામોમાં ઊલટ છુટશે.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટે સખાવતના કામોમાં નાંણાની જે મોટી રકમો ભરીછે તેઓ મધેના થોડાંએક ધરમખાતાં તથા તે ધરમખાતાંઓ મધે ભરાએલી રકમની વીગત હમો નીચે પરગટ કરીએછે,

| ધરમ ખાતાંનાં નામો. | રૂપીઆ |
|---|---|
| સુરતના ગરીબ પારસીઓના ગુજરાનને સારૂ આપેલા .... | ૧૨૫૦૦૦ |
| જમશેદજી જીજીભાઈ હાસપીટલ બંધાવવાના કામમાં આપેલા .... | ૧૬૦૦૦૦ |
| જમશેદજી જીજીભાઈ હાસપીટલને લગતું સુવાવડખાતુ .... | ૩૦૦૦૦ |
| મેહેમનો પુલ બંધવવાનો ખરચ .... | ૧૫૫૦૦૦ |
| મુંબઈની જમશેદજીની ધરમ શાલામાં ખરચેલા | ૧૫૦૦૦૦ |
| પુનામાં પાણી આણવા સારૂ જમશેદજી બંધ બાંધવામાં .... | ૧૮૦૦૦૦ |
| "પારસી બેનીવલંટ ઈનસટીટીઊશન" નામની નીશાલ સથાપવાના ફંડમાં .... | ૪૦૦૦૦૦ |
| સર જમશેદજી જીજીભાઈ ચીતર શાલા.... | ૧૦૦૦૦૦ |
| નવશારી મધે વીકટોરીઆ ડીસપેનસરી ઉભી કરવાને સારૂ .... | ૭૫૦૦૦ |
| નવસારીના ગરીબ પારસીઓના ગુજરાનને સારૂ | ૬૨૫૦૦ |
| મેહેમનો રસતો બંધાવાપર.... | ૨૨૦૦૦ |
| ભોએખલાના રસતા ઉપર ટાંકી બંધાવવાનો ખરચ .... | ૨૩૦૦૦ |

ઊપલાં ખાતાંઓ ઊપર નજર કરતાં માલમ પડશે કે સર જમશેદજી જીજીભાઈ બારોનેટે કેવી પરકારનાં ધરમ ખાતાંઓ કાહાડીઆં હતાં. એ ધરમ ખાતાંઓ સઘલી કોમના લોકોને ઊપઈઓગી થઈ પડે એ સેહજ હરએક કોઈ શખસને વીચાર કરવાને બની આવશે. સર જમશેદજી જીજીભાઈ બારોનેટે પોતાની હઈઆતીમાં પોતાનો આગલો વેપાર બંધ કીધો હતો. એ સખી દીલના ઊમરાવ ગરહસથે પોતાના છેલા દાહાડા પોતાના કુટંબ કબીલાના સુખમાં કાહાડીઆ હતા. એ ઊમરાવ ગરહસને ઈશવરે પઈસાની સાથે કુંડીબુચી તેમજ છોકરી છોકરાઓનું બી સુખ આપીઊં હતું. સર જમશેદજી પઈસે, છોકરાં છઈએ, આબરૂ ઈજતથી સુખી હતા. એઓની તનદરોસતીમાં તેઓની

જોઈએ નહી તેથી મોહતે ખંખારીને જમીનપર પડી ગએઓ અને તુરત પરાણ છોડેઓ.

એક પુરૂષ એક વખતે ખાઈ પીને પોતાના ઘોડાપર બેશીને વાડીથી ઘેર આવતો હતો, પણ ઘુમ દારૂ લીધો હતો તેના સબબથી મજબુતાઈથી બેશી શકાએશે નહી અને જમીનપર પડી ગએઓ. પણ તે એવીતો અસલી રીતે પડેઓ કે તે દારૂની જુમમાંથી જાગી શકેઓ નહી અને તેથી જાંહનો તાંહાં પડી રહેઓ. તેનો વફાદાર ઘોડો ઘર નાહાશી જએઆને બદલે તેની આગલ ચોકી કરવા ઊભો રહેઓ. બીજે દાહાડે સુરીઆ ઊગતાં કેટલાએક મજુરોની નજરે તે પડેઓ અને તેથી તેઓ તેને ઊઠાડી પાછો ઘોડાપર બેસાડવા માટે આગલ આવેઆ પણ તે વીસવાસુ અને મકમ જાણવરે પોતાના દાંત અને પગના બલથી કોઈને પણ પોતાના ધણીની નજદીક આવવા દીધું નહી, તે એવી મતલબથી કે રખેને કોઈ તેને ઈજા પોંહોંચાડે.

ફરેંચ લોકોના એક સરદાર પાસે એક ઘોડો હતો તેની એવી ખાશીઅત હતી કે પોતાના ધણી શીવાએ કોઈ બીજાના હાતમાં જતો નહી. તે ઘોડા પર સવાર થાઈને તે એક વખત લડાઈના મેદાનમાં નીકલેઓ, પણ તાંહાં પોતાના એક દોસતની અરજથી તે ઘોડો તેને બેસવા માટે તેને તાંહાં મોકલેઓ. પણ ઘોડાએ તે નવા સવારનાં હાત તલે ચાકરી કરવાને ના પાડીશે, અને પાધરો પોતાના ધણી આગલ આવી તેની બોરદએ ઊભો રહેઓ. પોતાના સવારને દાઝી

પાલેલી માછલી માણસની પેઠે શબદ બોલેછે અને જારે તેને હોકમ કીધામા આવેછે તારે તે કેટલાએક રમુજી બોલો કરી બતલાવેછે, " મામા " અને " પાપા " એટલે જે મા અને બાપ એ બોલો બોલેછે અને જારે તેને હોકમ કીધામા આવેછે તારે તે પોતાનું મોહડું શરીર પાંણીની અંદર ઘણી રમુજી રીતે હીલવીને નાંચેછે. જારે તેનો રખેવાલો કેહછે તારે તેને તે ચુમી લીએછે અને તે ચુમી જેમ ફરમાવેછે તેમ જંમના હાથ ઊપર ઈઆ દાબા હાત ઊપર લીએછે. જો તેને પાંણીમાં ઊભી થવા કેહછે તો તે તેમ કરેછે. એ માછલી પોતાની ગરદંન જેટલી લાંબી થાઈ શકે તેટલી કરેછે તારે તેની લંબાઈ અગીઆર અથવા બાર ફીટ થાએછે પણ જારે પોતાની સાધારણ ઢપમાં બેશેછે તારે આઠ અથવા નવ ફીટ હોએછે. એ માછલીનું વજંન ૩૨ મણછે અને તે દરરોજ ૪૦ રતલ જીણી માછલીઓનો ખોરાક ખાએછે. તેના શરીર ઊપર શાટીન જેહવા સુંવાલા અને જીહીણા બાલોછે. એ બાલ પીઠ આગલ અને બાજુ આગલથી ભુરા રંગનાછે. પણ ગરદન, ખબાં અને પેટ આગલથી પીલા રંગનાંછે. તેને વાઘના દાંતોના જેહવા દાંતોની બે હારછે. જોકે તેનાં જડબાં હાવી રીતે વાઘના જેહવાંછે તો પણ તેના ચેહરાનો દેખાવ વાઘના જેવો બયોંકાર નથી. એ માછલી જાતે માદાછે અને તેની ઊમર પાંચ અથવા છ વરસનીછે, એને આફરીકા ખંડમાની "સેનીગલ"



બોલતી અને ખેલ કરનારી માછલી.

આ તથા ગનાનના કીરણોથી પરકાશીત કરવામાં આવેછે તારે તેના સારા પરીણામો આપણી નજર આગલ ખુલા માલમ પડેછે. ઓરત જાતે પણ પોતાની શુધીની બખશીશનો ઊપઈઓગ પુરાતમ કાલથી સારોજ કીધોછે. વીદીઆ તથા શાસતરને લગતી બાબદો ઊપર સારાં રચીલાં પુસતકો કેલવણી પામેલી ઓરતોએ ઘણા રચીઆંછે અને તે લખાણથી ઘણી સારી અસરો નીપજેલીછે. ઓરતોએ પોતાની બાહાદુરીથી કેટલીએક વખતે પોતાના દેશનો દુશમનો શામણે બચાવ કીધોછે; દુખ તથા પીડાથી કાએર થઈ ગએલા માણસોના દીલને મોટો દીલાસો આપીઓછે અને આપેછે; પોતાની નેક અને સારી ચાલથી પોતાનાં કુટંબને એક ગોએઆં બેહેસતની માફક સુખનું એક ધામ ઈઆ ઠેકાણું બનાવી દીધુંછે. ઓરતો માણસોની માફક દેશ ઊપઈઓગી અને લાભ કારક કામોમાં સામેલ કરવાને શકતીવાનછે હેવું બતલાવી આપવાને અમેરીકા તથા ઈઊરોપ ખંડમાં ઓરતોએ કેટલીએક શભાઓ પોતપોતા વચે સથાપીછે. અમેરીકા ખંડની ઈઊરોપીઅન ઓરતોએ પોતાની કોમને રાજદુવારી કામમાં સામેલ કરવાને સારૂ એક શભા કીધીછે તથા એ ખંડમાં કેટલાએક વરતમાન પતરો ઓરતો લખીને પોતાની કોમના હકો આલમને પરસીધ કરેછે. આઠ વરસની વાત ઊપર ઓરત કોમની અંદર પેહેલ વેહેલી ડાકટર થવાનું માન એલીજાબેઠ બલાકવેલે મેલવીઊછે અને એ ડાકટરે પોતાની ચંચલાઈ તથા ચાલાકીથી હાલ સઘલા ઈઊરોપ તથા અમેરીકાખંડમાં ઘણું સારૂં નામ તથા માન મેલવીઊછે. આ ઓરત ડાકટર બાબે થોડીએક નીચે આપેલી બીના આ ચોપાનીઆંની નેક વાંચનારીઓ ધેઆન દઈને વાંચશે હેવી આશાછે.

એલીજાબેઠ બલાકવેલનો બાપ અસલ ઈંગલંડનો રેહેવાસી હતો, પણ કેટલીએક આફતોને લીધે તે અમેરીકા ખંડમાં જઈને વસીઓ. આ નવી જગાએ તે થોડાંએક વરસો રહો તેવામાં તેને ઘણાં છોકરાં થએઆં. તેઓમાં સઊથી તેની સઊથી મોટી છોકરી એલીજાબેઠ બલાકવેલ હતી. એ કુટંબ પોતાનું ગુજરાન આબરૂથી ચલાવતું હતું હેવામાં એકાએક તે કુટંબનું ગુજરાન ચલાવનાર આ દુનીઆ છોડીને પોતાના કીરતાર પાસે ચાલી ગએઓ. આ માઠો બનાવ ગુજરીઆથી એલીજાબેઠની માતાના ઊપર પોતાના નાહાના કુટંબનું ગુજરાન કરવાનું બીકટ કામ આવી પડીઊં. આ કામમાં એલીજાબેઠને પોતાની માને મદદ કરવાની ફરજ પડી, અને તે ફરજ એ છોકરીએ ઘણી સાએકી રીતે અદા કીધી. પોતે શીખેલી હતી તેથી કરીને તેણીએ કેટલાએક ગરહસથોના છોકરાંઓને શીખવવાનું કામ માથે લીધું અને આ કામમાં જેટલા પઈસા તે પેદા કરતી હતી તે સઘલા પોતાની માને એ ભલી છોકરી આપતી હતી. હાવી રીતે એલીજાબેઠ બલાકવેલ પોતાના ભાઈ બેહેનો તથા માના ગુજરાન કરવાનાં કામમાં નાહાની અવસથાએ મદદ કરતી હતી. એલીજાબેઠની આ સારી ચાલની નકલ આ દેશની છોકરીઓએ કરવી જોઈએછે. જે મીશાલે હાલ કેટલાએક કુટંબોમાં આપણ ભાઈ બેહેનો વચે અરસ પરસ અદેખાઈ તથા કીનો જોઈએછે તેને બદલે જો અરસ પરસ પીઆર, મમતા, અને હેત જોવામાં આવેતો તેથી કેવા સારા પરીણામ હાંસલ થાએ તે બાબે વાંચનારી બાનુઓએ વીચાર કરી લેવો.

એલીજાબેઠની મનની રૂચી વઈદક શાસતરનો ધંધો શીખવાની ઘણી થઈ, અને પોતાનો મનોરથ પુરણ કરવાને સારૂ જે રંજ અને કસટ એ નેક ઓરતે સોસીઊછે તેને વાસતે તેણીની ઊપર આપણે આફરીન કરીઆ વગર રહી શકતા નથી. પોતાની ધારણા પાર પડે વાસતે એ ઓરતે અમેરીકા ખંડની વઈદક શાલાના ઊપરીઓને પોતાની મરજી વઈદક શાસતરનો અભીઆસ કરવાની જણાવી, પણ હાવી નવાઈ જેવી અરજી સાંભલીને તેઓ એ ઓરતના વીચારને હસી કાહાડવા લાગીઆ. તેઓ જાતે વીદવાન હતા, પણ તેઓના મનમાં હેવો વીચાર હતો કે શું ઓરત જાત વઈદક શાસતરની બીકટ બાબદ શીખી શકે? ઈઆ શીખવાને શકતીવાન નથી. હાવી રીતે બીચારી એલીજાબેઠ બલાકવેલ પોતાની પેહેલ વેહેલી કોશેસમાં નીરાશ થઈ પણ એક વખત નીરાશ થવાથી તેણીએ પોતાની હીમત છોડી નહી. તે સારી રીતે જાણતી હતી કે એક માબારત કામ પાર પાડવાને હંમેશવેર કોશેશ કરીઆ જવું જોઈએછે અને તેમ દીધાથી પોતાની ધારણા આખરે પાર પડેછે. આ પરમાણે એલીજાબેઠે પોતાના મનને દીલાસો આપીઓ. થોડો વખત ગુજરીઆ પછી ઘણી અસર થાએ હેવી ભાશામાં એક અરજી તેણીએ તઈઆર કીધી અને તેની એક એ

કે નકલ અમેરીકાખંડના વઈદક શાસતરમાં પુરવીણ થ
એલા તથા વઈદક સાલાનાં શીખશા ગુરૂઓ ઊપર મો
કલાવી. આ અરજીની સારી અસર બે કાબેલ વઈદો
ના મગજ ઊપર ઘણી થઈ અને તેઓએ એલીજાબે
ઠને ખાનગી રીતે શરીર વીદીઆ તથા જાહાડપાનને
લગતી વીદીઆ સંબંધી તાલીમ આપી. આ નવી
વીદીઆ શીખવાથી એલીજાબેઠનુ મન વઈદક શાસત
રનો ધંધો શીખવા તરફ ઘણું લલચાઈઊં. તેણીએ
એક અરજી ફરીથી વઈદક શાલાઓના ઊપરીઓને
કીધી અને આ વખતે તેણીની અરજીની મુરાદ બર
આવી. અમેરીકાખંડ મધે જીનીવા શેહેરની વઈદક
શાલાના મુખીઅ શીખસા ગુરૂએ એલીજાબેઠને પોતા
ની મદરેસામાં વીદીઆભીઆસ કરવા આવવાની પ
રવાનગી આપી. આ ખુશાલી ભરેલી ખબર સાંભલ
તાંવારજ એલીજાબેઠના મનમાં ઘણો હરખ પેદા થએ
ઓ તથા તેણીને અતીઅંત ખુશી લાગી. હાવીરીતની ખુ
શાલીનું બએઆંન કરીઆ કરતાં વીચાર કરવાથી સે
હેજ માલમ પડી આવેછે. આ બનાવ ૧૮૪૭ ની
શરૂઆતમાં બનીઓ, અને તે બનાવ અસતરી કેલવ
ણીની તવારીખના સફાઓમાં નોહોધી રાખવામાં આ
વીઓછે. વઈદક શાસતરની બીકટ વીદીઆનો અભી
આસ એલીજાબેઠે હેવી ઊલટથી કરવા માંડીઓ કે
થોડા વખતમાં તેણીએ ઘણો સારો વીદીઆભીઆસ
કીધો. એલીજાબેઠ જારે પેહેલ વેહેલી જીનીવાની મદ
રેસામાં વીદીઆભીઆસ કરવા ગઈ હતી તારે તેણીની
સામણે લોકો આંગલીઓ કરીને તે બીચારીને હસી
કાહાડતા હતા, પણ જારે તેઓએ જોએઊં કે એ ઓરત
વઈદક શાસતરમાં સારી માહીતગારી ધરાવવા લાગી
તારે તેઓ તેણીની ઊપર ઘણી પરીતી કરવા લાગી
આં. જીનીવા શેહેરના લોકો એલીજાબેઠની ચાલ ચ
લણ જોઈને એ નેક ઓરતની કોશેસ ઊપર આફરીન
ગુજારવા લાગીઆ તથા તેણીને પોતાથી બનતી મદદ
કરવા લાગીઆ. ૧૮[illegible]૯ ના વરસની આખરે વઈદક
શાસતરમાં પુરવીણપણાની સનદ આપવાની પરીખશા
થઈ, અને એ પરીખશામાં એલીજાબેઠ બલાકવેલ પસા
ર થાઈ. જીનીવાની મદરેસામાં તથા અમેરીકાખંડમાં
પેહેલ વેહેલી ઓરતને ડાકટરનું કામ ચલાવવાની સનદ
આપવાને વાસતે એક મોટી શભા મેલવવામાં આવી હતી.
એ શભામાં જીનીવાના કાબેલ વડા શીખસા ગુરૂએ એક ર
સીલુભાશાણ કીધું અને તે ભાશાણમાં એલીજાબેઠ બલાક
લવેની ઘણી તારીફ કીધી હતી. ભાશાણ પુરૂ થએઆ પ
છી એલીજાબેઠને તથા બીજા વીદીઆરથીઓને વઈદ
ક શાસતરનો ધંધો ચલાવવાની સનદ આપવામાં આ
વી હતી. આ સનદ મુજબ ૧૮૫૦ ના વરસથી ડાક
ટર એલીજાબેઠ બલાકવેલ પોતાનો નવો ધંધો ઘણી
સારી રીતે ચલાવવા લાગીછે. અમેરીકા ખંડમાં તેણી
ના નામથી સઘલી ઓરત જાત પોતાને મોટું માન મ
લીઊ હેવું ગણેછે. અમેરીકામાં થોડા માસ ગુજારીઆ
પછી ડાકટર એલીજાબેઠ બલાકવેલ પોતાની જનમ ભુ
મી ( ઈંગલંડ ) માં આવી રહીછે. ઈંગલંડ દેશમાં
એ દાનાવ તથા ચંચલ મગજની ઓરતે પોતાની સા
લથી સઘલા લોકોનો પીઆર પોતા ઊપર મેલવીઓ
છે. લંડન તથા પારીસની નામીચી વઈદક શાલામાં
પરીખસા આપીને એ ઓરત ડાકટરે સનદો મેલવીછે.
બે તરણ માસની વાત ઊપર વઈદકને લગતી બાબદ
ઊપર ડાકટર એલીજાબેઠે ઘણા સારાં ભાસાણો ઈંગલંડ
ની બાનુઓને તથા મરદોને આપીઆં હતાં અને તે
ભાશાણોની તારીફ ઘણી જગાએ કરવામાં આવીછે.
ડાકટર એલીજાબેઠનો સારો દાખલો જોઈને એક સ
ખી દીલની ઓરતે પોતાની સાહેલીઓનાં દરદોને દવા
કરવામાં આવે વાસતે એક હાસપીટલ કાહાડવાને એંસી
હજાર રૂપીઆની મોટી રકમ કાહાડીછે: ડાકટર એલીજા
બેઠની એક નાહાની બેહેન ડાકટરનું કામ પોતાની મો
ટી બેહેન જોડે ઈંગલંડમાં ઘણી સારી રીતે ચલાવેછે.
ડાકટર એલીજાબેઠે વઈદક સાસતરનો અભીઆસ કર
વાને ઘણી મેહેનત તથા રંજ સોસીને ઓરતોને વાસ
તે પેહેલ વેહેલી ફતેહમંદી ભરેલી તથા નેક કોશેસ કી
ધી વાસતેએ ઓરતને મોટું માન ઘટેછે. ડાકટર એલી
જાબેઠની બાબદ બંધ કરતી વેલાએ હમો આ દેશની
નેક બાનુઓને વીદીઆભીઆસ કરવા પછવાડે ડાકટ
ર એલીજાબેઠનો દાખલો લેવાને ઘણી મજબુત ભલામ
ણ કરીએછે. આ દેશની બાનુઓ જે મોટા અગનાન
પણાના ખાડામાં પડેલીઆછે તેઓને વીદીઆં હોનર
ના ચલકતા કીરણોએ કરીને રોશન કરવાને સારૂ કે
લવણી પામેલી ઓરતોએ કોશેશ કરવી જોઈએછે, અ
ને તેમ કરવાને સારૂ તેઓએ પોતાનો વીદીઆ ભીઆ
સ આગલ વધારવા ઊપર ધેઆન આપતા રેહેવું જો
ઈએછે.

———

## મરણ પામેલાંઓને ઠેકાણે પાડવાની રીત.

મરણ પછી મુરદાંનો કાંઈ પણ રીતે નીકાલ કરવાને માટે માણસને કુદરતથીજ વીચાર આવેઓ હશે તેમાં કાંઈ શક નથી અને તે પરમાણે આપણે જોઈએછે કે કેટલીએક વરણોમાં મુરદાંને ડાટવાની, કેટલીએકમાં બાળવાની, કેટલીએકમાં માંતર હવામાં ખુલલું રાખવાની તથા કેટલીએકમાં જનાવરોને હસતક કરવાની રસમછે. આ સઘલી રસમો મધે ડાટવાની રસમ સઊ કરતાં વધારે અસલી માલમ પડેછે. બાલવાની રીત પણ અસલીછે. બાલવાનો વીચાર પેહલે માણસને કેમ આવેઓ હશે તે વીશે જો અસલી લોકોની ધરમ સંબંધી કીરીઆ તરફ નેહગા કરીએતો આપણ અટકલ કરી શકશું.

આગલા વખતની કેટલીએક જાતોમાં જનાવરોને બાલીને ખોદાને તેઓનો ભોગ આપવાનો રવઈઓ ચાલુ હતો, તે ઊપરથી કદાચ તેઓને એવો વીચાર આવેઓ હોએ કે જનાવરોને બાલી નાખીને તેઓનો ભોગ આપવાને પરમેશવરનો હોકમછે, તથા તે તેને પશંદ પડેછે, માટે જો મુવેલાં માણસોને બાલીને તેઓનો ભોગ આપીએ તો તે પરમેશવરને ઘણોજ પશંદ પડશે. એ બાલવાનો રવઈઓ આગલા જમાનાના ઘણાંએક લોકોમાં પડેલો હતો. હાલ હીંદુસથાન, જેપાન, તારતરી, અને એ વતરોગે પુરવ તરફના બીજાં દેશોમાં એ ચાલ મોજુદછે, અને આગલા વખતમાં ઈઊરોપખંડના કેટલાંએક દેશોમાં પણ એ રીત જોવામાં આવતી હતી. પેહલાં ઈઊનાની અને રોમન લોકોમાં પણ મુરદાંને બાલતા હતા, કેટલાંએક જંગલી લોકોમાં બાલવાની અથવા ડાટવાની રસમ હતી નહી, જેમકે સીધી લોકો મુરદાંને જાહાડની સાથે બાંધી રાખતા હતા, અને આજદીન તુલીક પણ પાશીફીક માહશાગર માહેલા ટાપુઓના રેહેવાશીઓ મુરદાંને ખુલલી જગેઆપર નાખી મુકેછે, તે કાંઈ વગર શંભાલે અથવા વગર દરકારે નાખતા હોએ એમ નથી પણ એ રીતે નાખી મુકવાની તેઓની મતલબ એછે કે પોતાના મરણ પાંમેલાં પેઆરાંઓ પોતાની નજર આગલથી નાબુદ થાઈ નહી જાએ.

આગલા જમાનામાં ડાટવાને વાસતે કોઈ ચોકશ જગા મુકરર કરી રાખતા નહી હતા પણ સેહેરમાં અને કસબામા, રસતામાં અને પાહાડો ઊપર, બાગોમાં અને ઘરોમાં કબરો જોવામા આવતી હતી. ઈહુદી, ઈઊનાંની, અને રોમન લોકો કીલલાની બાહેર કબર બાંધતા હતા, અને જેઓ મોહોટી અને ઊંચી પદવીના પુરૂશો હોતા તેઓને કીલલામાં ડાટતા હતા.

તુરકી લોકોમાં રસતાની બાજુએ મુએલાંઓને ડાટવાની રસમછે; તે એવા વીચારથી કે જે કોઈ રસતે જાએ આવે તેઓ મરનારને બેહસત મલવાની દુવા માગે. આજ ૧૦૦૦ વરસની વાત ઊપર જારે પેહલ વેહેલાં ખરીસટી લોકોએ દેવલો બાંધીઆં તારે તેઓમા મરણ પાંમેલાંઓને દેવલના કેઆરામો ડાટવાની રસમ સરૂ થઈ. મીસર દેસના આગલા લોકો ખોહો અને ગોશાઓમાં તેઓના મુરદાંઓને ડાટતા હતા.

હીંદુ લોકોમાં કાંઈ ચોકસ જગા નથી. પણ તેઓ મુરદાંને બાલીને પછી તેની ખાકને જો નજદીક હોએછેતો ગંગા નદીમાં નાખેછે. ગંગા નદી પાસે નહી હોએતો હરેક નદીમા અથવા દરીઆમાં નાખેછે.

જુદી જુદી વરણના લોકો મુરદાં પછવાડે તરેહવાર કીરીઆઓ કરેછે તેમાં ઈહુદી લોકો મુરદાંને નવાડીને દીલપર ધોતાં કપરાં અને માંથાંપર એક સફેદ ફેંટો પેહેરાવીઆ પછી તેનાં આખાં સરીરપર એક ચાદર હોધારીને તે મુરદાંને કબરમાં મુકેછે. પારકી ઓરતોને પઈસા આપીને તેની આગલ કુટાવેછે તથા દલગીરી ભરેલાં ઘીતો અને ગાએનો ગવરાવેછે. જો મરનાર ધણી મોટો માંણસ હોએતો એક ભાશાન કરેઆમો આવેછે અને તેનાં સગાંઓ અને પાદરી દસ વખત તેની ઘોર આગલ ફરી ફરીને બંદગીનાં બોલ બોલેછે. ઘોર મટીથી પુરીને જતી વખતે તરણ વખત જમીનપર ઘાસ ટોડીને પોતાની પછવાડે નાંખતાં જાએછે અને બંદગીના સબદો બોલેછે.

અસલી ઈઊનાની લોકો મુરદાંની પછવાડે ઘણી મેહેનત લેતા હતા, અને મોટી પદવીનાં માણસોની ઈઆદગારી કાએમ રાખવાને માટે પુતલાં બંધાવતા હતા.

રોમન લોકોમા ઊંચા ઓધાના માણસોના મોહોડાંમા એક જાતનો નાહાનો સીક્કો મુકવામાં આવતો હતો. રાજદુઆરી માણસોની પાદસોમાં પારકી ઓરતો, ગવઈઆ તથા લસકરી માણસો પોતાના હથીઆરો ઊંધાં કરીને ચાલતા હતા. દેડવેલી જગા

ઊપર જઈને મુરદાંને બાલતા અને તેના હાડકાંને તથા રાખને એક વાસણમાં મુકીને જમીનમા દાટતા હતા અને તે વાસણમાં સગાંઓનાં આંસુથી ભરેલી એક સીસી પણ મુકતા હતા, અને ઘોરની આસપાસ ફુલો પાંથરેઆમો આવતાં હતાં.

હીંદુ લોકો મરનારને ખોલલી હવામા લેઈ જઈને જો બની આવેતો ગંગા નદીનુ પાણી તેની ઊપર છાંટેછે. અને પછી એકુ નદી આગલ લઈ જઈને કેટલાએક નીતીના શલોકો ગાઈને તેને બાલેછે—થો ડાંએક વરસની આગમચ મરનારની બાએડીઓબી તેઓની સાથે સતી થાઈને અગનીમાં બળી જતી હતી પણ તે અફસોસ ભરેલી રસમ હાલ અંગરેજ સરકારે પોતાના તાબા તલેના દેશોમાંથી નાબુદ કીધીછે.

મુસલમાંન લોકોમાં મરણ થએઆ પછી તુરત જ દાટેછે અને તેઓ કીરીઆ થોડીજ કરેછે. મુરદાંને કબરસતાન આગલ લેઈ જતાં રસતામાં તેઓના ધરમ પુસતકમાંના થોડાએક ફકરા વાંચેછે. તેને ડાટીને તેઓનો મુલલાં એક ટુક નીમાજ કરેછે અને તરણ વખત તેનુ તથા તેની માએનુ નામ બંદગીમાં લીએછે. અને મુસલમાંન લોકો કબરપર ફુલો નાખેછે.

ચીનાઓમા કબર પછવાડે જે પઈસા ખરચાએ તે થોડા હોએછે. મરણની ઘણી આગમચથી તેઓ પોતાની પેટી તઈઆર કરી મુકેછે અને જો પુરતા પઈસા નહી હોએતો પોતાનુ થોડું ઘણું વેચીને પણ સારી સોભઈતી પેટી આગમચથી કરાવી મુકેછે. મરનારની સાથે કેટલીએક કપડાંની જોડી તથા પેલી દુનીઆમાં કાંમ આવે તે મારે ઘણો સરખો ખોરાક પેટીમાં મુકેછે. જે કોઈ દોસત આસનાવ મલવા આવેછે તેઓ તે મુરદાંને વાંકા વળીને સેજદો કરેછે અને પેટી જેમ સોભઈતી બનાવેલી હોએછે તેમ વધારે મરનારના સગાં વાહલાઓને સાબાસી આપેછે અને તે મુરદાંને ઘેરમાથી બાહાર લેઈ જતી વખતે તે મરનારનો વડો છોકરો રસતામાં આડો સુઈને તે લેઈ જતાં અટકાવ કરેછે.

આફરીકા અને અમેરીકાનાં જંગલી દેશવાસી ઓબી મુરદાંઓને સારૂ ભપકાદાર પેટી બનાવેછે. અને જારે તેઓમાનાં કોઈ મોટા પુરૂશ મરણ પાંમેછે તારે માણસનો તથા જનાવરોનો ખુબલોગ આપેઆમાં આવેછે. તેઓની બાએડીઓ, ગોલાંમો તથા ઘોડાઓને કાપી નાખેછે. અને તેઓનાં હથીઆર, કપડાં અને ખજાનાને તેઓની સાથે ડાટેછે.

આએ ટુક હેવાલ ઊપરથી માલ પડસેકે આકાસી દુનીઆં વીસે જુદાં જુદાં દેશોનાં લોકોમાં જે તરેવાર વીચારોછે તેની અસર તેઓના મરણ પાસે લાંઓની કીરીઆં ઊપર થઈછે. જંગલી લોકો જેઓ હેવું સમજે છેકે પેલી દુંનીઆં આએ દુનીઆંની માફકજછે તેઓ મરનારનાં હથીઆર, ખોરાક અને ખંજાનો તેની સાથે ડાટેછે અને અસલી ઈજીપ્તીનાંની તથા રોમન લોકો જેઓ ઘણા જંગલી તથા અનજાંનાં નહી હતા તેઓમાં આએ જાતની બેવકુફી ભરેલી કીરીઆ થોડી હતી.

---

## પરચુરણ બાબતો.

—o—

**રૂમ શેહરમા ગુલાંમગીરી**—હાલના વખતમાંતો જંગલી સીદીઓનેજ ગુલામ કરેછે. પણ અગાઉના જમાનામાંતો મોટા સીખેલા અને આબરૂ વાળા પુરૂશોને ગુલામ કરતા હતા. શું કવી કે વઈદ, શું ગુરૂ કે મેહેતાજી, શું વણકર કે મોચી, શું લુહાર કે મીસતરી, એ સઘળાઓ ગુલામગીરીમાં પકડાતા હતા. ગુલામો વેપારમાં પહેલા, ગુલામો મોટા વેપારીઓ, ગુલાંમો પરચુરણ માલ વેચનારાઓ અને ગુલામો પેઢીઓના ઉપરીઓ. પોતાના ધણીઓની કમાઈને વાસતે કેલવણી પામેલા ગુલામો પોતાના ધંધા ચલાવતા હતા. ગુલામોની કીમત તેઓની તંનદરોસતી, ખુબસુરતી અને તેઓના ગુણો પરમાણે આપવામાં આવતી હતી. એક સાધારણ મજુરનું મુલ દોઢસોથી તે બસો રૂપીઆ લગીન થતું હતું. એક સારા ખબરચીનું જે મુલ આપેતે થોડું. એક હુશીઆર શોંગીનું મુલ સોલ હજાર રૂપીઆથી ઓછું થતું નહીહતું. એક સારો સેકમલી જો એક હજારને સાઠ રૂપીએ મલેતો સસતો ગણાએ. એજ પરમાણે ખુબસુરતીની પણ કીમત થતી હતી. મારકએનટનીએ બે ખુબસુરત જુવાન પુરૂશોને વાસતે સોલ હજાર રૂપીઆ આપીઆ અને તેજદીક એટલીજ રકમ એક વખાણએલા વીઆકરણીની આપી હતી. લીઊકલસના હાથમાં એક વખતે લડાઈમાં પકડાએલા બંધવાઓની મોટી સંખીઆ આવી તેઓના દર એક જણને તેણે દોઢોડ દોઢોડ રૂપીએ વેચીઆ.

---

**દરીઆમાં વાઘ**—ગીઆ નવેમબર મહીનામા બેંગલોરમાં એક અજબ જેવો બનાવ બનીઓ. એક દાહાડે કેટલાએક માછીઓ સહવાર પડવાની અગાઉ માછલી પકડવા નીકલીઆ. દુરથી તેઓએ એક મોટી માછલી જેવી ચીજ પાણીમાં હીલતી જોઈ, અને તથી તેને પકડવા સારૂ પોતા

નું કોટીઉં તેની આગલ ચલાવેઉ, અને તેઓમાંના એકે તે જાનવરને હથીઆરે ભોકીઉ જે ઉપરથી તેણે બોટપર ધસારો કીધો, પેલા માછીને પોતાના પંજાથી પકડીઓ અને તેને બાહેર ખેંચતાં તે બોટે ઉંધી વાલી. હવે તે માછીઓને માલમ પડેઉ કે તે માછલી નથી પણ વાઘછે અને તેથી તુરત તરીને કીનારે આવેઆ. તેઆર પછી કેટલા એક બીજા માછીઓ સાથે તેઓ બોટોમાં બેસીને તે વાઘનો જીવ લેવાને ગએઆ. તેઓમાંના એક હીમત વાલા માછીએ પોતાનો ભાલો તે વાઘની ગરદનમાં ભોકીઓ કે જેથી તે તલીએ ડુબી ગએઓ. હવે સવાલ એછે કે વાઘ દરીઆમાં કાંહાંથી આવેઓ ? પાછલથી એવું વીચારીઆમાં આવેઉં કે દરીએ કીનારે તે કોઇ સુવેલાં જાણવરનું ગોસત ખાતો હોએ તેવામાં મોજાથી તે પાણીમાં ઘશડાઇ ગએઓ તે પાછો બાહેર આવી સકેઓ નહી હશે.

---

**એક દરદનો અજાએબ જેવો ઉપાએ**—એક ઘરસથને કાંઇ ગલાંમા દરદ થએઉં હતું તેને વાસતે એક વખત રેડકલીફ નાંમનો વૈદને શેહેરમાં બોલાવેઓ. તેણે જોએઉં કે આ મરજ ઉપર દવાની કાંઇ અસર થશે નહી અને તેટલા માટે નીચે પરમાંણેનો ઉપાએ શોધી કાહાડેઓ. ઘરની શેઠાણીને એક પુડીંગની રકાબી બનાવવાને ફરમાવીઉ; અને પોતાના ચાકરને એક ખુણામાં લઇ જઇને કાંઇ કહેઉં. પછી પુડીંગ તઇઆર થઇને આવેઉં તારે વૈદ પોતે અને તેનો ચાકર કરીને બંધે જણ પેલા આજારી માણસના ઘોલીઆ આગલ ઉભા ઉભા ખાવા લાગા. વૈદે ચાકરને કહેઉં કે તને પુડીંગ ઘણું ગમેચ નહી? ચાલ તું આજે ભુખો પણ આવેઓ છે મારી સાથે આ પુડીંગ ખા. બંધે જણે ખાવા માંડેઉ પણ શેઠ એક બુક ભરે તેટલાંમાં ચાકર દશ બુક ખાએ, તેથી વૈદે તેને ઠપકો આપેઓ અને ગરમ ગરમ પુડીંગ થોડુએક ચમચામાં લઇને તે ચાકરના મોહોડાં પર નાખેઉ. ચાકરે પણ તે પરમાણે પાછુ કીધું કે જેથી વૈદ ઘણો ગોસસામાં આવીને રકાબી હાથમાંથી મુકી દીધી અને બંધે હાથમાં પુડીંગ લઇને તેના મોહપર ફેંકીઉ. ચાકરે પાછું શેઠના મોહપર ફેંકીઉ. આ બનાવ એવોતો રમુજી થાઇ પડેઓ કે તે બીમાર એકાએક મોટા જોસથી હશી પડેઓ અને તેનું દરદ દુર થઇ ગએઉં.

---

**વનસપતીનો સાંફ**—એવું કેહેછે કે આફરીકાના માહેલા ભાગમાં એક નવું પરાણી હાલ નજરે પડેઉછે. તે પરાણીનો બાહેરનો દેખાવ અરધો જાંનવર જેવો અને અરધો વનસપતીનોછે. એ અજબ જેવા જીવનો આકાર સાંફના જેવોછે, અને સાંફનીજ પેઠે જમીનપર પેટે ચાલેછે; પણ માથાંને બદલે એક ઘંટના આકરનું ફુલછે કે જેમાં એક જાતનો ચીકટ રસછે. માખીઓ અને બીજાં પરાણીઓ તે રસનાં વાસથી લોભાઇને તે ફુલમાં પેવસ થાએછે પણ તે ચીકટ હોવાથી તેઓ પાછાં બાહેર નીકલી શકતાં નથી. જેવી માખીઓ અંદર જાએછે કે ફુલ બંદ થાઇ જાએછે અને જાંહાંલગી તે હજંમ થાએ તાંહાં લગી બંદ રેહેછે; અને જે હજમ થવા જોગ નહી હોએ તે પછી બાહેર કાહાડી નાખેછે. એ જાનવરની ચામડી જહાડના પાતરાંને મલતી આવેછે અને તેનું ગોસ સફેદ હોએછે કે જે ગાંમઠીઓ ઘણુ પશંદ કરેછે. ખરેખર એ પરાણી ઘણી તાજુબી ઉપજાવનારછે.

---

**અકલમંદ પુરશોમાં સાધારન અકલના વાંધા !** સર આઇશાક નીઉટનને શીઆલાની રૂતુમાં એક સાંજના ઘણી થંડી લાગી તેટલા વાસતે એક તુરત સલગાવેલી સગડી આગલ પોતાની ખુરશી લઇને બેઠો. આસતે આસતે સઘલો આતશ સલગીઓ તેથી નીઉટનને એટલીતો ગરમી લાગી કે તેણે ચાકરને બોલાવા માટે ભારી જોશથી ઘાંટ વગાડીઓ પણ ચાકર હાજર નહી હતો. જારે નીઉટન ગરમીથી કરીને અરધો પોણો ભુંજાઇ ગએઓ તારે તેનો ચાકર તેની આગલ આવેઓ. નીઉટન મોટો પોકાર મારીને બોલેઓ કે એ આલસુ માણસ જલદીથી આએ સગડી ખસાર નહીતો ગરમીથી હું મરી જવશ. એ ઉપરથી ચાકરે જરા હસીને કહેઉં કે સાહેબ તમો તમારી ખુરશી જરીક પછવાડે નહી લઇ શકો ? નીઉટને જવાબ દીધો ખરેખર મને એનો **વીચારજ** નહી આવેઓ.

---

***જે ચીજને*** આપણે જોઇએ છઇએ, પણ અડકી શકતા નથી એ શું ? જo ઓળો.

---

**એક દરદી બાઇ** એક ડાકટર પાસે દવા લેવા સારૂ ગઇ તારે ડાકટરે તેને જીભ બતાવાનું કહીઉ, તે ઉપરથી તે બાઇએ જીભ બાહાર કાઢીને બતાવી, ડાકટરે જરા વધારે કાઢવાનું કહીઉ તો તેમ કીધું, વળી તરીજી વાર વધારે બાહાર કાઢવાનું કહીઉં એટલે તે બાઇ ચીરડાઇને બોલી ઉઠી કે ડાકટર સાહેબ શું અમો બઇરાંની જીભને તે કાંઇ છેડોછે કે નહીં જે તમે બાહાર કાહાડ બાહાર કાહાડ કરેઆ કરોછો.

---

***જે ધણી*** મરતા સુધી ધરમ કરવો મુલતવી રાખીઆ કરેછે તે (તને વીશે જો ખરૂં મત આપીએતો) પારકાને ટોપી પેહેરાવેછે એમ થવાનું.

---

**નેકી** ખુશબોદાર વસતુઓના જેવીછે અને જેમ જેમ તેને બાળીએ અથવા કચરીએ તેમ તેમ તે વધારે ખુશબો આંપવાની; કેમકે સંપતીના વખતમાં માણસનું મન ખરાબ કામ ખોળવા તરફ ઘણું જાએછે અને વીપતીની વખતે સારાંની ખોળ તરફ ઘણું લાગેછે.

---

**કાચ બનાવાની રીત કેમ શોધી કાહાડી**—પલીની નામનો આગલા વખતાં જે નામીચો ફીલસુફ થઇ ગએોછે તે એવું કેહેછે કે કેટલાએક વેપારીઓ સુરોખાર લઇને જતા હતા તેઓએ કારમલ નામના પાહાડમાંથી એક નદી વેહેછે તાંહાં વીસાંમો લીધો. તાંહાં તેઓને કાંઇ પકાવાની જરૂર પડી પણ ચુહલો કરવાને પથરા મલી આવેઆ નહી માટે પોતાની પાશે સુરો ખાર હતો તેના કટકા મુકીને ચુલો કીધો. એવું બનેઉં કે આસતે આસતે સુરા ખારના કટકા આતસથી પીગલવા માંડીઆ અને પાસેની રેતી સાથે મલી જાઇને તેમાંથી પારદરશક પદારથ નીપજેઉ કે જે બેશક કાચ હતો.

**વખતનો બરાબર ઉપીઓગ**—લારડ એલેનબરો એક વખત પાદશાહી દરબારમાં ગએઓ હતો તાંહાંના બોલ નારે પોતાનું ભાશાણ પુરૂં કીધું તેની અગાઉ તેણે તે જગા છોડી તે જોઇને એક પુરૂશ બોલીઓ કે શું તમો જાવોછો ? તે ઉપરથી લારડ એલનબરોએ જવાબ દીધો કે હા હું જાઉ છું મને મારા વખત વીશે બોદાને જવાબ આપવોછે.

---

**એક તકરારખોર માણસ**—એક સખશ એક વખતે કોઇ હુજતીઆ સાથે કોઇ બાબદ ઉપર તકરાર કરવા બેહો પણ તે કાંઈ શમજે નહી અને પોતાની જીદ પકડી બેહો તેઆરે તેણે તેને કહેઉ કે જેમ બેને બે ચારછે તે કેવું શાફ દીશેછે તેજ પરમાણે આ વાત પણ શાફ ખુલલીછે. તેઆરે તે હુજતીઆએ જવાબ દીધો કે બેને બે ચાર કેમ થાએ છે તે પણ હુ કબુલ રાખતો નથી કાંએકે બેને બેતો બાવીસ થાએછે.

---

**પોતાનાજ દુશમન** તે એજ કે જે પોતાના સઘળા પઇસા ઉડાવી દેછે; પોતાના ભાઈબંધોને દોસતીના હકમાં પોતાની તરફથી ચીઠીઓ લખવાને તથા મતાં કરવાને તથા જામીન થવાને કેહેછે; પોતાનાં પાસેનાં સગાંને દેવાંમાં નાખે છે; તથા પોતાની બાએડીને તથા છોકરાંઓને કંગાલીમાં નાખીને બીજા ધરમ ઉપર જાએછે તે.

---

**કોઈએ** આપણને ચીડવીઆ હોએ તેને માફ કરવું તે એ એક મોહોટા મનની નીશાનીછે.

---

**અનુંભવ** એ એક ખીસામાં રાખવાનો હોકાઅંતરછે પણ ઘણાજ થોડા માણસ રસતો ખોએઆની અગાઉ તેની તરફ નજર કરેછે.

---

**નેપોલીઅન** કેહેછે કે અગનાન ઉપર ફતે મેળવવી તે જ ફકત એક ફતેછે. જેમાં કંઈજ આંસુ પડતાં નથી.

---

## સર જમશેદજીનો રાસડો.

—o—

( જુનેગટદેશ તારૂં રે, સોદાગર સુંદર—એ રાગનીછે. )

તારી કીરતી તેતો તાજી, બહુ લોકમાં બીરાજી,
ગગનમાં રહી ગાજી રે—સર જમશેદજી—૧
વખાણેછે વાટે ઘાટે, હેતે લોકો હાટે હાટે,
મોટો પુનીઆસાળી માટે રે—સર જમશેદજી—૨
કીધી તેં રૂડી કમાંણી, અફલ અખુટ ચાણી,
લક્ષ્મી લડાવી જાણી રે—સર જમશેદજી—૩
લાખોનો ધંધો ચલાવીઓ, ફીરંગીમાં ખુબ ફાવીઓ,
ચીનમાં તું ધપો ચાવો રે—સર જમશેદજી—૪
નગ બધે તને જાણો, વીલાએતમાં વખાણો,
પારલમેનટે પ્રમાંણો રે—સર જમશેદજી—૫
ચઉટાનો મોટો ચોવટીઓ, નામીએ તું નાણાવટીઓ,
તું વીલાએતી વાણ વટીઓ રે—સર જમશેદજી—૬
અખુટ ખરચ આપીઆં, થીર દવાખાનાં થાપીઆં,
દરદીનાં દુખ કાપીઆં રે—સર જમશેદજી—૭
પુનામાંતો પેઢી તારી, મુંબઈમાં મેડી તારી,
ચીનમાં કચેરી તારી રે—સર જમશેદજી—૮
પાંણીનાં પરવ બાંધીઆં, આપીઆં ઘણાં અંન રાંધીઆં,
તુટેલાં તળાવ સાંધીઆં રે—સર જમશેદજી—૯
જોયો દેશ મોટો છોટો, નર ભાએગશાળી મોટો,
જડે નહી તારો જોટો રે—સર જમશેદજી—૧૦
નાતના લોકોએ જાણીઓ, પરનાતીએ પ્રમાંણીઓ,
વીધે વીધેથી વખાંણીઓ રે—સર જમશેદજી—૧૧
ઇશવરે જો આપીઉં નાણું, ઉપીઓગમાં તેં આણું,
સરસ શોભાવી જાણું રે—સર જમશેદજી—૧૨
જનમ ચરીત્ર તારૂં, પરમ પવીત્ર ધારૂં,
થશે ઇતીહાસ સારૂં રે—સર જમશેદજી—૧૩
કીધાં મોટાં કામ કેવાં, જગમાં વીખીઆત જેવાં,
બીજાથી ન બને એવાં રે—સર જમશેદજી—૧૪
સુધારાનો સ્થાપી પાયો, પેહેલવાન તું લખાયો,
દેશમાં તું થયો ડાયો—સર જમશેદજી—૧૫
નાંમીચી નીશાળ તારી, તેવી ઇસપીટાળ તારી,
સરસ સંભાળ તારી રે—સર જમશેદજી—૧૬
પુન્ય પાયો રોપીઓ પાકો, શોભાવીઓ મુંબઇ ઇલાકો,
સરશટીમાં તે કીધો શાકો રે—સર જમશેદજી—૧૭
લોકોની મદદે લાગી, ભારે ભારે ભીડ ભાંગી,
તેથી પુરી પરીત જાગી રે—સર જમશેદજી—૧૮
પંડીતે લખેલી પાને, કીરતી કોઇ શુને કાને,
માણુશો સંતોશ માને રે—સર જમશેદજી—૧૯
માન હીંદુસતાંન પામે, નકી તેતો તારે નામે,
દીપાવું તે તારા દામે રે—સર જમશેદજી—૨૦
રૂડી રાજ રીતી તારી, ચીતમાં જોતાં વીચારી,
સજનોને લાગે સારી રે—સર જમશેદજી—૨૧
જીવનબાઇએ ભલે જાયો, પરથવી વીશે પંકાયો,
ગામો ગામ તું ગવાયો રે—સર જમશેદજી—૨૨
આશીશ કહે કવીયો, જીજીભાઇના કુળ દીવો,
વરશ હજારો જીવો રે—સર જમશેદજી—૨૩
વધે સરવે ધકી સારો, પુત્ર પરીવાર તારો,
એજ આશીરવાદ માહારો રે—સર જમશેદજી—૨૪

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું | મેએ ૧૮૫૯. | આંક ૫ મો


## લાએકીવાળી ઓરત.

### લેડી મેરી માંનટેગ.

—o—

લાએકીવાળી અને વખણાએલી ઓરતોની શંક્ષમાં આ ઊપલી સ્ત્રીએ પોતાનું નામ દુનીઆમાં પરસીધ કીધુંછે. વેહવાર ઊપીઓગી કાગલ પતર લખવાના કામમાં ઈંગલંડ મધે કોઈ પણ સ્ત્રી ઘણી નામીચી થઈ ગઈ હોએ તો તે લેડી મેરી માંનટેગછે. તે સ્ત્રી ઈસવી સન ૧૬૯૦ માં જનમી હતી. તે "કીંગસટંન". ના અમીરની દીકરી હતી. તેની મા તેને ઘણીજ નાહાની મુકીને મરણ પામી હતી; તેથી તેને ઊછેરીને મોટી કરવાની તથા કેળવણી આપવાની સઘળી સંભાલ તેના બાપને લેવી પડી હતી. લેડી મેરી માંનટેગનું મન નાહાન પણથીજ વીદીઆ બીઆસ કરવા પછવાડે લાગેઊં હતું. તેણીએ ઈંગરેજી ભાશાની ખુબ માહીતગારી મેળવી એટલુંજ નહીં પણ ઈઊનાની, લાટીન તથા ફરેંચ ભાશાનો રૂડો અભીઆસ કીધો. *તે જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેનામાં વીદીઆની રૂચી વધતી ગઈ. તેની ઊમરની બીજી સ્ત્રીઓ પોતાનો વખત વગર ઊપીઓગી ગમતમાં કાહાડતી હતીઓ તેમ લેડી માંનટેગ કરતી નહીં હતી. બાવીસ વરસની થઈ તારે તેણીએ "એડવરડ માંનટેગ" સાથે પોતાના લગન કીધાં. એડવરડ માંનટેગ પારલેમેંટ સભાનો એક પરખીઆત અધીકારી હતો અને પરણેઆ પછી બે વરસે તીજોરી ખાતાનો મોટો ઓધો તેને આપવામાં આવેઓ હતો. ઈંગલંડનો રાજા પેહલો જારજ, લેડી માંનટેગની ખુબસુરતીથી જેટલો ખુસી થએઓ તેથી વધારે ખુસી તેની વાતચીત અને ચાલાકીથી થએઓ હતો. તેમજ ઈંગલંડના વીદવાનો તથા બીજાઓ એ સ્ત્રીની લાએકી તથા હોશીઆરી જોઈને ઘણાજ ખુસી થએઆ હતા.

લેડી માંનટેગના લગન થએઆ પછી ચાર વરસે તેના ભરથારને ઈંગલંડની દરબારે તુરકીની દરબારમાં એળચી દાખલ મોકલેઓ. તે વેળાએ ઈઊરોપખંડમાં મોટી લડાઈનો હીગામ હતો તેવું છતાં પણ તે સ્ત્રીએ પોતાના ભરથાર સાથે દુરના મુલકમાં જવાને હીંમત કીધી. તે જારે તુરકીની દરબારમાં જઈ પોંહોંચી તારે તે તુરકી લોકોની ચાલ ચલણ તથા તેમના રેવાજથી સારી પેઠે વાકેફ થઈ. તેણીએ પોતાની બેહેન જે ઈંગલંડ મધે હતી તેની સાથે તથા બીજી કેટલીએક વીદવાનોની સાથે કાગલ પતરનો વેહેવાર રાખીને તેઓને તુરકી લોકોના રેવાજથી તથા તેમની ચાલ ચલગતથી વાકેફ કીધા. તેણીને જે નવાઈસરખું માલુમ પડેઊં તેનું વરણન એવીતો રસીક અને સુંદર ભાશામાં કીધું કે સરવે લોકો તે વાંચીને ખુસી થતાં હતાં.

લેડી માંનટેગે પોતાનું નામ વેહવાહુર ઊપીઓગી કાગલ પતર લખવામાં જેવું જાણીતું કીધું તેથી વધારે જાણીતું હજારો બાલકોના જીવ બચાવવામાં કીધુંછે. એના વખતમાં ઘાતકી સહીઅડનો મરજ ઈઊરોપખંડમાં બહુ ફેલાએલો હતો અને ગઊસીતલાની શોધ થઈ નહીં હતી. પણ તુરકી લોકો એ ઘાતકી મરજનું જોર નરમ પાડવાને જે ઊપાએ કામે લગાડતા હતા તે ઊપાએ ઊપર લેડી માંનટેગે ખુબ ધેઆન આપેઊં. તે ઊપાએ એ હતોકે સહીઅડ વાળા બચાના બદન ઊપરથી ચેપ કાહડીને બીજા બાલકને લગાડેઆથી સંહીઅડ આવતા હતા, પણ તેનું જોર પેલાં સહીઅડના કરતાં ઘણુંજ નરમ દીસતું હતું. આ વાતથી ઈંગલંડ

ના લોકોને વાકેફ કરવાની અગાઊ પોતાનાજ બચાં ઊપર અજમાએસ કરીને પોતાની ખાતરી કરી લેવા ને તેણીએ વાજબી ધારેઊં. તેણીએ પોતાનાં નાહા ના છોકરાને ચેપ મુકાવી જોએઓ. તેથી છોકરાને સારૂ થએઊં. તેણે આ વાત ઈંગલંડ લખી જણાવી પણ ઈંગલંડનાં લોકોએ તેને હસી કાહડી. જારે તે પોતે પોતાના ભરથાર સાથે ઈંગલંડ ગઈ તારે તેણીએ લોકોને ઘણુંબી સમજાવેઊં. પણ ઈંગલંડના લોકોએ તેના બોલવા ઊપર મુદલ ધેઆન આપેઊં નહીં. કારણ તેઓનો પકો વીચાર હતો કે સહીઅડ કાકાનો રોગ કોઈ પણ દવા દારૂથી મટનાર નથી. લેડી માંનટેગે જેમ વધારે બજીદ થઈને વાત કીધી તેમ લોકો તેને વીશે માઠું બોલવા લાગેઆ. પણ આ હીંમતવાન અને સાહસીક ઓરત તેઓથી હઠી નહીં. તેણીએ કેટલાએક નામીચા ડાકટરોને બોલાવેઆ. તે ડાકટરોની હજુરમાં તેણીએ પોતાની ૬ વરસની દીકરી ઊપર સીતલાનો ચેપ લગાડેઓ. છોકરી સારી થઈ. હવે તેના બોલવા ઊપર તે ડાકટરોનો તથા બીજાઓનો ભરૂસો આવેઓ. બીજા લોકોએ પોતાના બચાંઓ ઊપર અજમાએસ કરવા માંડી. પાદશાહી કુટંબ મધે કેટલાંએક છોકરાંઓને એ લાએકીવાળી સ્ત્રીએ ચેપ લગાડેઓ. તેઓ સંધા સારા થઓં. આ વીશેની ખબર યુરોપમાં જલદીથી ફેલાવો પામી અને ડાકટર જેનર નામના શખસે ગઊ સીતલાની શોધ કીધી તેની અગાઊ આ પરોપકારી અને કુળવાન સ્ત્રીએ હજારો બાલકોના પરાણ બચાવેઆં !!

સન ૧૭૨૯ માં એટલે લગન થએઆ પછી ૨૭ વરસે એ સ્ત્રીની તનદરૂસતીમાં બીગાડ થએઓ. તેથી હવા ફેર બદલ કરવાને એ વરસમાં ઈંગલંડથી નીકળી. તેણીએ પોતાના ભરથારની રજા મેળવી અને ઈંગલંડથી વેનીસ તરફ ગઈ. તાંહાં તેની તનદરૂસતીમાં સુધારો થએઓ, તેનું મન ઘણુ ચપળ હતું તેથી હર્દ'થી તહીં મુસાફરી કરીને પોતાના વતનમાં ઊમેદ કરવાને તેણીનું મન લાગેઊં. યુરોપના જે જે ભાગોમાં તે ગઈ તે તે ઠેકાણે તેને ઘટતું માન મલેઊં અને સંતોસ તથા સબુરીથી રહી. તે જારે તારે પોતાના ભરથારને કાગલ લખેઆ કરતી હતી. સન ૧૭૬૧ માં તેણે પોતાના ભરથારનાં મરણની ખબર સાંભલી તેથી તેને ઘણી દલગીરી ઊપજી અને પોતે તરત ઈંગલંડ જવાને નીકળી. દલગીરીએ તેણીના મન ઊપર એટલીતો અસર કીધી હતી કે એક ઈઆ દોહડ વરસમાં તે ઈંગલંડ ગઓ પછી મરણ પામી.

તેના મરણ પછી તેના હાથે લખેલાં પુસતકો તથા કાગલ પતરો જે તેણીએ પોતાના મરણની એક વરસ અગાઊ કોઈ નામીચા પુરૂશને આપેઆં હતાં તે છપાઈને બાહાર પડેઆં. તે બાહાર પડેઆથી લોકો તે સ્ત્રીની હોશીઆરી ઊપર ઘણાજ અચરતીથી જોવા લાગેઆ; અને તેની પુરૂશના જેવી સમજ શકતી વીશે તથા તેના બારીક અને ઊંડા વીચાર વીશે ઘણીજ તારીફ કરવા લાગેઆ.

---

## ગુજરાત પરાંતનો જાણવાજોગ હેવાલ.

ભાઈઓ! આપણો સંબંધ ગુજરાત પરાંત સાથે ઘણોછે. આપણે જે બાશા બોલીએછે તે એ પરાંતની બાશાછે. આપણા વડીલો અને સગાં વાળાંઓનો મોટો ભાગ આજ કેટલીએક મુદત થએઆ ગુજરાત પરાંત મધે વસતો આવેઓછે. પારસીઓ ઈરાન મધેથી ઈઅજદેજરદ બાદશાહના મરણ પછી મુસલમાનના જુલમી દસતથી નાહસીને પેહલ વેહલા હીંદુસથાનમાં ઊતરેઆ તારે ગુજરાત પરાંતમાં દીવ નામના ટાપુમાં આવીને વસેઆ હતા. એ વાતને ૧૧૫૦ કરતાં વધારે વરસ થએઆં. દીવમાં ૧૯ વરસ રહા પછી પારસીઓની સંખીઆ ઘણીજ વધી ગઈ અને સન્જાન તથા નવસારી, ગંદેવી, સુરત વગેરેની ગુજરાત મધેની ઘણીએક જગાઓમાં જેમ જેઓને સવલ પડેઊં તેમ વસેઆ. આ કારણોને લીધે જેમ ગુજરાતી હીંદુઓનો સંબંધ ગુજરાત પરાંત સાથેછે તેમ પારસીઓનો સંબંધ એ પરાંત સાથે કાંઈ ઓછો નથી. વાસતે આપણને ઘટારતછે કે જે પરાંત સાથે આપણો એટલો બધો સંબંધછે તે પરાંતની કેટલીએક મુખતેસર હકીકતથી વાકેફ થઈએ.

ગુજરાત પરાંત લંબાઈમાં ૨૨૦ માઈલછે અને પોહોલાઈમાં સરાસરી ૧૮૦ માઈલછે. એ પરાંતની ઊતર દીસાએ અજમીર આવેઊંછે. ઊગમણ દીસાએ માળવા અને ખાનદેશનો ભાગ આવેઓછે; દખણ દીસાએ સમુદર અને ઓરંગાબાદનો પરાંત આવેઓ

છે; અને આંકમણ દીસાએ કછ અને સમુદર આવેઓ છે. અકબર બાદશાહના વખતમાં ગુજરાતની હદ ઠેઠ દમન સુધી ગણાતી હતી. ગુજરાત પરાંતનો ઘણોખરો ભાગ ઈંગરેજ સરકાર તથા ગાએકવાડના તાબામાં હેઠલછે. જે ભાગ ઈંગરેજ સરકારના તાબા હેઠળછે તે ભાગ ઝીલાઓને નામે ઓળખાએછે. જે ભાગ ગાએકવાડ તથા બીજા ખંડણીઆ રાજાઓને તાબેછે તે ઈલાકા અથવા સંસથાનને નામે ઓલખાએછે. ગાએકવાડ ઈંગરેજ સરકારને ખંડણી આપેછે. ગુજરાત પરાંતના બાર ભાગ નીચે મુજબ કરવામાં આવેઆછે.

| ઝીલા. | ઈલાકા. | સંસથાન. |
|---|---|---|
| ૧ સુરત | ૫ કાઠીઆવાડ | ૯ ગાએકવાડ |
| ૨ ભરૂચ | ૬ પાહલણપુર | ૧૦ ખંભાત |
| ૩ ખેડા | ૭ મહીકાંઠા | ૧૧ રાજપીપલા |
| ૪ અમહદાબાદ | ૮ રેવા કાંઠા | ૧૨ પંચ માહાલ |

પેહલા ચાર જીલાઓનો કારોબાર ઈંગરેજ સરકાર ચલાવેછે. સુરત જીલામાં ૧૩ પરગણાછે; તે પરગણાઓમાં સઘળા મળીને ૭૮૮ ગામછે અને તેની વસતી સંઘળી મળીને નજદીક પાંચ લાખની ગણવામાં આવીછે. ભરૂચ જીલામાં ૬ પરગણાછે અને તેમા સઘળા મળીને ૪૧૨ ગામછે અને આસરે ૨ા લાખ માણસની વસતી ગણાએછે. ખેડા જીલામાં ૭ પરગણાછે; સઘળા મળીને ૫૫૪ ગામછે અને ૫ લાખ ૮૫ હજાર માણસની વસતીછે. અમહદાબાદ જીલામાં ૭ પરગણાછે, સઘળા મલીને ૧૦૮૮ ગામછે અને આસરે ૬ લાખ માણસની વસતી ગણવામાં આવીછે. જીલાઓનો કારોબાર ચલાવવાને દરએક જીલા ઊપર ઈંગરેજ સરકાર એક કલેકટર તથા માજીસટરેટને નેમેછે. તે અમલદાર સરકારી મેહસુલ અથવા આમદાની વસુલ કરેછે, સરકારની તરફથી ખરચ ચલાવેછે, મુલકી તથા ફોજદારી કામ ચલાવેછે અને લોકોના લાભને વાસતે હરએક બંદોબસત કરેછે. તેના હાથ નીચે મદદ કરનારા બીજા અમલદારો હોએછે.

બીજા ચાર ઈલાકા તથા ચાર સંસથાનો ઊપર ગાએકવાડ સરકાર તથા બીજા ખંડણી આપનારા નાહાના રાજાઓ કારોબાર ચલાવેછે. તે રાજાઓના કામ કાજ ઊપર નજર રાખવાને તથા જુદા જુદા રાજાઓમાં માંહામાંહે તકરાર પડે તે ચુકવી આપવાને તથા તેઓ એક બીજા ઊપર લુટ લડાઈ કરે તેનો અટકાવ કરવાને તથા દરએક રાજાપાસે જે ખંડણી લેણી હોએ તે વસુલ કરવાને ઈંગરેજ સરકાર દરએક ઈલાકા તથા દરએક સંસથાન ઊપર એક અમલદાર ઠેરવેછે, જે "પોલીટીકલ એજંટ" એટલે સરકારનો આડતીઓ એવે નામે ઓલખાએછે.

ગુજરાત પરાંતની જમીન રસાળ અને ફલવંત છે. તેમાં ઘણી ઘણી નદીઓ વેહછે; તોપણ કેટલીએક જગોએ પાણીની ઘણી તાંણ પડેછે. મહી નદીની ઊતર દશાની રેતીની જગોમાં ૮૦ થીતે ૧૦૦ ફુટ શુધી કુવાઓ ઊંડા હોએછે. અમહદાબાદ મુકીને તેથી ઊતર દીશાએ કેટલીએક જગો આગળ કુવાઓ ૩૦૦ ફુટ ઊંડા હોએછે; તેથી માણસોને પાણી મેળવતાં ઘણી મુશકેલી પડેછે. પણ એવી તાંણવાળી જગાઓ ગુજરાતમાં ઘણીજ થોડીછે અને ઠેકાંણે ઠેકાંણે નદીઓ તથા નાળાઓ દીઠામાં આવેછે. ગુજરાતનો કેટલો એક ભાગ એવોછે કે તે ઠેકાંણે પથરનો એક કટકો જોવામાં આવતો નથી. વલી થોડીએક જગોએ પથર શીવાએ બીજું કંઈજ દીઠામાં આવતું નથી. નાહાના નાહાના નાલાંઓ હોએછે તે વરસાદના દીવસમાં એટલાંતો મોટાં થઈ જાએછે કે તેમાંથી હોડી અથવા નાવ વગર બીજે પાર જવાઈ શકાતું નથી. ગુજરાતમાં કેટલાએક તલાવ તથા કુવાઓ ઘણા નામીચાછે, એક તલાવ વડોદરાની પાસેછે તેની ઊપર કેહછે કે નવ લાખ રૂપીઆ ખરચ થએઆછે.

ગુજરાત પરાંતમાં બહરામણ, વાણીઆ, હોરા, પારસી, વગેરેના ઘણાએક લોકો વસેછે. તેમાં ગરાસીઆ, ચારણ, બારોઠ, અથવા ભાટ, અને કોલી એ નામો વાંચનારી બાઈઓના કાન ઊપર કદાચ નહીં પડેઆ હોએ. પણ એ નામો ગુજરાતમાં ઘણાજ સાધારણ થઈ પડેઆછે. જેઓ જમીન તથા ખેતરોના માલેકપણાનો હક ભોગવતા હતા તેઓનાં ખાનદાનના તથા જેઓ ભોગવેછે તેઓ ગરાસીઆને નામે ઓલખાએછે. ભાહાટ અથવા બારોઠ લોકો મોહોડેથી કવીતા બોલીને તથા ભીખ માંગીને પોતાનું ગુજરાણ ચલાવેછે. તેઓમાં કવીતા કરવાની એવીતો શક્તી હોએછે કે રાજાઓની દરબારમાં અથવા હરએક જગોએ ઊભાં ઊભાં ચાલતા દેખાવ ઊપર કવીતા જોડીને બોલેછે. ચા

રન લોકો ભાટ લોકોને મળતા આવેછે પણ તેઓ પાસે બલદોની પોઠ હોએછે અને ઘણા અથવા હરએક વેપારની ચીજ પોઠ ઊપર ઘાલીને એક ગામથી બીજા ગામ લઈ જાએછે. એ પોઠ વણજારને નામે ઓલખાએછે. કોલી લોકો લુટારાવોનો ધંધો કરેછે. તેઓનો અગાઊના વખતમાં ભારી જુલમ હતો. કોઈ પણ મુસાફર તેઓની ચુંગાલમો ફસેઆ વગર રેહતો નહીં હતો. ઈંગરેજ શરકારે આજ થોડાંએક વરસ થઆં તેમનું જોર નરમ પાડી નાખેલછે. તો પણ તેઓ જોગવાઈ મળે લુટફાંટ કરેછે. મહી નદીના કાંઠા ઊપર લુટારૂ કોલીઓ ઘણા વસેછે. ગુજરાતમાં જેટલા બહરામણો વસેછે તેઓની જુદી જુદી ૮૪ નાતો થએલીછે અને દરએક નાતમાં વળી બીજા કેટલાએક તડ અથવા ભાગો પડેઆછે. તેમાં સહુથી મોટી જાત નાગર બહરામણોની કેહવાએછે. નાગર બહરામણો ઘણું કરીને રાજદરબારી કામમાં ઘણા ચાલાક હોએછે. ગુજરાત મધે દેશી રાજાઓની દરબારના કારોબારમાં નાગર બહરામણો આગેવાંન હોએછે. નાગર બહરામણની સ્રીઓ ઘણું કરીને વાંચવા લખવાની કેલવણી પામેલી તથા ઘરબારના કામ કાજમાં ઘણી ચંચલ હોએછે. બીજા બહરામણો તથા હીંદુઓ કરતાં તેઓ સવરૂપે ઘણું કરીને વધારે ખુબસુરત હોએછે. બહરામણો માહાદેવ અથવા શીવને પુજેછે. ગુજરાત મધે વાણીઆઓની જાત ઘણી છે તે મધે બે જાત મુખીઅછે, સાવક અને વઈસનવ. અગાઊ સઘલા વાણીઆઓ સાવક એટલે જઈન ધરમ પુંજનારા હતા પણ તરણસો વરસ ઊપર વલભ નામનો એક બહરામણ પેદા થએઓ અને તેણે વઈસનવ અથવા વળભાચારીઅનો પંથ ઊભો કીધો. ગુજરાતમાં જઈન ધરમ પાલનાર વાણીઆઓની સંખીઆ વઈસનવ વાણીઆઓ કરતાં ઘણીજ વધારે માલુમ પડેછે. ગુજરાતમાં જઈન લોકોએ મોટાં મોટાં દેહરાંઓ બંધાવેલાંછે. તેઓ બુધ અથવા પારસનાથની મુરતીને માનેછે. તે મુરતીનું ચીત્ર હમોએ અતરે આપેલુંછે.



બુધનો ધરમ ફકત હીંદુસથાનમાંજ નહીં પણ એશીઆખંડના ઘણાએક દેશોમાં ઘણો પસરેલોછે.

ગુજરાતમાં ઘણું કરીને સઘળા શેહરોમાં હોરાઓ માલુમ પડેછે. તેઓ જાતે ઘણા ચંચલ અને ઊદીઓગીછે. તેઓની ઊતપતી વીશે તેઓ પોતે અણજાણછે તોપણ કેટલાએક એવું કેહછે કે તેઓ અસલ ખંભાત તથા તેની આસપાસના હીંદુઓ હતા. તેઓના મુખીઅ મથકો સુરત અને બરાહનપુરછે. સુરતમાં તેઓનો મોટો મુલાં રેહછે. ગુજરાતના ઘણાખરા શેહરો તથા ગામડાઓમાં પારસીઓ પણ ફેલાઈ ગએઆછે. તેઓ દીવથી જારે સંજાન તરફ ગએઆ તારે તાંહાંના રાજા જદુરાણાએ તેઓ પાસેથી કેટલીએક કબુલાતો કરાવેઆ પછી પોતાના ગામમાં વસવા દીધા. જે કબુલાતો કરાવી તે એ હતી કે પોતાની અસલ ભાશા છોડી દઈને ગુજરાતી ભાશા વાપરવી, અસલ પોશાક કાહાડી નાખીને હીંદુનો પોશાક પેહરવો, લગન તથા બીજી બાબતોમાં હીંદુઓની રીતભાત પરમાણે ચાલવું. આજ કબુલાતને લીધે પારસીઓની અસલ ભાશા તથા તેમનો અસળ પોશાક બદલાઈ ગએઓ એટલુંજ નહીં પણ હીંદુઓના કેટલાએક અણઘટતા રેવાજો તેઓએ અખતીઆર કીધા જે રેવાજને હજી વલગી રેહવાને પારસીઓની ઘણીખરી સ્રીઓ હુજત કરેછે. ગુજરાતના ખેડુતો કુણબીઓને નામે ઓલખાંએછે. કેટળાએક બહરામણો તથા બારોટો પણ ખેતી વાડીનું કામ કરેછે. એ કુણબીઓની હાલત ઘણી માઠીછે.

મુગલાઈ રાજના વખતમાં ગુજરાતનો વેપાર જેવી સારી હાલતમાં હતો તેવો કોઈ પણ વખતમાં ચાલેઓ નથી. ગુજરાતમાં રૂ, અનાજ, ગુંદર અને ળીઆ વગેરેની મુખીઅ જણસો પાકેછે. સુરતના કાપડ વણવાના કારખાંના આગલ વખાણતાં હતાં પણ હાલ ઈંગલંડથી શાંચાથી વણાએલું કાપડ આવવા લાગેઆથી તે કારખાના એકદંમ પડતી હાલતમાં આવી પડેઆંછે. ગુજરાત પરાંતમાં એવી ચાલ હતી અને હજુરબી કેટલેએક ઠેકાંણે એવી ચાલછે કે જારે વેંપારી ભાગે તારે પોતાની દુકાંનમાં અથવા પેહડીમાં એક દીવો સલગાવીને મુકે અને જાંહાંસુધી તેનાં માંગનારાઓ તેનો હીસાબ તપાશે તાંહાંસુધી તે છુપાઈ બેસે. આ દીવા મુકવાનીજ ચાલથી જારે કોઈ વેપા




પ્રીન્સેસ લુઈશા

પ્રીન્સેસ હેલીના

નામદાર રાણી વીક્ટોરીઆ અને તેની સાહાજાદીઓ.

રી લાગેછે તારે તેણે દીવાલું કાહાડેશી એવું નામ આપવામાં આવેલુંછે.

ગુજરાતનું પાએ તખત શેહેર અમહદાબાદ કેહવાએછે. તે શેહેરની પાસેથી સાબરમતી નદી વેહેછે. એ શેહેર દીનપરદીન સારી હાલતમાં આવતું જાએછે. એ શેહેર સુલતાન મેહમદે ઈ૦ સ૦ ૧૪૧૧ માં સથાપેલું હતું. તે ઉપરથી એ શેહેરનું નામ અહમદાબાદ પડેલુંછે. એ શેહેરમાં હાલ ૧૨૦૦૦૦ માણસની વસતી ગણાએછે. ગુજરાતના બીજા મુખીઅ શેહેરો સુરત, ભરૂચ, ખેડા, વડોદરા, રાજકોટ, જુનાઘડ, તથા ઘોઘા ભાવનગર કેહવાએછે. મુખીઅ અને મોટી નદીઓ, નરબદા, તાપી, મહી અને સાબરમતીછે. નરમદા નદીની સઘળી મળીને ૭૦૦ માઈલની લંબાઈ કેહવાએછે. તે નદીની પાસે ભરૂચનું શેહેરછે. તાપી નદીની લંબાઈ ૪૬૦ માઈલનીછે. અને તે ઉપર સુરત શેહેર આવેલુંછે.

---

## નામદાર રાણી અને તેની શાહાજાદીઓ.

—o—

વાંચનારી બાઈઓ તમારી સેવામાં હમો આ વેળાએ આપણી માઆળુ રાણી અને તેની સાહાજાદીઓનું એક ચીતર મુકીએ છઈએ. નામદાર રાણી વીકટોરીઆએ પોતાની રઈઅતનો જેટલો પીઆર મેળવેઓછે તેટલો દુનીઆં ઉપરના કોઈ પણ પાદશાએ મેળવેઓ નથી. નામદાર રાણીને લોકો બહુ ચાહેછે એટલુંજ નહીં પણ તે નામદારના ભરથારને તથા તેની સાહાજાદી તથા સાહજાદાઓને ઈંગલંડના તમામ લોકો ખરા અને અંતકરણના પેઆરથી ચાહેછે. એ નામદારને પેટે હાલ નવ ફરજંદ મોજુદછે. પાંચ સાહજાદીઓ અને ચાર સાહજાદાઓ. પાસે જે ચીતરછે તે નામદાર રાણીનું તથા તેની પાંચ સાહજાદીઓનુંછે. આવતાં અંકમાં એ નામદારના ભરથાર પરીનસ આલબરટ તથા ચાર સાહજાદાઓનું ચીત્ર આપીશું. જુઓ આ પાસેનું ચીત્ર.

વચોવચ નામદાર રાણી વીકટોરીઆછે. એ નામદાર રાણીની ઊમર હાલ ૪૦ વરસનીછે. તે ૧૮૧૯ ના મેએ મહીનાની ૨૪ મી તારીખે જનમી હતી. તે ૧૮૩૮ ના વરસમાં ઈંગલંડની ગાદી ઉપર આવી હતી. તેજ વરસમાં પરીનસ આલબરટ સાથે પરણીહતી. તેને પેટે હાલ પાંચ સાહજાદી અને ચાર સાહજાદાછે.

ચીતરના ડાબા હાથ ઊપર મથાલે તેની સઉથી મોટી સાહજાદી મેરી લુઈસાછે. તે નામદારની ઊમર ૧૯ વરસનીછે. તે ૧૮૪૦ ના નવેમબર મહીનાની ૨૧ મી તારીખે જનમી હતી. તેના લગન ગએઆ વરસના જાનેવારી મહીનાની ૨૫ મી તારીખે પરૂશીઆ દેશના સાહાજાદા પરીનસ વીલીઅમ ફરેડરીક સાથે ઈંગલંડ મધે થએઆં હતાં. તેને પેટે ચાલતા વરસના જાનેવારી મહીનાની ૨૬ મી તારીખે એક પુતરનો જનમ થએઓછે. એ સાહજાદી હાલ પરૂશીઆ દેશની "પરીનસેસ વીલીઅમ ફરેડરીક" એવે નામે ઓલખાએછે.

ચીતરના જમના હાથ ઊપર મથાલે બીજી સાહાજાદીનું ચીતરછે એ સાહાજાદીનું નામ "આલીસીમાડ મેરી" કરીનેછે. તેની ઊમર હાલ ૧૬ વરશનીછે. તે ૧૮૪૩ ના એપરીલ મહીનાની ૨૫ મી તારીખે જનમી હતી. તે અને બીજી સાહાજાદીઓ હજુર કુવારીછે.

ચીતરની નીચે જમની બાજુએ તીજી સાહાજાદીનું ચીતરછે. એ સાહાજાદીનુ નામ "હેલીના આંગસટા વીકટોરીઆ" કરીનેછે તેની ઊમર હાલ ૧૩ વરસનીછે. તે ૧૮૪૬ ના મેએ મહીનાની ૨૫ મી તારીખે જનમી હતી.

ચીતરની નીચે ડાબી બાજુએ ચોથી સાહાજાદીનું ચીતરછે. તેનુ નામ "લુઈસા કાથેરીન આલબરટા" કરીનેછે. તેની ઊમર હાલ ૧૧ વરસનીછે તે ૧૮૪૮ ના મારચ મહીનાની ૧૮ મી તારીખે જનમી હતી. ઊપલી ચારે સાહાજાદીઓ પોતાની લાએકીવાલી માતાના હાથ નીચે સારી કેળવણી પામેલીછે અને તરણ સાહજાદીઓ હજુર ઊતમ કેલવણી મેલવવામાં મસહુર રહેલીછે. એ સઘળી સાહાજાદીઓ તેની લાએકીવાલી માતાના જેવી લાએકી વાળી અને રૂડી ચાલચલણનીછે.

ચીતરને મથાલે ઊપલી બે સાહાજાદીઓની વચે પાંચમી બાલક સાહાજાદીછે તે હાલ બે વરસની ઊમરનીછે. તે ૧૮૫૭ ના એપરીલ મહીનાની ૧૪ મી તારીખે જનમી હતી. તેનું નામ "બીઆટરીસ મેરી વીકટોરીઆ ફીઓડોર" કરીનેછે.

## સાવકશાનો ટપકો.

(જોસીઓની ઠગાઇ.)

—o—

એક સાંજના સોરાબશા પોતાની હાફીસમાંથી ઘેર આવેઓ તારે તેણે પોતાની સ્રી માણેકબાઈને ગમગીન અને શોકમાં બેઠેલી દીઠી. સોરાબશા દરરોજ હાફીસમાંથી આવતો તારે માણેકબાઈ તેની સાથે હસી બોલીને વાતચીત કરતી હતી, પોતાના છોકરાંઓની ખબર અંતર કેહતી હતી અને સોરાબશાને ખુસી અને સંતોશ ઊપજે એવી મીઠી અને મધુર વાણીથી ઘેરબાર વીગેરેની વાત કરતી હતી. પણ ઊપલે દીવસે માણેકબાઈ દલગીર ભરેલા દેખાવમાં બેઠી હતી. સોરાબશાએ આવો માલલો જોઈને નરમ અવાજે માણેકબાઈને પુછેઊં—

" પેઆરાં માણેકબાઈ તમો આજે એટલાં દલગીર કેમ છો ? તમારી તબીએત બગડી હોએતો આપણા ગોમસ ડાકટરને બોલાવીએ. પેઆરાં માણેકબાઈ, તમે બોલો; તમને શું થએઉં છે ? આજે એટલા બેહોસ કેમ છો ?"

માણેકબાઈ—"મારા વાહાલા ભરથાર, ડાકટરને બોલાવવાની કસી જરૂર નથી. મારી તબીએત સારીછે પણ મારા જીવને ગમતું નથી; વાસતે હું નીરાશ થઈ હેઇ બેઠીછું."

સોરાબશા—"વાહાલી સ્રી તમારા જીવને કેમ ગમતું નથી તે હું જાણવા માંગુંછું. તમો દરરોજ ખુસ મીજાસમાં બેસીને મારી સાથે વાતચીત કરોછો અને આજે આવાં દલગીરી ભરેલાં કેમ બેઠાં છો તે જાણવાની હું ઈછા રાખુંછું."

માણેકબાઈ—"મારી દલગીરીનું કારણ તમોને જણાવવાની જરૂર દીસતી નથી અને જણાવેઆથી કંઈ ફાએદો થનાર નથી."

સોરાબશા—"માણેકબાઈ તમો જેવાં સમજુ સ્રી આવો આડો જવાબ દેશે એવું હું ધારતો નહીં હતો. વારૂં ખેર, પણ તમે મને જણાવો કે તમે શાવાસતે દલગીર છો ?

માણેકબાઈ—આજે આપણે ઘેર એક જોસી આવેઓ હતો. તે ઘણો ભલો અને હોશીઆર માલુમ પડેઓ. આપણી પડોસણ જરબાઈનો ટપકો જોઈને તેને સંઘલી વાતો કહી તે બોલેબોલ ખરી પડી. એ ઊપરથી મેં આપણા સાવકશાનો ટપકો દેખાડેઓ. તે ટપકો જોઈને બોલેઓ કે સાવકશાને "ઘાતીચંદરમાં" છે તેથી અગીઆરમું વરસ ઘણુંજ ભારીછે. એ જોસીની આ વાત સાંભલી મારો જીવ ઘણોજ ઊદાસીમાં પડેઓછે. અને દલગીરી ઊપજે તેટલા માટે તે બીચારો જોસી પરથમ કેહવાને અચકાતો હતો, પણ જારે મેં અને જરબાઈએ તેને ફરી ફરીને પુછેઊં તારે કહેઊં કે અગીઆરમું વરસ ભારીછે."

સોરાબશા—"માણેકબાઈ, તમો આવાં ડાહેઆં, સમજુ અને ચંચલ થઈને ઠગારા જોસીથી કેમ ઠગાઈ ગએઆં ? એ જોસીઓની ઠગાઈ તમોને માલુમ નથી કે ઘેરે ઘેર બારણે જઈને તમારા જેવી ભોલી સ્રીઓને ઠગેછે તથા વેહેમમાં નાખેછે?"

માણેકબાઈ—"વાહાલા ભરથાર એ તમો શું બોલોછો ? એ જોસી બીજા ભટકનારા જોસીઓના જેવો ઠગારો નહી હતો, તે બીચારો કેવો ભલો હતો તે આના મોહડાંજ ઊપરથી માલુમ પડતું હતું અને વલી જરબાઈના ટપકાની સઘલી બીના કહી તે બોલેબોલ ખરી માલુમ પડી."

સોરાબશા—" જો એમજ હોએતો તમો તથા જરબાઈ એ જોસીથી પુરાં ઠગાએઆં અને એ જોસી કોઈ બડો પાહવન સમજવો." પણ માણેકબાઈ હું જે કહુંછું તે ઊપર તમે જરા ધેઆન આપો. ભવીશ જાણવાની શકતી અથવા હવે પછી શું મોટા બનાવો આપણી જીંદગીમાં બનશે તે અગાઊથી કેહવાની શકતી ઈશવરે કોઈ પણ મનુશના હાથમાં આપી નથી. એ શકતી ઈશવરે ફકત પોતાનાજ હાથમાં રાખીછે. જેઓ ભવીશ જાણવાનો દાવો કરેછે તેઓ ઠગારા અને લુચા શીવાએ બીજા કોઈજ નથી. તમારી ખાતરી કરવાને વાસતે હું તમોને એક બે દાખલા આપુંછું. મોટા મોટા ભણેલ જોસીઓ પોતાની બેહન દીકરીના તપકા અથવા જનમ પતરીકા જોઈને તેમના લગન કરેછે. જેઓની સાથે લગન કરેછે તેઓના તપકા પણ જોએઆ પછી લગન કરેછે. થોડા વરસ પછી ઘણાએક જોસીઓની બેહન દીકરીઓ રાંડેછે એટલે તેમના ભરથાર મરણ પામેછે. હવે તેઓમાં ભવીશ જાણવાની શકતી હોતતો તેઓને લગન કીધાની આગમચ માલુ

મ પડતે કે આ છોકરાના ઘરે ખરાબછે અને આ છોકરાનો ઘાતી ચંદરમાંછે. એવું તેઓને માલુમ પડતે તો તેઓ બીજા છોકરાઓ જેઓના આવરદા મોટા હોત તેઓની સાથે તેઓ પોતાની દીકરી તથા બેહનોના લગન કરતે. પણ ઈશવરે કોઈ પણ માણસમાં ભવીશ જાણવાની શકતી મુકી નથી. મોટા મોટા જોસીઓ સેવટે એવુંજ કેહેછે કે "ખરૂં ખોટું ઈશવર જાણે ફેકર ભારે જોસીઓ તાણે." કોઈ પણ જોસી પોતાનું ભવીસ અને પોતાના જમાઈનું ભવીશ કહી શકતા નથી તો બીજાઓનું ભવીશ કેમ કહી શકે તેનો વીચાર તમારા જેવી ભોલી સીઓ કરતી નથી. હું તમને એક વાત કેહું—ઊજેન નગરીમાં આગલ એક મોટો જોસી રેહેતો હતો. સઘલા જોસીઓમાં એ એક એકો કેહવાતો હતો. હજારો લોકો તેને ઘેર પોતાનું ભવીશ જાણવાને જતા હતા. થોડી મુદતમાં એ જોશીની કીરતી આખી નગરીમાં ફેલાઈ. સરવે લોકો એ જોશીની કાબેલીએત વીશે ઘણી તારીફ કરવા લાગેઆ. એ જોશીની આગલ જતાં એટલીતો તારીફ થવા માંડી કે તેની હોશીઆરી વીશે તે નગરીના બાદશાહને ખબર પડી. આવો કાબેલ અને પઢેલ જોસી સાંભલીને બાદશાહે તેને તેડવા મોકલેઓ અને પોતાનો ટપકો દેખાડેઓ. ટપકો જોઈને બાદશાહને ઘણીએક વાતો કહી અને પછી પોતાનું માથું હીલવીને કહું કે "બાદશાહ એક વાત એવીછે કે તે જાણવાથી તને દલગીરી ઊતપન થશે." બાદશાહે પુછીઊં કે એ વાત શુંછે તે મને કેહ. જોસીએ કહેઊં કે કેહવાથી કંઈ પણ ફાએદો થશે નહી, પણ ઊલટી ખરાબી થશે વાસતે તું જાણવાની ઈછા છોડી દે. જોસીના આવા વચન સાંભલી બાદશાહને તે જાણવાની આતુરતા વધી અને જોસીને તે કેહવાની ફરજ પાડી. જોસી તારે બોલેઓ કે "બે વરસ પછી મોટી ઘાતછે અને તેમાંથી તું બચીશ નહી." બાદશાહે જોસીને વદાએ કીધો પણ ઘણો દલગીરી તથા ઊદાસીમાં પડેઓ. બે વરસ પછી તે ખચીત મરી જશે એવી ધાસતી તેના દીલમાં પેઠી. વજીરને આ વીશેની પાછલથી ખબર થઈ અને તેણે પેલા જોસીને ભર કચેરીમાં બોલાવેઓ, અને વજીરે પોતાનો ટપકો આપેઓ અને પોતે કેટલા વરસ જીવસે તે પુછેઊં. તારપછી જોસીને પુછીઊં કે "માહરાજ તમારા આવરદા કેટલા વરસનાછે તે તમો જાણતા હશો." જોસીએ કહેઊં કે "હાં, ૬૭ વરસના મારા આઊસ (આવરદા)છે અને મને હાલ ૨૫ વરસ થએઆંછે." વજીરે કહેઊં કે, "માહરાજ તમો કદાચ ભુલતા હશો." જોસી બોલેઓ કે ભુલે શું ? મેં મારો ટપકો પચીસ વખત સારી પેઠે તપાસીઓછે. એટલું બોલેછે તેવામાં વજીરે મેઆનમાંથી તરવાર કાહાડીને એકદમ તેનું મસતક કાપી નાખીઊં. આ બનાવથી સઘલી કચેરી અચરત થઈ, તેવામાં પેલો હીમતવાન વજીર બોલેઓ કે બાદશાહ હવે તારા દીલની ફીકર કાહાડી નાંખ. જોસી પોતાના આવરદા કહી નહીં શકેઓ તો તારા આવરદા શું કેહનાર હતો ? હાલ જો તારી ખાતરી કરવાને જોસીનું મસતક કાપી નાખેઊં નહીં હોત તો તું ફીકરમાં અને ફીકરમાં, તથા ધાસતીમાંને ધાસતીમાં બે વરસની માંહે મુવા જેવો થઈ જાતે અને જોસીનું ભવીશ વચન ખરૂ પડતે. બાદશાહે વજીરનું ડાહપણ જોઈને તેને મોટો શીરપાવ આપેઓ અને બીજા ૨૯ વરસ લગી જીવેઓ. વાસતે વાહલાં માણેકબાઈ તમોએ સાવકશા વીશેની ખોટી ફીકર તમારા મનમાંથી કાહડી નાખવી જોઈએછે. ભવીશ જાણવાની શકતી કોઈ પણ જોસીના હાથમાં નથી. તમો કહોછો કે જરબાઈનો ટપકો જોઈ જે જે વાત કહી તે ખરી પડી. તેનો ખુલાસો સેહલછે. તે જોસી અગાઊથી જરબાઈ વીશેની સઘલી બીનાથી કોઈ જાણીતા શખસથી વાકેફ થએઓ હશે. ઠગારા જોસીઓ વારેવાર એમજ કરેછે. તમે જો જોતીશ શાસતર વીશે થોડું ઘણું જાણતા હોત અને ઘરે તથા સુરજ ચંદર એ શું પદારથછે. એ વીશે તમો વાકેફ હોતતો તમારી વધારે ખાતરી કરી આપત કે ઘરેઓની ચાલ ઊપરથી જોશીઓ ભવીશ કેહવાનું ડોલ ઘાલેછે તે કંઈજ નહી પણ ખોટુંછે. જોતીશ શાશતરથી સુરજ, ચંદર, તારા, નખેતર તથા ઘરેહની ગતી અથવા ચાલ ચલણ માલુમ પડેછે, ઘરણ તથા ભરતી ઓટ માલુમ પડેછે પણ માણશનું નશીબ માલુમ પડતું નથી. એ વાત ઈશવરે પોતાનાજ હાથમાં રાખીછે."

માણેકબાઈ—"વાહાલા ભરથાર તમોએ જે ખુલાસો કીધો તેથી મારી ખાતરી થઈ કે એ જોસી કોઈ ખરો ઠગ હસે. આપણા સાવકશા વીશેની સઘલી ધાસતી હવે મારા દીલમાંથી નીકળી ગઈ. માહરા જે

વી ભોલી સ્ત્રીઓને ઠગારા જોશીઓ ઠગેછે અને વેહેમમાં નાખેછે એ વીશે માહારી પુરી ખાતરી થઈ. ચાલો આપણો ખાવાનો વખત થએઓ."

---

## ફરાંસ દેશનો શેહેનશાહા લુઈ નેપોલીઅન.

હાલના વખતમાં ફરાંસનું રાજ દુનીઆમાં એક મોટું, બલવંત અને નામીચું ગણાએછે. એ રાજ ઊપર લુઈ નેપોલીઅન નામનો શેહેનશાહા આજ ૬ શ વરસ થએઆં હકુમત ચલાવેછે. એ શેહેનશાહા બોનાપારટનાં ખાનદાનનોછે અને તેની ઊમર હાલ પચાશ વરસનીછે. ફરાંસની હકુમત મેળવવા માટે એ શેહેનશાહાને જે મુશકેલી તથા મુશીબત ભોગવવી પડી હતી તે ખરેખર જાણવા જોગછે. એ શેહેનશાહા ઈસવી શન ૧૮૦૯ નાં વરશમાં જનમેઓ હતો. એની માનું નામ "હારટાંશ" કરીને હતું. તે સ્ત્રી બોનાપારટની પેહેલી ઓરતના આગલા ભરથારના પેટની દીકરી હતી. તે સમજુ, ડાહી તથા ચાલાક હતી. ૧૮૧૫ ના વરસમાં ઈઊરોપ મધે જારે "વાટરલુ" નામની નામીચી લડાઇ થઈ તારે બોનાપારટ કેદ પકડાએઓ અને તેના કુટંબના શઘલા માણસોને ઈઊરોપખંડના જુદા જુદા બાગો મધે વીખરાઈ જવું પડેઊં. હાલના શેહેનશાહા લુઈ નેપોલીઅનની માને પણ નાહાશવું પડેઊં. તે સ્ત્રી લુઈ નેપોલીઅનને શાથે લઈને સુવીજરલાંડના પાહાડી અને શવતંતર મુલકમાં જઈને વસી. તે વેળાએ લુઈ નેપોલીઅનની ઊમર ૬ વરસની હતી. નાહાનપણમાં આવી મુશીબત હાલતમાં આવેઆથી લુઈ નેપોલીઅનને પાદશાહી લાડ ગ્રાઝો જોવાને બનીઊં નહીં. તેણે સુવીજરલાંડ મધે ઊંચી અને મોતેબર કેલવણી લીધી. તેની સમજુ માતાએ તેને સારી રીતે કેળવવાને કશી ખામી રાખી નહીં. સુવીજરલાંડ જેવા પાહાડી અને સવતંતર મુલકમાં વસેઆથી લુઈ નેપોલીઅનના મન ઊપર ઘણીજ રૂડી અસર થઈ. તે પોતાની કેલવણી લઈને બાહાર પડેઓ નહીં. તેટલાવારમાં તેના ચપળ મને દુનીઆમાં પરસીધ થવાનો મારગ પકડેઓ. તેણે ઊપરા ઊપરી બે પુસતકો રચીને બાહાર પાડેઆં. પેહેલાં પુસતક મધે સુવીજરલાંડના લોકોનાં સવતંતરપણા વીશે ખુબ તારીફ કીધી હતી અને સવતંતર પણના ફાએદા બતાવેઆ હતા. બીજા પુસતકમાં તોપખાતાના કવાએદ વીશે એક બીના લખી હતી. એ પુસતકો બાહાર પડેઆથી લુઈ નેપોલીઅનનું નામ સુવીજરલાંડ મધે આશકારા થએઊં અને સરવે લોકો તેને ચાહાવા લાગેઆં. આ વેલાએ પોતાના ખાનદાનની કીરતી તાજી કરવાનો તથા ફરાંસની ગાદી મેળવવાનો ખેઆલ તેના ચંચલ મગજમાં થઓ. તે ખેઆલ તેની મુરાદ બર આવી તાંહાં શુધી તેના મગજમાંથી ખીસેઓ નહીં. આ વેળાએ ફરાંસ મધે લુઈ ફીલીપ રાજ કરતો હતો. તેણે પોતાના રાજનો પાએઓ એટલો મજબુત કીધો હતો કે એકાએક તે રાજ ઊલટાવી નાંખવાનું કામ ઘણુંજ ભારી અને બીકટ ગણાતું હતું. લુઈ નેપોલીઅને સુવીજરલાંડમાં જલદીથી એક તીજું પુસતક બાહાર પાડેઊં, તેમાં તેણે રાજનીતી વીશે એક ઊમદા બાબત લખી હતી અને જણાવેઊં હતું કે જાંહાંશુધી હરએક રાજમાં પાદશાહા તથા રઈએત એકજ કાએદાથી ચાલે નહીં તાંહાંશુધી તે રાજ દુનીઆમાં સઊથી સરસ કેહેવાએ નહીં. એ પુસતક પરગટ કીધા પછી કેટલાએક લશકરી અમલદારો સાથે તેણે સંધેશા ચલાવવા માંડેઓ. ફરાંસ દેશના પશચંમ શીમાડાના લશકરને પોતાની તરફ લઈ લેવાની તજવીજ કરવાને તે ૧૮૩૬ ના વરસમાં સુવીજરલંડ મધેથી નીકલેઓ. તાંહાં જઈને તોપખાતાના લશકરના માણસોને સમજાવીને કેટલાએકોને પોતાની તરફ લીધા. તાંહાંથી તે બીજા લશકરની બરાખ આગલ જઈને તે લશકરના શીપાઈઓને સમજાવવા લાગેઓ, પણ તેઓએ માનીઊં નહીં કે તે બોનાપાટના ખાનદાનનો નજદીકનો ખેશછે. તેઓએ વીચારીઊં કે એ કોઈ ઠગારોછે તેથી તેઓએ હુલડ કીધું. તેની સાથેના તોપખાતાના માણસો નાહાશી ગએઆં અને તે બીચારો કેદ પકડાએઓ. તેને ફરાંસના શેહેનશાહ લુઈ ફીલીપ આગલ ઘશડી લઈ ગએઆ.

ફરાંસનુ રાજ ઊલટાવી નાખવાનો ગ્રારો અની આએ લુઈ નેપોલીઅન ઊપર સાબેત થએઓ તોપણ ફરાંસના શેહેનશાહા લુઈ ફીલીપે તેના ઊપર મોટી રેહેમ લાવી તેને એક દીવાનો પુરુશ લેખેઓ. અને શંશીની સજામાંથી છોડવીને અમેરીકા ખાતે મોકલી દી

ધો અને ફરમાવેઊં કે તેણે કોઈ દીવસે પોતાનો પગ ઈઊરોપખંડ મધે મુકવો નહીં. લુઈ નેપોલીઅન અમેરીકા મધે થોડા મહીના રહેઓ અને બીજે વરસે લુઈ ફીલીપનો હુકમ તોડીને પાછો ઈઊરોપખંડમાં આવીને સુવીજરલંડ મધે ગએઓ. આ વાતની ખબર ફરાંસના પાદશાહ લુઈ ફીલીપને થઈ કે તરત તેણે સુવીજરલાંડની સરકાર ઊપર એક પતર લખેઓ અને તાંહાંથી લુઈ નેપોલીઅનને કાહાડી મુકાવેઓ. લુઈ નેપોલીઅન સુવીજરલાડ છોડી ઈંગલંડ દેશમાં જઈ રહેઓ અને તાંહાં તેણે તરણ વરસ કાહાડેઆં.

આ વેળાએ ફરાંસ દેશના બાદશાહ લુઈ ફીલીપ અને તેની રઈઅતનું મન એક મોટી બાબત ઊપર લાગેઊં હતું. ફરાંસનો નામીચો બોનાપારટ સેંટ હેલીનાના ટાપુમાં મરણ પામેઓ હતો અને તાંહાંજ તેને ભુમીદા કરવામાં આવેઓ હતો. પણ ફરાંસના આવા મોટા અને નામીચા પુરૂશની માટી એક દુરના અને હેલાએદા ટાપુ મધે પડેતો તેથી ફરાંસને મોટી શરમ અને નામોશી ઊપજીઆ વગર રેહેજ નહી. આવા વીચારથી ૧૮૪૦ ના વરસમાં એટલે બોનાપારટના મરણ પછી ૧૯ વરસે તેની લાસને સેંટ હેલીનાના ટાપુ મધેથી પાછી કાહાડીને મોટી ધુમધામ સાથે ફરાંસ મધે લઈ જઈને ભુમીદા કરવામાં આવી હતી. આ વેળાએ બોનાપારટની કીરતી વીશેની ઈઆદદાસત સરવે લોકોના મનમા તાજી થઈ હતી. લુઈ નેપોલીઅને પોતાની મતલબ પુરી પાડવાની આ જોગવાઈ તરત લીધી. તેજ વરસમાં તે ઈંગલંડથી નીકલેઓ અને સાથે ૫૦ બાહાદુર માણસોને લઈને ફરાંસના પશચમ કીનારા ઊપર બોલાંગ શેહેરની પાસેના એક ગામડાં આગલ ઊતરેઓ. તે ગામડાં આગલ ઊતરતી વેળાએ તેની સાથેના સધળા માણસો "શેહેનશાહ સલામત" એવી રીતે મોહાડેથી બોલેઆ અને ઊતરેઆ પછી હુકમનામા તે ગામના લોકોમાં વેંહેંચેઆં. તે હુકમનામા મધે એવું જાહેર કીધું હતું કે લુઈ ફીલીપના કુટંબનું રાજ હવે આખેર થઈઊં. અને મોસીઓ થીઅરસ નામનો ફરાંસનો નામીચો ગરંથકાર અને દાનાવ શખસ ફરાંસના સવતંતર રાજનો પરમુખ થએઓછે. પણ આ તજવીજમાં લુઈ નેપોલીઅન ફતે પામેઓ નહીં. લોકોએ તથા લશકરી શીપાઈઓએ તેના જાહેર નામા ઊપર કંઈ પણ ધેઆન આપવાને બદલે તેને તથા તેની સાથેના માણસોને કેદ કીધા. કેદ પકડની વખતે લુઈ નેપોલીઅને એક માણસને ગોલીથી મારી નાંખેઓ હતો.

આ વાતની ખબર લુઈ ફીલીપને થઈ. તેની દરબારમાં લુઈ નેપોલીઅનને તથા તેની સાથેના પકડાએલા માણસોને રાજ ઊલટાવવાના મોટા અનીઆએને માટે ઊભા કીધા. પેલા સીપાઈને જીવથી મારી નાખવાનો ખુનનો અપરાધ પણ લુઈ નેપોલીઅન ઊપર મુકવામાં આવેઓ આવા બે મોટા અપરાધને લીધે તે મોતની સજાને લાએક થઈ ચુકેઓ હતો. પણ ફરાંસની દરબારે તેની ઊપર વળી બીજી વખત રેહેમ ખાધી અને ફરાંસ મધે "હામ" ના કીલા મધે જનમ શુધી કેદ રાખવાની સજા કીધી. આ વખત સરવે લોકો લુઈ નેપોલીઅનને હુલડ તથા તુશાની સમજવા લાગેઆ અને તેને જે હલકી શીકશા થઈ તેને વાસતે ભારે ટીકા કરવા લાગેઆ. "હામ" ના કીલા મધે લુઈ નેપોલીઅન ૬ વરસ લગી કેદ રહેઓ. એ સઘલી મુદતમાં પોતાની મતલબ પાર પાડવાની ગોઠવણનાં વીચારમાં રોકાએઓ હતો. બંધીખાનાંમાં તેણે તરણ પુસતક રચીને તઈઆર કીધાં. એક પુસતકનું નામ નેપોલીઅનના વીચારો કરીને આપેઊં હતું. તે પુસતક મધે તેણે પોતાના કાકા બોનાપારટને નામે વાત ચીત તરીકે એક બીના લખી હતી અને તેમાં બાદશાહની ફરજ વીશે ઘણાજ રૂડા વીચાર પરગટ કીધા હતા. બીજું પુસતક "તવારીખના તુકડા" એવે નામે બાહેર પાડેઊં હતું અને તેમાં તેણે બારબો કુટંબની ગીબત કીધી હતી. તીજા પુસતકનું નામ "ગરીબી ટાલવાનો મારગ" કરીને રાખેઊં હતું અને તેમાં તેણે ગરીબ લોકોની કંગાલ હાલત ટાલવા વીશે વીચાર આપેઆ હતા.

ઊપર જણાવેઊં કે લુઈ નેપોલીઅન "હામ" ના કીલા મધે ૬ વરસ શુધી કેદ રહેઓ હતો. તાંહાંથી ૧૮૪૬ ના વરસમાં એક સ્રીનો પોશાક પેહેરીને ઠગાઈથી નાહાસી ગઓ અને ઈંગલંડ તરફ પોતાનો રસતો લઈને લંડન શેહેરમાં તેણે પોતાનુ મુકામ કીધું. ઈંગલંડ અને ફરાંસની સરકારના કોલ કરાર મુજબ એક રાજમાંથી નાહાસી ગએલા બંધવાને બીજા રાજમાંથી પકડવાની સતા નથી તે સબબને લીધે લંડન મધે લુઈ નેપોલીઅન વગર ધાસતીએ રહેઓ. લંડન

મધે એક ખાનગી પુરશ દાખલ તે રેહેતો હતો. તેને ઈંગલંડના બાદશાહી કુટંબ સાથે કાંઈ પણ ઓલખાણ પીછાણ નહીં હતી. તેની પાસે પોતાની પુંજી ખુટીઆને લીધે મોટું કરજ કરવું પડેઊં. પોતાના દરજીનો આંકડો તથા ઘેરનું ભાડું ચુકવવાને તેને મોટી મુશકેલી પડતી હતી.

પણ લંડનમાં આવેઆને બે વરસ નહીં થએઆં તેવામાં એટલે સન ૧૮૪૮ માં ફરાંસ મધે એક બળવો ઊઠી ઊભો થએઓ અને લુઈ ફીલીપ જેણે ૧૮ વરસ લગી ફરાંસની હકુમત સખત રીતે ચલાવી હતી તેને એક નજીવા બાહાના ઊપરથી ફરાંસની ગાદી ઊપરથી ઊઠાડી મેલેઓ. લુઈ નેપોલીઅન આવીજ તક જોએઆ કરતો હતો. તે લંડનથી તરત પારીસ ખાતે આવેઓ અને એક ભાડાંના ઘરમાં ઊતારો કીધો. ફરાંસની નવી રાજદરબારી ટોલીમાં જલદીથી સામેલ થએઓ. સીન નામના પરગણાના લોકોએ પોતાની તરફથી પરતાનીધી દાખલ લુઈ નેપોલીઅનને પસંદ કીધો. થોડા મહીનામાં તે પારીસ મધે સરવે કોઈને વાહાલો અને પસંદ પડતો થઈ પડેઓ. ફરાંસના રાજના પરમુખનો ઓધો મેળવવાને ઘણા ઊમેદવારો થએઆ હતા તે મધે લુઈ નેપોલીઅન પણ ઊમેદવાર થએઓ હતો. બીજા ઊમેદવારોમાના કેટલાએકોએ ફરાંસ દેશની મોટી ચાકરી બજાવી હતી અને એક કેવે નામના લશકરી અમલદારને તે ઓધો મલશે એવી સરવે લોકોએ કલપના બાંધી હતી. લુઈ નેપોલીઅને ફરાંસની કોઈ પણ મોટી ચાકરી બજાવી નહીં હતી; તેનો હક ફકત તેના કાકા બોનાપારટની તરફથી હતો. એ પરમુખની જગો ઊપર પસંદ કરવાને વાસતે ફરાંસની વસતી મધેથી ૮૦ લાખ માણસોનો વીચાર લીધામાં આવેઓ હતો અને તેઓના મત દર પરગણેથી ફરી વલેઆં હતાં. તે મધે ૫૫ લાખ માણસનાં વીચાર લુઈ નેપોલીઅનની તરફ જણાવેઆમાં આવેઓ અને ૧૪ લાખ માણસોનો વીચાર "જેનરલ કેવે" ની તરફ જણાએઓ. એ મતની સતાથી લુઈ નેપોલીઅંન ફરાંસના રાજનો પરમુખ અથવા વડો ઠરીઓ.

લુઈ નેપોલીઅનના હાથમાં ફરાંસનો રાજ કારોબાર આવેઆ પછી તેણે એવી રીતે અમલ ચલાવવા માંડેઓ કે તેની કારકીરદી ઘણુ કરીને સઘળા લોકોને પસંદ પડી. ૧૮૫૨ ના વરસની હધવચમાં લુઈ નેપોલીઅને એવું જાહેર કીધું કે ફરાંસના લોકો જો તેને શેહેનશાહા કરે અને ફરાંસ પર તેના ખાનદાનની હાકમી કણુલ રાખેતો તે પોતે એ ખેતાબ લેવાને ખુશીછે. એ માગણી મુજબ ફરાંસની રઈઅતનું મત એ વીશે લીધામાં આવેઊં અને તેમાં ૭૮ લાખ આદમીનું મત એ ધણીને શેહેનશાહા કરવાની તરફેણમાં પડેઆં તેથી ૧૮૫૨ ના ડીસેમબર મહીનાની પેહેલી તારીખે "તીજા નેપોલીઅન શેહેનશાહા" ને નામે ઓલખાવા લાગેઓ. એ ખેતાબ મેળવેઆ પછી થોડેએક મહીને ઈસપેન દેશના એક અમીરના કુટંબની સુંદર કનેઆ સાથે પોતાના લગન કીધાં. એ કનેઆને પેટે ૧૮૫૬ ના સાળમાં એક પુતર જનમેઓછે. એ શેહેનશાહથી જોકે ઘણી ખરી રઈઅત ખુશીછે તોપણ કેટલાએક શખસો તેનો જાન લેવાની ગોઠવણમાં જારથી એ તખત ઊપર આવેઓછે તારથી ફરેછે. કેટલીએક વેળા તેનો જીવ લેવાને ઊઘાડી રીતે તજવીજ કરવામાં આવી હતી પણ તેમાંથી તે ઊગરેઓછે.

હાલ ઈઊરોપખંડ મધે આસટરીઆ અને સારડીનીઆની વચે લડાઈ ઊભી થઈછે તેમાં ફરાંસનો સેહેનસાહા લુઈ નેપોળીઅન સારડીનીઆ વાળાની તરફ થએઓછે. ઈટાલી નામના નામીચા મુલક મધે કેટલાએક સંસથાનો ઊપર આસટરીઆ વાળો આજ તણસો વરસની મુદતથી હકુમત ચલાવેછે પણ તેની હકુમતથી ઈટાલી દેશની પરજા સુખી તથા ખુશી નથી. તેથી સારડીનીઆ વાળાએ આસટરીઆ વાળાને ઈટાલી મધેથી હાંકી કાહાડવાને તથા તાંહાની રઈઅતને અણગમતા રાજથી છુટી કરવાને કમર બાંધીછે અને તેની મદદે લુઈ નેપોલીઅન થએઓછે.

## દખણ અમેરીકાના અસલી રેહેવાસીઓ.

—o—

દખણ અમેરીકામાં ઊગમણ દશાએ "પાસીફીક" માહાસાગર ઊપર આવેલું ચીલી નામનું એક દેશછે. એ દેશ નકસા ઊપર મરચાંને આકારે દીસેછે. એ દેશમાં " વાલદીવીઆ " નામનું એક પરાંતછે. એ પરાંતના અસળી રેહેવાસીઓનાં કુટંબનું એક ચીતર પાસે આપેલુંછે. એ અસળી રેહેવાસીઓ ગુલામગીરીની હાલતમાંથી નીકળીને પોતાનું સવતંતરપણું ત્રે



દખણ અમેરીકાના અસલી રેહેવાનીઓ.

ળવવાને કેહવી હીંમત તથા બાહદુરી ધરાવેછે તે વીશે નીચે લખેલી ટુંક બીનાથી જાણવામાં આવશે.

વાલડીવીઆમાં સોનાનીખાંણ પુશકલ હતી તેથી તાંહાંનાં જંગલી હાળતમાં પડેલા લોકો ઈસપાનીઅડ પાસેથી હલકી ચીજો લેઈને સોનું આપતા હતા. ઈસ્પાનીઅડ લોકોએ આગલ જલદીથી એટલે ઈ૦ સ૦ ૧૫૪૮ માં વાલદીવીઆનો પરાંત પોતાને તાબે કરી લીધો અને તાંહાંના અસળી રેહવાસીઓને છેકજ ગોલામ દાખલ કરી નાખેઆ. આગલ જતાં તેઓએ બીચારાં વતનીઓ ઊપર એટલાતો જુલમ અને એટલી જબરદસતી ચલાવવા માંડી કે એક રાતના એ રેહવાસીઓના ટોલાને ટોલા ઊઠેઆ અને ઈસપાનીઅડ તથા તમામ ગોરી ચામડીના લોકોને કતલ કરી નાખેઆ, ગાંમડાઓમાં અને શેહેરોમાં આગ લગાડી અને આખો પરાંત માઠી હાલતમાં લાવી મુકેઓ. આવી હાલતમાં તે પરાંત ઠેઠ ૧૬૪૩ ના વરસ શુધી રહેઓ અને તારપછી વલંદા (ડચ) લોકો આવીને વસીઆ; પણ વલંદાના લોકો ઊપર પણ એ અસળ વતનીઓ ધીકાર ભરેલી નજરે જોવા લાગેઆ અને તેઓની મોટી સંખીઆ વધવા દીધી નહીં. ઈસપાનીઅડ લોકો પાછા ફરીથી આવેઆ, એક કીલો બાંધેઓ અને ઘણા વરસ લગી રહેઆ. તેઓએ તેટલી મુદતમાં એ પરાંત મધેથી પોતાના દેશ ખાતે બેશુમાર સુનુ રવાને કીધું હતું. વળી તેવામાં એક રાતરે તાંહાંના દેશીઓ સંપ કરીને ઊઠેઆ અને તમામ ઈસપાનીઅડ લોકોને મારી નાખીઆ અને શેહેર તથા ગામડાં લુટીને સલગાવી દીધાં. ૧૮ માં સાઈકામાં ઈસપેનની સરકારે પઈસાની મોટી રકમ ખરચી અને મજબુત કીલો તથા દબદખા ભરેલી ઈમારતો વાલડીવીઆ મધે બાંધી તારથી એ પરાંત આબાદ હાલતમાં આવવા લાગેઓ અને તેમાં બીજા ઘણાએક શેહરો વસીઆં. ૧૮૨૮ ના સાળમાં જારે આખું ચીલી ઈસપેનના પંજામાંથી મોકળું થએઊં તારે વાલદીવીઆ પણ થએઊં. ૧૮૪૭ માં જરમન લોકો તાંહાં જઈને વસેઆ અને તેઓની સંખીઆમાં આજ ઘણો વધારો થઈ પડેઓછે. તે દેશ ઘણું ફલવંત અને રમણીઅ દેખાવ આપનારૂછે. તાંહાંની હવા પણ ઘણાઓને પસંદ પડેછે.

---

## હમેલવાલી ઓરતે શું કરવું જોઈએ ?.

—o—

સઘળી માતાઓએ આ વાત ચોકસ ધેઆનમાં રાખવી ઘટેછે કે તેઓના બચાંઓનો નબલો ઈઆ મજબુત બાંધો કુદરતી સંજોગ ઊપર આધાર રાખેછે તેમાના ઘણાએક સંજોગ તેઓના પોતાના હાથમાંછે. તંદરોસત માબાપના બચાંઓ વચમાં હરકત નહીં નડીતો, ઘણું કરીને તંદરોસત જનમેછે. અને નબલા માબાપના બચાંઓ નબલાં જનમેછે. આ કાએદો સાધારણછે તોપણ ઘણી વેળા માતાઓ પોતે કેટલીએક સેહેલી વાતોથી અણજાણી હોએછે તો તેની ભુલ અને ગફલતીથી બચાંઓના હકમાં થોડું ઘણું નુકસાન પોહચેઆં વગર રેહતું નથી. વાસતે જરૂર તથાઅગતનું છે કે ગરભ અથવા હમેલવાળી માતાઓએ કેમ રેહવું અને કેમ ચાલવું તે વીશે તેઓ સારી પેઠેવાકેફ થાએ.

સઊથી પેહલું જરૂરનું એછે કે ગરભવાળી ઓરતે પોતાનું મન ખુસ મીજાસમાં રાખવું. ગરભ અથવા હામેળની વેળાએ વારેવાર તબીએત બીગડી આવેછે, ઓકારી થાએછે અને માદામાં બીગાડ થએલો માલુમ પડેછે તેથી તે ઓરતનું મન કચવાઈ જાએછે તથા દલગીરીમાં પડેછે. જણવાની કશટી અથવા મેહેનત વીશે તેનું મન વારે ઘડીએ વીચાર અને અંદેસામાં પડેછે. પણ આવી રીતે મન બેચેન રહાથી પેટમાંના બચાં ઊપર તેની ઘણીજ ખરાબ અસર ઊપજેછે. જે ઓરત ઘણીજ નાજુક મનની હોએછે તેને તથા જે ઓરત ઘણું ખાએછે તેને ઊલટી અથવા ઓકારી હામેળની વેળાએ થએઆ વગર રેહતી નથી. કેટલીએક વેળા ગરભ એકદમ મોટો થાએછે તારે તે ગરભને પુરતું લોહી પુરૂ પાડવાને ઊલટી અથવા ઓકારી જરૂરનીછે વાસતે ઊલટી થએઆથી તથા પેટમાં થોડું અને સેહેજ દરદ થએઆથી મનને કચવાટમાં નાખવું જોઈએ નહીં. તેમજ જણવાની મેહેનત વીશે ઘણો અંદેશો તથા વીચાર કરવો ઘટતો નથી. ઈશવરે પોતાની અપાર શકતીથી ઓરત જાતનાં શરીરનો બાંધો એવો બનાવેઓછે કે ગમે તેવા નાજુક ભાગ હમેળના દાહડા જેમ ભરાતા જાએછે તેમ જણવાને લાએકના થતા જાએછે. વાસતે જણવાની મેહનત વીશે અગાઊથી વગર કારણે ધાસતી ખાઈને પોતાના મનને દુખમાં નાખવું ઘટતું નથી.

બીજું. હમેલ વાળી ઓરતે જેમ બને તેમ દુનીઆની ફીકર ચીંતા અને હાએ હોસથી છુટા થવું. આ ઊપરથી એમ ન સમજવું કે ગરભ વાળી સ્ત્રીઓએ પોતાના ઘેરબારનું કામ કાજ પડતુ મુકવું અને તે વીશે કંઈ પણ ફીકર રાખવી નહીં. પોતાના ઘેરના દર રોજના કામ કાજ વાસતે કાલજી રાખવાની જરૂરછે. ડાકટરોના કેહવાની મતલબ એજ કે કોઈ નજદીકનું સગુ મરવા પડેલું હોએ અથવા તે મરણ પામેલું હોએ, તેની ઘણી ગમગીની તથા તેના કુટંબ ઊપર મોટી આફત આવી પડી હોએતો તેની ઘણી હાએ અફસોસ રાખવી નહી, અણચીતી બીહીકથી ઘણા ગભરાઈ જવું નહી; કોઈ પણ બનાવથી એકદમ ખુશી થઈ જવું નહી.

તીજું. હામેલવાળી સ્ત્રીએ સાદુ ખાણુ અથવા સાદુ ભોજન લેવું જોઈએ. ફકત સાદુજ નહીં પણ થોડું લેવું જોઈએ. ઘણુ ખાધાથી ઊલટી કરવાની સભાવીક રીતે જે ઈછા થાએછે તેજ ઊપરથી માલુમ પડેછે કે હમેશના કરતાં ગરભની વેળાએ સ્ત્રીઓએ થોડો ખોરાક ખાવો ઘટેછે. તેમજ ઘણી ઊંચી જાતનો ખોરાક ખાવો જોઈએ નહીં. જેઓને જાનવરનો ખોરાક ખાવાની ટેવછે તેઓએ એ ખોરાક થોડો થોડો અને પચે તેમ ખાવો જોઈએ. કેટલીએક ઓરતો હામેલની વેળાએ જાનવરનો ખોરાક લેવા એકદમ બંધ કરેછે તેથી તેનું દુધ નબલું અને ખરાબ જાતનું થાએછે.


ચોથું. હમેલ વાળી ઓરતે ખુલી હવામાં દર રોજ ફરવા જવું જોઈએ, નબળા બાંધાની ઓરત હોએ તેને ઘણુ ચાલવું જોઈએ નહીં, પણ થોડું ચાળીને થાક લાગે એટલે બેસવું જોઈએ. હામેલ વાળી સ્ત્રીઓ દર રોજ ખુલી હવામાં ફરે તો તેને બહુ મોટો લાભ એ થાએછે કે જણતી વેળાએ તેઓ ઘણી કશટાતી નથીઅને તેઓને ઘણુ દુખ પડતું નથી. આ ફાએદો મોટોછે. આપણા દેશની ઘણી ખરી ઓરતો ખુલી હવામાં ફરવા જવાનું મુદલ સમજતી નથી તેઓએ હામેલની વેળાએ તો ખચીત ખુલી હવામાં ફરવાનો લાભ લેવો જોઈએછે.

પાચમું. હામેલની વેળાએ ઘરનું દરરોજનું કામ કાજ અટકાવવું જોઈતું નથી. દરરોજ ઘેરમાં હીલ ચાલ કરવી જોઈએછે. કેટલીએક ઓરતો સેહજ સાહજ પેટમાં દુખેછે તો કોચ ઊપર લાંબી થઈને પડી રેહેછે તેમ પડી રેહવું જોઈતુ નથી. પઈસાવાળાના બઈરાંઓ આખો દીવસ એકજ ઠેકાણે બેસી રેહેછે અને સુઈ રેહેછે તેઓએ હામેલની વેળાએ તો ખચીત પોતાના ઘેરમાં વારે ઘડીએ હીલ ચાલ કરવી જોઈએછે. ચાકરો પાસે પાણી અથવા હરએક ચીજ માંગવાને બદલે પોતાને હાથે ઊઠીને તે ચીજ લેવી જોઈએછે. આ પાંચ સાદી અને સેહલી બાબતો ઊપર હામેલવાળી ઓરતે ખુબ ધીઆંન આપવું જોઈએછે, એવી વીદવાન ડાકટરોની ભલામણછે.

## ખુલી હવામાં બાલક છોકરાંઓની કસરત તથા રમત.

પેઆરી માતાઓ, તમે તમારાં બાલક છોકરાંઓને સાંજ સવાર ફુરસદને વખતે ખુલી હવામાં કસરત કરવાને તથા રમવાને મના કરસોના. હાલ ઘણા ખરા માબાપો આખો દીવસ પોતાના છોકરાંઓને "ભણ ભણ" કરેઆ કરેછે, આખો દીવસ તેઓના હાથમાં સલેટ અને ચોપડી આપેછે. આખો દીવસ (સહવારના ૭ વાગાથી સાંજના ૬ વાગા સુધી) નીશાલે અને નીશાલે રાખી મુકેછે. એવું કીધાથી તેઓ એમ સમજેછે કે બચાંઓ જલદીથી શીખેછે. પણ આ તેઓની સમજ ખોટીછે. ખોરાક ખાધાથી આપણા શરીરમાં બળ આવેછે, પણ આખો દીવસ "ખાખા" કીધાથી તબીએત ઊલટી બીગડેછે. જે ખોરાક ખાઈએછે તે પચવાને આપણે વખત લઈએછે, તેમજ છોકરાઓ જે વીદીઆ શીખેછે તથા નવું ગનાન મેળવેછે તે વીદીઆ તથા ગનાન પચાવવાને છોકરાઓને પણ થોડો ફુરસદનો વખત આપવો જોઈએછે. બચાંઓને એકદમ ગનાન તથા વીદીઆનું બોજ આપેઆથી તેઓનું મગજ અને તેઓની ઈઆદ શકતી બગડેછે અને તેવો શરીરે પોચા અને નબલા રેહેછે. વાસતે સરવે માતાઓને તથા સરવે પીતાઓને ઘટેછે કે બચાંઓને સાંજના અથવા સવારના ખુલી હવામાં અને છુટી જગામાં નીરદોશ રમત રમવાની તથા અંગની કસરત કરવાની છુટ આપે. જુવો આ બાબત સાથે આપેલાં જુદાં જુદાં ચીતરો. કેટલાં બધાં છોકરાંઓ ખુલી હવામાં કસરત તથા રમત કરવા પછવાડે


મંડેઆછે. કેટલાંએક દોરડાં ઊપર ટીંગાએછે તથા હીચ ખાએછે, કેટલાંએક દરાએ રમેછે તથા દોડેછે અને કેટલાંએક તરેછે. આવી નીરદોશી રમત રમેઆથી બચાંઓના મગજને થાક મળેછે, તેઓની તબીએત સુધરેછે તેઓનાં આંગમાં બળ આવેછે તેઓ કટણ તથા મજબુત છાતીના થાએછે અને તેઓની ઈઆદશકતી કશીઅતવાન થતી જાએછે. વીદીઆ અભીઆસ કીધાથી આખો દીવસ મનને મેહેનત પડેછે પણ તેની સાથે તનને એટલે બદનને પણ મેહેનત અથવા કસરત આપવી ઘટેછે. એક વાત ખચીત દલગીરી ઊપજાવનારીછે કે આપણા દેશી છોકરાંઓને એક અગતની કસરત તથા અગતનો હુનર મુદલ શીખાડવામાં આવતો નથી. તે હોનર તથા કસરત શીખવવાને હજુર શુધી આપણા શેહરમાં કઈપણ ગોઠવણ થએલી દીસતી નથી. અરે કેટલા બધા દેશીઓના છોકરાંઓ આપણા શેહર મધે તરવાના કીમતી હોનરથી તદન બે નશીબછે. તેઓને તરવાનો હોનર શીખવાને મુદલ જોગવાઈ તથા અવકાશ મલતો નથી એ કેવી મોટા ભાએગની વાતછે. સઘળા હોનરોમાં તરવાનો હોનર પણ ઘણો કીમતી ગણાએછે. જે માણસો એ હોનરથી અણજાણ રહેલાછે તેઓને બાહેર સફર તથા મુસાફરી કરવાને જેટલી ઊલટ થવી જોઈએ તેટલી થતી નથી. દેશી છોકરાઓને મનની કેળવણી આપવાને ઘણા ઊપાએઓ હાલ કરવામાં આવેઆછે પણ તેઓને આંગની કસરત તથા તરવાનો હોનર શીખવવાને હજુર સુધી કાંઈપણ મોટા ઊપાએ કામે લગાડવામાં આવેઆ નથી. આંગની કસરત આપવાને થોડી પણ વાત તેઓએ ધેઆનપર લીધીછે પણ તરવાનો હોનર શીખવવા વાસતે કંઈપણ ખેઆલ તેઓએ કીધો નથી. આંગની કસરત તથા તરવાના હોનર વગર આપણા બાલકોની કેળવણી ખચીત અધુરી રેહવાની.
















## સંગીન પદારથોમાં જીવતાં જાનવરો.

આ ! હા! શું ઈશવરની શકતી અને ખુબીછે કે પથર અને લાકડાં જેવી સંગીન વસતુઓમાંથી જીવતાં જાનવરો નીકળેછે ! વાંચનારી બાઈઓ, તમોએ "ટોડ" જાતના દેડકાનું નાંમ સાંભળેલું હશે. તમોને ઈઆદ હશે કે તેનું ચીત્ર સીખેઘનાં પેહલા પુસતકને પાને પંનચાવણમે આપેલું છે. એ ટોડ જાતના દેડકાંઓ ઘણીવાર પથરોમાંથી નીકલેલા માલુમ પડેઆછે. ૧૭૬૪ ના સાલમાં પીસતાલીસ ફુટ ઊંડી જમીન ખોદેઆ પછી એક મોટો પથર નીકલેઓ તે પથર મોડતાં ટોડ જાતનો દેડકો જીવતો નીકલેઓ હતો. પથર ચાર બાજુએ સંગીન હતો અને તેની માંહે જવાને સુદલ જગો નહીં હતી. એક વેળાએ એક સંગીન જાહાડના દલદાર લાકડાંમાંથી ટોડ દેડકો જીવતો નીકલેઓ હતો. લાકડાંની આસપાસ તેને જવા લાએક સુદલ જગો નહીં હતી. એ પરમાણે ઘણી વેળા લાકડાં તથા પથરોમાંથી ટોડ નીકલેલો માલુમ પડેઓછે.

ઈસપેન દેશમાં એક વખત સંગેમરમરનો પથર કોતરતાં તેમાંથી બે જીવતા કીડા નીકલેઆ હતા. એ પથરો ચાર તરફથી સંગીન હતાં અને કોતરનાર ઈસપેનની દરબારને વાસતે સંહી કોતરતો હતો. એ બે જીવતા કીડાઓ સંગેમરમરના માહેલા ભાગમાંથી નીકલેઆ હતા અને પોતાને વાસતે આસપાસ થોડીએક જગો કરીને રહેલા હતા. તે જગાનો સંબંધ બાહાર સુદલ નહી હતો. તપાસ કરતાં માલુમ પડેલું કે તેઓ સંગે મરમરના પથરના ઝીણા ઝીણા દાણા બે માલુમ પડ એવી રીતે ખાઈને જીવેઆ હતા. એ કીડાઓનો રંગ પણ તે પથરના જેવોજ હતો.


એક વેળા એક વાંહાણ ઊપર જાડા સંગીન લાકડાંમાંથી એક જીવતો ભમરો નીકલેઓ હતો. તે ભમરો ઘણો મોહોટો હતો. લાકડાંની આસપાસ સુદલ શાડ અથવા ચીરો નહીં હતો.

૧૭૭૨ ના વરસમાં ૯૦ ફુટ ઘેરાવાના ગોલ સંગે મરમરના પથરમાંથી એક મોટો સાંપ જીવતો નીકલેઓ હતો. તે સાંપ નવ આંટા વીટલાઈને અંદર ભરાએલો હતો. જેવો તે બાહર નીકલેઓ તેવો થોડી વાર રહીને મરણ પામેઓ. આસપાસની હવાનો દમ લેવાને તે તદન અશકત હતો. પથરની તપાસ કરતાં એક પણ શાડ અથવા ચીરો નહીં હતો કે જેમાંથી તેને પેસવાનું અથવા દમ લેવાનું બની આવે.

આ વાત સાંભલીને બાઈઓ તમોને કેટલી અચરતી ઊપજતી હશે ! ખરેખર ઈશવરની શકતી અને ઈશવરની ખુબીનો ખેઆલ કરવાને આપણે તદન અશકત છઈએ. ઈશવરની શકતી અપારછે; ઈશવરનું ડાહપણ અતીઅંતછે.

## સાંપનાં દાંત.

સાંપના દાંત અજાએબ તરેહના હોએછે. એ દાંત તેનો સેકાર કરડવાને અથવા ચાલવાને કામ આવતા નથી; કારણ તેઓ પોતાનો સેકાર એકદમ ચાવેઆ વગર ગળી જાએછે. તોપણ તે દાંત સેકાર પકડી રાખવાને તથા સેહલાઈથી ગળી જવાને ઘણાં ઊપીઓગીછે. સાંપને બે જાતના દાંત હોએછે; સંગીન દાંત અને બીજા દાહાડ તથા સંગીન દાંત સઘલા સાંપોને હોએછે પણ દાહાડ ઝેરી સાંપોનેજ હોએછે. જે સાંપોને દાહાડ હોતી નથી તેઓમાં ઝેર હોતું નથી. સંગીન દાંત ઘણુ કરીને સરખા કદના હોએછે. એ દાંત અંદરના પારા સાથે જોડાએલા હોએછે તેથી તેની આગલ થુક એકઠી થાએછે. દાહાડ મોટી, પોકલ અને અણીદાર હોએછે.



તે અણીની હેઠલ પોકળ જગો હોએછે તેની નીચે ઝેર ભરાએલું રેહેછે. એવા સાંપ જારે ડંક મારેછે તારે તેઓ દાહાડની અણી ભોંકેછે અને તે અણીથી જે ઘા પડેછે તેમાં દાહાડનું ઝેર પડેછે. જડબાના આગલા ભાગમાં સાંપની દાહાડ હોએછે તેથી તેને નુકસાન પોહચવાની વધારે ધાસતી રેહેછે; અને તેજ કારણસર ઈશવરે તે દાહડોમાં ઝેર મુકેલું હશે. દાહાડની પછવાડે નવી દાહાડની અણીઓ ફુટેલી હોએછે, જારે કોઈ સંજોગથી જુની દાહાડ પડી જાએતો નવી દાહાડ આવવાને ઘણો વીલમ લાગે નહી. જેઓને દાહાડ હોતી નથી તેઓ પોતાના દાંતથી સેકારને પકડીને એકદમ ગળી જાએછે. ઈશવરે તેઓના મોહોડામાં થુક ઘણી મુકી છે કે જેથી મોટા સેકારો ગળી જવાને સેહલું પડેછે.

## છોકરાંઓને જેવાં કરશી તેવાં થશે·

—o—


વાંચનારી માતાઓ અને બાઈઓ, તમારા છોકરાંઓની સલાહ તમારા હાથમાંછે. તમે તમારાં છોકરાંઓને જેવાં કરશો તેવાં થશે. તમારાં છોકરાંઓની રૂડી નરશી ચાલ તમારા ઊપર આધાર રાખેછે. તમારાં છોકરાંઓને નીતીમાન કે અનીતીમાન કરવાં, સુખી કે દુખી કરવાં એ સઘળું તમારા હાથમાંછે. છોકરાંઓ જારથી જનમેછે તારથી તેઓ મોટાં થાએછે તાંહાં સુધી તમારી બરદાસ્ત અને તમારી સંભાળ તળે રેહેછે.

તમે તમારાં છોકરાંઓનાં દેખતાં મોહોડામાંથી ખરાબ શબ્દો બોલશોતો, તમારાં છોકરાં તે શબ્દો બોલવાને શીખશે. તમે તમારાં છોકરાંઓનાં દેખતાં બે અદબી ભરેલી ચાલ ચલાવશો તો તમારા છોકરાંઓ પણ તેવી બે અદબી કરવાને શીખસે. તમે તમારાં છોકરાંઓનાં દેખતાં તમારા ચાકરોને ગાલ દઈને તથા ધમકાવીને બોલાવશો તો છોકરાંઓબી તેમજ કરવાને શીખસે. તમે તમારાં છોકરાંઓના દેખતાં તમારી નણંદ ભોજાઈ સાથે, તમારા પડોસી અડોસી સાથે કજીઆ કંકાસ કરશો તથા તાણા મેણા કરશોતો તમારાં છોકરાંઓ પણ તેમ કરવાને શીખેતો નવાઈ નથી. તમે તમારાં છોકરાંનાં દેખતાં જુઠું બોલશો અથવા ઠગાઈ કરશો તો તમારાં છોકરાંઓ પણ તેવું કરે તેમાં નવાઈ નથી. તમારાં છોકરાંનાં દેખતાં તમો કાંઈ વીઅસન કરસોતો તમારાં છોકરાં તે વીઅસન શીખે તેમાં નવાઈ નથી. તમે તમારા ભરથાર સાથે પીઆરથી, સલુકાઈથી, અદબ અંબાદાથી નહીં ચાલશોતો તમારી છોકરીઓ પણ પોતાના ભરથાર સાથે તેમ ન ચાલેતો નવાઈ નથી. તમે તમારા ઘેરનો કારોબાર અંધેર રાખતાં હશો તો તમારાં છોકરાંઓ પણ અંધેર કારોબાર રાખવાને શીખસે. તમે પોતે તમારા કપડાંની જતન અને સંભાલ રાખતા નહીં હશોતો તમારાં છોકરાંઓ રાખનાર નથી. તમે પોતે તમારા ભરથાર અને કુટંબ સાથે સહુલા સંપથી નહીં રેહેશોતો તમારાં છોકરાંઓ પણ એક બીજા સાથે સહુલા સંપથી ચાલવાના નથી. તમે પોતે નરમ અને મીઠો સભાવ રાખશો નહીં તો તમારાં છોકરાંઓ તેવો સભાવ રાખનાર નથી. તમારી સઘલી સારી નરશી ચાલ ચલણનો છાપો તમારા બાળકોના કુમલાં મગજ ઊપર જે બેસી જાએછે તે ઘણી મેહેનત અને મુશકેલી વગર નીકળી શકનો નથી.

વાસ્તે પીઆરી માતાઓ, તમે તમારાં છોકરાંઓને નીતીમાન, અને સદગુણી કરવા ઈછતાં હોવનો તેઓની નજર આગળ તમારી સઘળી ચાલ ચલણ નેકીજ રૂડી રાખો. તમો તમારા ભરથારની સામું બોલો તો છોકરાંઓ તમારી સામું શા વાસ્તે ન બોલે? તમે તમારા ભરથારના હરએક હુકમને સલુકાઈથી નાબે થાઓનો તમારા છોકરાંઓ તમારા હુકમને સલુકાઈથી શા વાસ્તે તાબે ન થાએ? તમો તમારા છોકરાંઓને જે વળણ પકડાવશો તે વળણ ઊપર તેઓ ચાલશે.

તેઓની આગલ તમારા વેહેમી વીચારો જાહેર ના કરો., તેઓની આગલ તમો ભુત, પળીત અને ડાકેણોની વાતો ના કરો. તેઓને ખોટી ખોટી કાહાણીઓ અને ખોટી ખોટી વાતો ના સમજાવો. તેઓનાં દીલમાં "બાગી હાઉ" નો ખોટો વેહેમ અને ખોટી ધાસ્તી ના ઊતપન કરો. તેઓને તમો નઠારા અને ખરાબ છોકરાંઓની સંગતમાં ના ફરવા દેઓ.

બચપણથી તેઓને તમો સારી અને નીતીની કેળવણી આપો. તેઓ સઘળાંઓને વારે ઘડીએ ફરસુદને વખતે તમારી પાસે બોલાવો અને તેઓનું મન ખુસી થાએ એવી સારી અને તેઓને સમજ પડે તેવી વાત ચીત કરો. હરએક સારી અને સેહેલી બાબત વીશે તેઓને સમજ આપો. તેઓને સાથે લઈને



ખુલી હવામા અને બાગ બગીચામાં ફરવા જાઓ. ને જાહાં ફુલ, ફળ અથવા હરએક સારી વસ્તુ નજરે પડે ને ઊપર તેઓનું ધેઆન દોરાવો અને એ વીશે થોડી સમજ પડે એવી વાત ચીત કરો. તમે તેઓની સાથે જારે બોલો તારે ધીમે અવાજે, મધુર અને મીઠા વચને બોલો. "મારો મરું" "મુઓ પીટીઓ" એવા ભૈડા બોલો બોલવાની તમને ટેવ પડી ગઈ હોએતો તમારા છોકરાંઓ આગળ હરએક વાત ચીત કરતાં તે બોલો નહીં બોલાએ એવી સાવચેતી રાખો. તેઓને એક બીજા સાથે સલુકાઈથી અને ખુશી

અતાથી વાત ચીત કરતાં શીખવો. તમો પોતે જો કેટલીએક વાત વીશે અણજાણ હોવતો સારાં સારાં ચોપાનીઆં વાંચીને તથા તમારા સમજુ ભરથારને પુછીને વાકેફ થાઓ; કારણ તમે પોતે ડાહેઆં તથા સમજુ હશોતો તમારાં છોકરાં જલદીથી સમજુ અને ડાહેઆં થશે.

તમે તમારા છોકરાંઓનો સંસાર સુખી કરવા ઈછતા હોવ તો ઊપળી સઘળી તરબીએતની સાથે તેઓને નાહાનપણથી સગાઈ કરવાનો અથવા અદરાવવાનો વીચાર માંડી વાલો. નાહાનપણથી તમારાં છોકરાંઓના ગલાંમાં જોતરૂ વળગાવેઆથી તેઓના માથા ઊપર તમો મોટો બોજો મુકોછો અને તેઓને ઘણીજ નાહાની ઊમરમાં દુનીઆની ખટપટમાં અને સંસાર વેહવારમાં નાખોછો. વાસતે સમજુ માતાઓ આટલી વાત જરૂર ઈઆદ રાખજો કે તમે તમારા છોકરાંઓને જેવાં કરસો તેવાં થશે.

## આજારી બચાંઓને વાસતે લંડન મધે ઊભી કરેલી હીસપીતાલ.

—o—

દુનીઆમાં સઊથી ઘણા મરણ બચપણમાં ઊપજેછે મોટાં મોટાં શેહેરોમાં સેંકડે પચીસ કરતાં વધારે છોકરાંઓ બે વરસના થાએછે. તેની અગાઊ મરણ પામેછે. બીજાં આઠ વરસની અગાઊ સેંકડે નજદીક ૧૫ છોકરાં મરણ પાંમેછે આટલી બધી મોટી સંખીઆ બચાંઓની મરણ પામેછે તેમાંના ઘણાએક માબાપોની નબળાઈ અથવા તેમના દરદોથી મરણ પામેછે. તોપણ હજારો અને લાખો બાલકો દર વરસે માતાઓનાં અગનાનપણાથી તથા બીન માવજતથી મરણ પામેછે. બચાંઓને જે તરેહ તરેહના દરદો થાએછે તેમનો ઊપાએ ગરીબ અને લાચાર લોકો જેઓને પોતાની રોટલી પેદા કરવાને ભારી પડેછે તેઓ કરી શકતા નથી, અને તેમના હજારો બાળકો ઘટતી માવજત અને તજવીજ વગર દર સાલ મરણ પામેછે. એવાં બચાંઓને વાસતે ઈઊરોપખંડના કેટલાએક મોટાં અને નામીચા શેહેરો મધે હાલ થોડા વરસની મુદતમાં જુદી જુદી હીસપીટલો બાંધવામાં આવીછે. તે મધેની એક હીસપીટાલ લંડન મધે ૧૮૫૨ ના સાલમા ઊઘાડવામાં આવી હતી. એ હીસપીટાલનો ફાએદો દર વરસે ૧૦૦૦૦ બચાંઓને મળેછે. દરરોજ ૩૦૦ બચાંઓ હાજર થાએછે અને તેમને વીદવાન અને કેળવાએલા ડાકટરો ઘટતી દવા દારૂ આપેછે. નજદીક ૫૦ બચાંઓ એ હીસપીટાલમાં જાથુક પડેલાં રેહેછે. તેઓની માવજત તેઓના માબાપ કરે તે કરતાં સો ગણી વધારે માવજત આ ઠેકાંણે થાએછે. દરએક બચાંને વાસતે આએ આ અને ચાકરડીઓ રાખવામાં આવીછે, જેઓ રાત દન બચાંઓની ઘટતી સંભાળ લેએછે. બચાંઓને વાસતે ખોલલા અને હવાદાર ઓરડાઓ કરેલાછે. તેઓને વાસતે નાહાના નાહાના સુંદર ઢોલીઆઓ તથા પાંરનાઓ બનાવેલાંછે. તેઓની આસપાસ સઘળી જાતના રમકડાં અને જુદી જુદી જાતની તરેહતરેહની વસતુઓ મુકેલીછે. તે સઘલાં રમકડાં તથા ચીજો ઊપર બચાંઓની નજર વારેઘડીએ પડેછે તેથી તેઓ ખુસી રેહેછે, અને પોતાનું દરદ તથા દુખ ભુલી જાએછે, હીસપીટાલની આસપાસ મોટો ચોક અને બાગ બગીચોછે, જાંહાં વધારે મોટા અને કઊઅતવાળા બચાંઓ સાંજ સવાર રમેછે. તબીબ શાસ્ત્ર શીખેળા ડાકટરો અને વીદીઆરથીઓ એ હીસપીતાલમાં જાએછે અને બચાંઓનાં જુદાં જુદાં દરદોથી અને તેઓના જુદા જુદા સભાવથી વાકેફ થાએછે. એ હીસપીતાલમાં સુઆણી તથા દાઈઓછે જેઓને બચાંઓની માવજત અને સંભાલ લીધા બાબેની દરરોજ કેળવણી આપવામાં આવેછે. ઈંગલંડનો એક મોટો ઊમરાવ કેહેછે કે "એ હીસપીતાલમાં જઈને જોવાથી એટલી તો સુખી અને સંતોસ ઊપજેછે અને એવોતો દેખાવ નજરે પડેછે કે જેઓએ એ દેખાવ નજરે જોએઓ નથી તેઓને તાંહાં જઈને જોવાની હું ઘણીજ ભલામણ કરૂછું."

## બાઈઓ તમે હરઘડીએ ઈશવરને ઈઆદ કરતાં રેહેજો.

—o—

બાઈઓ તમારો તથા સરવેનો તથા આખી જગતનો પેદા કરનાર સરવ શકતીમાન ઈશવર છે, તેને તમે વારે ઘડીએ ઈઆદ કરતાં રેહેજો. તમારૂ અને સરવેનું રખશન કરનાર અને પોશણ કરનાર ત

થા તમારા અને સરવેના ગુનાહા માફ કરનાર આ જગતનો કીરતાર છે તેની તમે હરદમ ભકતી કરતા રે હેજો. એક બાઈએ એક ગરીબ, ઘરડી અને નેક દો સીને પુછેલું કે મારો સઘલો વખત ઘરનાં કામ કાજ માં અને ઘરની વેઠ કરવામાં જાએછે તેથી મને ઈશવ રની ભકતી કરવાનો તથા તેને ઈઆદ કરવાનો વખ ત મલતો નથી. તે નેક ઘરડી દોસીએ જવાબ આ પેઓ કે " બાઈ તું જો તારા ઈશવરને ઈઆદ કરવા ખરેખર ઈછતી હઈશ અને તારા ગુનાહાની તોબેસ ક રવા ખરેખર ચાહાતી હઈશ તો ઘેરબારના સઘલા કામ અને કુથલા છતાં પણ તું તારા પેદા કરનારની ભકતી કરી શકીશ. " તે બાઈએ પુછીઊં એમ કેમ બ ની શકે ? તારે ઘરડી દોસીએ ગંભીરાઈથી કહેલું કે બાઈ હું પોતે ઘરના કામમાં આટલી બધી રોકાએલી છું તે છતાં પણ હું મારા ઈશવરની ભકતી કરૂંછું, અ ને તે કેમ કરૂંછું તે તું ચીત દઈને સાંભેલ.

" હું જેવી સવારના બીછાના ઊપરથી ઊઠુંછુ તેવીજ પરમેશવરને ઈઆદ કરી તેની ભકતી કરૂંછું કે હે ઈશવર જેવી મારી સંભાલ તેં રાતના હું સુતે લી હતી તે વેળાએ રાખી મને પાછી તંદરૂસત સવાર ના ઊઠાડી તેમજ મને મારા મરણ પછી પણ પાછી સવરગનું સુખ ભોગવવાને ઊઠાડજે. તારપછી હું ઘરમાંનો કચરો વાલતાં તે કીરતાર પાસે અરજ કરૂંછું કે હે ઈશવર જેમ હું મારૂ ઘર સાફ કરૂંછું તેમ તું મારા દીલને પાપથી સાફ કરજે." પછી વળી ચુલો સંકોરૂછું તારે એમ વીનંતી કરતી જાઊંછું કે હે પ રવરદેગાર જેમ હું આતસ રોસન કરૂંછું તેમ તું મા રા દીલમાં નેકીની રોશની ઊતપન કરજે. હું જારે નાહાવા બેસુંછું તારે પણ મનમાં ઈશવરને ઈઆદ કરીને અરજ ગુજારૂછું કે મારા બદન ઊપરનો મેલ પાણીથી ધોઈ જેમ હું મારૂ આંગ સાફ કરૂંછું તેમ હે ઈશવર તું મારા હઈડામાંથી પાપનો મેલ ધોઈને તેને સાફ કરજે. તારપછી હું જમવા બેસુંછું તારે જમ તી જમતી મનમાં ઈશવરની ભકતી કરૂંછું કે હે દીન દએઆળ મારા શરીરના પોશણ વાસતે જેમ તું મેહ રબાન થઈને આ રોટલો આપેછે તેમજ તું મારા ના કુઅત આતમાના પોશણને વાસતે પણ તેના ઊપરતા રી તરફથી કુરપા અને દએઆ ઊતારજે. એ પછી મારો બાકીનો વખત મારા ધંધામાં ઈમાનદારીથી કા મે લાગી અને હર ઘડી તે સાહેબને ઈઆદ રાખી જે કાંઈ કામ કરૂંછું અથવા જે કાંઈ વીચારૂંછું તે પરમે શવર જુવેછે અથવા મારી પાસેછે એમ સમજી તે ગુસે અથવા દલગીર ના થાએ એ પરમાણે ચાલવાને જેટ લી મારાથી બનેછે તેટલી તજવીજ કરૂંછું."

નેક અને સમજુ વાંચનારીઓ તમે આ ડોસી ની રૂડી વાત ધેઆનમાં લેઓ અને તમારા ઘરબાર ના સઘળાં કામકાજમાં તમારા ઈશવરને હરઘડી અ ને હર વખત ઈઆદ કરતાં રહો અને તે તમોને, તમાં રા ભરથારને, તમારા બચાંને સુખી અને તંદરોસત રાખે એવી પરારથના હરદમ કરતા રેહો.

---

## હીંદુસથાનના તપસીઆ કરનારા બાવાઓ.

—o—

હીંદુસથાન મધે તપશીઆ કરનારાઓ અથવા પોતાના આંગ ઊપર અતીશે દુખ અને સંકટ હાથે ર હીને ભોગવનારાઓ જેટલા માલુમ પડેછે તેટલાં બીજા કોઈપણ દેશમા માલુમ પડેઆ નથી. કેટલાએક સાધુ સનીઆસીઓ હીંદુસથાનના દુરના ભાગોમાં જાતરા કરવા જાએછે તારે તેઓ એવો નેમ લેએછે કે આખો રસતો પોતાને શરીરે માપતાં જવું. તેથી તેઓ લાંબાં થઈને સુવેછે અને પોતાના હાથ જાંહાં શુધી પોહાચે છે તાંહાંશુધી નીશાની કરીને ઊઠેછે, અને પાછા પેલી નીશાની આગલ લાંબા લઈને સુવેછે. એ પરમાણે સેંકડો અને હજારો માઈલ લગી શરીરે દુખ ભોગવી ને તીરથ જાતરા કરવા જાએછે. કેટલાએક સનીઆ સી બાવાઓ આખો દીવસ પોતાનું મસતક જમીન ઊપર મુકીને ટાંટીઆ અથવા ટંગરીઓ હવામાં અત રંગ ઊંચી રાખેછે. કેટલાએક સનીઆસી બાવાઓ પોતાની આંખ ઊપર મરોડાનો ગારો ભરેછે અને પો તાનાં મોહોડામાં ઘાંસ ઘાલેછે. કેટલાંએક પોતાના પ ગને પોતાના ગલાં સાથે સાંકલથી બાંધેછે અને કેટલા એક દીવસ શુધી તેવીજ હાલતમાં પડેઆ રેહેછે. કેટ લાએક પોતાની છાતીની ઊપર આતસની સગડી મુ કીને સુઈ રહેલા જોવામાં આવેછે. કેટલાએક દોરડાં ની જાલ બનાવીને તેમાં લપટાઈ જાએછે. હીંદુસથાન ની પુરવ બાજુ ઊપર કલકતાની દખણ દીશાએ ઊપર

જગનનાથજીનું નામીચું દેહરૂં છે તાંહાં ચરક પુંજા ના મની એક કીરીઆ કરવામાં આવેછે. તે કીરીઆને દીવસે કેટલાએક સનીઆસી અને તીરથવાસીઓ વી સ ફુટ ઊંચી દેવાલ ઊપરથી કુદકો અથવા લુસકો મારેછે. જે ઠેકાણે એ મોટો કુદકો મારેછે તે ઠેકાણે ઘાંસની અંદર મોટા મોટા છરા તથા ખીલા બેસાડેલા હોએછે તેથી તેઓના શરીર લોહી લુવાન થઈ જાએછે. કેટલાએક તપસીઆ કરનારાઓ રાતને વખત ઊઘાડી હવામાં બેસેછે અને પોતાના કપાલની ચામડીની આર પાર આંધલું પાડીને એક લોહોડાંનો સળીઓ ખોસેછે અને સવારનું પોહાર થાએછે તાંહાંસુધી તેની ઊપર એક ચેરાગ અથવા દીવો ટાંગી રાખેછે. કેટલાએક તપસીઆ કરનારાઓ પોતાના શરીરમાં મોટા મોટા સુઈઆેા ખોસેછે. કેટલાએક બાવાઓ ૯૦ ફુટ ઘેરાવના ચકર સાથે પોતાનું આખું શરીર બાંધેછે અને તે મોહોટું પઈડું બીજાઓ પાસે ગગરાવેછે. તેથી તેઓના ટાંટીઆ અને માથું પઈડાંની સાથે ઊંચું નીચું થાએછે. કેટલાએક તપસીઆ કરનારાઓ પોતાના હોંટ ઊપર મટોડું મુકીને રાઈના દાણાં વાવેછે અને પછી હોટને પોહોલા કરીને રાતના દવ તથા બપોરના તાપમાં ઊઘાડા મુકેછે. તેઓની એ માનતા કે જાંહાંસુધી તે જગો ઊપર રાઈનો દાણો ફુટે નહી તાંહાંસુધી તે જગા ઊપરથી હીલવું ચાલવું નહીં. ચરક પુંજાને દાહાડે લુવાહાર લોકો વેહેતા અને બારીક હથીઆરો લઈને જગનનાથજીના દેહેરામાં જાએછે. તે વેળાએ તપસીઆ કરનારાઓનું એક મોટું ટોળું આવેછે. તેઓ પોતાના હાથમાં, ખીલા નેતર તથા તવેથા લઈને એકઠા થાએછે. તેઓના હાથમાં ખીલા હોએછે તેઓ પોતાનાં શરીરમાં ખીલા પેસે એવા ખાડો અથવા છીદર પડાવેછે. જેઓના હાથમો નેતર હોએછે તેઓ નેતર જાએ તેટલો ખાડો પડાવેછે. જેઓના હાથમો તવેથા હોએછે તેઓ તવેથા જેવડો મોટો ખાડો પડાવેછે. એક શખસ દોરડું અથવા સાંપ લઈને આવેછે તે પોતાની જીભમાં એવું આંધલુ અથવા છીદર પડાવેછે કે તે દોરડું અથવા સાંપ જઈ શકે. તાંહાં સઘલા તપસીઆ કરનારાઓના શરીર લોહી લુવાનથી ભરાઈ જાએછે અને તેઓને અતીશે દુખ ઊપજે તોપણ તેઓ નાચે કુદેછે. આવી ઘાતકી કીરીઆ તેઓ એવી મતલબથી કરેછે કે તેઓને ઈશવર પસંદ થાએ અને તેઓને સવરગનું સુખ મલે. તેઓ એમ શમજેછે કે માણશ જેમ ધરમને નામે વધારે દુખ અને સંકટ ભોગવેછે તેમ વધારે સુખ તેઓને બીજી દુનીઆમાં મલેછે.

---

## સુખ દુખમાં ભાગ.

—o—

આપણને આપણા મીતરોના સુખ દુખમાં ભાગ લેવો ઘટેછે. તેઓ જારે ખુશી હોએ તારે આપણે ખુશી થવું જોઈએછે. તેઓ જારે દુખી હોએ તારે આપણે દલગીર થવું જોઈએછે. ખુસી અને દલગીરી આપણા પોતાનેજ વાસતે રેહેવા દીધીતો આપણે એકલપેટા કેહેવાશું. જેમ આપણે આપણું પોતાનું રૂડું ઈછીએછે તેમ આપણે બીજાઓનું રૂડુ ઈછવું ઘટેછે. જો બીજાઓનાં સુખ દુખમાં આપણે ભાગ નહીં લઈશું તો બીજાઓ આપણા સુખ દુખમાં કેમ ભાગ લેસે? એક નીતીમાન પુરૂશ કેહેછે કે સુખ અને પઈશાને લીધે તમે બીજાઓ ઊપરથી પીઆર અને હેત ઊતારી નાખેતાના. મનુશ જાતના દુખ વીશે વીચાર કરવાની તમે આદત રાખો. જંગલ મધે એક ઝુપડીમાં વસનારા વીશે, કોઈ મરવા પડેલી માતા વીશે અને રડતા તથા હાએ મારતા માબાપ વગરના બચાં વીશે મનમાં ફીકર અને કાલજી રાખો. એક બીજો નીતીમાન પુરૂશ કેહેછેકે—

"અરે માનવી! કોઈ દુખી અને તંગીનો મારીઓ તારી આગલ આવીને અરજ કરવા ઊભો રેહેતો તું તારા કાન કદી બંદ કરતોના. અરે આ જંગલ વેરાણમા ભટકનારા માણસની અરજ ઈશવર નહીં સાંભલે તો તેના કેવા માઠા હાલ થાએ! તારે તું ઈશવર કરતાં કાંઈ મોટો નથી. ઈશવર જારે ગરીબોની દાદ સાંભલેછે તારે તું શા વાસતે નહી સાંભલે? તું જેમ તારૂં પોતાનું રૂડું ઈછેછે તેમ તું બીજાઓનું રૂડું ઈછ. તારા દુશમેનોને માફ કર. તારા માત પીતા ઊપર, તારા મીતરો ઊપર, તારા દેશ ઊપર તું પીઆર રાખ. એટલુંજ નહીં પણ સઘળા માણસ જાતનું સુખ અને દુખ તારૂં પોતાનુંજ કરી સમજ."

---

## પરચુરણ બાબતો.

**નેક ઓરત**—નેક ઓરત હમેશ પોતાના ભરથારના સુખમાં વધારો કરવાની ઉલટ રાખેછે. નેક ઓરત હમેશ પોતાના બાલકોને નેક અને સીધે મારગે જતાં શીખવેછે. નેક ઓરત હમેશ પોતાના ઘેરનો ખરચ જોઇ તપાસીને કરેછે. નેક ઓરત હમેશ કોઇને માઠા સખુન બોલતી નથી. નેક ઓરત કદી દેરાણી જેઠાણી તથા નણદ ભોજાઇ સાથે તથા પહોસી અરોસી સાથે કજીઓ કંકાસ કરતી નથી. નેક ઓરતનાં ઘરમાં હમેશ સુખી અને સલાહ સંપ ભરેલો દેખાવ માલુમ પડેછે.

**ખરી મોટાઈ અને ખરૂં સુખ**—સદગુણ એજ ખરો મોટાઇ અને ખરૂં સુખછે. જે પુરૂશ ઇશવરના હુકમને માનેછે તે પુરૂશને સઘળી તરફથી ફાએદો થાએછે. ચોખું દીલ હમેશ ખુસી ઉપજાવેછે. ઇશવરની આપણા ઉપર મેહેરબાનીછે એટલું જાણેઆથી જેટલું સુખ ઉપજેછે તેટલું સુખ આખી દુનીઆની દોલત મલે તોપણ ઉપજવાનું નથી. તેટલા વાસતે દરએક ખરાબ વીચાર તમારા દીલમાંથી કાહાડી નાખો. દરએક ખરાબ મસલતને તેઆગ કરો, પાપનો દાગ તમારા આંગ ઉપર ના લગાડો. સારૂ કામ કીધાથી તમને કદી પસતાવો થનાર નથી, પણ ખરાબ કામ કીધું તો તમારા અંતકરણમાં હમેશ દુખ ઉપજીઆ કરવાનું એ વાત ખચીત તમે ઇઆદ રાખજો.

**એક નવાઈ જેવું ઘડીઆલ**—આપણી વસતીના એક ખોજા વેપારીએ એક નવાઇ સરખું ઘડીઆલ મંગાવેઉંછે. તે ઉપરથી તારીખ વાર અને મહીનો માલુમ પરેછે. એ ઘડીઆલની તખતીના ઉપરનાં ભાગમાં નાટકનો દેખાવ નજરે પડેછે અને તેનો પરદો થોડી થોડી વાર રહીને પોતાની મેલે ઉંચો નીચો થાએછે. એક કીલાનો એક દરવાજા સુધી જોવામાં આવેછે. લડાઇનો સામન, ટેકરી, દીવાદાંડી, સમુદરની અંદર ચાલતાં વાહાણો તથા તેનેથી દુર પાણીનો એક ધોત બનાવેઓછે. આગલા ભાગમાં એક બાદશાહાને બેસાડેલોછે અને તેની આસપાસ ઘણાએક માણસોને હાથમાં વાવટા આપીને ઉભા રાખેલાંછે. ઘણાએક સવારો, હાથીઓ, ઉંટો, તોપ તથા વાજાં વાલાઓ તે બાદશાહા આગલ થઇને ચાલી જતાં માલુમ પરેછે. જે વખત એ લશકર ચાલી જાએછે તારે ઘડીઆલ મધે લડાઇના સુરનું ગાએણ થાએછે, અને તે મધેથી પેરધમં તથા રણસીગડાં વગેરેનો અવાજ નીકલેછે. દર પા કલાકે ટકોરી વાગેછે અને તેની સાથના વજંનતરમાં આઠ જુદા જુદા સુરથી જુદી જુદી તરેહનુ ગાએણ થાએછે. જારે સુર ભરેલુ ગાએણ જોઇએ તારે તેવું ગાએણબી થાએછે.

**ખરાબ અને જેહેરી હવા**—જે ઘરમાં અથવા ઓરડામાં આપણે હમેશ સઘલો વખત રહીએછે તેમાં કાંઇ ખરાબ, જેહેરી અને જાનને નુકસાન કરે એવી હવા પરવેસ થઇ હોએ તેને કાહાડી નાખીને સારી અને ચોખી હવા ઉતપન કરવાની જરૂરછે. કોલારાના ઘાતકી મરજનું એક મુખીઅ કારણ ખરાબ અને જેહેરી હવાછે. ગટરમાંથી નીકલતી હવા પણ આપણી રેહેવાની જગામાં દાખલ થઇને આપણને ભારે નુકશાન કરેછે. હવા જારે દુરગંધ અથવા ફેરવાઇ ગએલી ખરાબ માલુમ પડે તારે નીચે જણાવેલો ઉપાએ કરવાની જરૂરછે.

જે મીઠુ આપણે ખાઇએછે તે ૧૦ આંઉસ લેવું અને તેની માંહે બે આંઉસ "બલાક આકસાઇડ આવ માંગનીસ" અને ૬ આંઉસ ગંધકનો તેજાબ નાખવો. પાછલા બે પદારથો ટરીચર અથવા રાજરસની દુકાનેથી મલી શકેછે. પછી તે તરણે વસતુને માટીના વાસણમાં નાખવી અને તે વાશણને ગરમ કરેલી રેતી ઉપર મુકવું એટલે તેમાંથી એક જાતની હવા નીકલશે તે જાતે જેહેરીછે તોપણ ઓરડાની અથવા ઘેરની ખરાબ હવાને સાફ અને ચોખી કરશે.

**ચીનના બબરચી**—ચીન મધે શેહેનશાહાના બબરચીઓ ખાણુ પકાવવામાં ચુક કરેતો તેઓને ૧૦૦ ફટકા મારેછે. જો રકાબીમાં કચરો કે કંઇ ખાપણ રહી ગઇ હોએતો તેઓને ૮૦ ફટકા મારેછે. કોઇ વાણી અથવા તરકારીનો શવાદ બરાબર નહીં હોએતો ૫૦ ફટકા મારેછે.

**નામદાર રાણીની વડી દીકરી** જે પરૂશીઆના સાહાજાદા સાથે પરણીછે તેણે હાલ પરૂશીઆ મધે એક મોટું ફંડ ઉભુ કરીને એક મુકામ બાંધેઉંછે. તે મુકામમાં શીક્ષક અથવા શીખવવાનો ધંધો કરનારી સ્ત્રીઓ કે જેઓ થોડી મુદત શુધી ધંધા રોજગાર વગરની હોએ તેઓને મુકત રેહેવાને બની આવે.

**રેલવેથી કજા**—ઇઉનાઇટેડ ઇસટેટસમાં ૧૮૫૮ ના વરસમાં સઘલા મલીને ૧૩૩ માણસો રેલવેની કજાથી મર

ણુ પામેઆ હતાં અને ૩૮૧ માણસો જખમી થએઆં હતાં. તેઓ મધેથી ૧૫ માણસો પોતાની આડી અને અટક ચાલી ચાલથી મરણ પામેઆં હતાં.

**પારીસનો એક ખાટકી**—પારીસ મધે એક ખાટકીએ હાલ એક મોટી દુકાન કાહાડીછે તે દુકાનનું સઘલું કામ ઘણુ કરીને સંગેમરમરનુંછે તથા તેમાં કેટલુંએક રૂપા કામછે. દુકાનની વચમાના ભાગમાં એક મોટો દસ ફુટનો ફુંવારો ઉડેછે. અને આસપાસ ફુલના સુંદર કુંડાં મુકેલાંછે જેમાથી તરેહ તરેહના ખુસબોદાર ફુલનો મીઠો વાસ નીકલેછે. ગોસ વેચવાને વાસતે ૩૯ માણસો કામે લગાડેઆં છે અને તે દુકાનમાં દર રોજ ચાલીસ ગાએ બલદનું તથા સાઠ મેંઢાનું ગોસ વેચાએછે. વધારે અચરતી ભરેલું એછે કે પારીસ મધેના બીજા સઘલા ખાટકીઓ કરતાં સસતે ભાવે વેચેછે, તેવું છતાં પણ એક સુંદર ટોપલીમાં આપેછે જેના પઈસા ખરીદ કરનારને દર માસે ઉપજેછે.

**દરજીની કાતર**—ફરાંસ મધે દરજીની કાતરનો એક સાંચો સોધી કાહાડેઓછે. સો ઘડીનું જાડું કપડું એ કાતર સેહેલાઈથી કાપી શકેછે. તે કાતર વરાલ ઇઅંતરની મદદથી ચાલેછે.

**કાગલ કલમનો ખરચ**—તારીખ ૩૧ મી મારચે ખલાસ થતાં વરસમાં ઈંગલંડની સરકારને સઘલી આફીસોમાં મલીને કાગલ, કલમ, શાહી તથા લખવાના શામાન પછવાડે ૩૪ લાખ ૯૬ હજાર રૂપીઆનો ખરચ થએઓ હતો.

## એક નવી પરણેલી ઓરતને શીખામણ.

એક સમજુ અને ડાહી હીંદુ સ્ત્રીએ નીચે લખેલી ગરબી આ ચોપાનીઆંમાં છાપવાને વાસતે લખી લીછે તે હમે ખુશીથી પરગટ કરીએછે. એ સ્ત્રી પે... ન પણીઓને વાસતે એવીજ ઉપીઓગી ગરબી... વાર જો લખી મોકલશે તો મોટા ઉપકાર સાથે તેની... કરીશું.

ગરબી.

હાંરે નવી વહુને કહું એક વા...
હાંરે આજે સેરદ પુનમની...
સંસાર ચલાવો રૂડી રી...

હાંરે વહુ વર સાસરે-તે... સોભીતાં
હાંરે પીઉજીના મ... લોભીતાંરે
સંસાર ચલ... રૂડી રીતથી.

હાંરે સાસુ સસરો તે હરખજ પામીઆ
હાંરે દુખ તે સઘલા વામીઆરે
સંસાર ચલાવો રૂડી રીતથી

હાંરે સાસુજી કહે તે સુણો હેતથી
હાંરે તેના કામ કરો તે ઘણી પ્રીતથીરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે રૂડી નીતી શીખીને રમો જમો
હાંરે નીત ઉઠીને સાસુને પાએ નમોરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે સસરાજીની લજ્જા પાળીએ
હાંરે કામ વગર ન જઈએ કોઇને માળીએરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે દેરાણી જેઠાણી નણંદ સહુ
હાંરે તેમની સાથે તે હેત રાખો બહુરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે સહુ સગામાં સંપ રાખજો
હાંરે તેમની સાથે તે બોલી મીઠી ભાખજોરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે સાહેલી સાથે વીવેકથી
હાંરે વાત કરો તે હાંસ વીનોદથીરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે પીઉજીના તે ચરણ સેવા ઘણા
હાંરે જેના પીઆર તણી કાંઇ નહીં મનારે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે પરભાતે ઉઠો આળસ હણી
હાંરે પીઉજી તે સેવા કરો ઘણી રે
સંસાર ચલાવો રૂડી રીતથી.

...મ લઈએ
હાંરે ધેઆન ધરીએ તે ...દીશવાધારનું
સંસાર ચલાવો રૂડી રીતથી. ...કીરતારનું રે

હાંરે સવામીજી કહે તેમ કીજીએ
હાંરે હેત વધારીને પ્રેમ રસ પીજીએરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે કર કસર કરો વીવેકથી
હાંરે નામ ધરાવો તે સદગુણ નેકથીરે
સંસાર ચલાવો રૂડી રીતથી.

હાંરે કરો કામ નીતીગુણ નીમના
હાંરે રસનાએ બન્ને નીમ બરહમનારે
સંસાર ચલાવો રૂડી રીતથી.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું. | જુન ૧૮૫૯. | આંક ૬ ઠો.


## લાએકીવાળી ઓરત.

### મીસીસ કારોલીન ચીસહોમ.

—o—

હીંદુસથાનની દખણ પુરવ દીશાએ જારે આસટરેલીઆનો મોટો મુલક માલુમ પડેઓ અને તે મુલક મધ્યે સોનાની મોટી મોટી ખાણો જારે જાણવામાં આવી તારે ઈંગલંડથી લોકોનાં ટોલાંને ટોલાં તે તરફ જવાને નીકલેઆં. સેંકડો અને હજારો લોકો પોતાનાં ઘેર બાર છોડીને બઈરી છોકરાંઓને સાથે લઈ દર વાહાણની ખેપે જવાને તઈઆર થએઆં. લોભી વાહાણવાળાઓ ઊતારૂઓના બાઈડી છોકરાંઓને બકરાંની મીસાલે વાહાણ મધ્યે ભરવા લાગેઆ અને વાહાણ મધ્યે સેંકડો સ્ત્રીઓની આબરૂ તથા પતીવરતા પણાને નુકશાન પોહોચવા લાગીઊં. સેંકડો છોકરાંઓ અને સેંકડો માણસો ઘણી ઘીચના સબબથી ૧૬૦૦૦ (સોલ હજાર) માઈલની સફરમાં અનેક જાતના આજાર અને રોગથી હેરાન થવા લાગેઆ. આ સઘળી બદી અને નુકશાનીનું મુળ ઊપર જણાવેલી લાએકીવાળી અને માએઆળુ દીલની ઓરત મીસીસ કારોલીન ચીસહોમે કાહાડી નાખીઊં. ઈંગલંડ મધેની સેંકડો કંગાળ સ્ત્રીઓ અને લાચાર વીધવાઓ પોતાનું ગુજરાણ શોધવાને વાસતે આસટરેળીઆના મુલક મધ્યે જઈને લુચા અને ખરાબ લોકોનાં ફરેબથી ફંસી પડતી અને અનીતીનો ધંધો કરતી હતી તેથી આસટરેલીઆ એક બદીનું સંસથાન થઈ પડીઊં હતું. તેનો અટકાવ કરવાનું મોહું માન ઊપર જણાવેલી લાએકીવાલી ઓરત મીસીસ કારોલીન ચીસહોમને ઘટેછે. હીંદુસથાંન મધ્યે ગરીબ સોલજરોની સ્ત્રીઓ તથા છોકરાંઓ કેળવણી વગર રખડતાં રજલતાં હતાં તેઓને કેળવણી આપી સારી હાલતમાં લાવનાર ઊપર જણાવેલી પરોપકારી સ્ત્રી મીસીસ કારોલીન ચીસહોમછે. તે સ્ત્રી પઈસા અને લાગ વગ વીનાની હતી પણ પોતાની શાહાસીક અને પરોપકારી બુધીથી માણસ જાતનું ભલુ કરવાને શકતીવાન થઈ.

એ સ્ત્રી ૧૮૦૮ ના વરસમાં જનમી હતી. તેના મા બાપ મધીઅમ હાલતના હતા અને તેઓ સારી સમજ અને પરોપકાર બુધીના ગણાતા હતા. તેઓ પોતાના બચાંને દરરોજ રૂડી અને નીતીની વાતો કેહેતા હતા. કારોલીનનો બાપ તેને નાહાની ઊમરની મુકી મરણ પામેઓ તોપણ તેની માતાના ઊપદેશથી તે છોકરીનાં મન ઊપર નાહાન પણથીજ બીજાઓને સારૂ કરવા માટે એટલીતો ઊલટ થઈ કે જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તે પોતાના સુખની વાત ભુલી જઈને ગરીબોના દુખ ઊપર ધેઆંન પોહોચાડવા લાગી. જે ગામમાં તે રેહેતી હતી તે ગામના લોકો તે છોકરીનો માએઆળુ સભાવ જોઈને ઘણાજ ખુશી થતાં હતાં. તે છોકરી જારે પરણવાની ઊમરની થઈ તારે તેને કોઈ પઈસાવાળું અને માતબર ઘર જોઈતું નહીં હતું. તે પોતાના સભાવનો અને પરોપકાર બુધીનો ભરથાર શોધતી હતી. ઈશવર કુરપાથી તેને તેવોજ ભરથાર ચીસહોમ નામનો મળેઓ. તે શખસ ઈસકોટલાંડનો રેહેવાસી હતો અને ઈસટ ઈંડીઆ કંપનીના એક વાહાણનો કપતાન હતો: કારોલીને પોતાના લગન તેની સાથે કરેઆની અગાઊ કેટળાએક પુરૂશોની હજુરમાં ખુલી રીતે કહીઊં કે જે સ્ત્રી ગરીબ લોકોનું લલુ કરવાને પોતાનાં ઘેરનું કેટલુંએક સુખ ઓછું કરે તે સ્ત્રી સાથે તમે લગન કરવાને ખુસી છો ઈઆ નહીં. તે બાબેનો તમોએ સારી રીતે પરથમજ વીચાર

કરવો." તે કપતાન પણ પરોપકારી સભાવનો માણસ હતો. ઘણી ખુશીથી તેણે તે સ્ત્રી સાથે પોતાના લગન કીધાં.

લગન થએઆ પછી કપતાન ચીસહોમ અને કારોલીન લીવરપુલ મધે કેટલીએક મુદત શુધી રહેઆ. બે વરસ પછી કપતાનને મધરાજ તરફ વાહાણ હંકારવાનો હુકમ થએઓ. તેઓ બેહુ મધરાજમાં આવેઆં. મધરાજમાં મીસીસ કારોલીને ગરીબ સોલજરોની જુવાન છોકરીઓને તથા મા બાપ વગરના છોકરાંઓને અગનાન તથા દુરાચરણમા પડેલા જોએઆં. તેઓને વાસતે પોતે એક નીશાળ ઊઘાડી અને તેઓને સંસારી તથા રૂડી કેળવણી આપવાનું પોતે વગર પઈસે માથે લીધું આ કામને વાસતે તે સ્ત્રીએ તથા તેના ભરથારે પોતાની સુખ ભરેલી રેહેવાની જગા છોડી દઈને સોલજરોની બરાખ જેવી ગલીચ જગામાં આવી રહેઆં, કે જેથી ગરીબ સોલજરોનાં છોકરાંઓની ચાલ ચલગત ઊપર રાત દીન નજર રાખવાને બની આવે. મીસીસ કારોલીનના તથા તેના ભરથારના મીતરો જેઓ દર રોજ તેમની પાસે આવતા હતા તેઓએ આવવાનું બંધ કીધું, એવી ધાસતીથી કે રખેને બરાક મધેની ખરાબ હવાનો રોગ તેઓને વળગે. પણ મીસીસ કારોલીને ગરીબ છોકરાંઓની કેળવણીને ખાતર પોતાના જીવની અને સુખની દરકાર કીધી નહીં. તે નીશાળનો ફાએદો થોડી મુદતમાં સઘળા સોળજરોને માલુમ પડેઓ. તેઓની જુવાન સ્ત્રીઓ જેઓ શીવવાના, રાંધવાના તથા ઘરખારના બીજા કામમાં તદન અણજાણી હતીઓ તેઓને તે નીશાળમાં દાખળ કરાવવાને કારોલીનની અરજ કરવા તેઓ આવેઆ. તે નીશાળ તે જગો ઊપરથી બીજી જગો ઊપર જલદી લઈ જવામાં આવી. કારોલીને તે નીશાળનો ખરચ પુરો પાડવાને વાસતે એક ઊઘરાણાની ટીપ બનાવી. તેમાં તાંહાંના ગવરનરે બસો રૂપીઆ ભરેઆ અને થોડી મુદતમો બે હજાર રૂપીઆ ભરાઈ ગઆ. તે નીશાળ હાલ મધરાજના સોળજરોને ઘણીજ ઊપીઓગી થઈ પડીછે.

૧૮૩૮ નાં વરસમાં તે કપતાન અને તેની સ્ત્રી આસટરેલીઆમાં ગએઆ. આસટરેલીઆમાં મીસીસ કારોલીન ચીસહોમે ઈંગરેજી ઓરતોને દુખ અને બદીમા ગરક થએલી જોઈ. જુવાન સ્ત્રીઓ ઈંગલંડથી ધંધાને વાસતે આવતી હતી અને કીનારા ઊપર તેઓ બીચારી સંભાલ અને બરદાસત વગરની થોડીવાર શુધી પડી રહીને કુમારગે લાગતી હતી. કોઈ તેમને કેહેનાર નહીં હતું કે આબરૂ ભરેલી રીતે ગુજરાણ શી રીતે કરવું. મીસીસ કારોલીન ચીસહોમ જણાવેછે "કે ઈંગલંડ મધે મા બાપ વગરના છોકરાંઓ તથા ભરથાર વગરની સ્ત્રીઓ તથા આશરા વગરના સ્ત્રી છોકરાઓ, એઓની મોટી સંખીઆ એકઠી થાએછે. તેઓ આસટરેલીઆ જેવા સંસથાનમાં પોતાનું ગુજરાણ કરવાને વાહાણમાં બેસીને તરત જવા નીકલેછે. વાંહાણમાં તેઓની આબરૂની કંઈ પણ સંભાળ અથવા કંઈપણ બચાવ થતો નથી. વાંહાણ ઊપરના ઊચા ખલાસીઓ તથા બીજા લોકો જેમ મરજીમો આવેછે તેમ ગરીબ અબલાઓની સાથે છુટ લેએછે. આસટરેલીઆ મધે વાહાણ જઈ પોહોચેઆ પછી અણજાણી ઓરતોને સારી જગો રેહેવાને મલતી નથી. ખરાબ માણસો તેમને ખરાબ જગો ઊપર લઈ જાએછે. અરે ઈશવર આવા કમકમાટ ભરેલા દેખાવનો કાહારે અટકાવ થશે ?"

મીસીસ કારોલીન ચીસહોમ આશરા વગરની નાહાની છોકરીઓને આસટરેલીઆ મધે પોતાને ઘેર લઈ ગઈ. સઘલી ઓરતોનું પોશણ કરવા જેટલી તેનામાં શકતી નહીં હતી. તોપણ બરીટનના સંસથાન ઊપર બદીનો કાલો ડાગ લાગેઓ હતો તે કાહાડી નાખવાનો તેને ઠરાવ કીધો. ઓરતોની આબરૂ આવી રીતે હલકી થએલી જોઈને તેને અતીશે દુખ પેદા થઈઊં. તેનાથી મુંગુ બેસી નહીં રેહેવાઈઊં. તેણે તાંહાંના ગવરનરને, તાંહાંના ખરીસતી ધરમના મોટા પાદરીને તથા પોતાંની જાતની સઘળી સ્ત્રીઓને એ વાત જાહેર કીધી અને તેઓનાં દીલમાં માઠા બાએગની ઓરતો વીશે દએઆ ઊપજાવી. સઘળાઓએ તે સ્ત્રીની પરોપકાર ખુબીની વખાણ કરીને તેને ઘટતી મદદ કીધી. કારોલીનને માલુમ પડીઊં કે ફકત સીડનીજ સેહેરમાં ૬૦૦ ઓરતો આશરા વગરની અને માઠી હાલતમાં હતી. તેઓને વાસતે ફંડ ઊભું કરીને તેમને આબરૂ વાળી જગોમાં રાખવાની ગોઠવણ તેણીએ કીધી. આસટરેલીઆમાં ૭ વરસ લગી તેણે પોતાની બેહેનપણીઓની હાલત સુધારવાની મેહેનત જારી રાખી. ૧૮૪૬ ના ફેબરવારી

મહીનામાં જારે તે આસટરેલીઆથી ઈંગલંડ જવાને નીકલી તારે તાંહાંના રેહેવાસીઓએ તેને એક માન પતર આપીઊં અને નજદીક ૨૦૦૦ રૂપીઆની ૨ કમનું ઊઘરાણુ તેના નામનું થએઊં. તે રકમ તે સ્ત્રીએ તેવાજ પરોપકારનાં કામમાં ખરચી નાખી.

જારે તે ઈંગલંડ આવી તારે તેણે એક ચોપાનીઊં છાપી પરગટ કીધું. તેમાં તેણીએ ઓરતો ઊપર પડતી સઘલી મુસીબત ખુલી રીતે જાહેર કીધી. ૧૮૫૦ માં તેણે વળી બીજું ચોપાનીઊં કાહાડીઊં. તે ચોપાનીઆથી એટલી અસર ઊપજી કે વાહાણ મધેના ઊતારૂઓ વીશે નવોધારો કરવામાં આવેઓ અને "ફામીલી કાલોનીજેશન લોન સોસાએટી" નામની સભા મીસીસ કારોલીને ઊભી કીધી કે જેથી ગરીબ ઊતારૂઓને થોડે ખરચે અને સવલ પડે એવા ભાવે આવ જા કરવાને બની આવે. આ મંડળીની જુદી જુદી સાખાઓ હાલ આસટરેલીઆનાં જુદા જુદા ભાગો મધે ઊભી થઈછે.

---

## મરાઠા દેશનો જાણવાજોગ હેવાલ.

વાંચનારી બાઈઓ, આપણે મુંબઈ શેહેરમાં વસીએછે અને મુંબઈ શેહેર હીંદુસથાનની આથમણ દીશાએ મરાઠા અથવા મહારાશટરા દેશ મધે આવેલું છે. મરાઠા દેશનો આકાર તરણ ખુણા જેવોછે. તેની લંબાઈ આસરે ચારસો માઈલછે અને પોહોલાઈબી તેટલીજ ગણાએછે. તેમાં સુમારે ૬૦ લાખ માણસની વસતીછે. તેમાં ૫૨ લાખ હીંદુછે અને બાકીના મુસલમાન તથા બીજી જાતનાછે. બાવન લાખ હીંદુની વસતીમાં નજદીક સાહાડા પાંચ લાખ બહેરામણોછે. મરાઠા દેશના બે મોટા ભાગ કરવામાં આવેઆછે. એક ભાગ જે આથમણ દીશાએછે તે કોંકણને નામે અને બીજો ભાગ જે પુરવ દીશાએછે તે દેશને નામે ઓલખાએછે. આપણુ મુંબઈ શેહેર કોંકણમો આવેલુંછે. એ બેહુ ભાગની વચે "સહાદરી" નામનો પાહાડછે. તે પાહાડ સુરતની પાસે જે તાપી નદી વેહેછે તે નદીથી તે ઠેઠ હીંદુસથાનના દખણ છેડા સુધી લાગેલોછે. તે પાહાડની એક ટેકડી જે મામલેશવરને નામે ઓલખાએછે તે સમુદરથી તરણ હજાર હાથ ઊંચીછે. આખાં પાહાડની સાધારણ ઊંચાઈબે હજાર હાથની ગણાએછે. એ પાહાડ ઊપર ચહડીને કોંકણથી દખણ દેશમાં જવાના જે રસતાંઓછે તે રસતાઓને ઘાટ કરીને કહેછે. મરાઠા દેશના કોંકણ ભાગની પોહોલાઈ સમુદરથી તે પાહાડ સુધી ફકત ૨૫ થી તે ૫૦ માઈલ સુધીની છે. મરાઠા દેશની ઊગમણ તરફનો કાંઈએક ભાગ નીજામના તાબામાંછે અને તે ઈંગરેજ સરકારને ખંડણી અથવા ચોથાઈ આપેછે. દખણ તરફનો નાહાનો સરખો ભાગ જે ગોવાની આસપાસછે તે પોરટુગીસ લોકોના તાબામાંછે. તે શીવાએ બાકીનો સઘળો ભાગ ઈંગરેજ સરકારના તાબામાંછે. ઈંગરેજ સરકારે પોતાના હાથ હેઠલના ભાગને આઠ જીલાઓમાં વેંહેચી નાખેઆછે. તેઓનાં નામ હમો નીચે જણાવીએછે.

| | | |
|---|---|---|
| ૧ ખાનદેશ. | ૪ સોલાપુર. | ૭ ઊતર કોંકણ. |
| ૨ અહંમદનગર. | ૫ બેલગામ. | ૮ દખણ કોંકણ. |
| ૩ પુના. | ૬ ધારવાડ. | |

એ સઘળા જીલાઓ ગુજરાતના જીલાઓની માફક મોટા મોટાછે અને તે દર એકમાં કેટલાએક મોટા મોટા શેહેરો તથા ઘણાએક નાહના નાહના ગામો આવેલાંછે. ખાન દેશ મધે મુખીઅ શેહેર ધુલીઆછે. અગાઊ બહરાનપુર નામનું શેહેર ખાનદેશ મધે મોટું ગણાતું હતું. આશીરઘડ અને દૌલતાબાદ નામના બે મોટા કીલાઓ ખાન દેશમાંછે. અહમદ નગરનું મુખીઅ શેહેર અહમદ નગરછે. એ જીલાની અંદર એક ભાગ નાસીક ટુકડીને નામે ઓલખાએછે. તેનું મુખીઅ શેહેર નાસીક ગોદાવરી નદીના કાંઠાં ઊપર આવેલુંછે. બાર વરસે હીંદુઓનો મોટો તેહેવાર આવેછે તારે તેઓ નાસીકની જાતરા કરવા જાએછે. એ તેહેવાર ગોદાવરીને નાંમે ઓલખાએછે અને તે આખો વરસ સુધી ચાલેછે. પુના જીલાનું મુખીઅ શેહેર પુનાછે. તે પેહેલાં મરાઠાઓના પેસવા સરદારોનું પાએતખત હતું. એ શેહેરનો છેલો સરદાર બાજીરાવ નામનો નામીચો પેસવો થઈ ગએઓછે તેનો હેવાલ હમોએ આ બાબતની હેઠલ પરગટ કીધોછે. શોલાપુર, બેલગામ અને ધારવાડ એ જીલાઓનાં મુખીઅ શેહેરો પણ તેજ નામનાછે. ઊતર કોંકણ મધેનું મુખીઅ શેહેર થાણુંછે, જે ઠેકાણે એક કલાકની અંદર આપણે મુંબઈથી રેલવેમાં બેસીને જઈ સકીએછે. થાણાના તાબા હેઠલ આગરીઆંના કુલાબાની ટુકડીછે જે આલીબાગ નામે ઓલખાએછે. દખણ કોંકણનું મુખીઅ શેહેર ૨

તનાગીરીછે. એ શીવાએ સતારા, કોહલાપુર, અવરંગાબાદ, ઈલીચપુર, નાગપુર, બેદર, ગોવા નામના મોટા શેહેરોછે. તે સઘલા શેહેરો ઊપર આપણુ મુંબઈ શેહેર સરદારી ભોગવેછે.

મરાઠા દેશમાં ઈંગરેજ સરકારના તાબા હેઠલ જે આઠ જીલાઓછે તેનું મેસુલ દર વરસે ૧ કરોડ રૂપીઆ ઈંગરેજ સરકારને ઊપજેછે. તે મેસુલનો મોટો ભાગ ખેડુતો પાસથી વસુલ થાએછે. આખા મરાઠા દેશની પેદસ ૧૧ા કરોડ રૂપીઆની ગણવામાં આવેછે. ગુજરાતની પેઠે દર એક જીલલામાં એક એક કલેકટરને નેમેલો હોએછે. તેને મેશુલ ઊઘરાવવાનો તથા ફોજદારી કામનો અધીકાર આપવામાં આવેછે. દર એક જીલલાના નાહાના નાહાના ભાગ કરેલાછે જે પરગણા અથવા તાલુકાને નામે ઓલખાએછે. દર એક તાલુકામાં સુમારે સો સો ગામ હોએછે. જીલાઓમાં જેમ કલેકટરનો અમલ ચાલેછે તેમ તાલુકા મધે દેશી મામલતદારનો ચાલેછે.

મરાઠા દેશમાં કપાસ, ખાંડ, રેસમ તથા બીજી જીનસો પાકેછે. નાગપુર, ખાનદેશ મધે રૂ પાકેછે. કોંકણમાં વરસાત ઘણો પડેછે અને તે પરમાણે ભાતબી ઘણો પાકેછે. બાજરી, જુવાર અને ઘંહુંનો પાક ઘાટ ઊપરના દેશમાં ઘણો થાએછે. મરાઠા દેશની હવા ગુણકારી ગણાએછે, મરાઠા દેશમાં નરબદા, તાપી ગોદાવરી, ભીમા અને કરશણા એ પાંચ નદી મોટી અને મુખીઅ ગણાએછે. કરશણા નદી માહમલેશરના પાહાડમાંથી નીકળેછે. સહાદરી નામનો પાહાડ જે કોંકણ તથા મરાઠા દેશના બીજા ભાગની વચોવચ આવેલોછે તે પાહાડના જુદા જુદા ભાગ ઘાટને નામે ઓલખાએછે. તે મધે તલ ઘાટ, બોર ઘાટ, પાર ઘાટ, રામ ઘાટ અને માળસીરસનો ઘાટ એવા પાંચ ઘાટ નામીચાછે. તલ ઘાટ નાસીક પાસે મુંબઈથી ખાન દેશ જતાં આવેછે. બોરઘાટ ખંડાલા પાસે પુણાને રસતે આવેછે. એ ઘાટો ઘણા ઊંચા અને ચહડવાને ઘણા બીકટછે. તે મધે રેલવે જવાને વાસતે હાલ જે ટનલો કોતરવાનું કામ ધુમ ધોકાર ચાલેછે તે પુરૂ થશે તારે એ ઘાટના ટનલો દુનીઆની એક મોટી અચરતી ગણાશે. પાર ઘાટ માહામલેસર પાસે સતારાને રસતે આવેછે. રામ ઘાટ દખણ મરાઠા દેશમાંછે, અને માળસીરસનો ઘાટ અહમદ નગર જતાં જુનેર પાસેછે.

મરાઠા દેશમાં હીંદુઓનો સાલી વાહાન નામનો નામીચો રાજા થઈ ગએલોછે. જેમ ઈજદેજરદનું, તથા ઈસુકરાઈસટનું અથવા વીકરમનું વરશ ગણવામાં આવેછે તેમ શાલી વાહાનનું વરસ પણ ગણવામાં આવેછે. એ વરસને "શાલી વાહાન શક" કરીને કેહેછે. હાલ પારસીઓમાં ઈજદેજરદી ૧૨૨૮ મું વરસ ચાલેછે તથા કરાઈસટનું ૧૮૫૯ નું ચાલેછે તેમ સાળી વાહનનું હીંદુઓમાં ૧૭૮૧ મું વરસ ચાલેછે. શાળી વાહાને પોતાનો શક ઈ૦ સ૦ ૭૮ ના વરસમાં ચાલુ કીધો. તે રાજાનું પાએતખત પેંઠણ શેહર કરીને હતું. ઈ૦ સ૦ ૧૩૦૦ પછી મુસળમાન લોકોએ મરાઠા દેશ ઊપર ચહડાઈ કરીને તે દેશનો કેટલોએક ભાગ પોતાને તાબે કરી લીધો હતો. ઈ૦ સ૦ ૧૩૯૬ વરસમાં મરાઠા દેશ મધે મોટો દુકાળ પડેઓ હતો. તે દુકાળ બાર વરસ સુધી રહેલો હતો. તે દુકાળને " દુરગા દેવી કરત દુકાળ " કરીને કેહેછે. બાર વરસ લગી મરાઠા દેશમાં મુદળ વરસાત વરસેઓ નહીં હતો તેથી આખો મુલક ઊજડ થઈ પડેઓ હતો.

ઈસવી સન ૧૬૦૦ શુધી કોઈપણ મરાઠા રાજાનું અથવા સરદારનું નામ જાણવામાં આવીઊં નહીં હતું. સીવાજી નામના મરાઠાના નામીચા સરદારે ૧૬૬૪ ના વરસમાં મરાઠાનું રાજ સથાપીઊં અને તેણે પોતાનો અમળ મરાઠા દેશના ઘણાએક ભાગ ઊપર બેશાડેઓ. તે સરદાર ૧૬૨૮ માં જનમેઓ હતો અને ૧૬૮૦ માં મરણ પામેઓ. તેણે પોતાનું રાજ સુરતથી ઠેઠ ગોવા શુધી વધારીઊં. તેની પાછલ તેનો છોકરો સંભાજી આવેઓ તેણે પણ પોતાનાં રાજમાં ઊમેરો કીધો. સંભાજીને દીલીનાં બાદશાહ ઓરંગજેબે ૧૬૮૯ ના વરસમાં મારી નાખેઓ તેની પાછળ સાહુ રાજા નામનો સરદાર ગાદી ઊપર બેઠો. એ રાજાએ ૫૦ વરસ રાજ કીધું પણ તે જાતે ઘણો આળસુ હતો તેથી તેણે પોતાના આઠ પરધાનો કીધા અને તે પરધાનોને પોતાનો સઘળો રાજકારોબાર સોંપેઓ. આઠ પરધાનો માંનો મુખીઅ પરધાન પેશવાને નામે ઓલખાતો હતો. સાહુ રાજાએ મુખીઅ પરધાનનો ઓધો બાલાજી વીશવનાથ નામના એક બહરામણને આપેઓ. એ પરધાણે રાજનો સઘળો કારોબાર પોતાને હસતક કરી લીધો. સાહુ રાજા ૧૭૪૦ માં મરણ પામેઓ તારે તેની પાછળ રાજા રામ નામનો રાજા

સતારાની ગાદી ઊપર આવેઓ તે રાજા પણ નબળો માલુમ પડેઓ, તેથી બાળાજી વીશવનાથના છોકરા બાળાજી બાજીરાવે તેનો સઘળો અખતીઆર છીનવી લઈને પુનામાં પોતાની ગાદી સથાપી અને રાગોજી નામનાં બીજા પરધાને નાગપુરમાં ગાદી સથાપી. આ પરમાણે બે મોટા મરાઠા સરદારો છુટા પડેઆ અને તેઓ જોકે સતારાના રાજાને નામને ખાતર રાજા લેખે માન આપતા હતા તોંપણુ પોત પોતાનો અમળ આપઅખતીઆરીથી ચલાવવા લાગેઆ. તેઓએ પોતાનાં રાજની હદ આગળ ચાળતાં એટલી વધારી કે મરાઠા લોકોના દોરથી અને મરાઠા લોકોના તરાંસથી આખું હીંદુસથાન એક વખત ધ્રુજી રહીઊં. તેઓનો પાછલા વખતનો મુખીઅ સરદાર બાજીરાવ હતો. તે જારે પુનાની પેસવાઈ ભોગવતો હતો તારે તે હીંદુસથાન મંધે એક પરખીઆત અને મોટો રાજા ગણાતો હતો. સન ૧૮૧૮ માં ઈંગરેજ સરકારે તેના હાથમાંથી પુના લીધું અને પેશવાની ગાદીનો છેડો લાવી મુકેઓ. ૧૮૫૩ ના વરસમાં નાગપુરનું રાજ ઈંગરેજ સરકારે પોતાનાં રાજ સાથે જોડી નાખીઊં.

---

## મરાઠા દેશનો છેલો પેશવા બાજીરાવ.

—o—

સતારાના રાજાના મુખીઅ પરધાનો જેઓ પેશવાને નામે ઓલખાતા હતા અને જેઓએ એક વેલાએ આખા હીંદુસથાનને ધ્રુજાવી મુકીઊં હતું તેઓના અમલની આખરી બાજીરાવ નામના નામીચા પેશવાથી આવી. જે નામીચા પુરૂશથી પેશવાના જોરાવર રાજનો છેડો આવેઓ તે પુરૂશની જીંદગીનો થોડોએક જાણવા જોગ હેવાલ હમે અતરે પરગટ કરીએ છે. બાજીરાવ ઈ૦.સ૦ ૧૭૭૪ માં શીવનેરી નામના કીલામાં જનમેઓ હતો. તેના બાપનું નામ રગુનાથરાવ અથવા દાદાસાહેબ કરીને હતું. તે પેશવાની ગાદી ઊપર આવેઓ તેની અગાઊ ૬ જુદા જુદા પેશવાઓએ નીચે જણાવેલી મુદત સુધી પેશવાઈ ભોગવી હતી.

| પેશવાઓનાં નામ. | કહા વરસથી. | કેટલાં વરસ. |
|---|---|---|
| ૧ બાલાજી વીશવનાથ.. | ૧૭૨૦ થી ૧૭૪૦ | ૨૦ |
| ૨ બાલાજી બાજીરાવ.. | ૧૭૪૦ થી ૧૭૬૧ | ૨૧ |
| ૩ માધવરાવ.. .. .. .. | ૧૭૬૧ થી ૧૭૭૨ | ૧૧ |
| ૪ નારાએણરાવ } ૫ રગુનાથરાવ } .. .. | ૧૭૭૨ થી ૧૭૭૪ | ૨ |
| ૬ સવાઈ માધવરાવ .. | ૧૭૭૪ થી ૧૭૯૬ | ૨૨ |

સવાઈ માધવરાવ નાંમનો છઠો પેશવો બાજીરાવનો પીતરાઈ ભાઈ લાગે. તેને ૧૭૭૪ થી ૧૭૯૬ શુધી એટલે બાવીસ વરસ લગી પેશવાઈ ભોગવી; પણ તે સઘળી મુદતમાં નાના ફરનવીસ નામના પોતાના વજીરને વશ થઈ રહેલો હતો. સવાઈ માધવરાવ ફકત નામનો પેશવો હતો પણ સઘળો કારભાર નાનો ફરનવીસ ચલાવતો હતો. નાનાં ફરનવીસ સાથે બાજીરાવને તથા તેનો બાપ રગુનાથ રાવને ઘણોજ દુસમન દાવો તથા અંટસ ચાલેઆ કરતો હતો. તેથી નાના ફરનવીસે સવાઈ માધવરાવને આડું અવલું સમજાવીને બાજીરાવને તથા તેના બાપને બંધી ખાનામાં નખાવેઆ. નાના ફરનવીસ એટલું કરીનેજ ધરાએઓ નહીં. પણ બંધીખાનામાંથી તેઓની ઊપર અતીશે દુખ નાખવા લાગેઓ. સઘળા લોકો બાજીરાવ અને તેના કુટંબની હાલત ઊપર દએઆ કરવા લાગેઆં. ૧૭૮૪માં બાજીરાવનો બાપ બંધીખાનામાં મરણ પામેઓ તાર પછી દસ વરસે એટલે ૧૭૯૪ માં બાજીરાવને જુના બંધીખાનામાંથી કાહાડીને એક બીજા બંધીખાનામાં નાના ફરનવીસે નખાવેઓ. એ નવા બંધીખાનામાં આવેઆથી બાજીરાવને થોડેએક શખેદો થએઓ. તે છુપી રીતે પોતાનાં પીતરાઈ ભાઈ સવાઈ માધવરાવ પેશવા સાથે કાગળ પેતર ચલાવવા લાગેઓ. સવાઈ માધવરાવના દીલમાં બાજીરાવ વીશે ઘણી દએઆ ઊપજી પણ પોતાના વજીરની બીહીકથી તેને છુટો કરી શકેઓ નહીં. તેવામાં તેઓના છુપા કાગળ પતરો નાના ફરનવીસે પકડેઆં. તેણે પેશવાને સારી પેઠે ધમકાવેઓ અને બાજીરાવ ઊપર વધારે જુલમ અને દુખ ગુજારવા લાગેઓ. નાના ફરનવીસની આવી ચાલ જોઈને પેશવા સવાઈ માધવરાવને ઘણુંજ માઠું લાગીઊં. અને તેણે જારે પોતાની ખુલી આંખે જોઈઊં કે "હું મારા વજીરના હાથમાં એક ગોલામ દાખલ થઈ પડેઓછું" તારે તેને અતીશે શરમીંદગી પોહોચી અને પોતાના મેહેલની બારીમાંથી પડીને પોતાનો આપઘાત કીધો. તે નીચે પ

ટેઓ તારે ફુંવારાની એક નળી તેના માથામાં વાગી અને બેદીવસમાં મરણ પામેઓ. આ છઠા પેશવાનાં મરણથી બાજીરાવનાં ભાએગ ખુલેઆં. કારણ પેશવાની ગાદી ઊપર નાના ફરનવીસ પછી બાજીરાવનો દાવો પોહોચતો હતો. નાના ફરનવીસ પેશવાની ગાદી તેના કોઈ બીજા સગાને આપવાની ગોઠવણ કરતો હતો તેવામાં સીંધીઆનો મુખીઅ પરધાંન બાળોબા તાતીઆ જે નાના ફરનવીસનો કટો શતરૂ હતો તે બાજીરાવની બાજુએ ઊભો થએઓ. જારે આ વાતની ખબર નાના ફરનવીસને પડી તારે તેણે ચોકસ જાણીઊં કે પેશવાની ગાદી બાજીરાવને મળશે અને બાળોબા તાતીઆ પોતાનું વેર મારી ઊપર લેવાને ભુલશે નહીં એવું જાણીને તેણે બાજીરાવ સાથે સંધેસો ચલાવેઓ અને પેશવાની ગાદી તેને આપવાને કબુલ કીધું. બાજીરાવે બાળોબા તાતીઆને જે કબુલાત આપી હતી તે ભુલી ગએઓ અને તરત નાના ફરનવીસની વાત કબુલ રાખીને પેશવાનો ગાદી ઊપર ૧૭૯૬ના વરસમાં બેઠો અને રાજનો કારોબાર નાના ફરનવીસને સોપીઓ. નાના ફરનવીસ તેનો, અગાઊનો મોટો દુસમેન હતો તેથી જેમ બનેતેમ જલદીથી વજીરના ઓધા ઊપરથી તેને ખડતો કરવાની વેતરણમાં તે હતો. તેવામાં ઈંદોરવાળો તુકાજી હોલકર મરણ પામીઓ ઈ૦સ૦(૧૭૯૭). તેના રાજની ખટપટમાં નાના ફરનવીસ પોતાની મતલબને વાસતે પડેઓ. બાજીરાવે એ બાબે સીંધીઆ સાથે સંધેસો ચલાવીને નાના ફરનવીસને તથા તેના મલતીઆઓને કેદ કરાવેઆ. નાના ફરનવીસ ઊપર આ પરમાણે વેર લીધા પછી સીંધીઆની સાથે તેણે દગાઈ ભરેલી ચાલ ચલાવી, જેથી તેના નામને અતીશે એબ અને ખજાલત પોહોચેઆ વગર રહી નહીં. દોલતરાવ સીંધીઆને કેદ કરવાને બાજીરાવે ગોઠવણ કીધી હતી પણ તે ગોઠવણ એસીંધીઆને માલુમ પડેઆથી સીંધીઆ આગલ તેણે દલગીરી જાહેર કરીને પોતાની ધારણા છોડી દીધી. સતારાનાં રાજાએ જારે નાના ફરનવીસને તેના ઓધા ઊપરથી હાંકી કાહાડવા બાજીરાવ સાથે ગોઠવણ કીધી હતી તારે પણ બાજીરાવે તેવીજ લુચાઈ કીધી હતી અને પોતે આપેલી કબુલાત ફેરવી નાખી હતી.

આવી દગાઈ ભરેલી ચાલથી બાજીરાવને ઘણુંજ ખમવું પડીઊં અને પુનાની આખી વસતી ઊપર ભારે જુલમ અને જબરદસતી અણચીતી ગુજરી. બાજીરાવે દોલતરાવ સીંધીઆને તેની મદદના બદલામાં પઈસાની મોટી રકમ આપવા કબુલ કીધી હતી તેની ઊઘરાણી દોલતરાવે ચાંપીને કરવા માંડી. બાજીરાવ એટલી મોટી રકમ આપવાને અશકતીવાન હતો તેથી તેણે સીંધીઆને એવી સુચના કીધી કે તું જો શીહજીરાવ ઘાતઘેને દીવાન દાખલ અતરે મોકલેતો તેની મદદથી પુનાના લોકો પાસેથી મારા કરજ જેટલી રકમ ઊઘરાવી આપું. સીંધીઆએ તે વાત કબુલ કીધી. પેલા જુલમી ઘાતઘેએ પુનાના સઘલા દરવીઅવાન અને તવંગર શેઠીઆઓ પાસેથી જબરદસતી ચલાવીને મોટી રકમ એકઠી કીધી. લોકોની દાટેલી દોલત જમીનમાથી કહડાવી. જેઓ પાસેથી મોટી દોલત નીકળી નહી તેઓ ઊપર મોટો જુલમ ચલાવેઓ. એ માઠા દીવસને પુનાના લોકો હજુર ઈઆદ કરેછે.

ઈસવી સન ૧૮૦૦ માં નાના ફરનવીસ મરણ પામેઓ. તેના મરણ પછી મરાઠા સરકારની ચંચલાઈ અને ડાહાપણનો દીવસ આખેર થએઓ. તેના મરણથી બાજીરાવ અને સીંધીઆ વચે મોટી ભાંજગડ ઊઠી. નાના ફરનવીસે મોટી દોલત એકઠી કીધી હતી તે દોલત ઊપર બેહુ જણાએ દાવો ચલાવા લાગીઆ. આ ભાંજગડનું સેવટ આવીઊં નહીં તેવામાં ગોવાલીઅરના સીંધીઆ અને ઈંદોરના જસવંતરાવ હોલકર એ બેહુ વચે લડાઈ ઊભી થઈ. જસવંતરાવ હોલકરે સીંધીઆનો મુલક લુટી લીધો. બાજીરાવ ઘડીમાં સીંધીઆની તરફ થતો હતો અને ઘડીમાં હોલકરની તરફ. હોલકરે આખેર સીંધીઆ અને બાજીરાવ ઊપર પુનાની પાસે લડાઈ કરીને પુના ઊપર ફતે મેળવી. બાજીરાવ જીવ લઈને નાઠો અને ઈંગરેજ સરકારના આશરા તળે જઈ ભરાએઓ. ગોડબંદર પાશે વસાઈમાં આવેઓ અને ઈંગરેજ સરકાર સાથે એક કરાર નામું કીધું. તે કરાર નામામાં એવું ઠરીઊં કે ઈંગરેજ સરકારે બાજીરાવને પેસવાઈ રાજ અપાવવું અને તેના બદલામાં ઈંગરેજી સરકારનાં ૮૦૦૦ લશકરી માણસનો પગાર બાજીરાવે આપવો અને ગાએકવાડ તથા નીજામ સાથે ઈંગરેજ સરકારે જે કોલકરાર કીધા હોએ તે બાજીરાવે કબુલ રાખવા અને રાજદ્વારી બાબતમાં ઈંગરેજ સરકારને પુછીઆ વગર મુદલ પર

લું ભરવું નહીં. આવી સરતો લખાવી લીધા પછી ઈંગરેજ સરકારે થોડું એક લશકર મોકલીને બાજીરાવને પુનાની ગાદી ઊપર પાછો બેશાડેઓ.

આ વાતને ઘણી મુદત નહીં થઈ એટલામાં બાજીરાવ પોતાની કબુલાતથી ફરી ગએઓ. ઈંગરેજોને હાંકી કાહાડવાની સાંધીઆ તથા હોલકરની ગોઠવણમાં છુપી રીતે સામેલ થએઓ. ૧૮૧૦ ના વરસમાં સદાશીવ ભાઊની મારફતે ખરશેદજી મોદી નામનો એક પારસી ગહરસથ બાજીરાવ સાથે જાણીતો થાએઓ. તે ગહરસથ ઈંગરેજ સરકારની ચાકરીમાં હતો તેણે બાજીરાવના મગજમાં બરીટીશ લોકો વીશે સારા વીચાર બેશાડવાની તજવીજ કીધી. પણ સદાશીવ ભાઊ તથા તરીમબકજી ડંગલીઆ જેઓ ઈંગરેજ સરકાર તરફ ઘણીજ ધીકાર ભરેલી રીતે જોતા હતા તેઓએ બાજીરાવના મન ઊપર ઘણીજ ઊલટી અસર ઊપજાવી. તરીમબકજી ડંગલીઓ એક નીચ અને હલકી પદવીનો માણસ હતો તેની સાથે બાજીરાવની ઘણીજ ગોબત બંધાઈ હતી. ૧૮૧૬ ના વરસમાં તરીમબકજીને ઈંગરેજ સરકારે થાણાનાં કીલામો કેદ કીધો પણ થોડા દીવસમાં બંધીખાનાના દારોગાની નજર ચુકાવીને તે નાહાસી ગએઓ અને બાજીરાવ સાથે છુપા સંદેસા ચલાવવા લાગેઓ. એક પતર જેમાં તેણે બાજીરાવને લખી જણાવેલું હતું કે તુને હું જલદીથી ઈંગરેજની તાબેદારીમાંથી મોકલો કરૂછું તે કાગળ પકડાએઓ અને તેનો ખોલાસો પુનાના રેસીડેંનટ મી૦ એલફીનસટને બાજીરાવ પાસે માંગેઓ. બાજીરાવે થોડી મુદત શુધી ખોલાસો કરવાને અખાડા કીધા અને પછી જારે ખોલાસો આપવો પડેઓ તારે તે એવોતો લુલો માલમ પડેઓ કે ઈંગરેજ સરકારે કરનલ સમીથને પુના ઊપર હુમલો કરવાનો હુકમ કીધો. બાજીરાવ ઘબરાએઓ અને ઈંગરેજોને તાબે થાએઓ. પણ એ વાતને થોડા દીવસ નહીં ગુજરેઆ તેવામાં તે પોતાની કબુલાત ભુલી ગએઓ અને ઈંગરેજો સામે લડાઈ કરવાને લશકર વધારવા લાગેઓ. તેની છુપી ધારણા સઘલી ઈંગરેજને માલુમ પડી અને તેઓએ તેની સાથે એક મોટી લડાઈ કરવાનો ઠરાવ કીધો. એક મોટી લડાઈ થઈ. કીલાનો થોડો થોડો લાગ ઈંગરેજોના હાથમાં આવતો ગએઓ પણ બાજીરાવના લશકરે હીમત છોડી નહીં. પણ બાજીરાવ જાતે હીચકારો અને બીહકણો હતો તેથી તે પોતે પોતાનું લશકર છોડીને નાહાઠો. તેને વાસતે તેના હીમતવાન સીપાઈઓ હજુર લડેછે અને તે પોતે ઈંગરેજના સરદાર સર જાન માલકમની ગોદમાં જઈને ભરાએઓ. અને નીચે મુજબ કોલ કરાર કીધા. ઈ૦ સ૦ ૧૮૧૮.

૧. મરાઠાના પેશવા બાજીરાવે પોતાનું સઘળું રાજ છોડી દેવું. ૨. ચોવીસ કલાકની અંદર તેના કુટંબ તથા લશકરે ઈંગરેજોને તાબે થવું. ૩. પુના છોડી દઈને બનારસના પવીતર શેહેરમાં અથવા હરકોઈ બીજી સારી જગોએ બાજીરાવે જઈને રેહેવું. ૪. તેના બદલામાં ઈંગરેજ સરકારે તેના તથા તેના કુટંબના ભરણ પોશણને વાસતે દર વરસે આઠ લાખ રૂપીઆથી ઓછુ પેનશન આપવું નહી.

આ પરમાણે પેશવાના દબદબા ભરેલા રાજની સમાપતી થઈ. બાજીરાવ પોતાના કુટંબ સાથે કાહાનપુરની પાસે ભીતુર નામની જગામાં જઈને રહેઓ. આ વેળાએ તેની ૪૩ વરસની ઊમર હતી. ભીતુરમાં તેણે પોતાના બાકીના ૩૩ વરસ આળસાઈમાં જેમ તેમ પુરાં કીધાં અને ૧૮૫૧ નાં જાનેવારી મહીનાની ૨૫ મી તારીખે ૭૬ વરસની ઊમરમાં મરણ પામેઓ. પોતાની પાછલ એક મોટુ કુટંબ મુકી ગએઓ તે કુટંબ મધે તેની બે વીધવા, બે દતપુતર અને બે દીકરીઓ હતી. તે મધેના નાહાના સાહેબ નામના દતપુતરે બળવાના વખતમાં ઈંગરેજોના બાએડી છોકરાંઓને ઘણાજ ઘાતકી રીતે મારી નાખેઆં હતાં. તે ચંડાળ નીપાળના મુલક તરફ નાહાસી ગએઓછે. તેના ખાનદાનનાં તાતીઆ તોપીએ પણ ઈંગરેજોને બળવાના વખતમાં ભારે મેહેનત આપી હતી. તે થોડા મહીનાં ઊપર પકડાએઓ અને તેને ઈંગરેજ સરકારે ફાંસી દીધો.

બાજીરાવનો ચેહેરો ખુબ સુરત હતો. તેની બોલવાની તથા ભાશણ કરવાની છટા સારી હતી. તે લખવા કરવામાં હોશીઆર હતો. સંસકરત ભાશામાં તેણે અછું ગનાન મેલવીઉં હતું. તે તરવામો બાહાદુર હતો. તેનામાં મોટી ખામી એ હતી કે તે જાતે ઘણો હીચકારો તથા ઠગારો હતો અને હલકા તથા નીચ લોકોની સાથે ગોબત રાખતો હતો.

---

## નામદાર રાણીનો ભરથાર અને તેના શાહાજાદાઓ.

બાઈઓ, જે માયાળુ અને બખતાવર રાણી આપણી ઊપર રાજ ચલાવેછે તે નામદાર રાણીના ભરથાર વીશે થોડું ઘણું જાણવાની તમે ખાએસ રાખતાં હશો. નામદાર રાણીના ભરથારનું નામ પરીનસ આલબરટ કરીનેછે. ઈઊરોપખંડ મધેના જરમની દેશમાના એક પાદશાહી કુટંબનો તે નામદાર સહાજાદો થાઓ. એ સાહાજાદો ઈ૦ સ૦ ૧૮૧૯ ના આગસટ મહીનાની ૨૬ મી તારીખે જરમની મધે રાસેના કાસટલમાં જનમેઓ હતો. નામદાર રાણીનો જનમ એજ વરસના મેઓ મહીનામાં થઓ હતો, તેથી એ બેહુ સરખી ઊમરનાછે. પરીનસ આલબરટના બપાવાને પેટે સાત છોકરાં હતાં તેમાં પરીનસ આલબરટનો બાપ સઊથી મોટો હતો. પરીનસ આલબરટના બાપનો સહુથી નાનો ભાઈ બેલજીઅનનો રાજા થાએ. તેના બાપની બેહેન ડીઊક આવ કેંટને પરણી હતી અને તેણે પેટે નામદાર રાણી વીકટોરીઆનો જનમ થઓ હતો. આ ઊપરથી માલુમ પડેછે કે નામદાર રાણી તથા પરીનસ આલબરટ પરણીઆની અગાઊથી એક બીજાના સગાં થતાં હતાં.

પરીનસ આલબરટ અને તેનો વડો ભાઈ એ બેહુ સાથે કેળવણી લેતા હતા. પરીનસ આલબરટનું મગજ નાહાનપણથીજ એક ફીલસુફના જેવું માલુમ પડતું હતું. તેણે જુદી જુદી જાતની વીદીઆ શીખવા પછવાડે ઘણુંજ મન લગાડીશું અને થોડી ઊમરમાં તેણે અછી માહેતગારી મેળવી. પરીનસ આલબરટની ઊમર જારે ૧૬ વરસની હતી તારે એટલે ૧૮૩૫ ના વરસમાં તેનો બાપ એ બેહુ ભાઈઓને સાથે લઈને બરલીન, ડરીસડન, અને વીએના જેવા નામીચા શેહેરોમાં મુસાફરી કરવાને નીકલીઓ. તેઓએ એ મોટા શેહેરોમાં મુશાફરી કીધા પછી હંગરીના મુલકમાં ગઆ. તાંહાંથી તેઓ ૧૮૩૬ નાં વરસનાં મેઅ મહીનામાં ઈગલંડ મધે ગઆ. તે વેળા ઈગલંડનો રાજા ચોથો વીલીઅમ હતો. તે આપણી નામદાર રાણીનો કાકો લાગે. એ રાજાની દરબારમાં તેઓ ગઆ. એ રાજાની મુલાકાત લીધા પછી તેઓ એ રાજાનો ભાઈ ડીઊક આવ કેંટ જેની સાથે પરીનસ આલબરટની ફુઈ પરણી હતી તેના મેહેલમાં ઊતારો કીધો. ડીઊક આવ કેંટની દીકરી નામદાર વીકટોરીઆ જે તે વેળાએ ૧૭ વરસની ઊમરની હતી, તેની અને પરીનસ આલબરટની પેહેલ વેલી મુલાકાત થઈ. તાંહાં થોડા દીવસ રહીને બેહુ ભાઈઓ ફરાંસના સેહેનશાહ લુઈ ફીલીપને પારીસ મધે મળવાને ગઆ. અને તાંહાંથી બરૂશેલસ મધે પોતાનો અભીઆસ પાછો ચાલુ કરવાને નીકલેઆ. તાંહાં થોડી મુદત શુધી અભીઆસ કરીને "બાન" ની નામીચી મદરેસામાં તેઓ પોતાનો અભીઆસ પુરો કરવાને ગઆ. ૧૮૩૯ માં બેહુ ભાઈઓ પોતાનો અભીઆસ કરીને છુટા પડેઆ. પરીનસ આલબરટ ફલારેંસ, રોમ, નેપલસમાં ગઓ અને તાંહાં થોડી થોડી મુદત શુધી રહીને પાછો ઈંગલંડ તરફ ગઓ. ઈંગલંડનો રાજા ચોથો વીલીઅમ મરી ગઆ પછી ૧૮૩૮ માં ઈંગલંડની ગાદી ઊપર નામદાર વીકટોરીઆને બેસાડવામાં આવી હતી. તેથી પરીનસ આલબરટ જારે ૧૮૩૯ માં ઈંગલંડ ગઓ તારે તે નામદાર રાણી રાજ કરતી હતી. પરીનસ આલબરટ જેવો વીદવાન, ગુણવાન, સરૂપવાન, તથા બાદશાહી કુટંબના પુરૂશ શાથે લગન કરવાને નામદાર રાણીએ ઠરાવ કીધો. તેણે પોતાની પરીવી કાંઊનસીલ બોલાવીને પોતાની ધારણા જાહેર કીધી. તેણે કાંઊનસીલને જાહેર કીધું "કે મેં તમોને એટલા વાસતે બોલાવીઆછે કે મેં જે બાબે ઠરાવ કીધોછે તે ઠરાવથી તમો સઘલાઓને વાકેફ કરૂં. એ ઠરાવ ઊપર મારી રઈઅતનું તથા મારૂં પોતાનું સુખ આધાર રાખેછે. સાકસકોબરગ અને ગોથાના સાહાજાદા પરીનસ આલબરટ સાથે લગન કરવાનો મારો વીચારછે. લગન જેવો મોટો અને માહાભારત ઠરાવ મેં કીધોછે તે ઘણો લાંબો વીચાર કરીને કીધોછે અને તેથી કરીને ઈશવરની સાહેતાથી મને પોતાને સુખ અને મારી રઈઅતને લાભ થઆ વગર રેહેનાર નથી એવી મારી પકી ખાતરીછે."

નામદાર રાણીનો પરીનસ આલબરટ સાથે લગન કરવાનો ઠરાવ ઈંગલંડના સઘળા લોકોને ઘણોજ પસંદ પડેઓ. પારલેમેંટે પરીનસ આલબરટને દર વરસે ૩ લાખ રૂપીઆનું લવાજમ આપવાનું કબુલ કીધું અને ૧૮૪૦ ના ફેબરવારી મહીનાની ૧૦ મી તારીખે લગન થએઆં. પરીનસ આલબરટે ઈં

ગલંડના લોકોનો ઘણો પેઆર મેળવેઓછે. તે કેળવણીનાં, સુધારાનાં અને દેશહીતકારી કામોમાં હમેશ મદદ કરતો રેહેછે. ઈંગલંડના લોકોનાં સભાવ તથા ચાળ ચલણથી તે સારી પેઠે વાકેફ થએલોછે તેથી તે રાજદ્દુવારી ખટપટમાં કદી પડતો નથી. ૧૮૫૧ ના સાલમાં જે મોટું એકસીબીશન ઊઘડીઊં હતું તેમો એ નામદારે ઘણી મદદ તથા આગેવાની કીધી હતી.

એ નામદારનું તથા તેના ચાર સાહાજાદાનું ચીત્ર પાસે આપેલુંછે. પરીનસ આલબરટનું ચીત્ર વચોવચ પાડેલુંછે. ચીત્રને મથાલે ડાબા હાથ ઊપર પરીનસ આવ વેલસ (પરીનસ એડવરડ) નું ચીત્ર પાડેલુંછે. તે નામદારની ઊમર ૧૮ વરસનીછે. તે ૧૮૪૧ ના નવેમબર મહીનાની ૯ મી તારીખે જનમેઓ હતો.

ચીત્રની નીચે ડાબા હાથ ઊપર પરીનસ આલફરેડનું ચીત્રછે. એ સાહાજાદાની ઊમર ૧૫ વરસનીછે. તે ૧૮૪૪ ના આગસટ મહીનાની ૬ ઠી તારીખે જનમેઓ હતો.

ચીત્રને મથાલે જમણી બાજુ ઊપર પરીનસ આરથરનું ચીત્રછે. એ સાહાજાદાની ઊમર ૯ વરવરસનીછે. તે ૧૮૫૦ ના મેએ મહીનાની પેહેલી તારીખે જનમેઓ હતો.

ચીત્રની નીચે જમણી બાજુ ઊપર પરીનસ લીઓપોલડનું ચીત્રછે. એ સાહાજાદાની ઊમર ૬ વરસનીછે. તે ૧૮૫૩ ના એપરીલ મહીનાની ૭ મી તારીખે જનમેઓ હતો.

પેહેલા બે સાહાજાદાઓએ અછી કેળવણી લીધીછે અને હજુરબી લેએછે. બીજા સાંહાજાદાઓ પણ મોતબર કેળવણી મેળવવા પછવાડે લાગેલાછે.

---

## પીરોજબાઈની નથ.

---

એક દીવસે ગુલબાઈ નામની ઓરત પોતાના સગા મંનચેરસાના છોકરાનાં લગનમાં ગઈ. તાંહાં તેણીએ પીરોજબાઈનાં નાકમાં એક નવી અને સુંદર નથ જોઈ. પીરોજબાઈ મંનચેરશાનાં ધણીઆણી લાગે. તેણીએ પોતાના છોકરાનાં લગન ઊપર ઊંચાં અને કીમતી મોતીની નવી નથ કરાવી હતી. તે નથ જોઈને ગુલબાઈનું દીલ ઘણું લલચાઈ ગીઊં. તે પોતાનાં મનમાં બોલી કે "મારો ભરથાર પીરોજશા ચીનથી કમાઈ કરીને આવેઓછે અને હાલ હાંઆ બસો રૂપીઆનો દરમાઓ પેદાક રેછે તે શું મારે વાસતે આવી સુંદર નથ નહીં કરાવે ? હું થોડોવાર તેની સાથે રીશાઈને બેસુ અને જારે તે મને મનાવવાને આવે તારે હું તેની પાસે પીરોજબાઈના જેવી નથ કરાવી અપાવવાની કબુલાત લઊં." આવો ઠરાવ કરીને ગુલબાઈ પોતાને ઘેર બીજે દીવસે રીશાઈને બેઠી. તેનો ધણી પીરોજશા હાફીસમાંથી આવેઓ તારે તેની સાથે તે બોલે કરે નહીં. પીરોજશાએ એક બે વખત બોલાવી અને જારે તેણીએ સીધો જવાબ નહીં આપેઓ તારે પીરોજશા બોલેઓ,

"ગુલબાઈ તમે આવી રીતે રીશાઈને કોઈપણ દીવસે બેશસો તો હું તમારી ઊપર મુદલ પેઆર રાખનાર નથી. કેટલીએક નઠારી અને ઠગારી ઓરતોને હરેક વાતમાં પોતાના ભરથાર સાથે રૂશાઈ બેશવાની ટેવ પડેલી હોએછે; તેવી ટેવ તમે પાડવા માંગતાં હોવતો તેમ કદી થનાર નથી. એવી નઠારી ચાલ હું પસંદ કરતો નથી. હું તમોને મનાવું તેના કરતાં તમે આવા રીસાએલાં છ મહીના શુધી રેહેશો તે પરવડશે, પણ એક વખત તમોને મનાવેઆથી ફરીને રીશાઈ બેશસો તે કદી મને પરવડવાનું નથી. જે ઓરત હરએક વાતમાં પોતાના ભરથાર સાથે રીશાઈને બેશે તે ઓરત ખચીત થોડી સમજવાળી અને હલકા મનની જાણવી. એવી ઓરત પોતાના સંસારનું સુખ કદી વધારી શકનાર નથી."

પીરોજશાના એટલા સખુનો સાંભલી ગુલબાઈ ઘણીજ સરમાઈ ગઈ. શું કરવું અથવા શું બોલવું તે તેણીને થોડો વાર સુજીઊં નહીં. પણ જરાવાર રહીને બોલી કે—

"પેઆરા ભરથાર મને માફ કરો. મને તમારી પાસેથી એક ચીજ માંગવી હતી. તેટલા સારૂ મેં ધારીઊં જે હું જો રીશાઈ બેસુતો મને જલદીથી મલશે. પણ હવેથી હું કદી રીશાઈસ નહીં."

પીરોજશા—"તમે જે કાંઈ માંગશો તે જો વાંજબી અને ઘટતું હશે તો હું આપવાને અને તમને ખુશી રાખવાને હમેશ તઈઆરછું. રીશાઈ બેઠાથી તમને કાંઈ પણ ચીજ મલનાર નથી તે તમે ખાતરીથી જાણજો.

નેક અને કુળવંત સ્ત્રીઓ કદી પોતાના ભરથાર* સાથે
રીશાતી નથી. હવે જારે તમોએ માફ માગી તારે ત
મારી ઊપર વધારે ગુસે થવાને વાજબી વીચારતો ન
થી. તમને જે ચીજ જોઈતી હોએ તે સુખેથી માંગો"

ગુલબાઈ—" ગઈ કાલે આપણા સગા મંનચેર
સાને તાંહાં હું ગઈ હતી. તેના ધણીઆણી પીરોજ
બાઈએ એક નવી અને સુંદર નથ પેહેરી હતી. તેવી
નથ પેહેરવાને મને ઘણી હોંશ થઈછે. વાસતે તમે મે
હરબાની કરીને પીરેજબાઈના જેવી નથ કરાવી
આપો."

પીરોજશા—"પેઆરાં ગુલબાઈ તમે જે કાંઈ માં,
ગો અથવા બોલો તેની અગાઊ સારી પેઠે વીચાર ક
રવાની ટેવ રાખો તો ઘણું સારૂ. તમને પીરોજબા
ઈના જેવી નથ પેહેરવાની હોંસ થઈછે તેમ મને પણ
સર જમશેદજીનાં ઘેરનાં જેવું મોટું ઘેર બાંધવાની ઘ
ણી હોંશ થાએછે. પણ કેહેવત પરમાણે તવંગરોની હ
વેલી જોઈ ગરીબોથી પોતાની ઝુપડી તોડી નખાતી
નથી."

ગુલબાઈ—" મારા વાહાલા ભરથાર તમે જે કે
હોછો તે ખરી વાત પણ પીરોજબાઈના જેવી નથ ક
રાવવામાં મોટું ઘર બાંધવા જેટલા પઈસા લાગવાના ન
થી. તમે ચીન જઈને કમાઈ આવેઆછો અને હાલ
હીંઆ દર માસે બસો રૂપીઆ પેદા કરોછો વાસતે ત
મે જો પીરોજબાઈના જેવી મને એક નથ કરાવી આ
પશો તો તમને ઘણુ ભારે પડનાર નથી."

પીરોજશા—" તમારા જેવી પારસી ટોલમાં ઘ
ણી ઓરતોછે. ભરથાર જરા કમાતો કારવતો થઓ
કે પોતાને વાસને તથા પોતાના બચાંઓને વાસતે બી
જાઓના જેવી જણસો કરાવવાને ઘણી બોહોસ કરે
છે અને જાંહાં શુધી તેવી જનસ કરાવવામાં આવતી
નથી તાંહાં શુધી ઘરમાં કંકાસ અને કજીઓ લઈ બે
શેછે. એવી નઠારી અને હઠીલી અસતરીઓથી એક
બીજાનું જોઈને કરવા કારવવાની ચાલ આપણામાં
ઘણીજ વધી ગઈછે. પીરોજબાઈએ આવી નથ પેહ
રી, માણેકબાઈએ આવું એરીંગ પેહેરીઊં અને જર
બાઈના છોકરા નાદરશાહે આવી નેકલેસ પેહેરી વાસ
તે તેવી નથ, તેવી એરીંગ, તેવી નેકલેસ આપણા ઘ
રમાં કરાવો એવી હઠ તમારા જેવી સીઓ વારેવાર
લઈને બેસેછે. પારસીઓમાં ઊંચાં કપડાં અને ઊં
ચી જણસો પેહેરવાની પતરાંજી અને ફીસીઆરી હાલ
જે વધી પડીછે તે તમારાં જેવી નઠારી ઓરતોને લીધે."

ગુલબાઈ—" વાહાલા ભરથાર હું કાંઈ એવી ન
ઠારી અને હઠીલી ઓરત નથી. તમે જુઓ મારી
નથ કેહેવી ખરાબ અને બે ડોળ થઈ ગઈછે. એવી
નથ પેહેરવાના કરતાં ન પેહેરવી એ વધારે સારૂં લા
ગેછે. વાસતે તમે મને એક સારી અને પેહેરવા લાએ
કની નથ કરાવી આપશોતો તેમાં કાંઈ મોટી રકમ લા
ગવાની નથી."

પીરોજશા—" પેઆરાં ગુલબાઈ, તમે નથ મુદ
લ નહીં પેહેરશોતો હું વધારે ખુશી થઈશ. નથ પેહે
રવાથી તમારૂ મોહોડું મને ઊલટું બેડોળ અને બદસી
કલ દીસેછે. વાસતે તમે જુની નથ નહીં પેહેરશો તો
હું ઘણોજ ખુશી થઈશ. અને જે ચીજથી તમારો
ચેહેરો બે ડોળ દીસે તે ચીજ પછવાડે નાણાની મો
ટી રકમ રોકવાને હું મુદલ ચાહાતો નથી."

ગુલબાઈ—"તમને પઈસા ખરચવા પડે એટલા
માટે તમે આહું બોલોછો. નથથી ઓરતનો ચેહેરો કે
વો દીપી નીકળેછે તે સરવે કોઈ સારી પેઠે જાણેછે."

પીરોજશા—" વારૂ જારે તમને નથ પેહેરવી ગ
મેછે તારે હું તમારે વાસતે નથણી કરાવું અને તમા
રા પગમાં પેહેરવાને પોલલાં અથવા કલ્લાંબી કરાવું."

ગુલબાઈ—" નથ કરાવી આપવાની તમારી મ
રજી નથી વાસતે તમે મશકેરીમાં વાત ઊડાવી નાખ
વા માંગોછો. શું આપણા બઈરાંઓને કલલાં અથવા
પોલલાં સોભે ?"

પીરોજશા—" જારે નથ સોભે તારે કલલાં અ
થવા પોલલાં શા વાસતે ન સોભે તે હું સમજી શકતો
નથી. હીંદુની અસતરીઓ નથ પેહેરવામાં શોભા સ
મજેછે તેમ પોલલાં પેહેરવામાં સમજેછે. વાસતે તમે પ
ણ પગમાં પોલલાં પેહેરશોતો તમારા પગને સોભા મલશે."

ગુલબાઈ—"બળી એ સોભા. પગમાં બેડી ઘાળી
ને એવી સોભા માહારે જોતી નથી. બેડી તો બેડી પ
ણ પગ ઊલતા બેડોળ દીસેછે."

પીરોજશા—તમને બે ડોળ દીસેછે તેમ હીંદુઓ
ને કેમ દીસતા નથી વારૂ."

ગુલબાઈ—"હું ધારૂં છું કે તેઓને કલલાં પેહેર
વાની અસલથી ટેવ પડી ગઈછે તેથી તેઓને બેડોળ દે
ખાતાં નથી."

પીરોજશા—"હવે જેમ તેઓને ટેવ પડી ગઆથી પેલલાં બેડોળ દીસતાં નથી તેમજ તમને ટેવ પડી ગઆથી તમારી નથ તમને બે ડોળ દીસતી નથી. ભાટીઆણીઓ પગમાં મોટા અને જાડા કલ્લાં પેહેરેછે, નાકમાં મોટો નથડો જાડા ડાંડાનો લટકાવેછે અને કાનમાં મોટો અકોટો ગોટું વીંધ (આંધરૂ) પાડીને પેહેરે છે તે તેઓને મનથી ઘણું શોભીતું દીસેછે. કેટલીએક વાણીઆની અસતરીઓને તેવું ગમતું નથી. તેથી તેઓ પગમાં પાતલા કલાં અથવા અઠાશીઆં પેહેરેછે, નાકમાં પારસીઓના જેવી નથ પેહેરેછે અને કાનમાં નાહાનો અકોટો પેહેરેછે. લુવાણીઓ અને મોચણો કાનમાં લાકડાંના મોટા મોટા દટા કરીને પેહેરેછે તેમ ભાટીઆણીઓને પેહેરવું ગમતું નથી. ગરીનલાંડ દેશની ઓરતો ગમે તેવી ખુબસુરત હશે તોપણ જારે બાહાર નીકલે તારે પોતાના ચેહેરા પીલા તથા આશમાની રંગના રંગવા જોઈએ. ચેહેરા ઊપર રંગ ચોપડેઆથી તેઓના ચેહેરાને સોભા મલેછે એમ તેઓ સમજેછે. પણ અતરેની મોચણો તથા ઘાંચણો પોતાના ચેહરા રંગવાને ચાહાતી નથી. આ ઊપરથી ગુલબાઈ તમે શું સમજીઆં? માંણસ જંગલી હાલતમાંથી જેમ જેમ સુધરાઈની હાલતમાં આવતું જાએછે તેમ તેમ ચેહેરાને શોભાવવાના વીચારો બદલાતા જાએછે. ગરીનલાંડની જંગલી ઓરતો કરતાં અતરેની ઘાંચણ મોચણો વધારે સુધરેલા વીચારનીછે તેથી તેઓ પોતાના ચેહેરાને પીલો અથવા આશમાની રંગ લગાડતી નથી. ભાટીઆણીઓ, મોચણ તથા ઘાંચણના કરતાં વધારે સુધરેલી હાલતમાંછે તેથી તેઓ લાકડાના મોટા મોટા દટાઓ પોતાના કાનમાં ઘાલતી નથી. વાણીઆઓ ભાટીઆઓના કરતાં વધારે સુધરેલાછે તેથી તેમની ઓરતો ભાટીઆ તથા ખોજા મેહમણોની ઓરતની માફક જાડા જાડા કલ્લાંઓ તથા મોટા મોટા નથડા અને અકોટાઓ પેહેરતી નથી. પારસીઓ વાણીઆ કરતાં વધારે સુધરેલાં વીચારનાછે તેથી તેમની ઓરતો પગમાં કલ્લાં અને કાનમાં અકોટા પેહેરતી નથી. પારસણ થોડા વરસ ઊપર પગમાં કલ્લાં પેહરતી હતી પણ હાળ પેહેરવાં ગમતાં નથી. તેમજ વધારે સુધરાઈના વીચાર વાળાઓને નાકમાં નથ પેહેરવી ગમતી નથી. સુંદર અને નાજુક નાકમાં વીધ (આંધરૂ) પાડીને તરણ મોતી લટકાવવો એ પણ એક જંગળી પણાની નીશાણીછે. તમે જારે નથ પેહેરોછો તારે તમારો ચેહેરો જરા બે ડોળ થએલો જોઈ મને ના ખુશી ઊપજેછે. વાસતે તમે જો નથ પેહેરવાનુ માંડીજ વાળશો તો હું ખુશી થઈશ."


ગુલબાઈ—"વાહાલા ભરથાર તમારી મતલબ હું સમજી. દરરોજ હમને નથ પેહેરવાની ટેવ પડી ગઈ છે તેથી હમારો ચેહેરો હમુને ખરાબ દીસતો નથી. પણ ભાટીઆની સ્ત્રી નથડો પેહેરેછે અને તેઓનો ચેહેરો હમને બે ડોળ દીસેછે તેમજ હમારી નથ જોઈ તમારા જેવા વીચાર વાળાઓને હમારો ચેહેરો બેડોળ દીસતો હોએ તેમાં નવાઈ નથી. હરએક સ્ત્રીએ પોતાના ભરથારની નજરમાં ખુબ સુરત દેખાવવાની તજવીજ કરવી ઘટેછે. વાસતે જે ચીજથી હું તમને બદશીકળ નજર આવુંછું તે ચીજ હવેથી હું પેહેરનાર નથી."

પીરોજશા—"પેઆરાં ગુલબાઈ હું તમારી રૂડી સમજ જોઈને ઘણોજ ખુશી થઓછું. ઓરતોની મોટી ફરજ એછે કે પોતાના ભરથારોને હમેસ ખુશી અને સુખી રાખવા. તે ફરજ તમે સમજોછો તે જોઈ હું ઘણોજ ખુશી થઓછું. હવે ચાલો આપણા બીબીને કેહો કે આપણે વાસતે ભોણું લાવે."

## વાદળ તથા વરસાત.


હાલ વરસાતની મોસમછે તેથી વાંચનારી બાઈઓ તમે વાદળ તથા વરસાત વીશે થોડું ઘણુ જાણવાની ખાએસ રાખતા હશો. તમોએ ચાહેની કીટલીમાં પાણી ઊકલતાં જોએલું હશે. તેમાંથી જે બાફ નીકળેછે તે બાફ હવામાં ઊંચો ચહડેછે. જારે ઘણો બાફ જમાવ થાએછે તારે વાદળાં થએલાં માલુમ પડેછે. આપણે ભીનાએલું કપડું હવામાં અથવા ટડકામાં સુકવવા મુકીએછે તેમાંથી પાંણીનો ભાગ સુકાઈ ગઆ પછી કાંહાં જતો રેહેછે તે વીશે કદાચ તમોએ વીચાર કીધો નહીં હોએ. તે પાણીનો ભાગ બાફ થઈને હવામાં ઊંચો ચહડેછે અને થોડી ઊંચાઈ ઊપર જઈને બીજા બાફની સાથે એકઠો થાએછે. આપણે વારેઘડીએ પાણી ઊકાલીએછે તેમાંથી જેટલો પાણીનો ભાગ ઓછો થાએછે તેટલો બાફના આકાર

માં ઊડીને એકઠો થાએછે. સુરજના તાપથી અને સુરજની ગરમીથી સઘલા કુવા, તલાવ, નદી, નાળા, સરોવર, અને સમુદર મધેથી દર ઘડી અને દર પળે પાણી ઓછું થતું જાએછે. તે બાફના આકારમાં ઊડીને એકઠું થાએછે. એ સઘલો એકઠો થએલો બાફ તેના નાહાના મોટાં વાદળાં બનેછે. તે વાદળાં ઘણુ કરીને બે માઈળથી વધારે ઊંચા હોતા નથી. જેની તરફ પવન ફુંકેછે તેની તરફ વાદળાં ઘસડાઈને એકઠા થાએછે. જારે બાફનો જમાવ થોડો થએલો હોએછે તારે નીચે જણાવેલા આકારના વાદળાં દેખાએછે.



ઊનાળાના દીવસમાં આંવા વાદળા જુદા જુદા રંગના દેખાએછે. પણ ચોમાસામાં અથવા વરસાતની મોસમમાં વાદળાં ઘણા જાડાં અને કાલાં દીસેછે. જુવો નીચેનો આકાર તેમાં વાદળ ઘણુજ પાણીથી ભરેલું કાળા રંગનું માલુમ પડેછે.

મે ળ
પરો તે




પીરોજા ભરેલાં વાદળાને ઠંડી લાગીઆથી બાફ
ણી ઓરતોછે. ...એછે અને તે પાણી દર અથવા વર
કે પોતાને વાસને તથા પો...ર પડેછે. આપણી કી
જાઓના જેવી જણસો કરાવવાને ઘણા એક વાશણ
છે અને જાંહાં શુધી તેવી જનસ કરાવવામાં એક ઠં
નથી તાંહાં શુધી ઘરમાં કંકાસ અને કજીઓ લઈ બે
શેછે. એવી નઠારી અને હીલી અસતરીઓથી એક બીજાનું જોઈને કરવા કારવવાની ચાલ આપણામાં ઘણીજ વધી ગઈછે. પીરોજબાઈએ આવી નથ પેહરી, માણેકબાઈએ આવું એરીંગ પેહરીશે અને જરબાઈના છોકરા નાદરશાહે આવી નેકલેસ પેહરી વાસતે તેવી નથ, તેવી એરીંગ, તેવી નેકલેસ આપણા ઘરમાં કરાવો એવી હક તમારા જેવી સ્રીઓ વારેવાર લઈને બેસેછે. પારસીઓમાં ઊંચાં કપડાં અને ઊં

તરફથી પાણીથી ભરાએળાં વાદળાં આપણી તરફ ઘસડાઈ આવેછે. જે દેશમાં પાહાડ ઘણા હોએછે તે દેશમાં વરસાત પુશકળ પડેછે.

---

## "લીઈ બુ" નામનો એક જુવાન અને ચંચલ સાહાજાદો.



દુનીઆ ઊપર પાંચ માહાસાગર એટલે મોટા સમુદરછે, તે મધે પાસીફીક નામનો સમુદર સહુથી મોટોછે. એ માહાસાગરમાં હજારો નાહાના મોટા ટાપુઓ આવેલાંછે તે મધે પીલુ નામના ઘણાએક ટાપુઓ પાસે પાસે આવેલાંછે. એ ટાપુઓની પાસે ૧૭૮૩ના વરસમા ઈસટ ઈંડીઆ કપનીનું એક બારકસ જોખમાએશે હતું. તે બારકસનો હેનરી વીલશન નામનો કપતાન અને બીજા ખલાસી તથા ઊતારૂઓ તે ટાપુઓ ઊપર જઈને ઊતરીઆં. તાંહાં
...જાએ તેઓને ઊતરવાની જગો આપી અ
શુસ...ને કેટલી વાતમાં ઘણીજ કીમતી મદદ કીધી.
ને એવી તાંહાં કેટલીએક મુદત શુધી રહેઆ અને એ
ણ પગ ઊ બારકસ નવું બનાવીશે: બારકસ બનાવવા
પીરોજાની કારીગરી ઊપરથી તાંહાંના રાજાએ તર
ને કેમ દીર...લ કરી લીધો કે એ લોકો હુનરનાં કામમાં
શુસબમાહીતગારછે તેથી જારે તેઓ તાંહાંથી નીકળે
વાની અસલ એ રાજાએ પોતાના "લીઈ બુ" નામના જુવા
ખાતાં નથી. ને કપતાનને હવાલે દીધો અને તેને ઈંગલંડ

દેશ મધ્યે લઈ જઈને સારી કેળવણી આપવા તથા એલ્મ હોનરથી વાકેફ કરવા ભલામણ કીધી. રાજાએ વીચારીઊં કે જારે એ સાહાજાદો ઈંગલંડ જઈ આવશે તારે પોતાનાં દેશને સુધારવાને તથા પોતાનાં દેશમાં નવા હોનર દાખલ કરવાને શકતીવાન થશે. કપતાન તથા તેના માણસોને એ રાજાએ આફ્તની વેળાએ ઘણી કીમતી મદદ કીધી હતી તેથી કપતાને મોટી ખુશીથી એ જુવાન સાહાજાદાને પોતાની સાથે લીધો અને જતી વેળાએ રાજાને કેટલીએક નવાઈ જેવી ચીજોની ભેટ કીધી.

પરીનસ "લીઈ બુ" અગાઊ કોઈ વેળાએ વાંહાણમાં બેઠો નહીં હતો. વાંહાણ થોડું આગળ ચાલેઆ પછી તે મોટી અચરતી તથા ગભરાટમાં પડેઓ. એક બે દીવસ પછી તેને ધીરજ આવી. ચીનના કોસતા ઊપર તે આવેઓ તારે જમીન તથા મછવાઓ અને વાહાણો જોઈને ઘણોજ અચરત થાએઓ. એવો દેખાવ તેને જનમમાં દીઠો નહીં હતો. મકાઊમાં જારે તે જમીન ઊપર ઊતરીઓ તારે કપતાનની સાથે કપતાનના ઈઊરોપીઅન ભીતરનાં ઘરમાં ગઓ. ઘર જોઈને તે એટલોતો અચરતીમાં પડેઓ કે તેનાથી કેવાઈ નહીં શકાએઊં કે તે ખુવાબ જોએછે કે ખરીજ જોએછે. તેણે કદી તેવું ઘર, તેવી દેવાલ, તેવી સીલીંગ જોઈ નહીં હતી. તે અચરતીમાં પડેઓ કે એવો સુંદર સીલીંગ તેઓ કેમ બનાવી શકેઆ હશે. તેણે કાચનાં વાસણ અથવા કાચની ચીજ કદી જોઈ નહીં હતી. તે જોવાથી તેની આંખ એટલીતો અચરતીમાં પડી કે તે અચરતીનો તે પોતે ખીઆલ કરી શકેઓ નહીં. તેણે મોહોડું જોવાની આરસી કદી જોઈ નહીં હતી. તે આરસીમાં પોતાની આખી તસવીર દેખાઆથી તે ઘણોજ અચરત થાઓ. તે આરસીમાં જોઈને તે હસવા લાગેઓ. આગલે અને પાછલે પગે ચાલેઓ અને તદંન અચરતીમાં ગરક થઈ ગઓ. વાહાણ ઊપરના માણસોએ કાચના મણકા ખરીદ કરીને તેને આપેઆ. તેથી તે એટલોતો ખુશી થઓ કે તેણે ગણેઆ તે લોકોએ હીરાના હારની અથવા લાખો રૂપીઆની બખશીશ કીધી હાએ. તેણે કપતાનને જણાવીઊં કે આવી અતીશે સોભીતી ચીજ મારા બાપે કદી જોઈ નથી તેથી કોઈ સાથે તેને જલદીથી પોહોચતી કરાવશે તો તે તેનો ઘણોજ આભાર માનશે.

તેણે પોતાના દેશમાં કદી ચોપગીઆ જાનવરો દીઠાં નહીં હતાં તેથી જારે કુતરો, બીલાડો, બકરો ગાએ તેને નજરે પડેઆં તારે તે મોટી અચરતીથી બોલી ઊઠીઓ કે આ કહી જાતનાં મોટા જાનવરો !! તે ઘોડો જોઈને તથા ઘોડા ઊપર સવાર જોઈને એટલો તો અચરત થઓ કે એ કહી જાતનું જાનવરછે તે તપાસવાને દોડેઓ. એ જાનવરનો ખોરાક શું, તેની ઊપર કેમ બેશાએ એ બાબે કેટલાએક સવાલો પુછી આવેઓ. રાજાનો છોકરો જંગળીનાં જેવો તદન અણજાણો તેથી આસ પાસના લોકો તેનાથી ઘણી ગમત મેલવવા લાગેઆ. કનતાનના મોટાં મોટાં ઘરો અને દુકાનો જોઈને પણ તે અતીશે અચરત થએઓ. કંનતાનથી જારે ઈંગલંડ જવાને કપતાનની સાથે તે નીકલેઓ તારે દરીઆમાં જે જુદા જુદા વાહાણો મલતાં હતાં તેઓ કહા કહા બંદર મધે જાએછે તે જાણવાને તે ઘણોજ આતુર હતો. તે દરએક વાંહાણ જોતો જાએ અને પોતાના રૂમાલ ઊપર ગાંઠ મારતો જાએ અને થોડી થોડી વાર રહીને ઈઆદ કરે કે ફલાંણું વાહાણ ફલાણે બંદર રવાને થીઊં. જારે સેંટ હેલીના આગળ આવી પોંહાચેઓ તારે તાંહાંના કીલાં ઊપર સોલજરો તથા તોપના ગોલાઓ જોઈનેબી ઘણોજ અચરત થએઓ. ઈંગલંડ જારે જઈ પોહાચેઓ તારે તેની અચરતીની કાંઈપણ હદ રહી નહીં. દરએક ચીજ અને દર એક વસતુ તેને નવાઈ જેવી દીસવા લાગી. તે સમજી શકેઓ નહીં કે તે બેહસતમાં છેકે ખુવાબમાં. તે વારે ઘડીએ બોલેઆ કરે કે "સઘળો મુલક સારો, સઘળા મોહોલા સારા, સઘળા ગાડી ઘોડા સારાં, ઘર ઊપર ઘર આશમાન શુધી ઘર." !!

ઈસટ ઈંડીઆ કંપનીનાં ડરેકટરો સાથે કપતાન વીલસને તે સાહાજાદાની ઓલખાણ કરાવી, અને તે સાહાજાદાના બાપે તેઓને કેવી કીમતી મદદ કીધી હતી તેથી તેઓને વાકેફ કીધા. ઈંગલંડમાં તે સાહાજાદો સઘળી વાતે સુખ પામેઓ. દરરોજ તેનું મન અચરતીમાં ગરક થઈ ગએલું રેહતું હતું. દરરોજ નવી ચીજ જોવાની અને જાણવાની તે ઘણીજ ઊલટ રાખતો હતો. કપતાને તેને ઈસકુળ મધે કેળવણી આપવા મોકળેઓ. નીશાળના સઘળા છોકરાઓનું તે એક રમકડું થઈ પડેઓ. સઘળા છોકરાંઓ તેની ઊપર પેઆર રાખવા લાગેઆ. કપતાનને અને કપતાનની

સ્રીને તે પોતાના મા બાપ પરમાણે ગણતો હતો. કપ તાનની સ્રીને " મા " કહીને વારેઘડીએ બોલાવતો હ તો. તે ખાવા પીવામાં અંદાજો રાખતો હતો. તે ઈ ગરેજી પોશાક પેહરતો હતો. ઈંગરેજી ભાશા થોડી થો ડી બોલવા લાગેઓ. કપતાનની સાથે નાચ અથવા મેજબાનીમા જતો તારે તે ઘણીજ સળુકાઈ અને ગં ભીરાઈથી જતો હતો. કપતાનના છોકરાંને તે પોતા ના સગાભાઈની પેઠે લેખતો હતો.

ઈંજલંડના ઘણાએક લોકોનો તેણે પેઆર મેળ વેઓ અને વાંચવા લખવામાં થોડીએક માહીતગારી મેળવી તેટલામાં તે બીચારાને સીતલાનો મરજ. લાગેઓ. તે મરજમાંથી સારો થવાની આશા રહી ન હીં. કપતાને ઘણાબી ઊપાઓ કીધા પણ આખેર તે ની આશા ડાકટરે છોડી. મરવાની એક બે દીવસ અ ગાઊ તેણે આરસીમાં પોતાનું મોહાડું ઘણુજ બદ શી કળ થએલું જોઈને પોતાનું દાકું ઘણીજ દલગી રીથી હીલવીઊં. અને વારેઘડીએ બોલવા લાગો કે મારા મા બાપ જારે જાણશે કે હું આવો આજારી અને બદ શીકળ થઈ ગઓછું તારે તેઓ કેટલાં બધાં દલગીર થશે. મરતી વેળાએ તેણે પોતાના ચાકરને કહ્યું કે " મારા પીઆરા મીત્ર જારે તું પીલુના ટાપુ તરફ જાએ તારે મારા બાપને કેહજે કે સીતલાના મ રજમાંથી છુટવાને " લીઈ બુ " એ ઘણાબી ઓશડ પીધાં પણ તે મરી ગઓ. બીજું કેહજે કે કપતાન અ ને તેની ઓરતે મારી ચાકરી તથા બરદાસત ઘણીજ સારી રીતે કીધીછે. તેઓ મારી ઊપર ઘણુ હે ત રાખતા હતા. સઘળા ઈંગરેજો ઘણા સારા માણસો છે. બીજું કેહજે કે ઈંગરેજો પાસે તરેહ તરેહની ન વાઈ જેવી વસતુઓછે તે વસતુઓ વીશે તમોને વાકેફ ક રવાને હું જીવી શકીઓ નહીં. મારી પાસે જે જે ન મુનાની વસતુઓ એકઠી થએલીછે તે મારા બાપને જરૂર પોહાચાડજે,"

" લીઈ બુ " ના આ છેલા બોળ સાંભલી તેનાં ચાકરની તથા કપતાન અને તેની ઓરતની આંખો માંથી આંશુઓ પડેઆં. પરીનસ " લીઈ બુ " મરણ પામીઓ. કપતાને તેના મરણની ખબર ઈસટ ઈંડી આ કંપનીના ડરેકટરોને કરી. ડરેકટરોએ તેના મરણની કીરીઆ આબરૂ ઈજત સાથે કરવાનો હુકમ કીધો. તે કીરીઆમાં હજારો ઈંગરેજો સામેલ થઆ.


પરીનસ " લીઈ બુ " ની કબર ઊપર ઈસટ ઈં ડીઆ કંપનીએ એક કીમતી મીનારો બંધાવીઓ. તે મીનારા ઊપર એવો લેખ કોતરીઓ કે " પીલું ટાપુ ઓનો સાહાજાદો પરીનસ " લીઈ બુ " ૧૭૮૪ ના ડીસેમબર મહીનામાં મરણ પાંમીઓછે. પીલુના રા જાએ ઈસટ ઈંડીઆ કંપનીના વાંહાણના સઘળા ખ તારૂઓને કીમતી મદદ કીધી તેથી તેના છોકરાની ઈ આદગારી મારે આ મીનારો ઈસટ ઈંડીઆ કંપનીએ બંધાવેઓછે." આવો લેખ કોતરવામાં આવેઓ. બી ચારો પરીનસ " લીઈ બુ " ઈંગ્લંડ મધે ફકત ૬ મ હીના જીવીઓ. તેના બાપને તેના મરણથી ભારે દલ ગીરી ઊપજી.

---

## બરલીન ઊલ અથવા ઊનનું ભરત.

ઓરતોને વાસતે ભરવા તથા ગુથવાનો હોનર હાલ જેટલો કીમતી તથા ઊપીઓગી થઈ પડેઓછે. તેટલો કોઈપણ હોનર કીમતી તથા ઊપીઓગી થએ લો માલુમ પડતો નથી. એ હોનરમાં હાલ એટલોતો સુધારો થઓછે અને હજુરબી થતો જાએછે કે ઓરતો ની ગુંથેલી તથા ભરેલી ચીજો તવંગરો પોતાના ઘર ના શીણગારને મારે મોટી ઊલટથી ખરીદ કરેછે. ઈઊ રોપખંડમાં હજારો ઓરતો એ કીમતી હોનરથી પો તાનો તથા પોતાના કુટંબનો ગુજારો ચલાવેછે અને હજારો ઓરતો પોતાના શોખ અથવા ઊપીઓગને વા સતે એ હોનર પછવાડે પોતાનો વખત રોકેછે. ઈંગ લંડ દેશ મધે ૧૮૫૫ ના આખેર થતા વરસમાં નજદી ક પાંચ લાખ રૂપીઆની કીમતનો ભરેલો તથા ગુથેલો માલ બાહારના દેશો ખાતેથી વેચવાને આવેઓ હતો; અને તેને બીજે વરસે નજદીક ૭। લાખ રૂપીઆનો એ જાતનો માલ આવેઓ હતો. તે શીવાએ ઈંગલં ડમાં જે બનેઓ હતો તે જુદો. આ પરમાણે ભરવા ત થા ગુંથવાના કામમાં જે ઓરતો લાગેલીછે તેઓને દીન પર દીન ભારે ઊલટ મલતી જાએછે તેથી તેઓએ પોતા નાં કામમાં ઊલટ રાખી, સુધારો ઘણોજ કીધો.

હાલ બરલીન ઊલ અથવા ઊન ભરવાના હો નરમાં પણ ભારે સુધારો થઓછે. આપણી દે શી સ્રીઓમાં ઊનનું ભરત ભરવાનો શોખ દીનપર દી




ન વધવા લાગેઓછે પણ એ હોનરમાં ઈઉરોપીઅન સ્ત્રીઓની બરોબરી કરવાને હજુર ઘણી મુદત જોઈએ.

આ પાસે જે ચીત્ર આપીઉંછેતે સુંદર અને સોભીતા રોપાનાં પાતરાનુંછે. તે ઉનથી ભરેલુંછે. જુવો તે કેવું ખુબ સુરત અને સુંદર દીસેછે. ઉનથી જે તરેહવાર બુટા અને તરેહવાર ચીજો ભરવામાં આવે છે તેથી જોનારને સંતોશ ઉપજેછે. દેશી સ્ત્રીઓને એ હુનરમાં અછી માહેતગારી મલેલી જોવાને હમો ઈછીએછે. ઉનથી ભરેલા એક સુંદર ફુંલના કુંડાનું ચીત્ર હમો આવતાં આંકમાં આપશું.

હાલ કાસીનાથ ગંગાધર નામના હીંદુએ એક નાહાની ચોપડી ગુજરાતીમાં બનાવીને પરગટ કીધીછે તે ચોપડીમાં કંનતાન ઉપર ઉનનું ભરત ભરવાની રીત કેટલાંએક ચીત્રો સાથે દેખાડવામાં આવીછે. એ ચોપડીની એક નકલ હમારી ઉપર મોકલવામાં આવીછે. જે બાઈઓ ઉનનું ભરત શીખવાની ખાએસ રાખતી હોએ તેઓને એ ચોપડી ઘણી ઉપીઓગી પડશે. ઉનનું ભરત શીખવાની શરૂઆતમાં શું શું બાબતો જાણવી જોઈએ તે હમો એ ચોપડી ઉપરથી નીચે પરગટ કરીએછે.

## ઉનનું ભરત શીખવાની શરૂઆતમાં જાણવા જોગ મુખીઅ બાબદો.

ઉન કનતાન ઉપર ભરવામાં આવેછે. કનતાન ઘણીએક જાતનું આવેછે. એક તાર વાળું, બે તાર વાળુ, રેશમી, જરમન, જાવા તથા રેલવે એવી જુદી જુદી જાતનું કનતાન આવેછે. એક તારવાલું કનતાન મજબુત હોએછે. ઉન ભરવાના નાંકાં એક સરખે તશવતે હોએછે. એ ઉપર ગજરાં તથા વેણીઓ જેવા ગોળ આકાર પાડવાને ઘણુ સેહેલું પડેછે.



પેહેલું ચીતર જે અતરે આપેલુંછે તે એ જાતના કનતાનનુંછે. નવા શીખનારાઓ એ જાતનું કનતાન વાપરતા નથી. તેનો એક તાર તુટીઓતો ભરતની શોભા જતી રેહેછે. જારે જીવ રાખીને બારીક કામ કરવું હોએ તારેજ એક તારનું કનતાન વાપરવામાં આવેછે. નવા શીખનારાઓએ બે તારનું કનતાન વાપરવું જોઈએ. એ કનતાનમાં બે આડા અને બે ઉભા તાર આ




વેછે. અતરે જે બીજું ચીતર આપીઉંછે તે બે તારના કનતાંનનુંછે. નવા શીખાઉને એ કનતાન ઠીક પડેછે. એ કનતાન ઉપર ભરવામાં કાંઈ ચુક થઈ હોએ અથવા રંગીન ઉનના તાર ગુચવાઈ ગઓ હોએતો તે ગુચ છોડવવાને બની શકેછે. તેમાનો એક તાર તુટીઓતો બીજો કામ આવેછે. જરમન કનતાનમાં દરએક દસમે તારે જુદા જુદા રંગનો એક તાર આવેછે. તેથી કરીને તાર ગણવાને સવળ પડેછે. પણ એ કનતાનના તાર સરખે તશવતે હોતા નથી. રેશમી કનતાન, તરેહ તરેહના રંગના ઝાડ, બંગળા, વેળ, બુટી પાડવામાં ઘણુ ઉપીઓગી પડેછે. તે ઉપર ભરત ઘણું સોભી નીકળેછે. પણ તે મોઘું વેચાએછે. રેલવે કનતાન જાડા કુમાસનું આવેછે. તે વાવટા તથા પરદા બનાવવાના કામમાં આવેછે. એ કનતાનમાં એક તસુ જગામાં આઠ તાર હોએછે. એ જાતના કનતાનનું ચીત્ર





અતરે આપીઉંછે. એ ઉપર ઉન ભરવું હોએ તારે ચોકઠામાં ઘાળીને આઠ તારના ઉનથી આડા ઉભા ટાંકા લઈને ભરવું પડેછે.

ઉનનું ભરત ભરનારી બાઈએ પોતાની પાસે લાકડાંનું એક ચોકઠું જેને "રાચ" કરીને કેહેછે તે પાસે રાખવું જોઈએ. એવા "રાચ" નાહાના અથવા મોટા બજારમાં તઈઆર મળેછે. તે ઉપર કનતાન ભરવું ઠીક પડેછે. તેની કીમત ઘણુ કરીને બેથી દસ રૂપીઆ શુધી પડેછે. એ "રાચ" નો આકાર નીચેના ચીતરમાં આપેઓછે.





કનતાન ઊપર મુળ ટાંકા પાંચ જાતના ભરવામાં આવેછે. તે દરએક ટાંકાનાં નામ જુદા જુદા હોએછે. (૧) તીરકસ; (૨) આડો ઊભો; (૩) બુટેદાર; (૪) આઈરીશ; (૫) જરમન; એવા પાંચ જાતના મુખીઅ ટાંકા આવેછે. પેહેલી જાતનો એટલે તીરકસ ટાંકો કાહડતી વેળા એ કનતાનની ડાબી બાજુના ખુણા તરફથી નીચલા તાર ની નીચેથી તીરકસ કાહાડવાનુ શરૂ કરવું. તે એવી રીતે કે જમણી તરફથી સોઈ લાવી નીચેની ડાબી તરફ કાહાડવી. એજ ટાંકાજેમ ઊપર નીચે કાહાડેછે તેમ ઊપરથી કાહાડેઆ તો તે કાહાડવાને સેહલું પડેછે. બીજી જાતનો એટલે આડોઊભો ટાંકો કનતાનના બે આડા તથા ઊભા તારો ઊપર કાહડવામાં આવેછે. ટાંકો કાહાડતી વખતે સોઈ ઊપરથી ડાબી તરફ લાવીને નીચેની જમણી તરફ કાહાડવી. એટલે અરધો ટાંકો થએઓ. પછી સોઈને પાછી જમણી તરફ લાવીને અરધાં ટાંકા ઊપરથી નીચે ડાબી બાજુ તરફ કાહાડવી એટલે આખો ટાંકો થએઓ. તીજી જાતનો એટલે બુટેદાર ટાંકો કાહાડતી વેળાએ કનતાનના બે આડા તથા એક ઊભા તારની ઊપર કાહાડવો. એ ટાંકો સોબીતી તસવીરો, ફુલો, પાંતરાં ઈતીઆદી કાહાડવાને ઘણું કરીને કામમાં આવેછે. એ ટાંકાની શોભા બારીક કનતાન ઊપર સહુથી સરસ દેખાએછે. ચોથી જાતનો એટલે "આઈરીશ" ટાંકો ઘણો સેહલોછે અને તે જલદીથી કહડાએછે એ ટાંકાંમાં હારદોર ઊભી લીટી હોએછે. પેહલી લીટીની ઓળને સારૂ સોઈ નીચેથી કનતાનના ખાલી ભાગ ઊપરથી પોરવીને બાહાર કાહાડવી, ને પછી તેને ચોથા તારના ઊપરના નાકામાં ઘાળવી. પછી તેજ ટાંકાની પાસે કનતાનની નીચેથી બે તાર લેવા તથા સોઈ ઊપર કાહાડવી અને તરત તે સોઈને ચોથા તારના ઊપલા નાકામાં ઘાળવી. એટલે બીજો પાસેનો ટાંકો થાએછે અને સોઈ કનતાન તળે રેહેછે. તે તેમજ રેહેવા દઈને નીચેથી બે તાર લેવા અને પેહેલા ટાંકાની ઊપરના નાકાં માહેથી સોઈ કાહડવી. તારપછી પેહેલીવારની પેઠે ચોથા તારના ઊપરના નાકામાં સોઈ ઘાળવી. એ પરમાણે એક પછી એક પાસે પાસે ટાંકા લેતા જવું. પાંચમી જાતનો એટલે જરમન ટાંકો ઘણું કરીને ચોથી જાતનોછે. એઓમાં તફાવત એટલોજકે આ ટાંકો તીરકસ લેવામાં આવેછે. એનો પેહેલાં ટાંકો લેતી વખતે કનતાન માહેનું એક ઘેર ઊનના દોરાના-પેટામાં લઈને બીજા ઘેરમાં તીરકસ કાહાડવો તેમજ બીજો પાસેનો તીરકસ ટાંકો લેતી વેળાએ સોઈ કનતાનની નીચેના ભાગમો રાખવી. તાંહાંથી તે સોઈને પાસેનો તીરકસ ટાંકો લેતી વખતે ઊપલું એક ઘેર છોડીને તે નીચેના ઘેરમાથી સોઈ ઊપર કાહાડવી. એટલે પાસેનો ટાંકો થએઓ. પછી પેહેલી વારની પેઠે ટાંકો લઈને પાસેનો બીજો ટાંકો લેવો, એ પરમાણે પછીના ટાંકા લેતા જવું. આ પાંચ મુળ ટાંકા આવડેઆ એટલે ઊનનું ભરત શીખવાનું ઘણુ સેહલું પડેછે.











## નેક અને ગુણવાન ઓરત.

—o—

"અરે નેક અને ગુણવાન ઓરત ! તું ડાહાપણની વાત ચીત દઈને સાંભલ અને સતીઅના નીઅમને તારા હઈઆમાં રાખ. એથી કરીને તારા મગજનો ચલકાટ તારા ખુબસુરત અને સુંદર ચેહેરાને વધારે શોભા આપશે અને એક ગુલાબના ફુલની પેઠે તારી ખુબસુરતીનો બાહાર કરમાઈ જશે તોપણ તેનો મીઠો વાસ કદી જતો રેહેશે નહી.

"તારી જુવાનીના બાહારમાં અને તારા ખીલતા વખતમાં જારે માણસ જાતની નજર તારા સામુ ખુશીથી જોએ તારે ઓ અબળા નારી! તું સાવચેતીથી તેના વચન સાંભલ, તારૂં દીલ મજબુત રાખ અને તેઓના નરમ અને મીઠા બોલવા ઊપર ભુલાવો ના ખા. તું ઈઆદ રાખજે ઈશવરે તને માણસનાં સુખ દુખમાં ભાગ લેવાને ઊતપન કીધીછે અને ફકત તેના કામરૂપી વીકારને વસ થવાને ઊતપન કીધી નથી. સંસારના જંજાલ ભરેલા ખટલામાં તેને મદદ કરવાને તારા નરમ સવભાવથી તેને દીલાસો આપવાને અને તેની આપદા અને ફીકર ઓછી કરવાને ઈશવરે તને પેદા કીધીછે.


"જે સ્ત્રી ભરથારનું દીલ રીજવેછે, જે સ્ત્રી ભરથારને પોતાનાં પેઆરમાં ખેંચેછે તે સ્ત્રી કોણછે તે જુવો. તે સ્ત્રી કેવી નરમાસથી ચાલેછે, કેવી મીઠી અને મધુર વાણી બોલેછે, કેવી ભલી અને કપટ વગરની છે!! તે આળસુ બેસી રેહેતી નથી અને બાહાર હુંઈથી તંહી ભટકીને ખુશી થતી નથી. તે પોતાના કપડાં સવછ અને નીરમળ રાખેછે. ખાવા પીવામાં તે અંદાજો અને પહરેજી પાળેછે. નમરતા ભરેલા અને રૂડા સભાવથી તે પોતાનું મોહોડું હસતું અને પેઆર ભરેલું રાખેછે. તેની જીભ મીઠા વચનથી અને મધુર વાણીથી ભરેલીછે. તેના હોઠ ઊપરથી મીઠા ફળ અને સુગંધી ફુલ ખરેછે. તે પોતાના ભરથારના સઘલા હુકમને તાબે થાએછે અને પોતાનો સઘલો વખત સુખ ચેનમો અને સહલા સંપમાં કાહાડેછે. હરએક કામમાં તે પોતાના ડાહાપણનો ઊપીઓગ કરેછે. અને પોતાના સઘળા કામકાજમાં પરમાણીક અને સદગુણી રેહેવાની તજવીજ કરેછે તેનું દીળ સદગુણથી ભરેલુંછે અને તેના અંતકરણમાંથી પરીતીનો ઝરો સદા વેહા કરેછે.

"જે માણસને એવી સ્ત્રી મલેછે તે માણસની જીંદગી સુખી જાણવી; જે પુત્રને એવી માતા મલેછે તે પુત્રને મોટો ભાએગવાન સમજવો. તે સ્ત્રી સવારના પરોઢીઆમાં ઊઠેછે, પોતાના ઘરનાં સરવ કામ કાજ વીશે વીચાર કરેછે અને દરએક કામ સારૂં અને પુરૂં કરવાની ગણતરી રાખેછે. પોતાના કુટંબની સંભાલ લેવાને તેને મોટી ખુશી ઊપજેછે. પોતાના કુટંબનું સુખ વધારવાને તેને સહુથી વધારે કાલજી રેહેછે. થોડા ખરચે તેનું ઘેર સુંદર અને રાચ રચીલું દેખાએછે. તે પોતાના બચાંઓને વારે ઘડીએ રૂડો બોધ અથવા ઊપદેશ કરેછે. તે પોતાની રૂડી ચાલથી છોકરાંઓની ચાલ સુધારેછે. સુખના વખતમાં તે ફુલાઈ જતી નથી. દુખના વખતમાં પોતાનાં કુટંબના જખમી થએલા દીલને સંતોશ અને ધીરજ આપેછે. તેની રૂડી સમજથી અને મધુર વાણીથી તેના ભરથારની આપદા અને ફીકર ઓછી થાએછે. જે માણસે પોતાને વાસતે એવી સ્ત્રી પસંદ કીધી હોએ તે માણસને ખચીત સુખી સમજવો; અને જે પુતરે એવી માતાને પેટે અવતાર લીધો હોએ તે પુતરને ખચીત ભાએગવાન ગણવો."

આ ઊપર લખેલી બીના નીતીવચન નામની ચોપડી જે હાલ બાહાર પડીછે તે ઊપરથી લખીછે. નીતીવચનની ચોપડી આવી નીતીની બાબદોથી ભરેલીછે તે દરએક વાંચનારી બાઈના હાથમાં આ વેલી જોવાને હમો ઈછીએછે.

## એક ખુઆબ અથવા સપનું.

"એક વેળાએ મને એવો ખુઆબ આવેઓ કે ચોમાસાની રૂતુમાં એક ગામડાં તરફ સવારના પોહોરમાં હું ફરવા નીકલેઓ. આસ પાસના ખુસનુંમા અને રલીઆમણા દેખાવથી મારૂં દીલ ખુશ ખુશ થઈ ગીઉં. મેદાન એવું દીસવા લાગીઉં કે તેની ઊપર સુંદર લીલા રંગનો ગલેચો બીછાવેઓ હોએ. આ સપાસના લીલા ઝાડો અને ફલોથી મારૂં મન સઘલું ખુસી અને આનંદમાં ગરક થઈ ગીઉં. નદી અને નાલાના નીરમળ પાણીથી દેખાવ ઘણોજ ખુસનુંમા થઈ રહો. અને જારે ઊગતા સુરજના કીરણ તે પાણીની ઊપર પડેઆ તારે તે દેખાવ એટલોતો ખુસનુમા અને આનંદ ભરેલો થઈ પડેઓ કે તેનું વરણન કરવાને મારામાં શકતી રહી નહી. ફરતાં ફરતાં એક પાણીના ઘોત આગલ હું આવી પોહોચેઓ. તે ઘોતના પાણી ઘણા જોરથી વેહેતાં હતાં. ઘોતની એક બાજુએ ગુલાબની ઝાડી હતી. તે ગરીબ બીચારી ઝાડીને પાણીનો ઘોત ગુસામાં આવીને કેહેવા લાગેઓ કે "તું મગરૂ ઝાડી હંઈથી નીકલ; તું મારી વચમાં ના આવ. તું શું મારો રસતો અટકાવવા માંગેછે? નીકલ, નીકલ; નહીં તો અરે નબલી વસતુ તને તારા નબલા મુલીઆ સાથે ખડકની ઊપર ઝીકી નાખીશ." બીચારી ગુલાબની ઝાડી ઘણીએક વાર સુધી બોલી નહી. અને મુંગુ મુગુ દુખ ખમીઆ કીધું. અને એવું ધારીઉં કે તેનું જોર નરમ પડી જશે. પણ આખેર જારે ઊપાએ નહીં રહો તારે તે બોલીકે "અરે પાણીના ઘોત, હું ગરીબની ઊપર તું એટલો મીજાસ અને એટલો જુલમ સા વાસતે કરેછે? આપણે બેહુ જણાઓએ આ જગામાં જનમ લીધો. આપણે બે હુજણ આ જગામાં હસી રમીને મોટાં થએઆં. તું મારી પાસે થઈને વેહેતો હતો, અને મારા દાખલાંઓને આબાદ કરતો હતો. ઊનાલાના દીવસમાં મી



આપણા નામીચા બારોનેટને વાસતે ઈગલડ મધે

તઈઆર કીએલા ઝુમરો

રાં પાતરાંને તેં તાજાં રાખેઆં. એના બદલામાં જારે વસંત રૂતુના દીવસમાં હું તારી ઊપર મારા ફુલનો હાર ટાંગતી હતી. ઊનાલામાં મારાં પાતરાં અને ફુલોથી હું તને છાંએડો આપતી હતી. પકસીઓ મારી દાખલીની ઊપર બેશીને સુંદર ગીતો ગાતાં હતાં તેથી આપણ બેહુને ખુશી ઊપજતી હતી. ઊનાલામાં તું નબલો હતો અને આજે તું મારી ઊપર આવો મીજાસ અને જુલમ કરેછે તે ઠીક નહી." પણ ગરીબ બીચારી ગુલાબની ઝાડી; તેના બોલવા ઊપર પેલા મીજાસી પોતે મુદલ ધેઆંન આપીઊં નહીં અને તેને એકદમ ઘસડી લઈ ગઓ. આ દેખાવ જોઈ હું ઘણો દલગીરીમાં પડેઓ પણ તેવામાં જાગી ઊઠેઓ અને બોલેઓ કે—

"ખરેખર આ દુનીઆમાં કેટલાંએક માંણસો બી એવાંજ હોએછે. તેઓ જારે તવંગર અને મોટી પદવીના થાએછે તારે પોતાના અસલના અને જુના દોસતોને ભુલી જાએછે, એટલુંજ નહીં પણ તેઓ પોતાના જર અને ઓધાથી પોતાના જુના ગરીબ દોસતોને બીહવડાવેછે અને ધ્રુજાવેછે. પણ નેક અને ખરી બુનીઆદના માણસો તેમ કરતાં નથી."

## આપણા નામીચા બારોનેટને વાસતે ઈંગલંડ મધે તઈઆર થએલાં ઝુમરો.

—o—

માહા કીરતી પામેલા મરહુમ સર જંમશેદજી જીજીભાઈ બારોનેટ અગ્વા તેના કુટંબને વાસતે હાલ ઈંગલંડ મધે (૫૨) બાવન ફરમાસુ અને ઊંચા ઝુમરો તઈઆર થએઆંછે. તે ઝુમરોની ઘણી તારીફ કરવામાં આવીછે, અને તે મધેના એક મોટા અને વચોવચ ટાંગવાના ઝુમરનો ચીતાર "ઈલસટરેટેડ લંડન નીઊસ" નામના પતરમાં આપવામાં આવેઓછે, તે ઊપરથી હમોએ એ ઝુમરના નમુનાનું ચીત્ર પાસેના પાનાપર આપીઊંછે. એ ચીતાર ઊપરથી એ ઝુમરની ખરી ખુબી માલુમ પડનાર નથી તોપણ તેની ઊતમ કારીગરીનો થોડો ઘણો ખીઆલ થઈ શકેછે. એ ઝુમરો "નાસ" અને તેની કંપનીના કારખાનાવાલાઓએ અછી મેહેનત લઈને બનાવેઆંછે. તેના લુલક ઘણા જાડા કાચના અને ઘણો ચલકાટ તથા રોશની આપે એવી રીતે બનાવેલાંછે. ઝુમરોના વાલશેડોની ઊપર કારીગીરીથી કોતર કામ કીધેલુંછે અને તેની ઊપર મરહુમ સર જંમશેદજીનો ચાંદ પાડવામાં આવેઓછે. વાલશેડની નીચેના દરએક ડાંડાની ઊપર ઈંગરેજીમાં "ઊદીઓગ" અને "સખાવત" એવા બોલો કોતરવામાં આવેઆછે. ઝુમરની અંદરનો ધાતુનો ભાગ લુલક મુકેઆથી તદન ઢંકાઈ જશે તોપણ તેની ઊપર રૂપેરી ધોર ચહડાવવામાં આવેઓછે.

## પરચુરણ બાબતો.

**ગરીબાઈને લીધે તમારી હાલત ઊપર અફસોસ કરતા ના**—એક મુસલમાન લખનાર કેહેછે કે એક વેળાએ હું એટલો ગરીબી હાલતમાં આવી પહેઓ કે જોડો લેવાને મારી પાસે પઈસા નહી હતા. હું ઉઘાડે પગે અને ભાંગેલાં દીલે લાંબી મુસાફરી કરીને હજ (તીરત જાતરા) કરવા ગઓ. તાંહાં એક માણસને મેં જોએઓ જેને મુદલ પગ નહીં હતા. મારી ગરીબાઈને લીધે મારા મનમાં જે અફસોસ પેદા થએઓ હતો તે તરત કાહાડી નાખેઓ અને ઈશવરે મને જોડા નથી આપેઆ તોપણ પગ આપેઆછે વાવાસતે તેણો મોટો આભાર માનેઓ.

**આવતી કાલ ઊપર રાખવું**—જે ચીજ તમે આજે કરી શકતા હોવ તે કાલ ઉપર રાખતા ના. આવતી કાલ તમારા હાથમા નથી પણ ઈશવરના હાથમાંછે. તમે જાણતા નથી કે આવતી કાલે શું શું હરકતો તમને નડશે.

**નાડ જોઈને દરદ પારખનારાઓની ઠગાઈ**—આપણા લોકો અને તેમાં અગત કરીને ભોલી સીઓ સમજેછે કે ગામઠી વઈદો અને હકીમો ફકત નાડ ઉપર હાથ મુકી પારખી શકેછે કે આ માણસને ફલાણુ દરદછે. પણ તેવા લોકોએ અને તેવી ભોલી સ્રીઓએ જાણવું જોઈએ છેકે જે નીમ હકીમો જાણતા નથી કે તેઓના પોતાના શરીરની કેવી ગોઠવણછે તેઓ ફકત નાડીની ઉપર હાથ મુકેઆથી દરદ શી રીતે પારખી શકે ? ઈંગરેજી ડાકટરોનું મત છેકે નાડીથી આપણા શરીરમાં લોહી એક મીનીટમાં કેટલી વખત ફરેછે, આપણા આંગમાં કેટલી શકતીછે, તથા આપણા આંગમાં કેટલું લોહીછે તે માલુમ પડેછે. મોટા માણસની નાડ એક મીનીટમાં ૭૫ વખત ચાલેછે.

**બલેલા ભાગનો સેહેલ એલાજ**—બલેલા ભાગનો એક સેહેલો એલાજ હાલ માલુમ પડેઓછે. એક ફરેંચ પેડુતના હાથમાંથી ઉકલતું પાણી તેના પગ ઉપર પડી ગીઉ તેથી તેની નજરે એક કુમારનો કટકો પડેઓ તે બાંધેઓ. તેથી તરત તેનું દરદ દુર થએઊં. એક ફરેંચ ડાકટરે આ બીના તપાસી જોઈ અને માલુમ પડીઊં કે બલેલા ભાગ ઉપર કુમારનો કટકો બાંધેઆથી દરદ સેહેલથી દુર થાએછે.

**ઠંડા પગથી ખરાબી**—" દર વરસે સેંકડો માણસો ફક્ત પોતાના પગ ઠંડા રાખેઆથીજ મરણ પામેછે. આ વાત એકાએક કોઈના માનવામાં નહીં આવશે પણ તે ખરી છે તેવાં માણસો જો પોતાના પગ હમેશ ગરમ રાખવાની કોશેસ કરતા હોએ તો તેમના ક વખતે મોહોત નહીં આવે. ઠંડા પગ રાખેઆથી ખુલુ માલુમ પડેછે કે લોહી તે ભાગ ઉપર બરાબર ફરી શકતું નથી તથા તેવા પગ વાલું આદમી નબલું હોએછે. જેઓના પગ હમેશ ઠંડા તેઓ ઘણુ કરીને આજારી રેહેછે. " ગ૦ પ્ર૦

---

**માથાના બાલ શાફ કરવાનો એલાજ**—ઓરતો તથા બચાંઓના માંથાના બાલમાં ખોડો અથવા મેલ ઘણો એકઠો થએઓ હોએ તો તે કાહાડી નાખવાનો સેહેલો ઉપાએ એછે કે તરણ ભાગ બદામનું તેલ અને એક ભાગ ચુનાનું પાણી લેવું અને બેઉ ચીજને બાટલીમા ઘાલીને ખુબ હીલવવી. પછી એક ફલાનલનો કટકો તેમાં બોરીને બાલના મુળમાં ઘસવો.

---

**બચાંઓનાં કપડાં**—બચાંઓ ઘણી વેલા દીવા આગલ રમેછે. તેઓના પેહેરેલાં કપડાં બલીજવાની અને તેથી તેઓને ઈજા પોહોચવાની ધાસતી રેહેછે. એ ધાસતીમાં ઘટાડો કરવાને એવી ભલામણ કરવામાં આવેછે કે બચાંઓનાં કપડાં ધોતી વખતે ફટકીના પાણીમાં સારી પેઠે બોરવા. અથવા તો કપડાંને કાંજીનો હાર આપવામાં આવેછે તે કાંજીમાં સારી પેઠે ફટકી પીગલાવવી. એટલે કપડાં જલદીથી બલવાની ધાસતી ઘણી રેહેશે નહી.

---

**એક મોટું કુટંબ**—કોઈ કોઈ માતાને પેટે ઘણા બચાંઓ જનમેછે. લેડી એલફીનસટન નામની ઓરતને પેટે ૩૬ (છતરીસ) છોકરાં જનમેઆ હતાં. તે મધેથી ૨૭ છોકરાં જીવતા હતાં. તે સીના ભરથારે એક હેલાએ એક સરમાઉ શખ્સને જમવા તેહેઓ અને તેણે જણાવીઉં કે તું શીવાએ હમોએ બીજા કોઈને તેહેઆ નથી. સાંજના જારે તે પરોણો જમવા ગઓ તારે એક લાંબી ટેબલ ઉપર ઘણા બોણા મુકેલા જોઈને ઘણો અચરત થએઓ અને તે ગહરસથને ઠપકો આપીને કેહેવા લાગેઓ કે જારે એટલા બધા માણસો જમવા આવવાના હતા તારે ખોટું શા વાસતે બોલેઓ. તે ગહરસથે જવાબ આપેઓ કે તે કોઈ ખોટું બોલેઓ નથી. તે સઘલા ભાણા તેના કુટંબના છોકરાઓને વાસતે માંડેલાંછે. આ વાત સાંભલી પેલો સખશ ઘણોજ અચરત પામેઓ.

---

**એક ડટાએલો જીવતો કુતરો**—" આસટન હાલ " ની પાસે એક કુતરો ગયા વરસનાં ડીસેમબરની ૨૭ મી તારીખે કાંઈએક હોનારતથી જમીનમાં ડટાઈ ગએો હતો તે બાબે તેના ધણીને કાંઈ ખબર રહી નહીં હતી. એક રાતના જમીનમાંથી પોતાના કુતરાનો નબલો સાદ સાભલેઓ તે ઉપરથી તે જમીન ખોદવામાં આવી અને તેમાંથી કુતરો નીકલેઓ. તે પરથમ મુવેલો દેખાઓ પણ થોડીવાર પછી જીવતો માલુમ પડેઓ. ૨૩ દીવસ સુધી જમીનમાં ડટાએલો રહેઓ તેથી તે હાડ મુવા જેવો થઈ ગએો હતો પણ એક મહીના પછી તે અગાઉના જેવો તંદરોસત થએઓ.

**એક હકીમની ના ઉમેદી**—ઈરાનના એક બાદશાહાએ મસતાફાના કલીફના શેહેરમાં એક નામીચો હકીમ મોકલેઓ. તે હકીમે તેઓની ખોરાકી વીશે પુછીઉં તારે તેઓએ જવાબ આપેઓ કે " હમોને ભુખ લાગેછે તાંહાં સુધી ખાતા નથી; અને ભુખ લાગેઆ પછી ખાઈએછે તારે ઘણી પહરેજગારીથી. " તે હકીમે કહીઉં કે " તારે તો હું પાછો જાઉં; મારૂં હીંઆ કાંઈ કામ નથી. ".

---

## રામજુના દાહાડા હરખમાં જાએછે તે વીશે.

—o—

રાગ રૂગનાથજીની ઘોડલી ॥

જે જે ઘડીયો સુજાણુની જાએ, રૂડી રળીઆમણી ॥
દીન દીન દીલમાં દેખાએ શદાએ, વીવાની વધામણી ॥ ટેક॥
હૈડું હરખ ભરીયુ ભાળીએરે, હસવુજ મોહોઢું હમેશ ॥
પરગટ આંખ રૂપાળીયેરે, વરસે અમરૂત વરશાદી વીશેશ ॥
રૂડી રળીઆમણી ॥ ૧॥

કડવું કથન કોઈ જો કહેરે, રેસ ન રાખે રીશ ॥
હશી ટાળી ને ખુશી ખુશી રહેરે, દેખે હરખ ભરી દશે દીશ ॥
રૂડી રળીઆમણી ॥૨ ॥

ભણે ભણાવે ભાવથીરે, ગમતથી ગાએ ગાન ॥
ચીત્ર રચે રૂડા રમાવથીરે, કાંતો કવીતા કહુ શુણે કાન.॥
રૂડી રળીઆમણી ॥૩॥

કોટીકજન સુખ કારણેરે, આંણીને ઉરમાં ઉમંગ ॥
ધંધો ધરે રહી ધારણેરે, એને અંગે ચપળતા અલંગ ॥રૂડી॥૪
સદગુણના શણગારથીરે, બણી ઠણી રહે બેશ ॥
વસ્ત્ર ધરે શુવીચારથીરે, હૈયે હોએ દીવાળી હમેશ ॥રૂડી॥ ૫
ઝળમળ ઘર સ્વચ્છ ઝળમળેરે, ફોરે સુગંધી ફુલ ॥
તરીયાં તોરણ દીશે ટોડલેરે; આગળ આંગણે શોભા અમુલ ॥
રૂડી રળીઆમણી ॥ ૬

લેખે લાખેણા દીન લગનનારે, વાજીત્ર વાયવીચીત્ર ॥
શબ્દ ન શુણે અપસુકનનારે, પઢે પ્રભુ ગુણપોથી પવીત્ર ॥
રૂડી રળીઆમની ॥ ૭॥

જગપતી ઈછાએ જે જહેરે, પોતે ગણે પકવાન ॥
સૌ જન સનેહ સરસ વહેરે, જમે જુગતી થકી જેમ જાન ॥
રૂડી રળીઆમણી ॥ ૮

ઓપે આપે સુખ ઉજળેરે, સપને ગમે નહી શોક ॥
સાજન જેમ સનજન મળેરે, રચે લાએક મંડળી લોક॥રૂડી॥૯
સંપની શોભે શંપતીરે, જુગતી જોવા જન જાએ ॥
સાકર સરખી સરસ્વતીરે, જણ એકે વીવેકે વેચાએ ॥રૂડી॥૧૦
કંજુશપણ કદી નહી કરેરે, ફોગટ રાખે ન ફુલ્લ ॥
વીચારીને ધન વાવરેરે, તેતો પોતાની આવક તુલ્ય ॥રૂડી॥૧૧
સાહેબી સંતોશની લહેરે, દીલ દરીયાવ દેખાએ ॥
કવી દલપત કવીતા કહેરે, શીરપાવમાં પ્રીતી પમાએ ॥રૂડી॥૧૨
જે જે ઘડીઓ સુજાણુની જાએ, રૂડી રળીઆમણી ॥
દીન દીન દીલમાં દેખાય, વીવાની વધામણી ॥


---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું. જુલાઈ ૧૮૫૯ આંક ૭ મો.

## લાએકીવાળી ઓરત.

### ફ્લોરા માકડોનલડ.



FLORA MACDONALD.

ખરી હીંમત અને ખરી બાહાદુરી દખાડીને જે ઓરતોએ સ્ત્રી પંથની આબરૂ અને સ્ત્રી પંથની કીરતી વધારીછે તે ઓરતોની સંખ્યામાં આ ઊપલી સ્ત્રીનું નામ બીરાજેછે. ઈસકાટલંડ દેશની પશચીમ દશાએ કેટલાંએક ટાપુઓ આવેલાંછે તે ટાપુ મધેના એક ટાપુની ફ્લોરા માકડોનલડ રેહેવાસી હતી. તે સ્ત્રી ઈસવી સન ૧૭૨૦ ને આસરે જનમી હતી. તેણીએ ઊંચી અને મોતેબર કેળવણી લીધી નહીં હતી તોપણ તેણીના મગજમાં બચપણથી નીતી અને સારા આચરણના તતવો પરવેશ થીઆં હતાં. તે બાલક હતી તારે તેણીનો બાપ મરણ પામેઓ અને તેણીની માને પોતાની નાખુશી છતાં એક અણચીતા બનાવને લીધે એક બીજા ગહરસથની સાથે પુનર વીહવા કરવાની જરૂર પડી હતી. એ લગન થએઆ પછી ફ્લોરાની માએ પોતાના નવા ઘરનો સંસાર રૂડી રીતે ચલાવેઓ. ફ્લોરા પણ પોતાના મંતરાઈ બાપથી સુખ પામી. તે બચપણથી ગામડામાં રહી હતી અને મોટી ઊમરે પોહોચી તાંહાંશુધી તેણીએ એક મોટું શેહેર પોતાની નજરે દીઠું નહીં હતું. ફ્લોરા હજુર કુંવારી હતી તેવામાં ઈસકાટલંડ દેશ મધે રાજદુવારી એક મોટો બનાવ બનેઓ અને તેથી તેણીનું નામ દુનીઆમાં આસકારા થીઊં.

ઈસવી સન ૧૭૪૫ માં ઈસકાટલંડના મુલકમાં મોટું હુલડ થીઊં હતું. ચારલસ ઈસટુઅરટ નામનો સાહાજાદો જેની ઓલાદના હાથમાંથી ઈસકાટલાંડનું રાજ જતું રહીઊં હતું તેણે તે રાજ પાછું મેળવવાને વાસતે ઊપલા વરસમાં ચહડાઈ કીધી હતી. એ સાહાજાદાનો ઈસકાટલંડના તખતની ઊપર ખરો હક પોહોચતો હતો તેથી તે મુલકના ઘણા લોકો એ સાહાજાદાની સાથે સામેલ થઆ હતા. એ ચહડાઈમાં ચારલસ પરથમ ફતે પામેઓ હતો અને ઈસકાટલંડનું પાએતખત શેહેર એડીનબરો તેના હાથમાં આવીઊં હતું, પણ થોડા દીવસમાં પાછી તેની હાર થઈ અને ઈસકાટલંડ છોડીને તેને જીવ લઈ નાહાસી જવું પડીઊં. તેની ધારણા એકદમ ફરાંસ તરફ નાહાસી જવાની હતી, પણ ફરાંસ તરફ જતું બારકસ નહીં મલવાથી ઈસકાટલંડના પશચીમ ટાપુઓ તરફ પોતાનો પોશાક બદલીને નાઠો. તાંહાં તે કોઈ કુટંબના છાંએઆ તલે કોઈને ખબર ન પડે એવી રીતે પોશાક તથા નામ બદલીને કેટલીએક મુદત શુધી રહેઓ. ઈસકાટલંડની ઊપર હકુમત ચલાવનારાઓ જાણતા હતા કે ચારલસ

સાહાજાદો જીવતો રેહેશેતો પોતાનો દાવો ઉઠાવીને વળી ફરીથી ચહડાઈ કરવાને આવશે અને કદાચ તે તેઓના હાથમાંથી હકુમત છીનવી લેશે. એ ધાસતીને લીધે એ સાહાજાદાનું માથુ કાપી લાવનારને તરણ લાખ રૂપીઆનું ઈનામ આપવા વીશે તેઓએ ઢંઢેરો ફેરવેઓ. એ મોટા ઈનામ ઊપર ઈસકાટલંડના ઘણા લોકો લલચાઈ ગએઆ અને તેઓએ ચારલસ સાહાજાદાને ખોળી કાહાડવાને તથા તેનું માથુ કાપી નાખવાને તઈઆર થએઆ. આવી ધાસતી ભરેલી હાલતમાં ચારલસ પેલા કુટંબના આશરા તલે થોડીએક મુદત શુધી રહેઓ પણ તારપછી તુરતજ લોકોને શક ઊપનેઓ કે ફલાણા કુટંબના આસરા તલે એ સાહાજાદો જઈને ભરાએઓછે. આ વાતની ખબર પેલા કુટંબને જેવી પડી કે તુરત તેઓએ એ શાહાજાદાને તાંહાંથી નસાડી મુકવાની તદબીર કીધી. તે વખત એવો હતો કે એક માઈલ પણ તે નાહાશી શકે નહીં; પણ એક ચંચલ શખસની મદદથી ઓરતનો વેસ લઈને તેની સાથે રાતો રાત નાઠો અને જે ટાપુમાં ફ્લોરા રેહેતી હતી તે ટાપુમાં જઈ પોહાચેઓ. તેના સોબતીને ફ્લોરા માકડોનલડ સાથે ઓલખાણ હતી, તેની પાસે તે ગએઓ અને તેણીને સઘળી ખીનાથી વાકેફ કીધી.

ફ્લોરા માકડોનલડે જણાવીઉં કે "એ શાહાજાદાને રાખેઆથી હું તથા મારા માબાપ કદાચ મોટી આફતમાં આવી પડશું તોપણ એ સાહાજાદાનો ખરો હક ઈસકાટલંડના તખત ઊપર પોહાચેછે તેથી આવી મુશકેળીના વખતે તેનો પરાણ બચાવવાનો જોખમ હું મારે પોતાને માથે મોટી ખુશીથી લેઊંછું અને તે વીશેની ખબર હું મારા પોતાના મા બાપને પણ નહીં કરૂં. એ શાહાજાદાનો પરાણ બચાવવાની તથા તેને આવી સંકટની વેળાએ મદદ કરવાની હું મારી ફરજ સમજુંછું." આ પરમાણે બોલીને તે જુવાન હીમતવાળી સ્ત્રી જે હજીુર કુંવારી હતી તેણીએ પોતાના દેશના ખરા હકદાર સાહાજાદા તરફ પોતાની ફરજ બજાવવાનું કામ માથે લીધું. ફ્લોરાની મા તે ટાપુના બીજા ભાગમાં તે વેળાએ રેહેતી હતી અને તાંહાંથી ફરાંસ દેશ તરફ જવાને સેહેલથી બની આવે તેવું હતું. તે સાહાજાદાને ઓરતનો વેસ આપીને તથા સાથે એક વશલાર નોકર લઈને ફ્લોરા પોતાના ઘરમાંથી નીકલી. તેણીનો બાપ લશકર ખાતામાં થોડાએક કોશ ઊપર ચાકરી રહેઓ હતો અને જે કોઈ મુસાફર સરકારી ચીઠી અથવા "પાસ" વગર એક ગામથી બીજે ગામ જાએ તેને પકડીને સજા કરવાનું કામ ફ્લોરાના બાપના હાથમાં આવીઊં હતું. ફ્લોરા પેલા સાહાજાદાને ઓરતનો પોશાકમાં લઈને થોડા માઈલ આગલ ચાલી તેવામાં તેની પાસે "પાસ" નહીં હોવાથી તેણીને તથા તેની સાથેના બે માણસોને પકડવામાં આવેઆં. તેઓને પકડીને પેલો અમલદાર જે ફ્લોરાનો બાપ લાગે તેની પાસે લઈ ગએઆ. તે અમલદાર પોતાની છોકરીને પકડાએલી જોઈને અચરતીમાં પડેઓ અને તરત તેણીને છુટી કીધી. ફ્લોરાએ પોતાના બાપને સમજાવી કરીને તેની પાસથી "પાસ" ની ચીઠી લખાવી લીધી. તે "પાસ" મધે તેણીએ પોતાનું નામ તથા પોતાની એક દાસી તથા એક ચાકરનું નામ લખાવીઊં. જે દાસીનું નામ તેણીએ લખાવીઊં તે દાસી કોઈજ નહી પણ પેલો સાહાજાદો ઓરતના પોશાકમાં હતો. તેને પોતાનો બાદશાહી દરજો ભુલી જઈને આ વેળાએ એક દાસી તથા ભઠીઆરીની મીસાલે કામ કરવું પડતું હતું; આ દેખાવથી ફ્લોરાના આંખમો આંસુ આવતાં હતાં; પણ સાહાજાદાને દાસીનું કામ કીધા વગર છુટકો નહીં હતો.

"પાસ" મેળવેઆ પછી ફ્લોરા આગળ ચાલી. રસતામાં તે બીચારીની ઊપર હજારો મુસીબત અને મુશકેલી પડી. દરએક ઠેકાણે તેણીની પાસે "પાસ" માંગવામાં આવી તથા બીકટ સવાલો પુછવામાં આવેઆ. કોઈ નબળી પોચી ઓરત હોએતો તરત સઘળી વાત ઊઘાડી પડેઆં વગર રેહેજ નહીં. પણ ફ્લોરાએ સરવે કોઈને એવી ગંભીરાઈ તથા સાવચેતીથી જવાબ આપેઓ કે કોઈને સાહાજાદા વીશેનો શક પડેઓ નહીં. આખરે ઠેરવેલી જગો ઊપર ફ્લોરા તે સાહાજાદાને સહી સલામત લઈને આવી પોહાચી. શાહાજાદાએ ફ્લોરાનો ઘણો ઘણો ઊપકાર માનીઓ અને તાંહાંથી ફરાંસ તરફ નાહાસી જવાને છુટો પડેઓ. ફ્લોરા પોતાની માને મલવાને ગઈ અને શાહાજાદા વીશે એક બોલ પણ તેની પાસે બોલી નહીં; તે સારી પેઠે જાણતી હતી કે એ વાત જરાબી બાહાર પડશેતો તેણીને તથા તેણીના કુટંબને મોટું નુકશાન પોહાચેઆ વગર રેહેનાર નથી.

આગલ ચાલતાં કેટલાએક સંજોગથી તાંહાંના સતાવાલાઓને માલુમ પડીઊં કે ફ્લોરા માકડોનલડની મદદથી ચારલસ સાહાજાદો ફરાંસ મધે સરી ગએઓ. એ ખબર પડવાથી ઈસકાટલંડના સતાવાલાઓએ તે સ્ત્રીને બોલાવી મંગાવી. તેના મીતરો આવો મામલો જોઈને મોટા ગભરાટમો પડેઆ, પણ ફ્લોરા ધીરજ પકડીને સતાવાલાઓની પાસે ગઈ. જે જે સવાલો તેણીને પુછવામાં આવેઆ તેના ઊતર ધીરજથી અને હીમતથી તેણીએ આપેઆ. તેણીએ ખુલી રીતે કબુલ કીધું કે "મેં ચારલસ શાહાજાદાને ઓરતનો પોશાક આપીને ફરાંસ ખાતે રવાને કોધો અને તેમ કરવામાં કાંઈજ નહીં પણ મેં મારી ફરજ તથા ચાકરી બજાવીછે." ફ્લોરાની ગંભીરાઈ, ધીરજ અને હીંમત જોઈને સરવે લોકો ઘણા અચરત પામેઆ. તેણીને વાહાણ ઊપર કેદ કરીને મોકલી. વાહાણનો કપતાન તે સ્ત્રીનું શાહાશીકપણુ તથા પરાકરમ જોઈને ઘણો અચરત થએઓ અને તેણીએ પોતાના સાહાજાદાને જીવથી બચાવવાને જે મુશીબત પોતાને માથે ખેંચી લીધી તેની ઊપર ધીકાર નાખવાને બદલે પેઆર ભરેલી નજરે જોવા લાગેઓ. વાહાણ ઊપરના બીજા લોકો પણ ફ્લોરાની ઊદાર ચાલથી ઘણા ખુશી થએઆ અને તેઓએ મોટાં મોટાં ઈનામો આપેઆ. તારપછી લંડન મધે એક ખાનગી કુટંબમાં ફ્લોરા એક વરસ શુધી કેદ દાખલ રહી અને ૧૭૪૭ ના જુલાઈ મહીનામાં તેને છુટી કરવામાં આવી. જારે તે છુટી થઈ તારે હજારો લોકો લંડન મધે તેની તરફ અચરતીથી જોવાને એકઠા થએઆં. જે મોહોલામાં તે ઊતરી હતી તે મોહોલો થોડાએક દીવસ સુધી કુલવંત સ્ત્રીઓ તથા ગહરસથોની ગાડીઓથી ભરેલો રહએો. જેઓ તેને મળવા જતાં હતાં તેઓ સઘલાના મોહોડામાંથી સાબાસીના અવાજ શીવાએ બીજું કાંઈ નીકળવું નહીં હતું. તે સ્ત્રીના લગન તારપછી એક લાએકીવાળા પુરશ સાથે થએઆં. ૧૭૯૦ માં સીતેર વરસની ઊમરે મરણ પામી તાંહાંશુધી તે પોતાના ભરથાર સાથે વીવેકપણાથી રહી અને પોતાનો સંસાર સદાચરણથી ચલાવેઓ.

## મુંબઈ શેહેરનો જાણવા જોગ હેવાલ.

—o—

મુંબઈ કે જે હીંદુસથાન મધે એક મોટું શેહેર અને નામીચું તથા અગતનું બંદર કેહેવાએછે અને જેમાં આપણે વસીએછે તેના હેવાલથી વાકેફ થવું એ સરવેથી વધારે જરૂરનુંછે. સો વરસ ઊપરના મુંબઈ શેહેરમાં અને આજના મુંબઈ શેહેરમાં જે તફાવત પડી ગઓછે તે એકાએક કોઈબી જુવાન વાંચનારના ધેઆનમાં ઊતરી શકનાર નથી. સો વરસતો રહઆં પણ પચાસ વરસનાં મુંબઈમાં અને આજનાં મુંબઈમાં પણ અતી ઘણો અને અતી મોટો ફેરફાર થઈ ગઓછે.

**દેખાવમાં થએલો ફેરફાર**—જારે વરળી, સાલસેટ, માહીમ અને કોલાબા વચેના પુલો બંધાએલા નહીં હતા તારે મુંબઈનો દેખાવ કાંઈ જુદીજ તરેહનો હતો. અલબત તે વેળાએ મોટી મોટી ઈમારતો અને સુંદર બાંધણીના ઘેરો તથા દરવાજા નહીં હતા પણ તેની સાથે મુંબઈના કુદરતી દેખાવમાંબી અતીઘણો ફરક હતો. માહાલખમી આગલનો પુલ બાંધવામાં આવેઓ તેની આગમચ માહાલખમીના દેહેરાં અને મુસલમાન લોકોના મામા અરજાણીની ટેકરી વચેનો સઘળો ભાગ દરીઆનાં પાણીથી ઢંકાએલો હતો. તે પાણીનું જોર તે વેળાએ એટલુંતો હતું કે તે પાણી ભાઈખલા આગલના મોટા ખેતરોમાં થઈને ગરાંટ રોડ જાંહાં નાટકનું મુકામછે તાંહાં શુધી અને તાંહાંથી બી આગ વધીને ડંકન રોડ તથા ભીંડી બજારમાં થઈને ઠેઠ મુંબા દેવીની પાસે " પાએધોણી " નામની જગો આગલ આવતાં હતાં. " પાએધોણી નામબી એટલાજ ઊપરથી પડીઊંછે કે સઘળા લોકો શેહેરમાં આવે તેની આગમચ તેઓને પોતાના પગ તે જગો આગલ પાણીમાં બોરવા અથવા ધોવા પડતા હતા. એવું કેહેછે કે તે વખતના ગવરનરોનેબી પોતાના પગમાંથી બુટ અને મોજાં કાહાડી નાખીને પાએધોણી આગલ પાણીમાં થોડુંએક ચાલવું પડતું હતું !! આ પરમાણે આપણે જોઈએછે કે આથમણ દશાથી દરીઆના પાણી માહાલખમી, ગરાંટરોડ, ડંકનરોડ અને ભીંડીબજારમાં થઈને ઠેઠ મુંબા દેવીની નજીક પાએધોણી આગલ આવતાં હતાં. બીજી તરફ જરા ઊતર દશાથી સીમ આગલ થઈને માટુંગા અને ઠેઠ સીચ બંદર શુધી

દરીઆના પાણી આવી લાગતાં હતાં. તીજી તરફ ઊગમણ દીશાથી મસીદ બંદર આગલ થઈને અને "નવરોજી હીલ" ની આસપાસ ફરી વળીને જે ઠેકાણે હાલ સાહુકારી કેદીઓને વાસતે જેલ અથવા તુરંગ બાંધેલીછે તાંહાં શુધી પાણી જઈ પોહોચતાં હતાં. એથી તરફ કોલાબાનો ટાપુ મુંબઈથી તદન છુટો પડેલો હતો અને તેની ચારે બાજુ તરફ પાણી હતાં.

**લંબાઈ પોહોલાઈ તથા નામ**—મુંબઈ શેહેર ઊતરથી દખણ તરફ લંબાઈમાં ૧૦ માઈલછે. ઊગમણથી આથમણ તરફ પોહોલાઈમાં ૫ માઈલછે. આ સપાસનો સઘલો ઘેરાવો ૨૪ માઈલ કરતાં વધારે નથી અને તેનો વીસતાર સઘળો મળીને ૮૦ ચોરસ માઈલનો ગણાએછે. "મુંબઈ" એ નામ શા ઊપરથી પડીઊં તે હાલ ચોકસ કેહેવાતું નથી. ઈંગરેજ લોકો મુંબઈને "બોમબે" ને નામે ઓલખેછે, જે નામ પોરટુગીસ લોકોએ જારે તેઓના હાથમાં પેહેલવેહેલું મુંબઈ આવીઊં તારે આપીઊં હતું અને જેનો અરથ સારૂ બંદર કરીને થાએછે. કેટલાએક એવું ધારેછે કે માહાદેવની સ્રી પારવતી જેનું નામ "મુમબાઈ" કરીને કોઈ વખત લેવામાં આવેછે તે ઊપરથી "મુંબઈ" નામ પડીઊં હશે.

**મુંબઈનો ટુક ઈતીહાસ**—ઈસવી સન ૧૫૩૦ ની અગાઊ મુંબઈની તવારીખ વીશેની કાંઈપણ ચોકસ વીગત આપણને મલી શકતી નથી; પણ એટલુંજ જાણવામાં આવીઊંછે કે થાણા મધે કોઈ દેશી સરદારના હાથ તલે મુંબઈનું ગામડું હતું. તે ગામડું તેણે ૧૫૩૦ ના વરસમાં પોરટુગીસ લોકોને આપીઊં. પોરટુગીસ લોકોના હાથમાં ૧૩૦ વરસ લગી એ ટાપુ રહેઓ; તારપછી ઈંગલંડના પાદશાહ બીજા ચારલસના લગન પોરટુગાલ દેશની રાજ કનીઆ કાથેરીન સાથે થએઆં, અને તે લગનની રીતમાં એ ટાપુ એ બાદશાહને બખશીસ આપીઓ. (ઈ૦ સ૦ ૧૬૬૧). ઈંગલંડના બાદશાહી અમલ હેઠલ ૭ વરસ લગી એ ટાપુ રહેઓ અને તાર પછી ૧૬૬૮ ના સપટેમબર મહીનામાં ઈસટ ઈંડીઆ કંપનીને હકતક એ ટાપુ સોંપવામાં આવેઓ. કંપની સરકારના હાથમાં મુંબઈનો ટાપુ આવેઆ પછી ૧૨ વરસે એ સરકારે એ ટાપુના કીલાની મરામત પછવાડે ૨૦ લાખ રૂપીઆ ખરચેઆ. તારપછી બે વરસે એટલે સને ૧૬૮૬ માં કંપની સેરકારનું મુખીઅ મથક સુરત મધે હતું તે કાહાડી નાખીને મુંબઈ મધે લાવેઆ. આ બનાવ પછી બે વરસ જંજીરાના સીધીની દરીઆઈ ફોજ મુંબઈમાં આવી પડી અને મેહેમ, મજગામ તથા શીમ પોતાના કબજામાં કરી લીધા. પોરટુગીજ લોકો તે સીધીની મદદે થએઆ અને ઈંગરેજી ગવરનર તથા બીજા અમલદારોને કીલા મધે ઘેહેરી મુકેઆ. આ વાતને બે વરસ થએઆ પછી દીહલીના મોટા પાદશાહ આલમગીરનું હોકમ નામું આવીઊં અને સીધીની ફોજ મુંબઈમાંથી નીકલી ગઈ.

મુંબઈના ટાપુ ઊપર બે તરણ મોટી હોનારતો ગુજરીછે. ઈસવી સન ૧૮૦૩ માં કોટ મધે મોટી આગ લાગી હતી અને તેથી કોટ મધેનો મોટો ભાગ સલગી ગીઓ હતો. એ મોટી આગ દસ દીવસ શુધી તો મુદલ નરમ પડી નહીં હતી. આગની ચીનગારી ૬ મહીના લગી હોલવાઈ નહીં હતી. બીજી મોટી આગ ૧૮૨૨ ના વરસમાં લાગી હતી. તે આગલના જેવી મોટી નહીં હતી પણ તેથી અતીશે નુકશાન થીઊં હતું. કોટના ગરીન ચોક મધે અગાઊ વેપારીઓની હજારો રૂની ગાંસડીઓ ખડકવામાં આવતી હતી તે ઊપર હુકામાંથી ચીણગારી પડેઆથી મોટી આગ સલગી ઊઠી હતી. મોટા દેવલનો એ આગથી બચાવ કરવાને ઘણી મેહેનત લેવામાં આવી હતી અને તે વખતનો ગવરનર પોતે દેવળ આગલ હાજર થએઓ હતો. ૧૮૩૭ ના જુન મહીનાની ૧૫ મી તારીખે ગાજવીજ સાથેનું એક મોટું અને ભારે તુફાન થએઊં હતું. તોફાનની સાથે જોરથી વરસાદ વરસેઓ હતો. આખો ટાપુ પાંણીથી રેલ સેલ થઈ ગીઊં હતું. ગરીન ચોકમાં કમર કમર ભર પાંણી ભરાઈ ગઆં હતાં. ઘણાએક ઘરો તથા ઝાડો પડી ગઆં અને વાહાણોના ચુરેચુરા થઈ ગઆ હતા. તે વખતે ૩૦ લાખ રૂપીઆ કરતાં ઓછી ખરાબી થઈ નહીં હશે. ૧૮૫૪ ના નવેમબર મહીનાની ૧ લી તારીખેબી જે તુફાન થીઊં હતું તે ઊપલા તુફાન જેટલું મોટું નહીં હતું પણ તે દફતરમાં નોધી રાખવા જોગ હતું.

**મુંબઈના ગવરનરો**—મુંબઈ જારથી ઈંગરેજોના હાથમાં આવીઊં તારથી તે આજ દીન શુધી એટલે સને ૧૬૬૧ થી તે ૧૮૫૯ શુધી સઘળા મલી ૪૩ ગવરનરો મુંબઈ મધે થઈ ચુકેઆછે. તે મધે બાદશાહી

અમલ તલે ૪ અને કંપની સરકારના અમલ તલે ૩૯ ગવરનરો થએઆછે. કંપની સરકારનો બીજો ગવરનર જે ઈસવી સન ૧૬૬૯ માં પોતાના ઓધા ઊપર આવેઓ અને જેણે ૧૨ વરસ લગી હાકમી ચલાવી, તેના વખતમાં મુંબઈનો કીલો ૩૦ લાખ રૂપીઆ ખરચીને મજબુત કરવામાં આવેઓ હતો તથા દીહીલીના પાહાદશાહાની સનદથી રૂપીઆ તથા પઈસા પાડવાની ટંકસાલ ઊઘાડવામાં આવી હતી. તેના વખતમાં નાહાના પાએઆ ઊપર ઈનસાફની બે અદાલત પણ ઊઘડી હતી. એ ગવરનરનું નામ "જેરલડ આનજીઅર" કરીને હતું. ચારલસ બાન નામનો નવમો ગવરનર જે ૧૭૧૫ માં આવેઓ તેના વખતમાં સેંટ ટામસ નામનું મોટુ દેવલ બાંધવામાં આવીઊં હતું: તાર પછી જે મુંબઈના ગવરનરો થએઆ તે મધે ડંકન, એલફીનસટન, માલકમ, અને ગરાંટ એઓના નામો પશચીમ હીંદુસથાનના દેશીઓ સારી પેઠે ઈઆદ કરેછે. રજપુતો છોકરીઓને જમનતાં દુધમાં બોરીને મારીનાખતા હતા તે ઘાતકી અને કરપીણ ચાલનો અટકાવ કરવાને ડંકન સાહેબે તારીફ લાએક કોશેશ કીધી હતી. તેના વખતમાં સીમ અને છાસતી વચેનો પુલ બાંધવામાં આવેઓ હતો તથા રસતાઓની હાલત શુધરી હતી. સાહુકારી બંધીવાનોને વાસતે મોટી જેલ અથવા તુરંગ પણ એજ નામદારના વખતમાં બંધાઈ હતી. મેદાન મધે પવન ચકીની ભાગલ આગલ હીંદુસથાનના ગવરનર જેનરલ લારડ વેલસલીનું બાહાવલું તેના વખતમાં ઊભું કરવામાં આવીઊં હતું. એ નામદાર ૧૭૯૬ ના વરસમાં પોતાના ઓધા ઊપર આવેઓ હતો અને ૧૮૧૨ ના સાલમાં કેટલીએક મુદત શુધી માંદગી ભોગવીને મુંબઈમાંજ મરણ પામેઓ હતો. તેને સેંટ ટામસના મોટા દેવલ મધે ડાટવામાં આવેઓ હતો. નામદાર માઊંટ ઈસટુઅરટ એલફીનસટનનું નામ પણ આપણે મોટા માનથી ઈઆદ રાખવું ઘટેછે. તે નામદાર આપણા હાલના ગવરનરનો કાકો લાગે. તે ૧૮૧૯ ના વરસમાં પોતાના ઓધા ઊપર આવેઓ હતો અને ૭ વરસ લગી હાકમી ચલાવી હતી. દેશીઓના બાલકોને કેળવણી આપવાની પેહેલ વેહેલી વાત એ નામદારે પોતાના મન ઊપર લીધી હતી અને તેના વખતમાં એક મોટી નીશાલ સથાપવામાં આવી જે હાલ તેના નામથી ઓલખાએછે. નામદાર રાણીની સુપરીમ કોરટ ૧૮૨૪ માં એ નામદારની કારકીરદી તલે ઊઘડી હતી. તેનાજ વખતમાં ગોદીની ઈમારત બંધાઈ હતી અને ટાઊન હાલ બાંધવાનું કામ શીરૂ થીઊં હતું. તેમજ સર જાન માલકમનું નામ પણ દેશીઓએ ઈઆદ રાખવું ઘટેછે. એ નામદારની કારકીરદીમાં દેશીઓને કેળવણી આપવા વાસતે સરકાર તરફથી દર વરસે વીસ હજાર રૂપીઆ મલવા લાગેઆ હતા. કોલાબા મધેની વેધશાલા (તારા મંડલ જોવાની જગા) બંધાઈ હતી. તેમજ સર રાબરટ ગરાંટનું નામ પણ ભુલી જવું નહી જોઈએ. એ નામદારે દેસીઓની કેળવણી તથા સુધરાઈના કામને મજબુત ટેકો આપેઓ હતો. એની કારકીરદીમાં કોલાબા અને મુંબઈ વચેનો પુલ બાંધવામાં આવેઓ તથા દેશીઓને વાસતે નેટીવ ડીસપેનસરી નામનું ધરમનું દવાખાનુ નીકલીઊં. એ નામદાર ૧૮૩૫ માં પોતાના ઓધા ઊપર આવેઓ અને ૧૮૩૮ માં પુના મધે મરણ પામેઓ. તેની ઈઆદગારીને વાસતે મુંબઈના લોકોએ તેને વાસતે તેના નામની વઈદક શાલા ઊઘાડીછે અને મુંબઈની ચેમબર આવ કામરસે ભાઈખાલાના દેવલ મધે તેના નામનો મીનારો ઊભો કીધોછે. ગએ ૫૦ ઈઆ ૬૦ વરસની મુદતમાં જે એ ગવરનર થઈ ગએ તેઓના નામની ટીપ હમો નીચે ટાંકીએછે.

| | |
|---|---|
| ૧૭૯૬ થી જોનાથન ડંકન. | ૧૮૩૯ થી જેમસ કરનાક. |
| ૧૮૧૧ થી જારજ બરાઊન. | ૧૮૪૧ થી જારજ આંડરસન |
| ૧૮૧૨ થી ઈવન નીપીઅન. | ૧૮૪૨ થી જારજ આરથર. |
| ૧૮૧૯ થી એલફીનસટન. | ૧૮૪૬ થી રાબરટ રીડ. |
| ૧૮૨૬ થી જાન માલકમ. | ૧૮૪૭ થી જારજ રસલકલારક |
| ૧૮૩૧ થી અરલ આવ કલેર | ૧૮૪૮ થી વાઈકાંઊંટ ફાકલેંડ. |
| ૧૮૩૫ થી રાબરટ ગરાંટ. | ૧૮૫૩ ડીસેંબર થી જાન એલફીનસટન. |
| ૧૮૩૮ થી જેમશ ફારીશ. | |

**ગવરનરનો પગાર ઈતીઆદી**—માઊંટ ઈસટુઅરટ એલફીનસટનના વખતથી ગવરનરને દર વરસે ૧ લાખ ૪૩ હજાર ૫૦૦ નો લવાજમ મલેછે. મુંબઈના પેહેલ વેહેલા જે બે તરણ ગવરનરો થએઆ તેઓને જે લવાજમો મલતા હતા તે ખરેખર અચરતી ઊપજાવે તેવા હતા. તેઓને દર વરસે ફકત આઠસો રૂપીઆ મલતા હતા. તારપછી કેટલાએકોને દર વરસે ૩૦૦૦ રૂપીઆ મલવા લાગેઆ !! મુંબઈના ગવરનરનો અખતીઆર આખા મુંબઈ ઈલાકા ઊપર ચાલેછે. ગામખાતાંની રાજદ્વારી બાબતો કાઊનસીલના મત

થી ચલાવેછે. ગવરનર કાંઊંસીલ મધે વડો કેહેવાએ છે. તેનાથી ઊતરતો કાંઊસીલ મધે "કમાંડર ઈન ચીફ" અથવા સેનાપતી ગણાએછે: તેને દર વરસે ૭૭૫૦૦ રૂપીઆનો લેવાજમ મલેછે. કાઊનસીલના બીજા દરએક અધીકારીને દર વરસે ૬૦ હજાર રૂપીઆ મળેછે. ગવરનરને ૧૯ તોપ ફોડીને માન આપવામાં આવેછે; અને કમાંનડર ઈન ચીફને ૧૭ તોપ ફોડીને. ગવરનરના ચીફ સેકરેટરીને દર વરસે ૪૩૬૦૦ રૂપીઆ મલેછે. લશકર ખાતાંના સેકરેટરીને દર વરસે ૧૨૦૦૦ રૂપીઆ મળેછે. ગવરનરના તરણ "એડીકાંપ" હોએછે તેઓ દરએકને ૨૨૪૦ રૂપીઆ દર વરસે મળેછે. અગાઊના ગવરનરો કોટ મધે મોટા દેવલની પાસેની સેકરેટરી આફીસમાં રેહેતા હતા, હવે પરેલના મેહેલમા અને ઘણુ કરીને વાલકેશરના મેહેલ માં રેહેછે. મુંબઈ મધે ગવરનર ઘણુ કરીને અકટોબર મહીનાથી ફેબરવારી શુધી રેહેછે: ઊનાલાની રૂતું મામલેશવર અથવા માથેરાન ખાતે કાહાડેછે અને ચોમાશાની મોસમ પુના તરફ દાપોલી ખાતે ગુજારેછે. મુંબઈ ઈલાકાના હરએક ભાગ તરફ વરસમાં એક વખત ફરવાને તથા લોકોની હાલતથી વાકેફ થવાની ગવરનરની ફરજછે.

**જાહેર ઈમારતો તથા પુલો**—સઊથી જુની નામીચી ઈમારત સેંટ ટામસ ચરચ નામનું કોટ મધેનું મોટું દેવળ ગણાએછે. તે ૧૭૧૫ ના વરસમાં બાંધવા માંડીઊં હતું તે તરણ વરસે પુરૂં થીઊં હતું. તે બાંધવા વાસતે ઊઘરાણાની ટીપમાં મોટી રકમ ભરાઈ હતી તે મધે કંપની સરકારે દસ હજાર રૂપીઆ ભરેઆ હતા. દેવળની શોભામાં સુધારો તથા વધારો ૧૮૩૬ ના વરસમાં કરવામાં આવેઓ હતો. બીજી જુની અને નામીચી ઈમારત કોલાબાની ડાંડી (લાઈટ હાઊસ) ગણાએછે. એ ડાંડીની જગા સમુદરથી ૧૪૩ ફુટ ઊંચીછે. તે કહા વરસમાં બંધાઈ તેની ચોકસ તારીખ હમો ચલવી શકેઆ નથી પણ તે ૧૭૭૫ ના સાલમાં હઈઆત હતી એવું માલુમ પડેછે. તે ઈમારત ઊપર અસલ ખરચ ૧૩ હજાર રૂપીઆનો થઓ હોએ એવો અડસટો કાહાડવામાં આવેછે. એ ડાંડીની નીચે "સીગનલ આફીસર" નો બંગળો ૧૮૦૬ નાં વરસમાં બંધાએઓ હતો. પરેલ મધેનો મેહેલ ૧૭૭૦ ના વરસમાં વધારેઆમાં આવેઓ હતો અને ૧૮૨૦ તથા ૧૮૨૧ માં ફરીથી સુધારીને રોનકદાર બનાવેઓ હતો: તે મેહેલ ૧૫૮ ફુટ લાંબો અને ૭૧ ફુટ પોહલોછે.

ટાંઊનહાલ બાંધવાનું કામ ૧૮૨૧ માં શરૂ થીઊં હતું તે બાર વરસે એટલે ૧૮૩૩ માં પુરૂ થીઊં; એ સઊથી મોટી અને વખાણાએલી ઈમારત બાંધવા પછવાડે ૬ લાખ ૬૨ હજાર ૧૪૬ રૂપીઆ ખરચ લાગેઓ હતો. તે ૨૫૬ ફુટ લાંબી, ૧૧૫ ફુટ પોહોલી અને ૪૬ ફુટ ઊંચીછે. ગોદીની ઈમારત ઈસવી સન ૧૮૨૪ નાં વરસમાં બંધાઈ હતી. તેની બંધાઈ ઊપર અસલ કીમત ૩૦ હજાર રૂપીઆની લાગી હતી. ગોદીની પાસેની "ફાકટરી" આગના સાચાનું કારખાનું ૧૮૪૩ ના વરસમાં બાંધેઆમાં આવીઊં અને તેની ઊપર અસલ ખરચ ૫ લાખ ૧૬ હજાર ૧૯૬ નો થઓ હતો. સર જમશેદજી જીજીભાઈ હાસપીટલ ૧૮૪૫ માં બંધાઈ. તેની બંધાઈ ઊપર ૧ લાખ ૨૦ હજાર ૭૫૦ રૂપીઆ ખરચ થઓછે. તેના વચલા ભાગની લંબાઈ ૭૮ ફુટ, પોહોલાઈ ૭૫ ફુટ અને ઊચાઈ ૧૮ ફુટનીછે. ગરાંટ મેડીકલ કાલેજબી ૧૮૪૫ માં બંધાઈ. તેના બાંધકાંમ ઊપર ૮૯ હજાર ૯૦૬ રૂપીઆ ખરચ બેઠોછે. સર જમશેદજી જીજીભાઈની નાગપાડા ઊપરની ધરમશાળા ૧૮૫૧ માં તઈઆર થઈ, તેની ઊપર ૫૭ હજાર ૫૪૭ રૂપીઆ લાગેઆછે. કોલાબા મધેની વેધશાળા (આબજરવેટરી) ની ઈમારત ૧૮૩૧ ના વરસમાં બંધાઈ હતી, તેના બાંધકામ પછવાડે ૫૦ હજાર રૂપીઆ લાગેઆછે. તે ૯૩ ફુટ લાંબી, ૫૦ ફુટ પોહોલી અને ૧૨ા ફુટ ઊંચીછે. પાલવા પાસેનું સેંટ આનદરુસ નામનું દેવલ ૧૮૧૬ ના વરસમાં બંધાઈઊં હતું અને તેની ઊપર ૬૪ હજાર રૂપીઆ ખરચ લાગેઓ હતો. ૧૮૪૮ ના વરસમાં મેદાન મધેનું ફરીચરચ નામનું દેવલ ઊઘાડેઆમાં આવીઊં હતું. તેજ વરસમાં કોલાબાના દેવલનો પાએઓ નાખાએઓ હતો.

સીમ તથા છાસતી વચેનો પુલ ૧૮૦૫ માં બંધાઓછે. કોલાબાનો પુલ ૧૮૩૮ માં બંધાએલોછે; અને વાંદરાનો પુલ ૧૮૪૫ માં લેડી જમશેદજીના ખરચથી બંધાએલોછે. એ છેલા પુલ ઊપર ૧ લાખ ૫૫ હજાર રૂપીઆ ખરચ લાગેઓ હતો.

**નામીચા પુરૂશોના પુતલાં**—આપણા શેહેરમાં હાલ સઘલા મલીને નામીચાં પુરૂશોના સંગેમરમર અ

થવા આરસપાનના બનાવેલા ૬ પુતલાંઓછે. બે ખુલી જગોમાં અને ચાર ટાઉન હાલમાં. પેહેલ વેહેલું બાહવલું મેદાન મધે પવનચકીના દરવાજાની પાસે ઊભું કરવાને વાસતે ૧૮૦૫ માં બનાવેઆમાં આવીઊં હતું. એ બાહાવલું હીંદુસથાનના ગવરનર જેનરલ વેલસલીનુંછે. તે મુંબઈના વેપારીઓએ એ નામદારની ઈઆદગારીને મારે ઊભું કીધુંછે. તેની ઊપર ડાહાપણ, બાહાદુરી અને પરમાણીકપણુ એવા બોલો ઈંગરેજીમાં લખવામાં આવેઆછે. બીજું બાહાવલુ ગરીન ચોક મધે હીંદુસથાનના કારન વાલીસ નામના ગવરનર જેનરલની ઈઆદગારીને વાસતે ઊભું કીધુંછે. તે બાહાવલું ૧૮૧૨ ના વરસમાં બનાવેઆમાં આવીઊં હતું. આ પુતલાની ઊપર પુરી સંભાલ અને જતન ન હોવાથી ઘણી માઠી હાલતમાં આવી પડીઊંછે. બીજા ચાર બાહવલાં જે ટાઊન હાલ મધેછે તે મધે પેહેલ વેહેલુ બાવલું આપણા આગલા ગવરનર માઊંટ ઈસટુઅરટ એલફીનસટનની ઈઆદગારીને વાસતે ઊભું કીધેલુંછે. એ બાહાવલુ ૧૮૨૩ ના વરસમાં બનાવેલુંછે, અને ટાઊન હાલના મોટા દીવાનખાનામાં દખણ દશા તરફ ઊભું કીધેલુંછે. ટાઊનહાલ મધે બીજું બાહાવલું સર જાન માલકમ જે આપણો અગાઊનો ગવરનર થઈ ગએઓ તેનુંછે. ટાઊન હાલના મોટા હાલમાંથી ઊતર તરફના ઓરડામાં જતાં તે વચોવચ ઊભું કરેલુંછે. તે ૧૮૩૬ ના વરસમાં બનાવેઆમાં આવીઊં હતું. તીજું બાહાવલું તેજ ઓરડામાં આથમણ દશાના ખુણામાં ઊભું કરેલું જોવામાં આવેછે. તે આપણી વસતીમાં પંકાએલા દેશહીતકારી વેપારી સર ચારલસ ફારબસનુંછે. તે ૧૮૪૧ ના વરસમાં બનાવેઆમાં આવીઊં હતું. એ નામીચો સખશ ૧૮૪૯ ના નુવેમબર મહીનામાં ઈંગલંડ ખાતે મરણ પામેઓછે. ચોથું બાહાવલુ એજ ઓરડામાં ઊતર તરફ દેવાલની વચોવચ હમણાજ ગોઠવવામાં આવીઊંછે. એ બાહવલું પરોપકારી મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટનુંછે.

**ઈસકુલ તથા કાલેજ**—દેશી બાલકોને કેળવણી આપવાને સઊથી મોટી મકતબ અથવા નીશાલ મુંબઈ મધે "એલફીનસટન ઈનસટીટીઊશનની" છે. તે નીશાળ બાહારકોટ મેદાનના નાકાં ઊપર નાંખુદાવાલા નવા તલાવની સામેછે, તે ઈસવી સન ૧૮૨૫ ના વરસમાં ઊઘાડવામાં આવી હતી. દેશી બાલકોને કેળવણી આપવાનું કામ "બોમબે એજીઊકેશન સોસાએટી" એ ૧૮૧૮ નાં વરસમાં પેહેલ વેહેલું સરૂ કીધું હતું તે ઊપરથી એ મોટી નીસાળ હજુર "સોસાએટી" અથવા "સીસોટી" ને નામે ઓલખાએછે. દેશી બાલકોમાં ઈઊરોપખંડની કેળવણીના બીજ રોપવાનું પેહેલું માન તે વખતના ગવરનર નામદાર એલફીનસટનને ઘટેછે. તે ગવરનર જારે પોતાને વતન જવાને નીકલેઓ તારે તેને માન આપવાને અંતરેના રેહેવાસીઓએ ૩ લાખ રૂપીઆની મોટી રકમ એકઠી કરીને તેના નામની નીશાળના ફંડમાં નાખી. એ નીશાલમાં કેળવણીના ફલ ચાખીને જે જુવાન દેશીઓ નીકલેઆ તે મધે પેહેલ વેહેલો નામીચો બાલગંગાધર શાસ્ત્રી નીકલેઓ. તેણે આસીસટંટ પરોફેસરનો ઓધો મેલવેઓ હતો અને તે ઈસવી સન ૧૮૪૬ માં મરણ પામેઓ. તે મોટી નીશાલની શાખા કોટ મધે ૧૮૫૦ ના સાલમાં ઊઘાડવામાં આવી જે "ફોરટ બરાંચ ઈસકુલ" ને નામે ઓળખાએછે. એ મોટી તથા શાખા નીશાલમાં મલીને આજ લગભગ ૯૦૦ છોકરાઓ ઈંગરેજી કેળવણી લેએછે. તેનાથી ઊતરતી નીશાળ "સર જમશેદજી જીજીભાઈ પારસી બેનેવલંટ ઈનસટીટીઊશન" નીછે તે નીશાળ કોટ મધે પવનચકીની બાગળ આગલછે તે ૧૮૪૯ ના સાલમાં ઊઘાડઆમાં આવી હતી અને તેમા ૩૫૦ છોકરાઓ મુફત ઈંગરેજી કેળવણી લેએછે. ઊપલી નીશાલો શીવાએ શેઠ જગંનનાથ સંકરશેઠ વાલી ૧ તથા પરભુ સેમારી નામની ૧ તથા શેઠ ગોકલદાસ તેજપાળવાલી ૨ નીશાલ મોટી અને જાહેર ગણાએછે. એ ચારે નીશાલો ગએઆં ચાર વરસની મુદતમાં ઊઘડીછે અને તે મધે લગભગ ૫૦૦ છોકરાંઓ કેળવણી પામેછે. એ શીવાએ બીજી સરકારી ગુજરાતી નીશાલો તથા ખાનગી ગુજરાતી તથા ઈંગરેજી નીશાલોછે તે જુદી.

છોકરીઓની નીશાલો ઊઘાડવાનું પેહેલું માન ઈસટુડંટ સોસાએટી અને અંગત કરીને મરનાર પરોફેસર "પાટન" ને ઘટેછે. તે નીશાલો ૧૮૪૯ ના વરસમાં પેહેલ વેહેલી ઊઘાડવામાં આવી હતી. હાલ સઘલી મલીને છોકરીઓની ૧૦ નીશાલ મુંબઈ મધે છે; તે મધે પાંચ હીંદુઓની તથા પાંચ પારસીઓની,

## ઈઊરોપ મધેની લડાઈ અને તેનું સેવટ.

——o——

દુનીઆમાં તથા આપણી આસપાસ જે મોટા અને જાણવાજોગ બનાવો બને તે વીશે થોડા ઘણા વાકેફ થવાની સરવે કોઈને જરૂરછે. થોડાએક મહીના ઊપર ઈઊરોપ ખંડ મધે એક મોટી લડાઈ ઊભી થઈ હતી. તે કેમ ઊભી થઈ અને તેનું સેવટ કેમ આવીઊં તે હમો અતરે ઘણુજ ટુંકામાં જણાવીએછે. એ લડાઈ આસટરીઆના સેહનશાહા અને સારડીનીઆના બાદશાહા વચે ઊભી થઈ હતી. એ લડાઈમાં ફરાંસનો સેહેનશાહા લુઈ નેપોલીઅન સારદીનીઆની મદદે થએઓ હતો. ઈઊરોપ મધે ઈટાલી નામનો અસલના વખતમાં પંકાએલો મોટો મુલકછે. તે મુલક મધેનો કેટલોએક ભાગ સારદીનીઆના હાથમાંછે અને કેટલોએક ભાગ આસટરીઆના હાથમાંછે. એ બેહુ રાજો વચે અગાઊ ઘણી મીતરાચારી ચાલતી હતી. સારદીનીઆના હાલના રાજાનો બાપ આસટરીઆના સેહેનશાહી કુટંબમાં પરણીઓ હતો તેથી એ બેહુ રાજોની દોસતીમાં વધારો થએઓ હતો. પણ એ બેહુ રાજોની નેમ એક બીજાથી એટલી ઊલટી હતી કે તે દોસતીમાં કોઈ વેળાએ ખલલ પોહોચેઆ વગર રેહેજ નહી. સારદીનીઆનો બાદશાહા પોતાની રઈઅતને વાજબી ઈનસાફ અને ઘટતું સવતંતરપણુ આપવાને મેહેનત કરતો હતો. આણી તરફ આસટરીઆની સરકાર પોતાની ઈટાલી મધેની રઈઅત ઊપર ભારે જુલમ અને જબરદસતી ચલાવતો હતો. આખેર એ જુલમ ઈટાલીઅન લોકોથી સહન થઈ નહી શકેઓ અને તેઓએ ૧૮૨૦ માં અને ૧૮૪૮ માં સારદીનીઆંના રાજાને પોતાની મદદે બોલાવીને આસટરીઆ વાલાને ઈટાલી મધેથી એકદમ હાંકી કાહાડવાને તજવીજ કીધી હતી. તે વખતે સારદીનીઆનો બાદશાહા " ચારલસ આલબરટ " કરીને હતાં. એ રાજા હાલના રાજાનો બાપ લાગે. છેલી તજવીજમાં સારદીનીઆનો રાજા ચારલસ આલબરટ નોવારા નામની જગો આગલ હારેઓ અને લડાઈનું મેદાન છોડીને પોતાના દેશ તરફ નાઠો. એ હાર થઆથી તેને ઘણીજ નામોશી ઊપજી તેથી તેણે પોતાનું તખત પોતાના જુવાન છોકરા વીકટર ઈમાનાઊઅલને ૧૮૪૯ માં સોપીઊં. આ નવો બાદશાહા પોતાની બાજુ મજબુત કરીને આસટરીઆ સાથે લડાઈ ઊઠાવવાની તજવીજમાં હતો. તેણે પોતાની છોકરીના લગન ફરાંસના સેહનશાહાનાં બતરીજા પરીનસ નેપોલીઅન સાથે કીધા અને આસટરીઆ સાથે લડાઈની છેરતી શોધીને લડાઈ ચાલુ કીધી.

એ લડાઈનું સેવટ જલદીથી આવીઊં અને તે સારદીનીઆ તથા ફરાંસના લાભમાં ઊતરીઊં. પણ એ સેવટથી ઈટાલીના લોકો તથા સારદીનીઆનો રાજા બી ખુશી થએઓ નથી. જેઓને જુલમ અને ગોલામી હાલતમાંથી છોડાવવાને લડાઈ ઊઠાવવામાં આવી તેઓ ઘણુકરીને તેવીજ બલકે તેથી વધારે ખરાબ હાલતમાં રહેઆ. ઈટાલીનો કેટલોએક ભાગ આસટરીઆના હાથમાં એમનોએમ કાએમ રહેઓ અને કેટલો એક ભાગ તાંહાંના જુલમી "પોપ" ની તાબેદારી હેઠલ ગઓ. સારદીનીઆનો રાજા જે પોતે લડાઈના મેદાનમા એક સુરા પેહેલવાનની માફક ઊતરેઓ તેને સુલેહ કરતી વેળાએ ફરાંસના સેહનશાહે મુદલ તેડીઓ નહી; અને તે રાજા જાણે પોતાનો તાબેદાર હોએ તે મીસાલે તેને ગણેઓ. તેનો વજીર જેની કાબેલીઅત આખા ઈઊરોપ ખંડમાં પરસીધ થએલી હતી તેને પોતાની જગો છોડવી પડી. લડાઈનું સેવટ આવી હાલતમાં ઊતરીઊંછે તેથી ઘણા લોકો એવું ધારેછે કે એ સુલેહ ઘણી મુતદ શુધી નીબશે નહી.

આ બાબતની સાથે હમોએ ફરાંસ તથા આસતરીઆ અને રૂશીઆના સેહેનશાહાઓની તથા સારદીનીઆના રાજાની એક તસવીર આપીછે. એ ચારે રાજ કુટંબીઓ એક બીજાના સગા લાગેછે. ફરાંસના સેહેનશાહા લુઈ નેપોલીઅનનો બતરીજો પરીનસ નેપોલીઅન સારદીનીઆના રાજા વીકટર ઈમાનીઊઅલની છોકરી સાથે થોડા મહીના ઊપર પરણીઓછે. સારદીનીઆનો રાજા અગાઊ આસટરીઆના સેહેનશાહાના કુટંબમાં પરણેઓ હતો અને હાલ રૂશીઆના સેહેનશાહા બીજા આલેકઝાનડરની બેહેન સાથે પરણેલોછે.

ફરાંસના સેહનશાહા લુઈ નેપોલીઅનની જીંદગીનો હેવાલ હમોએ ગઆ મેએ મહીનાના ચોપાનીઆમાં આપેઓછે. એ સેહેનશાહા ફરાંસ દેશની હકુમત દસ વરસ થઆં ચલાવેછે. તેની ઊમર હાલ ૫૦ વરસનીછે. સારદીનીઆના રાજાનું નામ વીકટર ઈમાનીઊઅલ કરીને છે. તેની ચોકસ ઊમર ખબર ન



અદેખાઈ તથા ઈ
પેહેરેછે તો ન
ટકો લાગેછે. જે
ડેહેરાણીનું મો
સ ઊઠાવેછે. લો
વાતમાં નણંદ
જેઠાણીની ચાડી
ના વરની આ
કુટંબમાં કલેશ
ચાલતાં કલેશ
પેક મોરા કુટંબ
ની દરએકને ગ
લુમ પડેછે. હ
ર અને હર
લદીથી આવી
ના જોવામાં
મુસલમાનોના
. હીંદુસથાન
મુસલમાનોના
દેખાઈ અને
કુટંબો પાએમા
ં જાએછે તે
ણાદાની અ
લા લોકો કહી
ટોલામાં, જે ગ્રુ
ી, તે ટોલાની,
ફોજલાલી, દો
આખા હીંદુસ
ડ માણસની,
ી, સરદારી,
ધે. વાસ્તે
ધેઆનમાં
માં કલેસ અ
બની આબા
ના કુટંબમાં
હેરોનો થોડી
ને ચહડતી
આનમાં રા

ખવાં જોગછે. એક ઘરડા બાપે પોતાના સાત છોકરાંઓ જેઓ એક બીજા સાથે કજીઓ કંકાસ કરતાં હતાં તેઓને પોતાની પાસે બોલાવેઆં અને તેઓને સાત પેનસીલનું બાંધેલું બંડલ ભાંગવાને આપીઉં. દરએક છોકરાએ તે ભાંજવાને ઘણુબી જોર કીધું પણ તે ભાંજી શકાઈઉં નહી. તારે બાપ બોલેઓ "કેમ છોકરાઓ તમે આ બંડલ ભાંજી શકતા નથી? તારે ચાલો હું તમને દરએકને છુટી છુટી પેનસીલ આપુંછું જોઈએ તે કેમ ભાંજોછો?" દરએક છોકરાએ છુટી છુટી પેનસીળ જલદીથી અને સેહેલાઈથી ભાંજી નાંખી. તારે તે બુઢો માણસ પોકારીને બોલેઓ કે "છોકરાઓ આ રમત ઊપરથી તમોએ ઘણીજ અગતની નશીએત શીખવી જોઈએછે. આ પેનશીલો જારે સાથે બંધાએલી હતી તારે તમો તેને ભાંજી સકેઆ નહી; પણ જારે તે છુટી કરવામાં આવી તારે તમો શેહેલથી ભાંજી શકેઆ. તેમજ તમે જો પરીત રાખીને એક બીજા સાથે બંધાએલા રેહેશો તો તમારા કોઈબી દુસમેનની તાકાદ નથી કે તમને નુકશાન પોહોચાંડી શકે. પણ અગરજો તમો છુટા પડશોતો તમારા દુસમેનો તમારા દરએકના કટકા શેહેલાઈથી કરી શકશે." આ થોડી નશીએતથી તે છોકરાઓના દીલ ઊપર ઘણીજ અસર થઈ અને તેઓ જીવેઆં તાંહાંશુધી એક સંપથી રહેઆ અને તેઓના કુટંબની આબાદાની થઈ.

સંપ વગર કુટંબોની ખરાબી કેહેવી સેહેલાઈથી અને જલદીથી થાએછે તે નીચે કહેલી બે નાહાની વાત ઊપરથી તમારા જોવામાં તરત આવશે.

સુરતની પાસે ઓરપાડ પરગણામાં કોઈ અંબાઈદાસ કરીને વાણીઓ રેહેતો હતો. તે મોદીની દુકાન માંડીને પોતાનું ગુજરાણ ચલાવતો હતો. તેને પેટે ચાર છોકરાઓ હતા. તે છોકરાઓ પરણેલા અને મોટા હતા. છોકરાઓ કાંઈ ઘણુ કમાતા નહી હતા. આસપાસના જુદા ગામડાઓમાં ફેરી ફરીને દર રોજ સાત આઠ પઈસા કમાતા હતા તે પઈસા તેઓ પોતીકા બાપને આપતા હતા. અંબાઈદાસ પોતે જે કમાતો હતો તેમાં પોતાના છોકરાઓની કમાઈના પઈસા ઊમેરીને પોતાના આખા કુટંબનો ગુજારો ચલાવતો હતો. પણ તેના ચાર છોકરા મધે તરણ છોકરાની સામકોર, જીવી અને દીવાળી નામની તરણ સ્રી ઘણીજ ખરાબ અને કજીઆખોર હતી. તેઓ દર રોજ એક બીજા સાથે વઢે અને એક બીજાની રાવ ફરીઆદ પોતાના ધણીની આગલ કરે. અંબાઈદાસ જીવતો રહેઓ તાંહાંશુધી છોકરાઓએ અખાડા કીધા. અંબાઈદાસના મરણ પછી ડેહેરાણી જેઠાણીની લડાઈ વધી પડી અને તેઓ એક બીજાથી છુટા થઓઆ. તેઓનો બાપ ગરીબ હતો માટે તેઓને દુકાનની કીમત શીવાએ કાંઈબી દોલત મલી નહી હતી. તેઓએ દુકાન વેચી નાખી તેના ૧૨૫ રૂપીઆ ઊપજીઆ તે ચારે જણાઓએ સરખે હીશે વેંહેંચી લીધા. દરએકને હીશાબે સવાએકતીસ રૂપીઆ આવેઆ. એટલી રકમમાં તેઓથી દુકાન કહડાઈ શકાઈ નહી. માટે તેઓને ફુટકળ ફેરીજ કરવી પડી. છુટા પડેઆથી દરએક જણાને પોતાના ઘેરનો ખરચ વધી પડેઓ તે તેઓની પેદાસથી પુરો પડી શકેઓ નહીં. આખેર તેઓ સઘલાઓને કરજ કરવું પડીઉં તે મધેથી તરણ છોકરાઓ કરજી થઈને બીજે ગામ નાહાસી ગએઆ અને એક છોકરો કેદમાં પડેઓ. ગરીબ માણસો જારે છુટા પડેછે તારે તેઓને માથે આખા ઘેરનો બોજો પડેછે તેથી તેઓની સઘલી પેદાસ ઘેરના ખરચમો ઘસડાઈ જાએછે અને તેઓ કદી આબાદ થતાં નથી.

કોઈ અલીખાન નામનો મુસલમાન ગહરસથ થોડી મુદત ઊપર વડોદરામાં રેહેતો હતો તે પઈસાવાલો હતો. તે મુઓ તારે ૬૦ હજાર રૂપીઆની દોલત તેની પાસેથી નીકલી. તે દોલતના વારેસો તેના બે છોકરા થએઆ. છોકરાઓની ઓરતો વચે કલેશ અને કંકાસ ઊઠેઓ તેથી બેહુ ભાઈઓને જુદાં થવું પડીઉં. જુદાં થઓઆ પછી ભાગ લાગ વીશે મોટો વાંધો પડેઓ અને તેઓ સરકાર દરબારે ચહડેઆ. તેઓએ પોતાની દોલતનો મોટો ભાગ અદાલતના ખરચમાં ખરચી નાખીઓ પણ તેઓના ચુકાદાનો છેડો આવેઓ નહી અને કેટલીએક મુદત પછી તેઓ બેહુ કંગાલીઅત હાલતમાં આવી પડેઆ. મોટા અને તવંગર ભાઈઓ જારે છુટા પડેછે તારે તેઓ પોતાના ભાગ લાગ વીસે લડી મરેછે અને પોતાની દોલતનો મોટો ભાગ સરકારી અદાલતમાં ખરચી નાખેછે. વાસતે વાંચનારી અકલમંદ બાઈઓ તમે તમારૂ અને તમારા કુટંબનું ભલુ ઈછતાં હોવ તો તમે નણંદ, ભો

જાઈ અને ડેહેરાણી જેઠાણી વચ્ચે કજીઆ કંકાસ ઊભો કરતાના અને તમારા કુટંબને છુટું પડવા દેતા ના. જે કુટંબમાં કલેસે પોતાનું કદમ ભરીઊં તે કુટંબનું કદી સારૂં થનાર નથી આ વાત તમો હમેશ ઈઆદ રાખજો.

---

## મંગો પારક નામનો નામીચો મુસાફર.

—o—




જે મુસાફરો આફરીકા ખંડના નવા નવા ભાગો શોધવાને તથા તપાશવાને નીકલેઆછે તેઓને જે મુશકેલી અને મુસીબત ભોગવવી પડીછે તેવી મુશકેલી અને મુસીબત બીજા થોડાજ મુસાફરોને ભોગવવી પડી હશે. આફરીકાનો ખંડ ઘણો મોટોછે. તે લંબાઈમાં ૫૦૦૦ માઈલ અને પોહોલાઈમાં ૪૭૦૦ માઈલછે. તેનો વીસતાર ૧૨૦૦૦૦૦૦ (એક કરોડ વીસ લાખ) ચોરસ માઈલછે. એ ખંડની આસપાસ જુદાં જુદાં દેશો આજ લાંબી મુદત થઆં વસેલાંછે. પણ વચમાનો ઘણું કરીને સઘલો ભાગ ઊજડ અને વેરાંણ પડેલોછે. તે એટલોતો ઊજડ અને ભેઅંકારછે કે કોઈ કાચો પોચો મુસાફર તે ભાગોમાં મુસાફરી કરવાને મુદલ હીમત કરે નહી. એ વેરાણ ભાગો તરફ મુસાફરી કરવાને કેટલું બીકટછે તે વાંચનારની સમજમાં એકાએક ઊતરવું મુશકેલછે. એટલુંજ કેહેવું બસછે કે એ મોટાં જંગલોમાં રેતીના મેદાન, રેતીના પાહાડો, રેતીના ઢગલાઓ અને સઘલી જગોએ રેતી, રેતી શીવાએ કાંઈબી નજર આવતું નથી. એકાદ પાંણીનો ઝરો, એકાદ જંગલી પાલો મુસાફરની નજરે પડેઓ તો તેના મોટાં ભાગેગ સમજવાં. બપોરની વેળાએ જારે સુરજ પોતાના સઘલા જોરથી પરકાશેછે તારે તે રેતી એટલી તો ગરમ થઈ જાએછે કે તે ઊપર પગ મુકવો મુશકેલ પડેછે. એવી ભારે ગરમીમાં આ સાએસ અને છાએડો લેવાને એક કુવો અને એક ઝાડ મલવું મુશકેલછે. એવામાં એકાએક મોટું તુફાન થઈ આવીઊં તો મુસાફરની પુરી કંમબખતી સમજવી. રેતીના મોટા મોટા દાણાઓ ઊડીને મુસાફરના મોહોડાં ઊપર ઘણાજ જોરથી લાગેછે અને મુસાફરની આસપાસ રેતીનું તુફાન થએલું દેખાએછે. મુસાફરની ચાર કદમ આગલ શું પડીઊંછે, મોટો ખાડોછે કે મોટો ટેકડોછે તેબી એ વખતે મુસાફરની નજરે પડતું નથી. એવામાં એકાએક એવો સપાટો રેતીનો લાગેછે કે મુસાફર પોતાના ઊંટ ઊપરથી ઊડીને નીચે પડેછે. આવી મુસકેલી અને મુસીબત છતાં પણ ઈઊરોપખંડના મુસાફરો પાછા હટીઆ નથી. તેઓ પોતાની હોંશ અને ઈછા પુરી પાડવાને તથા પોતાના દેશને નવી શોધોથી વાકેફ કરવાને બે ધડક આફરીકાનાં વેરાણ અને ભઅંકાર જંગલમાં નીકલી પડેઆછે.

એવા બાહાદુર, હીમતવાળા અને દેશ હીતકારી મુસાફરોમાં મંગો પારક નામના મુસાફરનું નામ ઈઆદ રાખવા જોગછે. એ મુસાફરનું એક નાહાનું ચીત્ર ઊપર આપીઊંછે. એ મુસાફરની શોધ અથવા જીંદગી વીશે હમો અતરે કાંઈ લખતા નથી. પણ એક વેળાએ તેની ઊપર જે મોટી મુસીબત ગુજરી તે તેણે પોતાના બોલમાં જાહેર કીધીછે તે જાણવાજોગ જાણીને નીચે પરગટ કરીએછે.

"હું થોડીવાર એક પથર ઊપર બેઠો. આસપાસ સઘળું વીકરાલ અને દરામણ દીસવા લાગીઊં. જે જે ઠેકાણે મેં મારી નજર ફેરવી તે દરએક ઠેકાણે ધાસતી અને મુશકેલી શીવાએ કાંઈબી મારા જોવામાં આવીઊં નહી. ચોમાસાનીભર રૂતમાં આવા ભઅંકાર જંગલમાં હું આવી હાલતમાં આવી પડેઓ. તદન નાગો અને એકલો. મારૂ બદન ઢાંકવાને મારી પાસે એક કપડુંબી નથી. મારી આસપાસ ફાડીખાનારા વાઘ વરૂઓ વસેછે. જંગલી માણસોતો વળી એ ફાડી ખાઊ જાનવરો કરતાં વધારે ધાતકીછે. ઈઊરોપના સહુથી પાસેના મથકથી હું ઓછામાં ઓછો ૫૦૦ માઈલની વેગળાઈ ઊપર આવી હાલતમાં આવી પડેઓ તેથી મારા મંનમાં સઘલી ફીકર અને ધાસતી એકદંમ ઊતપન થઈ. હું કબુલ કરૂંછું કે હું તદન ના હીમત થઈ ગઓ. મેં ચોકસ જાણીઊં કે અતરે પડી રહીને મરવા શી

વાએ બીજો કાંઈ છુટકો નથી. તેવામાં મારી આંખ એક નાહાના રોપા તથા ફુલ ઊપર પડી અને તરત ઈઆદ આવીઊં કે હું અણજાણી જગાં ઊપર તદન અણજાણો અને નાગો પડેલોછુ તથા મારો મદદગાર કોઈ નથી તોંપણ ઈશવર મદદગારછે. સરવે પરાણીનું પોશણ કરનાર ઈશવર તેની આંખના આશરા તલે હું છું. ભુલાનો સાથી ઈશવરછે વાસતે હું શાવાસતે એકદમ હીંમત છોડી દઊં.

" જે વેળાએ મારા જીવમાં જીવ નહીં હતો તે વેળાએ એક ફુલની પાંખડી ઊપર મારો નજર પડી અને મારામાં હીમત આવી. આ હું એટલા વાસતે જણાવું છું કે કોઈ વેળાએ નજીવી અને નાહાની વાતથી આપણને ઘણોજ સંતોશ મલેછે. જે રોપા ઊપર તે ફુલ ઊગીઊં હતું તે રોપો માહારી આંગલીની અંણી કરતાં પણ મોટો નહી હતો; તોબી તેની ઊપર નાહાના પાંતરાં અને ફુલો હતાં તે જોઈ તરત મને વીચાર આવેઓ કે જે વસતુ આવી થોડી અગતની અને આવા વેરાણ જંગલમાં પેદા થએલી, તે વસતુને પણ પાણી શીપવાને તથા તેનું પોશણ અને રકસણ કરવાને જે કીરતાર આટલી બધી સંભાળ રાખેછે તે કીરતાર મારા જેવા મનુશ પરાણીની ઊપર શું નજર નહીં કરશે ? ખચીત તે મારૂબી રકશણ કરશે. આવા વીચારથી મારામો હીમત આવી. હું ઊઠીને ઊભો થએઓ. થાક અને ભુખની દરકાર મેં કીધી નહીં. ઈશવર મારો રખેવાળછે એવું આકીન અને ભરોસો રાખીને હું ચાલતો થએઓ. અને થોડા વખતમાં એક ગામડા મધે આવી પોહાચેઓ."

---

## "દુખના વખતમાં ઘભરાતા ના—ઈશવર ઊપર ભરસો રાખજો—તે તમને મદદ થશે."

બાઈઓ, ઊપલી વાત તમોએ વાંચી અને એક કીમતી અને અગતનો સાર તમોને મળેઓ હશે. તમારા સંસારના ખટલામાં તમારી ઊપર દુખ અને આફત આવી પડે તારે તમે ગભરાઈ જતાના પણ તમારો ભરોસો તમે ઈશવર ઊપર રાખજો, તે તમને મદદ થશે. તમારો ભરથાર માઠી હાલતમાં આવી પડે, મોટી અને સુંદર હવેલીમાંથી એક નાહાની ઝુપડીમાં તમોને રેહેવું પડે, સવાદ ભરેલું અને ઊંચુ ભોજન મળવાને બદલે સુકી રોટલી ઊપર દીવસ ગુજારવા પડે, મોટુ શેહેર છોડી એક વેરાણ જંગલમાં જવું પડે અને એવી સેંકડો મુસીબત દુનીઆમાં તમારી ઊપર આવી પડે તો તમે એકદમ ગબરાઈ જતાનાં. સબુરી અને ધીરજ અખતીઆર કરી ઈશવર ઊપર ભરોસો રાખજો તે ખચીત તમોને સીધો ઊપાએ અને ખરો રસતો દેખાડશે. એક નામીચો ઈંગરેજી સાહેર કેહેછે કે—

"તમારો થોડો ઘણો એકઠો કરેલો ખોરાક જો તમારા ભોજનમાં વપરાઈ જાએ તો આવતી કાલે શું થશે તે વીશે તમો અફસોસ કરતા ના. જો તમારાં કપડા ફાટીને ચીથરે હાલ થઈ જાએ, જો તમારા નાજુક ઘેર ઊપર મુસીબત અને આફત રૂપી તુફાન આવી પડે, તો ફીકર અને અફસોસમાં ડબાઈ જાતા ના. ફીકર અને ધાસતી કરતા ના કે તમારૂ નબલું જીવતર એ સઘલી આફત કેમ ખમી શકશે. ફીકર અને ધાસતી કરતા ના કે તમારા કાંપતાં બદનને ઢાંકવાને કપડા કાંહાંથી મલશે ! તમે ખચીત ઈઆદ રાખજો કે પોશણ કરનારી ચીજના કરતાં તમારી જીંદગી અને કપડાના કરતા તમારૂ બદન વધારે કીમતીછે એ વાત ઈશવર સારી પેઠે સમજેછે.

" અરે ઊપર નજર કરો અને તમારી નાઊમેદી કાહાડી નાખો. તમે જુવો કે આકાશના પકસીઓ પાસે ખોરાકનો ખજાનો એકઠો કરેલો નથી. તોપણ આપણો માઆળુ કીરતાર દર એક નાહાના પરાણીની ઊપર પોતાની નજર રાખેછે. તે તેઓની હર એક ફરીઆદ સાંભલેછે અને પોતાની અતીઅંત પરોપકાર બુધીથી સઘલાઓનું પોશણ કરેછે.

" તમે સુંદર ગુલબાસનું ફુલ એક વેરાણ જંગલમાં ઊગતું જુઓ. સઘલા નાહાના મોટા રોપા તરફ નજર કરો. તેઓ મેહેનત અને ફીકર કરતા નથી, તોપણ તેઓ ઊગીને એવા સોભીતા થાએછે તે શાથી. ?

" એ પરમાણે જારે તે આકાશના પકસીઓનું પોશણ કરેછે અને ખેતરના રોપા તથા ફુલોની સંભાલ રાખેછે તારે અરે વીશવાસ વગરના માણસો તમે કેહો કે તે શું તમારી સંભાલ નહીં કરે ! શું પશી

આ તથા રોપા કરતાં તમે તેને મન ઓછાછો ?" ના, નહીં વાસતે "તમે તમારાં દુખના વખતમાં ગબરાતા ના; ઈશ્વર ઊપર ભરોસો રાખજો—તે તમને મદદ થસે."

## ઓરતોને વળગાડ અથવા દીલમાં આવવું.

—o—

ઓરતોને વળગાડ અથવા દીલમાં શાથી આવેછે તે વાંચનારી બાઈઓ તમોએ જાણવું ઘટેછે. જારે કોઈ પણ ઓરતના દીલમાં આવેછે તારે આસપાસની બાઈઓ અતીસે વેહેમમાં પડીને મોહારો ગોંધાટ કરી મુકેછે. મોટી મોટી માનતાઓ કરેછે. તરેહ તરેના ધુતારાઓ અને જાદુને નામે પેટ ભરનારાઓને બોલાવેછે. ગોરજી અને સઈઅદ પાસે દોરા ચીઠી અને ઝાડો પીછી કરાવેછે. જે બાઈના દીલમાં આવતું હોએ તેને ઠેકાણે ઠેકાણે જઈને પથર પુતલાઓને પગે લગાડેછે. અને કાંઈ તરેહ તરેહની કીરીઆ અને જંતર મંતર કરાવેછે. આ વેહેમમાં ગરક થઈ ગએલી અગનાન સ્ત્રીઓની સંખીઆ થોડી નથી. વાસતે ઓરતોના આંગમા શું આવેછે તે બાબેનો થોડોએક ખોલાસો હમો અતરે કરીએછે તે હમારી સમજુ વાંચનારીઓ ધેઆન દઈને વાંચશે એવી આશાછે.

ઓરતોના આંગમાં તરણ કારણોને લીધે આવેછે. કેટલીએક ઓરતોને ફકત વેહેમને લીધે આંગમાં આવેછે. ઓરતોનું શરીર જે માફક નાજુકછે તે માફક તેઓનું મગજ પણ નાજુકછે. તેઓ પુરૂષોના કરતાં હરએક વાત ઘણી જલદીથી માનેછે. તેઓના મન ઊપર હરએક વાતની અસર ઘણી જલદીથી થઈ શકેછે. તેઓ ભુત, પળીત, સેતાન, ડાકણ તથા વળગાડની વાતો નાહાન પણથી સાંભલેછે તેથી તે સઘળી વાતો ખરી માનેછે. તેઓની નજરે હરએક ચમતકાર પડેઓતો તરત તેઓ જાદુ, નજરબંધી, ભુત, પળીતને ઈઆદ કરેછે. કાઠીઆવાડ પરાંતના એક ગામડામાં એક વાણીઅણી પાણી ભરવા ગઈ. પાણી ભરતાં પાણીનો છાંટો ચારણ જાતની સ્ત્રી ઊપર પડેઓ. તે ચારણે ગુસામાં આવીને ગાલ દીધી. તે વાણીઆણી એવું સમજતી હતી કે ચારણ જાતની સ્ત્રી ડાકણ થઈને વલગેઆ વગર રેહેશે નહીં. તે વેહેમમાંને વેહેમમાં ઘેર ગઈ. તેના નાજુક મગજની અંદર તે વેહેમે એટલું તો ઘેર કીધું કે રાતના મોહાડેથી બુમ પાડવા લાગી કે "મને કોઈ મારેછે રે કોઈ મારેછે." એવી રીતે બે કલાક શુધી બુમ પાડેઆ કીધી. વલી બે દીવસ પછી રાતના પેલી ચારણ ઈઆદ આવી. તે પોતાના બીછાના ઊપરથી ચમકી ઊઠી અને તેવીજ મોહાડેથી બુમ પાડવા માંડી. એ રીતે જારે તેને પેલી ચારણ ઈઆદ આવે તારે બુમ પાડે અને ઘણી હેરાણ થાએ. આસપાસના લોકોએ ધુતારા ગોરજી અને સઈઅદને બોલાવીઆ. ઘણા દીવસ કાંઈ વલીકી નહીં. આખેર ઘણા એક દીવસ પછી એક સઈએદ આવેઓ. તેણે પેલી ચારણના જેવું પુતલુ તઈઆર કીધું. લીંબું કાપી લોબાનનો ધુપ કરીને તે બાઈના દેખતાં તે પુતલું બાલી નાખીઊં. તે બાઈએ જોએઊં કે મને વળગનારી ચારણ બલી મુઈ. તેથી તેના દીલમાંથી વેહેમ જતો રહેઓ અને તાર પછી કોઈ દીવસે તેના આંગમાં આવીઊં નહીં. વેહેમથી માણસના મન ઊપર કેવી અસર થાએછે તે વીશે એક બીજી વાત સાંભલો. થોડાંએક વરસ ઊપર સુરતની પાસેના ગામડામાં બે જણ વચે સરત પડી. એક જણ જે ભુતને માનતો નહીં હતો તેણે એવું કબુલ કીધું કે રાતના બાર ઊપર બે વાગે જે જગોએ હીંદુઓના મુરદા બાલવામાં આવતા હતાં તે જગોએ એક ખીલો મારી આવવો અને તેના બદલામાં રૂ ૫) બીજા પાસેથી લેવા. આવી સરત મારીને રાતના ઠેરવેલા વખતે મસાણ કાંઠે ખીલો મારવા ગઓ. તે ભુત પલીતને માનતો નહીં હતો પણ નાહાન પણથી તેણે એ વીશે સાંભલેલું ઘણું હતું. મસાણ આગલ જઈને અંધારી રાતના એક પથર લઈને ખીલો ઠોકવા બેઠો. ઠોકતી વખતે તેના પોતીઆંનો છેડો ખીલાની સાથે ભરાઈ ગએઓ. તે બાબેની તેને કાંઈ ખબર રહી નહી. ખીલો ઠોકીને ઊઠવા જાએછે તો તેના પોતીઆનો છેડો ખેંચાએઓ. તેના મગજ ઊપર બચપણથી ભુતની વાતે મજબુત અસર કીધી હતી તે ઊપરથી તેણે એવું જ ધારીઊં કે ભુતે મારા પોતીઆનો છેડો પકડીઓછે. તેથી તેના દીલમાં અતીશ હેબત પેઠી અને મોહડેથી બુમ પાડીને તાંહાંજ પડી રહો. તેને તાવ આવેઓ અને બે તરણ દીવસમાં મરણ પામીઓ. આ પરમાણે વેહેમ માણસનાં મન ઊપર અસર કરેછે તો ઓરતોના મન ઊપર અ

સર કરે તેમાં ઘણી નવાઈ નથી. વાસતે વાંચનારી બાઈઓને ઘટેછે કે હરએક વાતનો ખોટો વેહમ પોતાના મગજમાં રાખવો નહીં.

ઓરતોનાં દીલમાં આવવાનું બીજું કારણ ઘણા ખરા લોકોના જાણવામાં આવીઉંછે. ઓરતોને ચમક તથા એવી જાતના દરદો થાએછે. તેથી તેઓનું બદન એકદમ ઊછલેછે. તેઓ એક દમ પોતાના હાથ પગ પછાડવા મંડી જાએછે. તેઓને પાણીનો ઘણો પીઆસ લાગેછે. તેઓ બેભાણ અથવા બેશુધ જેવી થઈ જાએછે. તેઓને ઘણોખી માર મારવામાં આવે છે તોપણ તે વેળા તેનીને જણાતું નથી. અગનાન લોકો અને અગનાન સ્રીઓ આવી જાતના દરદને વલગાડ અથવા દીલમાં આવવું કરી સમજેછે. અને તે ઓરતને ખુબ જોરથી માર મારેછે. મરચાંની ધુંવાડી તેની આગલ કરેછે. હીંદુઓ પોતાના ગોરોને બોલાવીને ચંદીપાટ કરાવેછે અને જોરથી બુમ બરાડા પડાવીને તે ઓરતને એકદમ ગભરાવી મુકેછે. તે બીચારી ગભરાટમાં બોલે છેકે "હું ફલાણી ડાકણછું. અને ફલાણી ચીજ કરો હું જતી રહું." વલી ફરીથી તે અસતરીને ચમક થઈ આવેછે તો તેવોજ ગજબ તે બીચારીની ઊપર ફરીથી પાડવામાં આવેછે. તેઓ બીચારીઓના દરદની ઘટતી દવા દારૂ કરવામાં આવતી નથી અને કેટલીએક લાંબી મુદત શુધી આવું દુખ ભોગવીને તે બીચારી અંતે મરણ પામેછે.

ઓરતોના દીલમાં આવવાનું તીજું કારણ સાસરી તરફનું દુખ અથવા ઓરતની પોતાની લુચાઈ હોએછે. ઓરતને જારે સાસરે જવું ગમતું નથી અથવાં જારે તેનો ધણી અથવા સાસુ તેની ઊપર ઘણો જુલમ ગુજારેછે હોએ તારે જાંણી જોઈને ધુણવા (પોતીકુ દોકું હીલાવવા) મંડી જાએછે અને આંગમાં આવીઉં હોએ એવું ડોલ ઘાલેછે. તેને વાસતે તેઓ કોઈ વેળાએ અતીશે માર ખાએછે પણ પોતાનું ડોલ અને પોતીકો ઢોંગ છોડતી નથી. આવી સ્રીઓ હીંદુઓમાં ઘણીછે. એક સીએ પોતાની સાસું જીવી તાં હાં શુધી શાસરે નહી જવાને આવો ઢોંગ એટલો તો ચલાવેઓ કે તેને સાકલ અને નેતરવતી મારવામાં આવી. મરચાનો ધુમો તેની આગલ કરવામાં આવેઓ અને તેવાં બીજા ઘણા દુખો, તેને ખમીઆં પણ પોતાનો ઢોંગ છોડેઓ નહીં. પણ જારે તેની સાસુ મરણ પામી કે તેના દીળમાથી જતું રહેઉં અને દરરોજ સાસરે રેહેવા લાગી. આ પરમાણે તરણ રીતથી ઓરતોને વલગાડ આવેછે. એક વેહમથી, બીજો દરદથી અને તીજો ઢોંગથી.


---

## બરલીન ઊલ—એક ખુબશુરત ફુલનું કુંડું.

કનતાન ઊપર ઊનનું ભરત ભરવાનો હુનર "બરલીન ઊલ" ને નામે ઓલખાએછે. કારણ તે હુનર બરલીન નામના શેહેરમાં ઊતપન થએલો તથા પસરેલોછે. બરલીન શેહેર પરૂશીઆ દેશનું પાએતખત ગણાએછે—જે દેશનો શાહાજાદો ગઆ વરસની સરૂઆતમાં આપણી નામદાર રાણીની વડી દીકરી સાથે પરણીઓ. બરલીન શેહેર નામીચું અને મોટું ગણાએછે. તે શેહેરની આસપાસ મોટી દેવાલ બાંધેલીછે, તે દેવાલની ઊંચાઈ ૧૬ ફુટનીછે. તે મધે ૧૬ દરવાજાછે એ શેહેરમાં નદીની ઊપર મોટા મોટા ૪૦ પુલો બાંધેલાછે. તે શેહેરમાં ૧૮૦૯ ના વરસમાં એક "ઈઊનીવરસીટી" નામની મોટી મકતબ ઊઘાડવામાં આવીછે જેની અંદર હાલ નજદીક ૨૦૦૦ વીદીઆરથીઓ ઊંચા દરજાની કેળવણી મેલવેછે. એ શેહેરમાં પાદશાહી દફતરખાનુંછે તેમાં ૬ લાખ કરતાં વધારે છાપેલાં દફતરોછે. એ શેહેર હોનર અને કારીગરીમો ઘણુ વખણાએલુંછે તે મધે ઊન ભરવાનો હુનરબી અગતનો ગણાએછે. એ શેહેરની શેંકડો ઓરતો ઊનના ભરત ઊપર પોતાનું ગુજરાણ કરેછે.

હમોએ ગઆ આંકમાં આપેલી કબુલાત મુજબ અતરે ઊનથી ભરેલાં સુંદર કુંડાનું એક ચીત્ર આપીએછે. જુવો તે કેવું કારીગરીથી તથા કાબેલીઅતથી ભરેલું માલુમ પડેછે. વાંચનારી બાઈઓએબી એવાં ઊંચા ભરતો ભરવાની તજવીજ કરવી જોઈએ છે. કુંડાને વધારે ખુબસુરતી આપવાને તેની આસપાસ કાચના મણકાઓ વલગાવેલાછે.

---



ાને વીચારવાળી હો
ે નહીં. કારણ આ
ીજો દુનીઆમાં એ
ઊપરથી સઘળી મા
મોટી નશીએત મેળ
. છોકરાંઓની ઊપ
ો અખતીઆર સ
. ઊંમરમાં અને સ
પડતાં જોડાંની સા
ા જોઈએછે. તેવું
નાવ હોવાની તથા
ધાસતી રેહેતી નથી.
ાને પસંદ પડતા સો
રથાર એ જનમના
વાસતે અગત કરી
ાજ સોખતીઓ કર
. વીશે મા બાપોએ
મુદલ ઈછા રાખવી

ું થીઊં તે સાંભલો.
ાફેઓ કે તરત તેણી
નીકળેઆ. "કરપી
જીવ લીધોછે." એ
કાન ઊપર પડેઆ.
ને એવા શખ્સનો બે
અને તરત વીલોઅ
તેઓએ બારણાં બં
કોઈ માણસ મરવા
ેાનાં જાણવામાં આ
રત અંદર પેઠા અને
લુહાણ અને બે મી
ાં જોઈ. તેઓએ ત
વેઆં. તેવામાં તેનો
ા. છોકરીનાં મોહો
હતા કે "કરપીણ અ
લીધોછે." તે વાત પ
:થી તરત તેને પકડ
. એક કનેસટેબલે તે
ાકડીને પોલીસમાં લઈ

ગઆ. થોડા દીવસ પછી તેનો ઈનસાફ કરવામાં આવેઓ. અદાલતમાં એવું સાબેત થીઊં કે તે બાપેજ પોતાને હાથે પોતાની છોકરીના પેટમાં છરો ભોકીને તેણીનો જીવ લીધો. કારણ છોકરીએ આપઘાત કીધો તારે તેની પાસે કોઈ હતું નહીં અને તેના છેલા બોલો ઊપરથી એવુંજ સાબેત થીઊં કે તે બાપે પોતાની છોકરીનું ખુન કીધું. તેથી તેને ૧૭૨૧ ના નવેમબર મહીનામાં ફાંસી દેવામાં આવેઓ. ફાંસીએ ચહડતી વખતે વીલીઅમ બોલેઓ કે "મેં મારી છોકરીનું ખુન કીધું નથી. હું નાહક અને વગર તકશીરે ફાંસીથી મરણ પામુંછું." તે વાત કોઈએ માની નહીં. તેને ફાંસી દીધા પછી નજદીક એક વરશે વીલીઅમના ઘેરમાં કોઈ બીજો ગહરસથ રેહેવા આવેઓ. તેને ધુંવાડીઆની બાજુ ઊપરથી કાથરીનનો લખેલો એક કાગલ મલીઓ. તેમાં તે છોકરીએ લખીઊં હતું કે "કરપીણ બાપ તેં મારા લગન મને પસંદ પડતા ભરથાર સાથે કરવા નહીં દીધા અને જે પુરૂશને હું ઘણીજ ધીકારતી હતી તેની સાથે મારા લગન કરવાની તેં બોહોત કીધી તેને વાસતે હું મારી જીંદગીનો અંત લાવીછું. મને આ દુનીઆમાં તારા જેવા ઘાતકી બાપથી ઈનસાફ મલેઓ નહીં; પણ બીજી દુનીઆમાં મને ઈનસાફ મલેઆ વગર રેહેનાર નથી. તું મારી ઊપર દરરોજ જે દુખ પાડેછે તે એવુંછે કે કોઈબી માણસ ખમી શકે નહીં. મારૂં મોહત તારાથીજ નીપજીઊંછે. જારે તું આ કાગલ વાંચે તારે એવુંજ સમજ જે કે તેં તારે હાથે દુખી કાથરીનના પેટમાં છરો ભોકેઓ" આ કાગલ ઈનસાફની દરબાર મધે દેખાડવામાં આવેઓ. નીઆ કરનારાઓએ જોઊઊં કે તેઓથી ઘસતો ઈનસાફ થઓ નથી તેથી તેઓ દલગીર થઆ.

---

## ગંધકના પાહાડો વીશે એક મુસાફરનો હેવાલ.

—o—

એક મુસાફર પોતાના કેટલાએક વીદવાન મીતરોની સાથે ગંધકના પાહાડો જોવાને ગએઓ હતો. તે કેહેછે કે "એ પાહાડો જોવાથી ખરેખર અચરતી અને રમુજ ઊપજીઆ વગર રેહેતી નથી. પણ તે જોવાનું કામ ઘણું બીકટ અને ધાસતી ભરેલુંછે. હમો હમારો નાસતો કરીને સવારના પોહોરમાં એક ગામડામાંથી તે પાહાડ તરફ જવાને નીકલેઆ. તે પાહાડને તલીએ સફેદ મરોડાંની સાથે થોડો થોડો ગંધક લેરાએલો નજરે પડેછે અને તેમાંથી વરાળ એટલે બાફ નીકળતો માલુમ પડેછે. હમો એ પાહાડની થોડુંએક ઊપર ચહડેઆ તેવામાં ગંધનો ધુમાડો ઘણા જોરથી નીકળતો માલુમ પડેઓ અને તેજ વેળાએ ઊકલતાં પાણીનો જેવો અવાજ સંભલાએઓ. આ ઠેકાણેબી ગંધક મરોડાંની સાથે ભેલાએલો હતો પણ મરોડાના કરતાં ગંધકનો ભાગ વધારે હતો. આ ઠેકાણે જમીન પોચી હતી. બાફના ધુંવાથી હમો એક બીજાના ચેહેરા જોઈ શકતા નહીં હતા. આ ઠેકાણે ચાલવાને હમોને ઘણુંજ ભારે તથા બીકટ લાગીઊં. જે જગો ઊપર હમો પગ મુકતા હતા તે જગો ઊપર ગંધકનો પોપડો ભાંગી જવાની અથવા તેની નીચેના ખાડામાં હમારા પગ પેસી જવાની ધાસતી અતીઅંત હતી. હમારા એક સોબતીનો પગ એક ખાડામાં પડેઓ અને એ ખાડામાનું મરોડું એટલુંતો ગરમ હતું કે તેના પગની ઊપર ફુલો પડેઓ. જે જગો ઊપરથી ગંધક ઊચકેઓ તે જગોમાંથી તરત બાફ નીકળવા માંડેઓ. કોઈ કોઈ જગોએ ગંધક એટલોતો ગરમ હતો કે હમો તેને ઊચકીને હમારા હાથમાં પકડી નહીં શકતા હતા. પાહાડની સપાટીની થોડાએક ઈંચ નીચે ઊકલતાં પાણી જેટલી ગરમી હતી. હમોએ પારાની સીસી થોડાએક ઈંચ ખાડો ખોદીને તપાસી જોઈતો ૨૦૦ દીગરી કરતાં વધારે પારો ચહડી ગએઓ. હમો ઘણીજ સાવચેતીથી તથા ધીરજથી આગલ વધેઆ અને ઈશવર કુરપાથી હમોને ઘણું નુકશાન ખમવું નહીં પડીઊં. એક એવી જગોએ આવી પોહોચેઆ કે તેની નીચેના ખાડામાં ઊકલતો રસ હમારા જોવામાં આવેઓ. તે રસ એવો તો ઊકલતો હતો કે તે ખાડામાંથી ૬ ઈઆ ૮ ફુટ ઊંચો ઊડતો હતો. આગલ ચાલતાં પાહાડને મથાલે એક ઠંડા પાણીનો ઝરો હમારા જોવામાં આવેઓ. આવા ગરમ પાહાડમાં થંડા પાણીનો મીઠો અને નીરમલ ઝરો જોઈને હમો ઘણાજ અચરત થએઆ. તાંહાંથી હમો આગલ વધેઆ અને એ પાહાડની સઊથી અચરત ભરેલી જગો આગલ આવી પોહોચેઆ. એ જગોની આગલ પોહોચેઆની અગાઊ જે જગો ઊપર પ

ઈને હમોને ચાલવું પડીઊં તે જગો વધારે બીકટ અને ઘાસતી ભરેલી હતી. ઊપર ઊપરથી ગંધકની પોપડી બંધાએલી હતી અને નીચે ભીની તથા ગરમ માટી હતી. જેમ હમો પગ મુકતા હતા તેમ તે ભીની અને ગેરમ માટીમાં પડતા હતા. અને તેમાંથીજે બાફ નીકલતો હતો તે હમારાથી ખમી શકાતો નહીં હતો. પણ આ સઘલી અડચેણ તથા ઘાસતી ભોગવેઆ છતાં પેલી અચરત ભરેલી જગો પાસે આવી પોહોચેઆ. એ જગાનો દેખાવ એટલોતો ભએંકાર તેમજ અચરતી ભરેલો હતો કે તેનું વરણ કોઈબી શખસ કરવાને અશકતછે. અરે ! એકમોટો અને ભેઅંકાર ખાડો ! તેમાં બલતો આતસ અને પીગલતો ગંધક ! તેનો પરકાશ અને અવાજ એટલો મોટો કે ગમે તેવો કઠણ છાતી વાળો માણસ હોએ તેબી થરથર ધ્રુજવા મંડી જાએ ! તેનાં બલતાંનો અવાજ પાંચ પાંચ ઈઆછ છ માઈલ શુધી રાતના સંભલાએછે. તેમાંથી કોઈ કોઈ વેળાએ એવા ધડાકા નીકળે છેકે તેનો અવાજ તો તોપના અવાજનેબી હઠાવી મુકે. આ દેખાવનો કોઈબી ખીઆલ નજરે જોએઆ વગર થઈ શકવો ઘણો મુશકેલછે. જેઓ ઈશવરના ચમતકાર અને દુનીઆની અચરતી જોવાને તથા જાણવાને આતુરતા અને હોંસ રાખેછે તેઓની આતુરતા ગંધકના પાહાડો જોઆ વગર પુરી પડનાર નથી."

## પરચુરણ બાબતો.

**દરદીઓને મેલાપ કરનારી બાઈઓને ભલામણ**—જારે કોઈ આદમી બીમાર થીઉં હોએ તારે તેની આસપાસના આદમીઓની ફરજ છેકે તેની આગલ કોઈપણ તરેહનો ગોંઘાટ કરવો નહીં. પણ દેશી સ્ત્રીઓ પોતાના કોઈ આજારી શગાને મલવાને જાએછે તો પોતાની જબાં ચાલતી જ રાખેછે. કોઈ બાઈ કાંઈ બોલેછે અને કોઈ બાઈ કાંઈ દવા બતાવેછે. (જાણે પોતે ડાકટર હોએ,) કોઈ શેઠાણી કેહેશે કે મારો ડાકટર મજાનોછે. મારી કોહાલાઈને તાપ આવતી હતી તે વાએ બે દાહાડામાં સારી કીધી. જારે એવા શબદો દરદી આદમીના કાન ઉપર પહોંચે તારે તે બીચારો વધારે વીમારમાં પડી ઘબરાએછે; અને તેનું દરદ ગોંઘાટ અને ગભરાટથી વધારે વધી પહોંચે. વાસતે નેક વાંચનારી બાઈઓ તમે જારે કોઈ દરદીને મલવાને જાઓ તારે તેની પાસે ગોંઘાટ અને શોહોર કરી મુકતા ના. પણ મુંગા મુંગા બેશજો અને કાંઈ કેહવું હોએ તો દરદીના સગાના કાનમાં હરસે કેહેજો.

**અસતરીઓનો ચેહેરો ફીકો કેમ ?** આપણી ઘણી ખરી સ્ત્રીઓ જેઓની સંસારી હાલત સઘળી પરકારે સુખી છે, જેઓને ખાવાનો ખોરાક સારો મળેછે, જેઓને પેહેરવાને કપડાં સાફ અને સોજત મળેછે તો પણ તેઓનો ચેહેરો ફીકો લાગેછે તેનું કારણ શું ! તેનું કારણ ઉઘાડુંછે કે ઘણી ખરી બાઈઓ આખો દીવસ ઘેરમાં ગોંધાઈ રેહેછે અને ફરવા જતી નથી. ખુલી હવાથી અને અંજવાલાથી લોહીનું તેજ વધેછે તેનું સુખ તેઓથી લેવાતું નથી. ચેહેરાનું તેજ વધારવાને સારો ખોરાક તથા સારાં સોજા કપડાં તથા નીરમળતાની જેટલી જરૂરછે તેટલીજ જરૂર ખુલી હવા તથા પુરી રોશનીનીછે. પણ આખો દીવસ ઘેરમાં ગોંધાઈ રહાથી ખુલી હવા અને પુરતી રોશની મળી શકતી નથી.

**એક બકરી અને વરૂ**—એક બકરી બંચાવ કરનારી ઉંચી જગો ઉપર જઈને નીચે જે વરૂ ઉભીઉં હતું તેને ગાલો અને ધીકારના સખુનો બોલવા લાગી. વરૂએ ઉંચે જોઈને જવાબ આપેઓ કે "મગરૂર અને નીચ પરાણી તું મને ગાલ દઈને માઠા શખુનો બોલેછે તેથી તું ફુલાઈ જતીના; કારણ આ માઠા સખુનો તારી તરફથી આવેછે એમ હું ગણતો નથી, પણ જે જગા તારો બચાવ કરેછે તે જગો ઉપરથી આવેછે એમ હું ગણુંછું." કેટલાએક હલકાં માણસોના હાથમા દાવ આવેછે તારે તેઓ પોતાથી મોટી પદવી વાલાઓને અને મોટા લોકોને ગાલો દેવા તથા માઠુ બોલવા મંડી જાએછે તેઓને નશીએત કરવાને ઉપલી વાત ઘણી ધેઆનમાં રાખવા જોગછે.

**એક ઓરતની ઊપર ગાએનની અસર**—એક સ્ત્રી જેની ઉમર ૨૮ વરસની હતી તે એક ગામડામાં રેહેતી હતી અને તેણીએ પોતાના જનમમાં કદી રાગ, ગાએન સાંભલીઉં હતું નહીં. તે એક તેહવાર ઉપર પાસેના શેહેરમા ગઈ. અને તાંહાં તેને ગાએનના જીદા જીદા રાગ તથા નાદ સાંભલીઆ. તે રાગ તથા નાદથી તેણીના કાન ઉપર એટલીતો અસર થઈ કે તે ઘેર ગઈ તોપણ તે ગાએનનો અવાજ તેના કાન ઉપર પડેઆજ કરે. તે સુવા ગઈ તોપણ ઉંઘ નહીં આવી અને ગાએણનો અવાજ તેના કાન ઉપર આખી રાત પહેઆ કીધો તેવું એક દીવસ નહીં પણ ૬ મહીના શુધી થયા કીધું. ૭ મહીના શુધી તેને ઉંગ આવી નહીં. તેની ઘણીબી દવા કીધી પણ બીચારી આખેર મરણ પામી !!

**પારકે પઈસે મોજ**—"આપણે આપણો મોભો રાખવો જોઈએ" એ બોલો ઘણા લોકોને ઠગેછે. પણ જેઓ એ બોલોની ઉપર ઘણો વીચાર કરે તેઓને માલુમ પડે કે તેઓમાં કેટલું વજનછે. એવું માતરે દીવાના માણસોનું બોલવુંછે. પારકે પઈસે મોજ કરવી એ ભીખ માગેઆ બરાબરછે. ગજવામા દમડી મલે નહીં ને વલી મોભો રાખવા જાએ તો ખરાબી થવાવીના રેહેજ નહીં. એવો મોભો રાખવા જાનારા લોકો પછવાડેથી બંધીખાને પડેછે, બે આબરૂ થાએછે, અને જેઓ તેમને ખાડામાં ઉતારેછે તેઓજ પછી તેમને હસેછે. ગ૦ પ૦

**પઈસાથી ઠગાએલી ઓરત**—થોડી મુદત ઊપર ડબલીન મધે એક કુલવાન અને ખુબસુરત ઓરત પઈસાથી ઠગાઈ ગઇ હતી. એક ઠગારાએ પઈસાની કામ જોગ રકમ લાવીને એક પાદરીની મારફતે તે સ્ત્રીની સાથે ઓલખાણ કીધી. તે સ્ત્રી કુંવારી હતી. તે તેના બાહારના ભપકાથી ભુલી કે તે તવંગરછે. તેથી તેની સાથે લગન કીધાં. લગન કીધાં પછી તે ઠગારો પાંચ સાત દીવસે તાંહાંથી પેલ થઈ ગએો.

---

**માંખીની જાત**—કુદરતી તવારીખ જાણનાર એક જરમને દશ માઇલના એકપરગણામાંથી ૬૦૦ જુદી જુદી જાતની માંખો એકઠી કીધી, તથા ૩૦૦૦૦ માખીની જાતના જુદા જુદા પરાણીઓ ઘહુંના ખેતરમાં તેના જોવામાં આવેઆં.

---

**ફ્રરાંસમાં રેલવે**—૧૮૫૮ ના વરસમાં ફરાંસ મધે ૭૭૩ માઇલનો બીજો રેલવેનો રસતો ઉઘડેઓ હતો. ફરાંસ મધે સઘળો મળીને સાડાપાંચ હજાર માઇલ રેલવે બંધાઈ ચુકેઓછે. ગઆ વરસમાં ફરાંસ મધે રેલવે ખાતાની ઉપજ ૧૩ કરોડ રૂપીઆની થઇ હતી.

---

## કેફી માણસની બાએડી વીલાપ કરેછે.

(બાર મહીનામાં.)

—o—

કારતક મહીને કેફી જેનો કંથ રે સાહેલી
આએ અબલાના દુખનો ના આવે અંત—સાંભલ સાહેલી.
દીવસ ઘટેને રજની મોટી થાસે રે સાહેલી
આ કેફીની અબલાના કેમ દીવસ જાસે—સાંભલ સાહેલી.
હીમાલાનો સીતલ વાયુ વાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
માગસર મહીને સુખ પામું શી પેર રે સાહેલી
આ કેફીએ તો માંડેઓ અકરાકેર—સાંભલ સાહેલી.
ઉપજ ખરચની વાત કશી નહીં જાણી રે સાહેલી
આ ખોઈ બેઠો નીજ બાપ તણી કમાણી—સાંભલ સાહેલી.
પડો રહે દીઆઈ કેફી રસતામાંએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
પોસેનો પેર વેચી બેઠો પાપી રે સાહેલી
આ પીઅર જવાની રજા વહુને આપી—સાંભલ સાહેલી.
જેણે મુને પરણાવીઉ એવું પાપ રે સાહેલી
આ પેલા ભવના દુસમન મા ને બાપ—સાંભલ સાહેલી.
એ રૂતમાં સાસરે જવું સઉ ચાહાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
માંહા મહીનામાં બોલે લોક વસંત રે સાહેલી
આ તે દુખણી કેફીરો જેનો કંથ—સાંભલ સાહેલી.
વન પાલેપમાં આંબે આવેઓ મોહાર રે સાહેલી
આ દુખણીને સુખ નથી ઓણુ કે પેર—સાંભલ સાહેલી.
ભમર ગાન સુણી પીઉ મલવા મન થાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
ફાગણમાં નર નારી બોલે ફાગ રે સાહેલી
આ કેફીની અબલાને અંતર આગ—સાંભલ સાહેલી.
રમે જમે ને હસે મળી નર નાર રે સાહેલી
આ કેફીની પરણેલી ખાએ માર—સાંભલ સાહેલી.
જોયું ને રોયું ઘર ખુણામાંએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
ચઈતરમાં કેમ ધીરજ રાખું ચીત રે સાહેલી
આ કેફ કરે કેફીડો નીત ને નીત—સાંભલ સાહેલી.
હે પરમેશવર કેમ આવો વર આપો રે સાહેલી
આ આવા વરથી અતી ભલો રંડાપો—સાંભલ સાહેલી.
લેણા વાલાની ફરીઆદો થાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
વીલખતે આવેઓ મહીનો વઈસાખ રે સાહેલી
આ ધામ ધખે દીલ થાએ બલીને રાખ—સાંભલ સાહેલી.
સુરજ તપેતો છતર આંડું રાખું રે સાહેલી
આ દીલ દાજે તે કેની આગળ દાખું—સાંભલ સાહેલી.
રજની ઘટીને દાંહાડા મોટા થાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
જેઠે તો જીવડો જલવા લાગો રે સાહેલી
આ કેફીની અબલાનો આનંદ ભાંગો—સાંભલ સાહેલી.
પગ દાજે તો સપાટ પેહેરી ચાલું રે સાહેલી
આ કાલજુ દાજે તે કેમ કરી ઠારૂં—સાંભલ સાહેલી.
કેફીડાને કોઈ ન કહે સમજાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
અસાડ ચડી આવોછે ઘનઘોર રે સાહેલી
આ મોરો હરખ ધરીને બોલે મોર—સાંભલ સાહેલી.
કેફી પીઉ બંધીખાનામાં ચાલે રે સાહેલી
આ પરણેલીના દીલમાં એરત સાલે—સાંભલ સાહેલી.
નીલીઘરા વીઘ વીઘના અંન વવાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
શરાવણમાં મેં દેવ પુંજા નહીં દીધી રે સાહેલી
આ દઈવે મને કેફીને કર દીધી—સાંભલ સાહેલી.
ચીત ટલેલો વીઅસનો જુઠો ચોર રે સાહેલી
આએ સગપણ કરનારો જરજો ગોર—સાંભલ સાહેલી.
ભાગીઅ વતી જે પીઉ સાથે સોહાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
ભાદરવે ભર જોબન ખીલીઉ જાએ રે સાહેલી
આ કેફીની બઈરીને કેમ સુખ થાએ—સાંભલ સાહેલી.
નદીએ આવ્યાં પુરણ જલના પુર રે સાહેલી
આ પીઉ સાંભરતે આગ બલેછે ઉર—સાંભલ સાહેલી.
ડાલે બેસી પંખીડા પકલાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
દીવાલીના દાહાડા આસો માસ રે સાહેલી
આ કેફીની બઈરીતો નીત ઉદાસ—સાંભલ સાહેલી.
રમે જમે ધરે જન નવા સણગાર રે સાહેલી
આ કેફીની નારીની આંખે જલ ધાર—સાંભલ સાહેલી.
ગુણવંતી મલી મલીને ગરબા ગાએ રે સાહેલી
આએ મહીનો એવી રીતે કેમ જાએ—સાંભલ સાહેલી.
માસ અધીકમાં અધીક પણે શું કરીએ રે સાહેલી
આ પીઉ બંધીખાને, એકલા કેમ સહીએ—સાંભલ સાહેલી.
એ વરથી મુજને છોડવા ધાએ રે સાહેલી
તો દલપતના સવામીને લાગુ પાએ—સાંભલ સાહેલી.

# સ્ત્રીબોધ.

પુસતક ૩ જું. | આગશટ ૧૮૫૯ | આંક ૮ મો.

## લાએકીવાળી ઓરત.

### મીસીસ દુબરલી.

—o—

હીંદુસથાન મધે ૧૮૫૭ ના વરસમાં નાસકારક અને ભએંકાર બલવો ઊઠેઓ તે વેળાએ કેટલીએક ઈઊરોપીઅન સ્ત્રીઓએ જે હીંમત, ધીરજ અને બાહાદુરી દેખાડીછે તેની તારીફ આપણે જેટલી કરીએ તેટલી થોડીછે. ઘણી ખરી સ્ત્રીઓ વીશે બલવાના હીગાંમમાં સાંભલવામાં આવીઊંછે કે તેઓએ મોટાં સંકટમાં, મોટી લડાઈમાં અને મોટી ખુન ભરેલી કાપાકાપીમાં પોતાની હીંમત અને સબુરી છોડી નહીં. તેઓએ પોતાના ભરથારની સાથે બળવાના મુખીઅ મથકો તરફ જવાને, લાંબી અને કંટાલા ભરેલી મંજલ કરવાને, પોતાના ભરથારની થાક અને નાઊમેદીમાં સંતોશ અને ધીરજ આપવાને, તેમની ચાકરી અને ખરદાસત લેવાને જે કાંઈ કીધુંછે તે કાંઈ થોડું નથી અને તેથી દુનીઆના લોકો અચરત થયા વગર રેહેતા નથી. એ સ્ત્રીઓ મધે મીસીસ દુબરલી વીશે જે થોડીએક ખીના હાલ જાણવામાં આવીછે તે હમો નીચે પરગટ કરીએછે.

૧૮૫૭ ની આખેરીએ મીસીસ દુબરલી આઠમી હુસાર નામની ઈઊરોપીઅન રીજમીંટ સાથે અતરે મુંબઈમાં આવી પોહોચી. એ સ્ત્રી રૂશીઆની કરીમીઆની નામીચી લડાઈમાંબી હાજર હતી. કરીમીઆની લડાઈમાંબી તેણે પોતાના ભરથારની સાથે ઘણું સંકટ અને દુખ ભોગવેઊં હતું. એ નામીચી લડાઈ મીસીસ દુબરલીએ પોતાની નજરે દીઠી હતી. તે લડાઈ થઈ રહા પછી તેણીએ એ લડાઈના હેવાલનું એક પુસતક બનાવવા માંડીઊં હતું. તે પુસતક તઈઆર થઊં નહીં એટલામાં મીસીસ દુબરલીને પોતાના ભરથાર સાથે હીંદુસથાન મધે બલવાખારોને શીકસતે પોહોચાડવાને આવવું પડીઊં. તે જારે મુંબઈને કીનારે બારકસ ઊપરથી પેહેલ વેહેલી ઊતરી તારે કેટલાએક ભાડુતી પાલખી વાળાઓએ તેણીને પાલખીમાં બેસવાને પુછીઊં. પણ પોતાના ભાઈબંધ મનુશ જાતીને હેવાન સરખાં બનાવીને તેઓની ખાંધ ઊપર બેસવું એ ઘાતકીછે એવો વીચાર તેણીના મનમાં તરત આવેઓ અને તે પાલખી મધે બેઠી નહીં. આઠમી હુસાર મુંબઈથી કછ તરફ જવાને નીકળી અને ભુજ મધે ૧૮૫૮ ના ફેબરવારી મહીનામાં આવી પોહોચી. મીસીસ દુબરલીએ કછના પોલીટીકાલ રેસીડંટ કરનલ ટરીવેલીઅન જે હાલના મદરાસના ગવરનરનો ભાઈ લાગે તેને તાંહાં ઊતારો કીધો હતો. ભુજની રાણીએ સાંભલીઊં હતું કે મીસીસ દુબરલી એક બાહાદુર, હીંમતવાન તથા લાએકીવાલી સ્ત્રી છે અને તે રૂશીઆની લડાઈમાં હાજર હતી તેથી તેણીએ તેની મુલાકાત લેવાને ઈછીઊં. મીસીસ દુબરલી જારે તે રાણીને મલવાને ગઈ તારે રાણીએ કરીમીઆની લડાઈ સંબંધી કેટલીએક વાતો તેને પુછી. જારે તે ગેવાલીઅર તરફ ગઈ તારે સાંસીઆની વીધવા બાઈ જાબાઈની મુલાકાત લીધી.

બાઈજાબાઈએ તેણીને પુછીઊં કે "એક ઈંગરેજની ઓરત રૂશીઆન લોકો સાથે લડાઈ કરવાને ગઈ હતી તે શું તમે પોતેજ કે ? હું ધારૂછું કે તમે ઊમરે ઘણા મોટાંછો. તમે ઘોડા ઊપર સવારી કરી શકોછો ? તમોએ શું રૂશીઆન તથા ઈંગરેજોની વચે લડાઈ થતી જોઈછે ?"

**મીસીસ દુબરલી**—" હા. રૂશીઆની લડાઈમાં

હું પોતે ગઈ હતી. હું ઘોડા ઊપર સારી પેઠે બેસી જાણુછું. અને મેં કરીમીઆ મધે લડાઈ મારી નજરે દીઠીછે."

**બાઈજા બાઈ**— "અરે હુંબી લડાઈમાં ઘોડેસવાર થએલીછું. જારે વેલસલી સાહેબે હમોને લડાઈનાં મેદાનમાંથી હાંકી કાહાડેઆં તારે હું ઘોડા ઊપર લડાઈ કરવાને સવાર થઈ હતી."

એટલી વાત ચીત થઆ પછી બાઈજાબાઇએ કરીમીઆની લડાઈનો સઘલો હેવાલ મીસીસ દુબરલીને પુછેઓ, અને તેણીના ઘોડાબી જોએઆ.

મીસીસ દુબરલી ભુજથી કોટા જવાને આઠમી હુસાર સાથે નીકલી. એ મંજલ ઘણીજ લાંબી અને કંટાલા ભરેલી હતી. કોટામાં તેઓ જેવા પોહાચેઆ કે બલવાખોરોના તોપના અવાજ તરત તેઓની કાને પડેઆ. વલતે દીને સવારના પોહોરમાં લડાઈ ચલાવવાનો હોકમ થએો. મીસીસ દુબરલીએ બલવાના હીગામમાં ૧૮૦૦ માઈલની લાંબી અને કંટાલા ભરેલી મંજલ તપતા સુરજમાં કીધી હતી. તે તાતીઆ તોપી અને માનસીંગની પછવાડે તેમને પકડવાને નીકલી પડી હતી. મીસીસ દુબરલીએ હાલ એક બલવાની ચોપડી છાપીને પરગટ કીધીછે. તેમાં જે જે લડાઈના તથા બીજા બનાવો તેની નજરે બલવાના હીગામમાં પડેઆ તે લખેઆછે. એ ચોપડીમાં તેણીએ કેટલીએક બાબત ઊપર લાંબી નજર પોહોચાડીને વીચાર આપેલાછે. એ ચોપડી ઊપરથી બલવાની કેટલીએક હકીકત મલેછે એટલુંજ નહીં પણ તે ઊપરથી કેટલીએક ઈંગરેજી સ્ત્રીઓના લાએકી ભરેલા ગુણ અને શાહાસીક કામ માલુમ પડેછે. જારે ખુન ભરેલી કાપા કાપી બળવાખોરોએ ચલાવવા માંડી તારે કેટલીએક ઓરતોએ પોતાની આબરૂ કેવી રીતે જાલવી, કેટલીએક ઓરતોએ કેહવી બાહાદુરીથી પોતાનો પેઆરો જાન ખોએઓ, કેટલીએક ઓરતોએ વેરાન જંગલનું, ભુખમારાનું અને બંધીખાનાનું દુખ કેવુ સબુરીથી સહન કીધું, અને સઘલી ઓરતોએ સ્ત્રી લેખે અને માતા લેખે પોતાના ભરથારોની અને પોતાના પુતરોની કેવી ચાકરી તથા બરદાસત લીધી એ સઘલું એ ચોપડી ઊપરથી ટુકામાં માલુમ પડેછે. ખરેખર સ્ત્રીઓ હોએતો એવીજ હોજો કે જે પોતાના ભરથારને દુખ અને સંકટના વખતમાં સંતોશ, સુખ, હીમત અને સબુરી આપે. સ્ત્રીઓ હોએતો એવીજ હો જો કે દુખ અને આફતના વખતમાં પોતે ગભરાએ નહી અને પોતાના ભરથારનેબી ગભરાટમાં નાખે નહીં.

---

## કચ્છ પરાંતનો જાણવાજોગ હેવાલ.

—o—

આપણે જે દેશમાં રહીએછે તે દેશના જુદા જુદા ભાગોથી, જુદા જુદા લોકોથી અને તેમની જુદી જુદી હાલતથી થોડા ઘણા વાકેફ થવાની બહુ જરૂરછે. કચ્છનો પરાંત ગુજરાત મધે કાઠીઆવાડ ઈલાકાંની ઊતર દશાએ આવેલોછે. હીંદુસથાનના હરએક પરાંતનો જાણવા જોગ હેવાલ જારે આ ચોપાનીઆના હરએક આંકમાં આપવામાં આવે તારે એ દેશના નકસા તરફ જોવાની વાંચનારી બાઈઓને હમો અરજ કરીએછે. ૧૮૫૭ ના વરસના સ્ત્રી બોધના ૮૮ મે પાને હીંદુસથાનનો નકસો આપવામાં આવેઓછે તે નકસા તરફ નજર કરતાં માલુમ પડશે કે ગુજરાત પરાંતની ઊતર દશાએ ભુજ નામનું શેહેર આવેલુંછે. એ શેહેર કચ્છનું મુખીઅ મથક ગણાએછે. ભુજ તરફ મુંબઈથી પગ રસતે જવાનો મારગ ૫૮૭ માઈલ લાંબોછે. કચ્છની દખણ દશાએ દરીઓ આવેલોછે અને ઊતર દશાએ મોટું રણ ઈઆને જંગલ આવેલુંછે. એ પરાંતની લંબાઈ ઊગમણથી આથમણ શુધી ૧૬૦ માઈલ અને ઊતરથી દખણ શુધી ૯૫ માઈલનીછે.

કચ્છનો પરાંત દેશી રાજાના હાથમાંછે. એ રાજા "કચ્છનો રાંવ" એવે નાંમે ઓલખાએછે. કચ્છની વસતી પાંચ લાખ આદમીની ગણવામાં આવીછે તે મધે તીજો ભાગ મુસલમાનોનોછે. કચ્છના રાવની જાતના લોકો જે જાડેજા રજપુતો કેહવાએછે તેઓની વસતી ૧૦ હજારથી ૧૨ હજાર શુધીની કેહવાએછે. મુંબઈના ઘણુ કરીને સઘળા ભાટીઆઓ તથા ઘણા ખરા મેહમણ ખોજાઓ કચ્છ પરાંતના રેહવાસીછે. આખા કચ્છ મધે ભાટીઆઓની સઘળી મલીને ૩૫૦૦૦ માણસોની વસતી ધારવામાં આવેછે. કચ્છી ભાટીઆઓ તથા ખોજામેહમણો જાતે ઘણાં ઊદીઓગી તથા શાહાસીક પુરૂશોછે. તેઓ વેપારમાં સારી સમજ તથા ઊંડી નજર રાખેછે. ભાટીઆઓ હીંદુ છતાં આફરીકાના કીનારા ઊપર જંગબાહાર શુધી જુદે જુદે ઠેકાણે વેપારને વા

સને ગએલાછે. કછી લોકો જાતે લડાઈખોર ગણાએછે. તેઓની ભાષા "કછી" કેહેવાએછે જે અતરેનાં ભાટી આ તથા મેહમણો બોલેછે.

કછની સઘળી મલીને દર વરસે ૧૮ લાખ રૂપીઆની આએપત ઊપજેછે. તે મધેથી ૧૦ લાખ રૂપીઆ રાવને મળેછે અને બાકીના ૮ લાખ તાંહાંના નાહાના ગરાસીઆ સરદારોને મલેછે. રાવને પોતાની ૧૦ લાખની આએપતમાંથી બે લાખ રૂપીઆ ઈંગરેજ સરકારને ખંડણી દાખલ આપવા પડેછે. આ પેદાસ તથા વસતી ઊપરથી કછનું રાજ બીજા કેટલાએક દેસી રાજાઓના જેવું મોટું છે એમ કેહેવાઈ શકાશે નહીં.

કછની ઊતર તથા પુરવ દસાએ વેરાણ જંગલ છે જે "રણ" ને નામે ઓલખાએછે. જુનથી અકટોબર મહીના સુધી એ રણ ખારા પાણીથી ભરેલું રેહે છે તેથી એ દીવસમાં એ રણ મધેથી જવાઈ શકાતું નથી. શીનાળાના દીવસમાં સઘળું પાણી સુકાઈ જાએ છે અને મીઠાનો મોટો અગર હોએ એવું દીસેછે. એ રણ ઘણુ મોટુંછે અને ભુજથી ૧૬ માઈલ દુરછે. એ રણ મધે કેટલેએક ઠેકાણે ઊંચા ટેકરાઓછે. ૬૦ થી ૭૦ ગધેડાઓના ટોલાંને ટોલાં એ રણ મધે વારે ઘડીએ ફરતાં માલુમ પડેછે. રણમાં સેકારી જાનવરોબી ઘણા હોએછે. તેઓની સંખેઆ દીનપર દીન વધતી જાએછે.

કછ મધે ઊગમણથી આથમણ શુધી લંકી નામનો લાંબો પાહાડછે. તે શીવાએ ઘણેએક ઠેકાણે નાહાની નાહાની ટેકરીઓ માલુમ પડેછે. કછમાં જાણવાજોગ એકે નદી નથી. ચોમાસાના દીવસમાં નાહાના નાહાના નાલાઓ થાએછે તે પાછા ગરમીની રૂતુમાં સુકાઈ જાએછે. કછની જમીન ઘણી ફલવંત નથી. કછ મધે જોઈએ તેટલો દાણોબી પાકી શકતો નથી. કછ મધે રૂ, ઘી, તેલ વગરેની ચીજો પાકેછે. કછનું વેપાર મથક માંડવી બંદર ગણાએછે. માંડવીથી દર વરસે ૨૦૦૦૦ ખાંડી રૂ બીજા દેશાવર ખાતે ચહડેછે. ભુજ મધે ગરમીના દીવસમાં ગરમી અતીશે પડેછે અને ઠંડીના દીવસમાં ઠંડીબી અતીશે પડેછે. ગરમીની રૂતુમાં ૧૩૦ "ડીગરી" પારો ચહડેછે.

કછ મધે ફટકીની નામીચી ખાણોછે. એક મુસલમાન જોગીએ એ ખાણો શોધી કાહાડીછે. એ ખાણોમાથી ૬૦ હજાર કછી મણ ફટકી દર વરસે નીકલેછે. એ ખાણોની પેદાસ ઊપર કછના રાવનો હક પોહોચેછે. દર એક ખાણ તીસ ફુટ ઊંડી અને ૪૦ ફુટ પોહોલીછે. દીવાની રોશનીથી મજુરો પોતાનું કામ કરી શકેછે. કછના સોનીઓ, સુથારો તથા મોચીઓ ઘણા કારીગર તથા હોશીઆર કેહેવાએછે. બનાત તથા રેશમી કાપડની ઊપર ઘણુજ સુંદર ભરત ભરવામાં આવેછે. કેટલાએક ઈંગરેજોબી તાહાંના ભરતનાં નમુના મંગાવેછે. કછના ખલાસીઓબી ઘણા અકલવાળા તથા હીમતવાળા કેહેવાએછે. વાહાણની વીદીઆ તેઓએ આરબ લોકોને શીખવી એવું કેહેવાએછે. તેઓ પોતાના કોટીઆ સીલોન તથા જંગબાર શુધી મોટા સમુદરમાંથી લઈ જાએછે.

ઈસવી સન ૧૮૧૯ માં કછ મધે મોટો ધરતી કંપ થઓ હતો. એ ધરતી કંપનો આચકો આખા કછ પરાંતમાં લાગેઓ હતો એટલુંજ નહીં પણ હીંદુસથાનના ઘણા ખરા ભાગો મધે માલુમ પડેઓ હતો. એ ધરતી કંપથી અંજાર નામના શેહેરમાં ૧૫૦૦ ઘેરો ટુટી પડેઆં હતાં. ભુજમાં ૭૦૦૦ ઘેરો ટુટી પડેઆ અને ૧૧૫૦ માણસો ડટાઈ મુવાં હતાં. કેટલેએક ઠેકાણે જમીનમાથી મોટા મોટા ટેકડાઓ નીકળી આવેઆ હતા અને કેટલેએક ઠેકાણે જમીનમાં ખાડા પડી ગઆ હતા. અંનજારના કેટલાએક કુવામાં પાણી સપેત દુધ જેવું થઈ ગીઉ હતું. વાઘડથી લખપત બંદર સુધીના સઘળા ગામો તથા શેહેરોની ખરાબી થઈ હતી અને મોટા મોટા કીલાઓને નુકશાન પોહોચેઉં હતું.

થોડાએક વરસ ઊપર કછ મધે જાડેજા તથા બીજા રજપુતોમાં છોકરીઓને જનમતાં દુધમાં દુબાવીને મારી નાખવાની ચાલ સાધારણ હતી. જાડેજા તથા બીજા રજપુતો પોતાની છોકરીઓને બીજાઓ સાથે પરણાવવાનું હલકુ સમજતા હતા તથા લગનની ઊપર તેઓને મોટો ખરચ કરવો પડતો હતો તેથી તેઓ પોતાની બાલકીઓને જનમતાંને વાર તરત મારી નાખતાં હતાં. આ ઘાતકી રશમ કછ મધે એટલી તો ફેલાઈ હતી કે ૧૮૧૮ માં આખા કછ પરાંત મધે બાર હજાર જાડેજા રજપુતોની વસતીમાં ફકત ૩૦ છોકરીઓ જીવતી માલુમ પડી. આ ઘાતકી ચાલ કેટલાએક મુસલમાનોમાંબી ફેલાવો પામી હતી. ઈસવી સન ૧૮૦૮ ની અ

ગાણી જાડેજા લોકો કછ મધે દર વરસે ૨૦૦૦ છોકરીઓને મારી નાખતા હતા અને બીજાઓ ૮૦૦૦ છોકરીને જીવથી મારતા હતા. આ ઘાતકી ચાલ બંધ કરાવવાનું માન હીંદુસથાનના ગવરનર જેનરલ લારડ વીલીઅમ બેનટીકને તથા મુંબઈના ગવરનર ડંકન સાહેબને મળેછે.

કછના મુખીઅ શેહેર ભુજ, અંનજાર, માંડવી, લકપત, જરા, કંથકોટ, તથા મુંદરા કેહેવાએછે. તે મધે વેપારનું મુખીઅ મથક માંડવી ગણાએછે. કછનો રાવ ભુજમાં રેહેછે. ભુજની આસપાસ ફરતી દેવાળછે. ભુજની વસતી ૨૦ હજાર માણસની કેહેવાએછે. ભુજથી એક માઈલ દુર ઈંગરેજ સરકારે લશકરની છાવણી જાથુક રાખીછે. તાંહાં એક પોલીટીકળ એજંટ રેહેછે. એ અમલદાર દર વરસે ખંડણી એકઠી કરેછે તથા રાવના કારોબાર ઊપર નજર રાખેછે.

ઈસવી સન ૧૫૮૨ ના વરસમાં કછનો પરાંત સવતંતર હતો. અકબર બાદશાહાના વખતમાં ખેંગાર નામનો જાડેજો રજપુત કછનો રાવ થઓ હતો. તે વખતથી તે હમણા શુધી ખેંગારની ઓલાદવાળા કછનુ રાજ કરેછે. હાલનો રાવ ખેંગારની ઓલાદથી બારમો રાવ ગણાએછે. હાલના રાવનો બાપ ભારમલજી ૧૮૧૩ ના વરસમાં કછની ગાદી ઊપર આવેઓ, અને પાંચ વરસ પછી પોતાના ભાઈ લધુબાને જીવથી મરાવેઓ. એ બનાવ બનેઆથી તેના કુટંબમાં ફીસાદ ઊઠેઓ અને ૧૮૧૯ માં ઈંગરેજ સરકારે ભુજ તથા અંજારના કીલા ઊપર ચહડાઈ કરીને ભારમલજીને હરાવેઓ. ભારમલજી ઘણો કેફી, છંદી તથા ઘાતકી સભાવનો હતો. તેને ઈંગરેજ સરકારે ગાદી ઊપરથી ઊઠાડેઓ અને તેનો છોકરો હાલનો રાવ તે વખત બે વરસની ઊમરનો હતો તેને ગાદીનો માલેક ઠેરવેઓ. કછનો રાજ કારોબાર તેની નાહાની ઊમરમાં તાંહાંના પોલીટીકલ એજંટને તથા બીજા કારોબારીઓને સોંપેઓ. આ વેળાએ ઈંગરેજ સરકાર સાથે કોલકરાર થએઆ તેમાં ભારમલજીની બેહેન કેસરબા સામેલ હતી. એ સ્રી ઘણી સમજુ અને ચાલાક હતી. તે જાતે હીંદુ છતાં તેના લગન જુનાઘડના મુસલમાન નવાબ સાથે કરવામાં આવેઆ હતાં.

કછના હાલના રાવનું નામ દેસલજી કરીનેછે. એ રાવને ૧૮૩૪ ના વરસના જુલાઈ મહીનામાં કછની ગાદી ઊપર બેસાડવામાં આવેઓ હતો. તેની ઊમર હાલ ૪૨ વરસનીછે. તેણે સાત ઓરતો સાથે પોતાના લગન કીધાંછે તેને પેટે તરણ છોકરાંછે તે મધે રવાજી નામનો વડો કુંવર તેની ગાદીનો વારેસ છે. રાવને તથા તેના છોકરાને થોડુ ઘણુ ઈંગરેજી આવડેછે. એ રાવની એક છોકરીછે તે ઈદરના માહારાજ જુવાનસીંગ સાથે પરણીછે.

---

## ઈરાનનું પુરાતમ રાજ—તેની આખેરી, સાસાનીઆન ટોલાના બાદશાહો.

—o—

વાંચનારી બાઈઓ, તમે જાણોછો કે પારસીએનું અસલ વતન ઈરાનછે. ઈરાનના પુરાતમ રાજની આખેરી આવી તેની અગાઊ ઈરાનની પાદશાહી પારસીઓ ભોગવતા હતા. ઈરાનનું પુરાતમ રાજ જારે પોતાના ભર જોરમાં અને પુર આબાદમાં હતું તારે તેનો વીસતાર ૫૬૦૦૦૦૦ ચોરસ માઈલનો હતો અને દુનીઆ મધે મોટામાં મોટાં રાજો એ રાજથી ધ્રુજતાં હતાં. એ મોટા રાજ વીશે અને તેની આખેરી વીશે થોડું ઘણું જાણવાની તમો ખાએસ રાખતાં હશો. પારસીઓના તરણ નામીચા ટોલાએ ઈરાનની પાદશાહી તેના આબાદ વખતમાં ભોગવીછે. એ તરણ ટોલાં પેશદાદીઆન, કએઆનીઆન અને સાસાનીઆન એવા તરણ નામોથી ઓલખાએછે. પેહેલા ટોલાના બાદશાહાઓમાં સહુથી નામીચો બાદશાહા જમશેદ કરીને થઓ. એ બાદશાહે મોટાં મોટાં શેહેરો બાંધેઆ અને પોતાના મુલકમાં નવા હોનરો દાખલ કીધા. મારચ મહીનાની ૨૧ મી તારીખે સુરજ ઘણુંકરીને મેસ રાસીમાં આવેછે તે દીવસને વરસનો નવો ઈઆને પેહેલો દીવસ એ બાદશાહે ઠેરવેઓ. એ દીવસ પારસીઓમાં જમશેદી નોરોજને નામે હજુર જાણીતોછે. એ બાદશાહા કહા વખતમાં અને કાહારે થઓ તે વીશે ચોકસ કહી શકાતું નથી. કએઆની ટોલાનો નામીચો બાદશાહા કએખસરો કરીને થઓ. એ બાદશાહાને કેટલાએક લોકો સાએરસ અથવા સાએરસને નામે ઓલખેછે. ઈરાનનું રાજ મજબુત હાલતમાં લાવવાનું માન આ બાદશાહાને ઘટેછે. તવારીખ લખનારાઓ તેને ઈરાનનું રાજ થાપનાર કરીને ગણેછે. એ બાદશાહ ૨૪૨૫

વરસની વાત ઊપર થઈ ગએઆછે. કએઆની ટોલાનો બીજો પરતાપી અને પરાકરમી રાજા ગુસતાપ કરીને થઓ. કેટલાએક લોકો એ બાદશાહાને "હાઈસટાસપીસ" ને નામે ઓલખેછે. એ બાદશાહે ઈરાનનું રાજ ઘણુંજ વધારીઊં હતું. એક તરફ ઊગમણ દશાએ ઈઊરોપની હદ શુધી ફતે મેલવતો ચાલેઓ અને બીજી તરફ આથમણ દશાએ હીંદુસથાનની હદ સીંધુ નદી સુધીનો સઘલો મુલક પોતાને તાબે કરતો આવેઓ. એ બાદશાહા જમશેદની ઓલાદનો કેહવાતો હતો. પારસીઓનો પેગમબર હજરત "જરતોસત" આ ગુસતાસપ બાદશાહાના વખતમાં પેદા થઓ અને તેણે પોતાના ધરમનો ફેલાવો ફતેમંદીથી કીધો. જરતોસતને પેદા થઆને આજ નજદીક ચોવીસો વરસ થઆંછે. ગુસતાસપનો બેટો અસફંદીઆર એબી કએઆની ટોલનો નામીચો બાદશાહ ગણાએછે. એ બાદશાહે ઈઊનાની લોકો સાથે બાહાદુરીથી લડાઈ કીધી હતી અને તેઓનું " આથેનસ " નામનું શેહેર ફતે કીધું હતું. એ બાદશાહાને તેની દરબારના લુચા કારોબારીઓએ મારી નાખેઓ હતો.

જરતોસતના વખત પછી નજદી ૨૫૦ વરસ લગી ઈરાનની પાદશાહી મજબુત રહી. એ મુદત પછી ઈઊનાનના નામીચા બાદશાહ શીકંદરે ઇરાનીઓને હરાવેઆ. એ હાર થઆથી ઈરાનીઓને અતીશે ખમવું પડીઊં. એ હાર થઆ પછી પારસીપોલીસ અને એવા બીજા મોટા મોટા શેહેરો તારાજ કરવામાં આવેઆં. પુસતકખાના અને આતસખાનાઓના નાસ કરવામાં આવેઆ. ૫૫૬ વરસની લાંબી મુદત શુધી ઈરાનને ઘણીજ નબલી હાલતમાં બીજા રાજાને તાબે રેહેવું પડીઊં. એ લાંબી મુદત વીતીઆ પછી ઈરાનની અસલ કીરતી એક વખત ફરીથી તાજી થઈ. ઇસવી સન ૨૨૬ માં ઈઆને આજ ૧૬૩૩ વરસની વાત ઊપર અરદેશર બાબકાન નામનો શુરો અને પરતાપી બાદશાહા જાગી ઊઠેઓ. એ બાદશાહે પારથીઆ તથા બીજા રાજાની જુસડીમાંથી ઈરાનને છુટું કીધું. અરદેશર બાબકનો બેટો લાગે. એની પછી જે બાદશાહો થઆ તે સાસાનીઆન ટોલાના બાદશાહો કેહવાએછે. એ ટોલાના બાદશાહોના હાથમાં ઈરાનની બાદશાહી ઈસવી સન ૨૨૬ થી ૬૪૨ શુધી ઈઆને ૪૧૬ વરસની મુદત લગી રહી. તાર પછી પારસીઓના હાથમાંથી ઈરાનનું રાજ ગીઊં તે ફરીથી આવીઊં નહીં. સાસાનીઅન ટોલાના છેલા બાદશાહ ઈઅજદેજરદથી ઈરાનના પુરાતમ રાજની આખેરી આવી. સાસાનીઅન ટોલાના નામીચા બાદશાહોની થોડીએક જાણવા જોગ તવારીખ હમો નીચે આપીએછે.

સાસાનીઅન ટોલાનો પેહેલો બાદશાહ અરદેશર બાબકાન થઓ. હમોએ ઊપર જણાવીઊં કે ૫૫૬ વરસની લાંબી મુદત શુધી ઈરાનની ગુમ થાઈ ગએલી કીરતી આ બાદશાહે તાજી કીધી. જરતોસતી ધરમ માઠી દીશામાં આવી પડેઓ હતો તે આ બાદશાહે પાછો મજબુત હાલતે પોહોચાડેઓ. એ બાદશાહે આસપાસના મુલકો ઊપર ફતે મેલવી અને શેહેરે શેહેર નવા આતસખાનાઓ બંધાવેઆં. જરતોસતી ધરમના જુના પુસતકોનો શત્રુઓએ નાસ કરી નાખેઓ હતો તે પુસતકો મધેથી જેટલાં પુસતકો એકઠાં થઈ શકેઆં તેટલાં એકઠાં કીધાં. એ પુસતકો અગાઊની જંદ ભાશામાં લખાએલાં હતાં તેઓનો તરજુમો તે વખતની પેહેલવી ભાશામાં કરાવેઓ. નવા શીકાઓ બનાવેઆ અને તે ઊપર જરતોસતી ધરમની નીશાન પડાવી. તેણે ૧૪ વરસ લગી રાજ કરીને પોતાના છોકરા શાહાપુરના હાથમાં રાજની લગામ સોંપી. શાહાપુર તખતની ઊપર આવેઓ કે તરત રોમન લોકો સાથે લડાઈ કરવાનું શરૂ કીધું. રૂમ લોકોને તે પોતાના કટા દુસમન કરી સમજતો હતો. રૂમના શેહેનશાહા વાલરીઅન ઊપર તેણે પુરી ફતે મેલવી અને તે શેહનશાહાને બંધીવાન દાખલ પોતાના મુલકમાં લઈ ગઓ. શાહાપુરે તે શેહનશાહા સાથે ઘણીજ ઘાતકી ચાલ ચલાવી હતી. જારે તે પોતાનાં ઘોડા ઊપર અસવાર થતો હતો તારે રૂમના શેહેનશાહાની ગરદન ઊપર પગ મુકીને ઘોડા ઊપર બેસતો હતો. આખેર તે શેહેનશાહાને તેણે ઘણોજ ઘાતકી રીતે જીવથી મારી નખાવેઓ.

શાહાપુર પછી તેનો છોકરો હોરમજ ગાદી ઊપર આવેઓ. શાહાપુર જીવતો હતો તારે ખોરાશાનની હાકમી શાપુરને સોંપવામાં આવી હતી. ખોરાશાનની હાકમી તેણે એવીતો સારી રીતે બજાવી હતી કે તેણે લોકોનો પેઆર મેલવેઓ હતો. એક દરબારીએ શાહાપુરને એવું સમજાવીઊં કે તારો બેટો હોરમજ તારૂં રાજ લેવાની તજવીજ કરેછે. આ વાત જા

કે હોરમજને કાને પડી તારે તેણે તરત પોતાનો હાથ કાપીને પોતાના બાપની હજુર મોકલેઓ અને જણાવીઊં કે તે એવો કપુત અને કમજાત પુતર નથી. શાહાપુર પછી હોરમજે ફકત એકજ વરસ રાજ કીધું અને મરણ પામેઓ. હોરમજનો છોકરો બેહેરામ ગાદી ઊપર આવેઓ. બેહેરામ ઘણો નરમ સભાવનો તથા પરોપકાર બુધીનો હતો. તેણે પોતાની રઈઅતનો અછો પેઆર મેલવેઓ હતો. તેના વખતમાં એક ઠગારાએ નવો ધરમ ફેલાવવાની તજવીજ કીધી હતી. બેહેરામની મરજી એ નવો ધરમ કબુલ રાખવાની હતી પણ પાછલથી તેણે પોતાનો વીચાર ફેરવેઓ. અને તે ઠગારાને જીવથી મરાવી નાખેઓ અને તેના બદનની ચાંમડી ઊતારી લઈને જાહેર રસતામાં ટાંગી.

બેહેરામની પછી તરણ ચાર બાદશાઓ થઆ તે ઘણા નામીચા નહીં હતા. બીજો હોરમજ મરણ પામેઓ તારે તેને પેટે છોકરો નહીં હતો તેથી રાજ છેકજ પડી ભાગવા ઊપર આવીઊં હતું. પણ તેવામાં કેટલાએક મોબેદોએ એવું જાહેર કીધું કે રાણીને પેટે હમેલછે. જારે આ વાતની ખબર લોકોને પડી તારે જે સાહાજાદો હજુર માના પેટમાંછે તેને તાજ પેહેરાવવાની અજાએબ કીરીઆ કરવામાં આવી. એક બીછાના ઊપર તાજ ટાંગીઊ અને તેની નીચે બાદશાહાજાદીને સુવાડવામાં આવી. તેણીને પેટે જે બેટો જનમેઓ તેનું નામ શાહાપુર પાડીઊં. એ બાદશાહા મોટો થઓ તારે ઈરાનનો ઘણો પરતાપી રાજા થઓ. તેણે ખરીસટી લોકોને કતલ કરી નાખેઆ. રૂમના શેહેનશાહ જુલીઅન ઊપર ફતે મેલવી. તેણે ૭૧ વરસ લગી રાજ કીધું. તે ઘણી નશીહેત ભરેલી વાતો કરતો હતો. બીજા શાહાપુરની પછી કેટલાએક બાદશાઓ થઆ તેઓની કાર કીરદીમાં ઘણા જાણવા જોગ બનાવો બનેઆ નથી. કોબાદ નામનો એક બાદશાહા થઓ તેણે મજદક નામના એક મોટા ઠગારાનો ધરમ પોતાની રઈઅતમો ફેલાવવાની તજવીજ કીધી. એથી રાજમાં મોટો બખેડો થઈ રહેઓ. આખેર કેટલાએક દરબારીઓ આગલ પડેઆ અને કોબાદને ગાદી ઊપરથી ઊઠાડીને તેને બંધીખાનામાં નાખેઓ અને તેના ભાઈ જામાસપને રાજનો અધીકારી સોપેઓ. કોબાદ તેની બેહેનની મેહેનતથી બંધીખાનામાંથી છુટો થઓ અને બીજા મુલકમાં નાહાસી ગઓ તાંહાં તેણે પોતાની પાસે મોટું લશકર એકઠું કીધું અને પોતાના ભાઈ જામાશપની ઊપર ચહડાઈ કીધી. જામાસપ હારેઓ અને કોબાદ ફરીથી ઈરાનના તખત ઊપર આવેઓ. તેણે રૂમી લોકો સાથે લડાઈ ચલાવી અને પોતાના મુલકની હદબી વધારી. ૪૩ વરસની બાગી ટુટી મુદત શુધી રાજ કરીને મરણ પામેઓ.

તેની પછી તેનો છોકરો નોશીરવાન આવેઓ જેની તારીફ કેટલાએક તવારીખ લખનારાઓએ ઘણીજ કીધીછે. તેણે રાજની લગામ પોતાના હાથમાં લેવાને પરથમ પોતાની નાખુશી જણાવી અને તેનું કારણ એવું દેખાડીઊં કે રાજમાં જે ખરાબ તતવો પરવેસ થઆછે તે સુધારવાને તે એકલો શકતીવાન નથી. તેના દરબારીઓએ જારે કબુલાત આપી કે તે જે સુધારો કરવાને ચાહાશે તેમાં તેઓ મેહેનત લેવાને ચુકશે નહીં તારે તેણે રાજની લગામ પોતાના હાથમાં લીધી. ઠગારા લોકો જેઓ બીજો ધરમ ઈરાન મધે દાખલ કરવાની તજવીજ કરતા હતા તેઓને તેણે પરથમ એકદમ કતલ કરી નાખેઆ અને જરતોસતી ધરમને તેની અસલ મજબુતીએ પોહોચાડેઓ. તાર પછી પોતાના આખા રાજમાં પુલો અને રસતાઓ સમારવા પછવાડે પોતાનું ધેઆન દોડાવેઊં. વેપારનો વધારો અને બચાવ થાએ તેને વાસતે નવા નવા કાએદાઓ બાંધેઆ. પોતાંના મુલકોમાં સુધારો કીધા પછી તેણે લડાઈ ઊપર ધેઆન પોહોચાડીઊં. રૂમી લોકો ઊપર ફતે મેલવી. શીરીઆનો આખો મુલક પોતાને તાબે કરી લીધો. આસપાસના ઘણા શેહેરો પોતાને તાબે કરી લીધાં. નોશીરવાનના છોકરાની વલણ ખરીસતી ધરમ તરફ હતી તેથી તેને બંધીખાનામાં નાખવામાં આવેઓ હતો. થોડી મુદતમાં તે બંધીખાનામાંથી છુટો થઓ અને પોતાની આસપાસ કેટલું એક લશકર લઈને પોતાના બાપના લશકર સાથે લડેઓ અને તે લડાઈમાં તે મરણ પામેઓ. તાર પછી નોશીરવાન પોતાની રઈઅતના સુખ પછવાડે ફરીથી ધેઆન પોહોચાડવા લાગેઓ. તે ઈસવી સન ૫૭૯ માં મરણ પામેઓ. તેના વખતમાં ઈરાન પોતાની બુલંદ કીરતીએ પોહોચીઊં હતું.

નોશીરવાનનો છોકરો ચોથો હોરમજ તખત ઊપર આવેઓ. થોડીએક મુદત શુધી તેણે પોતાનું રાજ ડાહાપણથી અને અદલ પણે ચાલાવીઊં. પણ પા



ઈરાંનનો હાલનો પાદશાહ—શાહ નશરૂદીન.

રે હોરમજને કાને
થ કાપીને પોતા
ણાવીઊં કે તે
શાહાપુર પદ
અને મરણ
દી ઊપર ર
તથા પરોપ
નો અછો રે
ઠગારાએ ન
બેહેરામની
તી પણ પા
ને તે ઠગાર
દનની ચાંમ
બેહ
તે ઘણા નાં
ઓ તારે તે
પડી ભાગવ
એક ચોબેદ
લછે. જારે
સાહાજાદો
ની અજાએ
ના ઊપર
જાદીને સુવ
મેઓ તેનું
ટો થઓ ત
તેણે ખરીક
હેનશાહાં ગ
લગી રાજ
નો હતો.
ઓ થઆ
બનાવો બ
થઓ તેણે
પોતાની રદ
રાજમાં મે
ક દરબારી
પરથી ઊઠા
ના ભાઈ જ
બાદ તેની
થઓ અને

છલથી જુના અધીકારીઓને કાહાડીને પોતાના માનીતા નવા અધીકારીઓને રાજ કારોબાર સોંપેઓ; તેથી તેના રાજમાં મોટો બખેડો થઈ રહેઓ. જારે તાતાર લોકો તેના રાજ ઊપર ઊતરી પડેઆ તારે પોતાના જુના વજીર બેહેરામને બોલાવવાની જરૂર માલુમ પડી. બેહરામની મદદથી રાજમાં પાંછી સમાધાની થઈ. એક વખત તે બેહરામની દીઆનતદારી ઊપર શક લઈ ગઓ. એથી બેહેરામને માઠું લાગીઊં અને તેના હાથમાંથી તખત લઈને તેને બંધી ખાનામાં નાખેઓ. હોરમજનો બેટો ખસરો પરવીસ ઈસતમબોલની દરબાર તરફ નાઠો અને તાહાંથી કેટલુંએક લશકર લઈને પોતાના બાપને બંધીખાનામાં નાખનાર બેહેરામને હરાવેઓ. બેહેરામ ઈરાનનું રાજ છોડીને જીવ લઈને નાઠો. ખુશરૂ પાછો તખત ઊપર આવેઓ તારે તુરકીના જે શેહેનશાહે તેને મદદ કીધી હતી તે શેહેનશાહને પોતાના મુલકનો કેટલો એક ભાગ બખીસ કીધો. પણ તે શેહેનશાહા મરણ પામેઓ કે તરત તે ભાગ પાછો લઈ લીધો અને તે દરબારના બીજા મુલકની ઊપર ચહડાઈ કીધી. ખુસરૂએ સારી પેઠે રાજ ચલાવીઊં પણ તેની આખેરીના દાહાડામાં તાતાર દેશના લોકોએ તથા બીજાઓએ ઈરાન ઊપર હુમલો કીધો અને ઈરાનના મુલકનો કેટલોએક ભાગ તેના હાથમાંથી જતો રહેઓ. ખુસરૂને તેના છોકરાએ ગાદી ઊપરથી ઊઠાડી મેલેઓ અને બંદી ખાનામાં તેને મારી નખાવેઓ. ખુન કરનાર છોકરાએ ઘણા દીવસ રાજ ભોગવીઊં નહી અને તખત ઊપર આવેઆ પછી થોડા મહીનામાં મરણ પામેઓ.

ખુસરૂના બેટાનાં મરણ પછી રાજમાં મોટો દભરાટ અને બખેડો થઈ રહેઓ. ચાર વરસ લગી માહો માહે લડાઈ ચાલી તેટલી મુદત શુધી ખુશરૂની બે દીકરીઓએ રાજ ચલાવીઊં. આખેર ઈઅજદજરદને બાદશાહ ઠેરવેઓ. ઈઅજદજરદ ખુસરૂના બેટાનો બેટો લાગે. એ પાદશાહ ઘણો નબલો હતો. ઈસવી સન ૬૪૨ માં આરબોનું લશકર ખલીફ ઊમરની સરદારી હેઠલ આવી પોહોચીઊં. નાહાવંદના મેદાનમાં મોટી લડાઈ થઈ. તે લડાઈથી જરતોસતી પાદશાહોની આખેરી આવી. ઈઅજદીજરદ લડાઈમાંથી નાઠો અને જંગલમાં મારેઓ ગઓ. એ દીવસથી ઈરાન મધે મુસલમાંની અમલ ચાલુ થઓ. મુસલમાનોના હાથમા ઈરાન ગઆ પછી તેઓએ જરતોસતી રઈઅત ઊપર જુલમ અને જબરદસતી ચલાવા માંડી. દર રોજ હજારો જરતોસતીઓને વટલાવવા માંડેઆ. તેઓના આતશખાનાઓ ભાંજી નાખીને તે જગો ઊપર મસીદો બંધાવી. એથી એવું બનીઊં કે થોડી મુદતમાં જરતોસતીઓની મોટી સંખીઆ વટલીને મુસલમાન થઈ. બાકીના જેઓ રહેઆ તેઓ ઊપર ભારે જુલમ ગુજરવા માંડેઓ તારે તેઓ હોરમજના ટાપુ આગળ આવીને વસેઆ. તાંહાબી થોડી મુદતમો તેઓનો જુલમી દસત ચાલવા માંડેઓ તેથી તેઓ પોતાનું અસલ વતન છોડીને હીંદુસથાન તરફ ઊતરેઆ અને ગુજરાત મધે કાઠીઆવાડમાં દીવ નામની જગો આગલ આવીને પેહેલ વેહેલા વસેઆ.

ઈરાનનો હાલનો બાદશાહા શાહા નશરૂદીનછે. એ બાદશાહાની તસવીર ૧૮૫૭ ના સ્રીબોધનાં ચોપાનીઆમાં જોકે આપવામાં આવી હતી તોપણ તેથી વધારે સારી તસવીર હાલ હમોને મલી આવીછે તે હમો આ બાબદની સાથે પરગટ કરવાને ઘટતું વીચારીએછે.

---

## રતનજી નામનો એક પારસી.

—o—

એક દીવસે સંધીઆકાળે કોઈ રતનજી નામનો પારસી પોતાના ઘરમાં એકલો બેઠો હતો. બેઠાં બેઠાં તેને પોતાનાં ઘરબારના ખટલા સંબંધી મોટો વીચાર પડેઓ. તે પોતાનાં મંનમાં બોલવા લાગેઓ કે "અરે; સંસારનો ખટલો કેવો દુખ ભરેલોછે. મારી જીંદગીના પાછલા દીવસ આવી તંગ અને માઠી હાલતમાં ગુજારવા પડશે એવું મેં જાણીઊં નહીં હતું. મારી પાસે નજદીક પચીસ હજારની દોલત હતી, તે મધેનો કેટલોએક ભાગ વેપારમાં ગુમાવેઓ અને કેટલોએક ભાગ હોમજી અને સોલુના લગન પછવાડે ખરચાએઓ. હવે મારી પાસે ઘણા પઈસા રહા નથી. મેં મારી સઘળી આશા મારા બે છોકરા હોમજી તથા સોલુ ઊપર બાંધી હતી તે સઘળી ફોકટ ગઈ. હોમજીનો જીવ તેની બઈરી છોકરાં ઊપર લાગેઓ અને તેણે ઈંગરેજી ભણવાનું છોડી દીધું. તે હઈથી તહીં રજલતો ફરેછે અને પવનચકીની ગપ હાકીસ આગલ પોતા

ના દીવસ ગુજારેછે. સોલુ કાલેજમાં પસાર થએઓ; તેણે સારી ઈંગરેજી કેલવણી લીધી પણ એ કમબખત મને તથા પોતાનાં આખા કુટંબને મુકીને એદન તરફ નાહાસી ગએઓ. અરે મારા ખોદા, મને મારા બે છોકરાંઓથી કાંઈ પણ સુખ નહીં મલીઊં."

રતનજી આ પરમાણે પોતાનાં મનમાં બલાપો કરેછે તેવામાં તેની ધણીઆણી ધનબાઈજી પડોસીના ઘરમાંથી આવી લાગી. તે પોતાના ભરથારને ઊદાસીમાં જોઈને તેનું કારણ તરત સમજીગઈ અને પોતે પણ મોટી દલગીરીમાં પડી. આવી હાલતમાં બેહુ જણ મુંગા મુંગા અરધો કલાક બેસી રહ્યાં. પોસટ આફીસનો સીપાઈ તેવામાં એક કાગલ લઈને આવેઓ. ધનબાઈજીએ તે કાગલ સીપાઈ પાસેથી લઈને પોતાના ભરથારને આપેઓ અને બોલી કે "આપણા સોલુના હાથનો લખેલો આ કાગલ હોએ એવું મને સરનામા ઊપરથી લાગેછે." રતનજીએ તે કાગલ ઊઘાડીને જોએઓ તે પોતાના છોકરા સોલુનો લખેલો માલુમ પડેઓ અને પોતાના ધણીઆણી ધનબાઈજી સાંભલે તેમ મોટેથી વાંચવા માંડેઓ.

**"મારા પીઆરા બાવા રતનજી—**

"હું આપણુ ઘેરબાર મુકીને એકદમ એદન તરફ નાહાસી આવેઓ તેથી તમો તથા મારા પેઆરાં માએજી ઘણાજ દલગીર થઆં હશો. હું તમોને તથા મારા પેઆરાં માએજીને દલગીર કરવાને તથા મારૂ ઘરબાર છોડવાને મુદલ ખુશી હતો નહીં. પણ તમોએ મારી નાહાની ઊમરમાં જે ખરાબ ખસલતની, દુરગુણી, નઠારી અને કમબખત ઓરત સાથે મારાં લગન કીધાં તે ઓરતથી આખેર કંટાલીને મને મારૂં ઘરબાર છોડવું પડીઊંછે. મેં તમોને તથા માએજીને ઘણી વખત કહેઊં કે તમો એ ખરાબ ઓરતથી મારા છુટા છેડા કરાવો. પણ તમોએ મારા બોલવા ઊપર મુદલ ધેઆન આપીઊં નહીં. એ બદ અને નઠારી ઓરતથી મને દરરોજ દુખ વધવા લાગીઊં અને આખેર તમોને છોડીને અતરે આવવાની મને જરૂર પડી. તોપણ મારા પેઆરા બાવાજી તમે ઈઆદ રાખજો કે તમોએ તથા માએજીએ મને જનમ આપીને તથા પાલી પોશીને મોટો કીધોછે તેનો ઊપકાર હું કદી ભુલનાર નથી. હું હીઆં અથવા હરએક બીજા દેશાવર ખાતે જે કાંઈ પેદા કરીશ તેમાની અરધી રકમ હું તમોને મોકલતો રહીશ. માબાપને બુઢાપાના વખતમાં તજીને મારી કેળવણી ઊપર હું મુદલ ડાગ લાગવા દેનાર નથી. જાંહાંશુધી મારાંમાં લોહીનું છેલું ટીપુછે તાંહાંશુધી હું તમોને અને પેઆરાં માએજીને ભુલનાર નથી.

"પણ પેઆરા બાવાજી આ કાગલ મધે થોડી એક અગતની બીના બોલવાની હું છુટ લેઊંછું તેને વાસતે મને માફ કરવુંજી. તમોએ માહારા તથા ભાઈ હોમલુના લગન નાહાનપણથી કીધાં નહીં હોતેતો તમોને તથા મને આવી હાલતે પોહોચવું પડતે નહીં. તમોએ હમો બેહુ ભાઈઓના લગન ઊપર જે મોટી રકમ ખરચી તે રકમ આજ તમોને ઘણીજ કામે આવતે તથા ઊપીઓગી થઈ પડતે. ખેર! એ મોટી રકમની વાત તો એક બાજુએ રહી. તમોએ હમો બેહું ભાઈઓના લગન નાહાનપણમાં કીધાં તેથી બીજા જે ગેરફાએદા થઆછે તે ઊપલી રકમના કરતાં ઘણા વધારે થઆછે. તમોએ જે ઓરત સાથે હોમલુના લગન કીધાં તે ઓરત નશીબ જોગે ખુબસુરત અને સારા સભાવની તથા સદગુણી નીકલી. પણ તેથીબી તમોને તથા ભાઈ હોમલુને ઘણોંજ ગેર ફાએદો થઓછે. હોમલુને જેવો તમોએ પરણાવેઓ કે તરત તેનું મન પોતાની ઓરત ઊપર લાગીઊં અને ભણવા ગણવા ઊપરથી તેનું ધેઆન જતું રહેઊં. પરણેઆની અગાઊ દરરોજ તે પોતાનું લેસન કરતો હતો અને વરગમાં પેહલી બીજી જગા રાખતો હતો. પરણેઆ પછી વરગમાં ઊતરવા લાગેઓ. બે તરણ વરસ આવી માઠી હાલતમાં તેનો અભીઆસ ચાલેઓ તેવામાં તેને પેટે છોકરો જનમેઓ. છોકરાનો બાપ ખપીને વીદીઆ અભીઆસ કરવો તેને શરમ ભરેલું લાગીઊં. તેથી તેણે એકદમ નીશાલ છોડી. હોમલુએ જો સારો ઈંગરેજી અભીઆસ કીધો હોતેતો આજે સો, પોનોસો રૂપીઆનો દરમાઓ પેદા કરતે. તમોએ તેને વાસતે જે ઓરત પસંદ કીધી તે ઓરત ભાએગ જોગે તેને ઘણી પસંદ પડતી તથા મનગમતી થઈ તોપણ બાલપણમાં લગન કરવાથી આવું માઠું પરીણામ નીપજીઊં.

"તમોએ મારે વાસતે જે ઓરત શોધી કાહાડી તે આવી ખરાબ નીકલેઆથી મને મારૂં ઘેરબાર છોડવું પડીઊં. તમોએ તો ખુબસુરત જોઈને તેની સાથે મારાં લગન કીધાં હતાં. પણ એક પલીત મરજથી તે

ખદ સુરત થઈ. ખદ સુરતની દરકાર હું થોડીજ કરતે પણ તે એવા ખરાબ સવભાવની તથા ખરાબ ખસલત ની ઓરતછે કે એવી ઓરત ઈશવર કોઈને આપે ન હીં. હમો બેહુ ભાઈઓના લગન તમોએ નાહાનપણ થી કીધાં તેનું ફલ આવું નીપજીઊંછે.

"આ મારો કાગલ તમે હરકોઈ જાહેર પતર માં તથા ચોપાનીઆમાં છપાવશો તો હું તમારો મો ટો ઊપકાર માનીશ. બચપણમાં લગન કરવાથી આ પણા પોતાના કુટંબમાં જે ખરાબી થઈછે તે લોકોની આગલ જાહેર કીધાથી તેઓ સાહુચેતીમાં રેહેશે અને તેથી આપણા લોકોમાં જે મોટી ખરાબી થાએછે તેનો કેટલેએક દરજે અટકાવ થશે. આ પણા કુટંબમાં બનેલા માઠા બનાવથી સરવે મા બાપોના જોવામાં આવશે કે છોકરાંઓનાં લગન બાલ પણમાં કીધાથી બેહુ રીતે ગેરફાએદો થાએછે. માં બા પો પોતાના છોકરાંઓને વાસતે જે ઓરત સોધી કાહા ડેછે તે જો તેઓને પસંદ પડતી નથી તો કુટંબમાં કલે સ, કંકાસ અને અણબનાવ થાએછે. તેઓ પોતાના બાલક છોકરાઓને વાસતે જે ઓરતો શોધી કાહાડેછે તે કદાચ તેમને પસંદ પડીતો છોકરાંઓનું ધેઆન ભ ણવા ઊપરથી ઊઠી જાએછે અને જારે તેઓને પેટ બ ચાં કચાં થાએછે તારે ભણવાનું એકદમ છોડી દેએછે.

"પેઆરા બાવાજી મેં આટલું લંબાણથી બો લવાની છુટ લીધીછે તેને વાસતે માંફ કરજોજી. તમો એ મારી સાથે જે ખરાબ ઓરત વલગાવીછે તે ઓર ત જાંહાં શુધી તમારા ઘેરમાંથી છુટી નહીં પડે તાંહાં શુધી તમોએ મને જોવાની તથા મલવાની ઊમેદ રાખ વી નહીં. કારણ હું એ નઠારી ઓરતથી બેજાર બેજાર થઈ ગએોછું. તમોને તથા આખા કુટંબને છોડી આ વેઆથી મને ઘણુજ દુખ ઊપજીઊંછે, પણ મા રી ઓરતની સંગતથી જે દુખ થાએછે તે એથી વધા રેછે. ભાઈ હોમજીને તથા પેઆરાં માએજીને તથા હો મજીના છોકરાંઓને મારી તરફથી ઘણા ઘણા બોલાવ જોજી. ઈશવર તમારૂં તથા આખા કુટંબનું ભલું કરે અને તમને સુખી રાખે. આમીન.

"હું છું તમારો
"ઊપકારી પુતર
"સોરાબજી રતનજી."

ઊપલો કાગલ વાંચી રહા પછી રતનજી બોલે ઓ કે "પેઆરાં ધનબાઈજી, સોલુનો કાંઈજ વાંક ન થી. તેને જેવી ખરાબ ઓરત મલીછે તેવી દુનીઆમાં કોઈને મલી નહીં હોએ વાસતે એ ઓરતથી તેને છુટો કરવાની આપણે કંઈ પણ તજવીજ કરવી ઘટેછે." એટલું બોલીને રતનજી બાહાર મેદાનમાં ફરવાને ત થા આશાએસ લેવાને ચાલેઓ.

---

## અજાએબ દેખાવના માણસો.

દુનીઆમાં જુદે જુદે ઠેકાણે અને જુદે જુદે વ ખતે કેટલાંએક તરેહવાર અને અજાએબ દેખાવના મા ણસો પેદા થએલાંછે. કેટલાંએક ઘણા જાડાં, કેટલાંએ ક ઘણાજ ઊંચાં અને કેટલાંએક ઘણાજ ઠીંગણાં.

થોડાએક મહીના ઊપર આપણા શેહેરમાં એ ક હીંદુનો ઘણોજ ઠીંગો અને જાડો છોકરો જોવામાં આવતો હતો. તે જાતનો મરેઠો હતો અને ગોવાની પાસેના મલવાન નામના ગામમાં તેનો જનમ થએ લો હતો. તેની ઊમર બાર વરસની હતી. તેનાં મા બાપ તેને નાહાનપણમાં મુકીને મરણ પામેઆ હતા અને તે ભીખ માગીને પોતાનો ગુજારો કરતો હતો. તે બે વરશની ઊમરનો થએો તારે ઘણોજ જાડો થઈ ગ એો અને તારપછી દર વરસે તે જાડાઈમાં વધતો ગએો. તે એટલો તો જાડો થઈ પડેઓ કે તેનું આખું બદન એક મોટા ગાંસડા જેવું દીસતું હતું. ચાલતાં જારે થાંકી જતો હતો તારે તે પોતાના પેટ આગલ માસનો વધી પડેલો ઝુલતો ભાગ એક દેવાલની ઊપર મુકીને આસાએસ લેતો હતો. તેને બીજું કાંઈ દરદ નહીં હ તું પણ ઘણીજ જાડાઈને લીધે દમ લેવાને મુશકેલ પ ડતું હતું. તેનું વજન ૨૦૬ રતલ એટલે નજદીક ૭ાા મણનું હતું. તેની ઊંચાઈ ૪ ફુટની હતી.

સઊથી ઊંચામાં ઊંચો માણસ કલાડીઅસ શે હેનશાહાના વખતમાં થઈ ગએોછે. તેનું નામ ગબ રા કરીને હતું. તે આરબસથાનનો રેહેવાસી હતો. માણસની સાધારણ ઊંચાઈ સાડા પાંચ ફુટ હોએછે પ ણ આ માણસની ઊંચાઈ પોણા દસ ફુટની હતી! માં કસીઅસ નામનો શેહેનશાહ સાડા આઠ ફુટની ઊંચા ઈનો હતો. તે ઘણોજ ઘાતકી અને કરૂર સવભાવનો હતો. તેની ઓરતના હાથનો બાજુ તેની આંગ

લીમાં આવતો હતો અને તેનો જોડો બીજાના જોડાથી
એક ફુટ મોટો હતો. પાટાગોનીઆના કેટલાએક રેહે
વાસી ઘણાજ ઊંચા હોએછે. ઈસપાનીઆડ લોકોના
માથાં તે લોકોની કમર શુધી પોહોચે એટલા તેઓ ઊંચા
હોએછે. તેઓ પોતાના કદ પરમાણે ખોરાકબી ઘણોજ
ખાએછે. આઠ ફુટ ઊંચા માણસો ઘણે ઠેકાણે વારેવા
ર જોવામાં આવેછે પણ તેથી વધારે ઊંચા કોઈજ વ
ખત નજરે પડેછે. લંડન મધે પેહલા જેમસના વખત
માં એક સવા નવ ફુટ ઊંચો માણસ આવેઓ હતો.

ઠીંગણા માણસોનો દેખાવબી અચરતી ભરેલો
છે. મુંબઈ મધે એક ઠીગણો માણસછે તેની ઊમર
આસરે ૩૦ વરસનીછે પણ ૬ ઈઆ ૭ વરસના બચાં
જેવો દીસેછે. તે ભેંસવાળોછે અને કોટમાં દુધનો ધંધો
કરેછે. આગસટસ શેહેનશાહાના વખતમાં એ શેહેનસા
હાની ભતરીજીના પેટનો છોકરો ઠીંગણો હતો. તેની
ઊંચાઈ સવા બે ફુટની હતી. આગસટસ સીજરની પા
સે એક માણસ હતો તે બે ફુટ ઊંચોબી નહીં હતો. તે
ના બદનનું આખું વજન ફકત ૧૭ પાઊંડનું હતું!
તોપણ તેનો અવાજ મોટો હતો. આલેકજાનડરીઆ
નો રેહેવાસી અસલના વખતમાં થઈ ગઓછે. તેનું
નામ આલીપીઅસ કરીને હતું. તે મોટો ફીલસુફ હ
તો. પણ તેનું કદ ઘણુજ નાહાનું હતું. તે દોહડ ફુટ
બી ઊંચો નહીં હતો પણ તેની અકલ અને ગનાન
બુધી મોટા ફીલસુફ જેટલી હતી. રૂમ શેહેરમાં મોટા
નાઈટનો એલકાબ ધરાવનારા કેટલાએક નામીચા શ
ખસો થઈ ગએઆછે તેઓ તરણ ફુટબી ઊંચા નહી હ
તા. ૧૫૯૨ માં જાન ડી એસટરીકસ નામનો વીદવાન
થઈ ગએઓછે. તે તરણ જુબાંન જાણતો હતો પણ
ઊંચાઈમાં તરણ ફુટથી વધારે નહી હતો.

## એક દુખી ગધેડો.

એક ધોબીની પાસે ગધેડો હતો. તેને દર રો
જ એટલીતો મેહેનત અને વેઠ કરવી પડતી હતી કે તે
ઘણોજ કંટાલી ગઓ. દર રોજ પોતાના મનમાં બો
લવા લાગો કે "અરે હું કેવો એક દુખી અને દલીદરી
પરાણી છું. આ ઘાતકી ધોબીના હાથમાંથી છુટું અ
ને કોઈ બીજા ધણીના હાથમાં જાઊંતો થોડોઘણો સુ
ખી થાઊં." એવું બનીઊં કે થોડાએક વરસ પછી એ
ક કુંભારે ધોબી પાસેથી એ ગધેડો ખરીદ કીધો. ગ
ધેડાએ વીચારીઊં જે હું ઘાતકી ધણીના હાથમાંથી
છુટેઓ. પણ કુંભારે તે ગધેડો ખરીદ કીધો નહીં તે
ટલામાં તેની ઊપર એટલો બોજો પડવા લાગો કે તે
બોજો ધોબીના બોજા કરતાં બમણો માલુમ પડેઓ.
તારે તે પોતાના મનમાં બલાપો કરવા લાગો કે "એક
ઘાતકી ધણીના હાથમાંથી છુટીને વધારે ઘાતકી ધણી
ના હાથમાં આવી પડેઓ. અરે કેવો હું કમબખત
ગધેડો છું. કોઈ ત્રીજા ધણીના હાથમાં જાઊંતો સુ
ખી થાઊં." થોડા મહીના પછી કુંભારને તે ગધેડો
ઘણોજ નબલો માલુમ પડેઓ, તેથી તેણે એક માલી
ને વેચતો આપેઓ.

માલીએ તે ગધેડો ખરીદ કીધો તારે શીઆલા
નો વખત હતો. શીઆલાની રૂતુમાં માલીને તાંહાં કા
મ કરવાનું ઓછું હતું તેથી તે ગધેડો જરા ખુશી થ
ઓ પણ બોલેઓ કે "અરે ખાવાને પેટ ભરતો ચારો
અને ઘાંસ મને મલતું નથી; વસંત રૂતુ આવેતો થોડો
સુખી કેહવાઊં. નહીતો મેહેનત અને વેઠમાંથી થોડો
છુટીને પણ ભુખે મરૂં એતો વધારે કમબખતી સમ
જવી; વાસતે જલદીથી વસંત રૂતુ આવી પોહોચેતો સા
રૂ કે ચરવાનું તથા ખાવાનું પુશકલ મલે." એવામાં વ
સંત રૂતુ આવી પોંહોચી. ઘાંસ અને ચારો પુશકલ મ
લવા લાગો પણ તેના ધણીએ આખો દીવસ કામ ઊ
પર વલગાવેઓ. તે માળી વળી એવોતો સખી હતો
કે પોતાના ખેતર તથા બાગનું સઘલું કામ થઈ રહ્યા
પછી પડોસના ખેતર વાળાને થોડા કલાક ભાડે આપ
તો હતો. તારે તે ગધેડો નાઊમેદ થઈને બોલેઓ કે
"અરે હું કેવો કંમબખત છું. સવારથીતે સાંજ સુધી
મને મુદલ આરામેસ મલતી નથી. થાક આપેઆ વ
ગર આખો દીવસ કામ કરાવવું એ કેવું નીરદેપણું
અને ઘાતકીછે. આ માલીનાં કરતાં કુંભાર અને ધો
બી કેવા ભલા હતા; વસંત રૂતુમાં કાંઈએક સુખની મેં
આશા રાખી હતી પણ મુદલ સુખ મલીઊ નહીં. ઊ
નાલો આવેતો કદાચ સુખી થાઊં" તરણ માસની મુ
દતમાં ઊનાલોબી આવેઓ. ગધેડાને વધારે કામ કર
વું પડીઊં. દર રોજ ફલ તથા તરકારીનો બોજો ઊ
ચકીને બજારમાં જવું પડીઊં. તારે તે બોલેઓ કે
"ચોમાસું આવેતો સારૂ." ચોમાસુબી થોડા મહીનામાં

આવીઊં. પણ તેની મેહનત અને વેઠ ઓછી થવાને બદલે વધી પડી. દર રોજ અનાજની મોટી મોટી ગુણો ઊંચકીને એક ગામથી બીજે ગામ લઈ જવી પડી.

ત્યારે તે પોકારીને બોલેઓ કે "અરે હું કેવો મુરખ ગધેડો છું. સુખ મેળવવાની આશામાં મારા મનને અને મારા તનને વધારે દુખ અને વધારે ફીકરમાં નાખુંછું. આ દુનીઆમાં પુરૂ સુખ કોઈને મળવાનું નથી વાસતે થોડું ઘણુંબી સુખ મેળવવાનો સેહેલો ઊપાએ એછે કે મારા પોશણને વાસતે જે વેઠ અને વહીતરૂં કરવું પડે તેને મારે અફસોસ કીધા વગર ધીરજ અને સંતોશથી બાકીના દીવસ ગુજારૂ."

---

## "સુખ મેળવવાની આશામાં વધારે દુખ અને વધારે ફીકરમાં પડતાના."

બાઈઓ, ઊપર લખેલી એક દુખી ગધેડાની વાત તમોએ વાંચી અને એક અગતનો સાર તમોએ મેળવવો જોઈએ. આ દુનીઆમાં એવા માણસો ઘણાછે કે જેઓ પુરૂ સુખ મેળવવાની આશામાં પોતાના તનને અને પોતાના મનને વધારે ફીકરમાં, વધારે આપદામાં અને વધારે દુખમાં નાખેછે. પણ બાઈઓ આ દુનીઆમાં પુરૂ સુખ કોઈને મળીઊં નથી અને મળશે નહીં. ઈશવરે તમોને જે થોડીઘણી સુખી હાલતમાં મુકેઆ હોએ તે ઊપર તમો સબુરી અને સંતોશ રાખજો. "ફલાણા પાસે એટલી દોલતછે અને મારા ભરથાર પાસે નથી. ફલાણી સ્રીના દીકરાના શરીર ઊપર આટલી બધી મોટી કીમતની જણસોછે અને મારા દીકરા પાસે નથી. ફલાણી બાઈના નાકમો હજાર રૂપીઆની નથછે અને મારા નાકમાં બસો રૂપીઆનીબી નથી" એવી રીતે બોલીને તમારો મનમાં મુંદળ બલાપો અને અફસોસ કરતાનાં. આ વીશે "નીતી વચન" ના થોડાએક નીચે ટાંકેલા વચનો તમો ઈઆદ રાખો.

"જે બેચેનપણુ તમને માલુમ પડેછે, જે કમનશીબ અને માઠી હાલત તમે ભોગવોછો, તે કહા અને કેવા ઝરામાંથી નીકલેછે તેનું મુળ તમે તપાસો, એટલે તમને માલુમ પડશે કે તમારી પોતાનીજ મુરખાઈથી, તમારી પોતાનીજ ગરૂરીથી, અને તમારા પોતાનાજ ભમતા વીચારથી તે સઘલું ઊતપન થાએછે. તેટલાં વાસતે તમે ઈશવરના ઠરાવ વીશે ટકટક અને ગડબડ કરતાના. તમે કદાપી એવું બોલતાના કે મારી પાસે દોલત હોએતો હું સુખી થાઊં. કારણ તમે જાણતા હશો કે દોલતવંતોને ઘણી આપદા તથા અડચણ ભોગવવી પડેછે. ગરીબ માણસ તવંગર થવાને ઈછેછે પણ તવંગરને કેટલી ફીકર, કેટલી ચીંતા અને કેટલી જંજાલી હોએછે તે જોઈ શકતો નથી.

" હર કોઈ માણસના બાહારના સુખથી ભુલાવો ખાઈને તમે તેની અદેખાઈ કરતા ના. કારણ તેના અંતકરણની દલગીરી તમે જાણતા નથી. થોડાથી સંતોશ પામવો એ મોટું ડાહાપણછે. જે માણસ દોલત વધારેછે તે માણસ ફીકર ચીંતાબી વધારેછે. પણ એક સંતોશવાળુ મન એ ખરો અને છુપો ખજાનો છે અને તે ખજાનો અસંતોશી માણસ જોઈ શકતો નથી.

" નમરતા, પરોપકાર બુધી, પહરેજગારી અને નીતી એ ગુણો તમે હાંસલ કરશો અને દોલતની ઝાઝી દરકાર નહીં કરશો તો દોલતની તાકાદ નથી કે તમને દુખી કરે. આ વાતતો તમને ખાતરીથી અને ચોકશ જાણવી જરૂરછે કે સુખનું ખરૂ અને નીરમળ પીઆલુ ઈશવરે આ જગતમાં કોઈપણ મનુશને આપીઊં નથી."

---

## મોટાં અને અચરતી ભરેલાં ઝાડો.

આહા બાઈઓ ! શું ઈશવરની અપાર સકતી અને અપાર રચનાછે ! તેણે દુનીઆમાં હજારો જાતના નાહાના નાહાના રોપાઓ અને હજારો જાતના મોટા મોટા ઝાડો બનાવેઆછે તે સઘલા ઝાડો તથા રોપાઓ બેહદ ખુબી અને અચરતીથી ભરેલાછે. પણ તે મધેના કેટલાંએક ઝાડો જે તમોએ નજરે જોઆં નથી તથા કાને સાંભલેઆ નથી તે વલી ઘણાજ મોટા અને અચરતી ભરેલાંછે.

ભરૂચની પાસ નરબદા નદીનાં એક ટાપુની ઊપર વડનું એક મોટું ઝાડછે. એ ઝાડને સઘલા મુસાફરો " ઝાડ પાનની અચરતી " કરીને કેહેછે. તે " કબીર વડ " એવે નામે ઓલખાએછે. એ ઝાડનાં

૨૫૦ મોટાં મોટાં મુલીઆંછે. નાહાના નાહાના મુલીઆંની સંખીઆ ૩૦૦૦ કરતાં ઓછી નથી. આ ઝાડનો ઘેરાવો ૨૦૦૦ ફુટનોછે. આ ઝાડની નીચે તીસ હજાર ઘોડાઓ અને તીસ હજાર સવારો ઊતારો કરી શકે એવું મોટુંછે. એ વડનું ઝાડ ઘણુજ જુનું અને ઘણાજ પુરાતમ વખતનુંછે. લોકો કેહેછે કે એ ઝાડને નજદીક ૩૦૦૦ વરસ થયાં હશે. બંગાલ પરાંતમાંબી એક વડનું ઝાડછે તેબી મોટુંછે. તે "કબીર વડ" જેવું મોટું નથી તોબી તેનો ઘેરાવો ૧૧૧૬ ફુટનોછે અને તેની નીચે દસ હજાર માણસ સેહેલાઈથી ઊતારો કરી શકે. વડના ઝાડોની ખુબી એછે કે તેની દરએક દાંખલી મોટી થઈને જારે જમીનને અડકેછે તારે તે તેનું મુલીઊ થાએછે અને તેમાંથી બીજી સેંકડો દાંખલીઓ ફુટેછે. તે દાંખલીઓ પાછી જમીનને અડકેછે તારે તેઓબી જુદાં જુદાં મુલીઆં થઈ પડેછે અને તેઓની આસપાસ બીજી સેંકડો ડાંખલીઓ વલગેછે.

"બાઓબાબ" નામના ઝાડો જે આફરીકાના કોસતાની ઊપર તથા અમેરીકાના કેટલાએક ભાગો મધે થાએછે તેબી ઘણા મોટા અને રાખસસી કદના કેહેવાએછે. એ ઝાડોની ઊંચાઈ ૫૦ થી ૬૦ ફુટ શુધીની હોએછે પણ તેની આજુ બાજુનું કદ અતીશે મોટું હોએછે. વડના ઝાડને જેમ સેંકડો મુલીઆં હોએછે તેમ આ ઝાડને હોતા નથી. આ ઝાડને ફકત એકજ મુલીઊં હોએછે. તે જાતના એક ઝાડનો ઘેરાવો ૧૫૦ ફુટનોછે. મુસાફરને દુરથી તેનો દેખાવ ઘણોજ અચરતી તથા રમુજી ભરેલો લાગેછે.

આફરીકા મધે કાફરી લોકોના મુળકમાં મોટાં અને જાણવાજોગ ઝાડો ઊગેછે. તે ઝાડોની ડાંખલી એવીતો મજબુત અને મોટી હોએછે કે તાંહાંના જંગલી લોકો પોતાની ઝુપડીઓ એ ઝાડોની ઊપર બાંધીને વસેછે. તે મધેના એક ઝાડની ઊપર સતર ઝુપડીઓ ગોલ ડબાના આકારમાં બાંધેલી માલુમ પડીછે. તે દેશમાં સીહીં તથા વાઘ જેવા ફાડી ખાનારા જાનવરોની ઘણીજ ધાસતી હોવાને લીધે ઝાડની ઊપર ઝુપડાં બાંધીને રેહેવાની તાંહાંના જંગલી લોકોને ફરજ પડેછે. ડાંખલીઓ ઘણો બોજ પડેઆથી ટુટી નહી જાએ તેને વાસતે નીચેથી લાંબી અને મજબુત લાકડીઓના ટેકા આપેછે. જારે ઝુપડીમાં જવું હોએ તારે તે ટેકાની ઊપર નાહાના નાહના કાપા પાડેલા હોએછે તે ઊપર પગ મુકીને ચહડેછે. જમીનથી ૧૧ ફુટ ઊંચી દાંખલીની ઊપર ૧૦ ઝુપડી બાંધેલીછે બીજી ડાંખલી જે જમીનથી ૮ ફુટ ઊંચીછે તેની ઊપર તરણ ઝુપડીછે અને ત્રીજી ડાંખલીની ઊપર ચાર ઝુપડીછે. છેલી ડાંખલીવાલી ઝુપડીઓ પેહેલો માલ ગણાએછે. દરએક ઝુપડીમાં બેથી તરણ માણસ રહી શકેછે. દીવસને વખતે માણસો નીચે ઊતરીને પોત પોતાનું કામ કરેછે અને રાતના ઝાડની ઊપર ચહડીને પોતાની ઝુપડીમાં સુઈ રેહેછે.

સાઈપરસ તથા સીડર જાતના ઝાડો ઘણા ઊંચાં થાએછે. સાઈપરસનું ઊંચામાં ઊંચું ઝાડ ૧૨૦ ફુટનું હોએછે અને તેનો ઘેરાવો ૨૫ થી ૪૦ ફુટ શુધીનો ગણાએછે. સીલોન મધે તાલીપાટ નામનું ઝાડ ઊગેછે. તે ઊંચાઈમાં ઘણુ કરીને ૧૦૦ ફુટ અથવા આપણી કોલાબાની દીવા દાંડીના જેટલું ઊંચું હોએછે. તે ઝાડની ખુબી એછે કે તેના પાતરાં ઘણાજ મોટાં થાએછે. એ ઝાડનું એક પાતરૂં ૧૬ થી ૨૦ માણસ સુધીને એક છતરીની મીસાળે ઢાંકી શકે. સીલાનમાં એક ઠેકાંણે "તાલીટ" ના ઝાડનું એક પાતરૂં તરણ ફુટ પોહોલું અને ૩૦ ફુટ લાંબુછે. તાંહાંનાં રેહેવાસીઓ એ પાંતરાંઓને પોતાના ઘેરનાં છાપરાની ઊપર નલીઆંની જગોએ વાપરેછે, અને તે ઘણી મુદત શુધી ટકી શકેછે.

સીલોન મધે એક જાતના ઝાડ ઊગેછે તેમાંથી રોટલીના જેવો પદારથ નીકળેછે અને તે આઠ મહીના લગી વપરાઈ શકાએછે. નારવેના કેટલાએક ભાગોમાં લીલ સીવાએ ઝાડ પાનની પેદાસ થતી નથી. પણ તે લીલમાંથી તાંહાંના લોકો રોટલી બનાવેછે. અમેરીકા મધે કેટલાંએક ઝાડો ઊગેછે તેમાંથી દુધ નીકળેછે. તાંહાંના રેહેવાસીઓ સવારના પોહોરમાં તરાંબડી લઈને એ ઝાડો આગલ દોડેછે અને તેના મુલીઆમાં કાપ મુકેઆથી દુધ કાહાડેછે. તે દુધ તેઓના બચાંને પીવાને ઘણુ ઊપીઓગી થઈ પડેછે. આફરીકા મધે એક જગોએ એક એવું ઝાડછે કે તેમાથી માંખણ નીકલેછે. એક ઈંગરેજી મુસાફર કેહેછે કે એ માખણ ગાએના માખણ કરતાં ખાવામાં વધારે લેજતદાર હોએછે. અમેરીકા મધે ચીલી દેશમાં મીણના ઝાડો પાકેછે. આ ચમતકારી ઝાડોમાંથી તાંહાંના લોકો

ને જોઈએ તેટલું મીઠું (નીમક) મળેછે. ખરેખર આ વા ચમતકારી અને મોટાં ઝાડો જે સાહેબે પેદા કીધાં છે તેની શકતી અતીઅંતછે અને તેની મોટાઈ તથા દા નાઈ અપારછે.

---

## સુવાવડી ઓરતે ધેઆનમાં રાખવા જોગ થોડીએક બાબતો.

—o—

(એક ડાકટરની ભલામણ.)

૧. સુવાવડી ઓરતે બચાંને જનમ આપેઆં પછી દોહોડ ઈઆ બે દીવસ શુધી બીછાને પડી રેહેવું જોઈએ. કોઈબી કારણસર ઊઠીને હીલ ચાલ કરવી જોઈએ નહીં. જરાબી ઊઠીને હીલચાલ કીધાથી લો હી પીડુમાં ઊતરેછે તથા દસતાન છુટી પડેછે. એક બી ન માહીતગાર દાઈએ એક ઓરતને છુટા પછી તરત ઊભી કીધી તેથી તે તરત મરણ પામી.

૨. સુવાવડી ઓરતે બાલકને જનમ આપેઆ પછી ચાર અથવા ૬ કલાક રહીને તે બાલકને ધવડા વવું જોઈએ. તેથી તે બાલકને ફાએદો થાએછે અને ઓરતના થાન સુજીને તેમાં દરદ થતું નથી.

૩. સુવાવડી ઓરતના થાન દુખે તથા સુજે તો ગરમ પાણીનો શેક કરવો અથવા સુમરેટું મીઠું તેલ ચોપડવું

૪. સુવાવડી ઓરતે પાંચ અથવા છ દીવસ શુધી કાંજી; દુધ અથવા ચાહા તથા ટોસટ કીધેલાં પાં ઊ અથવા બીસકીટ શીવાએ બીજી કોઈપણ ચીજ ખાવામાં વાપરવી નહીં.

૫. બચાંને જનમ આપેઆ પછી સુવાવડી ઓરત જો પાંણી માંગેતો તે આપવાને કોઈબી અડચ ણ જેવું તથા અવગુણ ભરેલું નથી. મુવેલું છોકરૂ આ વે તારેબી પાણી ઈઆ દુધ આપીઆંથી નુકશાન થ તું નથી પણ ઓર જીવને આરામ થાએછે.

---

## જાન હાવચ્યરડ નામનો એક પરદુખભંજન ઈંગરેજ.




જેઓ પારકું દુખ પોતાની ઊપર લઈને બીજા ઓને દુખમાંથી છુટા કરેછે તેઓ "પરદુખ ભંજન" એ ટલે બીજાઓના દુખો ભાંજનાર એવે નામે ઓલખા એછે. પોતાના ભાઈબંધ મનુશ જાતીનું દુખ પોતાનું કરી લેવું અને તેઓને દુખમાંથી છોડવવા એ કાંમ કાં ઈ જેવા તેવા અને હલકા પુરૂશનું નથી. એ કામ મો ટા, માહાતમા, પરોપકારી અને પરાકરમી પુરૂશોનુંછે. જેઓ એવું સમજેછે કે સઘળા આદમજાત એક પીતા થી ઊતપન થએલાછે અને તેઓ સઘળાની ઊપર પો તાના ખરા ભાઈ જેવો પેઆર, અને ખરી બેહેન જેવું હેત રાખવું એ દરએક માણસની મોટી ફરજછે; જે ઓ આ પરમાણે સમજેછે તેઓ પોતાના ભાઈબં ધ મનુશ જાતીનું દુખ પોતાને હઈએ ધરેછે અને તે દુ ખનું નીવારણ કરવાને પોતાનું તન મન અને ધન ખરચેછે અને પોતાનું સુખ તેઆગ કરેછે. એવા પુરૂ શોને આપણે જેટલું માન આપીએ તેટલું થોડુંછે. જે ઓ પોતાની દોલત ઊપર, પોતાની વીદીઆ ઊપર, પોતાની પદવી ઊપર, પોતાંની જાહો જલાલી ઊપર ગરૂર રહીને પોતાના ભાઈબંધ મનુશ જાતના દુખો તરફ લુ લ ધેઆન પોહોચાડતા નથી તેઓને જાન હાવઅરડ જેવા પરદુખ ભંજન પુરૂશોથી શરમાવું જોઈએછે. ડ

જાન હાવઅરડ ૧૭૨૭ ના વરસમાં જનમેઓ હતો. તેના બાપના મરણ પછી ૨૪ વરસની ઊમરે તેને ૭૦૦૦૦ રૂપીઆનો વારસો મલેઓ હતો. તાર પછી પાંચમે વરસે એટલે ૧૭૫૬ માં લીસબોન શેહર તરફ મુસાફરી કરતાં ફરેંચનાચાંચીઆઓએ તેના વાં હાણને લુટીઊં હતું તેમાં તે કેદ પકડાએઓ હતો. કેદ ખાનામાં ૬ દીવસ શુધી તેણે જે દૂખ ખમીઊં હતું અને બીજાઓ ઊપર જે અતીશે દુખ પડતાં દીઠું હતું તેથી તેના મન ઊપર ઘણી અસર થઈ. બંધીખાનામાંથી છુટેઆ પછી ઈઊરોપના સઘળા બંધીખાના જે તે વેળાએ માઠી હાલતમાં હતાં તે સુધારવા પછવાડે અને તે સુધારવાના ઊપાએ શોધવા પછવાડે તેનું મન લાગીઊં. બંધીખાનાની માઠી હાલત વીશે જાતી અનુભવ મેળવવાને વાસતે ઈંગલંડના તથા ઈસકાટલંડના તથા ઈઊરોપના જુદા જુદા ભાગોમાં તેણે મુશાફરી કીધી. તે ઊપરથી તેણે પુસતકો છાપી પરગટ કીધાં. તેની મેહેનતનું ફળ થોડી મુદતમાં માલુમ પડીઊં. ઈંગલંડની પારલેમેંટે એ વીશે ઘણુજ ધેઆન પોહોચાડીઊ અને ઈંગલંડના અને આખા બરીટંનના બંધીખાનાની હાલત શુધારવાની ગોઠવણ કીધી. તેમજ મી૦ હાવઅરડે ઈઊરોપના જુદા જુદા રાજના સતાવાળાઓનું ધેઆન તે ઊપર દોડાવીને તેઓના બંધીખાનાઓ સુધરાવેઆં.

બંધીખાનાની હાલત સુધારેઆ પછી "લાજરેટો" નામના બીમાર ખાનાની હાલત સુધારવા પછવાડે તેણે પોતીકું ધેઆન લગાડીઊં. એ બીમાર ખાનાની હાલત સુધારતાં મી૦ હાવઅરડને પોતાનો જીવ ઘણી વેળા જોખમમાં નાખવો પડેઓ હતો. તે રૂશીઆ મધે ટેક કરીમીઆ શુધી ગઓ હતો અને તાંહાં એક જાતનો ઊડતો રોગ તેને લાગેઆથી ૧૭૯૦ ના જાનેવારી મહીનામે ૬૨ વરસની ઊમરે મરણ પામેઓ.

હાવઅરડે મનુશજાતનાં દુખ ટાલવાને વાસતે ૪૦ વરસ લગી મેહેનત કીધી હતી. તેણે ઈઊરોપખંડ મધે ૭ વખત જુદી જુદી મુસાફરી કીધી હતી. એ મુસાફરી તેણે દસ વરસ લગી ચાલુ રાખી હતી અને તેટલી મુદતમાં હીશાબ કાહાડતા તેને માલુમ પડીઊં કે ૪૨૦૦૦ કરતાં વધારે માઈલની મુસાફરી મનુશજાતના દુખ નીવારણ કરવા વાસતે તેણે કીધી હતી. ૧૭૭૩ ના વરસમાં તેને ઈંગલંડ મધે નાજરનો ઓધો મળેઓ હતો. તે ૨૪ વરસનો હતો તારે આજારી પડેઓ હતો અને એક કુલવંત સ્ત્રી જેની ઊમર બાવન વરસની હતી તેણે તેની ચાકરી ઘણી સારી રીતે કીધી હતી. એ કારણને માટે તે ૨૫ વરસની ઊમરે ૫૨ વરસની સ્ત્રી સાથે પરણેઓ હતો. તે સ્ત્રીના મરણ પછી બીજી જુવાન સ્ત્રી સાથે તેને લગન કીધાં હતાં. તે ખાવા પીવામાં ઘણો પહરેજગાર હતો. તે પોતાનો ખરચ કર કસરથી ચલાવતો હતો અને પોતાની આવકનો મોટો ભાગ ગરીબ લોકોને મદદ કરવાને વાપરતો હતો.

નેક વાંચનારી બાઈઓ, તમેબી પરોપકારી તથા પરદુખ ભંજન થવાની તથા મનુશ જાતના દુખની દાજ તમારે હઈએ ધરવાની તજવીજ કરો.

---

## ઈઊનાન દેશની નામીચી કસરત શાળા.

પુરાતમ વખતમાં ઈઊનાન અથવા ગરીસ દેશ મધે ઠેકાણે ઠેકાણે નામીચી અને જાહેર કસરત શાળાઓ હતી. તે કસરત શાળા મધે તરેહ તરેહની જાહેર કસરત કરવામાં આવતી હતી. ફકત લડાઈખોર શીપાહીઓ, કુસતી રમનારાઓ અને નાચનારાઓ શરીરની જુદી જુદી કસરત કરતાં હતાં એટલુંજ નહીં પણ મોટા મોટા ફીલસુફો, કવીઓ અને ભાશણ કરનારાઓ પોતાંના હરીફો સાથે પોતાની માહેતગારી સરખાવવાને એકઠા થતા હતા. જે દીવાન ખાનામાં કસરત થતી હતી તે ઘણુજ મોટું હતું અને તેમાં હજારો તમાસંગીરોની મોટી ઠઠ મલતી હતી. તે નામીચાં તાલીમખાનાની મુખીઆ કસરત દોડવાંની, કુદવાની, કુસતી રમવાની, ઠોંસાબાજી કરવાની, ગોફણો ફેંકવાની, તથા ઘોડા ઊપર સવારી કરવાની હતી. ઘોડા કુદાવતી વખતે એક ઘોડા ઊપર તેઓ ઊભા રેહતા હતા અને બીજા ઘોડાની લગામ પોતાના હાથમાં પકડી બંધે ઘોડાઓને જોરથી દોડાવતા હતા. દોડાવતી વખતે એક ઘોડા ઊપરથી બીજા ઘોડા ઊપર કુદી જતાં હતાં. જેઓ સહુથી આગળ નીકળતાં હતા તેઓને ઈનામ મળતું હતું. લડાઈના સઘલો સામાન તથા પોશાક પેહેરી તેઓ પગેબી દોડતા હતા અને જેઓ આગલ નીકલ

તા હતા તેઓને ઈનામેં મળતાં હતાં. ઊંચી ઊંચી જગાઓ ઊપરથી કુદવાની, તથા એક ઊંચી જગા ઊપરથી કુદી જવાની તેઓને કસરત આપવામાં આવતી હતી. એ કસરત આપવાની મુખીઅ મતલબ એ હતી કે લડાઈમાં મોટી ચર, અથવા ખાઈ કુદાવવી પડતો તેમ કરવાને શીપાહીઓ પાછા હટે નહીં. કુસતી રમનારાઓ પોતાના બદનની ઊપર તેલ ચોપડીને કુસતી રમતા હતા કે પોતાનું બદન બીજાના હાથમાં આવી શકે નહીં. તેઓ પોતાના હરીફોને જમીન ઊપર પાડી નાખવાને ઘણીજ મેહેનત કરતા હતા. તેઓ જારે ઠોસાબાજી રમતા હતા તારે તેઓની મુકી એવીતો ભએ ભરેલી એક બીજા ઊપર પડતી હતી કે તેથી તેઓના જીવનો વારે ઘડીએ અંત આવતો હતો. કુસતી ખેલવામાં તથા ઠોસાબાજી રમવામાં ખેલાડીઓ પોતાના બદન તદન ખોલાં અને ઊઘાડા મુકતાં હતાં. આ શઘલી જાહેર કસરત શાળા તથા તાલીમ ખાનાઓ અસલના ઈઊનાની લોકોની કીરતીની સાથે નાબુદ થયાંછે. અને ઈઊનાની લોકો હાલ આળસુ, કઊવત વગરના, મોજીલા અને તાબેદાર થઈ પડેઆછે.

---

## વીશુવીઅસ નામનો બલતો પાહાડ.

(તેનું હાલમાં ફાટવું.)



ઇઊરોપ મધે ઈટાલી નામનો નામીચો મુલક જેમાં થોડા મહીના ઊપર એક મોટી લડાઈ ઊભી થઈ હતી તે મુલકમાં નેપલસ નામના શેહરની પાસે "વીશુવીઅસ" નામનો એક બલતો પાહાડછે. તે પાહાડ ગઆ જુન મહીનાથી ફાટવા માંડેઓછે અને તેમાંથી "લાવા" નામનો ગરમ ઊકલતો પદારથ નીકળેઆ કરેછે એવા સમાચાર હાલ ઈઊરોપથી મલેઆછે. એ પાહાડ નેપલસ શેહરની પાસે દસ માઈલને તફાવતે દખણ પુરવ દશાએ આવેલોછે. તે પાહાડ સમુદરથી ૪૦૦૦ ફુટ ઊંચોછે અને નીચેથી તેનો ઘેરાવો ૨૫ માઈલનોછે. એ પાહાડ ઈસવી સન ૭૯ ના સાલમાં ફાટેઓ હતો અને હરકુલેનીઅમ તથા પામપીઆઈ નામના મોટા શેહેરો જમીનમાં ગરક થઈ ગઆં હતાં તેની અગાઊ કહીં વરસમાં ફાટેઓ હતો તે હજુર શુધી આપણને

માલુમ પડીઊં નથી. ઈસવી સન ૭૯ થીતે આજ દીન શુધીમાં એટલે નજદીક ૧૮૦૦ વરસની મુદતમાં એ પાહાડ ૫૦ વખત ફાટવામાં આવેઓછે. તે મધે સહુથી ભએંકાર રીતે ૪૭૨ માં, ૧૬૬૩ માં, ૧૭૬૭ માં, ૧૭૭૯ માં, ૧૭૯૪ માં, ૧૮૧૯ માં, ૧૮૩૪ માં અને ૧૮૩૯ માં ફાટવામાં આવેઓ હતો. ૧૭૬૭ માં તે કેવી રીતે ફાટેઓ હતો તેનો હેવાલ એક ઈંગરેજી પુસતકમાં આપવામાં આવેઓછે તેનો ફકત સાર હમો ટુકામાં આપીએછે.

ઈસવી સન ૧૭૬૭ ના મારચ મહીનામાં તે પાહાડ એકાએક ફાટેઓ. તેમાંથી ગરમ અને આતસ જેવા પથરો થોડા થોડાં દીવસ રહીને નીકળવા માંડેઆ. એક દીવસમાં તે પથરો બે તરણ વખત મોટા જોરથી નીકળે. પાંચ સાત દીવસનો વચમાં ગાળો નાખીને ફરીથી નીકળે. એપરેલ મહીનામાં વધારે થવા માંડીઊં. રાતના પાહાડને મથાલે મોટી રોશની જેવું દરરોજ એ મહીનાથી દીસવા માંડીઊં. અંદરથી જે પદારથ દરરોજ નીકલવા માંડેઓ તેથી તે પાહાડની ઊંચાઈ દરરોજ વધતી ગઈ. તેમાંથી આતસ જેવા લાલ પથરો એટલા ઊચાં ઊડતા હતા કે તેમને જમીન ઊપર પડવાને દસ સેકંડ કરતાં વધારે વખત લાગતો હતો. આવો બનાવ ઠેઠ અકટોબર શુધી ચાલુ રહેઓ. તાર પછી તેનું જોર ભારે વધીઊં. તેમાંથી ઊકલતો પરવાહી પદારથ મોટા જોરથી નીકલવા માંડેઓ. તે પાણી જેવા ગરમ પદારથ કેટલાએક ફુટ શુધી ઊંચે ઊડતો હતો. તે વેળાએ કેટલીએક વખતે ધરતી કંપના મોટા આંચકા માલુમ પડેઆ હતા. આસપાસના રેહેવાસીઓનાં ગભરાટમાં અતીશે વધારો થઈ પડેઓ હતો. પાહાડમાંથી કોઈ કોઈ વખતે જે મોટો ધડાકો થતો હતો તેની આગળ તોપનો અવાજ તો કુચ ગણતરીમાં નહી. તે ધડાકો રાતની વખતે એટલોતો જોરથી થતો હતો કે નેપલ્સ શેહેર જે દસ માઈલ દુર હતું તે શેહર મધેના સઘલા ઘેરોના બારણા પોતાની મેલે ઊઘડી જતાં હતાં. તે બારણાને ફરીથી મજબુત રીતે બંધ કરવામાં આવતાં હતાં અને ફરીથી જેવો મોટો અવાજ નીકલેઓ કે મજબુત આંચકાની સાથે ઊઘડી જતાં હતાં. એ આવાજની અસરથી સેંકડો બચાંઓના અને બીકણ લોકોના પરાણ એકદમ નીકલી જતા હતા. એવાં મોટા ધડાકા અને અવાજ એ પાહાડમાંથી નીકલવા માંડેઆ. તેમાંથી ગંધકનો એટલો બાફ નીકલતો હતો કે નેપલસના લોકો તે સહન કરી શકતાં નહીં હતા. એક વેળાએ નેપલસ મધે રાતનાં એવોતો ગભરાટ થઈ ગએઓ કે તેનુ વરણ કરવું મુશકેલછે. કેટલાએક લોકો જીવલેઈને નાહાસવા માંડીઊં. કેટલાએક લોકો દેવલમાં જઈને મોટે અવાજે ઈશવરની પરારથના કરવા લાગા. બે ચાર દીવસ જરા નરમ પડેઓ. વળી મોટા ધડાકા નીકળવા માંડેઆ. એવા કે તાંહાંના બુઢા લોકોએ પોતાના જનમમાં કદી શાંભલેઆ નહી હતા. આતસની ચીનગારીઓ ઊડીને નેપલસના મોહોલા તથા ઘેરો ઊપર પડવા લાગી. કોઈબી માણસ ખુલા રસતામાં ચાલી શકે નહી. ઘેરોના છાપરાં ચીનગારીઓથી ભરાઈ ગઆં. કેટલાએક ઘેરો તેથી સલગી ઊઠેઆં. નેપલસથી ૬૦ માઈલની વેગલાઈ ઊપરનાં સમુદરમાં વાહાણો ઊપર આતસની ચીનગારીઓ પડવા લાગી. "લાવા" નામનો ઊલકતો રસ પાહાડની આસપાસ તરણ માઈલ શુધી પંથરાઈ ગએઓ. એવો કે એ ઊકલતા રસની એક મોટી નદી બની રહી. કોઈ કોઈ જગો ઊપર ૬૦ થી ૭૦ ફુટ ઊંડી જગો આ રસથી ભરાઈ ગઈ. આખેર નેપલસના રાજ કુટંબને તથા બીજા રેહેવાસીઓને તે શેહેર મુકીને નાસવું પડીઊં.

---

## પંદરમી સદીમાં ઈઊરોપ મધે ભુત પલીત તથા જાદુ તોણાનો વેહેમ.

ઈઊરોપના કેટલાએક દેશો જે હાલ આખી દુનીઆમાં ઘણાજ સુધરેલા અને ખોટા વેહેમોથી તદન મોકલા થએલા ગણાએછે તેઓ પંદમી સદીમાં ભુત પલીત તથા જાદુ તોણાના વેહેમમાં ગરક થઈ ગએલાં હતાં. તેઓ ભુત પલીત, દાકેણ, ચુડેલ, રાખસ તથા પરીને માનતા હતા અને જાદુ, તોણા તથા મંતર જંતરની સઘળી વાતો કબુલ રાખતા હતા. પણ ગનાન તથા બુધીનો સુરજ જારે તેઓના મન ઊપર પરકાશવા માંડેઓ કે તરત એ સઘળા ખોટા વેહેમો તેઓના મગજમાંથી નાહાસી જઈને બીજા વેહમીઓના મનમાં ભરાઈ બેઠા તે હજુર શુધી નીકળેઆ નથી.

ગનાન અને બુધીના પરકાશ આગળ વેહેમ રૂપી અંધારૂં જે તેઓની આસપાસ લાંબી મુદતથી પંથરાઈ ગીઊં હતું તે ઘણીવારે ઊભી શકીઊં નહીં. ઈંગલંડ, ફરાંસ તથા જરમની જેવા મુલકોબી સતરમી સદી શુધી સઘળી જાતના વેહેમમાં ગરક થએલાં હતાં. તેઓ બીજા કેટલાંએક વેહેમોની સાથે આ એક વેહેમ કબુલ રાખતા હતા કે કેટલીએક જીવતી ઓરતો ડાકેણ થઈને પોતાની મરજીમાં આવે તેમ કરતી હતી. તેઓ સમજતા હતા કે કેટલીએક જીવતી ઓરતો ડાકેણ થઈ લોકોના જીવ લેતી હતી; પોતાના મંતરના જોરથી એકના ઘરમાંથી સઘળી દોલત ઘસડીને બીજાના ઘેરમાં ભરતી હતી. કોઈ ઘેરમાં એકાએક મરતીઊ થીઊં, કોઈનું વાહાણ ખરાબા ઊપર ચહડીઊ, એક મોટું તુફાન થઈ આવીઊતો તે સઘળાનું કારણ જીવતી ઓરતો જેઓ ડાકેણનો ધંધો કરતી હતી તેઓની ઊપર લાગુ પાડવામાં આવતું હતું. હાલના જમાનામાં કોઈ એટલુજ બોલે કે ફલાણી ઓરતે જાદુ તોણુ કરીને ફલાણાને મારી નાખેઓ, અને ફલાણી ઓરતે પોતાની ડાકેણ શકતી ચલાવીને મોટું તુફાન બોલાવીઊં અને આખા શેહેરની ખરાબી કીધીતો તેવું બોલનાર શખસની હશી થઆ વગર રેહેજ નહીં અને સરવે લોકો તેને દીવાનો કહીને બોલાવે.

ઈસવી સન ૧૪૮૪ માં ઈનોસંટ નામના મોટા પોપે એવો હુકમ કીધો કે જે ઓરતો જાદુનો ધંધો કરતી હોએ અથવા ડાકેણ થઈને લોકોને દુખ દેતી હોએતે સઘળી ઓરતોનો એકદમ નાસ કરી નાખવો. તેવોજ હુકમ ઈસવી સન ૧૪૯૪ માં આલેકજાનડર નામના પોપે, ઈસવી સન ૧૫૨૧ માં લીઓ નામના પોપે અને ૧૫૨૨ માં એડરીઅન નામના પોપે કીધો હતો. એ હુકમની ખુબીથી હજારો ઓરતોના જીવની ખરાબી થઈ હતી. હર કોઈ માણસ હરએક ઓરત ઊપર ડાકેણનું તોહમત મુકીને તેને જીવથી મરાવી શકતો હતો. નીઆએધીસોને થોડી સાબેતી મલી કે ફલાણી ઓરતના ઘેરમાં ડાકેણની મુરતીછે અને ફલાણી ઓરત જાદુ તોણુ જાણેછે કે તરત તે ઓરતને જીવથી મારી નાખવાની શીખશા થતીહતી. જે ઓરતોની ઊપર ડાકેણ તથા જાદુ તોણાનું તોહમત મુકવામાં આવતું હતું તે ઓરતો જો કબુલ નહી કરે અથવા તેઓના ઘેરમાંથી તેવી કાંઈ નીશાન નહીં મલી આવેતો તેઓના માથાના સઘળા બાલ બોડાવી નાખવામાં આવતા હતા અને તેઓના માથા ઊપર કાંઈપણ ડાગ અથવા નવાઈ જેવી ચીજ માલુમ પડી કે તેની ઊપર તકસીર સાબેત થઈ ચુકતી હતી. તેમ કરતાં જો માથા ઊપર કાંઈજ માલુમ પડતું નહીં હતું તો તેઓને ઘાતકી માર મારવામાં આવતો હતો. એવી મતલબથી કે તેઓ જાદુ તોણાનો તથા ડાકેણનો ધંધો કરેછે એવું પોતાને મોહડે કબુલ કરે. ઘણાજ ઘાતકી મારથી તેઓ બીચારી કબુલ કરતી હતી અને તેઓનો પરાણ ઘાતકી રીતે લેવામાં આવતો હતો.

ઈસવી સન ૧૪૮૫ માં પોપ ઈનોસંટના હુકમથી ૪૦ ઓરતને ડાકેણના અનીઆએને મારે જીવથી બાલી નાખવામાં આવી હતી. એ ચાલીસ ઓરતના માથાના બાલ પરથમ બોડવામાં આવેઆ હતા. એજ વરસમાં ઈટાલી મધે "પીઓમાંટ" નામના પરગણામાં ૧૦૦ ઓરતોને જીવથી બાલી નાખવામાં આવી હતી. અને દરરોજ હરકોઈ ઓરત ઊપર જાદુ તોણાની અથવા ડાકેણની તકસીર મુકવામાં આવતી હતી. ઈસવી સન ૧૪૮૮ માં એક મોટું તુફાન થીઊ હતું અને તેથી "કાનસટનસ" નામના શેહરની આસપાસના ખેતરોનો અનાજ નાસ પામેઓ હતો. તાંહાંના લોકોએ બે ઓરતની ઊપર તોહામત મુકીઊં કે તેઓએ પોતાની જાદુ શકતીથી તુફાનને બોલાવીઊં હતું. તે ઓરતોએ કબુલ કીધું કે તેઓની જાદુ શકતીથી તુફાન થીઊં તેથી તેઓને તરત બાલી નાખવામાં આવી.

ઈસવી સન ૧૫૨૪ માં કોનો નામના પરગણામાં એક વરસની મુદતમાં ૧૦૦૦ ઓરતોને જાદુ તોણના અનીઆએને વાસ્તે જીવતી બાલી નાખવામાં આવી હતી. અને એ પરમાણે ઘણાએક વરસ લગી સેકડો ઓરતોના જાનની ખુવારી થઈ હતી. જે માફક ઈટાલીના જુદા જુદા પરગણાઓમાં હજારો ઓરતોને જીવથી બાલી નાખવામાં આવતી હતી તેમ ઈસપેન ફરાંસ તથા જરમનીમાંબી થતું હતું. જરમની મધે તરણ મહીનાની મુદતમાં ૫૦૦ ઓરતોને એ કારણ મારે જીવથી બાલી નાખી હતી અને ફરાંસ મધેતો હજારો ઓરતોને. જરમની મધે કેટલાંએક વરસ રહીને અડસટો કાહાડેઓ તારે માલુમ પડીઊં કે ખોટા વેહેમને લીધે તેઓએ ૧૦૦૦૦૦ કરતાં વ

ધારે મનુશ પરાણીઓનો જીવ લીધો હતો. ઈસકાટ લંડમાં ૪૦૦૦ ઓરતોનો નાસ કરવામાં આવેઓ હતો. ઈંગલંડમાં આ બાબત ઊપર મોટા મોટા રાજદુઆરીઓનું ધેઆન થોડી મુદત શુધી રોકાએલું રહેલું હતું. આઠમાં હેનરી બાદશાહાના વખતમાં ડાકણ તથા જાદુગરોને વાસતે બે કાએદા કાહાડવામાં આવેઆ હતા. એ કાએદા ઠેઠ ૧૭૫૧ ના વરસ શુધી કાએમ રહેલા હતા. એ કાએદાના જોરથી હજારો નીરપકારી લોકોના પરાણ ગયા હતા.

આ ઊપરથી શું માલુમ પડેછે? ઈઊરોપના મોટા મોટા રાજાઓ, મોટા મોટા ઊમરાવો અને રાજદુવારીઓ જાદુ તોણા તથા ભુત પલીતના વેહેમમાં સતરમી સદી શુધી ગરક થઈ ગએલા હતા. હમોએ ઊપર જણાવીઊં તેમ તેઓના મન ઊપર બારે ગનાન અને બુધીનો પરકાશ થવા માંડેઓ કે તરત સઘળા વેહેમો નાસ પામેઆ. તેમજ વાંચનારી બાઈઓ તમારામાની કેટલીએક ઓરતોમાં ભુત પલીત તથા જાદુ તોણાનો વેહેમ જો હજુર શુધી રહેલો હશેતો તે ગનાન બુધીની રોશની તમારા મન ઊપર પરકાશેઆથી. પોતાની મેલે નીકળી જશે. વાસતે તમે તમારા મનને અંધારામાંથી કાહાડો અને તેના ઊપર ગનાનની રોશની પડવા દેઓ. તમે દરરોજ ચોપાનીઆં અને સારા સારા પુસતકો વાંચો. વાંચીને તે સમજો અને તે ઊપર વીચાર કરો એટલે અગનાન અને વેહેમ રૂપી અંધારૂ જે તમારા મગજ ઊપર ફરી વળીઊં હશે તે એકદમ દુર થશે.

## પરચુરણ બાબતો.

**લેડી મારગન**—આ એક નામીચી સ્ત્રી હતી. તે ગઆ મેએ મહીનામાં મરણ પામીછે. તે ૧૭૮૩ ના વરસમા જનમી હતી. તેનો બાપ ગાએનનો ધંધો કરતો હતો. તે સ્ત્રીએ તરણ, ચાર નામીચા પુસતકો બનાવીને પરગટ કીધાં છે. તે પુસતકોથી લોકોમાં તેનુ નામ ઘણુ જાણીતું થીઉંછે, ઈંગલંડ મધે લારડ ગરેનું પરધાન પણુ માલતું હતું તારે તેણીને દર વરસે રૂ ૩૦૦૦ નું પેનશન મલતું હતું. તે શીવાએ તેણીએ પોતાના પુસતકોથી મોટી રકમ એકઠી કીધી હતી. તે ૭૬ વરસની ઉમરે મરણ પામીછે.

---

**લંડનનું પોલીસખાતું**—લંડન મધે પોલીસ ખાતાનાં ૧૮ સુપરઈનટેનડંટછે. દરએકને ૨૫૦૦ રૂપીઆથી વધારે વરસાણ મળેછે. ૧૪૩ ઈનસપેકટરોછે તેઓને ૮૦૦ રૂપીઆથી ૨૦૦૦) રૂપીઆ શુધી દર વરસે મળેછે. ૬૨૩ સારજંટછે, તેઓને ૬૩૦ થી ૧૦૦૦ રૂપીઆ શુધી દર વરસે મળેછે, ૫૨૫૫ કાનસટબલછે. તેઓને ૪૭૦ થી ૭૮૦ રૂપીઆ શુધી વરશાણ મળેછે.

---

**ઈંગલંડ મધે આપઘાત કરનારાઓ**—ઈંગલંડ મધે આપઘાત કરનારાઓની સંખીઆ દર વરસે ૧૦૦૦ માણસની ગણવામાં આવીછે. ૧૮૫૨ થી ૧૮૫૬ શુધી ચાર વરસની મુદતમાં સઘળી મળીને ૫૪૧૫ આપઘાત ઈંગલંડ મધે થઈ હતી. આપઘાત કરનારાઓની મોટી સંખીઆ ૧૦ થી ૧૫ વરસની ઉમરના જુવાન છોકરાંઓની હતી. આપઘાત કરવાની જુદી જુદી રીતો કામે લગાડવામાં આવેછે. ૧૦ શખસોએ રેલવેમાં કચરાઈ જઈને પોતાનો પ્રાણ ખોએઓ હતો. ૫૬૧ પુરૂશ તથા સ્ત્રીઓએ રશાણી ચીજોથી આપઘાત કીધો હતો. હલકી જાતના લોકો ઘણુ કરીને ગળામાં ફાંસો નાખીને આપઘાત કરતા માલુમ પડેઆછે. ઓરતોનો ઘણો ભાગ કુંવા તલાવમાં ડુબીને આપઘાત કરવાનું પસંદ કરેછે; અને મરદો ફાંસો ઘાળીને અથવા ગરાં કાપીને મરણ પામેછે. આપઘાત કરવામાં સઘળા જેહેરો કરતાં એરતો અફીણનો ઉપીઓગ વધારે કરેછે. અરે! જેઓ આપઘાત કરેછે તેઓ ઈશવરના કેટલા ગુનેહેગાર થાએછે. આપઘાત કરવા જેવું બીજુ એકે મોટું પાપ નથી.

---

**એક ઘણોજ અચરતી ભરેલો બનાવ**—હીંદુસથાનના બલવાની વખતે એક ઘણોજ અચરતી ભરેલો બનાવ બનેઓછે. ૧૮૫૮ ના ફેબરવારી મહીનાની ૧૯ મી તારીખે આઉદની દખણ દીશાએ બલવાખોરો સાથે જેનરલ ફરાંકસનું લશકર લડતું હતું તેવામાં કેટલાએક બલવાખોરો પકડાએઆ હતા. તે મધેનો એક બલવાખોર જે બંગાલ ખાતાંની રીજમીંટનો સીપાઈ હતો તેની તપાસ કરવામાં આવી. તેને કેટલાએક સવાલો પુછવામાં આવેઆ તેથી તે અતીસ ગભરાઈ જઈને ધ્રુજવા લાગેઓ અને એક કલાકની અંદર તેના માથાના તથા મુછના સઘલા બાલ સપેત થઈ ગએઆ. ફરાંસના એક આગલા રાજાના બાળબી એક રાતની અંદર એકાએક સફેદ થઈ ગયા હતા.

**મોટી ઊમરે પોહોચેલા માણસો**—ઇઉનાઈટેડ ઈસટેટસમાં મોટી ઉમરે પોહોચેલા માણસોની હાલ તપાસ કરવામાં આવીછે તે ઉપરથી માલુમ પડેછે કે એક માણસ ૧૪૦ વરસની ઉમરનુંછે. તે અમેરીકાની અસળી રેહેવાસી ઓરતછે, એક માણસ ૧૨૫ વરસની ઉમરનુંછે. તરણ હબસણ ૧૧૧ વરસનીછે. ગોરી ચામડીના કેટલાએક મરદો તથા કેટલીએક ઓરતો ૧૦૬ થી ૧૧૪ વરસની ઉમરનાછે. ૧૮૫૦ ના વરસમાં ઇઉનાઈટેડ ઈસટેટસમાં ૧૦૦ વરસ કરતાં વધારે ઉમરના સઘળા મલીને ૨૫૫૫ લોકો હતાં. હાલ ૧૦૦ વરસ કરતાં વધારે ઉમરના સઘળા મલીને ૨૦૦૦૦ લોકોછે.

**લંડનની વસતી ઈતીઆદી**—લંડન શેહેર જે ઈંગલંડ દેશની રાજધાનીની કેહેવાએછે અને જેમાં આપણી નામદાર રાણી રેહેછે તે શેહેરનો વીસતાર ૧૨૧ ચોરસ માઈલનોછે. ૧૮૦૧ ના વરસમાં લંડનની વસતી ૯ લાખ ૫૮ હજારની ગણાતી હતી. ૧૮૫૧ માં જારે વસતી ગણવામાં આવી તારે ૨૩ લાખ ૬૨ હજારની માલુમ પડી હતી. હાલ સઘળી મલીને એ શેહેરની વસતી ૨૭ લાખ ૨૦ હજાર માણસનીછે તે મધે ૧૨ લાખ ૭૪ હજાર મરદછે અને ૧૪ લાખ ૪૬ હજાર ઓરતોછે.

**કેટલાએક ઘોડાની તપાસ**—ફરાંસ મધે કેટલાએક ઘોડાની તપાસ કરવામાં આવી કે તેઓ પાણી અને ખોરાક વગર કેટલા દીવસ જીવી શકેછે. એ ઉપરથી માલુમ પડીઉં કે ફકત પાણીજ ઉપર ૨૫ દીવસ સુધી ઘોહો જીવી શકેછે. પાણી અને ખોરાક વગર ૧૭ દાહાડા જીવેછે. એક ઘોડાને તરણ દીવસ સુધી પાણી વગર રાખેઓ અને તે તરણ મીનીટમાં ૧૦૪ રતલ પાણી પીઈ ગઓ. ઘોડાને સારી પેહે ખવારીને દોડાવેઓ હોએતો તરણ કલાકમાં તેનો સઘલો ખોરાક તદન પચી જાએછે. ખોરાક ખવાડીને બાંધી મુકેઓ હોએતો તરણ કલાકે પચવાની કીરીઆ બાએગે શીરૂ થાએછે.

**ઈંગલંડમાં ગાંડા લોકોની શંખીઆ**—૧૮૫૨ ના વરસમાં ઈંગલંડ મધે ગાંડા ઘેલા લોકોની સંખીઆ સઘલી મલીને ૧૭૪૧૨ ની હતી. ૧૮૫૭ માં તે સંખીઆમાં વધારો થઈને ૨૨૩૧૦ ની હતી. હાલ એવી ગણતરી કાહાડવામાં આવીછે કે દર ૮૩૦ માણસે એક ગાંડુ માણસ ઈંગલંડ મધેછે અને તેમાં દરરોજ વધારો થતો જાએછે.

**કેલવણીનો ફેલાવો**—પરોફેસર રાજર નામનો વીદવાન કહેછેકે અમેરીકામાં મેન નામના રાજમાં દર તરણ માણસે એક માણસ કેલવાએછે. ડેન મારકમાં દર ૪॥ માણસે એક માણસ કેલવાએલાછે. સુવીડનમાં દર ૬ માણસે એક માણસ, ઈંગલંડમાં દર ૮ માણસે એક માણસ, ફરાંસમાં દર ૧૧ માણસે એક માણસ, રૂશીઆમાં દર ૫૦ માણસે એક માણસ અને પોરટુગાલમાં દર ૮૦ માણસે એક માણસ કેલવાએલુ હોએછે.

**બાલનો વેપાર**—માણસના બાલ ઇઉરોપીઅનોની ટોપી બનાવવાના કામમા આવેછે. ટોપીને લાએકના તઈઆર થાએછે તારે દરએક રતલની કીમત ૧૫ રૂપીઆથી ૪૦ રૂપીઆ સુધી ઉપજેછે. લંડન શેહેર મધે દર વરસે ૧૦૦૦૦ રતલ બાલ જરમનીથી જાએછે.

**ચાકરોને વાસતે મદરેસા**—ઈંગલંડની ઉતર દીશાએ કેટલીએક તવંગર ઓરતો ચાકરોને વાસતે એક મદરેસા ઉઘાડવાની હાલ તજવીજ કરેછે તેમાં તેઓ જુવાન ચાકરોને બચપણમાં અછી રીતે ચાકરી બજાવવાની કેલવણી આપવા માગેછે.

**વસતી તથા લશકર**—ફરાંસ, આસટરીઆ તથા સારડીનીઆના રાજે જે થોડા મહીના ઉપર લડાઈમા ગુથાએઆં હતાં તેઓની વસતી તથા લશકરનો અડસટો આ પરમાણે કાહાડવામાં આવેએછે. ફરાંસની વસતી ૩ કરોડ ૮૦ લાખની. આસટરીઆની નજદીક તેટલીજ અને સારદીનીઆની ૫૦ લાખની. આસટરીઆનું લશકર ૭ લાખ માણસનું, ફરાંસનું ૬ લાખ માણસનું તથા સારડીનીઆનું એક લાખ માણસનું ગણવામાં આવીઉંછે.

## એશીઆ ખંડનો ગરબો.

—o—

બલીહારી રે એશીઆખંડ, જુનો જાણીતો
સુખીઆરી રે વસતી અખંડ, પુરવે માનીતો—ટેક.

એની પુરવે મહાસાગર તે, પાસીફીક મોટો કાહાવે રે
દખણમાં હીંદી મહાસાગર, વાંહાણવટી મન ભાવે—જુનો૦

પશચમ હદમાં આવી ચહડેઓ, આટલાનટીકનો ફાંટો રે
તે લુમધીઅ સમુદરજ કાહાવે, ઉરલ પરવતનો ઘાટો—જુ૦

વલગા ડોન નદી બે આડી, તુરકી સમુદર જાણ રે
એશીઆ, ઇઉરોપ બેની વચમાં, એ શીમાડો માન—જુનો૦

સુએજ તણી સંઓગી ભુમી, પાસે સમુદર લાલ રે
ખંડ આફરીકા, એશીઆ વચમાં, એ શીમાડો ભાલ—જુનો૦

ઉતરમાં ઉતર મહાસાગર, બરફ ઘણો તાંહાં થાએ રે
ટાઢ ઘણી ને પાણી ઠરતાં, નઉકા કદી નવ જાએ—જુનો૦

ઉતરમાં રૂશીઆનો મોટો, દેશ આવીઓ તાતાર રે
ધરતી બહુ પણ પાક ન સારો, દુધ માસનો હાર—જુનો જાણીતો

તઉર મહાગરમાં મોટી, નદીઓ વેહેતી જાએ રે
ઓબીએનીસીંને લીના, તે પર નગર સોહાએ—જુનો જાણીતો

અરકટસ એનીસી ઉપર, ઓબીટો બાલસક રે
બઇકલ સાગર એમાં મોટો, માને લોક સમસ્ત—જુનો૦

વાલગાના મુખ ઉપર આવી, નગરી આસ્ત્રાખાન રે
રૂપે રૂડા, લડવે પુરા, પાસે સરકાશીઆન—જુનો જાણીતો.

તારતરી જે સ્વતંત્ર કાહાવે, વસે મુગલની જાત રે
બલખ, બુખારા, ખીવા નગરી, છે જગમાં વીખીઆત—જુ૦

કાસપીઅન સાગર અતી મોટો, ઓરલ નાહનો કાહાવે રે.
આકીસસ સીહુન નદીઓ વેહેતી, ઓરલ મધે આવે—જુ૦

તારતરી ચીનાઈછે મોટો, તાંહાં ચીનાનું માન રે
યારકંદ નગરીછે મોટી, સામો કોબી રાન—જુનો જાણીતો.

રૂશીઆ, ચીનાઈ, તારતરી વચમાં, આલટાઈ પરવત કાહાવેરે
ઓખાટસકના સમુદર મધે, આમુર વેહેતી આવે—જુનો૦

ચીન દેશ જાણો અતી જુનો, કલાવાન કેહેવાએ રે
પરદેશી તાંહાં ઝાઝ ભરીને, માલ લઈ દઈ જાએ—જુનો૦

ચીન દેશની ઉતર હદ પર, ચહેલ લાંબી ભીત રે
તે પંદર શેંહ્ર મઇલ ભરતમાં, શ્રમ ખરચ્યો અકલીત—જી૦

રાજનગર ઉતરમાં પીકીન, જગમાંછે વીખીઆત રે
વીસ લાખથી ઝાઝી વસતી, માને મોટી જાત—જુનો જા૦

હોઆંગો ને યંગસટીકાંગ, બે નદીઓ મોટી જાણ રે
પુરવે નાનકીનને દખણમાં, બંદરછે કનતાંન—જુનો જાણીતો.

ચીની વાસણ, મખમલ, રેશંમ, સપેત ખાંડ, કપુર રે
ચાહા, રમકડાં કાગળ, આદી, માલ બને ભરપુર—જુનો જા૦

તીબેટ દેશ, હીમાલા ઉતર, તાંહાં ચીનાનો હાથ રે
એમાં લાસા નગરી મોટી, લામા ગુરૂ વીખીઆત—જુનો૦

હીંદુસથાનની ઉતર બાજુ, પાહાડ હીમાળો ભારી રે
દખણમાં હીંદી મહાસાગર, તાંહાંછે કેપ કુમારી—જુનો જા૦

રાજ નગર કલકતા મોટું, છે ઈંગલીશનું રાજ રે
હીંદુ રઇઅત થઈને બેઠા, ખોઈ જગતમાં લાજ—જુનો જા૦

કલકતાની હેઠે જાણો, તાબા ત્રણછે મોટા રે
તે મુંબઇ, મદરાસ, આગરા, તાંહાં ગવરનર છોટા—જુનો૦

મહાનદી ગંગાને સીંધુ, બ્રહમપુત્રાને કુશણા રે
તાપી, ગોદાવરીને રેવા, લોકની ભાગે તુશણા—જુનો જાણીતો.

ઉતર, દખણ હીંદુસથાનની, વીંધા ચલછે વચમાં રે
દખણમા પશચમ પાસપર, સહીઆદરીની રચના—જુનો૦

અફીણ, કપાસ ને રેશંમ, ચોખા, ઝીંહું, સુરોખાર રે
ગળી, કસુંબો, મજીઠ સોરંગી, માલ તણો વેપાર—જુનો જા૦

બ્રહમ દેશ હીંદુની પુરવે, બુધ પંથીનો કહીએ રે
ઈરાવતી નદીને તીરે, આવા અમરપુરસોહીએ—જુનો જાની૦

સામઅનામી નાહાના દેશો, વસીઆ અગની કોણે રે
કેંબોડીઆ નગરીને જોવી, તટમે કાંગ નદીને—જુનો જા૦

દવીપકલપછે નામ મલાખા, બેટ શીકાપુર ગામ રે
ચીન સમુદરે જાતાં વળતાં, નઉકાનો વીશરામં—જુનો જા૦

બ્રહમ દેશમાં સાગ લાકડાં, તીબેટ સાલનું ઉન રે
દેશ મલાકે ખાણ કલઇની, માલતણી નહી નુન—જુનો જા૦

હીંદુસતાનની વાવીએ કોણે, છે અફગાનીસતાન રે
કાબુલ, કંદહાર ગજનીમાં, લોક વસે મસતાન—જુનો જા૦

સીંધ દેશની પશચીમ બાજુ, દેશ બેલોચીસતાન રે
મોટી નગરી કેલાત મધે, રાજ કરેછે ખાંન—જુનો જા૦

દેશ પારસીક ઈરાંન કહીએ, મુગળ કરેછે રાજ રે
રાજનગર તેહેરાંન ઉતરે, દખણમાં શીરાજ—જુનો જાણી જા૦

ઈરાંન કેરી વચમાં જુનું, નગર વશે ઈસપહાંનરે
અસલ પારસી દુખના મારીઆ, વશીઆ હીંદુસતાંન—જુ૦

એસીઆ તુરકી કેરી ઉતર, તુરકી સમુદર નામ રે
કાકાશશ પરવત ઈશાંને, દખણ અરબસતાંન—જુનો જા૦

પશચીમ દીકમાં સમુદર આવીઓ, પુરવ ફરાતને તીગરીશરે
એ બે નદીઓનાં મુખ ઉપર, બંદર મોટું બસરા—જુનો૦

મોટી નગરી કાવે સમરના, આલેપો બગદાદ રે
ઘણા કાળથી લોક વજીતા, લોક વશે આબાદ—જુનો જાણી૦

ઈરાંન તુરકસતાંને રેશમ, અશવ ગળીચા થાએ રે
મધીએ ચાંમડાં અતર તીઆંહાંથી, સુકા મેવા જાએ—જી૦

અરબસતાંન એ દીવપકલપછે, અરબ ઘણાં તીઆંહાં રાજારે
કુળનો ધંધો એવો માનો, લુંટી થાવું તાજા—જુનો જાણીતો.

રાતો સમુદર પશચીમ હદપર, નગરો મોટાં તીઆંહે રે
મુસલમાન બહુ હજ કરવાને, મકકે દોડઆ જાએ—જુનો૦

નગરો શાના મુખા મદીના, બાબેલ માંદલ નેહેર રે
પુરવ ઈરાંની અખાત કાંઠે, મસકત નાંમે શેહેર—જુનો જા૦

અરબી ઘોડા રૂપે રૂડા, શીઘ્ર બહુ વખણાએ રે
બુંદ ખજુર ને ડાડેમ સુખાઇ, મેવા બહુ વીધ થાએ—જુનો૦

બેટ હવે પશચીમના કહીએ, સઈપરસ રોડસ નાંમ રે
ઉતરમાંછે નોવા જેમબલા, તીહાં નાનેરાં ગાંમ—જુનો જા૦

પુરવ દીશાએ કામસચાટકા, દીવપકલપતે જાણ રે
બેરીંગ નેહેરને આલશીન બેટો, શુરવકેપ મન આણ—જી૦

સમુદર પીળો ચીન ઈશાંને, દીવપકલપછે કોરીઆ રે
સાઘેલીએન ટાપુછે જુદો, જુવો જપાની દરીઆ—જુવો૦

કયુસુ નીફોન જસસો આદી, જાણો બેટ જેપાન રે
રાજનગર જેડેહો સુંદર તીઆંહાં, ધાતુની બહુ ખાંણ—જી૦

ફારમોસા લીઉચુના ટાપુ, ચીના પાસે આજ રે
હેનાન વગરે મકાઉમાં, પોરટુગીસનું રાજ—જુનો જાણીતો.

હાંગકાંગ ટાપુ નાનકડો, છે ઈંગલીશને હાથરે
હાલ સમેમાંજઇને વશીઓ, વેપારીનો સાથ—જુનો જાણીતો.

ગરમ મસાલાનાં બેટોમાં, સીલીબીસ જાણો મોટોરે
સપેનીઆરડના તાબા હેઠે, ફીલીપીન કેરા બેટો—જુનો જા૦

એશીઆનાં ટાપુઓ મધે, બેટ બોરનીઓ ભારીરે
બેટ સુમાતરાને જાવામાં, ડચનીછે સરદારી—જુનો જાણીતો.

આંબાએનાં બાંદા બેટમાં, જાએફલ લવેંગ પાકેરે
એ ફરતા બેટોના ગરબા, કરતાં કરતો થાકે—જુનો જાણીતો.

હીંદ માહાસાગરમાં અખાત, બંગાળાનું કાહાવેરે
આંદામેનને નીકોબાર, વળી બેટ પીનાંગ સોહાવે—જુનો૦

કેપ કુમારી પાસે ટાપુ, માલદીવનાં જાણોરે
તેથી ઉતર બેટ ઘણેરા, લાકાદીવ પરમાણો—જુનો જાણીતો.

હીંદુસથાનની સમીપ મોટો, સીલોન નાંમે બેટ રે
કોઈ લંકા કોઈ બોલે સીંહલ, છે ઈંગલીસની હેઠ—જુનો૦

કોલંબો પાંટ ડીગાલ કાંડી, નગર તરીકોમલી સાર રે
હાથીદાત તજ અબનસ મોતી, કોપરેલનો વેપાર—જુનો૦

એશીઆ ખંડનું વરણન ટુકું, જે નરનારી ગાસે રે
તેનાં મન મોટાં દેખીને, મેહેતાજી હરખાશે—જુનો જાણીતો.

# સ્ત્રીબોધ.

પુસતક ૩ જું | સપટેમબર ૧૮૫૯ | આંક ૯ મો.


## લાએકીવાળી ઓરત.

### હેના મોર.

—o—

આ ઊપલી સ્ત્રીએ મનુશ જાતને અને તેમાં અગત કરીને પોતાની બેહેનપણીઓને ઊપીઓગી પડવાને તથા તેઓની સંસારી અને નીતી સંબંધી હાલત સુધારવાને જે મેહેનત તથા તજવીજ કીધીછે તેથી તેણીનાં નામને,મોટી કીરતી અને શોભા મલેઆ વગર રેહેતી નથી. હેના મોર ઈસવી સન ૧૭૪૫ માં જંનમી હતી. એની ચાર બેહેનો હતી તે મધેની વડી બેહેન "બરીસટલ" મધે "ફરેંચ ઈસકુલ" નામની નીસાળમાં કેળવણી લેવાને જતી હતી. તે ડાહી અને ચંચલ છોકરી નીશાળમાં જે શીખતી હતી તે પોતાની ચારે બેહેનોને ઘેર આગળ આવીને દર અઠવાડીએ શીખવતી હતી. એ પરમાણે હેના મોર બચપણમાં પોતાની વડી બેહેન પાસેથી ફરેંચ ભાશાના મુળ તતવો શીખી હતી. પાછલથી હેનાએ પોતાની જાતી મેહેનત તથા બુધીથી ફરેંચ ભાશાનો અભીઆસ સારી પેઠે કીધો. હેનામોરનો અભીઆસ તથા તેણીની ચંચલાઈ તથા બુધી જોઈને કેટલાએક નામીચા વીદવાનો ખુશી થઆ હતા. હેના સોલ વરસની ઊમરની થઈ નહીં એટલામાં સંસાર તથા વેહવાહાર ઊપીઓગી હરએક વાત ચીત કરવાને તથા તે ઊપર કીમતી વીચાર આપવાને શકતીવાન થઈ હતી. તે સતર વરસની ઊમરની થઈ તારથી તે સીતેર વરસ શુધી તેણીએ પોતાનો વખત ઘણાજ ઊપીઓગી તથા દેશ હીતકારી કામમાં રોકેઓ. એ સઘળા વખતમાં તેણીએ સંસારી તથા નીતી સંબંધી જુદા જુદા પુસતકો રચીને બાહાર પાડેઆં. એ પુસતકો એવી કાબેલીઅતથી રચેઆં હતાં કે તે સરવે કોઈને પસંદ પડેઆ વગર અને થોડી ઘણી અસર ઊપજાવેઆ· વગર રેહેજ નહીં. તેણીએ ૧૭ વરસની ઊમરે "સુખ પછવાડે શોધ" એવા નામનું નાટક રચીને એક પુસતક પેહેલવેહેલું બાહાર પાડીઊં. એ પુસતક સરવે કોઈને પસંદ પડીઊં અને તારથી ઘણાખરા લોકો હેનામોરને ઓલખવા લાગા. તે બાવીસ વરસની ઊમરે પોહોચી તારે એક ગરહશથ કે જેની ઊમર ૪૨ વરસની હતી તેણે હેનાની સાથે લગન કરવાને પોતાની ઈછા જણાવી. તે ગહરસથ જોકે ઊમરે મોટો હતો પણ ઘણોજ વીદવાન તથા તવંગર હતો તેથી હેનાએ તેની ઈછા કબુલ રાખવાને હા પાડી. લગનનો દીવસ ઠેરવવામાં આવેઓ પણ માઠા ભાએગે કેટલાએક મતલબી આ શખસોએ એ લગનમાં ખલલ પોહોચાડી. હેના મોર તથા પેલો ગહરસથ એક બીજાથી છુટા પડેઆં. એ ગહરસથે પોતાનો કોલ ફેરવેઓ તેથી હેનાને ઘણુંજ દુખ ઊપજીઊં અને તેણીએ ફરીથી કોઈબી ગહરસથની સાથે લગનનો કોલ નહીં આપવાને ઠરાવ કીધો. આ વાતને થોડી મુદત નહીં ગુજરી એવામાં ઊપલો ગહરસથ મરણ પામેઓ અને પોતાના વસીએતનામામાં હેનામોરને દસ હજાર રૂપીઆનો વારસો આપવાને લખી ગએઓ.

આ બનાવ બનેઆ પછી હેનાએ પોતાનો વખત પુસતકો રચવા પછવાડે ગુજારવા માંડેઓ. બરીસટોલથી તે લંડન ખાતે આવી પોહોચી અને તાંહાં કેટલાએક નામીચા વીદવાનો સાથે તેની ઓલખાણ થઈ. થોડી મુદતમાં "પરસીનું નાટક" નામનું પુસતક બાહાર પાડીઊં અને તેથી તેની કીરતીમાં કેટલોએક વધારો થઓ. લંડન મધે પાંચ વરસ ગુજારેઆ પછી તેણીએ

પોતાના શેહેર પાસેના એકાદ ગામડામાં જઈને એકાંત વાસ રેહેવાનો ઠરાવ કીધો. તે ઠરાવ મુજબ બરીસટલ પાસેના એક ગામડામાં જઈને વસી. ૧૭૭૦ નાં વરસમાં "દુનીઆ મધે મોજ શોકમાં ગરક થઈ ગએલા લોકો ધરમને કેટલું માન આપેછે" એ વીશે એક પુસતક રચીને બાહાર પાડીઊં. તે પુસતક લોકોએ ઘણીજ હોશ તથા ઊલટથી વાંચીઊં. તારપછી થોડા મહીનામાં "મોટા લોકોની ચાલ ચલણ સંબંધી વીચારો" એવા નામનું એક પુસતક બાહાર પાડીઊં. આ બે પુસતકોમાં તેણીએ ધરમ તથા નીતી સંબંધી ઘણાજ કીમતી વીચારો પરગટ કીધા હતા. ૧૭૯૧ માં તેણીએ પોતાની બેહેનોની સાથે "સનડે ઈસકુલ" નામની નીશાલ ગામડામાં ઊઘાડી. એ નીશાલ ઊઘાડવાની મતલબ એકે ગામડીઆના છોકરાઓ બચપણથી અનીતી અને બદફેલી શીખતા હતા તેનો અટકાવ કરવો અને તેઓના મનમાં ઈશવરનો ડર અને ધરમ સંબંધી ગનાન ઊતપન કરવું. શરૂઆતમાં ઘણા લોકોએ પોતાના બાળકોને એ નીશાળમાં મોકલવાને આનાકાની કીધી. પણ થોડી મુદતમાં ૧૨૦૦ છોકરાંઓથી વધારે છોકરાંઓ હેનામોર તથા તેની બેહેનોનાં હાથ નીચે કેળવણી પામવા લાગા.

ફરાંસના બળવાથી ઈઊરોપના લોકોના નીતી તથા ધરમ સંબંધી વીચાર ઊપર ઘણીજ માઠી અસર ઊપજવા માંડી હતી. તેનો અટકાવ કરવાને તથા ધરમ અને નીતી તરફ લોકોની રૂચી પેદા થાએ એ મતલબ પાર પાડવાને દરએક જગાના નામીચા અને વીદવાન પુરૂશોએ હેનામોરને અરજ કરીને લખી જણાવીઊં. એ અરજ મુજબ હેનામોરે "વીલેજ પોલીટીકસ" નામનો ગરંથ વાત ચીતના આકારમાં બનાવીને બાહાર પાડેઓ. તે ગરંથ તેના મીતરોને તથા સરવે કોઈને ઘણોજ પસંદ પડેઓ. તેની હજારો નકલો વેચવામાં આવી. સરકારની તરફથી તેમજ બીજા ખાનગી ગહરસથોની તરફથી તેની હજારો નકલો ફરીથી છાપીને લોકો મધે વેહચવામાં આવી. આ પુસતક લોકોને એટલું બધું પસંદ પડીઊં તેથી હેનામોરને ઘણી ઊલટ છુટી અને તેણીએ દર મહીને નીતી અને ધરમ સંબંધી તરણ ચોપાનીઆ પરગટ કરવા માંડેઆં. આ કામમાં પણ હેનામોર ફતે પામી.

તારપછી થોડા વરસમાં સ્ત્રી કેળવણી વીશે એક કીમતી પુસતક હેનાએ બાહાર પાડીઊં. તેમજ બીજા કેટલાંએક ઊપીઓગી તથા નામીચા પુસતકો બાહાર પાડેઆં. તે મરણ પામી તાંહાં શુધી તેની મન શકતી ઘણીજ કઊવતવાળી રહી. તે ૧૮૩૩ ના વરસમાં સપટમબર મહીનાની ૧૭ મી તારીખે નવ માસની માંદગી ભોગવેઆ પછી મરણ પામી. હેનામોરમાં એક અગતનો ગુણ એ દીઠામાં આવેઓ કે તે ઊમરે જેમ જેમ ઘરડી થતી ગઈ તેમ તેમ તેની ચંચલાઈ, અને પરોપકાર બુધી ઘટવાને બદલે વધી. હેનામોરની પેઠે મનુશ જાતને અને તેમાં અગત કરીને પોતાની બેહનપણીઓને ઊપીઓગી થવાને આપણા દેશનો ઓરતો જલદીથી શકતીવાન થાએ એવું હમો ઈશવર પાસે માંગીએછે.

---

## સીંધ પરાંતનો જાણવા જોગ હેવાલ.

—o—

વાંચનારી બાઈઓ, તમે હીંદુસથાનના નકશા તરફ જોશાતો માલુમ પડશે કે સીંધનો પરાંત ગુજરાત તથા કછની ઊતર આથમણ દશા ઊપર આવેલો છે. પંદર વરસની વાત ઊપર એ પરાંત મુસલમાન અમીરો પાસે હતો તે ઈંગરેજ સરકારે તેઓની સાથે લડાઈ કરીને છીહીતી લીધો. એ પરાંત આગળ ઘણુ કરીને ઘણીજ માઠી હાલતમાં હતો પણ ઈંગરેજ સરકારનાં હાથમાં આવેઆ પછી તેની હાલતમાં ઘણોજ સુધારો તથા તેની પેદાસમાં ઘણોજ વધારો થઓછે, એટલુંજ નહી પણ એ પરાંત હીંદુસથાનની માંહે ઈંગરેજ સરકારને ઘણો ઊપીઓગી તથા અગતનો થઈ પડેઓછે. એ પરાંતની ઊતરથી તે દખણ સુધીની લંબાઈ ૩૮૦ માઈલનીછે અને ઊગમણથી તે આથમણ દશા શુધી ઘણામાં ઘણી પોહોળાઈ ૨૦૦ માઈલ જાણવામાં આવીછે. એ પરાંતની આથમણ દશાએ સમુદર તથા બુલુચીસથાનના પાહાડોછે અને ઊતર દશાએ આફગાન લોકોનો મુલક તથા મુલતાન આવેલુંછે. ઊગમણ દશાએ આજમીરનો મુલક અને રેતીનું મેદાન તથા દખણ દશાએ કછ તથા કછનો સમુદર આવેલોછે. એ પરાંતની કુલ વસતી ૧૦ લાખ આદમીની કેહેવાએછે. સીંધના મોટા બે ભાગ પરમેલા

છે જે "અપરસીંધ" અને "લોઅર સીંધ" એવે નામે ઓલખાએછે. "અપરસીંધ" ઘણોજ ફલવંત તથા આબાદ ગણાએછે અને તેમાં ચોખા, ઘઊં, અફીમ, રૂ અને એવી બીજી ઘણીએક ચીજો પાકેછે. તાંહાંના ઘણાખરા રેહવાસીઓ હીંદુ, બલુચી અને મુસલમાની જાતનાછે. આ પરાંતમાંથી અટક અથવા ઈનડસ નામની નદી જે હીંદુસથાનની ઊતર આથમણ હદ ગણાએછે તે પસાર થાએછે. એ નદીની અંદર નાહની નાહાની આગબોટો તથા વાહાણો ચાલેછે તેથી સીંધની ઊતર તરફના પરાંતો સાથે ઘણો સેહલાઈથી વેહવાર ચાલી શકેછે. ઈસટ ઈંડીઆ કંપનીએ અગાઊ પોતાની કોઠી સીંધ મધે થાપી હતી અને તાંહાં તેઓ પોતાનો ભારે વેપાર ચલાવતા હતા. પાછલથી એ પરાંત જુલમી અને એશ આરામમાં ગરક થઈ ગએલા અમીરોના હાથમાં ઘણોજ માઠી હાલતે પોહોચેઓ તારે એ કોઠી કાંહાડી નાખવાની ઊપલી કંપનીને જરૂર થઈ હતી. સીંધના લોકો લડાએક અને શુરા ગણાએછે. તેઓના શરીરનો બાંધો દખણ હીંદુસથાનના લોક કરતાં વધારે મજબુત હોએછે. સીંધમાં અજાએબ તરેહના અને અજાએબ દેખાવના મુસલમાન ભીખારીઓછે. એ ભીખારીઓ પેગામબરી ઓલાદનાછે એવો દાવો કરેછે અને ઘોડા ઊપર બેશીને તથા સારાં કપડાં પેહરીને ભીખ માંગેછે. તેઓ પોતાના હાથમાં લીલો વાવટો ઊરાડેછે અને સાત ઈઆ આઠ ઘોડેસવારના ટોલાં થઈને રસતા ઊપર ઊભાં રેહેછે. જેઓ આ ઠગારા ભીખારીઓની અરજ કબુલ રાખતા નથી તેઓને એ ઠગારાઓ એકદમ ગાળ દેવાને તથા ખરાબ સખુનો ભાંડવાને ચુકતા નથી.

મુસલમાન લોકોએ આજ બારસો વરસ થઆં સીંધમાં પોતાનો પગ પેસારો કીધોછે. ખલીફ વાલીદના વખતમાં માહમદ કાશમ નામના મુસલમાન સરદારે ૧૧૭૬ વરસની વાત ઊપર સીંધમાં ફતે મેળવી હતી. તાર પછી એ પરાંત જલદીથી પાછો હીંદુઓના રજપુતોના હાથમાં આવેઓ હતો. ઈસવી સન ૧૫૩૫ માં કોઈ શાહાબેગ નામના મુસલમાન સુબેદારે સીંધનો પરાંત જીહીતીને પોતાને હસતક કરી લીધો હતો. અકબર બાદશાહના વખત શુધી સીંધનો પરાંત ઊપલા મુસલમાન સરદારની ઓલાદના હાથમાં રહેઓ. તાર પછી તે દીહલ્લીને તાબે થઈ પડેઓ. તારે પછી એ પરાંત શીહાની જાતના મુસલમાન સરદારોના હાથમાં ગઓ, જે સરદારો "સીંધના અમીર" એવે નામે ઓલખાતા હતા.

ઈસવી સન ૧૮૪૨ માં સીંધના અમીરો સાથે ઈંગરેજ સરકારને વાંધો પડેઓ. અમીરોએ પોતાના કોલકરારથી આડા ચાલીને હેદરાબાદના રેસીડંટ મેજર આઊટરામ ઊપર ચહડાઈ કીધી, અને મેજર આઊટરામને એ જગો ઊપરથી હાંકી કાહાડેઓ. તેવામાં સર ચારલસ નેપીઅર ૨૮૦૦ માણસ અને ૧૨ તોપ લઈને જઈ પોહાચેઓ. અમીરો સાથે લડાઈ કીધી. તે લડાઈ તરણ કલાક શુધી ચાલી તેમાં ૫૦૦૦ બલુચી લોકો મરણ પામેઆ અને ૬ અમીરો તાબે થઆ. એ લડાઈ ૧૮૪૩ ના ફેબરવારી મહીનાની ૧૭ મી તારીખે થઈ હતી. એ લડાઈમાં અમીરો હારેઆ તોપણ તેઓએ એક માસની મુદતમાં પોતાની આસપાસ મોટું લશકર જમાવ કીધું અને ઈંગરેજો સાથે બીજી મોટી લડાઈ કરવાને તઈઆર થઆ. એ લડાઈ હેદરાબાદથી ચાર માઈલને તફાવતે "ડબા" નામની જગાછે તાંહાં તારીખ ૨૪ મી મારચે થઈ અને શેહર માહમદ નામનો બાહાદુર અમીર ૨૫૦૦૦ માણસનું લશકર પોતાની સાથે લઈને લડવાને ઊભો રહો. સર ચારલસ નેપીઅરે ૫૦૦૦ માણસના લશકરની મદદથી તેની ઊપર પુરી ફતે મેલવી. દુસમેનેનોનાં ૮૦૦૦ માણસો મુવાં અને સીંધ પરાંત ઈંગરેજ સરકારના તાબા હેઠલ આવેઓ. સર ચારલસ નેપીઅર સીંધનો ગવરનર ઠરીઓ એ અમલદારે ઘણોજ સારી રીતે પોતાનો અમલ ચલાવેઓ. સીંધના મુખીઅ શેહરો હેદરાબાદ, કરાંચી, ઠાઠા, સેકારપુર એઓની હાલતમાં ઘણોજ સુધારો થવા માંડેઓ. પશચમ હીંદુસથાનમાં મુંબઈની સાથે કરાંચી એક મુખીઅ વેપારનું મથક હાલ થઈ પડીઊંછે. કરાંચી શેહરમાં રેલવે, ટેલીગરાફ, ડંકા જેવા મોટા અને માહાભારથ કામો ઊઠાવેઆમાં આવેઆંછે. ઠેકાણે ઠેકાણે નવા રસતા તથા કુવાઓ બાંધવામાં આવેઆછે. બાલકોને કેલવણી આપવાને નીશાલો ઊઘડી છે. બીજા મુખીઅ શેહરોમાંબી કેલવણી તથા સુધારાનો ફેલાવો થવા માંડેઓછે.

## હેદરઅલી તથા ટીપુ સુલતાન.

—o—

આ બેહુ મુસલમાન સરદારો જેઓ એક બીજાના બાપ દીકરો લાગે તેઓએ એક વેળા દખણ હીંદુસથાન ધ્રુજાવી મુકીઉં હતું. હેદરઅલી એક ગરીબ સીપાઈને પેટે જનમેઓ હતો પણ આગળ ચાલતાં તેણે બાદશાહી દરજો મેળવેઓ હતો અને ઈંગરેજ સરકાર સાથે ઘણીજ બાહાદુરી તથા પેહલવાનીથી લડેઓ હતો. આખું હીંદુસથાન ફતે કરવામાં ઈંગરેજ સરકારને જેટલી મેહેનત નથી પડી તેથી વધારે મેહેનત હેદરઅલી સાથે ટકર ઝીલવામાં પડીછે. હેદરઅલીનો બાપ ઘણીજ કંગાલ અને ગરીબ હાલતમાં ઈસવી સને ૧૭૩૪ માં મરણ પામેઓ હતો અને ૧૭૬૧ માં હેદરઅલી દખણ હીંદુસથાન મધે એક મોટો બાદશાહ થઈ પડેઓ હતો. ૧૭૪૯ માં હેદરઅલી મેસોરના રાજાની ચાકરીમાં એક હલકા ઘોડેસવાર માફક રહેઓ હતો. તે પોતાની ચંચલાઈ તથા બાહાદુરીને લીધે થોડી મુદતમાં ૫૦ સવાર તથા ૫૦૦ પાએદલ એટલા લશકરનો એક સરદાર થએઓ. ૧૭૫૧ ના સાળમાં માહમદઅલી અને ચંદા સાહેબની વચે ટરીચનાપોલીની ગાદીને વાસતે લડાઈ ઊઠી તારે મેહસુરનો રાજા નંદરાજ, માહમદઅલીની તરફ થએઓ. નંદરાજ માહમદ અલીને મદદ કરવાને નીકલેઓ તારે તેણે પોતાના સરદાર હેદરઅલીને તેના ૫૦૦ પાએદલ અને ૫૦ ઘોડેસવાર સાથે લીધો. એ લડાઈમાં હેદરઅલીએ પોતાની ચાલાકી તથા બાહાદુરી સારી પેઠે દખાડી હતી. તાર પછી નંદરાજે હેદરઅલીને દીંડીગલ પરગણાનો ફોજદાર ઠેરવેઓ હતો. ૧૭૬૦ માં હેદરઅલી જારે મેસોર તરફ ગએઓ તારે તેના હાથ નીચે એટલું તો લશકર વધી પડીઉં હતું કે તેના ખરચને માટે મેસુર પરાંતની અરધી આએપત હેદરનાં હાથમાં આવતી હતી. ખંડેરાવ કરીને નંદરાજનો દીવાન હતો તે હેદરઅલીનું જોર વધેલું જોવાને ખુશી નહીં હતો. તેથી તેણે નંદરાજને સમજાવીને હેદર ઊપર હુમલો કીધો અને તેની પાસેથી લશકરનો મોટો ભાગ છીનવી લીધો. હેદર બાંગલોર તરફ નાઠો અને એક મોટું લશકર ઊભું કરીને નંદરાજની સાથે લડવાને ઊભો રહેઓ. તેણે પોતાની દગાઈ તથા હીકમતથી નંદરાજના લશકર ઊપર ફતે મેલવી. શ્રીરંગાપટમમાં પેઠો અને રાજની લગામ પોતાના હાથમાં લઈ લીધી. નંદરાજાને એક બંધીવાન કીધો અને ખંડેરાવને એક પીંજરામાં ગોંધી મુકેઓ. આ બનાવ ૧૭૬૧ માં બનેઓ અને તારથી હેદર મેસોરનો સવતંતર બાદશાહ થએઓ. તાર પછી ૬ વરસ લગી હેદરઅલીએ પોતાનું રાજ વધારીઉં. કોચીન, પાલઘાટ, કનારા, મલબાર તથા આસપાસના બીજા શેહેરો તથા ગામો ફતે મેલવીને હેદરે પોતાને હસતક કરી લીધાં.

ઈંગરેજો સાથે હેદરનો પેહેલ વેહેલો સંબંધ ૧૭૬૩ નાં વરસમાં પડેઓ. તેણે મુંબઈની સરકારને "આનોર" મધે એક કોઠી ઊઘાડવાનો તથા મરીનો વેપાર એક હાથ કરી લેવાનો પરવાનો આપેઓ. આ બનાવને ચાર વરસ ગુજરેઆં એટલામાં ઈંગરેજ સરકાર અને હેદરની વચે લડાઈ સરૂ થાઈ. તે લડાઈનું સેવટ ૧૭૬૯ માં આવીઉં પણ એવી રીતે આવીઉં કે થોડી મુદતમાં પાછી લડાઈ સરૂ થઈ. હેદરે ઈંગરેજોની ઊપર એવું તોહોમત મુકેઉં કે તેઓ પોતાના કરારનામા પરમાણે ચાલતા નથી. એ તોહોમત મુકીને બીજી લડાઈ ઊઠાવી. ૧૭૭૦ માં વલી પાછી સુલેહ થઈ અને મુંબઈની સરકારને ફકત "આનોર" માંજ નહીં પણ કારવાર મધે બી કોઠી ઊઘાડવાનો તથા મરી સુખડનો એક હાથ વેપાર ચલાવવાનો પરવાનો આપેઓ.

૧૭૭૧ માં મરાઠા લોકોએ હેદરને કંટાલો આપવા માંડેઓ. તેના રાજ ઊપર તેઓ વારેવાર હુમલા કરવા લાગેઆ. હેદરે ઇંગરેજોને પઈસા તથા પોતાના દેશનો કેટલોએક ભાગ આપવો કબુલ કરીને તેમની મદદ માગી પણ ઈંગરેજ સરકારે તેની અરજ કબુલ રાખી નહીં. મરાઠાઓ સાથે પંદર મહીના લડાઈ ચલાવેઆ પછી આખેર તે હારેઓ અને ૩૦ લાખ રૂપીઆ તથા પોતાના રાજનો થોડોએક ભાગ મરાઠાઓને આપીને લડાઈ માંડી વાલી.

તારપછી હેદરે પોતાનો સંબંધ ફરેંચ લોકો સાથે વધારેઓ. ફરેંચ લોકો સાથે સંબંધ થવાથી હેદરનું કામ અને હેદરનું જોર વધી પડીઉં. તેના લશકરે ફરેંચ અમલદારોના ઊપરીપણા હેઠલ કવાએદ લીધી. આ પરમાણે પોતાની બાજી મજબુત થવાથી ૧૭૭૯ ના વરસમાં પેશવા તથા નીજામ સાથે છુપો સંપેસો ચલાવેઓ અને ઈંગરેજોને એકદમ હાંકી કાહાડવાનો

ઠરાવ કીધો. ૧૭૮૦ થી ૧૭૮૪ સુધી હેદર અલીએ (અને તેના મરણ પછી તેના છોકરા ટીપુએ) ઈંગરેજ સરકાર સાથે ઘણીજ ભએંકર અને મોટી લડાઈ ચલાવી. કરનાટકના રેહેવાસીઓની મોટી સંખીઆ કતલ થઈ ગઈ અને તેઓનાં ઘેરબાર બાલીને ખાખ કરી નાંખવામાં આવેઆં. સુંદા નામના પરગણામાં ૩૦૦૦૦ ખરીસટી લોકોના બદન ઊપરથી જીવતી ચામડી ઊતારીને તેમને મારી નાંખેઆ. હેદર ૧૭૮૨ માં મરણ પામેઓ. તે સભાવનો ઘણોજ ઘાતકી હતો. તેને એકડા ઊપર બગડો કાહાડતાં આવડતો નહીં હતો તોપણ તેની ઈઆદ શકતી ઘણીજ મજબુત હતી.

તેના મરણ પછી તેનો છોકરો ટીપુ આવેઓ. તેણી પોતાના બાપના જેવો બોહાદુર અને ઘાતકી હતો. ૧૭૮૨ માં તે શીરંગપટામની ગાદી ઊપર આવેઓ અને બે વરસ લગી ઈંગરેજ સરકાર સાથે લડાઈ ચાલુ રાખી. એ લડાઈનું સેવટ ૧૭૮૪ માં ઘણું કરીને ટીપુના લાભમાં ઊતરીઊં. ઓવોર, કાહવાડ અને સદાશી ઘડમાં ઈંગરેજ લોકોએ જે કોટીઓ બાંધી હતી તે ખાલી કરવી પડી. તારપછી ટીપુ પાંચ વરશ લગી મરાઠા લોકોને પોતાનાં મુલકમાંથી હાંકી કાહાડવામાં રોકાઓ. ૧૭૮૯ માં તાનજોરનો રાજા જે ઈંગરેજ સરકાર સાથે મીતરાચારીમાં હતો તેના રાજ ઊપર ટીપુએ ચહડાઈ કીધી. એથી ઈંગરેજ સરકારને બારે કરોધ ચહડેઓ. ટીપુનું લશકર તથા જોર ઘણુજ વધી પડેઆથી નીજામ તથા પેશવો બી તેનાથી બીહતા હતા. નીજામ, પેશવો અને ઈંગરેજ એઓ સાથે મલી ગંઆ અને ટીપુનું જોર નરમ પાડવાનો તેઓએ ઠરાવ કીધો, તેઓને ૮૪૦૦૦ માણસોનું મોટુ લશકર ટીપુ જેવા વાઘની સાથે લડવાને એકઠું કરવું પડીઊં. તેઓ મધે ૧૧૦૦૦ ઈઓરોપીઅન હતા. હીંદુસથાનના ગવરનર જેનરલ લારડ કારનવાલીસ જેનું સંગેમરમરનુ મોટું પુતળુ આપણા ગરીન ચોક મધે ઊભુ કરવામાં આવીઊં છે તેણે પોતે લડાઈની સરદારી લીધી. પેશવા, નીજામ તથા ઈંગરેજ એઓએ તરણ જુદી જુદી જગો ઊપરથી ટીપુના રાજ ઊપર ઘસારો કીધો. એટલા મોટા લશકર અને સંપ છતાં પણ ટીપુ ઘણી બાહાદુરીથી લડેઓ; પણ આખેર તેની હાર થઈ. ટીપુને પોતાનો હરધો મુલક અને ૩ કરોડ ૩૦ લાખ રૂપીઆ આપવા પડેઆ.

આવું થઆ છતાં પણ ટીપુએ પોતાની હીંમત છોડી નહીં. તેણે ફરાંસ ખાતે એલચીઓ મોકલીને ફરેંચ સરકારને પોતાની તરફ લીધી અને કેટલુંએક ફરેંચ લશકર મંગાવીઊં. તરત ફરીથી ઈંગરેજ સરકાર સાથે લડાઈ ચાલુ કીધી. ઈંગરેજ તથા નીજામનું લશકર તેની સામણે થીઊં અને કેટલીએક હીકમતથી શીરંગપટામ લીધું અને ટીપુ મરણ પામેઓ. હેદરઅલીએ ૨૧ વરસ અને ટીપુએ ૧૭ વરસ મેસોરનું રાજ મોટા દમામથી ચલાવીઊં અને તેનો છેડો આવી રીતે આવેઓ.

---

## માણેકબાઈની ફરીઆદ.

માણેકબાઈ નામની એક ઓરત એક દીવસ પોતાનાં ઘરમાં એકલી બેઠી હતી. બેઠી બેઠી ચીકન ભરતી હતી તેવામાં તેની ભીખાઈજી નામની સઈઅર તેણીને મલવાને આવી. ભીખાઈજીને જોઈને માણેકબાઈ ઘણી ખુશી થઈ અને પોતાના ચાકર સોલુને બોલાવીને બેસવાને વાસતે એક ખુરસી મંગાવી. બેહુ સાહેલીઓએ એક બીજાનાં કુટંબની ખબર અંતર પુછી અને પછી તેઓ જુદી જુદી બાબતો ઊપર વાત ચીત કરવા લાગેઆં. વાત ચીત કરતાં એક બીજાના ભરથાર સંબંધી વાત નીકળી. ભીખાઈજી બોલી કે "માણેકબાઈ તમે ખરેખર ભાઓગશાલી છો કે શાપુરજી જેવો સારો ભરથાર તમોને મલેઓછે. તમારો ભરથાર શાપુરજી દર મહીને સો રૂપીઆ પેદા કરેછે અને તેની સાધારણ ચાલચલણ વીશે લોકોનો સારો વીચારછે. તેનામાં રૂંઈબી બદફેલી અથવા કસંગત નથી અને તેનો સભાવ ઠંડો તથા હસમુખો છે."

**માણેકબાઈ**—"ખરી વાત મારા ભરથારની સાધારણ ચાલચલગત ઘણી સારીછે અને તે મને પસંદ પડેછે. પણ તેની એક ચાલથી મને જે દુખ ઊપજેછે તે દુખ મને વારે વારે ઈઆદ આવેછે અને તેથી મારા જીવને કરાર પડતો નથી."

**ભીખાઈજી**—"તમારૂ આ બોલવું સાંભલી મને ઘણી અચરતી તમજ દલગીરી ઊપજેછે. હું કદી એવું ધારતી ન હતી કે શાપુરજી જેવા લાએકીવાળા

ભરથારથી તમને કાંઈબી દુખ ઊપજતું હશે. પણ જારે તમે એવું કહોછો તારે હું જાણવાને ઘણી ઈંતેજારછું કે શાપુરજીની કહી ચાલથી તમોને એટલું દુખ ઊપજેછે."

**માણેકબાઈ**—(આંખમાં આંસુ લાવીને) "તમારી પાસે એટલું બોલાઈ ગઈ તેને વાસતે હું ખરેખર દલગીરછું. હું મારા ભરથારની કાંઈબી ખામી જાહેર કરવાને મુદલ ખુશી નથી. પોતાના ભરથાર વીશે કાંઈબી માઠું બોલવું અથવા તેની ખામી ઊઘાડી પાડવી એ નઠારી અને કમજાત ઓરતોનું કામછે. વાસતે માફ કરો હું તમને મારા દુખ વીશે કેહેનાર નથી."

**ભીખાઈજી**—"વાહાળાં માણેકબાઈ એક તરફથી તમારી આંખમાંથી આંસુ ખરેછે અને બીજી તરફથી તમે મને આવો જવાબ આપોછો તેથી મારા દીલમાં વધારે દુખ ઊપજેછે. હું તમને મારી બેહેન કરતાં વધારે સમજું છું અને જારે તમે મને આવો જવાબ આપોછો તારે મને વધારે માઠું લાગેછે. પોતાનું દુખ પોતાની બેહેન પણી આગળ જાહેર કરવું એમાં કાંઈ પણ રીતે અનઘટતું કીધું એમ કેહવાઓ નહીં. માણસ જારે પોતાના ખરા મીતરની આગળ પોતાનું દુખ જાહેર કરેછે તારે તેને દીલાસો મળેછે અને કોઈ વેળાએ તે દુખમાંથી છુટવાનો એલાજબી સુજેછે. વાસતે તમે જો મને તમારી ખરી બેહેનપણી ગણતા હોવતો મને તમારા દુખની વાત કેહવાની કાંઈબી અડચણ સમજતા ના."

**માણેકબાઈ**—"મારા ભરથાર શાપુરજીની જરા અણઘટતી ચાલથી મને જે દુખ ઊપજેછે તે તમને નજેવું તથા જીવ વગરનું માલુમ પડશે પણ મનેંતો તે દુખ ઘણજ મોટું લાગેછે. શાપુરજી સવારના દરરોજ સાત વાગતે ઊઠેછે. ઊઠીને નાહી ધોઈને જરા લખેછે તથા નાસતો કરેછે તેવામાં નવ વાગેછે અને પોતાની હાફીસમાં જાએછે. હાફીસ મધેથી સાંજના પાા કલાકે આવેછે કે તરત ચાહ પીઈને પોતાના "કલબ"તરફ દોડેછે. પોતાનું રાતનુ ભાણું દરરોજ કલબ મધે મંગાવેછે અને રાતનાં ૧૧ કલાકે ઘેર આવેછે. આઈતવારને દીને હાફીસમાં જવું નહી હોએ તારે સવારના નાસતો કરીને પોતાના મીતરો સાથે વાડીવંતર મોજ કરવાને જાએછે તે રાતના ૧૧ અથવા ૧૨ કલાકે આવેછે. એ પરમાણે તમે જોશો કે તેવણ ઘરમાંનો ફકત ઊંગે એટલો વાર રેહેછે અને બાકીનો ફરસદનો સઘળો વખત પોતાના મીતરો સાથે વાડીવંતરમાં તથા પવન ચકીની ગપ હાંકીસમાં કાહાડેછે. શાપુરજીની એ ચાલ મને મુદલ પસંદ પડતી નથી અને તેથી મને ઘણુ દુખ પેદા થાએછે."

**ભીખાઈજી**—"માણેકબાઈ, તમે હાથે રહીને દુખનો બોજો તમારે માથે ઊચકોછો તેથી હું ખરેખર દલગીર છું. એ તમારૂ દુખ કાંઈ ઘણુ મોટું કેહવાએ નહીં. પણ તમે તેથી ઘણાજ દુખી હોવ એવું દીસેછે. દુનીઆમાં એવાં એવાં નાહાના દુખોતો માણસજાતની પછવાડે હજારો લાગેલાંછે અને એવા એકાદાં સેહેજ દુખથી માણસ જો પોતાને દુખી સમજેતો તેના જેવો મુરખ બીજો કોઈ નહીં. તમે જે દુખની ફરીઆદ કરોછો તે દુખ તમો એકલાને નથી પણ આપણા પારસીઓના ઘણાખરા કુટંબમાં એ દુખ ભરેલો દેખાવ હાલ જોવામાં આવેછે. પારસીઓમાં પોતપોતાના સોબતીઓ સાથે વાડી વંતર જવાનું તથા મેદાન મધે ઘણો વાર બેસીને ગપાં મારવાનું કામ હાલ ઘણુ વધી પડીશંછે અને તેથી આપણા જેવી એક મારગી ઓરતોને ઘણુજ નુકસાન થએછે તે હું કબુલ કરૂં છું. પણ તેથી એક મોટું પાહાડ જેવું દુખ સમજીને પોતાના જીવને આપદામાં નાખવો એતો ખરી ગુરખાઈછે."

**માણેકબાઈ**—"પેઆરાં ભીખાઈજી તમે એ શું બોલોછો? આપણે જેની સાથે લગન કીધાં, જેઓ આપણા જનમનાં સોબતી થએઆ, આપણો હાથ પકડીને આપણને સઘલી વાતે સુખ આપવાને જેઓ કબુલ થએઆ, તેઓ આપણને ઘેરમાં એકલાં ગોંધી મુકીને બાહાર મોજ સોક કરવાને જાએતો તેથી શું આપણને દુખ ન ઊપજે? હું ખરૂં કહુંછું કે મનેતો ઘણુંજ દુખ ઊપજેછે. હું મારા ભરથારને એટલો બધો ચાહુંછું તેવું છતાં પણ મને એકલી મુકીને બાહાર મોજ સોકમાં પોતાનો વખત કાહાડે તે મને મુદલ પસંદ પડતું નથી."

**ભીખાઈજી**—"ખરી વાતછે કે જે સ્રીએ પોતાનું સઘળુ સુખ પોતાના ભરથાર ઊપર બાંધીશં છે તે સ્રીનો ભરથાર પોતાનો ફુરસદનો સઘળો વખત ઘેરની બાહાર કાહાડે તો તે સ્રીને દુખ ઊપજેઆ વગર રેહેજ નહી. તેમ કદાચ તમોનેબી થતું હશે. પ

ણુ તેનો સેહલો એલાજ એજછે કે તમોએ તમારૂં દુ ખ તમારા ભરથાર શાપુરજીની આગલ જાહેર કરવુ. તે ઠંડા સભાવનું માણસછે તે તમારી ફરીઆદ ચીત દઈને શાંભલશે. ઈંગરેજ લોકોની પેઠે આપણા લોકોમાં સ્ત્રી ભરથાર વચે ઘણો પેઆર બંધાતો નથી તેનું મુખીઅ કારણ એજછે કે ભરથાર પોતાની ફુરસદનો વખત જેટલો જોઈએ તેટલો પોતાની ઓરત સાથે વાતચીત કરવામાં તથા પરીતનો ગાંઠ વધારવામાં કાહાડતો નથી."

માણેકબાઈ—"આ મારા દુખ વીશે મારા ભરથાર શાપુરજીને કેહવાને મારી જીભ ઊપડતી નથી પણ હવે જારે હું ઘણીજ કંટાલો પામીછું તારે તેને કેહવાને ધરતું ધારૂછું. કદાચ મારા કેવાથી એમને માઠું લાગશે પણ જો હું આસતે રહીને ઠંડા સભાવથી કહીશતો મારી ઊપર ગુસે થશે નહી."

માણેકબાઈ તથા બીખાઈજી વચે આટલી વાતચીત થઈ રહા પછી બીજી કેટલીએક બાબત ઊપર વાત ચીત નીકલી. તારપછી અરધો કલાક રહીને બીખાઈજી પોતાને ઘેર ગઈ. માણેકબાઈએ એજ સાંજના પોતાના ભરથારને બે સખુન કેહવાનો ઠરાવ કીધો હતો. શાપુરજી પોતાને હમેશને વખતે સાંજના હાફીસ મધેથી આવેઓ તારે માણેકબાઈએ સોલુને ચાહ તઈઆર કરવાનો હુકમ કીધો. શાપુરજી બોલેઓ કે "દર રોજ આ વખતે ચાહ તઈઆર હોએછે અને આજે તઈઆર નથી તેથી હું ધારૂંછું કે માણેકબાઈ તમો આજે કાંઈ કામમાં રોકાએલાં હશો."

માણેકબાઈ—"વાહાલા ભરથાર હું તમને આજે અરધો કલાક વધારે ખોટી રાખવા ઈછુછું. તેથી સોલુને ચાહ તઈઆર કરવાનો હવડેજ હોકમ કીધો. મને મારા એક દુખ વીશેની તમારી આગળ ફરીઆદ કરવીછે તે જો તમે ગુસે ન થાવો અને સાંભલોતો કહું. આજદીન શુધી એ ફરીઆદ તમારી આગલ કરવાને મારી હીમત ચાલી નહીં પણ આજે તેમ કરવાની હું હીમત ચલાવુંછું વાસતે કાંઈબી રીતે મારી ઊપર ગુસે થવું નહીં."

શાપુરજી—"પેઆરાં માણેકબાઈ હું તમારી ઊપર કોઈ દીવસે વગર કારણે ગુસે થઓ નથી. તમોને જે કાંઈ કેહવું હોએ તે સુખેથી કહો. તે જો વાજબી હશે તો મને ગુસો લાગનાર નથી."

માણેકબાઈ—"વાહાલા ભરથાર હું તમારી ઊપર હેત રાખુછું પણ તેના બદલામાં તમોએ જેટલું હેત રાખવું જોઈએ તેટલું રાખતા નથી. તમો નીરાંત કરીને ઘેરમો મારી પાસે મુદલ બેસતા નથી. તેથી મને અતીશે દુખ ઊપજેછે. તમે તમારી ફુરસદનો સઘલો વખત વાડીવંતરમાં અને તમારા મીતરોમાં કાહાડોછો અને ઘેરમાં હું એકલી ગોંધાઈ રહુંછું તે વીશે તમે કાંઈ વીચાર કરતા હોવ એવું દીસતું નથી. મેં મારા સુખની સઘળી આશા તમારા ઊપર બાંધીછે અને જારે તમો મને દરરોજ ઘેરમાં એકલી ગોંધીને બાહાર ફરેઆ કરો અને નીરાંતે બેસીને મારી સાથે વાત ચીત ના કરો તારે મને કેટલું દુખ ઊપજતું હશે. વાહાલા ભરથાર હું ખરૂ કહુંછું કે દરરોજ તમે અગીઆર અગીઆર વાગા શુધી તમારા બાહારના સોબતીઓમાં વાત ચીત કરીને તમારો સઘળો વખત ગુજારોછો અને ઘેરના એક ખરા સોબતીને તમે ભુલી જાઓછો તેથી મને દરરોંજ ઘણુજ દુખ ઊપજેછે. તમારા બીજા સોબતીઓની ઓરતોનેબી તેટલુંજ દુખ ઊપજતું હશે. તમો તથા તમારા બીજા મીતરો હમો અબળા નારીઓ સાથે પરણેઆછો તારે તમારાથી બને તેટલું હમોને સુખ આપવાને, અરસ પરસ હેત વધારવાને, જુદી જુદી બાબતો ઊપર વાત ચીત કરીને હમારા અગનાન મનને જાણીતા કરવાને, તથા હમોને સારી સમજ આપવાને બંધાએલાછો તે વાત કદાચ તમો તથા તમારા મીતરો ભુલી જતા હશો. તમો નીરાંતે ઘરમાં બેસીને હમારી સાથે જુદી જુદી બાબતો ઊપર જારે વાત ચીત ના કરો તારે તેવી વાત ચીત હમારી સાથે બીજો કોણ કરનારછે. તમો નીરાતે બે ઘડી ઘરમો બેસીને તથા હમારી સાથે વાત ચીત કરીને અરસ પરસની પરાતીમાં વધારો નહીં કરો તથા હમોને સારી સમજ અને રૂડી બુધી ના આપોતો હમો તે બાબેની બીજા કોણની ઊપર આશા રાખીએ? તમો દર આઈતવારે હમોને ઘેરમાં એકળા મુકીને વાડી વંતરે જાઓછો અને બીજી તરેહ તરેહની મોજ લોગવોછો તેમાં હમો મુદળ ભાગ લઈ શકતા નથી તેથી હમોને કેટલું દરદ પેદા થતું હશે તેનો વીચાર તમોએ અને તમારા બીજા સોબતીઓએ કરવો ઘટેછે. તમે સમજુ અને વીચારવંતછો વાસતે વધારે કેહવાની જરૂર નથી. હું હાલ એટલુંજ ચાહુંછું કે તમારી ફુરસદનો જેટળો વખત

તમો ઘેરની બાહાર રોકોછો તેથી અરધો વખત ઘેરમાં રોકો.—કે જેથી મને કાંઈએક સંતોશ મળે.

શાપુરજીને માણેકબાઈનું સઘળું બોલવું વાજબી અને સમજ ભરેલું લાગીઊં. કારણ તે પોતે સમજુ અને વીચારવાલો હતો. તે બોલેઓ કે—"પેઆરાં માણેકબાઈ તમારી ફરીઆદ વાજબી અને ખરીછે. હાલ મારા જેવા તથા મારા સોબતીઓના જેવા ઘણા પારસીઓછે કે જેઓ પોતાની ફુરસદનો ઘણોખરો વખત પોતાની ઓરત સાથે ગમત તથા વાત ચીતમાં કાહાડવાને બદલે જુદા જુદા કલબોમાં અને વાડી વંતરમાં કાહાડેછે. તેથી તમારા જેવી નેક અને એક મારગી ઓરતોને ખચીત દુખ ઊપજતું હશે. જેનો મને આજ દીન શુધી કાંઈબી વીચાર આવેઓ નહી હતો. વાસ્તે પેઆરાં માણેકબાઈ હું તમોને આજદીનથી કબુલ થાઊંછું કે મારી ફુરશદનો અરધો ઈઆ તેથીબી વધારે વખત તમારી સાથે ગમત, રમુજ તથા વાત ચીતમાં કાહાડવાને ચુકીશ નહીં. મારી હરએક ગેરવાજબી અથવા અણઘટતી ચાલથી તમારા જેવી સ્ત્રીને દુખ ઊપજતું હોએ તે ચાલ સુધારવાને હું મારી પેહેલી ફરજ સમજુછું."

## હાલ ઈરાન મધે કેવી જાતનું અને કેટલું લશકરછે તે વીશે.

હમોએ ગઆં ચોપાનીઆ મધે ઈરાનના પુરાતંમ રાજની આખેરી વીશે અને તે રાજના સાસાનીઆન ટોળાના છેલા બાદશાહો વીશે થોડોએક જાણવા જોગ હેવાલ આપીને ઈરાનના હાલના પાદશાહા શાહા નસરૂદીનનું ચીત્ર પરગટ કીધું હતું. આ વખતના ચોપાનીઆ મધે ઈરાનના હાલના લશકરનો એક ચીતાર આપેઓછે. એ ચીતાર ઊપરથી ઈરાનના જુદી જુદી ધપના શીપાહીઓ, તેઓનો પોશાક, તેમની બંદુખ ઊચકવાની તથા તોપ લઈ જવાની જુદી જુદી રીત માલુમ પડશે.

ઈરાન મધે સારા અને મુજબુત પાઆ ઊપર લશકર ઊભું કરવાનું માન ફતે અલીશાહાના છોકરા આબાસ મીરજાને ઘટેછે. તે શાહાજાદાએ પોતાના લશકરને ઈઊરોપની રીત પરમાણે કવાએત આપવાને કેટલાએક ઈંગરેજી લશકરી અમલદારોને પોતાની દરબાર મધે રાખેઆ હતા. પુરાતમ વખતમાં ઈરાન મધે લશકરી શીપાહીઓની મોટી સંખીઆ શીપાહીગીરીના કામમાં જાથુક રોકાએલી રેહેતી નહી હતી; કારણ જારે હરકોઈ દેશ સાથે લડાઈ કરવી પડતી હતી અને કોઈ નામીચો સરદાર લશકરનો જુંડો લઈને બાહાર પડતો હતો કે હજારો લોકો વગર પગારે લડાઈ કરવાને તઈઆર થતા હતા. ઈરાન મુસલમાન લોકોના હાથમાં ગઆ પછી પોતાની ખુશીથી લડાઈના મેદાનમાં પડવાની ઊલટ જતી રહી તારે એ બાદશાહોએ એક જુલમ ભરેલો કાએદો કાહાડેઓ; કે જારે લડાઈ ઊઠે તારે દરએક જમીનદારે અથવા વતનદારે પોતપોતાની મીલકત પરમાણે માણસોની સંખીઆ પુરી પાડવી. આ જુલમ ભરેલો કાએદો ઈરાનના બાદશાહ શાહા આબાસ મીરજાના વખત શુધી ચાલુ રહો. સતરમી સદીની આખેરીએ સર અનટોની અને સર રાબરટ શાઅરલી નામના બે ઈંગરેજોની મદદથી એક જાથુકતું લશકર ઊભું થીઊં. તારપછી ૧૮૦૬ ના વરસમાં ફરેંચ લોકોની રીત પરમાણે લશકરી કવાએત આપવામાં આવી હતી પણ ઈંગરેજોએ જોએઊં કે શાહાની દરબારમાં ફરેંચ લોકોનો વગ વધેછે તે ઠીક નહીં. તેથી બે નામીચા અમલદારો એ દરબાર ખાતે આવી પોહોચેઆ અને તેઓએ પોતાના પઈસા તથા અકલ ખરચીને લશકર ઊભું કીધું. તે લશકરની સરદારી આબાસ મીરજાએ લીધી. અને લશકરી કવાએત તથા પોશાકમાં શુધારો જલદીથી થઓ. એ લશકરની મદદથી ઘણી વેળા રૂશીઆનો ઊપર આબાસ મીરજાએ ફતે મેળવી હતી.

૧૮૨૨ ના વરસમાં જારે તુરકી અને ઈરાન વચે લડાઈ ઊભી થઈ તારે કેટલાએક ઈંગરેજી અમલદારો ઈરાની લશકરમાંથી નીકળી ગઆં. કારણ તુરકી દેશ-જે ઈંગલંડ સાથે મીત્રાચારીમાં હતું તેની સામે લડાઈ કરવાને તેઓએ વાજબી વીચારીઊં નહીં. તોપણ ઈંગરેજી અમલદારોના હાથ નીચે ઈરાની લશકરને જે કવાઅત મલી હતી તેથી તુરકીની ઊપર એ લશકરે પુરી ફતે મેળવી. આબાસ મીરજા ૧૮૩૩ માં મરણ પામેઓ તાર પછી ઈરાની લશકર ઘણી સારી હાલતમાં રહી શકીઊં નથી. ૧૮૩૭ માં ઈરાનના આગલા શાહે હીરાત શેહેર ઊપર ઘેરો નાખેઓ તારે ૨૫ હજારથી વધારે લશકર એકઠું થઈ સ



ઈરાની લશકર.

કીધીં નહી હતું. હાલ ઈરાન મધે ૬૦ હજાર માણસ થી વધારે લશકર ગણાતુ નથી અને લશકરનો સઘળો ભાગ ઈરોપીઅન કવાએતથી વાકેફ નથી.

## નીરો નામનો એક શેહનશાહ—તેની નામીચી અને ઘાતકી રમુજ.

નીરો નામનો રૂમ શેહરનો એક નામીચો અને ઘાતકી શેહનશાહ ૧૮૦૦ વરસની વાત ઊપર થઈ ગઓછે. રમુજ અને ખુસી મેળવવાને તે જે ઊપાએ કામે લગાડતો હતો તે એવાનો ઘાતકી અને દુશટ હતા કે કોઈબી દઆવાળા માણસને કમકમાટ ઊપજેઆ વગર રેહેજ નહીં. તે રૂમ શેહરના તખત ઊપર બેઠો તારે તે માઆળુ સભાવનો હોએ એવું તેણે ડોળ ઘાલીદીં હતું. જારે કોઈબી માણસને ફાંશીની અથવા ગરદન મારવાની શીકસા કરવા વાસતે શીકસા પતર ઊપર પોતાના સહી કરવી પડતી હતી તારે તે કંટાળો ખાઈને બોલતો હતો કે "અરે હું લખવા શીખેઓ નહીં હતેનો કેવું સારૂ થતે." પણ આ તેની ઠગાઈ ઘણીવાર લગી છુપી રહી શકી નહીં. તેનો અસળ ઘાતકી અને કરૂર સભાવ ઘણીવાર સુધી દબાએલો રહી શકેઓ નહીં. જે માતાને પેટે તેણે જનમ લીધો હતો તે માતાને એકદમ જીવથી મારી નાખવાનો હુકમ કીધો. દરબાર મધે જે લોકો તેની મરજીની વીરૂધ બોલતા હતા તો તેઓને એકદમ જીવથી મારી નખાવતો હતો. કોઈબી માણસની તાકાદ નહીં કે શેહનશાહની મરજીની સાંમે એક હરફબી બોલી શકે. જો બોલેઓ તો ચોવીસ કલાકથી વધારે જીવવાની તે કવચીત આશા રાખી શકે નહીં. તેના ઘાતકી અને નીરદએ કામની ગણતરી થવી મુશકેલછે. તેણે પોતાની "આકટેવીઆ" નામની ઓરતને તથા પોતાની દરબારના સેનીકા અને લુકન જેવા નામીચા ગરંથકારોને એકદમ કતલ કરાવી નાખેઆ. તે શીવાએ સેંકડો માણસોના જીવ તેવીજ રીતે લીધા.

પણ તેનું ઘાતકીપણુ હાંઈજ અટકીદીં નહીં. તેણે એક પુસતકમાં "ટરોઈ" નામના શેહરને બાળી નાખવા વીશે વાંચીદીં હતું. પણ આખા શેહરનો બળવાનો દેખાવ કેવો હશે તથા લોકોની લાખો રૂપીઆની માલ મીલકત કેમ બળી જતી હશે; બચાંઓ અને લુલા લંગડા, આંધળા તથા જઈફ માણસો આગની અંદર કેમ બળી મરતા હશે, લોકો કેવી રીતે બુમ બરાડા અને ચીચીઆરી પાડતા હશે અને જુદા જુદા ઘેરોમાંથી મરવાનો કેવો કમકમાટ ભરેલો અવાજ નીકલતો હશે એ સઘળાનો દેખાવ પોતાની નજરે જોવાને વાસતે આખા રોમ શેહરને સલગાવી મુકવાનો હુકમ કીધો !! કોણની તાકાત કે એ હુકમને તાબે નહીં થાએ? જુદા જુદા ભાગોમા આગ લગાડવામાં આવી. અને આખા શેહરમાં એ આગ ફરી વળી. નવ દીવસ સુધી આખુ રૂમ શેહર મોટી આગથી સલગી રહેદીં. સઘળી તરફ ખરાબી થએલી માલુમ પડી. જે માતાઓના બચાં આગમાં સલગી ગઆ તેઓના ચીચીઆરી ભરેલા પોકારો અને આગમાં બળી મરનારાઓના કમકમાટ ભરેલા અવાજો; મોટી મોટી ઈમારતો તથા મેહેલો બળીને જમીન ઊપર તુટી પડતા હતા તે સઘળાના અવાજો ચારે તરફ નીકળતા હતા. નીરો એક ઊંચા મીનારા ઊપર જઈને ઊભો રહો. આ ભએંકાર દેખાવથી તેને ઘણીજ ગમત અને ખુશી ઊપજી. જારે ચારે તરફ આવી ખરાબી થતી હતી તારે તે પોતાના હાથમાં સારંગી લઈને ગાનુ ગાતો હતો.

આગ હોલવાઈ ગઆ પછી નીરોએ પોતાના ખરચે મોહોલાઓ તથા ઘેરો તથા મેહેલો બાંધવાનું શીરૂ કીધું. તેણે પોતાને વાસતે એક મેહેલ બનાવેઓ અને તેને "સોનાનો મેહેલ" એવું નામ આપીદીં. પણ લોકો તેના ઘાતકીપણાથી અતીશે કંટાલી ગઆ, અને તેઓએ ગાલબા નામના શખસને પોતાનો શેહનશાહ ઠેરવેઓ. તે શેહનશાહએ હુકમ કીધો કે નીરોને રૂમ શેહરની ગળીએ ગળીએ અને ચકળે ચકળે નાગો ફેરવવો અને મરતતોળ થાએ તાંહાંસુધી ચાબકે ચાબકે મારવો અને તારપછી એક મોટા ટેકડા ઊપરથી ગગરાવીને મારી નાખવો. પણ નીરોએ આપઘાત કરીને પોતાના જીવની આખેરી ૩૨ વરસની ઊમરે આણી: આ ઘાટકી અને હેવાંન ખસલતના શખસે રૂમ શેહર મધે ૧૩ વરસ અને ૮ મહીના રાજ કીધું.


## ઈંગલંડ મધે કોલસાની ખાણો.

ઈંગલંડ દેશની મોટી દોલત કોલસો તથા લોહાડું ગણાએછે. કારણ એ બે ચીજ ઈંગલંડ દેશ

ની જમીનમાંથી જેટલી જોઈએ તેટલી નીકળેછે. એ બેહુ ચીજોથી ઈંગલંડ દેશના સાંચાના મોટા મોટા કારખાના ચાલેછે અને સાંચાના કારખાના ધોમ ધોકાર ચાલેઆથી ઈંગલંડ દેશની દોલત દીનપર દીન વધેછે. કોલસો તથા લોહોડું જેટલું જોઈએ તેટલું ઈંગલંડની જમીનમાંથી નીકલતું નહીં હોએ તો ઈંગલંડ દેશના માલનો ખપ હાલ દુનીઆના સઘળા દેશોમાં જેટલો ચાલેછે તેટલો કદી ચાલે નહીં. વાસતે કોલસો તથા લોહોડું જે ઈંગલંડ દેશની દોલત કેહેવાએછે એ વાત ખોટી નથી.

ઈંગલંડ મધે " વહીટ હેવન " નામના પરગણા મધે જેવી કોલસાની ખાણોછે તેવી દુનીઆના કોઈબી ભાગમાં હજુર માલુમ પડી નથી. કેટલીએક ખાણો એવી મોટીછે કે એવી દરએક ખાણની ઊપર સો વરસની મુદતમાં તેના માલેકોને એક કરોડથી વધારે રૂપીઆ ખરચ લાગી ચુકેઆછે. એ ખાણો ૭૦૦ થી ૮૦૦ ફુટ ઊંડી જમીનમાં ખોદલી હોએછે. અને અંદરથી ખોદીને એટલીતો દુર લઈ જવામાં આવેછે કે તેની ઊપર મોટી મોટી નદીઓ જેમાં હજારો ખાંડીના બારકસો તરે તે નદીઓ ઊપરથી વેહેછે. ઈંગલંડ મધે દર વરસે નજદીક ૨૫ કરોડ ટન કોલસો ખપેછે તે સઘળો એ અને ઈંગલંડ મધેના બીજા પરગણાઓની ખાણો મધેથી નીકળેછે. દર શાલ ઈંગલંડ મધે કોલસાનો આટલો બધો ખપ છે તેથી કદાચ કોઈ એવી ધાસતી ખાતું હશે કે ઈંગલંડ મધેનો સઘળો કોલસો થોડા વરસમાં ખપી જશે. એવી ધાસતી ઈંગલંડના લોકોએબી થોડા વરસ ઊપર ખાધી હતી. પણ હાલ એવું માલુમ પડીશેછે કે ઈંગલંડની જમીનમાં એટલો કોલસો ભરેલોછે કે ઈંગલંડ પોતે ૨૫ કરોડ ટન દર વરસે વાપરે અને આખી દુનીઆને જેટલો જોઈએ તેટલો કોલસો પુરો પાડે તોપણ બીજા ૧૦૦૦ (હજાર) વરસ લગી ઈંગલંડને પોતાની કોળસાની ખાણ ખુટીજવાની ધાસતી રાખવાની કાંઈબીજરૂર નથી!!

ઈંગલંડ મધે કોળસાની મોટી મોટી ખાણો ઘણીજ જોવા લાએકછે. જે માણસો એ ખાણો જોવાને જાએછે તેઓ પરથમ પોતાના કપડાં ઊપર એક ઝભો ઢાંકેછે કે જેથી તેઓના કપડાં બગડે નહીં. તાર પછી તેઓને એ ખાણના મોહોડાની આગળ બાફનો એક સાંચો દેખાડવામાં આવેછે કે જેથી ખાણ મધેનું સઘળું પાણી નીકલેઆ કરેછે. એ ખાણના મોહડા આગળ જેવો દેખાવ હોએછે તે દેખાવનું એક ચીત્ર હગો અતરે આપીએછે. આગના સાંચાની પાસે ખા



ણની અંદર તાજી હવા દાખલ કરવાને બીજો સાંચો મુકેલો હોએછે. જોવા જનારાઓને તારપછી એક પાટીશ જે દોરડાં સાથે હુંક જડી લઈને બાંધેલું હોએછે તેમાં બેસાડેછે અને ચાર ઈઆ છ ઘોડાઓની મદદથી તે નીચે ઊતારવામાં આવેછે. નીચે ગયા પછી રેહેવાના ઘેરની મીસાળે મોટા મોટા ઓરડાઓ માલુમ પડેછે. ઓરડાની ઊપરનો ભાગ ધસી પડે નહીં તેટલા વાસતે ચાર ચાર ઈઆરડને આંતરે કોલસાનાં મોટા અને જાડા થામલા મુકેલા માલુમ પડેછે. તે થાંમલા જાડાઈમાં ૩૦ ફુટ અને ઊંચાઈમાં ૬૦ ફુટ હોએછે. આ ઠેકાણે સેંકડો ઘોડાઓ કોળસાની ખાણોમાં ખેચવાને કામે લાગેલા દીઠામાં આવેછે. તે ઘોડાઓ રાત અને દાહાડો તાંહાજ રહેછે અને પુરી સુખાકારી ભોગવતા હોએ એમ માલુમ પડેછે. જે સાંચાથી કોળસાને જમીનની સપાટી ઊપર લાવવામાં આવેછે તે સાંચો જોરાવર ઘોડાઓથી ચાળેછે. કોલસો મજબુત ટોપળીમાં ભરીને ઊપર ચહડાવવામાં આવેછે. દરએક ટોપલામાં ૪૮ મણ કોએલો ભરેછે. એક ટોપલો ઊતરેછે તારે બીજો ટોપલો ચહડેછે. ઊપર ચહડેઆ પછી ટોપળો ગાડીની માંહે ખાલી કરેછે. ગાડું જારે ભરાએછે તારે બે ઘોડા ખેંચીને કોળસાની વખાર આગળ ખાલી કરી આવેછે. અને તેટલાંમાં બીજું ગાડું તઈઆર થઈને ઊભું રેહેછે.

## સારી અને સમજુ માતાઓ સારા અને સમજુ બાલકો પેદા કરેછે.

—o—

નેપોલીઅન બોનાપારટને જારે એક શખસે પુછીઊં કે ફરાંસને સુધારવાને વાસતે તથા તેને ચહડતી કળાએ પોહચાડવાને વાસતે શું ઊપાએ કામે લગાડવા જોઈએ ! તારે તેને જવાબ આપેઓ કે માતાઓ સારી અને સમજુ થાએ તેમ કરો. નેપોલીઅનને પોતાને જેવો અનુભવ મલેઓ હતો તેવોજ તેણે જવાબ આપેઓ. નેપોલીઅનની મા મદમ લેટીશીઆ કાંઈ થોડી સમજુ, થોડી ડાહી અને થોડી હીમતવાળી નહીં હતી. તેણીનો ચેહેરો જેવો ખુબસુરત હતો તેવુંજ તેણીનું મગજ ચલકતું હતું. તેણીએ પોતાના ભરથારની સાથે વેરાણ જંગલોમાં અને પાહાડી મુલકોમાં રખડવું પડીઊં હતું. એક રાતના તેના દુસમેનોએ તેની ઊપર અણચીતો હુમલો કીધો હતો તે વેળાએ તેનો ધણીતો મરણ પામેલો હતો પણ પોતે પોતાના આઠ બચાંને લઈને અંધારી રાતના વેરાન જંગલમાં નાઠી. આખી રાત જંગલમાં પોતાના નાહના બાલકોને સાથે લઈને ભટકી અને સવારના દરીઆ કીનારાના એક ટેકરા ઊપર આવી લાગી. તાંહાંથી તેણીએ પોતાનું ઘેર સલગતું દીઠું. તે દેખાવથી તે મુદલબી ના હીમત નહીં થઈ પણ પોતાના બચાંઓને કહું કે "કાંઈ ફીકર નહીં આપણે ત ફરીથી વધારે સારૂં બાંધીશું." એક લખનાર કેહેછે કે "એવી માતાનો છોકરો મોટો પરાકરમી જાગે તો તેમાં નવાઈ શાની." નેપોલીઅનની મા વારેઘડીએ બોલેઆ કરતી હતી કે "હરએક બચાંની સારી નરસી ચાલ તદન તેની માની ઊપર આધાર રાખેછે."

જરમન દેશનો કાંનટ નામનો નામીચો ફીલસુફ હમેશ કેહેતો હતો કે મારામાં જેટલું વીદીઆનું તથા નીતી શાસતરનું બળ તથા ગનાનછે તેને વાસતે હું મારી માતાનો ઊપકારી થઓછું. વરસવરથ નામનો મોટો વીદવાંન થઈ ગઓછે તેની માબી ઘણીજ ગનાની તથા સમજુ હતી. કાંપબેલ નામના નામીચા કવીની માતાબી ઘણીજ સમજુ અને નીતીવાંન કેહેવાતી હતી. બીશપ વાટસન નામનો નામીચો ધરમનો બોધ કરનારો પાદરી વારે ઘડીએ કેહેતો હતો કે ધરમ સંબંધી મજબુત વીચારો બચપણથી તેની માતાએ તેના મનમાં પરવેસ કીધા હતા. સારી અને સમજુ માતાઓને પેટે જનમેલા એવા સેંકડો નામીચા પુરૂશોના નામ શોધવાને ઘણું મુશકેલ પડનાર નથી. દુનીઆ મધે હજારો છોકરાંઓ જેઓ ચોરી અને લુચાઈનો ધંધો કરેછે અને મોહલે મોહલે ભટકતા ફરેછે તેઓ મધેથી સેંકડે પાંચ છોકરાંઓબી પોતાની માને વીશે સારૂ બોલતાં નથી. તવારીખના અને ચરીતરના સઘળા પુસતકો અને માણસ જાતનો અનુભવ ગવાહી આપેછે કે નઠારી માતાઓને પેટે ઘણુ કરીને નઠારાજ છોકરાં પેદા થાએછે અને સારી તથા સમજુ માતાઓને પેટે સારા અને સમજુ છોકરાં જનમે છે. વાંચનારી બાઈઓ; તમે પોતે સમજુ ગનાની અને નીતીવાંન થાઓ અને તમારા બચાંબી સમજુ, ગનાની અને નીતીવાંન થશે.

---

## નવી દુનીઆની સોધ—કરીસતફર કોલમબસ.




આપણી પરથવીના બે મોટા ભાગ એક જુની દુનીઆ અને બીજી નવી દુનીઆ એવે નામે ઓલખાએછે. આપણે સઘળા જુની દુનીઆ મધે રહીએછે. જુની દુનીઆ મધે એશીઆ, ઈઊરોપ અ

ને આફરીકા એવા તરણ મોટા ખંડોછે. " નવી દુનીઆ " એ નામ એ ઊપરથી પડીઊં કે એ તરણ ખંડ વાલાઓને ઈસવી સન ૧૪૯૨ સુધી ખબર નહીં હતી કે જમીનનો એક મોટો ખંડ એક મોટો સમુદર છોડીને દુનીઆના બીજા ભાગ તરફ પડેલોછે. એ મોટો ખંડ જારે માલુમ પડેઓ તારે આ તરફના લોકોએ તેને નવી દુનીઆનું નામ આપીઊં. એ નામ કાંઈ ખોટું નથી. એ ખંડ ખરેખર એક દુનીઆ જેટલો મોટો માલુમ પડેઓ. એ મોટો ખંડ શોધી કાહાડવાનું માન કરીસતફર કોલમબસ જેનો ચીતાર આ બીનાની સાથે આપેઓછે તેને લાગુ પડેછે. એ મોટા ખંડની શોધ કેવી રીતે થઈ અને તે શોધ કરવાનું શા ઊપરથી સુજ પડીઊં એ તમે જાંણવાની ખાએસ રાખતા હશો.

આજ આડી તરણસો (૩૫૦) વરસની વાત ઊપર ઈઊરોપખંડના લોકોને હીંદુસથાન તરફ સમુદરને રસતે આવવાનો મારગ ખબર નહીં હતો. એ વખતે હીંદુસથાનનો વેપાર ઘણોજ ધુમધોકાંર ચાલતો હતો અને અતરેથી કેટલુંએક કાપડ વનાઈને તથા બીજો માલ તઈઆર થઈને જમીનને રસતે ઈઊરોપ તરફ જતો હતો. જમીનને રસતે એ સઘળો માલ જવાથી ખરચ ઘણોજ લાગતો હતો અને હરએક ચીજની કીમત હીંદુસથાન કરતાં ચાર ગણી વધારે તાંહાંના લોકોને આપવી પડતી હતી. ઈઊરોપ હીંદુસથાનથી ઘણુજ દુર પડેઊં તેથી જમીનને રસતે માલ મંગાવવાનો કડાકુટ ભરેલો ધંધો ઈઊરોપના ઘણાજ થોડા લોકો કરતા હતા. પણ જેઓ એ વેપાર કરતા હતા તેઓ થોડી મુદતમાં ઘણાજ તવંગર અને પઈસાવાળા થતા હતા. એવો જારે મામલો તાંહાંના લોકોના જોવામાં આવેઓ તારે હીંદુસથાનનો મારગ સમુદરને રસતે શોધી કાહાડવા પછવાડે મોટા મોટા લોકોનું તથા રાજદરબારીઓનું ધેઆન લાગીઊં. ઘણાં લોકો એ સમુદરનો મારગ શોધવાને બાહેર પડેઆ પણ તેઓ બીચારા નીશફલ થએઆ હતા. કોલમબસ જે જીનોઆનો રેહવાસી હતો અને એક સાધારણ ખલાસીથી કપતાનની પદવીએ ચહડેઓ હતો અને જેને ભુગોળ વીદેઆનું તથા ગણીત શાસતરનું ઘણું ગનાન હતું તેણે એ મારગ શોધી કાહાડવાનું પોતાના મન ઊપર લીધું. તેનામાં ભુગોળ વીદેઆનું જેટલું ગનાન હતું તે શઘલું કામે લગાડીઊં: દુનીઆનો આકાર ગોળછે તે ઊપરથી તેણે એવી કળપના કીધી કે હીંદુસથાન તથા ઊગમણુ તરફના બીજા દેશો તરફ જવાને જો પશચમ તરફ સીધાંને સીધાં વાહાણ હંકારસે તો હીંદુસથાનનો મારગ સમુદરને રસતે મળેઆ વગર રેહેશે નહીં. આ ઊપર તેણે જેમ જેમ વધારે વીચાર કીધો તેમ તેમ તેની ખાતરજમે થતી ગઈ કે એ વીચાર ભુલ ભરેલો નથી.

પણ આ મોટું અને માહાભારત કામ કોઈ પણ બાદશાહની મદદ વગર માથે લેવાએ નહીં. તેથી તેણે ઈઊરોપના હરકોઈ રાજાની મદદ મેળવવાનો ઠરાવ કીધો. એ ઠરાવ મુજબ તેણે એક રાજા પાસેથી બીજા રાજા પાસે કેટલાંએક વરસો લગી ધકેલા ખાધા. પણ કોઈએ તે વાત પોતાના મન ઊપર લીધી નહીં. એક બે રાજાઓએ જરા મન ઊપર લીધી પણ કોલમબસની ગોઠવણી વાજબીછે કે નહીં તે તપાસવાનું કામ તેઓએ પોતાની દરબારના વીદવાનોને સોપીઊં. પણ તેઓએ તકરારમાં મહીનાને મહીના તથા વરસ અને વરસ કાહાડી નાખેઆ પણ તેનું કાંઈબી સેવટ આવીઊં નહીં. કેટલાએક શીલસુફીએ અદેખાઈને લીધે અને કેટલાએકોએ અગનાનપણાને લીધે કોલમબસની ગોઠવણ પસંદ કીધી નહીં. આખેર મોટી અને નહીં ખમાએ એટલી નાઉમેદી ભોગવીને પોતાના મન ઊપર લીધેલું કામ છોડી દેવા જતો હતો તેવામાં કેટલીએક લાગવગથી ઈસપન દેશની દરબારે ફરીથી એ બાબત મન ઊપર લીધી અને તરણ વાહાણ તથા જરૂરનો સઘળો સામન તઈઆર કીધો. પણ કોલમબસની સાથે જવાને ખલાસી જોઈએ તે મલવાને ઘણુંજ મુશકેલ પડીઊં. કારણ મોટા અને અંણજાણ્યા સમુદરમાં જમીનની ખાતરી વગર જઈને પોતાનો જીવ જોખમમાં નાખવાને કોઈએ વાજબી વીચારીઊં નહીં. આખેર ઈસપેનની સરકારે જોર જુલમથી કેટલાએક ખલાસીઓને તઈઆર કીધા અને કોલમબસને ૧૪૯૨ ના આગસટ મહીનાની ૩ જી તારીખે રવાને કીધો. એ વેળાએ કોલમબસને જે ખુસી ઊપજી તેનું વરણન કોઈબી કલમ કરીશકનાર નથી. આ વેળાએ કોલમબસની ઊમર ૫૬ વરસની હતી.

તરણે વાહાણો બર દરીઆમાં આવી પોહોચેઆ. ઘણી જહડપથી દરરોજ આગળ વધેઆં જાએ પણ આસમાન અને પાણી સીવાએ કાંઈબી ચીજ તેઓ

ની નજરે પડે નહીં. ખલાસીઓ કોલમબસને મનમાં ગાળો દેવા લાગા અને પછી જેમ દીવસ ગુજરતા ગએઆ તેમ તેઓ વધારે ચડભડવા લાગા. કોલમબસે ઘણીબી ધીરજ આપી પણ તેઓ સઘળાઓએ કહ્યું કે "તું વાહાણ પાછાં ફેરવ; નહીંતો હમો તને દરીઆમાં નાખી દેશું." કોલમબસે કાળાવાળા કીધા અને "એક દીવસ, બે દીવસ વધારે" એમ કહી કહીને ધીરજ આપી. કોલમબસના સારા ભાએગે અકટોબરની ૧૧ મી તારીખે તેઓને જમીન આવી પોહોચવાની કાંઈએક ઊમેદ આવી. તેઓએ એક લાકડા તથા નેતરનો કટકો પાણી મધે તરતો દીઠો. એક વાહાણના ખલાસીઓએ એક ઝાડની તાજી ડાંખલી તરતાં દીઠી. તેથી સઘળાઓને ધીરજ આવી. તે દીને રાતના કોલમબસે દુરથી એક દીવો બલતો દીઠો અને પોતાના સોબતીને જોવાને બોલાવેછે તેટલામાં તે ગુમ થઈ ગએઓ. તેજ રાતના બે કલાકે જમીન ઊપરનો દીવો નજરે પડેઓ અને સઘળાઓ આણંદ તથા ખુશીના મોટા પોકારો મારવા લાગેઆ. સવાર પડીઊં અને તેઓ મોટી ધામધુમથી વાવટાના ઝુંડા ઊડાડતા વાહાણમાંથી જમીન ઊપર ઊતરેઆ. તેમને તથા વાહાણોને જોવાને હજારો લોકો એકઠાં થએઆ હતાં. તે લોકો જંગળી હતાં અને વાહાણ કદી સપનામા જોએઆં નહીં હતાં. તેઓએ વીચારીઊં કે રાખસસી કદના મોટા જાનવરો ઊપર અસવારી કરીને આસમાન મધેથી ફરેસતાઓ આવેઆછે. તેઓ સઘળા તદન નાગા હતા. કોલમબસે ધારીઊં કે હીંદુસથાનની પાસેના કોઈ જંગળી મુલકમાં હું આવી પોહોતોછું. પણ તેતો એક મોટો ખંડ નીકળેઓ.

કોલમબસ કેટલાએક ભાગ તરફ ફરેઓ. તાંહાંથી નવાઈની ઘણી ઘણી ચીજો તથા નવા નવા પખસી તથા જાનવરો એકઠાં કીધાં. તાંહાં સોનાની મોટી ખાણો માલુમ પડી. તાંહાંના જંગળી લોકો સુનાની કીમત પીછાનતા નહીં હતા. થોડાએક મહીના પછી કોલમબસે ઈસપેન તરફ આવવાને વાહાણો હંકારેઆં. પણ જતી વેળાએ દરીઆમાં તુફાન બહુ લાગેઊં. તરણે વાહાણો એકબીજાથી જુદા પડી ગએઆં. કોલમબસને એટલું તુંફાન લાગીઊં કે તેણે સહી સલામત જવાની આશા છોડી દીધી. તેણે પોતાની શોધનો એક કાગળ લખીને એક ખાલી બાટલીમાં ઘાલેઓ અને તે બાટલીને સીલ કરીને દરીઆમાં ફેંકી. એવી મતલબથી કે એ બાટલી ઘસડાતી ઘસડાતી ઈઊરોપ તરફ જો પોહોચેતો તેની શોધ વીશેની તાંહાંના લોકોને ખબર પડે. પેલા બે વાહાણો મોટી મુશકેલીથી સલામત જઈ પોહોચેઆ. તેઓએ વીચારીઊં જે કોલમબસનું વાહાણ ડુબી ગઊં હશે, તેથી કોલમબસ વીશે ખોટી અફવા ફેલાવીને તેની કીરતી લઈ લેવાની તેઓએ તજવીજ કીધી. પણ પરમેશવરની મેહરબાનીથી કોલમબસનું વાહાણ સલામત રહીઊં અને તે ઈસપેન ખાતે આવી પોહોચેઓ. ઈસપેન દેશના રાજા રાણી અને હજારો લોકો તેને લેવાને તથા માન આપવાને કીનારા ઊપર ગએઆં. સરવેના મોહોડામાંથી કોલમબસ કોલમબસ અવાજ નીકલવા માંડેઓ, અને સરવે લોકો કોલમબસની સામુ અચરતીથી જોવા લાગેઆ. મોટા મોટા ઊમરાવો કોલમબસની સાથે ચાલવાને માન ભરેલુ સમજવા લાગા. કોલમબસે પોતાની સફરનું સઘળું વરણન કીધું. ભાશણ કરતાં સેવટે તેણે જણાવીઊં કે "ઈસપેન દેશના રાજાઓને વાસતે સરવ શકતીમાન ઈશવરે નવી દુનીઆની દોલત અને તેની શોધ કરાવવાની કીરતી રાખી મુકી હતી."

તારપછી કોલમબસ તેર વરસ લગી જીવેઓ તેમાં તેણે બીજી તરણ સફર અમેરીકા તરફ કીધી. આ તેને ઘણુજ મોટુ અને જાવેદાન સુધી ઈઆદ રેહે તેવું નામ મલેઊં તેથી કેટલાએક લોકોને ઘણોજ બલાપો થએઓ અને તેઓએ હરએક રીતે કોલમબસને પાએમાલ કરવાને વાસતે ઈસપેનના રાજાની પાસે ઈઊકતી ચલાવી. એ રાજા એટલો હઈઆં કુરો હતો કે તેઓ તે ઈઊકતીમાં ઘણે દરજે ફાવેઆ. તેની તીજી સફરમાં તેને વીશે એટલીતો બુમ ઈસપેન દેસ મધે ફેલાઈ કે તેના હાથમાં બેડી નાખીને અમેરીકાથી તરત બોલાવી મંગાવેઓ. પણ જે માણસે મોટી અને માહાભારત શોધ કીધી તેને આવી રીતે મળેળુ અપમાન ઘણાખરા લોકોથી જોવાઈ શકાયેઊં નહીં. તેને તરત છુટો કરવામાં આવેઓ. ફરીથી માન તથા આબરૂ આપીને ચોથી અને છેલી વખત તેને પાછો અમેરીકા તરફ મોકલેઓ. તાંહાં તે થોડી મુદત રહીને ઈસપેન તરફ આવેઓ અને ઈસપેન દેશની રાણી "ઈસાબેલા" જે તેની કાંઈબી કદર જાણતી હતી તેના મરણની ખબર તેને પડી. એ મરણથી કોલમબસનું દી

લ તદન ટુટી ગઈ. રાજાતો અદેખો અને બેકદર હતો. જે પુરૂશે તેના રાજને એટલી બધી કીરતી મેળવી આપી તે પુરૂશથી તે હવે છેકજ કંટાળી ગએઓ હતો. કોલમબસ ઘણીજ ગરીબ હાલતમાં આવી પડેઓ. એવી ગરીબી હાલતમાં કે રેહેવાને ઘેરબી મળે નહીં. ધરમ શાળામાં બાકીના પોતાના દીવસ પુરા કરીને ટુટેલે દીલે ૧૫૦૬ નાં વરસમાં ૭૦ વરસની ઊમરે મરણ પામેઓ. તેનાં મરણ પછી રાજાએ મીનારો કોતરાવીને તે ઊપર લખીઊં કે "કાસદીળ અને લીઓનને વાસતે કોલમબસે નવી દુનીઆ શોધી કાહાડી."

કોલમબસ મુવો તાંહાં શુધીતો એમજ સમજતો હતો કે તેણે જે જમીન શોધી કાહાડી તે એશીઆ અથવા હીંદુસથાનનો ભાગ હશે. પણ તેના મરણ પછી ૧૦ વરસે "અમેરીગો" નામના શખસના જાણવામાં આવીઊં કે એતો એક નવોજ અને મોટો ખંડછે. એ ઊપરથી તે ખંડનું નામ અમેરીકા પડીઊં. બરાબર જોઈએતો એ ખંડને કોલમબસના નામથી ઓલખવો જોઈતો હતો.

---

## ઊગમણ દેશોના કેટલાએક રાજાઓનો પોતાંની ગરીબ રઈઅત ઊપર પેઆર.

—o—

તુરકસથાનનો મોટો હાકેમ દરરોજ સવારના ઊઠીને પોતાની બેગમના મેહેલમાંથી બંદગી કરવાને જતો હતો તારે પોતાને હાથો હાથ પોતાની ગરીબ રઈઅતની અરજીઓ લેતો હતો. ૧૬૯૫ ના વરસમાં તેનો મસતાફર નામનો વડો પરધાન પાદશાહ તથા એક ગરીબ અરજ કરનાર મોચીની વચમાં ઊભો રહો તેથી તેને મોટી શીકસા કરવામો આવી હતી.

ઈરાનનો એક શાહા પોતાની ગરીબ રઈઅતની ફરીઆદ સાંભલવાને અઠવાડીઆમાં તરણ દીવસ શુધી પોતાના તખત ઊપર બેસતો હતો અને હર કોઈ ચોપદાર અથવા પરધાન જો અરજદારને બાદશાહાની હજુરમાં દાખલ થવાને અટકાવેતો તેને મોટી શીકસા કરવામાં આવતી હતી. તેવા ગુનેહગારને ગધેડાની ઊપર પીળા ચામડાનું જીન નાખીને બેસાડવામાં તથા ચકળે ચકળે ફેરવવામાં આવતો હતો.

આફરીકાના આલજીઅરસ દેશનો મુખીઆ હંમેશ દર રોજ સવારના પોતાની રઈઅતની દાદ ફરીઆદ સાંભલવાને બેસેછે. ઈસવી સન ૧૪૭૮ માં માહમદ માહાદી નામના સુલતાને પોતાની બેગમની આંખ કાહડી નખાવી કારણ તેણીએ એક અરજદારને અરજી આપતા અટકાવ કીધો હતો.

ચીનના સેહનશાહનો એવો હુંકમછે કે કોઈબી ગરીબ રઈઅતને સેહનશાહની પાસે ફરીઆદ લઈ જતાં અટકાવ કરવો નહીં. ૧૬૮૫ ના વરસમાં તેહંસાગ નામના સેહનશાહે પોતાના "ચઊલા" અથવા માનીતા ખીજમતગારના કાન કાપી નાખેઆ; કારણ તેણે એક રેશમી વણકરને ખોટું સમજાવીઊં કે સેહનશાહને પોતાની રઈઅતની ફરીઆદ સાંભલવાને મુદલ અવકાસ ઈઆને ફુરસદ નથી.


આફરીકા મધે ગાલા નામના સઊથી જંગળી મુલકમાં દર પાંચમે દાહાડે રાજા પોતાની ગરીબ રઈઅતની ફરીઆદ સાંભળવાને ગાએના તાજા ચામડાની ઊપર બેસેછે. વાસીળી આસલરો નામના મુખઆ પરધાને એક ગોલામને અરજી આપતાં અટકાવેઓ તે વાત રાજાને માલુમ પડેઆથી તે વજીરને જીવથી મરાવી નખાવેઓ હતો.

---

## ચીન મધે બંધીવાનોને શીકસા કરવાની એક સાધારણ રીત.

—o—

ચીન મધે બંધીવાનોને શીકસા કરવા વાસતે એક નવાઈ જેવી રીત કામે લગાડવામાં આવેછે. પણ એ રીત ચીન મધે ઘણી સાધારણછે. બંધીવાનની ડોકમાં લાકડાનું એક મોટું અને જાડું ચોકઠું અથવા પાટીઊ નાખવામાં આવેછે. એ પાટીઆના બે સાંધા હોએછે અને વચોવચ માણસની ગરદન સમાએ એટલી જગા અથવા આંધલું રાખવામાં આવેછે. એ જાડાં પાટીઆની ઊપર બંધીવાનનું નામ, તેનો ધંધો, તેનો અપરાધ અને શીકસાની મુદત લખવામાં આવેછે. એ શીકસા ઘણું કરીને કોઈ કોઈ વખત લાંબી મુદતની કરવામાં આવેછે. તેટલી મુદત શુધીમાં એ લાકડાનું ચોકઠું બંધીવાન પોતાની ગરદનમાથી મુદલ કાહાડી શકેજ નહીં. બંધીવાનની ગરદનમાં ચોકઠું ઘા-



ચીનમાં બંધીવાનોને સીક્ષા કરવાની રીત.

જેઆ પછી તેની ઊપર બાદશાહી સીલ મારવામાં આવેછે. એવી રીતે કે બંધીવાન ચોકઠું કાહાડી નાખે અથવા કોઈ બીજા પાસ કહડાવેતો માલુમ પડેઆ વગર રેહેજ નહીં. બંધીવાનને વારે ઘડીએ તેની મરજી હોએ તાંહાં જવાની છુટ આપવામાં આવેછે. પણ તે જાંહાં જાએછે તાંહાં તે ચોકઠાની જુસડી તેના ગળામાં વળગેલીજ હોએછે. એ ચોકઠાનું વજન ઘણુ કરીને ૭૪ રતલનું હોએછે પણ ગુનેહગારનો અપરાધ જો ઘણો હોએતો કોઈ કોઈ વેળાએ ૨૦૦ રતલ શુધીનો બોજો તેના ગળામાં ઘાળી રાખેછે. એ ચોકઠું ઘાલેઆ પછી બંધીવાન પોતાના પગ જોઈ શકે નહીં તથા પોતાને હાથે અનપાણી ખાઈ પીઈ શકે નહીં માટે તેના મીત્રો અથવા બીજાઓ તેને ખાવાનું ખવાડે નહીં અથવા પાણી પાએ નહીતો તે ભુખે મરી જાએ. કોઈ કોઈ વેળાએ એ બોજાથી તે ઘણોજ કંટાળી જાએછે તારે તે ચોકઠાનો એક બાજુનો ખુણો ઊંચી જમીન ઊપર મુકેછે અથવા ઊંચી ખુરસીના હાથા ઊપર ચોકઠાના ખુણા મુકીને પોતે બેસેછે. તેની શીકસ્તાની મુદત જારે પુરી થાએછે તારે તે માજીસટરેટ અથવા કોટવાળની હજુરમાં આવીને ઊભો રેહેછે. કોટવાળ ચોકઠા ઊપરનું સીલ તપાસેછે અને તે સીળ જો આખુંને આખું માલુમ પડીઊંતો તેને ફટકા મારીને છુટો કરવામાં આવેછે. એવા બે ગુનેહગારોનું ચીત્ર હમો આપીએછે. એ ચીત્ર ઊપરથી માલુમ પડશે કે એવા બે ગુનેહગારોને પગમાં સાકળ સુધા ઊભા રાખેલાછે અને એક માદરીન ચંડુલ પીતો તેમને ફટકા મરાવવાને બેઠેલોછે.

---

## માણસ જાતના ખોરાક વીશે·

માણસ બે જાતનો ખોરાક ખાએછે—ઝાડ પાન તથા જાનવરનો. હીંદુઓ તથા કેટલાએક બીજા શખસો એવું સમજેછે કે ઈશવરે માણસને ફકત ઝાડ પાનનો ખોરાક ખાવાને પેદા કીધાંછે અને દુધ વગર જાનવરનો ખોરાક ખાવો એ ઘાતકીપણુંછે. હાલ ઈગરોપ મધે કેટલીએક એવી મંડલીઓછે કે જે મંડળીના લોકો દુધ વગર જાનવરી ખોરાક મુદલ ખાતાજ નથી. પીથાગોરાસ નામનો નામીચો ફીલસુફ જાનવરનો ખોરાક મુદલ ખાતો નહીં હતો. પોપ નામનો નામીચો વીદવાન તથા કવી કેહેછે કે "આપણા ખબરચી ખાનાનો દેખાવ જેવો કમકમાટ ભરેલો હોએછે તેથી વધારે કમકમાટ ઊપજાવનારી થોડીજ વસતુ હશે. એક ઠેકાણે લોહીના છાંટા પડેલા, બીજે ઠેકાણે મરતા પરાણીઓનો ચીચીઆરી ભરેલો મરવાનો અવાજ, તીજે ઠેકાણે મરેળા પરાણીઓના શરીરના જુદા જુદા ભાગો હંઈથી તંહી રાંગેલા. એ દેખાવ ઘણોજ કંટાલા ભરેલોછે." આ પરમાણે કેટલાએક મોટા અને વીદવાન માણસનો વીચાર હોવા છતાં માણસના દાંતની ગોઠવણ ઊપરથી હાલના ડાકટરો કેહેછે કે માણસને ઈશવરે બેઊ જાતનો ખોરાક ખાવાને પેદા કીધુંછે.

જંગળીમાં જંગળી લોકો જાનવરના કરતાં માણસનું માસ ખાવાને વધારે પસંદ કરેછે. આરીસટટલ અને હીરોડોટસ નામના પુરાતમ વખતના ગરંથ લખનારાઓ લખેછે કે તેઓના વખતમાં એવા ઘણા લોકો હતા કે જેઓ જાનવર કરતાં માણસનું માસ ખાવાને વધારે પસંદ કરતા હતાં. ઈઊનાન લોકોના કેટળાએક દેવોને માણસનો ભોગ આપવામાં આવતો હતો. આફરીકાના જંગળી મુલકોનાં તથા નીઊજીલાંડ દેશમાં હજુરબી જંગળી લોકો માણસને મારીને તેમનું માસ ખાએછે. એક ગરંથ લખનાર કેહેછે કે ૧૭૨૫ ના વરસમાં અમેરીકાના જંગળી માણસની એક સ્રીને જોઈ જે માણસનું માસ ખાતી હતી. તે સ્રીએ પોતે કબુલ કીધું કે તેણીએ પોતાની આખી ઊમરમાં ચાર માણસોને મારીને તેમનું માસ ખાધુંછે.

આજ ૬૦ વરસની વાત ઊપર ફરાંસ મધેનો એક બંધીવાન અજાએબ તરહેનુ ખાણુ ખાતો હતો. તે બીલાડીઓને મારીને ખાતો હતો. એક વરસમાં તેણે ૧૭૪ બીલાડી ખાધી હતી તે મધે કેટલીએકતો જીવતીને જીવતી ખાઈ ગએઆ હતો.

એક માણસ દર રોજ દસ રતલ ગોસ અને બે મીણબતી ખાઈ જતો હતો. એક સોલજર જેની ઊ. મર ફકત ૧૭ વરસની હતી તે ચોવીસ કલાકમાં ચોવીસ રતલ બીફ ખાઈ જતો હતો.

ચીના લોકો ઘણુ કરીને સઘળી જાતના હલકા પરાણીઓને પોતાના ખોરાકમાં વાપરેછે. કેટલાએક લોકોતો કીડા, મકોડા અને પેટે ચાલનારા જાનવરોને ખાવાને મુદલ સુગાતા નથી.

## બે ભુત બીલાડી થઈને ફરતા હતાં તેઓની વાત.

—o—

મારવાડ મધે બે રજપુત ભાઈઓ એક ઘરમાં રેહેતા હતા. તેઓ વચે માહામાહી કલેસ તથા કજી ઓ ઊઠેઓ અને તે એટલા શુધી કે એક ભાઈએ બીજાનું ખુન કરીઉં અને પોતેબી આપઘાત કરીને મુવો. લોકો વેહેમમાં ગરક થઈ ગએલાં તેથી તેઓએ એવી કળપના કીધી કે એ ભાઈઓ ભુત થઓ હશે. કારણ તેઓ ક મોતે મરેઆ. એ બેહુ ભાઈના મરણ પછી એ ઘરમાં રેહે વા જવાની કોઈ હીંમત કરી શકે નહીં. આખેર એક કણબીએ હીંમત ચલાવી અને લાહુત દાખળ તે ઘેરમાં રેહેવાને ગઓ. એક રાતના એવું બનીઉં કે બે બીલાડીઓ એક બીજા સાથે તે ઘેરમાં લડાઈ કરતી માલુમ પડી. તેના દીલમાં તરત એવો ખેઆલ આવેઓકે બેઉ ભાઈ જે એક બીજા સાથે મરાઈને કમોતે મરણ પામેઆછે તેઓજ ભુત થઈને બીલાડીના આકારમાં પાછા એક બીજા સાથે મારામારી કરેછે. એવો વેહેમ તેને ગઓ તોબી તે હીંમત પકડીને ઊઠેઓ અને દીવો લઈને આખા ઘેરમાં જોયું તો બીલાડીઓ મળે નહીં. બીલાડીઓને આવવા જવાનો કોઈપણ ઠેકાણેથી રસતો નહી હતો; તેથી તે ઘણોજ ભએ પામેઓ અને મોટેથી બુમ પાડીને આસ પાસના પડોસીઓને ઊંગમાંથી ઊઠાડેઆ. રાતના અને રાતના તે ઘેરમાંથી નીકળીને પડોસીના ઘેરમાં સુતો. સવારના આખા ગામમાં મોટો ગોંધાટ થઈ રહો કે ફલાણા રજપુતોના ઘેરમાં બે ભુત બીલાડી થઈને ફરેછે. તારપછી એ ઘરમાં ભાડે ઈઆ મુફત રેહેવા જવાની કોઈની હીંમત ચાલે નહીં. દાહડે દાહડે એ ઘેર વીશે લોકોમાં એટલીતો અફવા ફેલાઈ કે લોકો પોત પોતાની કલપના અને મરજીપરમાણે ખોટી ખોટી વાતો જોડીને બોળવા લાગેઆ. કોઈ કેહેવા લાગું કે બીલાડીઓને એક બીજા સાથે મરાંતાં અને આગનો ભડકો થઈને ઊડી જતાં "મેં મારી નજરે દીઠી." બીજો બોલવા લાગેઆ "એક રાતના એ બે બીલાડીઓને એક બીજા સાથે તરવારથી લડતાં દીઠી અને થોડાવાર પછી તેઓ ગુમ થઈ ગઈ." આવી આવી હજારો ગપ આખા શેહેરમાં અને આખા પરગણામાં ફેલાવો પામી. આખેર એક હીંમતવાન બરામણ જે ભુત પરેતને મુદલ માનતો નહી હતો તેને લોકો કેહેવા લાગેઆ કે તું જો ખરેખર ભુતને માનતો નહીં હોએતો તે ઘેરમાં જઈને એક રાત સુઈ આવ." તેણે તે કામ માથે લીધું. તેના મીતરો અને સગાવાળા આવીને તેને કાળાવાળા કરવા લાગા કે "ભાઈ હાથે રહીને કેમ મરવા જાએછે; તારી સઘળી હીમત અને બાહાદુરી એક ઠેકાણે રહી જશે અને તું મરણ પામીશ; વાસતે તુ તારો મમત (બેહોશ) છોડી દે" તે બરામણની પુરી ખાતર જમા હતી કે ભુત પરેત અને ડાકેણ જેવી વસતુ આ દુનીઆમાં છેજ નહીં. એતો વેહેમી લોકોનો ફકત વેહેમછે; તેથી તેણે તે ઘરમા જઈને રેહેવાનું કબુલ કીધું. પેહેલી રાતના તેના દીઠામાં કાંઈજ આવીઉં નહીં. પણ બીજી રાતે બે બીલાડીઓને મારામારી કરતાં તેણે દીઠી. દીવો લઈને તે બીલાડીઓ કાંહા જાએછે તે જોવાને તેમની પછવાડે દોડેઓ. અને જોએછેતો ઘેરના એક ઓરડાના એક ખુણામાં જુના કપડાનો ગાંસડો પડેઓ હતો ને ગાસડામાં ગઈ. તે ગાસડો ઊચકી લઈને જોએછેતો તેની પાછલની દેવાલમાં એક આંધણું પડેલું હતું. તે આંધળામાં થઈને પાસેના વાડામાંથી તે બીલાડીઓ આવતી તથા જતી હતી. સવાર પડીઉં અને તે શેહેરના મુખીઆ લોકોને સઘળો ભરમ જાહેર કીધો. લોકોની ખાતરી થઈ અને પછી તે ઘેરમાં રેહેવા જવાને કોઈને હરકત જેવું લાગીઉં નહીં.

બાઈઓ, આ વાત ઊપરથી તમોને શું માલુમ પડીઉં ? લોકોની મોટી સંખીઆ વેહેમી હોવાને લીધે ખરેખરી બીના શું છે તે તપાસવાની કોઈનીબી હીમત ચાલી નહીં. લોકોની એક નાહાની વાતને પોતાની તરફથી જોઈએ તેટલા ટકા ચહડાવીને એકદમ મોટી કરી નાખી અને એ બરામણ શીવાએ કોઈબી શખસ એ ઘેરમાં જવાને હીંમત ચલાવી શકેઓ નહીં. વાસતે ફકત વેહેમ એજ દુનીઆમાં ખરો ભુત સમજવો.

---

## બચાંની માવજત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

—o—

જનમેલાં બચાંની માવજત કરવા વીશે કાબેલ ડાકટરો જે સલામણ કરેછે તે સલામણનો સાર નીચે પરમાણેછે.

૧. તરતના જનમેલાં બચાંને મુંગું રાખવું જોઈએ નહીં. બચું જો જનમતાં રડતું નહીં હોએ તો તેને રડાવવાના ઊપાએ કામે લગાડવા જોઈએ.

૨. જનમેલાં બચાંનું ચીકણુ શરીર ઓરડાના સઘળા બારી બારણા બંધ કરીને સાફ કરવું જોઈએ. સુમરેટા પાણીમાં પોચુ વાદલ બોરીને નરમ હાથે સાફ કરવું. મોહોડામાં કે આખમાં પાણી ન જાએ તેની સંભાલ રાખવી. તારપછી સુકા ટુવાલથી ઘણેજ અલગે હાથે શરીર નુછવું, અને એક મોટા ફલાનલના કટકામાં વીટાલીને તેની માના પાસામાં સુવાડવું. અને પછી બારી બારણા ઊઘાડી નાખવાં.

૩. બચું જેવું પોતાની પેહેલી ઊંગમાંથી ઊઠે કે તરત તેની માને ધવડાવવા આપવું. પરથમ બચાંને ગોળ અથવા સાકરનું પાણી પાએછે તેમ મુદલ કરવું નહીં.

૪. માનું તરતનું દુધ બચાંના કોઠા ઊપર જો કાંઈબી અસર કરે નહીં અથવા કાંઈ અડચણના સબબથી મા પોતાના બચાંને ધવાડી શકે નહીં તો તે બચાંને એક અરધી ચમચી શોજુ અને તાજુ એરંડીઊ પાવું.

૫. નાજુક બચાંને સુવા તથા જીરાનું પાણી અથવા એવી હરકાંઈ વસતુ કાબેલ હકીમને પુછેઆ વગર કદી પાવી નહીં.

૬. બચું જેટલી વખત રડે તેટલી વખત ધવાડવું જોઈએ નહીં. દીસ તથા રાતના મુકરર વખતે ધવાડવું જોઈએ. પેહેલે મહીને દીસના બે કલાકને અંતરે અને રાતના તરણ કલાકને અંતરે ધવાડવું. બીજે મહીને દીસના તરણ અને રાતનાં ચાર કલાકને આંતરે ધવાડવું અને એ પરમાણે ૮ માસ શુધી ધવાડવું. તાર પછી ચાર માસ લગી આસતે આસતે દુધ છોડાવવાની તજવીજ કરવી.

૭. બચાંને પેહેલ વેહેલી કાંજી આપેઆની અગાઊ તપાસ રાખવી કે દાંત ફુટતા નહીં હોએ. કાંજી તથા દુધ પેહેલ વેહેલા બે વાઈન ગલાસ ભરીને આપવું અને તેથી વધારે નહીં.

૮. પેહેલા ૬ મહીના શુધી બચાંને તેની માના દુધ સીવાએ કોઈબી જાતનું દુધ તથા ચાહ આપવી નહીં. બચું માને ધાવતાં છતાં પણ નબલું થતું માલુમ પડે તો ડાકટરની સલહા લઈને બીજું દુધ પાવું.

## વાગુળ.

એ જાનવર પકસીઓની માફક હવામાં ઊડે છે તેથી તેને લોકો પકસી કરીને કેહેછે. પણ કુદરતી તવારીખ જાણનારાઓ તેને પકસીની જાતમાં ગણતા નથી. તે પકસીઓની પેઠે ઊડેછે તોપણ તેને ચોપગા જાનવરની જાતમાં તેઓ લેખેછે. વાગુળના શરીર ઊપર પીંછાં નથી હોતાં પણ તેની જાડી ચામડી ઊપર બાલ હોએછે. તેને ચાર પંગછે તે મધે બે પગના આંગળાં ચામડીની સાથે જોડાઈ ગએળાં હોએછે અને તે પાંખની જગોએ ઊડવાના કામમાં આવેછે. બીજા બે પગના અંગોઠા છુટા હોએછે અને તે ઊપર કમાનના આકાર જેવા નખ હોએછે; તેથી તે ઝાડ અને તેવીજ બીજી ચીજ ઊપર લટકાઈ રેહેછે, વાગુળ બચાં જણેછે. તે પકસીઓની માફક ઈંડાં મુકતું નથી પણ જીવતાં બચાં જણેછે. તે બચાંઓ ચોપગા જાનવરોની જેમ પોતાની માતાને ધાવેછે. માંદા પોતાના બચાંને વાસતે કોઈ માળો બાંધતી નથી પણ જે કાંઈ એકાંત ઝાડ અથવા દર તેની નજરે પડેછે તેમાં પોતાના બે નખો ભરાવીને તંગાઈ રેહેછે. બે તરણ દીવસ શુધી બચાંઓ પણ પોતાની માતાના ધાવણને વળગીને ઝુલતાં રેહેછે.

વાંગુળના મોહોડામાં તરણ જાતના દાંત હોએછે. તેની આખ નાહાની તથા કાન મોટા હોએછે. તેના કાન એવાતો ચકોરછે કે ગમે તેવો ધીરો અવાજ પણ સાંભલી શકેછે. તેઓનો આકાર ઊંદરના જેવો અને રંગ જરા રતાસ ઊપર હોએછે. તેઓ પોતાનો ખોરાક શોધવાને રાતના નીકળેછે. માખ, મછર તથા તેવાં બીજાં જીવતાં પરાણીઓને પકડીને તેમનો ભખ કરેછે. તેઓ ઘણુંકરીને ભાગેળી દેવાળો અને જુના ઝાડોમાં પોતાના ઘર કરીને વસેછે.

વામપીઅર જાતનું એક બીજું વાગુળ આવેછે. આ વાગુળ જારે પોતાની પાંખ ઊઘાડેછે તારે તે ચાર અથવા પાંચ ફીટ લાંમબી થાએછે. તેઓ જમીનની ઊપર ઊંદરની પેઠે જલદીથી દોડી શકેછે. માસ, માછળા અને એવી જાતના ખોરાક ઊપર તે જીવી શકેછે. કોઈવાર મરઘીની ગરદન આગળની ચામડી જારે તે સુતેલી હોએછે તારે હલુસે આવીને કરડી જાએ

## બે ભુત બીલાડી થઈને ફરતા હતા તેઓની વાત.

મારવાડ મધે બે રજપુત ભાઈઓ એક ઘરમાં રેહતા હતા. તેઓ વચે માહોમાહી કલેસ તથા કજી ઓ ઊઠેઓ અને તે એટલા શુધી કે એક ભાઈએ બીજાનું ખુન કરીઊં અને પોતેબી આપઘાત કરીને મુવો. લોકો વેહેમમાં ગરક થઈ ગએલાં તેથી તેઓએ એવી કલપના કીધી કે એ ભાઈઓ ભુત થઆ હશે. કારણ તેઓ કમોતે મરેઆ. એ બેહુ ભાઈના મરણ પછી એ ઘરમાં રેહે વા જવાની કોઈ હીંમત કરી શકે નહીં. આખેર એક કણબીએ હીંમત ચલાવી અને બાહુત દાખળ તે ઘેરમાં રેહવાને ગઓ. એક રાતના એવું બનીઊં કે બે બીલાડીઓ એક બીજા સાથે તે ઘેરમાં લડાઈ કરતી માલુમ પડી. તેના દીલમાં તરત એવો ખેઆલ આવેઓકે બેઊ ભાઈ જે એક બીજા સાથે મરાઈને કમોતે મરણ પામેઆછે તેઓજ ભુત થઈને બીલાડીના આકારમાં પાછા એક બીજા સાથે મારામારી કરેછે. એવો વેહેમ તેને ગઓ તોબી તે હીમત પકડીને ઊઠેઓ અને દીવો લઈને આખા ઘેરમાં જોયું તો બીલાડીઓ મળે નહીં. બીલાડીઓને આવવા જવાનો કોઈપણ ઠેકાણેથી રસતો નહી હતો; તેથી તે ઘણોજ બીઓ પામેઓ અને મોટેથી બુમ પાડીને આસ પાસના પડોસીઓને ઊંગમાંથી ઊઠાડેઆ. રાતના રાતના તે ઘેરમાંથી નીકળીને પડોસીના ઘેરમાં સુતો. સવારના આખા ગામમાં મોટો ગોંઘાટ થઈ રહો કે ફલાણા રજપુતોના ઘેરમાં બે ભુત બીલાડી થઈને ફરેછે. તારપછી એ ઘરમાં ભાડે ઈઆ મુફત રેહવા જવાની કોઈની હીંમત ચાલે નહીં. દાહડે દાહડે એ ઘેર વીશે લોકોમાં એટલીતો અફવા ફેલાઈ કે લોકો પોત પોતાની કલપના અને મરજીપરમાણે ખોટી ખોટી વાતો જોડીને બોળવા લાગેઆ. કોઈ કેહવા લાગું કે બીલાડીઓને એક બીજા સાથે મરાતાં અને, આગનો ભડકો થઈને ઊડી જતાં "મેં મારી નજરે દીઠી." બીજો બોલવા લાગેઓ " એક રાતના એ બે બીલાડીઓને એક બીજા સાથે તરવારથી લડતાં દીઠી અને થોડાવાર પછી તેઓ ગુમ થઈ ગઈ. " આવી આવી હજારો ગપ આખા શેહેરમાં અને આખા પરગણામાં ફેલાવો પામી. આખેર એક હીંમતવાન બરામણ જે ભુત પરેતને મુદલ માનતો નહીં હતો તેને લોકો કેહવા લાગેઆ કે તું જો ખરેખર ભુતને માનતો નહીં હોએતો તે ઘેરમાં જઈને એક રાત સુઈ આવ." તેણે તે કામ માથે લીધું; તેના મીતરો અને સગાવાળાં આવીને તેને કાળાવાળા કરવા લાગા કે "ભાઈ હાથે રહીને કેમ મરવા જાએછે; તારી સઘળી હીમત અને બાહાદુરી એક ઠેકાણે રહી જશે અને તું મરણ પામીશ, વાસતે તું તારો મમત (બોહોઠ) છોડી દે" તે બરામણની પુરી ખાતર જમા હતી કે ભુત પરેત અને ડાકણ જેવી વસતુ આ દુનીઆમાં છેજ નહીં. એતો વેહેમી લોકોનો ફકત વેહેમછે; તેથી તેણે તે ઘરમા જઈને રેહેવાનું કબુલ કીધું. પેહેલી રાતના તેના દીઠામાં કાંઈજ આવીઊં નહીં. પણ બીજી રાતે બે બીલાડીઓને મારામારી કરતાં તેણે દીઠી. દીવો લઈને તે બીલાડીઓ કાંહા જાએછે તે જોવાને તેમની પછવાડે દોડેઓ. અને જોએછેતો ઘેરના એક ઓરડાના એક ખુણામાં જુના કપડાનો ગાંસડો પડેઓ હતો તે ગાસડામાં ગઈ. તે ગાસડો ઊચકી લઈને જોએછેતો તેની પાછલની દેવાલમાં એક આંધળું પડેલું હતું. તે આંધળામાં થઈને પાસેના વાડામાંથી તે બીલાડીઓ આવતી તથા જતી હતી. સવાર પડીઊં અને તે શેહેરના મુખીઆ લોકોને સઘળો ભરમ જાહેર કીધો. લોકોની ખાતરી થઈ અને પછી તે ઘેરમાં રેહેવા જવાને કોઈને હરકત જેવું લાગીઊં નહીં.

ભાઈઓ, આ વાત ઊપરથી તમોને શું માલુમ પડીઊં ? લોકોની મોટી સંખીઆ વેહેમી હોવાને લીધે ખરેખરી બીના શું છે તે તપાસવાની કોઈનીબી હીમત ચાલી નહીં. લોકોની એક નાહાની વાતને પોતાની તરફથી જોઈએ તેટલા ટકા ચહડાવીને એકદમ મોટી કરી નાખી અને એ બરામણ શીવાએ કોઈબી શખસ એ ઘેરમાં જવાને હીંમત ચલાવી શકેઓ નહીં. વાસતે ફકત વેહેમ એજ દુનીઆમાં ખરો ભુત સમજવો.

---

## બચાંની માવજત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

જનમેલાં બચાંની માવજત કરવા વીશે કાબેલ ડાકટરો જે ભલામણ કરેછે તે ભલામણનો સાર નીચે પરમાણેછે.

૧. તરતના જનમેલાં બચાંને મુંગું રાખવું જોઈએ નહીં. બચું જો જનમતાં રડતું નહીં હોએ તો તેને રડાવવાના ઊપાએ કામે લગાડવા જોઈએ.

૨. જનમેલાં બચાંનું ચીકણુ શરીર ઓરડાના સઘળા બારી બારણા બંધ કરીને સાફ કરવું જોઈએ. સુમરેટા પાણીમાં પોચુ વાદલ બોરીને નરમ હાથે સાફ કરવું. મોહોડામાં કે આખમાં પાણી ન જાએ તેની સંભાલ રાખવી. તારપછી સુકા ટુવાલથી ઘણેજ અલગે હાથે શરીર લુછવું, અને એક મોટા ફ્લાનલના કટકામાં વીટાલીને તેની માના પાસામાં સુવાડવું. અને પછી બારી બારણા ઊઘાડી નાખવાં.

૩. બચું જેવું પોતાની પેહેલી ઊંગમાંથી ઊઠે કે તરત તેની માને ધવડાવવા આપવું. પરથમ બચાંને ગોળ અથવા સાકરનું પાણી પાએછે તેમ મુદ્દલ કરવું નહીં.

૪. માનું તરતનું દુધ બચાંના કોઠા ઊપર જો કાંઈબી અસર કરે નહીં અથવા કાંઈ અડચણના સબબથી મા પોતાના બચાંને ધવાડી શકે નહીં તો તે બચાંને એક અરધી ચમચી સોન્ફ અને તાજી એરંડીઊ પાવું.

૫. નાજુક બચાંને સુવા તથા જીરાનું પાણી અથવા એવી હરકાંઈ વસતુ કાબેલ હકીમને પુછેઆ વગર કદી પાવી નહીં.

૬. બચું જેટલી વખત રડે તેટલી વખત ધવાડવું જોઈએ નહીં. દીસ તથા રાતના મુકરર વખતે ધવાડવું જોઈએ. પેહેલે મહીને દીસના બે કલાકને અંતરે અને રાતના તરણ કલાકને અંતરે ધવાડવું. બીજે મહીને દીસના તરણ અને રાતના ચાર કલાકને આંતરે ધવાડવું અને એ પરમાણે ૮ માસ શુધી ધવાડવું. તાર પછી ચાર માસ લગી આસતે આસતે દુધ છોડાવવાની તજવીજ કરવી.

૭. બચાંને પેહેલ વેહેલી કાંજી આપેઆની અગાઊ તપાસ રાખવી કે દાંત ફુટતા નહીં હોએ. કાંજી તથા દુધ પેહેલ વેહેલા બે વાઈન ગલાસ ભરીને આપવું અને તેથી વધારે નહીં.

૮. પેહેલા ૯ મહીના શુધી બચાંને તેની માના દુધ સીવાએ કોઈબી જાતનું દુધ તથા ચાહ આપવી નહીં. બચું માને ધાવતાં છતાં પણ નબલું થતું માલુમ પડેતો ડાકટરની સહલા લઈને બીજું દુધ પાવું.

## વાગુળ.

—o—

એ જાનવર પકસીઓની માફક હવામાં ઊડે છે તેથી તેને લોકો પકસી કરીને કેહેછે. પણ કુદરતી તવારીખ જાણનારાઓ તેને પકસીની જાતમાં ગણતા નથી. તે પકસીઓની પેઠે ઊડેછે તોપણ તેને ચોપગા જાનવરની જાતમાં તેઓ લેખેછે. વાગુળના શરીર ઊપર પીછાં નથી હોતાં પણ તેની જાડી ચામડી ઊપર બાલ હોએછે. તેને ચાર પગછે તે મધે બે પગના આંગળાં ચામડીની સાથે જોડાઈ ગએલાં હોએછે અને તે પાંખની જગોએ ઊડવાના કામમાં આવેછે. બીજા બે પગના અંગોઠા છુટા હોએછે અને તે ઊપર કમાનના આકાર જેવા નખ હોએછે; તેથી તે ઝાડ અને તેવીજ બીજી ચીજ ઊપર લટકાઈ રેહેછે, વાગુળ બચાં જણેછે. તે પકસીઓની માફક ઈંડાં મુકતું નથી પણ જીવતાં બચાં જણેછે. તે બચાંઓ ચોપગા જાનવરોની જેમ પોતાની માતાને ધાવેછે. માંદા પોતાના બચાંને વાસતે કોઈ માળો બાંધતી નથી પણ જે કાંઈ એકાંત ઝાડ અથવા દર તેની નજરે પડેછે તેમાં પોતાના બે નખો ભરાવીને તંગાઈ રેહેછે. બે તરણ દીવસ શુધી બચાંઓ પણ પોતાની માતાના ધાવણને વળગીને ઝુલતાં રેહેછે.

વાંગુળના મોહોડામાં તરણ જાતના દાંત હોએછે. તેની આખ નાહાની તથા કાન મોટા હોએછે.. તેના કાન એવાતો ચકોરછે કે ગમે તેવો ધીરો અવાજ પણ સાંભલી શકેછે. તેઓનો આકાર ઊંદરના જેવો અને રંગ જરા રતાસ ઊપર હોએછે. તેઓ પોતાનો ખોરાક શોધવાને રાતના નીકળેછે. માખ, મછર તથા તેવાં બીજાં જીવતાં પરાણીઓને પકડીને તેમનો ભખ કરેછે. તેઓ ઘણુકરીને ભાગેલી દેવાળો અને જુના ઝાડોમાં પોતાના ઘર કરીને વસેછે.

વામપીઅર જાતનું એક બીજું વાગુળ આવે છે. આ વાગુળ જારે પોતાની પાંખ ઊઘાડેછે તારે તે ચાર અથવા પાંચ ફીટ લાંબી થાએછે. તેઓ જમીનની ઊપર ઊંદરની પેઠે જલદીથી દોડી શકેછે. માસ, માછળા અને એવી જાતના ખોરાક ઊપર તે જીવી શકેછે. કોઈવાર મરઘીની ગરદન આગળની ચાંમડી જારે તે સુતેલી હોએછે તારે હલુસે આવીને કરડી જાએ.

છે—તેથી તે મરથી મરણ પામેછે. કોઈ કોઈ વેળાએ ઘોડો, ગધેડો, બકરો ઈતીઆદી ચોપગા જાનવરોને પણ પાછલથી અથવા ગરદન આગળથી બચકાં ભરે છે. જંગળમાં માણસ ભર ઊંગમાં સુતું હોએતો માણસને કરડવાને પણ તે ચુકતું નથી. કરડતી વખતે તે ટંડો પવન પોતાની પાંખથી નાખેછે તેથી ઘણોએક ભાગ કરડી ખાએછે તાંહાં શુધી માણસને માલુમ પડતું નથી. આ વાગુળનો આકાર ખળેડી જેવો હોએછે.

---

## પરચુરણ બાબતો.

**ભરથાર વસ કરવાનો સેહેલો ઊપાએ**—મીસીસ ગલાસ નામની એક ઓરત કેહેછે કે તમે તમારા ભરથારને વસ કરવા ચાહાતા હોવતો આ પરમાણે કરો—"સંસારની જતન રાખનારી એક બંની લાવો, તેમાં તમારા ભરથારને મુકો, પછી પેઆરના આતસ ઉપર તેને ગરમ કરવા લઈ જાઓ; તેની ઉપર હેત અને તાબેદારીનું ઢાંકણું ટાંકો અને તાર પછી તેની ઉપર ડાહાપણ, સચાઈ અને નમંનતાઈનો મસાલો ભભરાવો એટલે તમારો ભરથાર તમને વસ થશે."

**નેક અને બદ આદમી**—"સેરડી જંગલમાં ગમે તેવી કમ જોર ઉગશે પણ તે પોતાનો મીઠાસ છોડશે નહીં. નેતર બેહેસ્તના બાગમાં ઉગશે પણ તેમાં કદી મીઠાસ આવશે નહીં. નેક આદમી ગમે તેવો ગરીબ રેહેશે પણ પોતાનો મીઠાસ મુકસે નહીં. બદ આદમી મોટો તવંગર થશે પણ તેનાંમાં મીઠાસ આવશે નહી."

**સ્ત્રી ભરથાર વચે પેઆર**—જે કુટંબમાં સ્ત્રી ભરથાર વચે પેઆર નહીં તે કુટંબ ઉજડ અને વેરાન જંગલ જેવું જાણવું. જે કુટંબમાં સ્ત્રી ભરથાર વચે મીનાકસો ઉતપન થએઓ તે કુટંબની પાએમાલી જલદી થશે એમ સમજવું. નાક વગરનું માસણ તેમ પેઆર વગરનાં સ્ત્રી ભરથાર સમજવા.

**લંડન મધે જુદાં જુદાં ધરમ ખાતાં**—લંડન મધે ૧૨ ધરમની મોટી ઈસપીતાલોછે જે મધે સઘલી જાતના દરદીઓને લેવામાં આવેછે. ૪૬ બીજી મોટી ઈસપીતાલોછે જેમા ચોકસ જાતના જુદા જુદા દરદીઓને દાખલ કરવામાં આવેછે. ૩૪ દવાખાનાછે જેમાં દર વરસે ૩॥ લાખ માણસોને મુફત દવા મલેછે. માણસ જાતનો પરાણ અને તંદરોસતી જાલવવાને ૧૨ મોટી મંડલીઓછે જેના ફાએદા ૩૬ હજાર આસામીઓને દર વરસે મલેછે. ૧૭ અપરાધી માણસોને સુધારવાની ઉદીઓગ શાળાછે. વારસ તથા વાલી વગરનાઓને આસરો આપવાને ૧૫ ધરમખાંતાછે; તેનો ફાએદો ૧॥ લાખ માણસો દર વરસે લેએછે. કરજદારો, વીધવાઓ અને પરદેશીઓને વાસતે ૧૪ બીજા ધરમ ખાંતાછે. ઇઆ ઉબીઓને વાસતે ૪ મોટા અને ૨૦ નાહાના ધરમખાંતાછે. ગરીબ ધંધારોજગારીઓને મદદ કરવાને ૩૩ મંડલીઓછે. ૧૨૬ ધરમ શાળા ઘરડા માણસોને વાસતેછે જેનો ફાએદો ૩૦૦૦ સખશો દર વરસે લેએછે. આંધલા, બેહેરા અને મુગાને વાસતે ૯ ધરમખાતાંછે. ૨૧ ધરમની કેલવણી આપવાની મંડલીઓછે; ૧૩ ખાન પાનની નીશાલોછે જેમાં ગરીબના છોકરાઓને મુફત ખાવા પીવાનું તથા ભણવાનું મલે છે. એ શીવાએ સરકારી નીશાલોછે તે જુદી. આ શીવાએ દેવસથાન અને પાદરીઓને વાસતે તાંહાં બીજી સેંકડો મંડલીઓછે. એક શેહેરમાં આટલા બધા ધરમ ખાતાંછે તે ઉપરથી તાંહાંના લોકોની પરોપકાર તથા દઆલુ બુધી સેહેજ માલુમ પડી આવેછે. મુંબઈની શેહેરની બોહોલી વસતી પરમાણે હજુર ધરમખાંતાંઓ ઘણાજ થોડાંછે.

**દુનીઆની વસતીનો છેલો આડસરો**—દુનીઆની વસતીનો જે છેલો અડસરો કરવામાં આવેઓછે તે ઉપરથી માલુમ પડેછે કે ચીન મધે દર સાળ વસતીમાં ઘણોજ વધારો થતો જાએછે. હાલ ચીન મધે સઘળી મળીને ૪૦ કરોડની વસતી ગણાએછે. આખી દુનીઆની વસતી ૧ અબજ અને ૨૮ કરોડની ગણવામાં આવીછે. જુદા જુદા ચાર ખંડો ઉપર નીચે મુજબ વસતીનો અડસરો કાહાડેઓછે.

| | | |
|---|---|---|
| એશીઆ.................. | ૭૫ | કરોડ. |
| ઇઉરોપ.................. | ૨૭ | " |
| આફરીકા.................. | ૨૦ | " |
| અમેરીકા.................. | ૬ | " |
| જુમલે, | ૧૨૮ | |

સઘળા દેશો કરતાં ચીનની વસતી વધારેછે. તેથી ઉતરતી હીંદુસથાનની જે હાલ ૧૮ કરોડની ધારવામો આવેછે.

**લડાઈનો મોટો ખરચ**—હરએક દેશ મધે લડાઈ ઉઠવાથી કેટલીબધી ખરાબી થાએછે! ઈસવી સન ૧૬૮૮ અને ૧૮૫૫ શુધીમાં ૬૭ વરસ મોટી મોટી લડાઈમાં આ ખેર થએગાછે અને તેનો ખરચ રૂ ૧૫૦૦૦૦૦૦૦૦૦ લાગેઓ હશે એવો અડસરો હાલ કાહડવામાં આવેઓછે. એ અડસરા મુજબ દર વરસે ૨॥ કરોડ રૂપીઆ લડાઈથી ખરચ થાએછે અને દર મીનીટે લડાઈના હીંગાંમમાં ૧૦૦૦ રૂપીઆની ધુરધાંણી થાએછે.

**આંધળા માણસ કોણ?** એક લખનાર કેહે છે કે આંધલો જાણેછે કે મને કોઈ જોતું નથી. કેટલાએક સમજેછે કે હમે બધાની એબ જોઈએછે અને હમારી કોઈ જોતું નથી. પણ જે પોતાની એબ જુવેછે તેનીજ આંખ દેખતીછે અને બાકીના આંખ વગરનાંછે.

**સાગો ચોખાનું ઝાડ**—આ ઝાડ તાડ માહેલી એક

જાતછે. આફ્રીકા ખંડમાં તથા મલાકાના દવીપ કલપમાં આ ઝાડો ઘણા થાએછે. ભરત ખંડ (હીંદુસથાંન) માંખી કોઇ કોઇ ઠેકાણે હોએછે. પણ એના ઉંચી જાતના ઝાડો મલાકા બેટમાંજ થાએછે. એમાંથી સાગો ચોખા કરવાની રીત એવી છેકે જારે આ ઝાડ પુખત ઉમરમાં આવેછે તારે તેને કાપી નાખી તેના થડના બબે હાથ લાંબા કડકા કરેછે; અને તેમાંથી ગાભો કાહાડી લઈ તેને બારીક છુંદીને સાફ પાણીમાં ધુવેછે, અને તેને સુકવી ચાલવણીએ ચાલેછે. પછી પેટીમાં તથા પીપમાં ભરી બીજા દેશોમાં વેચવા મોકલેછે.

જારે સાગો ચોખા બાહાર દેશાવરો ખાતે મોકળવા હોએછે તારે તેની બારીક ગોલીઓ કરી મોકલેછે, નહીતો લુકોન ભરી રાખેછે. આ (સાગોચોખાનું) ઝાડ કાપીઉં તોપણ તે મરી જતું નથી. એના થડને અંકુર ફુટીને એક બે વરસમાં લાગલું તેનુંજ ઝાડ થાએછે. "ઉ૦ પદારથ."

**નખ વીશે જાણવાજોગ બીના**—બચાંઓના નખ ઘણા જલદીથી ઉગેછે. જુવાન માણસોના નખ તેથી ધીમાં ઉગેછે. ઘરડા માણસના નખ ઉગવાને સઉથી વધારે વખત લાગેછે. શીઆળાના કરતાં ઉનાલામાં નખ વધારે ઉગેછે. જે નખ ઉગવાને શીઆળામાં ૧૩૨ દાહાડા લાગેછે, તે નખે ઉગવાને ઉનાળામાં ૧૧૬ દાહાડા લાગેછે. જમના હાથના નખ ડાબા હાથના નખ કરતાં વધારે જલદી ઉગેછે. લાંબી આંગળીઓના નખ નાહાની આગળીઓ કરતાં વધારે જલદીથી મોટાં થાએછે. અંગુઠાનો નખ સઉથી ધીમો ઉગેછે. ડાબા હાથના સઘળા નખોને ઉગવાને જમના હાથ કરતાં ૮૨ દાહાડા વધારે લાગેછે.

**ઊંગને વાસતે અજાએબ જેવી ભલામણ**—એક ડાકટર કેહેછે કે જેઓને રાતના બરાબર ઉંગ આવતી નહી હોએ તેઓએ ઉતર દશા તરફ પોતાનું માથુ કરીને સુવું પણ આથમણ દશા તરફતો માંથુ મુકીને મુદલ સુવુંજ નહીં !!

**ઈંગલંડ મધે ઘેરોની વસતી**—ઈંગલંડ મધે છેલી ગણતરી પરમાણે સઘળા મલીને ૩૨ લાખ ૭૮ હજાર ઘેરોછે; તે મધે ૧ કરોડ ૭૯ લાખ અને ૨૭ હજાર માણસો રેહેછે.

**ઈશવર કાંહાછે ?**—એક ચંચલ નાહાની છોકરીને એક પાદરીએ પુછીઉં કે ઇશવર કાંહાંછે તે તું મને કહી શતો હું તને એક નારંગી આપીશ. તે છોકરીએ જવાબ દીધો કે "ઇશવર કહી જગોએ નથી" તે તમે મને જણાવ શોતો હું તમને એકને બદલે બે નારંગી આપીશ.

**માબાપનું સુખ**—વાંચનાર તને જો માબાપનું સુખ હોએતો તું ઇશવરનો આભાર માનજે. કારણ સુખ દુખની વાત કરવાને તથા આરામ અને દીલાસો મેલવવાને તને તારા માબાપની છાતી કરતાં વધારે સારૂ ઠેકાણુ કદી મલનાર નથી; એ વાત તું ચોકસ ઇઆદ રાખજે.

**ચાંદની રોશનીની આંખ ઊપર અસર**—ચાંદની રોશનીથી માણસ જાતની આંખ ઉપર ઘણીજ માડી અસર ઉપજેછે. એક કપતાને "બરીટીશ આસોસીએશન" મંડલીને જણાવીઉં કે કેટલાએક માણસો વાંહણના ટુટક ઉપર ચાંદની રોશનીમાં ઘણાએક દીવસ સુતા હતા તેથી તેઓ જાર જમીન ઉપર ઉતરેઆ તારે અટલાતો આંધલા થઆ હતા કે તેઓને દોરીને લઈ જવાની ફરજ પડી હતી. જે સોલજરો વાહણના ટુટક ઉપર સુતા હતા તેઓને ખલાસીઓ વારેવાર ચેતાવતા હતા કે તેઓ આંધલા થશે.

**કહી રૂતુમાં માણસનું વજન વધેછે ?** માણસના વજન ઉપર જુદી જુદી રૂતુની જુદી જુદી અસર થાએછે. એક દારૂગાએ પાંચ વરસ લગી બંધીખાનાના કેદીઓને તોલી જોએઆ અને માલુમ પડીઉં કે એપરીલથી નવેમબર સુધી માણસનું વજન વધેછે અને નવેમબરથી મારચ શુધી ઘટેછે. સઘલી રૂતુમાં બંધીવાનોને એક સરખો ખોરાક મલતો હતો.

**દુનીઆમાં આઠ જણ ગ્યાની.**

(ચોપાઈ.)

દુનીઆ જેણે મીઠીઆ જાણી—તેને માન પેહેલો ગ્યાની.
જગમાં જેની નીતી રાણી—તેને માન બીજો ગ્યાની.
વેહેવારમાં રાખી વાણી—તેને માન તીજો ગ્યાની.
કુછંદ જેણે પીલીઆ ઘાણી—તેને માન ચોથો ગ્યાની.
પરપંચ જેણે બાંધીઆં તાંણી—તે તું માન પાંચમો ગ્યાની.
સેવે વીદીઆ ગુણીકા શાણી—તેને માન છઠો ગ્યાની.
દાઝ નીજ સંસારની આણી—તે તું માન સાતમો ગ્યાની.
સતીએ કરમનો થાએ દાણી—તે તું માન આઠમો ગ્યાની.

ન૦ કવીતા.

**એક વેહેમી ઓરત**—એક વેહેમી ઓરતે પોતાની મમાઇ જે દસ વરસ ઉપર ગુજરી ગઈ હતી તેણીને સપનામાં દીઠી. તે વીશેની વાત સઘળા લોકોની પાસે કેહવા લાગી. એક મશકેરાએ પુછીઉં કે "તું રાતના શું ખાઇને સુતી હતી ?" ઓરતે જવાબ આપેઓ કે ફકત અરધી રોટલી" તે મશકેરો બોલેઓ કે આખી રોટલી ખાધી હતેતો કદાચ તારી બપાઇને પણ સપનામાં દીઠી હતે.

**ઈંગલંડ મધે તંદરોસતીનો સુધારો**—ઈંગલંડ મધે તંદરોસતીનો સુધારો ૫૦ વરસની મુદતમાં ઘણોજ થએોછે. ૧૮૦૧ માં દર વરસે દર ૩૫ શખસોં મધેથી એક સખસ મરતા હતા, ૧૮૧૧ માં દર ૩૮ શખસે એક સખશ મરવા લાગીઉં; અને ૧૮૪૮ માં દર ૪૫ સખશે એક સખશ મરણ પામતું હતું. હાલ દર ૫૦ શખસો મધેથી એક શખસ દર વરસે મરણ પામેછે.

**ઊંગ વગર ઉપજેલું મોત**—૧૮૫૦ માં એક ચીના વેપારીએ ચીન મધે પોતાની ઓરતનું ખુન કીધું હતું તેને એવી શીકસા રકવામાં આવી કે ઉંગ વગર તેને મારી નાખ

વો. તેની ઉપર કેટલાએક માણસોનો રાત દીવસ પોહોરો રાખે ઓ. આઠમે દીવસે ઉંગ વગર તે એટલો બધો દુઃખી થયો કે અતીશે કાલાંવાલાં કરીને માગી લીધું કે " મને એકદમ મારી નાખો!" તે અરજ કબુલ રાખવામાં આવી.

## શરીર શાફ સુફ રાખીઆથી થતા ફાએદા—

તંનદુરસતી અને શકતી, ચાંમડીને હમેશ શાફ રાખીઆ વગર ઘણા દીવશ રેહેતી નથી; માટે ચાંમડીને જેમ બને તેમ હમેશ વાદલી અથવા બીજી ચીજથી ઘહશી શાફ રાખવામાં ચુકવું નહી. દર સવારમાં કંઈ જાડા કપડાથી શરીર લુછવુ કે જેથી કરીને ચામડીમાં લોહી હમેશનો, જુહુશાથી ફરતુ થાએ. જો ચામડીને શાફ રાખીએ નહીં, તો બે માલુમ પરશેવો ચામડીમાં હજારો છીદરછે તેહેમાંથી નીકલતો બંધ થાએછે અને પછી શરીરને રોગીશટ કરેછે.

છીદરો જેહેમાથી પરશેવો નીકલેછે તેની શંખીઆનો અડશટો કાહાડતાં માલુમ પડીઉછ કે, એક ચોરશ ઈંનચ ચામડીમાં ૨૮૦૦ છીદરછે; અને શાધારણ માણશના શરીરની શઘલી ચામડીના ચોરશ ઈંચ ગણીએતો આશરે ૨૫૦૦ થાએછે, હવે આ અઠાવીશેહેનો પચીશેહે શાથે ગુણાકાર કરીઆથી, શીતેર લાખ છીદરછે હેવુ માલુમ પડી આવેછે.

આ છીદર તે નલીનો ઉપલો છેડોછે. અને પરશવો એ નલીમાં પેદા થઈ બાહાર નીકલેછે. આ નલીની લંબાઈ એક ઈંચનો ચોથો હીશો ઇઆને, પા, ઈંચછે અને હેવી શઘલી નલીઓ તો જેટલાં છીદરછે તેટલીછે માટે આપ* ણે તે શઘલી નલીઓને એકઠી કરી તેની લબાઇ ભરીએતો ૧૭૫૦૦૦૦ સતર લાખ અને પચાશ હજાર ઈંચ થાએછે અને તેહેના માઇલ કરીએતો ૨૮ અઠાવીશ માઇલ થાએછે—

આ ચામડીના આંધલામાંથી, જે બે માલુમ પરશેવો નીકલેછે તેનો અડશટો કાહાડતાં, એક મીનીઉટમાં ૧૧ અગીઆર ગરેન અને એક કલાકમા ૧૧ અગીઆર દરામ અને ૨૪ કલાકમાં આશરે ૩૩ આઉંશ અથવા દોહોડ પાઉનડ હોએછે.

## ભણવા વીશે—ગરબો

—o—

દેશીઓ ભણો ભણો રે ભણો ભણો—ટેક

હાં રે જે કોઈ ભણી સમજણા થાશે
તેના વેમો સઘળા જાશે રે—દેશીઓ૦

હાંરે જે કોઈ ભણેઆ વીના દીન ગાળે
હાથો મુકે પશટાઈને કપાળે રે—દેશીઓ૦

હાંરે જે કોઈ ભણેઆ વીના સુખ જમે
તે તો હોરે બહુ દુખ કહું સામે રેં—દેશીઓ૦

હાંરે કરો ભણવે વીચાર નહીં ઉંઘો
દઈ વીવેક માણ મન શુંદારે—દેશીઓ૦

હાંરે તમે બણી છકેલના થાસો
ખરેખાતે પાછલ રહી જાસો રે—દેશીઓ૦

હાંરે ઝટ જાગો હવે સહુ લોકો
તમે છતે શુરે તવાળો ચોકો રે—દેશીઓ૦

હાંરે દેશ વેશો નથી કાંઈ ખોટા
તમે ખોટા થવાથી ખોયાવા લોટા—દેશીઓ૦

હાંરે કરો હુનર વધારી દેશ તાજો
છુઠી રૂટી નં છોડવે લાજો રે—દેશીઓ૦

હાંરે તમે નીતીમાન થાજો
ધરમ ચંબુ કટાઓ ધસી સાજોરે—દેશીઓ૦

હાંરે સહુ સંપે સદા બહુ રોહો
ફલો પામો રૂડાં જે કોહોરે—દેશીઓ૦

હાંરે ધરમ રાજાપતના સમજો
પછી માંહોં [illegible] અંપ જમજો રે—દેશીઓ૦

હાંરે તમે દરબારી કામમાં પેસો
અભીમાન જગાવી માન લેશો રે—દેશીઓ૦

હાંરે હક ટેકો પોતાના જાણો
ખરી સવતંત્રતા જસ આંણો રે—દેશીઓ૦

હાંરે હવે વળગો અમણા વતી કામે
ચીતે કરો મેનત આઠ જામે રે—દેશીઓ૦

હાંરે દાઝ લાવી નરમદ હું બાંખું
વટ જાએ ઉઠો કેમ સાંખુ રે—દેશીઓ૦

## કેફી ભરથાર વીશે.

—o—

કેફી સઈઆર જેનો કંથડો રે—તેના પુરણ પાપ
મનમાં ઉદાસી મટે નહી—હાંરે તપે તંનડામાં તાપ
કેફી સઈઅર જેનો કંથડો—

એવો દીસે અલખામણો રે—જાણે જીવનો ટલેલ
આડા બોલો અફીણીઓ—હાંરે એના ગાત્ર ગલેલ—કેફી૦

એક ટકાની નહીં આબરૂ રે—પીટીઓ ચઉટાનો ચોર
દાહાડી દોરાએ દરબારમાં—હાંરે પુઠે લોકોની નોર—કેફી૦

અપોચીઓને ઘણો આળસુ રે—કાંતો ઉંઘે કે ગાએ
રલવાની શકતી રહે નહીં—હાંરે રસુ રંડાનુ ખાએ—કે૦

બારપી આવે બે બાકળો રે—હીણા દેખાએ હાલ
ખુણ ઘાલીને પડે ખાટલો—હાંરે બઈરી છઈઆનો કાલ—કે

બાળકને ખાવા નહી બાજરી રે—પીટો પરગટે ઉફાંડ
છતે ધણીએ બલે છાતડી—હાંરે વેઠે રંડાપો રાંડ—કેફી૦

લાજ હીણા લેખે નહીં રે—જાશે તરણાથી તોલ
તેવા તે કેફના તોરમાં—હાંરે બોલે જુઠેરા બોલ—કેફી૦

કોઈ કોઈ વખત થાએ કેફથી રે—હઈઆ ફુટો હેરાંન
તોએ શીખ દલપતરામની—હાંરે કદી ધારે ન કાંન—કેફી૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું | અકટોબર ૧૮૫૯ | આંક ૧૦ મો.

## લાએકીવાળી ઓરત.

### કુવીન મેરી.

—o—

આ નામીચી ઓરત ઈંગલંડ દેશના બીજા જેમસ રાજાની બેટી લાગે. તે ઈસવી સન ૧૬૬૨ ના એપરીલ મહીનાની ૩૦ મી તારીખે જનમી હતી અને પોતાની ૧૬ વરસની ઊંમરે ઈંગલંડના રાજા તરીજા વીલીએમ સાથે પરણી હતી. તે બચપણથી સારા અને નરમ સભાવની હતી. આ ફાનીં દુનીઆમાં નેકીથી અને ભલાઈથી રેહવાની તે પોતાની ફરજ સમજી તેની અગાઊથીજ તે નેક અને ભલી હતી. તેણીએ કેળવણી લીધી તેટલી સઘલી મુદતમાં તેણીને ઠપકો દેવાની તેણીના શીકસકને કોઈબી વેળાએ જરૂર નહીં પડી. કુવીન મેરીએ પોતાની ભલી અને રૂડી ચાલથી સઘલી જાતના અને સઘલી પદવીના લોકોનો પેઆર મેલવેઓ હતો. ખરીસતી ધરમમાં પરાટેસટંટ અને કાથેલીક એવા બે મોટા પંથ કેહવાએછે તે મધે મેરી પરાટેસટંટનો ધરમ પાલતી હતી. તેનો બાપ બીજો જેમસ રાજા કાથેલીક ધરમનો હતો અને તેણેને ધરમની તરફેણમાં પોતાની બેટી મેરીની ઊપર એક પતર લખી મોકલેઓ હતો. મેરીએ તે પતરનો જવાબ એવાં ખરાં દીલથી અને એવી રૂડી સમજણથી આપેઓ કે તેથી તેણીને માન મલેઆ વગર રેહતું નથી. બીજો જેમસ રાજા એક દમ આંખ વીચીને પોતાની રઈઅત પાસે જોર જુલમથી કાથેલીક ધરમ કબુલ કરાવવાની તજવીજ કરવા લાગેઓ તારે તેની રઈઅતના ઘણાખરા લોકો તેની ઊપર ઘણાજ ગુસે અને નારાજી થઆ અને ઈંગલંડના તખત ઊપરથી તેને ઊઠાડી મેલેઓ. તેની જગોએ ઈંગલંડ દેશની પારલામેંટ સભાએ તીજા વીલીઅમને અને કુવીન મેરીને ઈંગલંડના તખત ઊપર બેસાડવાનો ઠરાવ કીધો.

આ ગોઠવણથી કુવીન મેરી ઘણીજ ગુચવણમાં આવી પડી. એક તરફથી તેની ખાતરી હતી કે રઈઅતના લાભને વાસતે તેણીના બાપને તખત ઊપરથી ઊઠાડી મુકવાની જરૂર હતી અને બીજી તરફ જે તખત ઊપરથી તેના બાપને ઊઠાડી મુકવામાં આવેઓ તે તખત ઊપર પોતે બેસવું એ ઘણુંજ ગેરવાજબી તેને લાગીઊં. પણ પુખત વીચાર કીધા પછી પોતાનો લાભ એક કોરે મુકીને સઘલી રઈઅતનો લાભ જાળવવાને તેણીએ પોતાની ફરજ જાણી અને પોતાના ભરતાર તીજા વીલીઅમ સાથે ઈંગવંડની ગાદી ઊપર બેસવાને કબુલ રાખીઊં. આ વેળાએ તેની ઊમર ૨૬ વરસની હતી.

ઈંગલંડની ગાદી ઊપર બેઠા પછી પોતાની રઈઅતના લાભને વાસતે કુવીન મેરી મેહનત કરવા લાગી. લોકોની હાલત તપાસવાને વાસતે અને પરાટેસટંટ પંથના લોકોને આગલા રાજથી કેટલું દુખ ઊપજીઊંછે તેની તપાસ કરવાને જુદે જુદે ઠેકાણે તે જવા લાગી. સઘળે ઠેકાણે અને સઘળા કામમાં તે પોતાનો વખત સાચવતી હતી. પોતાનું અથવા પોતાના મીતરનું હરએક ખાનગી કામ હોએ તે એકદમ પડતું મુકીને હરએક ઠેકાણે ઠેરવેલે વખત હાજર થવાને ચુકતી નહીં હતી. તેણીનો પોતાના ધરમ ઊપર ઘણોજ પેઆર હતો. તે સાંજ સવાર ઈસવરની ભકતી કરવાને પોતાનું સઘળું કામ કાજ છોડીને દરરોજ તઈઆર રેહતી હતી. દેવળમાં જતી હતી તારે વાએજ સાંભલવામાં પોતાનું સઘળું મન રોકતી હતી. ધરમ અને નીતીનો ફેલાવો કરવાને લોકોમાં પુસતકો વેંહ

ચતી હતી. તે વારે ઘડીએ બોલતી હતી કે મારૂં રેતીનું ઘડીઆલ હમેશ ચાલેઆ કરેછે અને દરએક રેતીનો દાણો જે પડેછે તેને માટે મારા ઈશવરને મને જવાબ આપવો પડશે."

તે એવું સમજતી હતી કે આ દુનીઆ વગર ભરોસાની અને વગર કાએમનીછે તેથી નીતી અને સારા આચરણથી ચાલીને પોતાના મનુસ જાતીના કલેઆણને વાસતે પોતાનો વખત ગુજારવો એ દરએક માણસ અને દરએક ઓરતની આ દુનીઆમાં મુખીઅ ફરજછે. આવો નેક અને ઊંડો વીચાર જે ઓરત ધરાવે અને તે પરમાણે તે ચાલે એ ઓરતની વખાણ આપણે જેટલી કરીએ તેટલી થોડીછે.

તે ઓરત પોતે બાદશાહા જાદી હતી તેવું છતાં જેઓ તેની મુલાકાત લેવાને જતા હતા તેઓ સઘળાઓને પુરો સતકાર અને પુરૂ આદરમાન આપતી હતી. એક નાહાના બચાંથી તે પુખત ઊંમરે પોહોચેલા માણસને પેઆર અને હેતથી બોલાવતી હતી. તે ડાહપણથી બોલતી હતી. ચાકરોને હુકમ કરવામાં નમનતાઈ વાપરતી હતી, કબુલાત આપતી વેળાએ સાવચેત રેહેતી હતી, ઠપકો આપવામાં નરમ હતી, ગરીબની ફરીઆદ સાંભળવામાં તઈઆર હતી, અને બખશીસ કરવામાં મોટા જીવની હતી. જેઓ તેણીને ઓલખતા હતા તેઓ તેણીનું ફકત નામ સાંભલીને ખુસી થતા હતાં. પોતાના સઘળા વઈભવ અને શુખમાં તે પોતાના ઈશવરને ભુલી નહીં ગઈ. તે એવું સમજતી હતી કે દોલત અને બાદશાહી મરતબો મારાં મરણ પછી મારી સાથે આવનાર નથી. તેણીંએ પોતાનો સઘળો આધાર આ જગતના બનાવનાર ઈશવર ઊપર રાખેઓ હતો.

તે એકતીસ વરસની ઊમરની નહીં થઈ એટલામાં તેણીને માલુમ પડીઊં કે "હું થોડી મુદતમાં ઘણીજ આજારી પડીશ." આ અગમચેતી ખરી પડી. તે એવી આજારી પડી કે તેમાંથી જીવવાની આશા મુદલ રહી નહીં. તેણીએ જાણીઊં કે મોત નજદીક આવીઊંછે તોપણ તેણીને તે વીશે મુદલ ધાસતી ઊતપન થઈ નહીં. તેણીએ એવું નહીં ઈછીઊં કે મોહત નહીં આવેતો વધારે સારૂં. તે ફકત એટલુંજ બોલતી હતી કે "તમે આસપાસના ગભરાઓના, ઈશવરની જેવી મરજી હશે તેવું થશે." માંદગીની વખતે વારેઘડીએ ઈશવરની બંદગી કરતી હતી. મરણની છેલી ઘડી શુધી તેણીનું મન નીરમલ અને બેફીકર રહેઊં. તેણીએ ૨૨ વરસની ઊમરે પોતાનો પરાણ પોતાના કીરતારને સવાધીન કીધો. આવી નેક અને ભલી ઓરતના મરણથી તેના વાહાલા ભરતારને કેટલું દુખ ઊપજીઊં હશે તેનો સેહેજ વીચાર વાંચનારીઓ કરી શકશે.

---

## પંજાબ પરાંતનો જાણવાજોગ હેવાલ.

—o—

બાઈઓ, હીંદુસથાન મધે પંજાબનો પરાંત અસલથીજ ઘણો નામીચો તથા પરખીઆત થએલોછે. એ પરાંત ઘણો મોટો અને ફલવંત છે. કેટલાએક લોકો એ પરાંતને હીંદુસથાનનો ભાગ કરીને કેહેછે. ઈંગરેજ સરકારના હાથમાં એ પરાંત આવેઆને આજ નજદીક દસ વરસ થઓંછે. હીંદુસથાન મધે ઈંગરેજોના હાથમાં એ પરાંત ઘણોજ ઊપીઓગી તથા અગતનો થઈ પડેઓછે. પંજાબનો પરાંત હીંદુસથાનની ઊતર પશચમ હદ ઊપર આવેલોછે. તેની વસતી આશરે ૪૭ લાખ આદમીની ગણવામાં આવીછે. તે મધે બે ભાગ મુસલમાન અને એક ભાગ હીંદુઓનોછે. મુખીઅ વસતી સીખ, આફગાન અને કાસમીરના લોકોની કેહેવાએછે. એ પરાંત મધેથી ઈંગરેજ સરકારને દર વરસે ૨॥ કરોડ રૂપીઆની મેહસુલ ઊપજેછે. પંજાબની ઘણામાં ઘણી લંબાઈ ૬૦૦ માઈલની અને પોલાઈ ૮૫૦ માઈલનીછે. સઘળી મલીને ૫૦ હજાર ચોરસ માઈલ જમીન કેહેવામાં આવેછે.

એ પરાંત મધેથી પાંચ મોટી નદીઓ વેહેછે અને તે સઘળી નદીઓ સીંધુ અથવા અટક નદીને જઈને મલેછે. એ ઊપરથી એ પરાંતનું નામ પંજાબ પડીઊંછે. પંજાબનો અરથ ફારસી જુબાનમાં પાંચ પાંણી અથવા પાંચ નદી કરીને થાએછે. પંજાબની ઊતર તરફનો ભાગ પાહાડીછે અને તે કોહીસતાનને નામે ઓલખાએછે. તે ભાગ તરફથી નીમક, ફટકી, ગંધક, સુરોખાર અને કોલસો નીકળેછે. પંજાબના કેટલાએક ભાગોમાં ચોખા, ગંઊ, જુદી જુદી જાતની દાલ, સેરડી, તંબાકું અને બીજી કેટલીએક ચીજો પુશકલ પાકેછે. કાશમીર મધે ઉંચામાં ઉંચી શાલ વણ

વામાં આવેછે. એ શાલ આખી દુનીઆમાં ઘણી વખણાએછે. કાશમીરના ગલેચાબી ઘણા ઊંચા કેહેવાએછે.

પંજાબના લોકો શરીરે ઘણા મજબુત અને કદાવર ગણાએછે. તેઓ હીંદુસથાનના બીજા લોકો કરતાં લડાઈમાં વધારે હીંમતવાન તથા વધારે સુરા કેહવાએછે. સીખ લોકો વેપાર તથા ખેડુતનો ધંધો કરતા તોપણ તેઓમાં લડાઈના અથીઆરો કમરે બાંધવાની ચાલ ઘણી સાધારણ હતી. શીખ લોકોના પરગણા મધે રેહેનારા મુસલમાનો ઘણુ કરીને ઘણીજ માદી તથા કંગાલ હાલતમાંછે. તેઓ જમીન ખેડીને તથા મજુરી કરીને મોટી મુશકેલીથી પોતાનું પેટ ભરી શકેછે. તે બીચારા કંગાળ લોકોની તરફ તાંહાંના બીજા મુસલમાન લોકોનો એટલોતો ધીકારછે કે તેઓને મસીદમાં બંદગી કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. શીખ લોકોનો મોટો ભાગ તંબાકુ વાપરતો નથી પણ તેની જગોએ તેઓ અફીમ, દારૂ અને ભાંગનો ઊપીઓગ અતીસે કરેછે.

શીખ લોકોના ધરમનો પએઓ નાખનાર ગુરૂ નાનક કરીને એક મોટો આચારી થઈ ગએઓછે. એ આચારી ઈસવી સન ૧૪૧૯ માં પંજાબના ભાટી નામનાં પરગણા મધે જનમેઓ હતો. ગુરૂ નાનકને શીખ લોકો બહુ માન આપેછે. એ આચારીને પેટે બે છોકરા થએઆ હતા અને તેઓની ઓલાદ મધેથી હાલ ઘણા કુટંબો ઊભાં થએઆંછે. તે કુટંબના સઘળા પુરશોને તેમની લાએકી પરમાણે થોડું ઘણુ માન હજુ તુલીક મલેછે. નાનકની દસમી ઓલાદે ગુરૂ ગોવીંદ નામનો જે ધરમાચારી પેદા થઓ તેનેબી લોકો સારી પેઠે ઓલખેછે. ગુરૂ ગોવીંદના વખતથી શીખ લોકોની કીરતી તથા મોટાઈમાં અતીશે વધારો થએઓ. એ સબબને લીધે તેઓ જેટલું માન ગુરૂ નાનકને આપેછે તેટલુંજ માન ગુરૂ ગોવીંદનેબી તેઓ હાલ આપેછે. ગુરૂ ગોવીંદમાં ધરમાચારી લેખેબી ઘણા સારાં ગુણો હતા. નાનકની પછી તેના કેટલાએક ચેલાઓએ નાનકની કીરતીને ઝાંખ લગાડી હતી તે ગુરૂ ગોવીંદે પાછી તાજી કીધી હતી. ગુરૂ ગોવીંદ ઓરંગજેબ બાદશાહાના વખતમાં થઈ ગએઓછે અને દખણ મધે ઈસવી સન ૧૭૦૮ માં મરણ પામેઓ હતો. એના મરણ પછી દખણ મધે તેના નામનું દેહેરૂ બાંધવામાં આવીઊંછે અને તે ઠેકાણે સેંકડો શીખ લોકો જાતરા કરવાને જાએછે. ગુરૂ ગોવીંદની ઓલાદના લોકો જેઓ ધરમાચારીમાં ખપેછે તેઓ વેરાગીના દેખાવમાં રેસમી કપડાં પેહરીને પાલખીમાં ફરવા નીકળેછે. શીખ લોકો તેમને હજુર સુધી ઘણું માન આપેછે.

પંજાબ મધે લાહોર, કાશમીર, મુલતાન, અમ્રતસર, એ મુખીઅ શેહેરો ગણાએછે. તે મધે લાહોર સરવેથી વધારે મોટુંછે. લાહોર શેહેરની આસપાસ ઊંચી દેવાલછે. એ દેવાળ ઘણી મજબુત નથી તે ઊંચાઈમાં ૩૦ ફુટછે અને તેનો સઘલો ઘેરાવો સાત માઈલનોછે. લાહોર મધે જાંહાગીર સેહનશાહાની મોટી અને નામીચી ઘોરછે અને શાહાજાનનો નામીચો અને વખણાએલો બાગછે. તેની કુલ વસતી ૧ લાખ ૧૦ હજાર આદમીની ધારવામાં આવીછે. અમરીતસર શીખ લોકોનું પવીતર શેહેર ગણાએછે.

ઈસવી સન ૧૫૨૦ માં સુલતાન બાબરે પંજાબ ઊપર ફતે મેળવી હતી; અને લાહોર મધે પેહલવેહેલી પોતાની ગાદી સથાપી હતી. તાર પછી પંજાબ મધે ઘણી ઊથલ પાથલ થઈ હતી અને કેટલીએક મુદત લગી પંજાબનો પરાંત કાબુલના આફગાન લોકોના હાથમાં રહેઓ હતો. પણ દીહલીના સેહનશાહ આઊરંગજેબના મરણ પછી શીખ લોકોએ પંજાબના જુદા જુદા ભાગો મધે પોતાનો કાબુ બેસાડવાની તજવીજ કીધી. તે તજવીજમાં તેઓ ઘણેએક દરજજે ફતે પામેઆ પણ તેઓ માહોમાહે લડાઈ અને ફીસાદ કરતા હતા તેથી તેઓના રાજની આબાદાની થઈ નહીં. આખેર ૧૮૦૫ ના વરસમાં રનજીતસીંગ નામનો નામીચો અને સુરો સરદાર જાગી ઊઠેઓ. તેણે સઘળો ફીસાદ બેસાડીને આખા પરાંત ઊપર ફતે મેળવી. સીખ લોકોની કીરતી અને મોહોટાઈ આ નામીચા સરદારે વધારી મુકી. આ વેળાએ રંનજીતસીંગની ઊમર આસરે ૪૦ વરસની હતી. તે આંખે કાંણો હતો પણ તેનામાં પરાકરમ અને બળ ઘણુ ભારે હતું. તે ઈસવી સન ૧૮૩૯ માં પોતાની જઈફ અવસથામાં મરણ પામેઓ. તેના મરણ પછી તેના કુટંબમાં ભાઈઓ ભાઈ અને સગાવાહાલા વચે એટલો ખધો મીનાકસો અને ફીસાદ ઊઠેઓ કે તેનું પરીણામ માઠું ઊપજેઆ વગર રહેઊં નહીં. એ ફીસાદ નજદીક ૯ વરસ લગી ચાલેઓ. ખરકસીંગ, શેહેરસીંગ અ

ને તારાસીંગ કરીને તેના તરણ બેટા હતા તેઓ ફીસા દ અને મારામારીમાં એક પછી એક મરણ પામેઆ. આખેર દુલીપસીંગ જે રંનજીતસીંગનો બાલક બેટો હતો તેને ગાદીનો માલેક ઠેરવેઓ. પણ દુલીપસીંગ હજુર નાહાની ઊમરમાં હતો. તેથી રાજનો કારોબાર તેની મા ચંદા રાણીને સોપવામાં આવેઓ. એવું છતાં પણ ફીસાદ અને ટંટો નરમ પડેઓ નહીં અને ઈંગરેજ સરકારને વચમાં પડવું પડીઊં. ઈંગરેજ સરકારે પોતાની નેઘેબાની તલે રાજનો કારોબાર ચલાવવાનું કામ ચંદા રાણીને સોપીઊં. પણ ચંદા રાણીએ ઈંગરેજ સરકારને હાંકી કાહડવાની છુપી ગોઠવણ કીધી તે ૧૮૪૭ માં ઈંગરેજોને જાહેર થઆથી રાણીને કેદ કરીને કાસી તરફ મોકલી દીધી. પણ તાર પછી ફીસાદ ઘટવાને બદલે ઊલટો વધી પડેઓ. ઈસવી સન ૧૮૪૮ માં મુલતાનના મુલરાજે દંગો ઊઠાવેઓ. તે દંગો બેસાડી નાખવાને ઈંગરેજ સરકારને એક મોટી લડાઈ કરવાની જરૂર પડી. એ લડાઈમાં ઈંગરેજો ઝીતેઆ અને ૧૮૪૯ ના મારચ મહીનામાં પંજાબનું સઘળું રાજ ઈંગરેજ સરકારને તાબે થએઊં. એ લડાઈમા "કોહેનુર" નામનો મોટો અને વખણાએલો હીરો ઈંગરેજોના હાથમાં આવેઓ. જે આપણી નામદાર રાણીના હસતકમાંછે. દુલીપસીંગને દર વરસે ૪ લાખ રૂપીઆનો લવાજમ આપવાનું ઠેરવીઊં; એવી સરતે કે ઈંગરેજ સરકાર જે ઠેકાંણે રેહવાને ફરમાવે તે ઠેકાંણે એ સાહાજાદાએ રેહવું. એ સાહાજાદો હાલ ઈંગલંડ મધે છે તે તમો જાણતાં હશો. પંજાબનો પરાંત ઈંગરેજોના હાથમાં આવેઆ પછી તેની હાલત સુધરીછે. ગએઆ બે વરસઊપર જે બળવો ઊઠેઓ તે હીંગામમાં પંજાબના લડાઈખોર બાહાદુર લોકો મુંગા રેહશે અને ઈંગરેજ સરકારની સામે નહીં થાએ એવું કોઈએ ધારીઊં નહીં હતું. પણ સર હેનરી લારેંસ તથા તેનો ભાઈ સર જાન લારેંસ જેવા નામીચા સરદારોએ થોડી મુદતમાં તાંહાના લોકોનો પેઆર એટલોતો મેળવેઆ હતા કે એ લોકો ઈંગરેજ સરકાર તરફ વફાદાર રહેઆ.

---

## ઈઉનાન દેશનો સીકંદર બાદશાહા.

—o—

વાંચનારી બાઈઓ, સીકંદર બાદશાહાનું નામ કોઈ વેળાએ તમારા કાન ઊપર પડીઊં હશે. એ બાદશાહાનું નામ દુનીઆના ચારે ખંડમાં પરસીધ થએલુંછે. એ બાદશાહા બે હજાર કરતાં વધારે વરસની વાત ઊપર થઇ ગએઓછે. એના વખતમાં જેટલી દુનીઆ જણાઈ હતી તેટલી દુનીઆના સઘળા ભાગ ઊપર એ બાદશાહે ફતે મેળવી હતી. એ જગપરસીધ બાદશાહાની જીંદગીનો થોડોએક અગત જોગ હેવાલ તમોને ઊપીઓગી તેમજ પસંદ પડતો થઆ વગર રેહશે નહીં. સીકંદર બાદશાહાને કેટલાએક લોકો "આલેકજાનડર ધી ગરેટ" ને નામે ઓલખે છે. તેના બાપનું નામ ફીલીપ કરીને હતું. ફીલીપ માસીડોન દેસનો બાદશાહા કેહવાતો હતો. ઈસુ ક્રાઈસટની ૩૫૫ વરસ અગાઊ એટલે આજ ૨૨૧૪ વરસની વાત ઊપર સીકંદર બાદશાહાનો જનમ થઓ હતો. એ બાદશાહાની માનું નામ "ઓલીમપસ" કરીને હતું. સીકંદર જનમેઓ તારે તેના દેખાવ ઊપરથીજ કેટલાએક લોકોએ કલપના કીધી કે એ એક મોટો અને પરતાપી બાદશાહા થશે. સીકંદર બાદશાહે નાહાન પણમાં આરીસટાટલ નામના નામીચા ફીલસુફ આગલ પાંચ વરસ લગી કેળવણી લીધી હતી. સીકંદરનો બાપ લડાઈ કરવાને નીકળેઓ તારે મસીડોનનું રાજ સીકંદરને સોંપીને ગઓ. આ વખતે સીકંદરની ઊમર ફકત ૧૫ વરસની હતી. તો પણ તેણે પોતાના બાપની ગેર હાજરીમાં રાજકારોબાર ઘણીજ સારી રીતે ચલાવેઓ એટલુંજ નહીં પણ પોતાના મુલક મધે એક મોટું હુલ્લડ થએઊં હતું તે એકદમ બેસાડી મુકીઊં. તાર પછી તરત પોતાના બાપને લડાઈના મેદાનમાં મદત કરવાને નીકલેઓ અને એક લડાઈમાં તેનો જીવ બચાવેઓ. તેનો બાપ ફીલીપ તેની મા ઓલીમપસ સાથે છુટા છેડા કરીને "કલીઓ પેટરા" નામની બીજી ઓરત સાથે પરણેઓ તારે સીકંદરને ઘણોજ ગુસો ઊપજેઓ. નવી રાણીના ભાઈ જે બાદશાહાનો માનીતો થઈ પડીઓ હતો તેને એકદમ સીકંદરે મરાવી નખાવેઓ અને પોતે પોતાની મા ઓલીમપસની સાથે જઈને રહેઓ. પણ થોડી મુદત પછી તેને તરતજ પાછો બોલાવેઆમાં આ

વેઓ. તેના આવેઆ પછી કેટલાએક લોકો જેઓ તેનો બાપની ચાલથી ઘણાંજ નારાજી થઆ હતા તેઓએ ફીલીપને મારી નાખેઓ. સીકંદર બાદશાહે પોતાનાં બાપનું ખુન કરનારાઓને પકડેઆ અને તેઓને ઘટતી સજાએ પોહાચાડેઆ.

તાર પછી સીકંદર બાદશાહ માસીદોનની ગાદી ઊપર બેઠો. પોતાનાં ડાહાપણ અને સારા સભાવથી લોકોનો પેઆર જલદીથી મેળવેઓ. કેટલાએક આસ પાસના પરગણાઓ તથા મુલકો ઊપર ફતે મેળવેઆ પછી આખા ઈઊનાન (ગરીસ) દેશના તમામ લશકરનો તેણે જમાવ કીધાં. ઈરાનીઓએ ગુસતાસપ અને બીજા બાદશાહોની સરદારી હેઠલ ઈઊનાન દેશના કેટલાએક આબાદ અને મોટા શેહેરોનો ડાટ વાળીને એ શેહેરોને પાએમાલ કરી નાખેઆં હતાં તેટલા માટે ઈરાનીઓની ઊપર ચહડાઈ કરવાનો તેણે નીશચે કીધો. ૩૨ હજાર પાએદલ અને ૫ હજાર ઘોડે સવારની સાથે તેણે ઈરાન તથા એશીઆના બીજાં કેટલાંએક મુલકો ઊપર ફતે મેળવી. "ટાઅર" નામના નામીચા શેહેરની આસપાસ સાત મહીના તુલીક ઘેરો રાખેઆ પછી તે શેહેરબી લઈ લીધું અને તાંહાંના ૨૦૦૦ રેહવાસીઓને એકદમ કતલ કરી નાખેઆ. થોડી મુદતમાં તેણે મીડીઆ તથા સીરીઆ નામના નામીચા રાજો ઊપરે પોતાની હાકમી બેસાડી અને ઈરાન તથા મીસર દેશની ઊપર ફતે મેળવી. મીસર દેશ મધે "જુપીટર આમન" ના દેહેરાના બહરામણોને કેટલીએક મેલવેલી લુંટ આપી દીધી તે ઊપરથી તે પુજારીઓએ સીકંદરને પોતાના દેવનો છોકરો લેખીને દેવ જેટલું માન આપીઊં. મીસર દેશ મધે પોતાના નામનું એક શેહર બાંધીઊ જે "આલેકજાનરીઆ" ને નામે સરવે કોઈને આજ દીને મસહુરછે. જેઓ અતરેથી ઈંગલંડ તરફ સુવેજને રસતે જાએછે તેઓને એ શેહર મધે થઈને જવું પડેછે. એ શેહર વેપાર અને વેહવાહારના કામમાં હાલ ઘણુંજ ઊપીઓગી થઈ પડીઊંછે.

સીકંદર બાદશાહ ઈરાન તથા મીસર દેશની ફતે કરીને પાછો પોતાના મુલક તરફ ફરવાને બદલે આગળ વધેઓ અને ઠેઠ હીંદુસથાન શુધી આવેઓ. પોરસ નામના હીંદુ રાજાની સાથે સીંધુ નદી આગળ તેણે એક મોટી લડાઈ કીધી. તે લડાઈમાં તે ફતે પામેઓ અને આગળ વધવાની ધારણા રાખતો હતો પણ તેનાં લશકરી માણસો વધારે લડાઈ અને વધારે મંજલ કરવાને એટલાતો કંટાલી ગએઆ હતા કે તેને પોતાનાં લશકરને પાછુ મોકલવાની જરૂર પડી. પોતે વાહાણમાં બેસીને સીંધુ નદી પસાર કીધી અને ઠેઠ હીંદુસથાનની દખણ દશાએ હીંદી માહાસાગરછે તે મોહાસાગરમાં ફરીવળેઓ એટલી મોટી સફર કીધા પછી પોતાની સઘળી લુટ લઈને તે બાબેલાન શેહેર તરફ ગઓ. તાંહાં તે ઘણા દીવસ જીવેઓ નહીં. કેહેછે કે તેને દારૂ પીવાની અતીશે ટેવ હતી તેથી એકદમ ઘણો પીવાથી તેનું એકાએક મરતીઊ થએઊં. તે ૩૨ વરસની જુવાન વએમાં ૧૨ વરસ આઠ મહીના રાજ કરીને મરણ પામેઓ. કેટલાએક એવો શક લઈ ગએઆ કે તેના નામીચા સરદાર આનટી પેટરને તેની ચાકરીનો પુરો બદલો મળેઓ નહીં તેથી તેણે દારૂ પાઈને સીકંદર બાદશાહનો જીવ લીધો.

સીકંદરના મરણથી બાબેલાન શેહેરના લોકોની આંખમાંથી આંસુ પડેઆં અને આખું શેહેર દલગીરથી ભરાઈ ગએઊં. મીડ અને માસીદોનના લોકો ખુલલી રીતે બોલવા લાગેઆ કે એની ગાદીએ બેસવા લાએક કોઈબી પુરૂશ છેજ નહીં. જારે તે લડાઈમાં ઊભો રેતો હતો તારે તે એવીજ ખાતરી રાખતો હતો કે " હું ફતે થઆ વગર રેહેનાર નથી. " દરએક લડાઈમાં તે હીંમતથી બાહાર પડતો હતો અને પોતાનાં લશકર મધેનો એક હલકામાં હલકો શીપાઈ જેટલી મેહેનત અને સકતી સહન કરતો હતો તેટલી મેહેનત અને શકતી તે પોતે ખેંચતો હતો. તે જેમ જેમ વધારે ફતે મેળવતો ગઓ તેમ તેમ વધારે તેની મગરૂરી અને તેનો લોભ વધતો ગએઓ. તે ઈરાની લેબાસ પેહેરતો હતો અને એવું સમજતો હતો કે " મારા જેવું આખી જગતમાં કોઈ નથી. " તેનો લોભ એટલો વધેઓ હતો કે એક દીવસ પોતે બોલેઓ કે "અરે હું કેવો બે નશીબ છું કે મારે વાસતે જીહરવાને બીજો કોઈબી મુલક બાકી રહેઓ નથી." એમ બોલીને તેણે પોતાની આંખમાંથી આંસુ પાડેઆં. તે કોઈ કોઈ વેળાએ એટલોતો દારૂ ઢીંચતો હતો કે છેકજ ગાંડો બની જતો હતો. ઈરાન મધેનું પરસીપોલીસ નામનું શેહેર દારૂની કેફમાં આવીને બાલી નાખવાનો હુકમ કીધો તેથી એ નામીચુ અને પુરાતન શેહર તારાજ થ

ઈ ગઈ અને તે મધેના સેંકડો દફતર ખાના બલી ને ખાખ થઈ ગઆં. આ સઘળા દુરગુણ છતાં સીકંદર બાદશાહા સાચાઈને ચાહતો હતો અને પોતાની માતા ઊપર ઘણુ હેત રાખતો હતો. એક તેના અમલદારે તેની બાહાદુરી વીશે એકદમ હદથી જીઆદા તારીફ કરીને એક કવીઆ રચીઊં હતું તે જારે તેની આગળ વાંચવામાં આવીઊં તારે તરત તે વાંચનાર પાસેથી ખેંચી લઈને નદીમાં નાખી દીધું અને બોલેઓ કે "એટલી બધી બડાઈ અને ભડાઈ કરવાની શી જરૂર છે? ખોટો મરી મસાલો લગાડેઆ વગર શું શીકંદર બાદશાહાના પરાકરમ પોતાની મેળેજ કીરતી ભરેલાં નથી?" એક વખત તેના પરધાને તેની મા વીશે ફરીઆદ કીધી કે તે રાજ કારોબારમાં વચે પડેછે. તેના જવાબમાં તેણે લખી જણાવીઊં કે "ગમે તે થાઓ અને તું ગમે એટલી ફરીઆદ લખી મોકલ પણ મારી માના આંખમાંથી એક આંસુનું ટીપુ પડશે તે મારા થી સહન થઈ શકવાનું નથી." સીકંદરબાદશાહા પોતાના મીતરો સાથે ઘણી માએઆળુ અને સલુકાઈ ભરેલી રીતે ચાલતો હતો. તેનાં અમલદારોએ પુછીઊં કે એના મરણ પછી તેની ગાદી ઊપર કોને બેસાડવો? તારે તેણે જવાબ દીધો કે તમારામાં જે કોઈ સહુથી લાએક હોએ તેને બેસાડજો. સીકંદર બાદશાહા પોતાના ગુરુ આરીસટાટલને ચાહતો હતો અને તેને પુસતકો કાહડવા વાસતે નાણાની મદદ કરતો હતો.

---

## જીવકોર અને તેણીનું કુટંબ.

(લવલવ અને ટકટક.)

કોઈ સામલદાસ નામના વાણીઆની જીવકોર નામની ઓરત હતી. તે સવારના પોતાનાં બીછાના ઊપરથી ઊઠે તે રાતના સુવે તાંહાં સુધી પોતાના ચીઢ ભરેલા સભાવને લીધે લવલવ અને ટકટક કરેઆ કરતી હતી. તે રસોઈ કરતી હતી કે બચાંને ધવાડતી હતી, ભરત ભરતી હતી કે નીરાંતે બેસતી હતી તોપણ તેણીનો ભીજાસ રોજ વાતમાં જતો હતો અને પોતાના ભરથાર સાથે, પોતાના ચાકર સાથે, પોતાના બચાંકુચાં અને નણંદ ભોજાઇ સાથે હરએક વાતમાં લવલવ અને ટકટક, ગોંધાટ અને ગડબડ કરી મુકતી હતી. આવો ખરાબ ચીઢ ભરેલો સભાવ તે નાહાનપણમાંથી શીખી હતી; કારણ તેણીની મા પણ વારેવાર હરએક વાતમાં ચીડાઈ જતી હતી અને આખો દાહાડો ઘરમાં લવલવ અને ટકટક કરતી હતી. પોતાની માને જોઈને જીવકોરબી તેમજ કરવાને શીખી અને જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેની લવલવ અને ટકટક કરવાની ટેવ વધતી ગઈ. તે પીઅર રેહેતી હતી કે સાસરે જતી હતી પણ બેહુ ઠેકાણે તે પોતાની ટકટકથી એટલો કંટાલો ઊપજાવતી હતી કે બેહુ ઘેરોમાં કોઈ દીવસે સુખી અને ખુસી ભરેલો દેખાવ જોવામાં આવતો નહીં હતો. તે બચાં કચાંની મા થઈ તારપછી તે એટલી બધી ચીડાણી થઈ ગઈ કે દર ઘડીએ અને દર પલે તે ચીડાઈ જતી હતી અને લવલવ તથા ટકટક કરવાનો તેનો એક ધંધો થઈ પડેગો હતો. જીવકોરનો ચેહેરો સોભીતો અને ખુબસુરત હતો પણ તેણીના ચીઢ ભરેલા સભાવને લીધે એવોતો કડવા જેવો થઈ પડતો હતો કે કોઈબી માણસ તેણીના મોહોડા સામુ જોવાને મુદલ ખુસી નહીં હતું. તે પોતાના ઘરનું કામ કાજ કરવામાં ઘણી ચપલ અથવા ચાલાક રેહેતી પણ તેણીના ચીડ ભરેલા સભાવને લીધે તેણીના કુટંબમાં સુખી અને ખુસી ભરેલો દેખાવ કોઈ દીવસે મજરે પડતો નહીં હતો. તેણીનો સભાવ માઆળુ અને દઆળુ હતો; તે પોતાના ધરમ ઊપર ઘણી ચુસત રેહેતી હતી; પણ અફસોસ તે કદી પોતાને અથવા પોતાનાં કુટંબને એક ઘડીનોબી આરામ આપતી નહીં હતી. તે પોતાના કુટંબની ઊપર પેઆર રાખતી હતી અને એવું સમજતી હતી કે હું તેઓને વાસતે મેહેનત કરૂછું" પણ તેણીના પેઆરથી અને તેણીની મેહેનતથી તેણીના કુટંબને કોઈબી દીવસે સુખ ઊપજીઊં નહીં.

તેણીનો ભરથાર સામલદાસ ઘણોજ કંટાલી ગએઓ હતો પણ તેને દરરોજ લવલવ અને ટકટક સાંભલવાની ટેવ પડી ગએઆથી તેનું મન કઠંણ અને જડ થઈ ગએઊં હતું. તે ઘરમાં ઘણોવાર બેસતો નહીં હતો. તે બેઠો હોએ અને જીવકોરની લવલવ અને ટકટક કરવાની કાતર ચાલવા માંડતી કે તરત બીચારો પાઘડી ઘાલીને બજારમાં પોતાના એક મીતરની દુકાને જઈને બેસતો હતો. જીવકોરના બચાંઓની હાલત દએઆ ઊપજવા જોગ થઈ પડી હતી. તેઓને બચપણના ખીલતા વખતમાં હરએક વાતમાં ચીડાઈ

ઈ ગઈ અને તે મધેના સેંકડો દફતર ખાના બલીને ખાખ થઈ ગઆં. આ સઘળા દુરગુણ છતાં સીકંદર બાદશાહા સાચાઈને ચાહતો હતો અને પોતાની માતા ઊપર ઘણુ હેત રાખતો હતો. એક તેના અમલદારે તેની બાહાદુરી વીશે એકદમ હદથી જીઆદા તારીફ કરીને એક કાંવીઅ રચીઊં હતું તે જારે તેની આગળ વાંચવામાં આવીઊં તારે તરત તે વાંચનાર પાસેથી ખેંચી લઈને નદીમાં નાખી દીધું અને બોલેઓ કે " એટલી બધી બડાઈ અને ભઠાઈ કરવાની શી જરૂર છે ? ખોટો મરી મસાલો લગાડેઆ વગર શું શીકંદર બાદશાહાના પરાકરમ પોતાની મેળેજ કીરતી ભરેલાં નથી ? " એક વખત તેના પરધાને તેની મા વીશે ફરીઆદ કીધી કે તે રાજ કારોબારમાં વચે પડેછે. તેના જવાબમાં તેણે લખી જણાવીઊં કે " ગમે તે થાઓ અને તું ગમે એટલી ફરીઆદ લખી મોકલ પણ મારી માના આંખમાંથી એક આંસુનું ટીપુ પડશે તે મારાથી સહન થઈ શકવાનું નથી. " સીકંદરબાદશાહા પોતાના મીતરો સાથે ઘણી માએઆળુ અને સલુકાઈ ભરેલી રીતે ચાલતો હતો. તેનાં અમલદારોએ પુછીઊં કે એના મરણ પછી તેની ગાદી ઊપર કોને બેસાડવો? તારે તેણે જવાબ દીધો કે તમારામાં જે કોઈ સહુથી લાએક હોએ તેને બેસાડજો. સીકંદર બાદશાહા પોતાના ગુરૂ આરીસટાટલને ચાહતો હતો અને તેને પુસતકો કાહડવા વાસતે નાણાની મદદ કરતો હતો.

---

## જીવકોર અને તેણીનું કુટંબ.

—o—

(લવલવ અને ટકટક.)

કોઈ સામલદાસ નામના વાણીઆની જીવકોર નાંમની ઓરત હતી. તે સવારના પોતાનાં બીછાના ઊપરથી ઊઠે તે રાતના સુવે તાંહાં સુધી પોતાના ચીઢ ભરેલા સભાવને લીધે લવલવ અને ટકટક કરેઆ કરતી હતી. તે રસોઈ કરતી હતી કે બચાંને ધવાડતી હતી, ભરત ભરતી હતી કે નીરાંતે બેસતી હતી તોપણ તેણીનો ગીજાસ સેજ વાતમાં જતો હતો અને પોતાના ભરથાર સાથે, પોતાના ચાકર સાથે, પોતાના બચાંકચાં અને નણંદ ભોજાઈ સાથે હરએક વાતમાં લવલવ અને ટકટક, ગોંધાટ અને ગડબડ કરી મુકતી હતી. આવો ખરાબ ચીઢ ભરેલો સભાવ તે નાહાનપણમાંથી શીખી હતી; કારણ તેણીની મા પણ વારેવાર હરએક વાતમાં ચીડાઈ જતી હતી અને આખો દાહાડો ઘરમાં લવલવ અને ટકટક કરતી હતી. પોતાની માને જોઈને જીવકોરબી તેમજ કરવાને શીખી અને જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેની લવલવ અને ટકટક કરવાની ટેવ વધતી ગઈ. તે પીઅર રેહેતી હતી કે સાસરે જતી હતી પણ બેહુ ઠેકાણે તે પોતાની ટકટકથી એટલો કંટાલો ઊપજાવતી હતી કે બેહુ ઘેરોમાં કોઈ દીવસે સુખી અને ખુસી ભરેલો દેખાવ જોવામાં આવતો નહીં હતો. તે બચાં કચાંની મા થઈ તારપછી તે એટલી બધી ચીડાણી થઈ ગઈ કે દર ઘડીએ અને દર પલે તે ચીડાઈ જતી હતી અને લવલવ તથા ટકટક કરવાનો તેનો એક ધંધો થઈ પડેઓ હતો. જીવકોરનો ચેહેરો સોભીતો અને ખુબસુરત હતો પણ તેણીના ચીઢ ભરેલા સભાવને લીધે એવેંનો કડવો જેવો થઈ પડતો હતો કે કોઈબી માણસ તેણીના મોહોડા સામુ જોવાને મુદલ ખુસી નહીં હતું. તે પોતાના ઘરનું કામ કાજ કરવામાં ઘણી ચપલ અથવા ચાલાક રેહેતી પણ તેણીના ચીડ ભરેલા સભાવને લીધે તેણીના કુટંબમાં સુખી અને ખુસી ભરેલો દેખાવ કોઈ દીવસે નજરે પડતો નહીં હતો. તેણીનો સભાવ માઆળુ અને દઆળુ હતો; તે પોતાના ધરમ ઊપર ઘણી ચુસત રેહેતી હતી; પણ અફસોસ તે કદી પોતાને અથવા પોતાનાં કુટંબને એક ઘડીનોબી આરામ આપતી નહીં હતી. તે પોતાના કુટંબની ઊપર પેઆર રાખતી હતી અને એવું સમજતી હતી કે હું તેઓને વાસતે મેહેનત કરૂછું " પણ તેણીના પેઆરથી અને તેણીની મેહેનતથી તેણીના કુટંબને કોઈબી દીવસે સુખ ઊપજીઊં નહીં.

તેણીનો ભરથાર સામલદાસ ઘણોજ કંટાલી ગએઓ હતો પણ તેને દરરોજ લવલવ અને ટકટક સાંભલવાની ટેવ પડી ગએઆથી તેનું મન કઠણ અને જડ થઈ ગએઊં હતું. તે ઘરમાં ઘણીવાર બેસતો નહીં હતો. તે બેઠો હોએ અને જીવકોરની લવલવ અને ટકટક કરવાની કાતર ચાલવા માંડતી કે તરત બીચારો પાઘડી ઘાલીને બજારમાં પોતાના એક મીતરની દુકાને જઈને બેસતો હતો. જીવકોરના બચાંઓની હાલત દએઆ ઊપજવા જોગ થઈ પડી હતી. તેઓને બચપણના ખીલતા વખતમાં હરએક વાતમાં ચીડાઈ

જવાની તથા ટકટક અને લવલવ કરવાની કેળવણી મળી હતી. તેઓનું દીલ પણ પોતાની માતાની વારે વારની ધમકી સાંભળીને કઠોર થઈ ગએલું હતું. તે ઓથી પોતાના બાપની સાથે અને ચાકરોની સાથે ટકટક કરવાને અને તેઓની સામે બોલવાને શીખેઆ. જીવકોર પોતાના મનમાંતો સમજતી હતી કે તેણીના આવા નઠારા સભાવથી તેણીને કોઈ ચાહતું નહીં હતું અને તેણીનો ભરથાર તથા ચાકર અને નણંદ લો જઈ જેમ બને તેમ તેનાથી દુરના દુર રેહેતા હતા. એવું જાણેઆ છતાં તે પોતાનો નઠારો સભાવ છોડી શકી નહીં. તે દર રોજ પોતાના દીલમાં બલેઆ જ લેઆ કરતી હતી. આખેર તેણીના બલાપાને લીધે મોતના દીવસ નજદીક આવેઆ અને પોતાની ૨૪ વરસની જુવાન વએમાં દુનીઆ છોડીને ચાલતી થઈ.

વાંચનારી બાઈઓ ! તમોએ ઊપલી ઓરતના નઠારા સભાવથી ઊપજેલા પરીણામનો સાર જોઈ લીધો હશે. તેણીનો ભરથાર, તેણીના બચાં કચાં અને તેણીના સંગાવાળાં કાંઈબી સુખ પામેઆ નહીં. તેણીનું ઘેર એક દુખ અને કંટાળા ભરેલું બંધીખાનું થઈ પડીઊં. તેણીના બચાં તેવાજ નઠારા સભાવના ઊતપન થઓઆં. તે પોતે જુવાન વએમાં પોતાના ભરથારને તથા પોતાના બચાં કચાંને દુખી હાલતમાં મુકી પેલી જાહાન ચાલતી થઈ. એ સઘળા પરીણામ શા સબબથી નીપજેઆં ? ફક્ત એજ સબબ કે તેનો સભાવ ચીડ ભરેલો હતો. તેણીને ટકટક અને લવલવ કરવાની ટેવ પડી હતી. નાહાનપણમાં એ ટેવ થોડી હતી પણ આગળ જતાં મોટી ઊંમરે ઘણી વધી ગઈ હતી.

અરે વાંચનારી બાઈઓ ! તમે જો પોતે સુખી થવા માગતાં હોવ; તમે જો તમારા ભરતારને, તમારા બચાં કચાંને અને તમારા આખા કુટંબને સુખી કરવા ઈછતા હોવ તો હમે તમોને નમનતાઈથી અરજ કરીને કહીએછે કે તમારામાં ચીડ ભરેલો કંઈપણ સભાવ હોએ તે એકદમ કાહાડી નાખો. એવા નઠારા સભાવનો "ઓળો" પણ તમારા ઘર ઊપર પડવા દેશોમાં. એવા નઠારા સભાવનો સવાસ પણ તમારા ઘરમાં લેતા ના. જે ઘરમાં ઈશવરે તમને મુકેઆછે તે ઘેરનું સુખ વધારવાને તમે ઈછતા હોવ, તમે જો તમારાં બચાં કચાંનો તમારી ઊપર પેઆર વધારવા માગતા હોવ, તમે મરી ગએઆ પછી તમારા બચાં કચાં તમને માન આપીને ઈઆદ કરે એવું જો તમો ચાહતા હોવ તો કદી તમે ભવાં ચહડાવતા ના, કદી તમારો અવાજ ચીડ ભરેલો કઠોર કરી નાખતા ના, અને કદી તમારો મીજાસ તમારે હાથથી જવા દેતા ના. જે ઘરમાં એક ચીડાઊ અને ટકટક કરનારી ઓરત હશે તે ઘેરના કરતાં એક ગોશમાં જઈને તેનો ભરતાર બેસવાને વધારે પસંદ કરશે. જે ઘરમાં એક ચીડાઊ અને ટકટક કરનારી માતા હશે તે ઘરના કરતાં એક જંગળમાં જઈને બેસવાને હરએક બચું વધારે પસંદ કરશે. કાંઈ કારણ લીધે તમોને તમારા ઘરની ચાકરી કરવાને અથવા જતન રાખવાને બનતું નહીં હોએતો મુંગા મુંગા બેસીને તમારૂં હસતુજ મોહોડું રાખજો એટલે બસછે. જો તમારી ઊપર જંજાલ અને ફીકરનો બોજો આવી પડેઓ હોએતો તમારા ચીડ ભરેલા સભાવથી તેનો બોજો વધારતા ના. બાઈઓ ! તમે દરએક જણી જેમ બને તેમ તમારા કુટંબનું સુખ વધારવાની તજવીજ કરો, અને તેને વાસતે તમારામાં ચીડ ભરેલો સભાવ હોએ તે એકદમ દુર કરવાને તઈઆર થાઓ. તમારા રૂડા અને હસમુખા સભાવથી તમારા કુટંબને થોહડું ઘણુબી સુખ મળેઆ વગર રેહેનાર નથી.

---

## ઈરાનની લડાઈ—ફરોખખાન એલચી.

આજ નજદીક તરણ વરસની વાત ઊપર ઈંગરેજ સરકાર અને ઈરાન વચે લડાઈ ઊભી થઈ હતી તે વીશે તમોએ સાંભલીઊં હશે. એ લડાઈ ઊઠી ઊભી થવાનુ મુળકારણ એ હતું કે હેરાતનો કીલો જે હીંદુસથાન તથા ઈરાન દેશ વચેના મારગમાં આવેલોછે, તે કીલો ઈરાનના શાહે પોતાને હસતક કરી લીધો હતો. ઈંગરેજ સરકાર તથા ઈરાનની દરબાર વચે આગળ એવા કોલકરાર થઆ હતા કે હેરાતનો કીલો ઈરાનીઓએ કદી પોતાને હસતક રાખવો નહીં. પણ ઈરાનના શાહ નસરૂદીને એ કોલકરારથી ઊલટા ચાલીને એ કીલો પોતાને હસતક કરી લીધો. તેથી ઈંગરેજોને ભારે કરોધ ઊપજેઓ. ઈંગરેજ સરકાર સમજતી હતી કે એ કીલો જો ઈરાનના શાહાના હાથમાં રેહેશે તો ઈંગરેજ સરકારના હીંદુસથાન મધેના રાજને કોઈ વેળાએ મોટું નુકસાન ખ

મવું પડશે. એવી ધાસતી રાખવાનું કારણ એ કે ઈરાનની દરબાર મધે રૂસીઆન લોકોની સતા કેટલેએક દરજે ચાલી શકેછે અને ઈરાનના લોકો રૂશીઆનની મરજી પરમાણે ચાલવાની પોતાથી બનતી તજવીજ કરેછે. હેરાતનો કીલો હીંદુસથાન તથા ઈરાનની વચેના રસતામાં આવેઓ તેથી કદાચ કોઈ વખતે રૂશીઆનોને હીંદુસથાનમાં ઊતરી પડવાને સેહેલું થઈ પડે. એ મોટી ધાસતીને લીધે ઈંગરેજ સરકાર હેરાતનો કીલો ઈરાનના હાથમાં રહેલો જોવાને મુદલ ખુશી નહીં હતી. ઈંગરેજ સરકારે ઈરાનના શાહા ઊપર સંધેસો મોકલેઓ કે તેણે પોતાના કોલકરાર મુજબ એ કીલો એકદમ છોડી દેવો. ઈરાનની દરબારે ઈંગરેજ સરકારનું માગવું કબુલ રાખીઊં નહીં એ સબબને લીધે ઈંગરેજ સરકારને લડાઈ ઊઠાવવાની ફરજ પડી.

૧૮૫૬ ના નવેમબર મહીનામાં ઈંગરેજ સરકારે મુંબઈના બારામાંથી સોલ વાહણનો લશકરી કાફલો ઈરાન તરફ લડાઈને વાસતે રવાને કીધો. એ કાફલો ઈરાન મધે જઈ પોહોચેઓ અને તારીખ ૧૦ મી ડીસેમબરે ઈરાની લોકોનું બુશેર બંદર પોતાને હસતક કરી લીધું. તારપછી તારીખ ૮ મી ફેબરવારીને દીને બુશેરથી નજદીક ૫૦ માઈલને તફાવતે ઈરાની લશકરના સાત હજાર માણસો સાથે એક મોટી લડાઈ થઈ અને તેમાં ઈંગરેજો ફતે પામેઆ. એ લડાઈનો સરદાર સર જેમસ આઊતરામ નામનો નામીચો અમલદાર હતો. એ લડાઈ થઆ પછી ૧૮ દીવસે માહામરા તરફ એક મોટી લડાઈ થઈ, તેમાંબી ઈરાનીઓ માર ખાઈ નાઠા.

મહામરાની લડાઈ થએઆ પછી વધારે લડાઈ થઈ નહીં. ઈરાનનો એલચી ફરોખખાન જે ફરાંસ મધે હતો અને જેની તસવીર હમોએ આ બીનાની સાથે આપીછે તે તેવામાં ઈંગલંડ ગએઓ, અને ફરાંસના શેહનશાહાને વચમાં નાખીને ઈંગરેજ અને ઈરાનની દરબાર વચે કોલકરાર કરાવેઆ. એ કોલ કરારની બોલી એ હતી કે ઈરાનીઓએ હેરાતનો કીલો છોડી દેવો અને ઈરાનની દરબાર મધેના જે ઈંગરેજી એલચીને અપમાન મલીઊં હતું તેને ઘટતું માન આપીને પાછો ઈરાન મધે બોલાવવો.

ફરોખખાન સારા અને ઠંડા સભાવનો માણસ છે. જે લોકોનું એ દરબારી પુરૂશ સાથે કામ પડીઊંછે તેઓ એની ભારે વખાણ કરેછે. જારે તે પારીસ મધે હતો તારે મોટા દબદબા ભરેલા પોશાકથી ફરતો હતો. તેનો ચેહેરો તથા શરીરનો બાંધો ઘણો રોનકદારછે. ઈંગરેજી તથા ફરેંચ બાશાનું તેને ગનાનછે. ફરેંચ જુબાન એવીતો સારી જાણેછે કે કોઈ ઓલખી નહીં શકે કે તે ઈરાનીછે. તે ઈંગલંડમા ગએઓ તારે તેની મુલાકાતથી નામદાર રાણી ખુશી થઈ હતી. ઈરાનનો શાહા ફરોખખાન જેવા કાબેલ એલચીથી સઘળી વાતે સંતોશ પામેલો દેખાએછે.

---

## ખોરાક કેવી રીતે ખાવો જોઈએ !

તંદરોસત માણસને દાહાડામાં બે અથવા તરણ વખત ખોરાક ખાવો જોઈએ. જે માણસ સારી તંદરોસતી ભોગવતું હોએ તે જો સવારના નાસતો કરે, બપોરના ખાણું ખાએ અને રાતના હલકુ ખાણું તથા ચાહ ઈઆ કાફી પીએતો તે બસછે. તેથી વધારે વખત ખાવાની ટેવ રાખવી ન જોઈએ. ખોરાકમાં જેમ વધારે થોડી વાની તેમ વધારે સારૂ, કારણ તેથી પચવાનું કામ જલદીથી ચાલેછે. મીઠામાં નાખેલું ગોસ, ઘી તથા પનીર પચવાને જરા મુસકેલ પડેછે, અને નબલા કોઠાવાલા માણસને તેથી પેટ સાફ આવતું નથી. દર વખતે દરરોજ એકજ જાતનું પકવાન અને એક જ જાતની વાની ખાવી જોઈએ નહીં. જુદે જુદે વખતે પકવાનો જુદી જુદી રીતે બનાવવું જોઈએ. આખા દાહાડામાં સઘળો મલીને ૨૭ આંઊસ ખોરાક પેટમાં જાએ એટલે બસછે, તે મધે ચાર અથવા પાંચ આંઊસ જાનવરનો ખોરાક લેવો જોઈએ. જેઓ જાનવરના ખોરાક ખાતા નથી તેઓએ દરરોજ ઓછામા ઓછું શેર દુધ ખાના સાથે વાપરવું જોઈએ. જેઓને વધારે સખત મેહનત કરવી પડેછે તેઓને ઊપર જણાવેઆ કરતાં વધારે ખોરાકની જરૂર પડેછે. કેટલીએક જાતનો ખોરાક ઘણુજ થોડું કઊવત આપેછે તોપણ તે તદન બંધ કરવો જોઈએ નહીં. કારણ આપણા શરીરમાં તે બીજી રીતે ઊપીઓગનો થઈ પડેછે.

ખાતી વખતે અને ખાધા પછી થોડોએક વખત સુધી રમુજી અને ખુસી ભરેલી વાતો કરવાની ઘણી જરૂર

છે. કારણ તેથી ખોરાકને પચવાની શકતીને કઊવત મળેછે. રમુજી અને ગમત ઊપજાવનારી મંડળીમાંજરા ભારે ખોરાક ખાવામાં આવેછેતો તે જલદીથી પચેછે અને હલકો ખોરાક એકલા બેસીને ખાધો હોએ તો તે પચવાને વધારે વીલંબ લાગેછે. તેટલા માટે જે લોકો ખાતી વખતે પોતાની સાથે રમુજી અને ગમત ઊપજાવનારા સોબતીઓને અથવા મસકેરાઓને રાખેછે તેઓ વાજબી કરેછે. કેટલાએક રાજાઓ અને તવંગર લોકો જમતી વેળાએ પોતાની પાસે મસકેરા અને ઠોઠ્ઠા કરનારા રાખેછે તેઓ જો હદ તથા અંદાજો રાખીને મસકેરી ઠઠ્ઠા કરતા હોએ તો તેવા માણસો ઘણા ઊપયોગીછે. હરકોઈ માણસ પોતાના ઘરમાં એકલો બેસીને જમતો હોએ તો તેની ઓરતની ફરજછે કે પોતાના ભરતારને ખુશી અને રમુજ ઊપજે એવી હરએક વાતચીત ખાતાં ખાતાં કરાવવી.

ખોરાક ઊતાવળ કરીને ખાવો ન જોઈએ. ધીરજથી અને સારી પેઠે ચાવીને ખાવો જોઈએ. કેટલાએક લોકો ખાતી વખતે ઘણીજ ઊતાવળ કરેછે અને બરાબર ખોરાક ચાવતા નથી તેથી તેઓને ઘણુ નુકસાન થાએછે. ખોરાકને સારી પેઠે વખત લઈને ચાવવો જોઈએ અને થુક સાથે મળવા દેવો જોઈએ. એવું કીધાથી આપણા માદામાં જવાને લાએકનો થાએછે.

ખોરાક ખાધા પછી માદાની અંદર તરત એક જાતની ક્રીરીઆ થવા માંડેછે કે જેથી તેની હાલત બદલાઈ જઈને એવી થાએછે કે તેની અસર આખા શરીરમાં ફરી વળે. એ હાલત ખાધા પછી તરત બદલાઈ જવા માંડેછે તારે જરૂરનું એછે કે પેટ ભરીને ખાધા પછી થોડાએક વખત સુધી જેમ બને તેમ મનને અને તનને થોડી મેહેનત આપવી જોઈએ. ઈઆને ખાધા પછી પા અથવા અરધો કલાક આપણને દર રોજ આસાએસ લેવી જોઈએ અને પછી કામે વળગવું જોઈએ. જે બાઈઓ પોતાના છોકરાંઓને જમાડીને તરત નીશાળે મોકલતી હોએ તેઓએ નીશાળનાં વખતની અરધો કલાક અગાઊ પોતાના છોકરાઓને ખવડાવવું જોઈએ નહીં તો જમીને તરત કામે લાગેઆથી તંદરોસતીને નુકસાન પોહોચેઆ વગર રેહેતું નથી

નાસતો કરેઆની અગાઊ કોઈને કામ ઊપર જવું પડતું હોએ, અથવા હરએક કામ ઊપર લાગવું પડતું હોએ તો તેણે તે કામ સરૂ કરેઆની અગાઊ થોડું ઘણુ કાંઈબી ખાવું જોઈએ. કારણ ખાલી માંદાએ મેહેનત કીધાથી થાક જલદી ચહડેછે અને તેથી શરીરને ઘસારો પોહોચે. અને પછી હરએક દરદને જલદીથી તાબે થઈ પડેછે. ભુખે કોઠે કામ કરવું તે વીઆજને બદલે મુદલમાંથી નાણા ઊપાડવા બરાબર થઈ પડેછે. વાસતે થોડું ઘણુ કાંઈબી ખાધા વગર તદન ભુખે કોઠે કામ ઊપર વળગવું નહીં.

---

## બાદશાહા અને ગરીબ કુણબીઓની વાત.

—o—

(એક રમુજી બીના.)


દીલીનો એક બાદશાહા હતો. તેની આગળ એક જમીન ખેડનારો ગરીબ કુણબી કાંઈ ફરીઆદ કરવાને આવેઓ. તે કુણબી બીચારો બેસમજ, અણઘડ અને ગામડીઆ જેવો હતો તેથી તેણે બાદશાહાને સલામ કીધા વગર તથા બોલવા ચાલવામાં અદબ અંદાજો રાખેઆ વગર પોતાની ફરીઆદ કરવા માંડી. તેની આવી ચાલ જોઈને બાદશાહા ઘણો ગુસે થએો અને તરત કેદકરવાનો હુકમ કીધો. આ વાતની ખબર તે કુણબીના વડા ભાઈને પડેઆથી તે ઘબરાતો ઘબરાતો બાદશાહા પાસે આવીને અરજ કરવા લાગો કે મારા ભાઈને કેદખાનામાંથી છોડો. બાદશાહે કહેઉં કે "તારો ભાઈ એટલોતો બેશમજ કે મને સલામ કીધા વગર એકદમ ફરીઆદ કરવા લાગો." તે વડો ભાઈ બોલેઓ કે "સુલતાન સાહેબ હું એક સલામ તમને કરૂછું અને બીજી સલામ તમારી દુંદનેબી કરૂછું પણ તમે માહારા નાહાના ભાઈને છુટો કરો." બાદશાહા સાહેબની દુંદ જરા મોટી હતી તેથી તેને ઘણોજ ક્રોધ ચહડેઓ અને તેનેબી કેદ કરવાનો હુકમ કીધો. આ વાતની ખબર એ બેહુ કણબીઓના જઈફ બાપને થઓથી તે બીચારો આવેઓ અને બાદશાહાને હાથ જોડીને કેહેવા લાગો કે મારા બે છોકરાઓને કેદમાંથી છુટા કરો. બાદશાહે કહેઉં કે "ડોસા સાંભલ; તારા બેહુ છોકરાએ મારી સાથે ઘણીજ બે અદબી કીધીછે. તારા નાહાના છોકરાએ ફરીઆદ કરવાની અગાઊ મને મુદલ સલામ કીધી નહીં અને બીજા છોકરાએ એક સલામ

મને અને બીજી સલામ મારી હું'દને કીધી." તે ઘરડા ડોસાએ જણાવેશ' કે "મારો નાહનો દીકરો નાદાન છે તેથી તેણે સલામ કીધી નહીં અને મારો વડો દીકરો પણ જરા બેસમજ કે તેણે એટલોબી વીચાર ન કીધો કે બાદશાહા સાથે કામછે અને બાદશાહાની હું'દમાં શું દેવતા (આતસ) મુકયો હતો ?." એટલું બોલેછે કે તરત બાદશાહાને ઘણોજ કરોધ ચહડેઓ અને તેનેબી તરત કેદખાનામાં મોકલી દીધો. આ વીશેની ખબર સઘળા કુણબીઓમાં થઈ અને મોટો ગોંધાર થઈ રહેઓ. તે ઘરડા કુણબીનો એક પાસેનો સગો બાદશાહા પાસે આવેઓ અને કાળાવાળા કરીને કેહેવા લાગેઓ કે સુલતાન સાહેબ તમે મારા આંગરીઆ ભાઈને તથા તેના બે દીકરાઓને છોડી દેઓ. બાદશાહે "આંગરીઓ ભાઈ" એ બોલ કોઈ દીવસે સાંભળીઓ નહીં હતો તેથી તે કુણબીને પુછીશ' કે તમે "આંગરીઓ ભાઈ" કોને કેહે છો ? તારે તે મુરખે એવો જવાબ દીધો કે "બાદશાહાનો બાપ મરી જાએ અને બાદશાહાની મા નાતરે જાએ અને પછી બાદશાહાની માને પેટે જે છોકરો જનમે તે બાદશાહાનો આંગરીઓ ભાઈ લાગે." આવી રીતે બોલવાથી બાદશાહાને અતીસે ગુસો ઊપજેઓ અને બોલેઓ કે આવા બેઅદબ માણસને એકદમ કતલ કરી નાખવો જોઈએ પણ "હું તુંને કેદની શીખસા કરછું." આ વાતની ખબર કુણબીઓને પડેઆથી તેઓ સઘળા એકઠા થએઆ. અને તેઓએ પોતામાંથી બે સમજુ અને ડાહેઆ માણસોને શોધી કાહડેઆ, કે તેઓ બાદશાહા પાસે જઈને કેદ થએલા કુણબીઓને છોડવાની અરજ કરે. તે બે કુણબીઓએ ઠરાવ કીધો કે આપણે વધારે બોલવું નહીં પણ એટલું કેહેવું "બાદશાહા તું હમારો બાપછે અને હમે તમારા છોરૂં છઈએ; તારે જોઈએતો અમને માર અને જોઈએનો અમને ઊગાર." એટલા બોલો તેઓએ સારી પેઠે ગોખી લીધા અને પછી બાદશાહા પાસે જઈને બોલેછેતો ઊંધું બોલાઈ ગએશ'. તેઓનેબી તરત કેદ કરવામાં આવેઆ. પછી સઘળા કુણબીઓ ગળીને પરધાન પાસે ગએઆ. પરધાને એવી સહલા આપી કે બાદશાહાની બેગમના મેહલ આગળ ઊભા રહીને તમો સઘળા ફરીઆદ કરો. કુણબીઓએ તેમ કીધું. તેઓ સઘળા એકઠા થઈને બેગમના મેહલની પાસે ઊભા રહેઆ અને બોલવા લાગેઆ કે "હમારી ફરીઆદ કોઈ સાંભળતું નથી, આ રાજમાં હમારો કોઈ ધણી નથી વાસતે બેગમ તને ધણીઆણી જાણીને તારી પાસે આવેઆ છઈએ." બેગમને "ધણીઆની" કીધી તેથી તેણીને ઘણીજ રીસ ચહડી અને બાદશાહાને એ વાત જાહેર કીધી. બાદશાહે પોતાના પરધાનને બોલાવેઓ અને કહ્યું કે "સઘળા કુણબીઓ હેવાન અને બે મુરવતછે; તેઓને એકદમ આપણા રાજમાંથી કાહાડી મુક." પરધાને કહેશ' કે હજરત હું તમારો હુકમ માનવાને તઈઆરછું પણ કુણબીઓનું કામ બીજા કોને સોપવું તે મને જણાવો. કુણબી વગર અનાજ કોણ પકાવશે ? જમીન કોણ ખેડશે ! તેઓ નહીં હશે તો આપણી આખી વસતી અને આપણે જીવી કેમ શકસું ? કુણબીઓનું કામ બીજા કોઈથી થઈ શકવાતું નથી. તેઓ વગર ભણેલા, અણઘડ અને ગામડીઆ જેવા તેથી તેઓને બોલતા ચાલતાં આવડતું નથી. વાસતે તેઓના બોલવા ઊપર તમ જેવા બાદશાહે મુદલ નજર રાખવી નહીં. તેઓ આપણને કેટલા બધા ઊપીઓગીછે તે તરફ નજર કરો. વાસતે જે કુણબીઓને કેદ કીધાછે તે સઘળાઓને છોડી મુકો. બાદસાહાને વજીરનું બોલવું સમજ ભરેલું માલુમ પડીશ'. અને સઘળા કુણબીઓને છોડી દીધા.

આ વાત ઊપરથી બાઈઓ શું માલુમ પડે છે ? જેઓમાં થોડી સમજ અને થોડી બુધીછે તેઓની ઊપર તેમની એક ચુક અથવા ગફલતીને વાસતે કરોધ કરવો જોઈએ નહીં. તમારા બચાંઓ જેઓ નાદાન અને બે સમજછે, તમારા ઘરના ચાકરો જેઓ વગર કેળવાએલા અને વગર ભણેલાછે તેઓથી અણજાણપણે કાંઈ ચુક અથવા ગફલતી થઈ તો તેઓની ઊપર કરોધ રાખેઆને બદલે તેઓને માફ કરવું જોઈએ.

---

## આપણી પીવાની ચાહે.



વાંચનારી બાઈઓ, તમે જાણતા હશો કે જે ચાહે આપણે દર રોજ પીઇએછે તે ચીન દેશ મધેથી આવેછે. આસરે બસો વરસની વાત ઊપર ઈંગલંડ મધે કોઈએ ચાહેને પોતાની નજરે દીઠી નહીં હતી. ઈસવી શને ૧૬૫૦ માં ઈંગલંડ મધે પેહલી વેહલી ચાહે મોકલવામાં આવી હતી. પણ તે કેમ વાપરવી તે કોઈ જાણતા નહીં હતા. ઘણાએક લોકોએ ચાહેના પાતરાંને ભુંજીને તે મધેથી પાણી કાહાડી નાખીશં અને પાંતરાં ખાંવા લાગેઆ!! પણ તેઓએ થોડી મુદતમાં પોતાની ભુલ જોઈ અને સઘળા લોકો ધીમે ધીમે ચાહે વાપરવા શીખેઆ. ઈસવી સન ૧૬૬૭ માં ઈંગલંડ મધે વલંદાઓના દેશ મધેથી જે ચાહે જતી હતી તે તીસ રૂપીએ રતલ વેચાતી હતી. તેની તરણ વરસ અગાઊ અતરેની નામદાર કંપની સરકારે ઈંગલંડના બાદશાહ બીજા ચારલસને વાસતે બે રતલ ઊંચી ચાહે ભેટ દાખલ મોકલી હતી! હાલ ઈંગલંડ મધે તેમજ બીજા ઘણાએક મુલકમાં ચાહે કેટલી સાધારણ થઈ પડીછે તે સરવે કોઈ જાણેછે.

ચાહેનો રોપો મટલીના પાંતરાંની મીસાલે લીલો પાકેછે. તે તરણથી ૬ ફુટ શુધી ઊંચાઈમાં વધેછે. ચાહે સરવેથી ગરમ તેમજ સરવેથી ઠંડી જગોમાં ઊગેછે. વધારે સારી અને વધારે ઊંચી ચાહે પાહડી અથવા ટેકડાવાળી ઊંચી જમીન ઊપર ઊગેછે. ચાહેના જેટલા બીજ વાવવામાં આવેછે તેમાનો ફકત પાંચમોજ ભાગ ઘણુ કરીને ઊગેછે અને બાકીના ૨૬ જાએછે. પાહાડી અથવા ઊંચી જમીન ઊપર જે ચાહે ઊગેછે તે વાંદરાઓની મદદથી તોડવામાં આવેછે. ચાહેનો રોપો ફુટેઆ પછી તરણ વરસે પુખત હાલતમાં આવેછે અને તારપછી તરત પાતરાં તોડવામાં ચીનાઓ ગુંથાએછે. સાત વરસ લગી તે રોપાને રેહવા દેએછે તો તે માણસ જેટલો ઊંચાઈમાં વધેછે. પણ તે વેળાએ તે ઊપરથી ચાહેના પાતરાં ઘણાજ થોડાં નીકળેછે.

ઊંચી જાતના ચાહેના પાતરાં તોડવાને ઘણીજ સંભાલ તથા માવજત રાખવી પડેછે. પાતરાં તોડનારાઓ પોતાના હાથ અને પોતાનું આખું બદન સાફ અને સોજું રાખેછે. દીવસમાં તરણ ચાર વખત નાહાએછે. ખાવા પીવામાં પહરેજી પાળેછે કે રખેને ખરાબ સવાસ અથવા દમ ચાહે ઊપર પડેઆથી તેની સુંગંધીમાં બગાડ થઈ જાએ. કેટલાએક ચીનાઓ ઊંચી ચાહા તોડતી વખતે હાથમાં મોજાં પેહરેછે. દરએક માણસ દર રોજ ચારથી પંદર રતલ શુધી ચાહે એકઠી કરી શકેછે. ચાહે એકઠી કીધા પછી તેને ઘણીજ જતનથી સુકવેછે. સુકવવાને વાસતે એક ઓરડો બનાવેલો હોએછે તેમાં પાંચ, સાત અથવા વીસ ભઠી સલગાવેલી રાખેછે. ગરમીના જોરથી ચાહે સુકાઈ ગઆ પછી દીવટ વણે તેમ એકજ તરફથી વળ આપીને તેને વીટાળવામાં આવેછે. તારે પછી વાલેલા પાંતરાંની ઊપર પવન નાખવામાં આવેછે. પવનથી થોડા સુકાઈ ગઆ પછી કહડાઈઓમાં ના

ખીને ગરમી આપેછે. અને બાહાર કાહાડીને તેઓને ફરીથી વળ દેએછે. એ પરમાણે તરણ ચાર વંખત તેઓ કરેછે.

ચીન મધે મોટામાં મોટા સેહેનશાહાથી તે એક ગરીબ બેગારી શુધી સઘળા લોકો ચાહ પીએછે. તેઓ દાહાડામાં ઓછામાં ઓછી તરણ વખત પીએછે. તેઓ આપણી માફક દુધ અથવા સાકર નાખતા નથી પણ એલીજ પીએછે. કોઈ મેજબાન અથવા સોબતી કોઈ ચીના ગહરસથને મલવાને જાએછે તો તેની આગલ પેહલવેહલી ચાહ ધરવાંમાં આવેછે. ગરીબ લોકો વગર કસની અને ઘણીજ હલકી ચાહ વાપરેછે. ચાહના રોપાની ખેડણીનું ચીત્ર હમોએ આ બીનાને મથાળે આપીઊંછે.

---

## સુરજનું આથમવું.

એક સાંહાંજના મંનચેરજી નામનો એક પારસી પોતાનાં આખા કુટંબ સાથે વાલકેશર તરફ દરીએ કીનારે ફરવા નીકળેઓ હતો. તે વંખતે સુરજ અસત પામવાનો વખત હતો અને આસપાસનો સઘળો દેખાવ ખુસનુમા તથા રલીઆમણો થઈ પડેઓ હતો. આસમાનનો કેટલોએક ભાગ સોનેરી લાલ રંગનો બની રહેલો હતો અને હવા થીર તથા ઘણીજ ખુસનુમા લાગતી હતી. આખું કુટંબ ખુસી થતું અને તરેહ તરેહની વાતો કરતું કીનારાની પાસેના રસતા ઊપર ફરતું હતું. મનચેરજીનો છોકરો પેસતનજી જે સાત વરસની ઊમરનો હતો તેણે સુરજને અરધો પાણીમાં દુબેલો જોએઓ અને થોડીવારમાં આખો સુરજ પાણીમાં જશે એવું દેખાએઊં. તેણે પોતાના બાવા મનચેરજીને પુછીઊં કે "બાવા આખી રાત સુરજ શું પાણીમાં દુબેલો રેહતો હશે." ?

મનચેરજી—"ના બેટા; સુરજ કાંઇ પાણીમાં દુબતો નથી. હમણા સુરજ આપણને ઘણો ખરો સઘળો પાણીમાં દુબેલો દેખાએછે અને થોડી મીનીટમાં સઘળો દુબેલો દેખાશે. તોપણ આજ વખતે કોલાબાની દાંડી જેવી ઊંચી જગો ઊપર જઈને જોસુતો તે દુબેલો દેખાશે નહીં પણ પાણીથી થોડોએક ઊંચો દેખાસે. વાસતે ખરેખર જો દુબીજ ગએલો હોએ તો ઊંચી જગા ઊપર ગઆથી મુદલ દેખાવોજ જોઈએ નહીં."

પેસતનજી—"બાવા આપણે કોલાબાની દાંડી ઊપર જઈને ઊભા રહીએ તો હાલ સુરજ જે પાણીમાં દુબી ગએઓછે તે શું પાછો દેખાએ ? એ કેવી અજાએબ જેવી વાત !

મનચેરજી—એક ઢેરાવ વાળી જગાની એક બાજુએ આપણે ઊભા હોઈએ તો બીજી બાજુના માણસોને આપણે જોઈ શકતા નથી. તેમજ આપણી પરથવીની સઘલી સપાટી ગોળ ઢેરાવના આકારનીછે વાસતે જાંહાં હાલ સુરજ અસત પામેલો દેખાએછે તેની પાછળની જગો આપણા જોવામાં આવતી નથી. તે જગા આગલ જો આપણ હાલ જઈ પોહાચીએતો સુરજ જમીનથી ઘણોજ ઊંચો માલુમ પડે. વીલાત કે જે ઘણુજ પસચમ દશાસે આવેલુંછે તાંહાં તો હજુ ર બપોર પણ થઆ નહીં હોએ; અમેરીકામાં તો આ વેળાએ હજુર સવાર પડી હશે. ચીનમાં તો રાતના બાર વાગી ગઆ હશે. વાસતે સુરજ અસત પામેઆ પછી પાણીમાં બાર કલાક સુધી દુબેલો રેહતો નથી અથવા કોઈ પાહાડની પાછલળી ભરાઈ રેહતો નથી, પણ દુનીઆના બીજા ભાગોમાં પરકાશેછે. જારે તે ભાગોમાં સવાર પડેછે તારે આપણી તરફના ભાગોમાં સાંજ પડેછે; અને જારે આપણી તરફના ભાગોમાં સાંજ પડેછે તારે તે તરફના ભાગોમાં સવાર પડેછે. આ વીશે જારે તમે વધારે ભણસો તારે વધારે જાણશો. પણ હું તમને સુરજ વીશે બીજી કેટલીએક અજાએબ જેવી વાત કેહું તે સાંભલો.—

૨૧ મી જુને લંડન મધે સુરજ ચાર વાગને ઊગેછે તે પાછો રાતના આઠ વાગે અસત પામેછે. વાશતે બાર કલાકના દીવસને બદલે ઊપલી તારીખે લંડન મધે ૧૮ કલાકનો દીવસ થઈ પડેછે. ઈસકાટલંડ જે ઈંગલંડની ઊતર દસાએ મુલક આવેલોછે તેના ઊતર તરફના ભાગોમાં સુરજ એટલોતો જલદીથી ઊગેછે અને રાતના એટલોતો મોડો અસત પામેછે કે રાતના બારવાગે પણ થોડો ઘણો ઊજાસ હોએછે. "આઈસલાંડ" કરીને બરફનો દેશછે તાંહાં અને બીજી કેટલીએક જગોમાં ૨૧ મી જુને સુરજ આખો દીવસ અને આખી રાત એટલે ચોવીસ કલાક પાણી અને આસમાન જાંહાં આપણને મલેલું માલુમ

પડેછે તે જગોમાં ગોળ પરદખણા ફરેઆ કરેછે અને તે દીને મુદલ અસત પામતો નથી. વલી ૨૧ મી ડીસેમબરે તો તાંહાં મુદલ ઊગતોજ નથી. ઊતર તથા દખણ દરૂ તરફ છ મહીના રાત અને છ મહીના દાહાડો રેહેછે. એટળે છ મહીના સુધી સુરજ મુદલ ઊગતો નથી અને છ મહીના સુધી સુરજ મુદલ અશત પામતો નથી. આ સઘળી વાત તમને ઘણીજ અચરત જેવી લાગશે. પણ તે ખરીછે અને તેના કારણ તમે જેમ વધારે શીખશો તેમ તમે જાણસો."

મનચેરજીની આટલીવાત સાંભલીને ફકત પેસતનજી નહીં પણ આખું કુટંબ મોટી અચરતીમાં પડીઓ અને બોલવા લાગીઓં કે "આહા કીરતાર તારી શું કરામત અને ખુબીછે!" તાર પછી થોડી વારમાં એ કુટંબ પોતાના બંગલા તરફ ચાલતું થીઓં.

વાંચનારી બાઈઓ! તમે આવા ચોપાનીઆં કે પુસતકો ધેઆન દઈને વાંચતાં રેહો કે જારે તમારા બચાંઓ તમને હરએક ચીજ અથવા હરએક દેખાવ વીશે પુછે તારે તેઓને તમે સમજાવવાને તથા તે ઊપર બોધ કરવાને શકતીવાન થાઓ.

---

## માણસની બેહદ કારીગરીના કેટલાએક જાણવાજોગ નમુના.

—o—

આગસ બરગના દેવલમાં પીવાના ગલાસના કેટલાએક નમુનાછે. તે ગલાસ સાધારણ પીવાના ગલાસના જેવા પોકલ અને સારા દેખાવનાછે પણ તે એવા તો નાહાનાછે કે એક મરીના દાણામાં એવા સો (૧૦૦) ગલાસ સમાઈ જાએ !! એક ઈઊરોપીઅન મુસાફર કેહેછે કે "મેં એક સારા માઈકરોસકોપ ઈઅંતરની મદદથી એ સઘળા ગલાસ તપાસેઅં અને માલુમ પડીઓં કે એમાં કાંઈબી છુપો ભેદ નથી પણ માણસ જાતની બેહદ કારીગરીનો જોવા લાએક નમુનો છે." એજ દેવલમાં એક બીજો પણ બેહદ કારીગરીનો નમુનોછે. કેટલાએક ચાંચરોની ડોકમાં તીખાં લોહોની સાંકલી બનાવીને નાખેલીછે. દર એક ચાંચરની ડોકમાં એક એક બીલસ લાંબીછે અને તેનું કામ એટલુંતો બારીકછે કે ચાંચર જેવા ઝીણા પરાણીઓ તેને ઊચકીને ફરેછે.

ઈસવી સન ૧૫૭૮ માં લંડનના એક લુહારે લોહોડાંની તથા પીતલની એક કળ બનાવી. તે કળની અંદર સાત જુદા જુદા કટકા હતા અને એક કુંચીબી હતી. પણ તે એટલીતો નાજુક હતી કે તેનું વજન એક ગરેનથીબી ઓછું હતું. તેણે વળી ૪૩ આંકડાની સોનાની સાંકલી બનાવી. તે સાંકલીની સાથે તેણે કળ અને ચાવી બાંધી તેવું છતાં પણ એ સઘળું વજન એટલું તો હલકુ હતું કે એક ચાંચડબી ઊંચકી શકે. સાંકલી, કળ અને કુચી એ સઘળાનું વજન ફકત દોહડ ગરેન હતું.

ઈસવી સન ૧૮૨૯ એક તમાસગીરે લંડન મધે પોતાની કારીગરીનો નમુનો દેખાડેઓ હતો. એક ચાંચડ એક ગાડાંને ખેંચતો હતો અને બીજો ચાંચડ એક કળ તથા સાંકલીને સેહળાઈથી ખેંચતો હતો. એ તમાસો રાતની વેળાએ મીણ બતીની રોશનીથી દેખાડવામાં આવેઓ હતો. નાટીંગહામમાં તેજ વરસે એક તમાસીગીરે પોતાના હુનરની એવી કળા દેખાડી કે એક ચાંચડ રૂપાંની બનાવેળી નાહાની તોપ ખેંચી શકે અને બીજો ચાંચડ રૂપાંની બનાવેળી ચેરી ફલની ગોઠલી ખેંચી શકે.

ઈસવી સન ૧૭૧૧ માં પેનકેથમન નામના કારીગરે એક ઘણોજ જોવા લાએક નમુનો બનાવેઓ હતો. ઈરોનાની લોકોના જુદા જુદા ખોદાઓનું એક દેવળ બનાવીઓં હતું: તે દેવળ મધે ૧૦૦ (સો) દેવોને ઊભા રાખવામાં આવેઆ હતા. કેટલાએક પોતાનું માથુ હીલાવતા હતા, કેટલાએક પોતાના હાથ, કેટળાએક પોતાના પગ અને કેટલાએક પોતાનાં આંગલાં જેવાં જોઈએ તેવાં અને એક તાનમાં હીલાવતા હતા. તે નમુનો બનાવવામાં ઘણાએક વરસ ગુજરી ગએઆં હતાં અને ઘણો મોટો ખરચ થએઓ હતો.

ઈસવી સન ૧૭૪૫ માં એક ઘડીઆળીએ દરએક માણસ દીઠ અરધો રૂપીઓ લઈને ઈંગલંડ મધે નીચે જણાવેળા બેહદ કારીગરીના નમુના દેખાડેઆ હતા.—

'ખાવા બેસવાનો એક ઓરડો તેની માંહે એક ટેબલ નાખેલું; તે ઊપર એક કપડું બીછાવેલું; બે પુતલાઓ જમવા બેઠેલાં; એક ચાકર ખોટી રહેલો; એક પાના રમવાનું ટેબલ તે મધે ઊઘાડવાના ખાનાં કરેલા; ખાવાના ટેબલ ઊપર બે ડજન રકાબી મુકેલી

ખીને ગરમી આપેછે. અને બાહાર કાહાડીને તેઓને ફરીથી વળ દએછે. એ પરમાણે તરણ ચાર વખત તેઓ કરેછે.

ચીન મધે મોટામાં મોટા સેહેનશાહાથી તે એક ગરીબ બેગારી શુધી સઘળા લોકો ચાહ પીએછે. તેઓ દાહાડામાં ઓછામાં ઓછી તરણ વખત પીએછે. તેઓ આપણી માફક દુધ અથવા સાકર નાખતા નથી પણ મોલીજ પીએછે. કોઈ મેજબાન અથવા શોબતી કોઈ ચીના ગહરસથને મલવાને જાએછે તો તેની આગલ પેહલવેહલી ચાહ ધરવામાં આવેછે. ગરીબ લોકો વગર કસની અને ઘણીજ હલકી ચાહ વાપરેછે. ચાહના રોપાની ખેડણીનું ચીત્ર હમોએ આ ખીનાને મથાળે આપીઊંછે.

## સુરજનું આથમવું.

એક સાંહાંજના મંનચેરજી નામનો એક પારસી પોતાનાં આખા કુટંબ સાથે વાલકેશર તરફ દરીઆ કીનારે ફરવા નીકળેઓ હતો. તે વખતે સુરજ અસત પામવાનો વખત હતો અને આસપાસનો સઘળો દેખાવ ખુસનુમા તથા રલીઆમણો થઈ પડેઓ હતો. આસમાનનો કેટલોએક ભાગ સોનેરી લાલ રંગનો બની રહેલો હતો અને હવા થીર તથા ઘણીજ ખુસનુમા લાગતી હતી. આખું કુટંબ ખુસી થતું અને તરેહ તરેહની વાતો કરતું કીનારાની પાસેના રસતા ઊપર ફરતું હતું. મનચેરજીનો છોકરો પેસતનજી જે સાત વરસની ઊમરનો હતો તેણે સુરજને અરધો પાણીમાં દુબેલો જોએઓ અને થોડીવારમાં આખો સુરજ પાણીમાં જશે એવું દેખાએઊં. તેણે પોતાના બાવા મનચેરજીને પુછીઊં કે " બાવા આખી રાત સુરજ શું પાણીમાં દુબેલો રેહેતો હશે. " ?

મનચેરજી—" ના બેટા; સુરજ કાંઇ પાણીમાં દુબતો નથી. હમણા સુરજ આપણને ઘણો ખરો સઘળો પાણીમાં દુબેલો દેખાએછે અને થોડી મીનીટમાં સઘળો દુબેલો દેખાશે. તોપણ આજ વખતે કોલાબાની દાંડી જેવી ઊંચી જગો ઊપર જઈને જોસુતો તે દુબેલો દેખાશે નહીં પણ પાણીથી થોડોએક ઊંચો દેખાસે. વાસતે ખરેખર જો દુબીજ ગએલો હોએ તો ઊંચી જગા ઊપર ગઆથી મુદલ દેખાવોજ જોઈએ નહીં."

પેસતનજી— " બાવા આપણે કોલાબાની દાંડી ઊપર જઈને ઊભા રહીએ તો હાલ સુરજ જે પાણીમાં દુબી ગએઓછે તે શું પાછો દેખાએ ? એ કેવી અજાએબ જેવી વાત !

મનચેરજી—એક દેરાવ વાળી જગાની એક બાજુએ આપણે ઊભા હોઈએ તો બીજી બાજુના માણસોને આપણે જોઈ શકતા નથી. તેમજ આપણી પરથવીની સઘલી સપાટી ગોળ દેરાવના આકારનીછે વાસતે જાંહાં હાલ સુરજ અસત પામેલો દેખાએછે તેની પાછળની જગો આપણા જોવામાં આવતી નથી. તે જગા આગલ જો આપણ હાલ જઈ પોહોચીએતો સુરજ જમીનથી ઘણોજ ઊંચો માલુમ પડે. વીલાત કે જે ઘણુજ પસચમ દશાએ આવેલુંછે તાંહાં તો હજુ ૨ બપોર પણ થઆ નહીં હોએ; અમેરીકામાં તો આ વેળાએ હજુર સવાર પડી હશે. ચીનમાં તો રાતના બાર વાગી ગઆ હશે. વાસતે સુરજ અસત પામેઆ પછી પાણીમાં બાર કલાક સુધી દુબેલો રેહેતો નથી અથવા કોઈ પાહાડની પાછલખી ભરાઈ રેહેતો નથી, પણ દુનીઆના બીજા ભાગોમાં પરકાશેછે. જારે તે ભાગોમાં સવાર પડેછે તારે આપણી તરફના ભાગોમાં સાંજ પડેછે; અને જારે આપણી તરફના ભાગોમાં સાંજ પડેછે તારે તે તરફના ભાગોમાં સવાર પડેછે. આ વીશે જારે તમે વધારે ભણસો તારે વધારે જાણશો. પણ હું તમને સુરજ વીશે બીજી કેટલીએક અજાએબ જેવી વાત કેહું તે સાંભલો.—

૨૧ મી જુને લંડન મધે સુરજ ચાર વાગતે ઊગેછે તે પાછો રાતના આઠ વાગે અસત પામેછે. વાશતે બાર કલાકના દીવસને બદલે ઊપલી તારીખે લંડન મધે ૧૮ કલાકનો દીવસ થઈ પડેછે. ઈસકાટલંડ જે ઈંગલંડની ઊતર દસાએ મુલક આવેલોછે તેના ઊતર તરફના ભાગોમાં સુરજ એટલોતો જલદીથી ઊગેછે અને રાતના એટલોતો મોડો અસત પામે છે કે રાતના બારવાગે પણ થોડો ઘણો ઊજાસ હોએ છે. " આઈસલાંડ " કરીને બરફનો દેશછે તાંહાં અને બીજી કેટલીએક જગોમાં ૨૧ મી જુને સુરજ આખો દીવસ અને આખી રાત એટલે ચોવીસ કલાક પાણી અને આસમાન જાંહાં આપણને મલેલું માલુમ

રીકાના દેશોની હવા ગરમ હોવાથી એ બે મુલકો મ
ધે રેહવાનું પસંદ કીધું. ઈંગરેજ લોકો ગએઆ તા
રે તેઓએ વધારે ઠંડી જગો પસંદ કીધી અને ઊતર
તરફ રહેઆ. તેઓએ પેહલ વેહલું શેહેર "જેમશ ટા
ઊન" નામનું બાંધીઊં; કારણ તે વેળાએ એલીજાબેથ
રાણીના મરણ પછી પેહલો જેમસ ઈંગલંડની ગાદી
ઊપર બેઠો હતો. જેમસ રાજાની પછી થોડાએક એ
વા રાજાઓ ઈંગલંડની ગાદી ઊપર આવેઆ કે ઘ
ણાખરા લોકો તે રાજાઓની ચાલથી કંટાલી ગઆ
હતા. કારણ તે રાજાઓએ પોતાના મત પરમાણે
લોકોને ધરમની વાતમાં ચલાવવાની તજવીજ કીધી
હતી. એ સબબને લીધે ઘણાખરા ઈંગરેજો કંટા
લી ખાઈને પોતાનું દેશ છોડીઊં અને અમેરીકામાં
જઈને તેઓ વસવા લાગેઆ. થોડીવારમાં ઊતર અ
મેરીકાનો ઘણોખરો ભાગ ઈંગરેજી વસતીથી ભરાઈ
ગએઓ. ફરેંચ અને વલંદા લોકો પાસે ઊતર તર
ફ કેટલાંએક સસથાંનો હતા તે ઈંગરેજ લોકોએ તેમ
ની પાસેથી લઈ લીધાં. અને ઊતર અમેરીકાનો મો
ટો ભાગ ઈંગલંડ દેશને તાબે થઈ પડેઓ.

કેટલાએક ઈંગરેજોની ઈંગલંડ દેશની હકુમતં
તલે રેહેવાની મુદલ મરજી નહીં હતી. તેઓની મરજી
એવી હતી કે ઈંગલંડની સતાથી તદન છુટા થવું અને
પોતાની મરજી પરમાણેનું સવતંતર રાજ અમેરીકા
મધે થાપવું. આ કારણસર અમેરીકાના ઈંગરેજો વચે
અને ઈંગલંડ દેશની તરફેણના ઈંગરેજો વચે અમેરી
કા મધે એક મોટી લડાઈ થઈ. તે લડાઈ કેટલીએક મુદ
ત શુધી ચાલેઆ પછી ઊતર અમેરીકાના બે ભાગ કર
વામાં આવેઆ. ઊતર તરફનો કાનેડા નામનો ભાગઈં
ગલંડની હકુમત તળે રેહેઓ અને તેની દખણનો સઘ
ળો ભાગ ઈંગલંડની હકુમતથી જુદો પડેઓ. એ ભા
ગનું નામ "ઈઊનાઈટેડ ઈસટેટસ" કરીને પડીઊં. જે
ઈંગરેજોને ઈંગલંડ દેશની સતા પસંદ નહીં હતી તે
ઓ સઘળા ઈઊનાઈટેડ ઈસટેટસમાં વસેઆ.

કાનેડા દેશના ઈંગરેજોએ પોતાની એક પારલે
મેંટ સભા બનાવીછે અને તેઓ ઈંગલંડ દેશના લોકો
ની મીસાલે સવતંતર તથા છુટાછે. કાનેડા હાલ એક
નવું ઈંગલંડ થઈ પડીઊંછે. ઈંગલંડ દેશના લોકો
જેટલું સુખ ભોગવેછે તેટલુંજ સુખ કાનેડાના ઈંગરે
જો ભોગવેછે.

ઈઊનાઈટેડ ઈસટેટસના ઈંગરેજો કેટલીએક વા
તે ઈંગલંડ દેશના ઈંગરેજો કરતાં જુદાં પડેછે. તેઓ
એ પોતાના મુલકમાં ગોલામનો ઘાતકી ધંધો હજુર કા
એમ રાખેલોછે. તેઓએ સવતંતર રાજ થાપીઊંછે.
તેઓના દેશમાં રૂ ઘણો પાકેછે તે એટળો પાકેછે કે ઈં
ગલંડ મધે રૂનો ઘણો ખરો ખપ એ દેશથી પુરો પડી
શકેછે. એ દેશથી દર વરસે ૮૦ કરોડ રતળ રૂ ઈંગ
લંડ ખાતે જાએછે. એ દેશમાં વીદીઆ હોનરને ફે
લાવો ઘણોજ થઓછે. રેલવે, વીજલીના તાર અને
બીજા જાહેર કામો જેટલાં ઈઊનાઈટેડ ઈસટેટસમાં હા
લ વધી ગએઆછે તેટલાં ઈંગલંડમાં અને દુનીઆના
કોઈબી ભાગમા વધેલાં નથી. એવી હાલત એ દેશની
થઈ પડીછે.

---

## કપતાન કુક નામનો નામીચો મુસાફર.




આજ દીન સુધી કોઈબી જમાનામાં અને કોઈ
બી મુલકમાં સહુથી નામીચો અને સહુથી વખણાએલો
દરીઆઈ મુસાફર થઈ ગઓ હોએ તો તે કપતાન કુક
છે. કપતાન કુક ઈસવી સન ૧૭૨૮ માં ઈંગલંડ મ
ધે મારટન નામના ગામડામાં જનમેઓ હતો. તેના
મા બાપ ઘણા ગરીબ હાલતમાં હતાં અને તેઓ ખેની

વાડી મધે મજુરી કરીને પોતાનો ગુજારો કરતા હતા. કુક આંઠ વરસની ઊમરનો થએઓ અને થોડું ઘણું વાંચવા શીખેઓ એટલામાં તેના બાપે કોઈ આબરૂદાર વતનદારના ખેતરમાં ચાકરીએ વળગાવેઓ. એ વતનદારની તેણે નજદીક આઠ વરસ લગી ચાકરી કીધી અને તેટલી મુદતમાં પોતાના શેઠની મેહરબાનીની ભરેલી નજરથી લખતાં તથા હીસાબ રાખતાં શીખેઓ તથા એક મજુરની મીસાલે નાહાનપણથી પોતાનું આંગ કસવાને તેને સારી જોગવાઈ મળી. સોલ વરસની ઊંમરે પાસેના શેહેરમાં કોઈ દુકાનદારને તાંહાં શીખાઊ દાખલ ચાકરીએ રહેઓ. પણ તાર પછી તરતજ તેનું મન વાહાણ ઊપર ચાકરી કરીને દરીઆઈ સફરમાં પોતાની જીંદગી ગુજરવા પછવાડે લાગીઊં. તેણે તે દુકાંનદારની આસરે બે વરસ ચાકરી કીધી અને તેટલી મુદતમાં કોઈ વાહાણ ઊપર ચાકરી લાગવાની જોગવાઈ જોતા હતા. તે જોગવાઈ તેને જેવી મલી કે તરત એક વાહાણના માલેકોની સાથે તરણ વરસ લગી એક સાધારણ ખલાસીની ચાકરી કરવાને બંધાએઓ. તેટલી મુદતમાં તેણે વાહાણ ઊપર એવીતો સારી ચાકરી બજાવી કે વાહાણના માલેકોએ તેને કરાણી ઠેરવેઓ અને તારપછી થોડી મુદતમાં કપતાંન અથવા નાખુદાનો ઓધો મળેઓ.

ઊપલાં વાંહાણ ઊપર તેણે નવ વરસ લગી ચાકરી કીધી અને તારપછી ૧૭૫૫ માં જારે ઈંગલંડ અને ફરાંસની વચે લડાઈ ઊભી થઈ તારે તેણે જોએઊં કે "મારા દેશની ચાકરી કરવાની તથા કીરતી મેળવવાની આ એક ઠીક જોગવાઈ આવીછે." એવો વીચાર કરીને વગર પગારે લડાઈના એક બારકસમાં ચાકરી કરવાને તે તઈઆર થએઓ. આ વેળાએ તેની ઊમર ૨૭ વરસની હતી. જે કપતાનના હાથ નીચે રહેઓ તે તેની માહેતગારીથી તથા સારી ચાલ ચલણથી એટલોતો ખુશી થએઓ કે તેને ઊંચા ઓધા ઊપર નેમવાને સરકારને મજબુત ભલામણ કીધી. તે ભલામણ મુજબ તેને વાહાણ ઊપર ઊંચો ઓધો મળેઓ. તે ઓધો મળેઆ પછી તરતજ તેને એક બીજા લડાઈના બારકસ મધે ઊતર અમેરીકા તરફ લડાઈને વાસતે રવાને કરવામાં આવેઓ. લડાઈ જેવા બારીક અને બીકટ વખતમાં તેણે એવીતો હુસીઆરી તથા ચાલાકી દેખાડી કે ઈસવી સન ૧૭૫૯ માં "નાથંબરલાંડ" નામના મોટા બારકસ મધે તેને કપતાનની જગા મળી. તારપછી ચાર વરસે તેને "મરીન સરવેઅર" ની માન ભરેલી જગો મલી. તે જગો ઊપર તે ચારઈઆ પાંચ વરસ રહેઓ તેટલી મુદતમાં જોતીશ શાસતરની વીદીઆમાં તથા ગણીત શાસ્ત્રમાં સારો અભીઆસ કીધો.

ઈસવી સન ૧૭૬૮ નાં વરસથી કપતાન કુકની કીરતી દુનીઆ મધે આશકારા થવા માંડી. "રાઅલ સોસાએટી" નામની બાદશાહાની મદદથી જે મંડલી ઈંગલંડ મધે ઊભી થએલી હતી તે મંડલીએ કપતાન કુકને દખણ સમુદર મધે જોતીશ શાસતરને લગતી કાંઈ એક અગતની શોધ કરવાને વાસતે મુકરર કીધો. એ શોધ કરવાને વાસતે તેણે ઈસવી સન૧૭૬૮ ના જુલાઈ મહીનાની આખેરીએ ઈંગલંડનો કીનારો છોડેઓ. આસરે સાડા તરણ માસની સફર કીધા, પછી દખણ અમેરીકા મધે "રાઓદીજાનેરો" નામની જગો આગલ આવી પોંહાચેઓ. તાંહાંથીબી તે આગલ ચાલેઓ અને કેટલાએક નવા ટાપુઓ તેને શોધી કાહાડેઆ. નીઊ હાલંડનો પુરવ તરફનો કીનારો જે કોઈને માલુમ નહીં હતો તેહાં તે ગએઓ અને એ પરમાણે આસરે બે હજાર માઈલની જમીન જે એ મુદત શુધી બે માલુમ હતી તે વીશે તેણે લોકોને જાણીતા કીધા. તરણ વરસની લાંબી સફર કીધા પછી તે પાછો ઈંગલંડ જઈ પોહાચેઓ. એ લાંબી સફરમાં જે જે મુશકેલી અને આફત તેની ઊપર આવી પડી હતી તેમાંથી નીકળવાને તેને જે ધીરજ તથા દાનાઈ વાપરી હતી તેની પુરી વખાણ આપણથી થઈ શકતી નથી.

ઈંગલંડ મધે કપતાન કુક ઘણા દીવસ રહેઓ નહીં એટલામાં એવો ઠરાવ થએઓ કે દખણ તરફના દરીઆ મધેની શોધ પુરી કરવાને વાસતે કપતાન કુકને ફરીથી બે બારકસો આપીને રવાને કરેઓ. તે વખત કેટલાએક ફીલસુફો એવી કલપના કરતા હતા કે દખણ માહાસાગરમાં એક બીજો નવો ખંડ હોશે. આ વીશેની પુરી ખાતરી કરવાને વાસતે કપતાન કુકને બીજી વખત મોટી સફર કરવાને મોકલેઓ. એ શોધમાં કદાચ ઘણીજ મુદત ગુજરી જાએ વાસતે બેહુ બારકસોમાં ખોરાકી પોશાકી તથા બીજો જરૂરનો સામન સારી પેઠે ભરેઓ. એક બારકસ ૪૬૨ ટનનુ

હતું અને બીજું ૩૩૬ ટનનું હતું. ઈંગલંડ મધેથી ૧૭૭૨ ના એપરીલ મહીનાની ૯ મી તારીખે નીકળેઓ; અને દખણ માહાસાગરમાં ૧૭૭૪ ના જાનેવારીની આખેરીએ આવી પોહોચેઓ. દુનીઆની ઊતર અને દખણ દશાની વચે વચનો કાપો જેને "ઈકવેટર" અથવા મધરેશા કરી કેહેછે તે કાપાની ચાર હજાર કરતાં વધારે માઈલ દુર જઈ પોહોચેઓ. તેથી વધારે દખણ તરફ જવાને તેણે ઘણીજ તજવીજ કીધી પણ તેનાથી જવાઈ શકાએલું નહીં. ઈસવી સન ૧૮૨૩ માં કપતાન વેડેલ નામનો મુસાફર આસરે ૧૭૫ માઈલ ચોથી વધારે દુર જઈ શકેઓછે.

કુક પોતાની બીજી સફર કરીને ૧૭૭૪ ના જુલાઈ મહીનામાં ઈંગલંડ જઈ પોહોચેઓ. જારે તે વાહાણ ઊપરથી ઊતરેઓ તારે તેને ઘણુ માન આપવામાં આવીઊં. તે બે વરસ ઈંગલંડ મધે રહેઓ તેવામાં લોકોનું મન હીંદુસથાન ખાતે "કેપ આવ ગુડ હોપ" ને મારગે આવવાના કરતાં વધારે સેહેલો મારગ શોધવા પછવાડે લાગીઊં હતું. આ સાહાસીક અને મોટું કામ પોતાને માથે ઊચકી લેવાને કુક તઈઆર થએઓ. કુકના કરતાં વધારે ચાલાક અને વધારે પુરવીણ માણસ તે વખતે મળવો મુશકેલ હતો. કુકને એવી સુચના કરવામાં આવી કે અમેરીકા છોડીને તેણે જે નવા ટાપુઓની શોધ પેહલી સફરમાં કીધી હતી તે ટાપુને મારગે હીંદુસથાનનો રસતો શોધી કાહાડવો. આગલી સફરવાળાં બે મોટાં બારકસો પાછાં તઈઆર કીધાં; અને ૧૭૭૬ ના જુલાઈ મહીનામાં કુકે ઈંગલંડનો કીનારો છોડેઓ. ઘણાએક ટાપુ તથા મુલકોની ભેટ લીધા પછી ફરતો ફરતો ૧૭૭૯ ની શરૂઆતમાં પાસીફીક માહાસાગર મધે "સાંદવીચ" ટાપુ ઊપર આવી પોહોચેઓ. પણ આ ઠેકાણેથી તેની શોધ અટકી પડી. કારણ એ ટાપુ પાસેના એક ટાપુ મધેનાં રેહેવાસીઓ વચે અને તેના વાહાણ ઊપરના માણસો વચે કાંઈ સેહેજ વાતમાં લડાઈ ઊઠી. તે લડાઈ બેસાડવાને તે કીનારે આવી પોહોચેઓ કે પછવાડેથી દુસમેનના એક માણસે તલવાર ભોકી કે તરત પાંણીમાં પડીને મરણ પામેઓ. આ માઠો બનાવ ૧૭૭૯ ના ફેબરવારી મહીનાની ૧૪ મી તારીખે બનેઓ. આ વાતની ખબર ફરીવલી તારે ફકત ઈંગલંડમાંજ નહીં પણ આખા ઈઊરોપ ખંડમાં ઘણાખરા લોકોને મોટી દલગીરી ઊપજી. તેની ઈઆદગારી કાએમ રાખવાને સરકારની તરફથી તથા તેના મીતરોની તરફથી કાંઈબી કસુર રાખવામાં આવી નહીં હતી. તે મરણ પામેઓ તારે તેની ઊંમર ૫૧ વરસની હતી.

---

## બેહેનો, તમે આળસુ બેસોના—કાંઈબી કામે વલગો.

—o—

બેહેનો, તમે તમારા કુટંબનું, તમારા બચાંઓનું અને તમારૂ પોતાનું ભલુ ચાહાતા હોઓ તો કોઈ દીવસે ખાલી હાથે આલસુ બેસી રેહેતાના. તમારા ઘરબારના ખટલાનું જે કાંઈ કામ હોએ તે જતનથી અને સંભાલથી કરતાં રેહેઓ. રાંધણી અથવા રસોડામાંથી પરવારેઆ પછી તથા ફારેગ થઆ પછી આળસુ બેસીને તમારી પડોસણો સાથે કોઈના કુટંબની નીંદા તથા ગીબત કરવામાં તમારો અમુળ વખત નાશોકો; અને તેથી કરીને તમારા કીરતારના ગુનેગાર ના થાઓ. બેહેનો ઈઆદ રાખો કે તમોને દરએક ઘડીનો અને દરએક પલનો હીશાબ તમારા કીરતારની હજુર આપવો પડશે. બેહેનો આપણ માણસ જાતની જીંદગી ઘણીજ ટુકી અને વગર ચોકસનીછે અને તમે તમારો વખત આળસાઈમાં અને લોકોનાં કુટંબની નીંદા તથા ગીબત કરવામાં ગુજારશો તો તમોને તમારી જીંદગીને છેલે દીવસે ભારે શોક તથા પસતાવો કરવો પડશે. બેહેનો, તમે દરએક ઘડીનો અને દરએક પલનો રૂડો ઊપીઓગ કરો. ખાવા પીવાના કામથી ફારેગ થએઆ પછી તમારા ઘરના સામનની સંભાલ તથા જતન કરો. તમારા ઘરમાં કચરો અથવા ગલીચી પડી હોએ તે દર રોજ સાફ કરતાં રેહો. પછી તમારા ઓરડાની સઘળી વસતુઓ ઠેકાણાસર અને સોભે એવી રીતે ગોઠવીને મુકો. તમારા બચાંઓને સાફ અને સુઘડ રાખવાની અને તેઓને સારા અને સોજા કપડાં પેહરાવવાની તજવીજ રાખો. ઘરનું સઘલું કામકાજ કરતાં તમને અવકાશ અથવા ફુરસદ મલેઆ પછી હરએક સારી ચોપડી અથવા ચોપાનીઆં વાંચો અથવા તમારૂ ચીકન અથવા જે કાંઈ સીવવા, ભરવા, તથા ગુંથવાનું હોએ તે કામ હાથમાં પકડી બેસો. બેહેનો તમારામાંની કેટલીએક પઈસે ટકે

અને ચાકર નજરે સુખી હોએ તોપણ તમારા ઘરની સંભાલ રાખો. ચાકરો પોતાનુ કામ સારી રીતે કરેછે કે નહીં તેની તપાસ રાખો. તમારા ઘરની હરએક વસતુ તથા હરએક ચીજ ચોરાઈ તથા ખોવાઈ ન જાએ તેની ઘટતી તજવીજ રાખો. ચાકરોને સઘળી ચીજો ઠેકાણેસર ગોઠવવાને શીખવતા રેહો. તમારા બચાંકચાંના કપડાંની સંભાલ અને જતન રાખતા રેહો. કોઈ વખતે ભરવાનું અથવા ગુંથવાનું અને કોઈ વખતે વાંચવાનું અથવા લખવાનું હાથમાં લઈને બેસો. બેહનો, તમો સઘળાઓ કાંઈબી ઊપીઓગનું કામ કરો; પણ આળસુ બેસીને અને લોકોની નીંદા તથા ગીબત કરીને તમારો વખત ફોકટમાં ના ગુજારો. કારણ આ વાત ફરીથી ઈઆદ રાખો કે તમોને તમારી દરએક ઘડી અને દરએક પલનો હીશાબ ઈશવરને આપવો પડશે.

ઈશવરે માણસને આળસુ રેહવાને તથા આળસુ બેસવાને ફરમાવીઊં નથી. હાથમાં કાંઈબી ઊપીઓગી કામ લીધા વગર માણસ જો આળસમાં બેશેસે તેને હાથે કાંઈબી માઠું અથવા નઠારૂ થઓ વગર રેહેનાર નથી. દુનીઆમાં જેટલી ખરાબી અને જેટલી નુકશાની થાએછે તેટલી આળસુ માણસોથી થાએછે. "માણસનું મન ઈશવરે એવું બનાવીઊં છે કે રીકામું અને વગર કામનું ઘણોવાર શુધી રહી શકતુ નથી. માણસના મનને કોઈબી મેહનત અથવા કાંઈબી વીચાર જોઈએછે. તેને સારો વીચાર કરવાનું નહીં મલીઊં તો તે હરએક ખરાબી તરફ દોડેછે. રૂડી ચીજનો વીચાર કરવો બંધ કરીએતો માઠી ચીજનો વીચાર પોતાની મેલે સુજેછે; કારણ માણસના મગજને કાંઈબી કામ જોઈએ. બેહનો તમો સરવને અનુભવ મલેઓ હશે કે માણસ જેટલા કલાક આળસાઈમાં કાહાડેછે તેટલા કલાક દુરગુણ અને દુરાચરણ વધારનારા માલુમ પડેઆછે. વીભીચાર, ચોરાઈ, દગલબાજી, નીંદા, બદગોઈ તથા હરએક માઠા વીચાર ઊતપન થાએછે તે સઘળા આળસાઈમાજ ઊતપન થાએછે. આળસાઈના થોડાએક કલાક આવા ઘાસતી ભરેલાછે તો હમેશ આળસુ બેસી રેહેવાથી કેટલી ખરાબી થવી જોઈએ તેનો વીચાર તમે પોતે કરો. આળસુ રહાથી સદાચરણનું સઘલુ મુલ ખોદાઈ જાએછે. કામ કરોધ રૂપી વીકાર આંધલા થઈને દોડેછે." આળસુ રહેઆથી તમોને પડોસણો સાથે તથા તમારી બેહનપણીઓ સાથે ભીનાકેસો કરવાનું તથા તાણા મેણા મારવાનું સુજ પડેછે. આળસુ બેઠાથી માણસની બુધી અને વીચાર શકતી ઝાંખી પડેછે. જે કુંચી વપરાતી નથી તેની ઊપર જલદીથી કાટ ચહડે છે તે મીસાલ તમારૂ મન આલસુ રહેઆથી તે ઊપર ખરાબ વીચારનો કાટ ચહડેઆ વગર રેહેતો નથી. આલસાઈથી માણસની જીંદગી વધારે ટુકી થાએછે. "જે રોગ આળસાઈથી પેદા થાએછે તે રોગ ખઈના મરજ જેવા ધીમોછે; તે એકદમ નહી પણ ધીમે ધીમે રીબાવીને માણસનો જીવ લેએછે." વાસતે પેઆરી બેહેનો, તમે આળસુ બેસોના પણ કાંઈબી કામે વલગો.

---

## બચાંઓની માવજત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

( સાધણ પાંને ૧૭૬ થી. )

૯. કોઈ વખતે બચું ધાવીને ઓકે તો તરત પાછું ધવાડવું જોઈએ નહીં. થોડાએક વેળા ગાળીને બીજી વખત ધવાડવું અને અગર જો તારેબી ઓકી કાહડેતો એમ સમજવું કે કદાચ માના દુધમાં બગાડ થએઓ હશે. એવી વખતે ડાકટરની સલા લેવી જોઈએ.

૧૦. બચાંને ધવાડીઆ પછી અથવા ખવાડીઆ પછી કદી રમાડવું જોઈએ નહીં પણ તેને સુવાડેવું. ધાવતી વેળાએ ઊંગાઈ જાએ તો તેને તરત સુવાડવું જોઈએ.

૧૧. દાંત ફુટવાની વખતે બચાંને ઘણા પેટ આવે તથા ઓકારી થાએ તથા તાવ આવે તારે ડાકટરની પાસે તેના પારા જરૂર કરીને ચીરાવવા જોઈએ.

૧૨. હરએક ઓરત પોતાના બચાંને ધવાડતી હોએ અને તેને હમેલ રહેઆ તો હમેલના તરણ મહીના થઓ પછી ધાવતાં બચાને જરૂર છોડાવવું જોઈએ.

૧૨. ધવાડતી વેળાએ માતાએ પોતાનો સભાવ ચીડ અથવા ગુસા ભરેલો રાખવો નહીં પણ જેમ બને તેમ ખુસ મીજાસ અને હસમુખો સભાવ રાખવો.

૧૪. ચમચી અથવા સીસીના કરતાં બચાંને કાકરા વતી દુધ પાવાની રીત વધારે સારીછે. બચું

પોતાના મોહોડામાં કાકરો લેચ્યે નહીં. તો ચમચીની અંદર કાકરો મુકીને પછી ચમચી મોહોમાં આપવી અને કાકરાને રસતે બચાંને ગલામાં દુધ ઉતારવું.

૧૫. બચાંને સુવાડતી વેળાએ બલોતીઆની નીચે "આઈલકલાથ" નો અથવા તાસતાનો કટકો મુકવો. બચું ઝોલીમાં પીસાબ કરે તારે તરત બલોતીઉં બદલી નાખવું. અને 'આઈલકલાથ' અથવા બલોતીઆને વાદલાથી સાફ કરવું અને તે સુકાએ તાંહાં શુધી બીજું તેવું કપડું મુકવું.

૧૬. બચાંનો સુવાનો ઓરડો ઉઘાડો અને ખુલો રાખવો કે તેમાં સાફ અને તાજી હવા આવી શકે. બચાંને ઝોલીમાં અથવા બાહાર ફેરવતી વખતે પગથી તે ઠેઠ માથા સુધી ઢાંકવું નહીં પણ હવા લેવાને મોહડું ખુલુ મુકવું. ઝોલીમાં બને તાંહાં શુધી હીંચ નાખવી નહીં.

૧૭. બચું જનમેઆ પછી તરણ અથવા ચાર માસનું થીઉં કે જરૂર વધારે વખત ખોએઆ વગર સહીએડ મુટાવવા.

---

## પરચુરણ બાબતો.

**દુનીઆદારીનો રસતો**—એક ફીલસુફ કેહેછે કે દુનીઆદારીનો રસતો ઘણો બીકટ તથા કઠણછે. જેઓ એ રસતા ઉપર થઇને ચાલેછે તેઓએ કેટલાએક દુખ અને સંકટ ભોગવવાને તઇઆર રેહેવું જોઈએ. કારણ કોઈબી માણસ દુખ અને સંકટ વગર એ રસતો પાસ કરી શકનાર નથી. તોપણ જે માણસ ચારે તરફ નજર રાખીને સાઉચેતીથી પોતાના દગલાં ભરેછે અને પોતાના કીરતાર ઉપર ભરોસો રાખેછે તેઓને થોડું દુખ અને થોડું સંકટ ભોગવવું પડેછે. વાંચનારી બાઈઓ, તમેબી તેજ રસતા ઉપર થઇને ચાલોછો વાસતે ઘણી સંભાળ અને સાવચેતીથી ચાલજો.

**જીંદગીની તપાસ**—તમો તમારી ગએલી જીંદગીની તપાસ વારેઘડીએ લેતા રેહેજો. તે ઉપરથી તમોને માલુમ પડશે કે તમારી ઉમરમો તમોએ સારૂં કેટલું કીધું અને માઠું કેટલું. જે લોકો પોતાની ગએલી જીંદગીની તપાસ વારેઘડીએ કરીને ઈશવર પાસે પોતાના અપરાધને વાસતે માફ નથી માગતા અને પોતાની ચાલમાં સુધારો નથી કરતા તેઓને પોતાની જીંદગીને છેલે દાહાડે ભારે પસતાવું પડેછે. પણ તે વખતનો પસતાવો શો કામનો!

**"મારા ઘેરનો સણગાર"**—બે મજુર કોઇ તવંગર શેઠના ઘરનો સામન ગોઠવવામાં કામે લાગેલા હતા. એક મજુર બોલેઓકે "અરે! આપણા નશીબ કાહારે ઉઘડશે કે આપણે આપણા ઘરને સણગારવાને શકતીવાન થશું." બીજાએ જવાબ આપેઓ કે "તારી પેઠે મને બલાપો કરવાનું કાંઇબી કારણ નથી. કારણ મારૂ ઘેર ગરીબછે તોપણ તેનો સણગાર એવોછે કે તેથી મને હમેશ સુખ ઉપજેછે." આ જવાબ ઉપરથી પેલા મજુરને શક ગએો કે શેઠના ઘરમાંથી થોડો થોડો સામન ચોરીને તેણે પોતાનું ઘેર સણગારીઉં હશે. તે વીશેની પોતાની ખાતરી કરવાને વળતે દીને તે મજુરને ઘેર મળવા ગએો; તાંહાં તેણે તે મજુરને પોતાની ઓરત છોકરાં પાસે બેઠેલો જોએઓ. અને ઘેરમાંતો કોઇબી સણગાર લાએક સામાન દીઠો નહીં. પેલા મજુરે તેને જણાવીઉં કે "ભાઇ મારા ઘરનો સણગાર આ મારી ઓરત બેઠેલીછે. તે મારા ઘરનું કામ એવુંતો સારી રીતે કરેછે કે મને વધારે સણગારની કાંઇબી જરૂર નથી."

**છોકરાઓને વાસતે ધરમશાળા**—યુનાઇટેડ ઇસટેટસ મધે કેફથી છાકટા થએલાઓને વાસતે હાલ એક મોટી ધરમશાળા બાંધવામાં આવીછે. તે ધરમશાળા ૩૫૦ ફુટ લાંબી અને ૬૫ ફુટ પોહોલીછે અને થોડી મુદતમાં ૨૮૦૦ છાકટાઓને એ ધરમશાળામાં આસરો મલી ચુકિઓછે.

**પવનનો વેગ**—પવનની બેમાલુમ લેહેર એક કલાકમાં એક માઇલ જાએછે. લેહેર જેવી માલુમ પડેછે કે એ એક કલાકમાં બેથી તરણ માઇલ જાએછે. થોડી થોડી લેહેર એક કલાકમાં ૪ થી ૫ માઇલ જઈ શકેછે, ખુસનુંમા લેહેર ૧૦ થી ૧૫ માઇલ એક કલાકમાં જઈ પુગેછે; જોરમાં ફુંકતી લેહેર ૨૦ થી ૨૫ માઇલ જઈ શકેછે, પવનનો સપાટો ૩૫ થી ૪૦ માઇલ, ઘણોજ સપાટો ૪૦ થી ૪૫ માઇલ, તોફાન ૫૦ માઇલ, મોટું તોફાન ૬૦ માઇલ, વટોલીઉં ૮૦ માઇલ અને જે વંટોલીઆથી ઝાડો તથા ઘરો પડી જાએ તે ૧૦૦ માઇલ એક કલાકમાં જઈ પોહોચેછે.

**ઈંગરેજી મુળાઅકસરો**—ઈંગરેજી ભાશામાં સઘળા મલીને ફકત ૨૬ મુલાઅકસરોછે. પણ તે એટલાતો જુદા જુદા આકારમાં મુકી શકાએછે કે એક માણસ જો એક કલાકમાં દસ હજાર બોલ વાંચેતો ૭૦ હજાર વરસની લાંબી મુદતમાં ૪૬૫૦૦૦૦૦૦૦૦૦૦૦ એટલા માણસો સાથે મલીનેબી સઘલા આકારમાં મુકેલા બોલ વાંચી શકસે નહીં.

**મીસર દેશની વસતી**—મીશર દેશની વસતી ૧૭૯૮ માં ૨૫ લાખ માણસની હતી. ૧૮૪૭ માં ૪૨ લાખ ૫૦ હજારની થઈ, અને હાલ ૫૧ લાખ ૨૫ હજારની માલુમ પડીછે. આલેકજાનડરીઆ શેહેરની વસતી હાલ ૪ લાખ માણસની કેહવાએછે.

**માણસ જાતની ઉમર**—બાળક અવસથામાં માણસોની મોટી સંખીઆ મરણ પામેછે. પચીસ વરસની ઉમરની અગાઉ અરધા માણસો મરણ પામેછે. ૫૦ વરસમાં બે ભાગ માણસ મરણ પામેછે અમે એક ભાગ જીવેછે. સઘળા દેશો કરતાં રૂશીઆમાં માણસોની ઉમર વધારે લાંબી

માલુમ પડીછે. રૂશીઆના તાબાના એક પરગણામાં ૮૪૮ માણસો ૧૦૦ વરસ કરતાં વધારે ઉમરના હતાં. તે મધે ૪ માણસો ૧૩૦ થી ૧૩૫ વરસની ઉમરના હતાં. ઈસવી સન ૧૮૨૫ માં ૬ લાખ માણસો મરણ પામેઆં. તેમાં ૨૭૮૫ નેવું કરતાં વધારે વરસના અને ૮૧૮ સો કરતાં વધારે વરસના માલુમ પડેઆ. તેઓ મધે એક માણસ ૧૬૦ વરસનું હતું !! "ઓલડપાર" નામનો શખસ ઈંગલંડ મધે ૧૫૨ વરસની ઉમરે મરણ પામેઓ. બધા દેશોની તથા બધી ઉમરના માણસોની આવરેજ લેતાં માણસની ઉમર ૪૦ થી ૪૫ વરસની ગણવામાં આવીછે: આફરીકાના હબસી ઓની ઉમર બીજા દેસના લોકો કરતાં વધારે ટુકી જાણવામાં આવીછે.

**ઘાંટનો અવાજ**—બરેજીલના કોસટાથી એક વાહાણ સો માઈલને તફાવતે હતું તે વાહાણ ઉપરના માણસોએ એક વખત ઘાંટનો અવાજ દરીઆમાં એટલે બધે દુર શુધી સાંભળીઓ હતો. થોડાએક મહીના પછી ખાતરી થઈ કે સેંટ સાલવેડોર જે ૧૦૦ માઈ દુર હતું તેના દેવળના ઘાંટો કોઇ મોટા તેહવારને લીધે વાગતા હતા.

**એક ચસમાવાળી ઓરત**—એક ઓરત જે ૭૮ વરસની ઉમરની હતી અને ૩૦ વરસ લગી ચસમાં વગર એક હરફબી વાંચી શકતી નહીં હતી તેણીની આંખને કોઈ કુદરતી એવો બનાવ બનેઓ કે ૭૮ વરસની ઉમરે વગર ચસમાએ વાંચવા લાગી.

**માણસ કહી રૂતમાં વધારે ખાઈ શકેછે?**—માણસ ઠંડીની રૂતમાં અને ઠંડા દેશોમાં ગરમ રૂતના કરતાં અને ગરમ દેશના કરતાં વધારે ખાઇ શકેછે. તેનું કારણ એ જાણવામાં આવીઉંછે કે જારે તેઓ ઠંડી રૂતમાં અથવા ઠંડા દેશમાં હોએછે તારે તેઓના બદનની ગરમી વધેછે અને તેથી ખોરાકનું પાચણ જલદીથી થઇ શકેછે.

**પોશાકમાં છરીની જરૂર**—આપણા દેશમાં કેટલાએક રજપુતો તથા મુસલમાન ઘોડેસવારો તરવાર અથવા ખંજરને બદલે લાંબી છરીઓ પોતાના પોશાકની સાથે બાંધેછે તેમ અગાઉના ઈંગરેજોબી લાંબી છરીઓ બાંધતા હતા.

**પોસટની ખોટી ટીકેટો**—અમેરીકા મધે વાશીંગટન નામના શેહેરમાં પોસટની ખોટી ટીકેટો બનાવીને લુચા લોકોને પોતાનો ગુજારો કરવાનું હાલ બહુ ફાવી ગએલું માલુમ પડેછે. હાલ તપાસ કરતાં જાણવામાં આવીઉંછે કે એક વરસમાં ૧૦ લાખ દાલરની ખોટી પોસટની ટીકેટો બનાવવામાં આવી હતી.

**ઈંગલંડમાથી બાહાર ગામ જઈને વશેલા ઈંગરેજોની સંખીઆ**—ઈંગલંડ, ઈસકાટલંડ તથા આએરલંડ દેશોમાંથી ૪૪ વરસની મુદતમાં ઈંગરેજ લોકોની સંખીઆ બાહાર ગામોમાં જઈને વસેલાછે. તે ખરેખર ઘણી મોટી માલુમ પડેછે. એટલી મુદતમાં ૪૭ લાખ ૯૭ હજાર ૧૬૬ ઈંગરેજો બાહાર ગામ જઈને વસેલાછે. તે મધે નજદીક ૪૦ લાખની સંખીઆ અમેરીકા ખાતે જઈને વસેલીછે.

## નવી વહુને શીખામણ—ગરબી.

માનની માનની માનનીરે,
સખી સાચી શીખામણ માનની ॥ ટેક ॥
વરના ઉપર બહુ વાલો વધારી;
થાજે વીવેકી માનની રે, સખી૦ ॥ ૧ ॥
કદી ન ખીજવીશ ઘરના જનોને;
માનીશ ન ખોટી સુણી કાનની રે, સખી૦ ॥૨॥
વરનું કહેલું તરત કરીદે;
સાથે તું ખા બીડી પાનની રે, સખી૦ ॥ ૩ ॥
કજીઆ ટંટાનું મોડું બાલીને;
લેરો તું સંપપાનની રે, સખી૦ ॥ ૪ ॥
જતન છઈયાનાં નીતે તું રાખે;
વાતો તું કેહ સહુ સાનની રે, સખી૦ ॥ ૫ ॥
કુછંદ આધળી બની રહીને;
ખરાબી કર ના જાનની રે, સખી૦ ॥ ૬ ॥
નઠારી સંગત કદી ન સેવે;
થજે ઉદાર ધાન દાનનીરે, સખી૦ ॥ ૭ ॥
ધીરજ ધરી ને થજે સંતોશી;
લુલી જજે વાત તાનની રે, સખી૦ ॥ ૮ ॥
નીતી ધરમોને ભાવે ભજીને;
મઝા તું લે બરહમ ગાનની રે, સખી૦ ॥ ૯ ॥

## નીતીની સાડી.

પેરની પેરની પેરની રે,
બેની નીતીની સાડી પેરની ॥ ટેક ॥

ખરા કસબ ને ખરા કસબની;
ભાતો ખીલી અખખેરની રે, બેની૦ ॥ ૧ ॥

સાડીની સોભા સાચી ટકે છે;
જુઠી આ લુગડાં જવેરની રે, બેની૦ ॥ ૨ ॥

સાડી રૂડી ઘટ હીરે ઘણે છે;
ભારે વનમાં શેરની રે, બેની૦ ॥ ૩ ॥

સાડીની થંડક સુધા સરીખી;
નહીંજ લાહીએ કંઈ ઝેરની રે, બેની૦ ॥ ૪ ॥

સાડી સીતળથી આંખો મીચાએ;
કહું શી વાત હું લેરની રે, બેની૦ ॥ ૫ ॥

સાડી તે સારૂં નરસું સુઝાડે;
વીના તે વાત અંધેરની રે, બેની૦ ॥ ૬ ॥

એ સાડીનું મુલ ન થાએ;
પેરે ખસે વાત વેરની રે, બેની૦ ॥ ૭ ॥

નીતીની સાડી આપે વરોને;
પેરી પાલવ ખંખેરની રે, બેની૦ ॥ ૮ ॥

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું — નવેમબર ૧૮૫૯ — આંક ૧૧ મો.


## લાએકીવાળી ઓરત.

### લેડી હેરીએટ.

જે ઓરત પોતાના ભરતારના હરએક દુખમાં ભાગ લેવાને તઈઆર હોએછે, જે ઓરત પોતાના ભરતારને હરએક દુખ અથવા સંકટના વખતમાં આરામ આપવાને પોતાનો પેઆરો જાન બરબાદ કરવાની હીંમત ચલાવેછે, તે ઓરતને આપણે જેટલી સાબાસી આપીએ અને તે ઓરતની આપણે જેટલી વખાંણ કરીએ તેટલી થોડીછે. જે ઓરત એવું સમજેછે કે હું મારા ભરતારને સઘળી વાતે સુખ અને આરામ આપવાને અવતરેલીછું અને મારા ભરતારના સરવ કામકાજમાં મદદ કરવાને ઈશવરે મને અવતાર આપેઓછે, તે ઓરતને સરવે કોઈ ખરી લાએકીવાળી અને ખરી બુનીઆદની કહેઆ વગર રેહેનાર નથી.

જે ઓરતનું નામ હમોએ આ બીનાની ઊપર મુકીઊંછે તે ઓરત આવી ખરી લાએકીવાળી અને ખરી બુનીઆદની હતી. ઈસવી સન ૧૭૭૭ માં અમેરીકા મધે જારે કાનેડાની લડાઈ ચાલતી હતી તારે તે લડાઈમાં પોતાના ભરતાર મેજર જાન આકલંડની સાથે ગઈ હતી. લડાઈના હીગામમાં લાંબી અને કંટાલા ભરેલી મંજલ કરવામાં તેણીના નાજુક બદનને ભારે દુખ ખમવું પડીઊં હતું. લાંબી મંજલથી થાકથી તે અતીશે કંટાલી અને દુખ પામતી હતી. પણ પોતાના ભરતારની તબીએત બીમાર ચાલતી હતી તેની સઘળી હાજત પુરી પાંડવાને તેની પાસેને પાસે રેહેતી હતી. એક લડાઈમાં તેના ભરતારને જખમ લાગેઓ તે વાત સાંભલીને તરત તે લડાઈના મેદાનમાં પોતાના તંબુમાંથી જઈ પોહાચી અને દારૂ ગોળો જાંહાં ભઅંકાર રીતે ભરજોરથી ચાલતો હતો તાંહાં પોતાના ભરતારના જાનને ખાતર જવાને તેણીએ મુદલ આંચકો ખાધો નહીં.

આ બનાવ બનેઆ પછી કેટલીએક મુદને તેણીના ભરતારને આરામ થએઓ પણ તરત બીજી લડાઈમાં દુસમેનોની સામે ઊતરવું પડીઊં. લેડી હેરીએટબી તેની સાથેજ ગઈ. તેઓ દુસમેનોની નજદીક એવે મુકામે છાવણી કરીને પડેઆં કે તેઓ આખો દીવસ અને આખી રાત નીરાંતે ઊંઘી શકેઆ નહીં. થોડો થોડોવાર રહીને દુસમેનોની છાવણીમાંથી દારૂ ગોળાનો અવાજ થઆ વગર રેહેતો નહીં હતો. એક રાતના તેઓના તંબુમાં આગ સળગી ઊઠી. તે આગમાંથી તેઓ મોટી મુશકેલીથી સલામત રહેઆં. વળતે દીને લડાઈ શરૂ થઈ અને લેડી હેરીએટને એક જુંફડીમાં ખુનરેજી અને ભઅંકાર દેખાવની લડાઈની સામે રેહેવું પડીઊં. તેણીએ પોતાના ભરતારને લડાઈમાં ઘણોજ આગળ પડેલો દીઠો તારે તેણીના દીલમાં જે ફીકર અને ધાસતી ઊતપન થઈ તેનો ખેઆલ કોઈબી શખસ કરી શકનાર નથી. સારાં ભાએગે તે એકલીજ નહીં હતી પણ બીજી બે સ્રીઓબી હતી. પણ તે બે ઓરતો ભએંકાર દેખાવથી એટલી તો બેશુધ થઈ ગઈ હતી કે તેઓની મદદ લેડી હેરીએટને કુચ કામની નહીં હતી. લશકર આગળ વધીઊં પણ તે ઓરતને તાંહાંજ ઊભાં રેહેવાની ફરજ પડી. બે તરણ નામીચા સરદારોના મરણની ખબર પડી તેથી લેડી હેરીએટના સઘળા હોસ ઊડી ગએઆ. તાર પછી આખો દીવસ દારૂ ગોળાના ભએંકાર અવાજો તેણીને સાંભળવા પડેઆ. અને સાંજના એવી ખબ

ર પડી કે તેણીનો ભરતાર મેજર આકલંડ ઘણોજ ઘાએલ થએલોછે અને દુસમેનોના હાથમાં બંધીવાન દાખલ કેદ પકડાએલોછે.

આ માઠી ખબરથી લેડી હેરીઅટને કેટલું દુખ ઊપજીશું હશે !! તે બીચારી હવે શું કરે ? પોતાની તરફનું લશકર દુસમેનનો માર ખાઈને પાછું આવી શું અને પોતાનો ભરતાર ઘાએલ થઈને દુસમેનોના હાતમાં પકડાએલો. હવે શો એલાજ ? પણ વાંચનારી બાઈઓ તમે જાણશો તારે ઘણાજ અચરત થશો કે આ હીમતવાન ઓરતે પોતાની તરફના લશકરના સરદાર ઊપર તરત એક કાગલ લખેઓ અને દુસમેનની છાવણીમાં જઈને પોતાના પેઆરા અને વાહાલા ભરતારને મલવાની ઘણીજ ઈંતેજારીથી રજા માંગી !! સાબાસ, લેડી હેરીએટ સાબાસ !! તારા જેવી નેક ઓરત દુનીઆમાં હંમેશ પેદા થજો.

જારે તે કાગલ લશકરના સરદારને પોહાચેઓ તારે તે થોડો વીચારમાં અને થોડો અચરતીમાં નહીં પડેઓ. તે બોલેઓ કે "કેવી બુનીઆદ અને કેવી "હીમતવાન ઓરત ! કેવી અચરતીની વાત ! કે આ "ઓરત પોતાના ઘાએલ ભરતારને વાસતે દુસમેનની "છાવણીમાં જવાને તઈઆર થઈછે અને તે બાબેની રજા માંગવાને વાસતે જેનરલ ગરેટસની ઊપર "મારી પાસેથી ભલામણનો કાગળ માંગેછે. એ ઓરતને આજ કેટલાએક દીવસ થઆ મુદલ થાક ઉતારવાને આરામ મળેઓ નથી અને આજ આખો દીવસ "બાર કલાક શુધી ઊંચે દીલે અને ફીકરમાંને ફીકરમાં રહેલીછે, ખોરાકતો મુદલ ખાધો નથી પણ પીવાને પાંણીબી મળીશું નથી. તે આવી રાતની વેળાએ દુસમેનના તાબામાં કેમ જઈ શકશે અને વળી ખબરબી નથી કે કોણના હાથમાં જઈને પડશે "અને તેની શી ગતી થશે !! મારી પાસે તેણીને મદદ કરવા જેવું કાંઈજ નથી. એક ગલાસ ભરીને "વાઈન આપવા જેટલો દારૂબી નથી. મારા હાથમાંનો ફકત એટલો એલાજછે કે બોટમાં બેસાડીને દુસમેનોની છાવણીમાં મોકલી દેશું અને જેનરલ ગેરટસને ભલામણનો પતર લખી આપું."

એ પરમાણે લેડી હેરીએટને બોટમાં બેસાડીને નદીની બીજી બાજુએ દુસમેનની છાવણી તરફ મોકલવામાં આવી. પણ તે ઓરતની પોતાના ખાવંદને મલવાની આતુરતા હજુર પુરી પડી નહીં. રાત ઘણી અંધારી થઈ હતી. દુસમેનના પોહોરાગીરે કીનારાની પાસે બોટને આવવા દીધી નહીં. બોટવાળાએ સુલેના પેગામનો વાવટો કીધો પણ ફીકર. પોહોરાગીર સમજેઓકે કાંઈ ઠગાઈછે. વાસતે તે બોટવાળાને જણાવીશું કે દાહાડો ઊગેઆની અગાઊ જો તું બોટ નજદીક લાવીશતો ગોળીના બાહારથી ઊરાડી મુકવામાં આવશે. એ પરમાણે અંધારી અને ઠંડીની રાતના આઠ કલાક ખોટી રેહેવું પડીશું. લેડી હેરીએટને એક એક કલાક એક એક દીવસ જેટલો મોટો લાગેઓ. સવાર પડીશું અને તે બોટને નજદીક આવવા દીધી: દુસમેનના લશકરના સરદારે પેલો કાગલ વાંચેઓ અને તે ઓરતને તેણીના ભરતાર પાસે જવાની રજા આપી. એ વેળાએ એ ઓરતને જે ખુસી ઊપજી તેનું વરણન કોઈબી કલમ કરી શકનાર નથી.

વાંચનારી બેહનો, તમે ખરી વફાએકી અને ખરી બુનીઆદ ધરાવતાં હોએતો તમો તમારા ભરતારનું હરએક દુખ તમારૂ પોતાનું કરી સમજો અને વફાએકીવાળી લેડી હેરીએટના જેટલો પેઆર તમારા ભરતાર ઊપર રાખતાં રેહો.

---

## દીલીનો જાણવાજોગ હેવાલ.

બાઈઓ, જારથી આ દેશમાં મુસલમાન લોકોનો અમલ વધવા માંડેઓ તારથી દીલી આખા હીંદુસથાનનું મુખીઅ શેહેર કેહેવાતું હતું. હીંદુસથાન મધે સેંકડો નાહાના મોટા રાજાઓ સવતંતરપણે પોતપોતાનું રાજ ચલાવતા હતા તોપણ તેઓ સઘળાઓની ઊપર નામને ખાતર દીલીનું રાજ મોટું કેહેવાતું હતું અને દીલીનો બાદશાહા આખા હીંદુસથાનનો શેહેનશાહા કેહેવાતો હતો. દીલીનું રાજ ઈંગરેજ સરકારના હાથમાં આવેઆને આજ આસરે ૫૬ વરસ થએઆંછે.

દીલી શેહેરની આસપાસનો કેટલોએક મુલક દીલીના પરાંતને નામે ઓલખાએછે. એ પરાંત હીંદુસથાનની ઊતર દશાએ આવેલોછે. એ પરાંતની અંદરથી ગંગા અને જમના નાંમની નામીચી નદીઓ વેહેછે.

તેની સાથે ચીતંગ અને સરવસતીની નદીઓ પણ નામીચી ગણાએછે. અગાઊના વખતમાં સરવસતી જે ને હીંદુઓ બહુ માન આપેછે તે નદીનો ઝરો ઘણો મોટો હતો પણ હાલ કેટલાંએક વરસ થયાં સુકાઈને નાહાનો થઈ ગએઓછે. દીલી પરાંતમાં ઘણામાં ઘણી વસતી મુસલમાન, હીંદુ અને શીખ લોકોનીછે. દીલીનો જે ભાગ ફલવંતછે તે મધેથી ગહુ, જવ, ચણા અને બીજું કઠોર પુશકળ પાકેછે. જમના નદીની આથમણ દશા તરફ આંબાના ઝાડો બહુ માલુમ પડેછે. બાટી અને હરીઆના નામના પરગણા જે દીલી પરાંતમાં આથમણ દશા ઊપર આવેલાંછે તે પરગણામો ઊનાલાની રૂતમાં ઘણી મરકી ચાલેછે અને તાંહાંના રેહેવાસીઓને પાણીને વાસતે ૧૨૦ થી ૨૦૦ ફીટ શુધી ઊંડા કુવા ખોદવાની જરૂર પડેછે. દીલી પરાંતમાં ઠેકાણે ઠેકાણે મોટી નેહેરો અસલના તથા મુસલમાન સેહનશાઓના વખતથી બાંધવામાં આવેલીછે. પાછલા વખતના કેટલાએક મુસલમાન બાદશાહોની બેદાદી અને તેમના અંધેર કારોબારને લીધે એ નેહેરો ઘણીજ માઠી હાલતમાં આવી પડી હતી; તે મધેની કેટલીએક ને ઈંગરેજ સરકારે સમરાવીને સારી હાલતમાં મુકીછે. અલી મરદનખાન નામની નેહેર જે ૧૫૦ માઈલ લાંબી હતી અને ઘણીએક મુદતથી પુરાઈ જઈને બંધ પડી હતી તેની મરામત ઈંગરેજ સરકારે ચાલીસ વરસની વાત ઊપર કરાવી હતી. એ નેહેરની મરામત કરતાં તરણ વરસ લાગેઆં હતાં અને તેની ઊપર ૨૫૫૮૯ રૂપીઆનો ખરચ લાગેઓ હતો. દીલી પરાંતની સઘળી નેહેરો જો દરૂસત કરવામાં આવે તો એ પરાંત ઘણોજ ફલવંત તથા આબાદ થઈ પડે. દીલી, મીરત, સીરહીંદ, સાહાજાનપુર, રામપુર, અમબાહલા એ પરાંતના મુખીઅ શેહેરો ગણાએછે.

દીલી શેહેરનો વીસતાર નજદીક ૨૦ ચોરસ માઈલનોછે. એ શેહેર મધે પથરના બાંધેલા સાત દરવાજા નામીચા કેહેવાતા હતા. તે દરવાજાના નામો કેટલાએક મુખીઅ શેહેરો ઊપરથી પાડેલાં હતાં. જેમકે અજમીર દરવાજો, લાહોર દરવાજો, દીલી દરવાજો, કાશમીર દરવાજો ઈતીઆદી. અજમીર દરવાજાની પાસે ગીઆસુદીન નામના બાદશાહે એક મોટી મદરેસા બાંધી હતી. એ બાદશાહની ઘોર ઊપર મદરેસાના ચોકમાં જે મીનારો બાંધવામાં આવેઓ હતો તે સંગેમરમરનો બાંધવામાં આવેઓ હતો અને તેની ઊપર લાખો રૂપીઆનો ખરચ થએઓ હતો. દીલી મધે મોટી અને સુંદર મસીદો તથા મોટા અને સુંદર મીનારાઓ જેથી હજુર લગી એ શેહેરને મોટી રોણક મલતી હતી તે મધેના ઘણા ખરાનો નાસ બળવાના વખતમાં થઈ ચુકેઓછે. અગાઊના વખતમાં દીલી શેહેરના ૩૬ ભાગ કરવામાં આવેઆ હતા અને દરએક ભાગ તાંહાંના અમીરોને નામે ઓલખાતો હતો. સાહાજાહાંને એક બાગ બનાવેઓ હતો તેની ઊપર કેહેછે કે એક કરોડ રૂપીઆનો ખરચ કરવામાં આવેઓ હતો.

ઈસવી સન ૧૧૯૩ માં કુતુબુદીન નામના બાદશાહે પેહેલ વેહેલું દીલી મધે મુસલમાની રાજ સથાપેઊં હતું. એ બાદશાહા પેહેલ વેહેલો માહમદ ગોરીનો ખરીદ કરેલો ગોલામ હતો. એ શબબને લીધે કુતુબુદીનની ઓલાદ ગોલામી વંસને નામે ઓલખાતી હતી. એ બાદશાહા પછી આસરે ૨૫ મુસલમાન બાદશાહાઓએ દીલીનું રાજ ચલાવેઆ પછી ઈસવી સન ૧૫૨૫ માં સુલતાન બાબર નામના મુસલમાન સરદારે મોગલાઈ રાજનો પાએઓ નાખેઓ. એ મોગલાઈ રાજની કીરતી બાબરના બેટાના બેટા અકબરશાહા સેહનશાહે ઘણીજ વધારી મુકી. મુસલમાનો મધે સહુથી મોટામાં મોટો બાદશાહા અકબર કેહેવાએછે. એ બાદશાહા ઈસવી સન ૧૫૫૬ માં ગાદી ઊપર આવેઓ હતો અને ૧૬૦૫ માં મરણ પામેઓ હતો. એ નામીચા સેહનશાહાની જીંદગીનો હેવાલ તેની તસવીર સાથે કોઈ બીજા ચોપાનીઆંમાં હમો આપવાની તજવીજ કરશું. ઈસવી સન ૧૭૦૭ માં ઓરંગજેબ બાદશાહા મરણ પામેઓ તાર પછી દીલીનું રાજ પડતી હાલતમાં આવતું ગએઊં. ઓરંગજેબના મરણ પછી ૩૨ વરસે નાદરશાહા નામના પાદશાહાએ ઈરાનથી આવીને દીલી શેહેર લુટી લીધું અને લાખો માણસોના જાનની ખરાબી કીધી. નાદરશાહાના આવી ગએઆ પછી દીલીનું રાજ વધારે અને વધારે માઠી હાલતે પોહચતું ગીઊં. એક તરફથી આફગાન લોકો બીજી તરફથી રોહીલખંડના રજપુતો અને તીજી તરફથી મરાઠાઓ એ રાજ ઊપર તુટી પડવા લાગેઆં. મરાઠાના નામીચા સરદાર સીંધીઆ માધાજીએ દીલી ઊપર ફતે મેળવી અને તે વખતના બાદશા

હા શાહાઆલમને બંધીખાને નાખેઓ. આ બનાવ
ઈસવી સન ૧૮૦૩ માં બનેઓ અને તેજ વેળાએ
બાબરની ઓલાદનો છેડો આવી રેહતે. પણ સારાં
ભાએગે ઈંગરેજી લશકરની એક મોટી ફોજ જેનરલ
બેકની સરદારી હેઠલ એ પાદશાહાની મદદે જઈ પો
હાચી. તે ફોજે દીલી શેહેર પોતાને તાબે કીધું અને
બાદશાહા શાહાઆલમને કેદખાનામાંથી છુટો કીધો.
રાજનો કારોબાર ઈંગરેજ સરકારે પોતાને હસતક
કરી લીધો અને શાહાઆલમને અને તેના કુટંબને દ
ર વરસે ૧૫ લાખ રૂપીઆનો બેઠો મુસારો આપવા
કબુલ કીધો. શાહાઆલમનું કુટંબ મોટું હતું, તેના
જનાનામાં ઘણી ઓરતો હતી અને તે સઘળીને પેટે
૫૦ છોકરા તથા છોકરીઓ હતી. તે કુટંબના પોશ
ણને વાસ્તે ૧૫ લાખમાંથી આસરે બે લાખ આપવા
માં આવતા હતા. તાર પછી તરણ વરસે શાહાઆલ
મ બાદશાહા મરણ પામેઓ. તેની ઉમર ૮૨ વરસ
ની હતી અને તેણે નજદીક ૪૫ વરસ માઠી હાલત
માં રાજ કીધું હતું. તેના મરણ પછી ઈસવી સન
૧૮૦૬ માં તેના એક બેટા માહામદ બાહાદુરશાહાને
નામનો બાદશાહા ઠેરવેઓ અને તેને ઉપલો બેઠો મુ
સારો મળવા લાગેઓ.

ઈસ્વી સન ૧૮૫૭ માં જારે આ દેશમાં બળ
વો ઉઠેઓ તારે એ પાદશાહે બળવાખોરોને ઉસ્કેર
ણી કીધી અને આખા હીંદુસથાનનો સાહાનશાહા થ
વાની ઉમેદ રાખી. મીરત શેહેર જે દીલીથી ૭૦ મા
ઈલ દખણ દશાએ આવેલુંછે તે શેહેરમાં ૧૮૫૭
ના મેએ મહીનાની દસમી તારીખે મોટો ભઅંકાર બ
ળવો ઉઠેઓ અને તે દીને ઈઓરોપીઅન મરદ તથા
ઓરતોને કતલ કરી નાખવામાં આવેઆં. તાંહાંથી બ
ળવાખોરો નીકળીને વલને દીને દીલી તરફ જઈ પોં
હાચેઆ. દીલી મધે ઈંગરેજ સરકારની ૩ બંગાળી
રીજમીટ પડેલી હતી તેબી બળવાખોર થઈને તેમની
સાથે મળી ગઈ. દીલી મધે રેહેનારા તમામ ઈઓરોપી
અન અને તેઓની બાએડી છોકરાંઓને ઘાતકી રી
તે કતલ કરી નાખેઆં; અને ઉપલા માહામુદશાહા
ને તેઓએ આખા હીંદુસથાનનો સેહનશાહા બના
વી દીધો.

દીલી શેહેર બલવાખોરોના હાથમાં નજદીક
પાંચ મહીના રહેઉં. તેવામાં ઈંગરેજી લસકરની દો
ડ પોહાચી ચુકી અને તારીખ ૨૧ મી સપટેમબરે
દીલી શેહેર પાછું ઈંગરેજોના હાથમાં આવીઉં. બ
ળવાખોરોની મોટી સંખીઆ દીલી છોડીને નાહસી
ગઈ પણ દીલ્લીનો બાદશાહા મહમુદ બાહાદુરશા તથા
તેની બેગમો ઈંગરેજ સરકારના હાથમાં સપડાઈ ગ
એઆં. એ બાદશાહાને પકડતી વખતે તેનો જાન સ
લામત રાખવાની કબુલાત આપવામાં આવી હતી તે
થી ગએઆ ફેબરવારી મહીનામાં તેની તપાસ કીધા
પછી એ બાદશાહાને દેશનીકાળ કરવામાં આવેઓછે.
એ બાદશાહાની ઉમર હાલ ૯૨ વરસનીછે. એ બા
દશાહાના ૧૭ સાહાજાદાઓ જેઓએ બળવામાં આ
ગેવાની કીધી હતી તેઓને ગએઆ ફેબરવારી મહી
નાની તારીખ ૪ થીએ ફાંસી દેવામાં આવેઆ હતા.
આ પરમાણે બાબર તથા અકબરની ઓલાદના છેલા
બાદશાહાનો છેડો આવેઓછે.

## કાસીનો રાજા ચઈઆતસીંગ.

આજ આસરે હેંસી વરસની વાત ઉપર કંપની
સરકારને નાણા સંબંધી મોટી મુશકેલી આવી પડી હતી
તારે વારન હેસટીંગસ નામના હીંદુસથાનના પેહેલા
ગવરનર જેનરલે હરએક રીતે નાણાની મોટી રકમ
મેલવવાનો ઠરાવ કીધો. કાસી અથવા બનારસ જે
હીંદુ લોકોનું એક મોટું અને પવીત્ર શેહેર કેહેવાએછે
અને જાંહાં દર વરસે લાખો હીંદુઓ જાતરા કરવાને
જાએછે, તે શેહેર દોલતથી ભરપુર જોઈને તાંહાંના હીં
દુ રાજા પાસેથી નાણાની મોટી રકમ મેળવવાનો ના
મદાર ગવરનરે વીચાર કીધો.

આ વખતે કાસીનો રાજા ચઈતઅસીંગ કરી
ને હતો. તે ઈસવી સન ૧૭૭૦ માં કાસીની ગાદી
ઉપર બેઠો હતો. તેના બાપ બળવંતસીંગને દર વર
સે પેહેલાં ૨૫ લાખ રૂપીઆની આવક ઉપજતી હ
તી અને થોડા વરસમાં તેણે આઉદના બાદશાહાની
મેહેરબાનીથી ૩૫ લાખ રૂપીઆની પેદાસની બીજી
જાગીર મેળવી હતી. એ ઉપરથી નામદાર ગવર
નરે એવી કળપના કીધી કે ચઈઆતસીંગના ખજાના
માં કરોડો રૂપીઆ એકઠા થએલા હશે. કાસી શેહેરના
બાહારના દેખાવ ઉપરથી અને બજારમાં લાખો રૂ

પીઆની કીમતનો ઊંચો માલ વેચાતો હતો તે ઊપરથી જે કોળપના બાંધવામાં આવી હતી તેને ટેકો મળેઓ.

દીલીનું મુગલાઈ રાજ જારે પડી ભાગવા ઊપર આવીઊં હતું તારે કાસીના રાજાઓ સવંતંતર થએઆ હતા. પણ તેઓને આઊદના બાદશાહની મોટાઈ કબુલ રાખવી પડતી હતી. જારે આઊદના બાદશાહ ઈંગરેજ સરકારને કેટલોએક મુલક આપેઆ તારે કાસીની ઊપરની પોતાની મોટાઈનો હકબી આપી દીધો. ઈંગરેજ સરકારે કાસીના રાજા ઊપર દર વરસે ખંડણી મુકરર કીધી. ચઈઅતસીંગ કબુલાત મુજબ ખંડણી ભરેઓ જતો હતો. જારે ઈંગરેજ સરકારને નાણાની ઘણીજ જરૂર પડી તારે એ રાજા પાસેથી ખંડણીની ઊપરાંત મોટી રકમ કહડાવવાનો ઠરાવ કીધો.

તે ઠરાવ મુજબ ઈસવી સન ૧૭૭૮ માં ચઈઅતસીંગ પાસેથી ખંડણીની ઊપરાંત પાંચ લાખ રૂપીઆ માંગવામાં આવેઆં. ચઈઅતસીંગે તેટલા રૂપીઆ કાંઈબી આનાકાની કીધા વગર આપેઆ. તાર પછી એક વરસ રહીને વળી પાંચ લાખ રૂપીઆની બીજી માંગણી કરવામાં આવી. તેબી ચઈઅતસીંગે ટકટક કીધા વગર આપી દીધી. તીજે વરસે ફરીથી એટલી રકમ માંગવામાં આવી તારે ચઈઅતસીંગે બે લાખ રૂપીઆ નામદાર ગવરનર જેનરલ ઊપર લાંચ દાખલ મોકલેઆ; એવી આશાથી કે તેને એ માંગણીથી મોકળો કરવામાં આવે. ગવરનર જેનરલે એ રૂપીઆ સરકારી તીજોરીમાં નાખેઆ અને તે રાજાને ધધરાવીને એક કાગલ લખી મોકળેઓ. રાજાએ જવાબ વાળેઓ કે વારમવાર મોટી રકમ આપવાને તેનામાં શકતી નથી વાસતે કાંઈબી વધારે માંગણી મેહેરણાનીની રાહે કરવી નહીં. નામદાર ગવરનર જેનરલે તરત કેટલાએક ઘોડે સવાર મોકળેઆ અને એવું લખી જણાવીઊં કે નાણા આપતાં એટલી ઢીલ કરવામાં આવીછે તેથી એક લાખ રૂપીઆ ગુનેગારી દાખલ વધારે આપવા.

ચઈઅતસીંગ બીચારો ધાસતીમાં પડેઓ અને સઘળાં નાણા પગાર કીધાં. પણ ઈંગરેજ સરકારનો મોટો ખાડો હજુર પુરાએઓ નહીં. દખણ હીંદુસથાનમાં મોટી લડાઈઓ ઊઠી હતી તેની ખોટ પુરવાની હતી અને કંપની સરકારનાં ભાગીદારો ઊપરાઊપરી ઈંગલંડ મધે નાણા વાળવાનો હુકમ લખી મોકલતા હતા. તેથી ગવરનર જેનરલે પોતાના હાથમાં નરમ અને તાજો સેકાર આવેલો જોઈને એવું માંગીઊં કે કંપની સરકારના ઘોડે સવારની એક ફોજનો ખરચ એ રાજાએ પુરો પાડેઆ જવું. આ માંગણી ચઈઅતસીંગને ઘણી મોટી માલુમ પડી અને જવાબ આપવાને કેટલાએક મહીના અખાડા કીધા. જારે સીધો જવાબ મળેઓ નહીં તારે ગવરનર જેનરલે તેની ઊપર ચઢાઈ કરીને તેની સઘળી મીલકત લુટી લેવાનો નીશચે કીધો.

આ ખબર સાંભલીને ચઈઅતસીંગના સઘળા હોસ ઊડી ગીઆ. બીજા વીસ લાખ રૂપીઆ આપીને વાંધો માંડી વાલવાને તઈઆર થએઓ. ગવરનર જેનરલે જણાવીઊં કે હવે ૫૦ લાખ વગર છુટકો નથી; અને એટલી રકમ આપવામાં આવશે નહીંતો બનારસનું રાજ વેચી નાખવામાં આવશે એવી ધાસતી દેખાડી; અને પોતે કાસી તરફ જવાને તઈઆર થએઓ.

ચઈઅતસીંગ ગવરનર જેનરલને માન આપવાને કાસીથી ઠેઠ ૬૦ માઈલની વેગલાઈ ઊપર ગઓ. જારે ગવરનર જેનરલની મુલાકાત થઈ તારે તે પોતાની આંખમાં આંસુ લાવીને બોલેઓ કે "ઈંગરેજ સરકાર મારા ઊપર એટલી બધી નારાજી શાવાસતે થઈછે" એટલું બોલીને પોતાની પાઘડી ઊતારીને ગવરનરના ખોલામાં મુકી. ગવરનર જેનરલ તે વખત કાંઈ બોલેઓ નહીં; પણ કાસી મધે પોહાચેઆ પછી તે રાજાની ઊપર એક પતર લખી મોકલેઓ અને જણાવીઊં જે કંપની સરકારને નાણાની ઘણી ભીડ આવી પડીછે વાસતે જે માંગણી કરવામાં આવીછે તે આપેઆ વગર છુટકો થનાર નથી.,

ચઈઅતસીંગે અરજ કરીને જણાવીઊં કે મેં કાંઈ એવો કાંઈબી મોટો અનીઆઓ કીધો નથી. નામદાર ગવરનરને તેના અનીઆએ સાથે કામ નહીં હતું. તેને ફકત પઈસા કહડાવવા હતા તેથી જારે સીધો જવાબ મલેઓ નહીં તારે તે રાજાને કેદ કરવાનો તરત હુકમ કીધો.

આ વાતની ખબર જારે કાસીમાં અને તેની આસપાસના પરગણાઓમાં ફેલાઈ તારે હજારો લોક પોતાના પવીતર શેહેરના રાજાનો બચાવ કરવાને અ

ને ઈંગરેજ સરકાર સાથે લડાઈ કરવાને એકઠા થ આ. લડાઈ અને કાપાકાપી શરૂ થઈ. ચઈઅતસીંગ રાજા પોતાની પાઘડીનું દોરડું બનાવીને બારીને વાટે નીચે ઊતરી પડેઓ અને એક મછવામાં બેસીને નદીને બીજે પાર ગએઓ.

ગવરનર જેનરલ સહુથી બારીક અને ભએ ભરેલી હાલતમાં આવી પડેઓ. તેની પાસે ફકત ૫૦ માણસ રહેલાં હતાં. જે મેહલમાં તે ઊતરેઓ હતો તે મેલની આસપાસ હજારો લોકો તેની સામે લડાઈ કરવાને ભેગા થયાં હતાં. પણ તેણે પોતાની હીંમત છોડી દીધી નહીં. ચઈઅતસીંગે સુલેહનો પેગામ મોકલેઓ તેબી તેણે કબુલ રાખેઓ નહીં. તેણે એક હીકમત શોધી કાહાડી. એક પાતલા કાગલના કટકા ઊપર બારીક આખસરોથી બંગાલના લશકરી સરદારો ઊપર હુકમો લખી કાહડેઆ. તે કાગલોની પાતલી ભુંગલી બનાવીને એક શીપાઈના કાનના વીંધમાં ઘાલીને છુપી રીતે રવાને કીધો. તેમા એવો હુકમ લખી મોકલેઓ હતો કે મોટું લશકર લઈને વગર ઢીલ કરવે આવી પોહોચવું.

પણ તેવામાં એક ઈંગરેજી અમલદારે પોતાની હીંમત ચલાવી. જે લોકો લડવાને ભેગા થએઆ હતા તેઓની ઊપર નદીની પેલીતરફ એક હુમલો કીધો. તેનું પરીણામ ઘણુંજ ધાસતી ભરેલું નીપજીઊં. ઈંગરેજી લશકર કાસીની સાંકડી ગલીની અંદર ઘેરાઈ ગીઊં. અને કાસીની આસપાસના સઘળા પરગણાવોમાં મોરો ઘોંગાટ થઈ રહેઓ. ગામડીઆ અને ખેડુતોબી હથીઆર બાંધીને પોતાના રાજાનો બચાવ કરવા તઈઆર થએઆ. આઊદ મધેબી થોડો ઘણો બળવો થઈ રહેઓ. બાહાર પરાંતના લોકોના દીલબી ઘણાજ દુખ પામેઆ અને તેઓબી ઈંગરેજ સરકાર સામે લડાઈ કરવાને તઈઆર થએઆ. આવો માંમલો જોઈ ચઈઅતસીંગનું ચહડી વાગીઊં. નમનતાઈથી કાળાવાળા કરવાને બદલે ગરૂરીથી ગવરનર જેનરલ સાથે તેણે સંપેસા ચલાવવા માંડેઆ. અને જણાવીઊં કે સુલેહ કરવામાં નહીં આવશે તો સઘળા ગોરા લોકોને હીંદુસથાનમાંથી હાંકી કાહડવામાં આવશે. પણ તેવામાં ઈંગરેજી લશકર જલદીથી આવી પોહોચીઊં. થોડા કલાક લડાઈ ચાલી નહીં તેટલામાં તીસ હજાર માણસ ચઈઅતસીંગને મુકીને નાહાસી ગીઊં. ચઈઅતસીંગ આવો મામલો જોઈને પોતેબી ગોવાલીઅર તરફ નાઠો. કાસીનું રાજ ઈંગરેજ સરકારે પોતાને હસતક કરી લીધું. ચઈઅતસીંગના બાણેજ મહીપ નારાએણને બેઠુ લવાજમ બાંધી આપીઊં. ઈંગરેજ સરકારને દર વરસે ૨૦ લાખ રૂપીઆંની આવક વધી. પણ તેથી તરતની હાજત પુરી પડી નહીં. ચઈઅતસીંગના ખજાનામાં એક કરોડ રૂપીઆ ગણવામાં આવેઓ હતો પણ ફકત ૨૫ લાખ રૂપીઆ નીકળેઆ. ચઈઅતસીંગ રાજા ગોવાળીઅર મધે ઈસવી સન ૧૮૧૦ મા મરણ પામેઓ.

---

## રતનબાઈને સંગરા.

—o—

રતનબાઈ કરીને એક પારસણ હતી. તે એક ઘણાજ ઘીચ અને ગલીચ મોહલામાં રેહતી હતી. તેણીનું ઘરબી ઘણુજ ગલીચ હાલતમાં હતું. ઘરની પછવાડેના વાડામાં એટલો બધો કચરો જમાવ થઓ હતો કે દુરગંધ અને ખરાબ વાસ આખો દીવસ નીકળેઆ કરતો હતો. એવી ખરાબ જગામાં રેહવાથી રતનબાઈની તબીએત ઠીક ચાલતી નહીં હતી. દર રોજ સાંજ પડે અને તેણીનું માથું દુખતું હતું. આવી ગલીચ જગામાં રેહતી હતી અને વળી આખો દીવસ ઘરમાંને ઘરમાં ગોંધાઈ રેહતી હતી તેથી તેણીની તબીઅતમાં દીનપરદીન બીગાડો થતો ચાલેઓ. તેણીના બદનમાં અતીશે કીડ થઈ. આખા શરીરે ઘવરાટ વધી પડેઓ. જરા જરામાં માથું દુખવા લાગીઊં. રતનબાઈને તેની પડોસણોએ સહલા આપી કે "બાઈ તમારા શરીરનું લોહી બગડી ગીઊંછે વાસતે સંગરા મુકાવો." તેણીની એક પડોસણના ઘરમાં એક દીવસે એક નીમ હકીમ આવી લાગેઓ. તેણેબી એવીજ સહલા આપી અને બોલેઓકે ખરાબ લોહી જેમ વધારે દીવસ રેહવા દેશો તેમ વધારે નુકશાની થશે. રતનબાઈએ વીચાર કીધો કે જારે એવું છે તારે લોહી જલદીથી કહડાવવું.

તે દીવસે સાંજના તેણીનો ભરતાર ચાકરી ઊપરથી આવેઓ કે રતનબાઈએ તેજ વાત કીધી અને જણાવીઊં કે લોહી કાહાડેઆ વગર છુટકો નથી. તેણીના ભરતારને એક મીતરે એવી સહલા આપીકે——

નામનો પારસી ડાકટર ઘણો ભલો આદમીછે તેને ત
મે સહલા પુછીને સંગરા મુકાવજો. એ ભલામણ
મુજબ તે ડાકટરને પોતાને ઘેર બોલાવી લઈ ગએઓ.
ડાકટરે તે ઓરતની તબીએત તપાસી અને બોલે
ઓકે—

"બાઈ, તમારી તબીએત બીગડી ગએલીછે એ
વાત ખરીછે પણ તમે સંગરા મુકાવવા ધારોછો તે
થી કાંઈ ફાએદો થવાને બદલે તમને અતીશે નુકસાન
પોહોચશે. કારણ તમારા બદનમાં મુદલ કવેવત ન
થી; લોહી ઓછુંછે, અને વળી સંગરા મુકાવશો
તો ઘણીજ બીમારી ઊતપન થશે. વાસતે એ વી
ચાર તમે છોડી દેઓ. અને આ નકારી જગો બ
દલીને કાંઈ ઘટતી દવા કરો."

**રતનબાઈ**—" મને આટલી બધી કીડ થઈછે
અને આખે શરીરે ઘવરાટ વધી પડેઓછે તે બગડે
લું લોહી કહડાવેઆ વગર ફકત દવાઈથી કેમ સુધરશે?"

**ડાકટર**—" તમારૂ બગડેલું લોહી ખુલી હવા
માં જઈને રેહવાથી અને ઘટતી દવા કીધાથી જરૂર
શોજું અને સાફ થશે, પણ તમોએ મુદલ સંગરા
મુકાવવી નહીં. આમણી ઓરતોમાં હું ઘણે ઠેકાણે
જોઊંછું કે જરા કીડ થઈ, જરા ઘવરાટ વધેઓ, જ
રા માથુ દુખીઊં એટલે લોહી બીગડીઊં અને પછી
સંગરાહા મુકાવવા તઈઆર થાએછે. પણ તેથી કેટલાં
મોટા પરીણામ ઊપજેછે !! કદાચ એક માણસ લોહી
થી શલી ફુટી જતું હોએ અને તે જો સંગરા મુકા
વેતો તેની જાહાજી અડચણ નથી. પણ આપણમાં
તેવાં માણસો મળવાં મુસકેલછે. વળી સંગરા મુકાવ
વાની ટેવ આપણી નાજુક ઓરતોને પડી ગઈછે એ
વાત ખચીત દુખ ભરેલીછે. ઓરત જાત જનમથીજ
નાજુક હોએછે. તારે તેનાથી લોહીનો ટોટો કેમ ખ
મી શકાએ ? વળી ઓરત જાતને બીજા કેટલાંએક કા
રણોથી ના કવેવતી પેદા થાએછે. દસતાનની વખ
તે તેના અંગમાંથી દર માસે આસરે ૧૦ ઈઆ ૧૨
તોલા લોહી ઓછું થાએછે. બાલકને જનમ આપતી
વખત કેટલુંએક લોહી ઘટેછે. બાલકને ધવડાવતી વ
ખતબી લોહી ઓછું થાએછે. કારણ માતાના થાણ
મધે દુધ તઈઆર થવાને લોહીની ઘણી જરૂરછે. એ
સઘળી ખોટ પુરી પાડવાને સારો ખોરાક અને ખુલી
હવાની ઘણીજ જરૂરછે. પણ આપણી ઓરતો આ
ખો દીવસ ઘરમાં ગોંધાઈ બેસેછે તેથી તેમની નાકવે
વતીમાં વધારો થાએછે. તેમા વળી સંગરા મુકાવી
ને લોહી કહડાવવું તેથી કેટલી ખરાબી થવી જોઈએ
તેનો વીચાર તમારા જેવી બાઈઓએ સારી પેઠે કર
વો ઘટેછે. વાસતે સંગરા મુકાવવાની હું મુદલ ભલા
મણ કરતો નથી."

એટલું બોલીને ડાકટર રવાને થએઓ. રતન
બાઈએ પોતાના ભરતારને કહેઊં કે ઈંગરેજી વઈદુ
શીખેલા એ વાતમાં ઘણું સમજે નહીં. મારા શરીર
નું લોહી બગડેલુંછે તે જગો બદલેઆથી અથવા દવા
કીધાથી સુધરનાર નથી. પેલા મુસલમાન હકીમે સેં
કડો ઓરતોને સંગરા મુકીછે અને તે વળી કેહેછે કે
ખરાબ લોહી વધારે દીવશ રેહેવા દીધુંતો વધારે ખ
રાબી થશે. વાસતે ગમે તે હોએ પણ હુંતો આવતી
કાલે સંગરા મુકાવેઆ વગર રેહેનાર નથી. તેણી
ના ભરથારે ઘણુબી સમજાવીઊં પણ શેકર.

વળતે દીને સમશેહરખાં હકીમ આવેઓ અને
તેણે રતનબાઈને સંગરા મુકી. નેસ ખોલી કે તર
ત કાલું લોહી નીકળીઊં. આસપાસ ઊભી રેહેલી બા
ઈઓ બોલી કે "જુવો જુવો આ કેવું ખરાબ લોહી
નીકલી જાએછે, હવે રતનબાઈના આંગમાં મુદલ ખ
રાબ લોહી રેહેશે નહી." તે વખતે સમશેહેરખાંબી પો
તાની તારીફ કરવાને ચુકેઓ નહીં. લોહી કાહાડેઆ
પછી થોડાએક કલાકે રતનબાઈની નાકવેવતીમાં એક
દમ વધારો થઈ પડેઓ. તે બેહોસ થઈને પડી. બે
ચાર દીવસ ગુજરેઆ અને તેણીના કાનમાં કસારાં
બોલવા લાગેઆં અને મોટો ગોંઘાટ થતો હોએ એમ
લાગવા માંડીઊં. બરાબર સાંભલી શકે નહી. તેણી
ના હાથ પગ ટંડા થઈ ગઓ. છાતીમાં ધપકારા થવા
લાગેઆ. ખાવા પીવાનું મુદલ ભાવે નહી. ઘડી ઘ
ડીમાં બેહોસ થઈ જાએ.

ગરીબ બીચારી રતનબાઈ! સંગરાહા મુકાવી
ને ફસી પડી. તેણીનો ભરતારતો ઘણોજ ગભરાટમાં
આવી પડેઓ. શું કરવું અને શું નહીં તે સુજે ન
હીં. પાછો પેલા આગલા પારસી ડાકટર પાસે દોડે
ઓ. અને જઈને કેહવા લાગો કે ડાકટર સાહેબ મા
રી ઓરતે બજીદ થઈને સંગરાહા મુકાવી અને હાલ
ઘણીજ બીમાર હાલતમાં પડીછે. ડાકટર આ વાત સાં
ભલી ઘણોજ દલગીર થઓ, અને રતનબાઈને ઘર

જઈને તપાસેછે તો ઘણીજ બેહોસ માલુમ પડી. તેણીના આંગમાં એટલીતો નાકઊવતી પેદા થઈ હતી કે તેણીના જીવવાની થોડીજ અથવા મુદલ આશા માલુમ પડી નહીં. રતનબાઈની બીમારી આવી ધારતી બરેલી હતી તોપણ તેણીના નાહાના ઓરડામાં દશ બાર ઓરતો એકઠી થઈને બેઠી હતી અને ગોંધાટ કરતી ડાકટરને માલુમ પડી. ડાકટર બોલેઓ કે આ બાઈ આવી બીમાર હાલતમાં પડીછે અને આ સાંકડી જગામાં તમો એકઠા થઈને ગોંધાટ કરોછો તેથી તેની બીમારીમાં વધારો થઈ પડેઆ વગર રેહેશે નહીં. એવા બીમાર માણસની પાસે કાંઈબી ઘોંઘાટ થવો જોઈએ નહીં અને ખુલી હવાને વાસતે ઓરડામાં ભીડ હોવી ન જોઈએ. તારપછી ડાકટરે દવા લખી આપી અને ચાલતો થએઓ. ડાકટર ગઓ પછી સઘળી બાઈઓએ કલો કરવા શરૂ કીધું.

ફોલાઈ ફુઈ બોલી કે—"ઈંગરેજી ડાકટરોની જાંહાં તાં એજ પીડા. બીમાર આદમી પાસે બેસવા દેજ નહીં. ઈંગરેજી દવા કીધાથી સારૂ થાએ એમ મને લાગતું નથી. મારી પીરોજબાઈ આવીજ બીમાર થઈ હતી અને હમોએ એક સઈઅદ પાસે ઝાડો પીછી કરાવીને હરમાનને પોલી ચહડાવી તેથી સારૂ થઈ ગીઊં."

મટલઈ ડોસી બોલી કે—"મારા ફલુનું મોહોડું સુજી ગીઊં હતું અને હમોએ ગોટમાવળીને મીણબતી અને મીણનું મોહડું માનીઊં કે તેને તરત આરામ થઈ ગએઓ."

જરબાઈ બોલીકે—"કાજી મોહોલામાં એક સઈઅદ રેહેછે તે હકીમપણું કરેછે અને વળી તેને ઝાડો પીછી નાખતાં આવડેછે. મારા કાકાસસરાને બોખાર આવતો હતો તે તેણે થોડા દીવસમાં સારો કીધો."

એ પરમાણે સઘળી બાઈઓ પોત પોતાની મરજી પરમાણે ભલામણ કરવા લાગી. આખેર કેટલીએક બાઈઓએ ઈંગરેજી દવા કરવી છોડી દઈને કોઈબી માનતા કરવાની રતનબાઈના ભરથારને ફરજ પાડી. તે ભરતારે માનતા લીધી કે રતનબાઈ સારાં થાએતો ગોટ માવલીને ૫૦ મીણબતી ચહડાવવી.

પણ ગરીબ બીચારી રતનબાઈ! તેની આસપાસ વેહેમી અને અણઘડ ઓરતો એકઠી થઈ હતી. તેણીનો ભરતાર બીચારો ભોળો અને વગર સમજનો હતો. તેણે ઈંગરેજી દવા એક બાજુએ રાખીને માનતા કીધી તથા સઈઅદ પાસે ઝાડો પીછી કરાવી. એ સઘળાનું પરીણામ એજ નીપજીઊં કે રતનબાઈ ૨૭ વરસની ઊમરે ચાર પાંચ બચાં કચાંને મુકીને મરણ પામી. ફકત વેહેમ અને અગનાન પણાને લીધે એક ગરીબ ઘરમાં દુખ અને સંતાપ ભરેલું મોત ઊપજીઊં.

---

## ચાર ઈઆ પાંચ ફુટ ઊંચા લાકડાંના પગ ઊપર ચાલનારા માણસો.

ફરાંસના દખણ ભાગ મધેના એક પરગણામાં બે તરણ એવા ગામડાંછે કે તે ગામડાંઓમાં અને તેમની આસપાસ રેતીના મોટાં મેદાનોછે. ચોમાસામાં તથા શીઆળામાં એ મેદાનો મધે ગુડણ ગુડણ પુર અથવા તેથીબી વધારે પાણી ભરેલાં હોએછે. તાંહાંના ગામડીઆઓએ તેવા મેદાનમાં ચાલવાની એક ઈલીકતી શોધી કાહાડીછે. તેઓ તરણથી પાંચ ફુટ ઊંચા લાકડાના પગ બનાવેછે. તે લાકડાના પગના ખાંણાની અંદર પોતાના પગ ઘાલીને તથા તેમને મજબુત બાંધીને તેઓ એ મેદાન મધેથી ચાલીને આવજાવ કરેછે. તેઓએ લાકડાના ઊંચાં પગ ઊપર ચાલવાની નાહાનપણથી એવી ટેવ પાડેલી હોએછે કે તેઓ પડી જતા નથી અને ઝડપથી ચાલેછે. એક માણસ ૫ ઈઆ ૬ ફુટ ઊંચુ હોએછે તે જારે લાકડાના પગ પેહેરેછે તારે ૯ ઈઆ ૧૦ ફુટ ઊંચો થઈ પડેછે. એવા ઊંચાં માણસોને ખેતરોમાં ચાલતા જોવાનો દેખાવ ઘણોજ જોવા લાએક થઈ પડેછે. એક મુસાફર કેહેછેકે—

"હમોએ કાસટલ અને લા બાહારીના ગામડાઓની વચેના ખેતરોમાં પેહલ વેહલો આ એક અચરતી ભરેલો દેખાવ જોએઓ. તાંહાંનાં ખેડુતો તથા ભરવાડો લાકડાંના ઊંચા પગ ઊપર ચાલતા હમારી નજરે પડેઆ. આ લાકડાના પગ તરણથી પાંચ ફુટ ઊંચા હોએછે. તે એવી રીતે બનાવેલા હોએછે કે જમીન ઊપર બરાબર પગની ગીરાલે પડેછે અને તાંહાંના લોકોના કુદરતી પગમાં બરાબર બેસતા આવેછે. લાકડાના પગની સાથે પોતાના પગ બાંધવાની અગાઊ ઘેંટાનું ચામડું પોતાના પગ ઊપર વીટાલેછે. તેઓ પોતાના બદનનું વજન એવી રીતે રાખેછે કે તે



લાકડાના ઉંચા પગ ઉપર ચાલનાર ફરાંસ દેશના એક ગાંમડાનો ભરવાડ

આ ચાલતી વખત પડી જતાં નથી. વધારે અચરતી જેવું એછે કે તેઓ લાકડાના પગ પેહરીને દોડેછે, કુદેછે અને વાંકાબી વળેછે !! હમોએ એક પથરની ઊપર પઈસો મુકેઓ તે તેઓએ દોડી આવીને તથા વાંકો વળીને ઝડપથી ઊંચકી લીધો. તેઓ ઘણુ કરીને પોતાના હાથમાં એક લાંબી લાકડી રાખેછે. જારે તેઓના બદનનું વજન એક તરફ વધારે થઈ જાએછે તો તે લાકડીની મદદથી તરત તેઓ બરાબર વજન કરી મુકેછે. તેઓ બચપણથી લાકડાના પગ પેહરવાની ટેવ રાખેછે. ભરવાડોને એ પગ પેહરવાથી બીજો મોટો ફાએદો એ થાએછે કે તેઓ ઘણા ઊંચા હોવાથી પોતાના સઘળા મેંઢાઓની ઊપર સારી પેઠે નજર રાખી શકેછે."

હમોએ આ બીનાની સાથે એવા એક ભરવાડનું ચીત્ર આપીઊંછે. તે લાકડાના પગ ઊપર ઝડપથી ચાલી શકેછે. આસરે બે વરસની વાત ઊપર આપણા શેહેરમાં એક કરનાટકનો હીંદુ ખેલાડી આવેઓ હતો તે નાટકના તકતા ઊપર લાકડાના લાંબા પગ પેહરીને હાથમાં સેતાર પકડીને ચાલેઓ હતો. પણ તે વાંકો વળી શકતો નહીં હતો.

## સાએમના બે જોડીઆઓ.

આપણા દેશની પુરવ દશાએ સાએમ નામનો મુલકછે. આસરે પચાસ વરસની વાત ઊપર અજાએબ જેવા બે જોડીઆઓ એક ઓરતને પેટે જનમેઆ હતા. એ જોડીઆઓ દુંટીથી એક બીજા સાથે જોડાઈ ગએલા હતા. તેઓના હાથ, પગ, મોહડુ, આંખ, નાક, સઘળુ એક બીજાથી જુદુ હતું. ફકત પેટની આગળ દુંટીથી જોડાઈ ગએલા સાથે જનમેઆ હતા. જાંહાં એક બચું દોડે તાંહાં બીજાં બચાંને જવાની ફરજ પડતી હતી. એકને આગળે પગે ચાલવું પડેતો બીજો પાછલે પગે ચાલતો હતો !! સાએમની નદીના એક કીનારા ઊપર તેઓ એક અમેરીકાનની નજરે પડેઆ. તે અમેરીકન તેઓને અમેરીકા મધે તાંહાંના લોકોને આ અજાએબ જેવો ઈશવરી ચમતકાર દેખાડવાને લઈ ગએઓ. તાંહાં હજારો લોકો તે જોડીઆઓને જોવાને એકઠા થએઆ. તાંહાંના વીદવાનોએ તેમને સારી પથે જોઈ જોઈને તપાસેઆ. તાર પછી તેઓને કારીજ નામનાં એક ઈંગરેજી કપતાનને સોપવામાં આવેઆ.

તે કપતાન તેઓને ઈંગલંડ મધે લઈ ગએઓ. ઈંગલંડ મધે સરવે લોકોના તમાશાને વાસતે તે જોડીઆઓને ઊઘાડા મુકેઆ. તાંહાંના લોકોને બારીકીથી તપાસતાં માલુમ પડીઊં કે તેઓ એક બીજાને ઘણાજ પાસોપાસ લાગેલા નહીં હતા. આસારે બે ઈંચ લાંબા ચામડાથી તેઓ જોડાએલા હતા. વીદવાન લોકોએ એવી કલપના કીધી કે એ ગાંઠનું ચામડું એવી રીતે મોટું થતું હતું કે ઘણાએક વરસ પછી તેઓ લશકરી શીપાઈઓની માફક અડોઅડ ઊભા રેહે; અને તેથી વધારે છુટા પડી શકે નહીં. તેઓ જારે ઊભા રેહતા હતા અથવા બેસતા હતા, અથવા ચાલતા હતા તારે દરએક જણ પોત પોતાનો હાથ એક બીજાને ગલામાં અથવા કમર સાથે રાખતો હતો. લોકો એવું કેહતા હતા કે તેઓ એક બીજાની સાથે વાત કરી શકતા નથી. પણ પાછલથી માલુમ પડીઊં કે તેઓ એક બીજા સાથે વાત કરતા હતા પણ ખુલ્લા અને સાફ અવાજથી નહીં. તેઓ મધેનો એક, બીજાથી વધારે ચંચલ અને બુધીવાન માલુમ પડતો હતો. જે વધારે ચંચલ માલુમ પડતો હતો તેનો સભાવ બીજાથી જલદી ગુસે થાએ તેવો હતો. બીજાનો સભાવ ઘણોજ નરમ હતો. ઈંગલંડના જુદા જુદા ભાગોમાં કેટલાએક વરસ લગી દેખાડેઆ પછી તેઓને પાછા તેમના મુલક મધે મોકલવામાં આવેઆ હતા.

## સ્ત્રી ભરતાર પોતાનું સુખ કેમ વધારી શકે ?

દુનીઆમાં સહુથી મોટું દુખ, સ્ત્રી અને ભરતાર વચે અણબનાવ અને મીનાકસાનુંછે. જે સ્ત્રી અને ભરતાર વચે અણબનાવ અને મીનાકસો ચાલેઓ તે જોડું દુનીઆમા કદી સુખી થનાર નથી. એક બારગી નહીં પરણવું એ બેહેતર કેહવાએછે; પણ પરણેઆ પછી સ્ત્રી તથા ભરતારે એક બીજા સાથે આડી અને નુકસાન ભરેલી ચાલ ચલાવવી એના જેવો દુખ એ

ને સંતાપ ભરેલી બીજી એકે વાત નથી. કેટલાએક સંજોગોથી દુનીઆમાં બીજી તરહેનું દુખ આવી પડે પણ સ્ત્રી ભરતાર વચે ખરો પેઆર અને ખરૂ હેત હશે તો તે દુખમાં ઘણોજ ઘટાડો માલુમ પડવાનો. એક બીજાનાં પેઆર અને હેતથીજ દુખ ઓછું માલુમ પડવાનું. જે સ્ત્રી ભરતાર વચે ખરો પેઆર નથી તેઓમાના હરકોઈની ઊપર દુનીઆની ગીરદેસથી કાંઈ દુખ અથવા સંકટ આવી પડીઊં તો તે ઘણુજ મોટું અને નહીં ખમાએ તેવું લાગવાનું. વાસતે જરૂરનું અને અગતનું એજછેકે સ્ત્રી ભરતારે અરસ પરસ ખરો પેઆર વધારવાની સારી પેઠે તજવીજ કરવી પણ ખરા પેઆરની સાથે બીજી કેટલીએક ચીજો ધેઆનમાં રાખવી ઘટેછે. એ ચીજો ઊપર ધેઆન નહીં પોહોચાડીઊંતો ગમે તેટલો પેઆર અને હેત છતાં કોઈ વેળાએ અણબનાવ અને મીનાકસો ઊતપન થઈ પડેછે અને તેથી દુખ ભરેલાં અને માઠાં પરીણામો નીપજે છે. હમો ફરીથી કહીએછે કે દરએક ભરતારે અને દરએક સ્ત્રીએ કેટલીએક અગતની ચીજો ઊપર સારી પેઠે ધેઆન આપવું જોઈએછે અને તે મુજબ ચાલવાની હંમેશ તજવીજ કરવી ઘટેછે.

### ભરતારે ધેઆનમાં રાખવા જોગ બીના.

૧. જે સ્ત્રી સાથે તમોએ લગન કીધાં હોએ તે સ્ત્રીને તમો તમારા સુખ દુખની ખરી ભાગીઅણ ગણો. તમારા દુખના વખતમાં દુખનો બોજો ખમવાને તેણીનુ નસીબ તમારી સાથે બંધાએલુંછે વાસતે તમો તમારાથી બને તેટલું સુખ તેણીને આપવાને ચુકો ના.

૨. તમો તમારી સ્ત્રીને ઘણા પેઆર અને હેતથી ચાહો; પણ તમારો પેઆર તમો એવી રીતે અને એટલો હદથી જાદા દેખાડતા નહીં કે જેથી તે છકી જઈને તમારી ઊપર સરદારી કરવા માગે.

૩. તમો તમારી સ્ત્રીને એક ગોલાગ અથવા ચાકરની મીસાલે ગણતાના, પણ તમારો ખરો અને હમેશનો સોબતી લેખીને તમારી બરોબરના એક ખરા મીતરની પેઠે તેને માન આપો.

૪. તમો તેણીને તોછડાઈથી તથા ધીકારથી કદી બોલાવતા ના. હમેશ વીવેક અને લાએકીથી બોલાવજો કે તમારાં બચાં અને ઘેરના બીજા માણસોબી વીવેક અને લાએકીથી બોલાવવા શીખે.

૫. લગનના કોલ કરાર એટલે શું અને તે કોલ કરાર પરમાણે ચાલવાને તમે અરસ પરસ કેવા બંધાએલાછો તે વીશે તમો તેણીને વાકેફ કરતા રેહો.

૬. ફુરસદને વખત તેણીની પાસે બેસીને અરસ પરસના પેઆરમાં વધારો થાએ, તેણીનુ ગનાન અને સમજ શકતી વધે, તેણીના વેહેમો અને ખરાબ વીચારો દુર થાએ તેવી તેવી વાતો કરતા રેહો.

૭. નીતી અને સદગુણ આચરવાને શીખવો. સોગણ ખાવાની, બચાંઓને તથા ચાકરોને ખરાબ નામે બોલાવવાની ટેવ છોડાવો. માણસ જાતની ટુક હઈઆતી વીશે તેણીના મનમાં વીચાર પેદા કરો. અને જારે જોગવાઈ મળે તારે જણાવતા રેહો કે માણસને પોતાના દરએક કામને માટે ઈશવરને જવાબ આપવો પડશે.

૮. તેણીને આખો દીવસ ઘરમાં ગોંધી ના મુકો. ખુલી હવામાં અને ખુલી જગામાં ફરવા મોકલો. મોટી મોટી જાહેર ઈમારતો, તરેહ તરેહના સાંચાઓ અને નવાઈની ચીજો દેખાડવાને વારેવાર મોકલતા રેહો; કે જેથી તેણીની સમજ શકતી ખીલે અને મનનું બળ વધે.


૯. જો તે હઠીલી હોએ અથવા નઠારા સભાવની હોએતો ઘણાજ સખત ઊપાએ કામે લગાડતા ના. તમો એવું દેખાડો કે તમે ઝાઝી દરકાર કરતા નથી એટલે તે પોતાના બલાપાથી પોતે ઠેકાણે આવશે.

૧૦. તમો તેણીને ઘરની શેઠાણી પેઠે ગણો કે જેથી ચાકરમાં તેણીનું વજન ઘટે નહી અને તેઓ કદી સામે બોલવાની હીંમત ચલાવી શકે નહીં.

### સ્ત્રીએ ધેઆનમાં રાખવા જોગ બીના.

૧. તમે તમારા ભરતારના હરએક દુખમાં ભાગ લેવાને તઈઆર રેહો. તમારા ભરતારને પસંદ પડતો સભાવ રાખવાની તજવીજ કરો. તેને પસંદ પડે એવી રીતે ઘેરનો સામન ગોઠવીને મુકતા જાઓ. તમારા ભરતારને માઠું લાગે એવો બોલ તમારા મોહોડાંમાંથી કોઈ વેળાએ નીકળે નહીં એવી સંભાલ રાખો.

૨. તમો તેના સઘળા હુકમને તાબે થાઓ. તેની હરએક કામમાં ચુક માલુમ પડેતો સામે ના બોલો પણ ધીરજથી સમજાવીને કેહો. તેનો હુકમ તમને અણઘટતો માલુમ પડે તોપણ તેથી કજીઆ અને મીનાકસો



સીલોનની ખાડી મધે મોતીની સીપો કાડવા સારૂં કામે લાગેલી બોટો.

ઉતપન થતો હોએ તો વધારે બેહેતર એજછે કે તેના ગેરવાજબી હુકમને તાબે થવું.

૩. જો તે તમને હદથી જાદા માન આપે તો પણ તમે પોતાને તેનાથી ઊતરતા દરજ્જાના ગણજો; અને તેનું હમેશા માન રાખજો. અથવા તમે તેનું માન રાખતા હોવ એમ તેને દેખાડજો.

૪. જો તમને તમારા ભરતારમાં હરએક ખામી માલુમ પડે તો તે શોધી કાહાડવામાં મોટાઈ સમજતા ના. તમે તેનાથી વધારે સમજુ અને વધારે ડાહઆછો એમ દેખાડતા ના. તેની ખામી તમારાથી સહન થઈ શકતી નહી હોએતો તે ધીરજથી અને ઠંડા સભાવથી તેને જાહેર કરજો.

૫. તમે હમેશ ધેઆનમો રાખો કે તમે નબળાં અને તમારા ભરતારને આધારે રહેલાં છો. તમે ખુબસુરત હોવતો તેથી મગરૂર રેહેતાં ના.

૬. જો તમારી હરએક ચાલથી તેને નાખુસી ઊપજી હોએતો તરત તમારી ચુક કબુલ કરો અને ફરીથી તેવું નહી થાએ તેવી કબુલાત આપો અને તે કબુલાત પરમાણે ચાલવાની તજવીજ કરો. આ વીત હમેશ ઈઆદ રાખજો કે અણબનાવ અને કંકાસ દુર કરવામાં મુદલ હલકાઈ નથી; અથવા તમો મોટાઈ મેળવવાના કરતાં તમારા ભરતારને વધારે ચાહોછો તેવું દેખાડવામાં કોઈબી નીચાપણુ નથી.

૭. તમે વગર કામના અને આળસુ બેસી રેહેતા ના; પણ હરએક ઊપીઓગી અને જરૂરનું કામ હાથમાં લઈને બેસતા રેહો. તમારા મનને સણગારવાને વાસતે સારાં પુસતકો તથા ચોપાનીઆં વાંચતાં રેહો.

૮. જો તમારી ઊપર દુખ આવી પડેતો તે સહન કરવાની હીમત મુકતા ના. તમે તમારા ભરતારની હીમતનો નમુનો ધેઆનમા રાખો અને તમારી હીંમતનો નમુનો તેને દેખાડો.

૯. જારે તમે સવારના ઊઠો તારે આખો દાહડો ખુસી રેહેવાનો અને હસતું મોહાડુ રાખવાનો ઠરાવ કરો. તમારા હસતા ચેહેરાથી તમારા ભરતાનો ગુસો ઊતરી ગએઆ વગર રેહેનાર નથી. તમો તમારા શરીરને તથા ઘેરને હમેસ સાફ અને સોજું રાખતા રેહો અને હરએક રીતે તમો તમારા ભરતારની નજરમાં પસંદપડતા રેહેવાની તજવીજ કરો; એટલે ગુસે થવાને તેને ઘણુ કારણ મલશે નહીં.

૧૦. તમો તમારા ભરતારની ખામી બીજાઓને નહીં જણાવવામાં મગરૂરી સમજો. તમો તેની ખામીથી તમારા કોઈબી સોબતીને વાકેફ કરશોતો તમારી સઘળી સાહેલીઓ તમારી મશકેરી કરેઆ વગર અને તમારી તરફ હસેઆ વગર રેહેનાર નથી.

---

## મોતી—એ શું ચીજછે તથા તે કેવી રીતે અને કહી જગાએ મલેછે?

બાઈઓ, તમે તમારા શરીરને મોતીથી સણગારોછો વાસતે તમોએ જાણવું જોઈએ કે "મોતી" એ શું ચીજછે અને તે કેવી રીતે તથા કહી જગાએ મલેછે. આપણા કેટલાએક લોકો એવું કેહેછે કે વરસના ચોકસ દીવસ ઊપર સમુદર મધેની સીપો પોતાના મોહડાં ઊઘાડાં કરીને બેસેછે અને તેમાં જારે વરસાદના ટીપાં પડેછે તારે તેના મોતી બંધાએછે. આ વીચાર ખોટો અને ગલતછે. મોતી કાંઈ વરસાદના ટીપાંથી બંધાતાં નથી. હાલના મોટા મોટા વીદવાનોએ બારીકીથી તપાસ કીધીછે અને તેઓ એવું જણાવેછે કે મોતીની સીપમાં જે જાનવર પેદા થાએછે તે જાનવરના શરીર ઊપર એક જાતનું દરદ થાએછે અને તેથી મોતી જેવા ફુલા ઊઠી આવેછે. વાસતે તેઓ કેહેછે કે મોતી એ કાંઈજ નહીં પણ દરીઆ મધે પેદા થનારા નાહાના પરાણીઓના શરીર ઊપરનું દરદછે. આહા: બાઈઓ! શું ઈશવરની રચનાછે કે જે ચીજ એક જાનવરનું દરદ કેહેવાએ અને જેથી તે બીચારૂ દુખ પામે તે ચીજ ઓરત પોતાનો ચેહેરો સણગારવામાં કામે લાગાડેછે!! આ ઊપરથી આપણને એટલું માલુમ પડી શકેછે કે આ જગતમાં ઈશવરે કાંઈબી ચીજ નકામી અને વગર કારણની પેદા કીધી નથી. જાનવરનું દરદબી માણસના કામમાં આવેછે તો બીજું શું આવી ન શકે?

મોતીનો પાક સીલોનના સમુદર મધે તથા ઈરાનની ખાડી મધે ઘણો નીકળેછે. ઈરાનની ખાડી મધે બાહારીન નામના ટાપુઓછે તાંહાંથી બસરા ખાતે સઘળા મોતીને મોકળવામાં આવેછે અને બસરાથી જુદે જુદે દેશાવર ખાતે પોંહોંચી વળેછે. એ ઊપરથી ઈરાનની ખાડી મધે પેદા થએલા મોતીને બસરાઈ મોતી

કરીને કહેછે. સઘળા મોતી કરતાં બસરાઈ મોતી વધારે વખણાએછે. આપણા દેશની દખણ દીશાએ સીલોન અથવા લંકાના સમુદર મધે "મનાર" ની ખાડીછે તે ૩૦ માઈલ લાંબી અને ૨૪ માઈલ પોહોળીછે; તે ખાડી મધેથી પુસકળ મોતીની શીપો મળેછે. એ મોતીની આવક ઈંગરેજ સરકારને મળેછે. ઈંગરેજ સરકાર કેટલીએક રકમ લઈને એ કામ ઘુંટે આપેછે. એક વરસ ૧૨ લાખ રૂપીઆ ઈંગરેજ સરકારને ઘુંટાના મળેઆ હતા.

માર્ચ મહીનો બેસેછે કે સીલોન તરફ મોતી શોધવાનું કામ શરૂ થાએછે. નજદીક ૩૦૦ બોટો એ કામ પછવાડે લાગેછે. સવારના સાત વાગેથી ડુબકી મારવાનું કામ ચાલુ કરેછે. ડુબકી મારનારાઓ પોતાના શરીર ઊપર કાંઈબી કપડાં રાખતા નથી પણ ફકત લંગોટ મારેછે. તેઓ દોહડ મીનીટથી વધારે વાર પાંણીમાં રેહેતા નથી. કોઈ ચાલાક હોએછે તો દોહડ મીનીટમાં કોઈવાર સો કરતાં વધારે સીપો લાવે છે. તેઓ પોતાના હાથમો સઘળી સીપો લઈને ઊપર ચહડી આવતા નથી પણ ટોપલી જે પથર નાખીને પાંણીમાં નીચે ઊતારેલી હોએછે તે ટોપલીમાં નાખીને તેઓ ચહડી આવેછે; અને પછી ટોપલીને બોટ ઊપરના માણસો ખેંચી લેએછે. આ બીનાની સાથે એક ચીત્ર આપીશુંછે તે ઊપરથી માલુમ પડશે કે તેઓ કેવી બોટો કામે લગાડેછે અને મોતી કાહડતી વખતે કેવી રીતે કામે લાગેલાં હોએછે. કોઈ કોઈ વેળાએ એક એકી બોટ ઊપરના માણસો ઘણીજ સીપો એકઠી કરેછે. એક બોટ એક દાહાડામાં ૩૨ હજાર સીપો એક વખત લાવી હતી. પણ સઘળી સીપોમાંથી મોતી નીકળતાં નથી. ઘણીખરી સીપોતો મોતી વગરનીજ નીકળેછે. એક ઈઆ બે હજાર સીપમાંથી ૩૦ રૂપીઆના મોતી નીકળેછેતો તેઓ પોતાની મેહેનત પાર પડેલી સમજેછે. ને સઘળી સીપો શેડેઆની અગાળી કાળુ જેવી સઘળી તરફથી બંધ થએલી હોએછે.

સઘળા કાળુઓને કીનારે લાવેઆ પછી દસ બાર દીવસ કોહોવાડેછે. એટલા વાસતે કે મોતી જાનવરના બદન ઊપરથી જલદી છુટાં પડે. તારપછી તેઓને બાજેછે. બાંજતી વખતે તેમાંથી કોહોવાટનો ઘણોજ દુરગંધ અને ખરાબ વાસ નીકળેછે. બાંજેઆ પછી ચમટાએ કરીને એક એક મોતીને કાહાડેછે.

મોટીના કાળુ ૮ ઈઆ ૧૦ ઈંચ ઘેરાવના હોએછે. તે કાળું શેડેઆ પછી સપેત માસના પોચા પોપચા જેવું જાનવર જોવામાં આવેછે. સીપની માહેલી બાજુ મોતી કરતાં વધારે તેજદાર હોએછે. કાલુ બાન્જેઆ પછી મોતી શધવાની શીપનો દેખાવ આં ચીતર ઊપરથી માલુમ પડશે.



અગાઊ જણાવીશું તેમ ઘણીખરી શીપો મોતી વગરની નીકળેછે. પણ કોઈ કોઈ વેળાએ એક એક શીપમાંથી ઘણા મોતી નીકળેછે. એક વખત એક સીપમાંથી દોહડસો મોતી નીકળેલાં માલુમ પડેઆંછે.

---


## કુરગના રાજાની દરબારમાં એક માણસે વાઘની સાથે લીધેલી બાથ.

આપણા દેશી રાજાઓ જેઓ આળસાઈમાં પોતાનો વખત કાહાડેછે અને હરએક ખરાબ અથવા ઘાતકી રમતથી રમુજ મેળવેછે તેઓ પોતાની દરબારમાં કેટલાએક "મળ" અથવા બાહાદુર પેહેલવાનો રાખેછે. તે મળોને એક બીજા સાથે તથા જંગલના શકી ખાનારા અને જોરાવર જાનવરો સાથે ખુશતી રમાવીને તેઓ ગમત મેળવેછે. કુરગ નામનું પરગણું જે હીંદુસથાન મધે મેસોર અને મલબારની વચે આવેલુંછે તાંહાંના એક આગલા રાજાની દરબાર મધે એક પેહેલવાન મળે વાઘની સાથે બાથ લીધી હતી તેનો હેવાલ વાંચવા જોગ જાણીને હુમો હેઠળ પરગટ કરીએછે.

જે ચોકમાં લડાઈ થવાની હતી તે ચોક સો ચોરસ ઈઆરડ જેટલો મોટો હતો. એક પેહેલવાન ઊઘાડે શરીરે વાઘની સાથે લડવાને હાથમાં ફકત એક

બરછો લઈને આવેઓ. શરીરે તે ઘણો ઊંચો હતો પણ તેનું બદન અને હાથ પગ પાતલા હતા. તેણે પોતાને શરીરે થોડુંએક તેળ ચોપડીઊં હતું. ચોકમાં આવીને ઊભો રહેઓ અને રાજાને સલામ કીધા પછી વાઘને છોડી મુકવાની એસારત કીધી. સરવ તમાસગીરો તેની હીમત અને સણુરી જોઈને અચરત પામેઆ. વાઘને પાંજરામાંથી છુટો મુકેઓ કે તરત તે કુદીને ચોકમાં આવીને ઊભો રહેઓ. તે વાઘ ઘણો મોટો હતો અને દેખાવમાં ભઅંકાર દીસતો હતો. તેણે પોતાની પુછડી ઊભી કીધી અને તે આગલ પાછલ હીલાવવા લાગેઓ અને નરમ અવાજે પોકારવા લાગેઓ. વાઘે પેહલ વેહલી તે મળની સામે નજર કીધી; અને પછી ગાલરી ઊપર રાજા તથા તમાસગીરો બેઠા હતા તે તરફ જોએઊં પણ પોતે ઘબરાઈ ગએલો હોએ એવું માળુમ પડીઊં. થોડો વારપછી તે પોતાના પાંજરા તરફ ચાલેઓ અને તેમા જવાની ઘણીજ તજવીજ કીધી તે શેકટ. તારપછી પેલા મલે પોતાના હાથમાં એક સલગતી મસાલ લઈને તે વાઘની પુંછડી ઊપર ફટકા ફેડેઆ. તે જાનવર મોટી ભઅંકાર ચીચીઆરી પાડીને તે ચોકમાં થોડાએક વાર કુદેઓ. પેહલવાને પોતાના હાથમાંથી મસાલ નાખી દીધી અને વાઘની સાથે લડાઈ કરવાને તે તઈઆર થએઓ હોએ એવું ડોલ તેણે તે જાનવરને દેખાડીઊં. પણ તે જાનવર લડાઈ કરવાને ખુદલ ખુશી નહીં હતો તેથી પાછો હટવા લાગેઓ. પણ પેલા સેતાની હીમતના માણસની મરજી લડાઈ કરવાની હતી તેથી તેણે પોતાની આંખ ગુસામો લાવીને તે જાનવર તરફ ટાકીને જોએઊં. તારે વાઘ તે માણસ તરફ ફરેઓ અને પોતાનું માથું ઊંચુ કરીને તથા ભઅંકાર ચીચીઆરી નાખીને તે મળની ઊપર કુદેઓ. મળ લડવાને પુરો તઈઆર તઈઆર થઈ રહેલો હતો તે ઝડપથી વાઘની એક બાજુએ કુદી પડેઓ—અને પોતાનો બરછો તે જાનવરના પાછલા પગમાં જોરથી ભોકી દીધો. પગ તદન ઘાએલ થએઓ તેથી તે જાનવર ફલંગ મારવાને અશકત હતો. તેણે મોટી અને ભઅંકાર ચીચીઆરી નાખી. પેલો પેહલવાન થોડાએક કદમ દુર જઈને પોતાનો બરછો હાથમાં પકડીને પાછો લડવાને ઊભો રહેઓ. તે જાનવર ઘણુજ ગુસામાં આવી ગીઊં. અને પોતાના તરણે પગે પેહલવાનને શોડી ખાવા દોડીઊં. જેવું તે જાનવર તેની સામે જઈ પોહોચીઊં કે તરત તેણે પોતાનો મોટો બરછો પોતાના સઘળા જોરથી તેના માથામાં ભોકી દીધો. એ જખમથી દુસમેન જમીન ઊપર પડેઓ અને થોડાવારમાં મરણ પામેઓ. પેહેલવાન મોટા અફડળાજથી પોતાનો લોહી લુવાન બરછો તે જાનવરની પીઠ ઊપર લુછીને તથા રાજાને મોટા દોલથી સલામ કરીને ચાલતો થએઓ. સઘળાઓએ ખુશીના અવાજો કાહડેઆ અને રાજાની ગમત પુરી થઈ. એક ઈઊરોપીઅને આ લડાઈ પોતાની નજરે જોઈને જે હેવાલ લખેઓછે તે ઊપરથી આ બીના પરગટ કીધીછે.

## આદમીનું હાડ ખોખું.



બાઈઓ; આ ચીત્ર કેવું બેડોળ અને દરામણું લાગેછે. માણસના શરીરમાં જાંહાં શુધી માસ અને જીવ છે તાંહાં શુધી તે શોભા આપેછે. જીવ નીકળી ગએઓ અને માસ કોહીને સુકાઈ ગએઊં એટલે ગમે તેવા સુંદર અને ખુબસુરત માણસનો દેખાવ આવો દરામણો અને બેડોળ થઈ પડેછે. બાઈઓ તમે તમા

ઈમાં હોએછે. તજના ઝાડની ઊપર સફેત નાહાના નાહાના ફુલના ઝુમખાં લટકેલાં માલુમ પડેછે. એ ફુલ જે ઝાડના મોર કહેવાએછે તે ઘણુ કરીને જાનેવારી મહીનામાં પાકેછે અને તેજ વખતે તે ઝાડો ઘણા ખુબસુરત દેખાએછે. મે અને જુન મહીનામાં તજનો પાક પુશકળ ઊતરેછે.

તજના લાએકની છાલ પાકી થઈ છે કે નહીં તે જાણવાને વાસતે એક છરી તે છાલની અંદર ભોકવામાં આવેછે. અને છરી બાહાર કાહાડતી વખતે જો એવું માલુમ પડીશે કે તે છાલ લાકડાંથી છુટી પડેછેતો તજ સારી પેઠે પાકી થઈ એવું જાણવામાં આવેછે. તજ કાહાડતી વખતે તેની ઊપરની પાતલી છાલ ઘણીજ સંભાલથી કાહાડી નાખવામાં આવેછે. એ છાલ જો જરા રહી ગઈતો તજનો સવાદ કડવાશ ઊપર લાગેછે. વાસતે ઊપરની છાલ કાહાડી નાખવાને ઘણીજ સંભાળ લેવામાં આવેછે. તાર પછી જે તજ નીકળેછે તારે તેનો રંગ પીલાસ ઊપર મારેછે. અને તેની જાડાઈ પાતલા ચામડાના જેટલી હોએછે. તાર પછી તડકામાં સાદરીની ઊપર તજને સુકાવવા મુકેછે. સુકાતી વખતે તેનો રંગ કાળાસ ઊપર થાએછે અને ગોળ નળીની મીસાલ વળી જાએછે. પછી નાહાની નળીઓ મોટી નળીઓમાં ખોસેછે.

તજને બીજા દેશો ખાતે મોકલવાને વાહાણની ઊપર ચહડાવવામાં આવેછે તારે તેના ઊપર પોચાં કાળા મરી નાખવામાં આવેછે. એ મરીથી તજની અંદર ભીનાસ રહેલી હોએછે તે નીકળી જાએછે અને મરીબી સારાં થાએછે. ઊંચી તજની જાડાઈ વીલાતી જાડા કાગલ જેટલી હોએછે અને તેની સપાટીબી ઘણીજ સાફ અને સુવાળી હોએછે તથા રંગમાં રતાસ ઊપર હોએછે.

ઈંગલંડ મધે સીલાનથી દર વરસે ૨ લાખ ૫૨ હજાર રતલથી વધારે તજ જાએછે. સીલાન મધે કોલંમબો નામના શેહેરમાં તજનું તેલ બનાવવામાં અગાઊ પુશકળ આવતું હતું. તેલ ઘણુકરીને હલકી જાતની તજમાંથી બનાવેઆમાં આવેછે. તરણ સો રતલ તજમાંથી ફકત ૨૪ આઊંસ તેલ નીકળી શકેછે. તે તેલ દવામાં તથા ખુસબોમાં ઘણુ ઊપીઓગી માલુમ પડીશેછે. તજનું તેલ ઊંચુ અથવા ખરાબછે તે જાણવાની રીત એહેલીછે. ખરાબ તજનું તેલ કાળાસ ઊપર મારેછે અને પાણીમાં તેનું ટીપું નાખેઆથી તે ઊપર તરી આવેછે. સાફ તેલ પીલાસ ઊપર મારેછે અને તેનું ટીપુ પાણીની ઊપર તરી આવતું નથી. તજના ઝાડમાંથી છાલ કાહાડી નાખેઆ પછી તેનું લાકડું ફકત બાળવામાંજ કામે લાગેછે.

સીલાન મધે જે પરગણાઓમાં તજના ઝાડ ઊગેછે તે પરગણાના લોકો દર વરસે, ઠેરવેલા વજન પરમાણે તજ આપવાને બંધાએલા હોએછે. ઠેરવેલા વજન કરતાં જો તેઓ વધારે આપેછેતો ઈંગરેજ સરકાર તેમને વધારે લવાજમ આપેછે.

---

## આપણા શરીરની ચામડી.

બેહેનો આપણા શરીરનું રકશણ અથવા બચાવ કરવાને ચામડી કેટલી જરૂરનીછે !! ચામડીથી આપણા શરીરનો કેટલો બધો બચાવ થઈ શકેછે !! ઊપરના દેખાવમાં ચામડી સાફ અને સુમારી અને ખુબસુરત લાગેછે. પણ સુકસમ દરશક કાચમાંથી તપાસીં હોએતો તેનો દેખાવ ઘણોજ કંટાલા ભરેલો થઈ પડેછે. તેની ઊપર હજારો અને લાખો ખાડા ખુબડા માલુમ પડશે. તેની ઊપર માંછલીના જેવાં હજારો અને લાખો ભીંગરાં દેખાશે. ઈશવરે આપણી આંખ એટલી થોડી કઊવત વાળી બનાવીછે તે ઠીકજ કીધુંછે, નહી તો આપણને આપણુ એક બીજાનું શરીર સુંદલ પસંદ પડતે નહી.

ચામડીમા બે પડછે, ડાકતરો બલીસટ મારેછે તારે એ બેઊ પડોને તમોએ છુટા પડેલા જોએઆં હશે. બાહારનું પડ અંદરના પડ જેવું નરમ અને સુમારૂ નથી અને તેની ઊપર ઈંડાની સફેતીછે. બાહારની ચામડીનો સહુથી કઠણ અને જાડો ભાગ આપણી આંગલીના નખછે. અંદરનો ભાગ લોહીની નલીમાંથી પરવાહી ચીજનો બનેલોછે અને તે ઘણોજ નાજુકછે. અંદરની ચામડીની બાજુની નીચે ઈશવરે ચરબી મુકીછે તેથી કરીને ચાબક અથવા બુકાનો અથવા દસાનો માર આપણે ખમી શકીએછે.

ઝીણી વસતુઓ જોવાના કાચથી આપણાં શરીરની ચામડી તપાસી જોશું તો માલુમ પડશે કે તેમાં સેંકડો અને હજારો ઝીણા ઝીણા કાંણાં અથવા નાં

કાંછે અને દરએક નાકાની અંદર નળીઓ મુકેલીછે. દરએક નલી ૦। ઈંચ લાંબીછે. પણ તે નલીઓ એટલી બધીછે કે જો સઘલી નળીઓને સાથે એક હારમા મુકીને તેની લંબાઈ ભરી જોઈ હોએતો ૨૮ માંઈલ લાંબી થશે. એ પરમાણે આપણા શરીરનુ ખરાબ પાણી બાહાર કાહાડી નાખવાને ઈશવરે જાણે આપણા શરીરમાં નળીની ગટરો બાંધી હોએ એવું માલુમ પડેછે. એ નળીના છીદર અથવા નાંકાં શુકસમદરશક કાચની મદદથી જોવાઈ શકાએછે. એ સઘળી નળીઓને રસતે આપણા શરીર મધેનો નકામો અને ખરાબ પાણીનો ભાગ પરસેવાના આકારમાં દર ઘડી નીકળેઆ કરેછે.

જેમ મોડીની ગટર અથવા નળી બંધ થએઆથી આખાં ઘરને નુકસાન પોંહાચેછે તેમ શરીરની આ સઘળી નળીઓના ઊપરના મોહોડાં બંધ પડીઆથી આખા શરીરને અતીશે નુકશાની પોંહાચેછે. આપણા શરીરને ઘસીને સાફ નહીં કીધુ તો મેલ અને કચરાથી એ સઘળી નળીઓના મોહોડાં પુરાઈ જાએછે અને તેથી કરીને શરીરનું ગંધાતુ અને નકામુ પાણી અંદરને અંદર રહી જાએછે. અને તેથી કરીને આપણી તંદરોસતીમાં ઘણોજ બીગાડો થઈ પડેછે. વાસતે તમોએ તમારૂ તથા તમારા બચાંનું શરીર દરરોજ સાફ અને સોજ્જુ રાખવું એ ઘણુજ જરૂરનુંછે. એકાએક થંડો પવન ફુકેઆથીબી એ સઘળી નળીઓના મોહોડાં બંધ પડી જાએછે અને તેથીબી ઘણી નુકસાની ઊપજેછે. વાસતે ઠંડી હવામાં ઠંડી ફુક લાગે એવી રીતે આપણુ શરીર ઊઘાડું મુકવું જોઈએ નહીં.

ચામડીની ઊપર બીજી જાતની નળીઓછે તેમાંથી તેલ જેવો પદારથ બાલને તથા કાનને હમેશ પુરો પડેછે. આ તેલની નળીઓ, પસીનાની નળીઓના કરતાં વધારે સીધી મુકેલીછે. એ તેલની નળીઓ માંથા ઊપર અને મોહોડા ઊપર ઘણીછે. પગના તલીઆમાં અને હાથની પારલીમાં મુદલ નથી. ઈશવરે પોતાની અપાર શકતીથી અને અકલપીત ધારણાથી તેલની નળીઓમાં બારીક બારીક અને ખુલી આંખે નહીં દેખાએ તેવા પરાણીઓ ઊતપન કીધેલાંછે. તે પરાણીઓને પગ, પુછડી, મોહડું સઘળુંછે. આવા નાહાના નાહાના કીડાઓથી કોઈબી માણસનું શરીર ખાલી નથી. પણ ઘરડા અને આજારી માણસના શરીરમાં એવા એવા કીડાઓ જુવાન અને તંદરોસત માણસ કરતાં વધારે માલુમ પડેછે. એ કીડાઓ તેની ચોકસ હાલતમાં આપણા શરીરની કેટલીએક અંગત જોગ ચાકરી બજાવેછે પછી તે મોટા થાએછે તારે નાહેઆથી અને કપડાંથી ખરી પડેછે. તે હાલતમાં જો ખરી પડતા નથી તો શરીરને નુકશાન કરેછે. એ કીડાઓ બાલની અંદર "ખોડો" પેદા કરેછે; જે કાંસકીથી બાળ ઓલતી વખતે માલુમ પડેછે. એ ખોડો અંદર હોએછે તાંહાં સુધી ઘણો ઊપીઓગીછે પણ બાહાર આવેઓ કે તેને જરૂર કરીને કાહડી નાખવો જોઈએ. તે કાહાડી નાખવા માટે બાળને ધોવાની તથા સાફ કરવાની ઘણી જરૂરછે. આપણા દેશની કેટલીએક ઓરતો દસ દસ અને પંદર પંદર દીસવ શુધી માથાના બાલ ધોઈને સાફ કરતી નથી એ ઘણુજ નુકસાન ભરેલું તથા ગલીચી વધારનારૂછે.

---

## બચાંની માવજંત વીશેના થોડાએક ઈઆદ રાખવા જોગ કાએદા.

(સાધણ પાંને ૧૯૯ થી.)

૧૮. બચાંના સાંધા પાસલાં મરડાઈ જાએ એવી રીતે ટેલ ચોપડીને ઘણાજ ખલખલતાં પાણીમાં નવાહાડેછે તેમ મુદલ કરવું જોઈએ નહીં.

૧૯. એક વરસ શુધી બચાંને સુમરાઆં પાણીથી નહવાડવું અને પછી આસતે આસતે તેને ઠંડા પાણીની ટેવ પાડવી. ઠંડા પાણીના ટબમાં પાંચ અથવા છ મીનીટ બચાંને ગમત કરવા દેવી. પછી જલદીથી બાહાર કાહડી તેનું બદન સારી પેઠે લુછીને કપડાં પેહેરાવવાં.

૨૦. બચાંઓને ઊઘાડી જગામાં અથવા ઊઘાડા ચોકમાં નહવાડવાં નહીં પણ બંધીઆર જગામાં બારી બારણા બંધ કરીને નહવાડવાં. બચું ચાર માસનુ થાએ તાંહાં શુધી તેના શરીરને સાબુ લગાડવો નહીં. નહવાડેઆ પછી અરધે અથવા પોણે કલાકે ખોરાક આપવો જોઈએ.

૨૧. બચાંઓનું શરીર ઘડી ઘડી ઠંડા પાણીથી ધોવું નહીં જોઈએ પણ વખતે વખત નરમ રુવાલ

પાણીમાં નીચવીને તેથી સાફ કરવું જોઈએ. ગરમીની રૂતમાંતો જરૂર કરીને દાહાડામાં તરણ ચાર વખત તેમ કરવું જોઈએ.

૨૨. રાતના બચાંને હમેશ હાથ મોહોડુ ધોઈને તથા પીસાબ પાણી કરાવીને સુવાડવાં જોઈએ. બચાંને સુતેલું ઊંગમાંથી કદી ઊઠાડવું નહીં.

૨૩. બે તરણ વરસનું બચું થએઆ પછી તેને મા બાપ આગળ નહીં સુવાડવું; પણ છુટું સુવાની ટેવ પાડવી. બચાંને પાસાંમાં લઈનેતો મુદલ સુવુંજ નહીં.

૨૪. બચાંને બીહવાડીને સુવાડવું ઘણુજ અવગુણ ભરેલુંછે; વાસતે "બાઊ" આવેઓ એવી ધાસતી મુદલ આપવી જોઈએ નહીં. તેથી ઊંગની અંદર ખરાબ ખેવાબ આવેછે એટલુંજ નહીં પણ કેટલાંએક દરદો પાછલથી પેદા થાએછે.

૨૫. બચાંને ધાવણથી છોડાવેઆ પછી દાહાડામાં ચાર વખત ખોરાક આપવો. બચાંઓને હર એક મીઠી ચીજ નહીં આપવી જોઈએ.

૨૬. બચાં રડેછે તારેં મુંગા રાખવાને કરાકડી, બીસકીટ અથવા હરએક ખાવાની ચીજ આપેછે તેમ કરવું જોઈએ નહીં. વખતસરજ ખાવાનું આપવું જોઈએ. નહીંતો બચાંના કુમલા માદાને હરકત પોંહાચેઆ વગર રેહેજ નહીં.

૨૭. બચાંને ચારથી તે છ વરસની વચે આસતે આસતે સંઘળી જાતનો ખોરાક આપવા માંડવો. પણ ઘણુ ઘીનું તથા કેટલીએક જાતની તરકારી જેમ કે વેગણ, કંદ, મેથીની ભાજી ઈતીઆદી આપવી નહીં. આઠ વરસની ઊમર થએઆ પછી તેમને સાધારણ આદમીના ખોરાકને મલતો સઘળો ખોરાક આપવો.

## પરચુરણ બાબતો.

**નદીનો માણસ સાથે મુકાબલો**—એક લખનાર કેહેછે કે માણસ એક નદીની મીસાલેછે. નદીનો પેહેલ વેહેલો નહેરો ઘણોજ નાહાનો હોએછે. એટલો નાહાનો કે તેને તમો તમારે હાથે અટકાવી શકો, અને પાણી એટલાં થોડાં કે બચાંઓ પોતાના કાગલના વાહણોબી તરાવી સકે નહી. તેજ નહેરો આગલ વધીને જાએછે તારે એક મોટી નદી થઈ જાએછે અને તે મધે હજારો ખાંડીના વાહાણ માલેછે. તેમજ માંણસ પોતાની સઘલી શરૂઆતમાં નાહાનો હોએછે. તે જેમ મોટો થતો જાએછે અને તેનું કામ જેમ વધતું જાએછે તેમ તે દુનીઆંમાં ઘણોજ ઉપયોગી અને મોટો થઈ પડેછે.

**ફરાંસ મધે કબુતરનો રમુજી ખેલ**—થોડાએક વરસ ઉપર ફરાંસ મધે કબુતરનો એક ઘણોજ નવાઈ જેવો તથા રમુજી ખેલ દેખાડવામાં આવેઓ હતો. બે ઈટાલીઅનો પાસે ઘણાએક કબુતરો હતાં અને દસ દસ ઇઆ બાર બારની સંખીઆ જુદા જુદા ટોપલામાં મુકી હતી. તેઓને ઘણીજ ધીરજ અને ચાલાકીથી તહરે તહરેની રમત શીખાડવામાં આવી હતી. ટોપલીના મોહોડાં જેવાં ઊઘાડવામાં આવતાં હતાં કે કબુતરો બાહાર નીકલીને ઊડી જતાં હતાં અને એક બીજાની સાથે ભેલાઈ જતાં હતાં, પણ જરાક ઈસારત કરવામાં આવતી હતી કે જુદા જુદા રંગના ખબુતરો જમીન ઉપર તરત ઉતરીને પોત પોતાની ટોપલીમાં ભરાઈ જતાં હતાં. તેઓને છોડી મુકીને બંદુક ફોડવામાં આવતી તારે તેઓ સગળાં એકદમ આવીને તેના પગ આગલ મરેલાં મુરદાંની મીસાલે પડતાં હતાં, કેટલાએક કબુતરોને પોતાની ચાંસમાં કાકડો પકડીને તોપ ફોડતાં શીખવવામાં આવી હતી.

**એક તાંબાનું વાશણ અને એક મટોડીનું વાશણ**—એક મટોડીનું તથા એક તાંબાનું વાશણ નદીમાં એક બીજાથી દુર તરતાં હતાં. તરાંબાતાં વાશણે મટોડીના વાશણને કહેઉં કે તું મારી પાસે આવ આપણે બેઉ સાથે તરીએ. માટીના વાશણે જવાબ દીધો કે "ના ભાઈ તારાથી હું દુર રેહુંજ તેજ બેહેતર, કારણ પવનના સપાટાથી તું મારી સાથે અથડાએ અથવા હું તારી સાથે અથડાઉ તો બેહુ રીતે મને ખમવું પડશે અને કદાચ મારા કટકા થશે." ગરીબ માણસે મોટાની બરોબરી કરવાથી અને તેમના સંબંધમાં ઘણા આવેઆથી વેગલા રેહેવું ઘટેછે.

**સંતોશ રાખવા વીશે કવીતા**—(દોહરા)

સુખ સંતોશે ઉપજે, દુખ પણ સઉ દુર થાએ
જન સંતોશી જગતમાં, મનથી સુખી સદાએ.
પરબુ આપે જે પરેમથી, માનો મોટું સુખ
લાંબી લાલચ લોભની, આપે અધીક દુખ.
એક હાથ આવે નહીં, બાહાને બીજા કાજ
એકે મલે ન એહમાં, લાગે એથી લાજ.
માટે સમજી મન થકી, હદથી રહો હમેશ
સંતોશે સેજે થશે, બોહોલુ સુખ બહુ બેસ.
આપણને આ અવસરે, મલવું મુશકેલ હોએ
રોકા આશા એહની, કરો ન કદી એ કોએ.

વીવીધોપદેશ.

**ચીન મધે રેશમની પેદાસ**—ચાલીસ વરસની મુદતમાં ચીન મધે રેશમની પેદાસ ૫૦ ગણી વધી પડીછે. ૧૮૧૯ માં ઘણામાં ઘણુ બેલાખ રતલ રેશમ દર વરસે ઈંગલંડ ખાતે જતું હતું. ૧૮૫૭ માં ફકત ઈંગલંડ મધે કરોડ રતલ રેશમ ગએઉં હતું. ગઓ પંદર વરસમાં સોહી

થી ઇઉરોપ અને અમેરીકા મધે ૫ લાખ ૩૪ હજારથી ઓછી ગાંસડીઓ ચેહડી નથી. ચીન મધે સઘલા તવંગર અને મધીમ સથીતીના લોકો રેશમી કપડાં પેહેરેછે. ફકત ઘણાજ ગરીબ લોકો તેવાં કપડાં પેહરી શકતાં નથી.

**છોકરીઓને વાસતે રાધણ શાલા**—લીવરપુલ મધે છોકરીઓને રાધણીનું કાંમ શીખવવાને તથા તહરે તરેહના પકવાણો તથા તરેહ તરહેની વાનીઓ શીખવવાને વાસતે એક રાધણ શાલા ઉઘાડવામાં આવીછે. તે નીશાલના છેલા રીપોરટ ઉપરથી માલુમ પડેછે કે રાધણ શાલા મધે છોકરીઓએ નાહાનપણથી સારી માહેતગારી મેલવીછે. આપણા શેહેરમાં એવી રાધણ શાલા ઉઘડવાને હજીરે કેટલાં વરસ જોઇશે તે કેહવાઇ શકાતું નથી.

**કોબી**—આસરે પચાસ સાઠ વરસની અગાઉ આ દેશના લોકોને ખબર નહીં હતી કે કોબી એ શું પદારથછે. આ દેશમાં વરશમાં એકજ વખત કોબી થાએછે પણ ઇઉરોપ ખંડમાં એનો પાક બે વખત થાએછે. કોબીને ઠંડી હવા માફક આવેછે. જે વરશે તાહાડ ઘણી પડેછે તે વરશે કોબી ઘણી પાકેછે. કોબી તરણ ચાર જાતની પાકેછે—જેવી કે કાંદા કોબી, ફુલ કોબી, લાલ કોબી, આલ કોબી અને સારી કોબી. કોબી રોપવાની મોટી ખટપટછે. પેહલાં એક ટોપલીમાં એનું બી રોપી તરૂ તઇઆર કરેછે. પછી જમીનમાં નરમ કેઆરા કરી તેમાં તેને એક અથવા દોહડ હાથના અંતર ઉપર રોપેછે. સાલીટ કરીને કોબીની એક જાતછે તે બારમાસ પાકેછે. તેના પાંચ છ કુમલાં પાંતરાં એક દાંડા ઉપર ઉબાને ઉભા રેહેછે. તેની કચુમર અથવા ભાજી કરીને ખાંએછે. આ દેશમાં કોબીની બે ચાર જાતની વાણી બનાવેછે. ઇંગલંડમાં તો હરેક પરકારે તેનો ઉપીઓગ કરેછે. કોબીનું અથાણું કરેછે તે ઘણું સારૂ થાએછે.

"ઉદ્ભીદ પદારથ"

**નીમ હકીમોથી દુર રેહેજો**—ઇંગલંડ મધે વાટસ અને એડવરડ નામના બે નામીચા ઠગારા નીમ હકીમો હતા. તેઓ બેહરાંઓના કાન સારા કરવાને બાહાને મોટી મોટી રકમ ખાઇ જતા હતા. તેઓની લુચાઇ હાલ પકડાઇ છે અને દોહડ વરસ લગી સખત મજુરી સાથેની શીખસા કરવામાં આવીછે. અંતરે કેટલાએક નીમ હકીમોને એવી શીકસા કરવામાં આવે તો બહુ સારૂ કે જેથી ભોલા અને અણજાણ લોકો ખરાબે હાલ થતા બચે.

**સોઈમાં દોરો પોવાનું હથીઆર**—માણસ જાતનું મન હરએક નવી વસતુ શોધવા પછવાડે તથા મેહેનત અને કંટાલો ઓછો કરવા પછવાડે હમેશ લાગેલું રેહેછે. બાઈઓ, તમને સોઈમાં દોરો પોવાને કંટાલો ઉપજતો હો એતો તમારે વાસતે એક બારીક હથીઆર બનાવવામાં આવીઉછે કે જેથી સોઈની અંદર તરત અને સેહેલાઇથી દોરો જઈ શકેછે. જેઓની આંખ કઉવત વગરનીછે અને જેઓને સોઇ દોરા સાથે વારેઘડીએ કામ પડેછે તેઓને એ બારીક હથીઆર ઘણુંજ ઉપીઓગી થઈ પડશે.

**નામદાર રાંણીની સાદાઈ**—જે બાઇઓ પઇસાને લીધે ઘણી મગરૂરી રાખેછે અને હરએક સેહેલું અને નજીવું કામ કરવાને બી સોલા અને ભીખાને બોલાવેછે તેઓએ નામદાર રાણી વીકટોરીઆની સાદાઇ જોઈને શરમાવું ઘટેછે. એ નામદાર રાણી પોતાના રેશાળો સાથે ઇસકાટલંડ તરફ સેલ કરવાને નીકળી તારે રેલવેની ગાડીની અંદર જઇને ખુરસી અને તે વગેરેનો સામન પોતાને હાથે ગોઠવેઓ અને બારણા આગળ પોતાના કુટંબ કબીલાને લેવાને ઉભી રહી. એક મોટી ખુરસી જે ઘણીજ ભારે હતી તે પોતે ઉચકીને એક બાજુએ મુકી. એ નામદાર રાણીની વડી સાહાજાદી જે પરૂશીઆ દેશના સાહાજાદા સાથે પરણીછે તેણીને પરૂશીઆ મધે જણાવવામાં આવીઉ કે ખુરસી હાથે ઉચકીને મુકવી એ સાહાજાદીની પદવીથી ઉતરતુંછે. તારે તે તરત બોલી ઉઠી કે "મારી માતા ઇંગલંડની રાણી પોતાને વાસતે અને પોતાના બચાંઓને વાસતે પોતાને હાથે ખુરસી ઉચકીને મુકેછે. તારે મને એટલી બધી શા મારે મોટાઇ અને ગરૂરી જોઇએ !"

**બીલોરી મેહેલના કરંજા**—ઇંગલંડ મધે જે મોટો અને નામીચો બીલોરી મેહેલ બાંધવામાં આવેઓછે તેમાં સઘલા મળીને આસરે ૧૨૦૦૦ કરંજા અથવા ફુવારાછે. એ કરંજા જારે સઘળા જોરથી ઉડાડવામાં આવેછે. તારે એક મીનીટમાં ૧૨૦૦૦૦ ગાલન પાણી તેઓમાંથી નીકલેછે. દર એક કરંજો એવી જુદી જુદી રીતે ઉડેછે કે દરરોજ એકએક રીત પરમાંણે ઉરાડેઓ હોએ તો સઘળી જુદી જુદી રીતે ઉરાડવાને ૩૦ વરસની મુદત લાગે !!

**જેપાન દેસની ઓરતો**—જેપાન દેશની ઓરતો ઇઉરોપીઅનની ઓરતો કરતાં બાંધામાં નીચી અને ચીનાઓની ઓરતો કરતાં ઉંચી હોએછે. ચીનાઓની પેઠે તેઓના પગ નાહાના હોતા નથી. ચીનાઓ પોતાની ઓરતોના પગ નાહાના રાખવાને મારે નાહનપણથી લાકડાંના જોડા જડી લેએછે તેમ તેઓ કરતા નથી. જેપાનની ઓરતો ઘણી ખુબસુરત હોએછે. છોકરીઓ કુવારી હોએછે તારે તેઓના દાંત સફેદ રેહેછે. પરણેઆ પછી તેઓ પોતાના દાંતને કાળા રંગના રંગેછે. આપણી ઓરતો નથ પેહેરવામાં જેમ ખુબસુરતી સમજેછે તેમ જેપાનની ઓરતો પોતાના દાંત કાળા રંગવામાં ખુબસુરતી સમજેછે. અંતરેનાં હીંદુઓની ઓરતો પરણતી વખતે પોતાના દાંત લાલ રંગેછે અને ગુજરાત તરફની ઓરતો જેપાનની ઓરતોની પેઠે કાળા રંગના રંગેછે.

**એક સેહનશાહાનો જવાબ**—માકસીમીલીઅન નામના સેહનશાહાને એક ભીખારીએ કહીઉં કે "આપણે સઘળા એક બાપના છોકરાં છઇએ." તે ઉપરથી તે સેહનશાહે નજીવી બખશીસ આપી. તે ભીખારી બોલેઓ કે "તમારા જેવો બાહદશાહા એટલી ખેરાત કરેતો તે ઘણીજ થોડી અને નજીવી કેહેવાએ." તારે તે સેનશાહા બોલેઓ કે "ખરી વાત પણ આ દુનીઆ ઉપર તમારા સઘળા ભાઈ

એ તેટલું તેટલું આપેતો તું મારા કરતાં વધારે તવંગર થઇશ."

**મા અને તેનો છોકરો**—એક ચાર વરસના નાહાના બચાંને તેની માએ કહીંઉ કે "બચાં, જે લોકો મોહોડાંમોથી ખરાબ શબદો બોલેછે અને વારેઘડીએ સોગણ ખાએ છે તે લોકો મરી ગએઆ પછી સરગમા જઈ શકવાના નથી." તે ઉપરથી તે બાલક બોલી ઉઠેઓ કે "તારેતો મારો બાપ સરગમાં જઇ શકશે નહીં કેમકે તે દાહાડામાં ઘણી વખત સોગણ ખાએછે અને ખરાબ શબદોબી બોલેછે." સઘળા મા બાપોને આ ઉપરથી ઘણીજ નશીઅત લેવી ઘટેછે કે તેઓ પોતે જાંહાં શુધી પોતાના બચાંઓની હજુર ખરાબ ચાલ ચલાવશે તાંહાં શુધી તેઓના બચાં સારાં થાએ એવી આશા સુદલ રાખવીજ નહીં.

**ટુકી જીંદગી**—"સેનીકા" કેહેછે કે આપણે સઘળા ટુકા વખતને વાસતે ફરીઆદ કરીએછે તોપણ જો આપણ કરવા માંગીએતો હજુર ઘણુ કરવાનુંછે. ઘણાખરા માણસો પોતાનો વખત આળસાઇમાં અને ખરાબ કામો કરવામાં ગુજારેછે. માણસની જીંદગી લાંબી અથવા ટુંકી "વખતથી" માલુમ પડતી નથી પણ પોતાની જીંદગીમાં વધતું અથવા ઓછું કામ કરેછે તે ઉપરથી લાંબી અથવા ટુકી માલુમ પડેછે.

**ફ્લાનલમાં સુતર કેમ પારખવું ?** ફ્લાનલનુ કપડું આપણે ખરીદ કરીએછે તે તમામ ઉનનુંછે કે તેમા સુતરનો ભેલછે તે જાણવાની એક સેહેલી રીતછે. પાપડખાર અથવા સાજી ખારના પાણીની સાથે ફ્લાનલનો એક કટકો કાપીને તે પાણીને ઉકાલવું; અને પછી જો સઘળૂ ઉન હશેતો તેનો સાણુ જેવો દેખાવ બની જશે પણ જો સુતરનો ભાગ હશેતો તેનો દેખાવ ઘણુ કરીને એવોજ રેહેશે. સુતર જુદું પાડીને તોલી જોવાથી માલુમબી પડશે કે તેમાં કેટલો ભેલછે.

**બાટલીનું મોટું કારખાનું**—ફ્રાંસ મધે બાટલીનું એક ઘણુજ મોટું કારખાનુંછે. તેમા દર વરસે ૮૦૦૦૦૦૦ (હેંસી લાખ) બાટલીઓ તઇઆર થાએછે. બાટલીનું એવું મોટું કારખાનું દુનીઆમાં કોઈબી જગોએ નથી.

**એક ગોધો અને આગની ગાડી**—અમેરીકા મધે યુનાઇટેડ ઇસટેટસમાં આગની ગાડી ભરજોરમાં જતી હતી તેવામાં વચોવચ એક ગોધો આવી ગઆથીતેના આખા શરીરનો ભાગ "જેલી" ના જેવો થઈ ગએઓ. આગની ગાડી તથા સામનના ચાર ગાડાંઓ રેલ ઉપરથી ઉંધા વલી ગઆં અને તે સગળાંને અતીશે નુકશાન થએઉં.

**ઓરંઓટાંગ જાતના વાંદરા**—એ જાતના મોટા કદના વાંદરા વીશે તમોએ આગલ વાંચીઉં હશે. એ વાંદરા વીષે હાલ એવું જણાવામાં આવીઉંછે કે કેટલેએક ઠેકાણે એ વાંદરાઓ ઘરના ચાકરની મીસાલે કામો કરેછે. તેઓને ખાંડણી પરામાં કાંઇ ખાંડવાને આપીઉં હોએતો તે બરાબર ખાંડેછે. તેઓ પોતાના ધણીને વાસતે નદીમાંથી પાણી ભરીને અને પાણીનું વાશણ પોતાની ખાંધ ઉપર મુકીને લાવેછે. કેટલુંએક બબરચીનું કાંમબી તેઓ કરેછે !!

---

## સ્ત્રીઓને ભણાવવા વિષે—ગરબી.

(રઘૂપતિરામ રુદયેમાં રેજો રે.—એ માલની.)

ભલા જન નાર ભણાવો ભાવે રે
વિદ્યા સાચ સરસ લાભ લાવેઃ ભલા૦ ॥ ટેક॥

શીખી સ્ત્રી ઘર તરત રાખે રે
કોદી ભુલી ખરાબે ને નાખે રે
નિરભે થેઇને રુડાં ફ્ળ ચાખે ॥ ભલા૦ ॥૧॥

ઘરનાં જન જોડે સંપે રેશે રે
જેને જેવું તેને તેવું દેશે રે
રેશે રેશ હીસાબજ કેશે ॥ ભલા૦ ॥૨॥

કોઈના રુપ ગુણથી ના મોહે રે
કોદી પાપી વિચારે ન જોએ રે
નીતે ઉદ્યમમાં ચીત પ્રોએ ॥ ભલા૦ ॥ ૩ ॥

ખોટા વેમ હણેજ ધિક્કારી રે
રુડી રીતને લેછે સ્વીકારી રે
આપે બાળકને શીખ સારી ॥ ભલા૦ ॥૪॥

જેવી મા તેવાં છોરૂ જોવાએ રે
જ્ઞાનિ હોયતો જ્ઞાની સોહાએ રે
મુરખી હોએતો મુરખ તે થાએ ॥ભલા૦ ॥૫॥

ઉછરે છોરૂઓ માની સંભાળે રે
કુમળી ઉમર માં સોહે ગાળે રે
જેવા બોધે તેવાં તેઓ ભાળે ॥ભલા૦ ॥૬॥

વિદ્યા ભણવાથી મા જ્ઞાની હોએ રે
નીતી ભક્તિથી થઈ ડાહી સોએ રે
જેની છાપો છોરૂમાં જોએ ॥ ભલા૦ ॥૭॥

સહુ સુધારાનું મૂળતો નારી રે
સહુ સુધારાના ઘરેની તે બારી રે
શીખો નારી. તેની બલીહારી ॥ ભલા૦॥૮॥

સ્ત્રીના હકછે પુરુષ પ્રમાણે રે
માણસ મગની તે બે ફાડ જાણે રે
નાહી ઓછૂં વત્તૂં મન આણે ॥ ભલા૦ ॥૯॥

કોઇ એકથી દુનીઆં ન ચાલે રે
સંધે સરખે સરખાં બેહુ મ્હાલે રે
સ્ત્રીને મારો નહીં કોઈ આળે ॥ભલા૦ ॥૧૦ ॥

છાંડી હકને શીખાડો નારી રે
રુડી વાતને દો ન વીસારી રે
નર્મદાનુ કહ્યું ચિત ધારી ॥ ભલા૦ ॥ ૧૧ ॥

# સ્ત્રીબોધ.

પુસ્તક ૩ જું | ડીસેમબર ૧૮૫૯ | આંક ૧૨ મો


## સ્ત્રીબોધ ચોપાનીઆનાં દેશાવરવાલા ઘરાકોને ખબર.

આગે ચોપાનીઆનાં દેશાવરવાલા ઘરાકોને જાંણ કીધામો આવેછે કે શને ૧૮૬૦ નાં વરશ નો આગે ચોપાનીઆનો લવાજમો રૂ ૨) તથા પોશટ ખરચ માશ ૧૨ નો રૂ ૦ાા મલી રૂ૨ાા જેઓએ નહી વાલેઆ હોએ તેવોએ જલદીથી પોશટની ટીકીટ અથવા કોઈ બીજી રીતે નીચે શહી કરનારાવો ઊપર વાલી દેઓ અગર આગે ખબર આપેઆ છતાં નહી વાલશેતો ૧૮૬૦ નાં જાંનેવારીના પેહેલા આંકથી ચોપાનીઊ મોકલવું બંધ કીધામો આવશે.

મુમબઈ દફતર આશકારા છાપાખાંનુ } તા૦ ૧૫ મી મારચ ૧૮૬૦ }

બેહરાંમજી ફરદુનજીની કુંમપની.

ણય જાતની જીંદગીનો જુદા જુદા દેખાવ" ટંતીઆદી નામના પુસતકો રચેઆંછે: એ પુસતકોના નામજ ઊપરથી આ ભલી સ્ત્રીની મતલબ માલુમ પડેછે.

મેસીશીઆ હીમંનસ ઈસવી સન ૧૭૯૨ માં જનમી હતી. ઈંગલંડ મધે લીવરપુલ શેહેરના એક વેપારીની તે દીકરી લાગે. તેણીની માતાજ જારે લાએકીવાળી, ભળી અને કેળવાએલી ઓરત હતી, તારે તેની બેટી ફેલીશીઆં બચપણથી સારી સલુકાઈ અને લાએકી રાખવાને શીખી તેમાં નવાઈ શું ? હમોએ ઘણી વખત જણાવીઊંછે અને ફરીથી જણાવીએછે કે જાંહાં શુધી માતા પોતે ભળી અને લાએકીવાળી હોએ નહીં તાંહાં શુધી તેણીના બચાં ભળાં અને લાએકી [illegible] અતી ઘણો વધારો થઈ પડેઓ. ઈસવી સન ૧૮૧૨ થી ૧૮૩૪ શુધીમાં ફેલીશીઆએ ૧૮ પુસતકો રચીને બાહેર પાડેઆં. એટલાં બધાં પુસતકો બનાવવામાં તેણીના કુમળા અને નાજુક મગજને કેટલી બધી મેહેનત પડી હશે !! બેહેનો ! તમે પુછશો કે એટલી બધી મેહેનત લેવાની ફેલીશીઆને શું જરૂર પડી ? તો તેનો જવાબ હમો તમોને આપીએછે. ફેલીશીઆ સારી પેઠે જાણતી હતી કે અગનાન, વેહેમી અને બેસમજ માતાઓથી ઘણાખરા કુટંબોની ખરાબી થતી હતી. મુરખ અને હુજતખોર ઓરતોથી કુટંબોમાં કજેઆ કંકાસ, અને મીનાકશો ઊઠતા હતો. નઠારી અને કમજાત ઓરતથી ઘણાખરા કુટંબો સુથાઈ અને વીખરા

ઈ જતાં હતાં. તેનો અટકાવ કરવાને, ઓરતો પોતાના ભરતાર અને બચાં કચાં તરફ પોતાની ખરી ફરજ સમજે એ મતલબ પાર પાડવાને તથા વેહેમ અને અગનાન પણ દુર કરવાને સાદી ઈબારતમાં તથા કવીતામાં પુસતકો બનાવવાનું તેણીને ઘણુંજ જરૂરનું માલુમ પડીણું. ઓરતો વાંચીને પોતાની ફરજ જાંહાં શુધી સમજે નહીં તાંહાં શુધી તેઓના અગનાનપણમાં અને વીચારોમાં ઘટાડો થવાની થોડીજ આશા ફ્રેલીશીઆ હીમંનસને માલુમ પડી. ફ્રેલીશીઆ પોતાના બચાંઓને રૂડી કેળવણી આપવાને પોતાનો ઘણો એક વખત રોકતી હતી. પુસતકો બનાવવાની ઊલટમાં તે પોતાના ઘરના કામ કાજ ઊપર કાંઈ થોડું ધેઆન આપતી નહીં હતી. તે પોતાના ઘરના કામ કાજમાં હમેશ તઈઆર અને સાવચેત રેહેતી હતી. ઈશવરની ભકતી કરવા પછવાડેબી તે જારે તારે રોકાતી હતી. તે ઈસવી સન ૧૮૩૫ માં પોતાની ૪૨ વરસની ઊમરે તાવના મરજથી મરણ પામી. તે મરતી વખત આસપાસના બચાં કચાં તથા સગાંવાહાળાં તરફ નજર કરીને બોલી કે, "માહારાં વારાળાંઓ ! તમે દલગીર ના થાવો. હું નીરમળ અંતકરણથી અને સાફ દીળથી મરણ પામું છું. મેં મારો વીશવાસ મારા કીરતાર ઊપર મુકેઓછે."

---

## આગરા પરાંતનો જાણવા જોગ હેવાલ.

બાઈઓ ! આગરા પરાંત હીંદુસથાનની ઊતર દશા તરફ આવેલોછે. એ પરાંત લંબાઈમાં ૨૫૦ માઈલ અને પોહોળાઈમાં ૧૮૦ માઈલછે. એ પરાંત ઈંગરેજ સરકારના હાથમાં આવેઆને આજ આસરે ૫૬ વરસ થએઆંછે. એ પરાંતની ઊતર દશાએ દીલી અને દખણ દશાએ માળવાછે. ઊગમણ દશાએ આઊદ તથા અલાહાબાદ અને આથમણ દશાએ અજમીરછે.

એ પરાંતનો ઊતર પુરવ દશા તરફનો ભાગ ઘણુ કરીને સપાટછે અને દખણ પશચમ તરફનો ભાગ ડુંગર અને ટેકડીઓથી ભરેલોછે. ઊનાલાના થોડાએક દીવસ ઘણોજ ગરમ અને રોગીશ પવન ફુંકેછે તે સીવાએ આગરાની હવા ઘણુ કરીને સુખાકારી ભરેલી ગણાવામાં આવેછે. એ પરાંતમાંથી જમના અને ચંબલ નામની બે મોટી મુખીઅ નદીઓ વેહેછે. તે શીવાએ બીજી નાહાની નાહાની નદીઓ એ પરાંતમાં કેટલીએકછે તોપણ એ પરાંતના સઘળા ભાગામાં પુશકળ પાણી મળી શકતું નથી. આથમણ દશા તરફ કેટલેએક ઠેકાણે ખેતીવાડીના કામમાં કુવાના પાણી વાપરવાં પડેછે.

આગરા પરાંતમાં ગુળી, રૂ અને ખાંડ પુશકળ પાકેછે. ઈંગરેજ સરકારના હાથમાં એ પરાંત આવેઆ પછી એ પાકમાં ઘણોજ વધારો થઈ પડેઓછે. કાચું રેશમબી આગરામાં પાકેછે. ગંગા અને જમના નદીની વચેનો ભાગ જે દુવાબને નામે ઓલખાએછે ને ભાગ ઘણોજ ફળવંતછે અને તેમાંથીજ ઘણુ કરીને ગુળી ખાંડ અને રૂ પાકેછે. આ પરાંતની વસતી, બંગાળા તથા બાહાર પરાંતો સાથે સરખાવતાં થોડી માલુમ પડેછે. આખા પરાંતમાં ૮૦ લાખ માણસ કરતાં વધારે વસતી હોએ એવું ધારેઆમાં આવતું નથી. તાંહાંની વસતીનો મુખીઅ ભાગ હીંદુ તથા મુસલમાનોછે. તેઓ દેખાવમાં ઘણુ કરીને ખુબ સુરત અને કશીવત વાળા માલુમ પડેછે. જમના નદીની આથમણ દશા તરફના ખેડુનો ઘણુ કરીને જાટ નામના રજપુતોછે. આ પરાંતમાં ઘણુ કરીને હીંદુસથાની ભાશા વાપરવામાં આવેછે. દરબાર અને કચેરીનું કામ ઘણુ કરીને ફારસી જુબાનમાં ચાલેછે. ઊંચી તાલીમના મુસલમાનો પોતાના ઘરમાં ફારસીજ જુબાન વાપરેછે. આગરાના જંગલોમાં મોર જાતના જાનવરો ઘણાજ માલુમ પડેછે.

આગરા પરાંત દીલીની સાથે મુસલમાન લોકોના હાથમાં આવેઓ. અકબરના વખતમાં એ પરાંત ઘણોજ નામીચો કેહેવાતો હતો. જારે મરાઠાઓએ મુસલમાનો ઊપર ચહડાઈ કીધી તારે કેટલીએક મુદત શુધી એ પરાંત માધાજી સીંધીઆના હાથમાં આવી પડેઓ હતો. તાર પછી ઈસવી સન ૧૮૦૩ માં ઈંગરેજી લશકરે લારડ લેકની સરદારી હેઠલ એ પરાંત ઊપર ફતે મેળવી હતી.

આગરા પરાંતમાં હીંદુઓના પુરાતન વખતના ઘણા નામીચા અને મોટા શેહેરોછે. કનોજ, મથુરા, બીદરાબાંદ એ મુખીઅ શેહેરો ગણાતા હતા. મથુરાથી ૬ માઈલ ગોકુલ કરીને એક ગામછે તાંહાં હીંદુઓના

નામીચા "કરશન"નો જનમ થએઓ હતો. " કરશ ન " ને હીંદુઓ ઈશવરનો આઠમો અવતાર ગણેછે, અને સઘળા હીંદુઓ તેને ઈશવર લેખીને માન આપે છે. મથુરાનો કંઈશ રાજા કરશનનો મામો લાગે અ ને તેને કરશનએ જીવથી મારી નાખેઓ હતો. તે શીવાએ કરશનના હજારો ચરીતર અને પરાકરમ હીં દુના શાસતરમાં લખેલાંછે. ગોકુલ, મથુરા અને બીંદ રાબંદ, એ જગાઓ હજુરબી હીંદુઓમાં ઘણીજ મો ટી અને તીરથની કેહવાએછે. હજારો અને લાખો હીંદુઓ દર વરસે એ ઠેકાણે જાતરા કરવાને જાએછે. ગોકુલ મથુરાની જાતરા હીંદુઓમાં સઊથી મોટી કેહે વાએછે. તાંહાંના સઘળા હીંદુઓ "ખરીજ" ભાશા બો લેછે જે હીંદુસથાનીને ઘણી ખરી મલતી આવેછે.

એ પરાંતનું મુખીઅ શેહેર આગરા કેહવાએ છે. સહનશાહ અકબરના વખતમાં એ શેહેરનું ના મ "અકબરા બાદ" પાડીઊં હતું. એ શીવાએ ઊ પર જણાવેલા કનોજ, મથુરા, બીંદરાબંદ એબી હજુ ર મોટા શેહેરો ગણાએછે. આગરા શેહેર જમના ન દીના કીનારા ઊપર આવેલુંછે. અકબર શેહેનશાહે આ શેહેરને ઘણુજ રોનકદાર કીધું હતું. એ શેહેર મધે ઘેરો ઘણાજ ઊંચાછે અને ગળીઓ ઘણીજ સાં કડીછે. એ શેહેર મધે સઊથી નામીચી ઈમારત " તા જ માહાલ " નામનીછે. એ તાજમાહાલનું ચીત્ર ૧૮૫૭ ના સ્રી બોધ મધે આપવામાં આવીઊંછે. સા હાનશાહા સાહાજાને પોતાની નુરજાન બેગમને વાસ તે તાજ માહાલ બંધાવેઓ હતો. એ શીવાએ "મોતી મસજીદ" નામની એક મસીદછે. તે સઘળી સંગેમરમ રથી બાંધવામાં આવીછે. ઈસવીસન ૧૮૧૪ માં તા જમાહાલની મરામરત કરવા પછવાડે ઈંગરેજ સર કારે નજદીક એકલાખ રૂપીઆ ખરચેઆ હતા. આ ગરા શેહેરની વસતી આશરે ૬૫ હજાર માણસની ગ ણવામાં આવીછે. આગરાનો કીસો મજબુત લાલ રં ગના પથરથી બાંધી લીધેલોછે. તેની આસપાસ ઊં ડો ચર બાંધેલીછે. વાવીઅ ખુણાના પરાંતનો 'લેફતેનં ટ ગવરનર' ઘણુ કરીને આગરામાંજ રેહેછે.

જારે મીરત શેહેર મધે ૧૮૫૭ ના મેએ મહી નામાં બળવો શરૂ થએઓ તારે આગરા શેહેર મોટી મેહેનત અને મુશકેલથી બળવાખોરોના હાથમાંથી બ ચીઊં હતું. તે વખતે વાવીઅ ખુણાના પરાંતનો લેફતેનંટ ગવરનર મી૦ કાલવીન હતો. તે અમલદાર આગરા મધે હતો અને તેની મેહેનતથી એ શેહેરના ઈંગરેજો અને તેમના કુટંબો બચેઆં હતાં. તેઓ સઘળા આગરાના કીળા મધે ભરાઈ ગએઆં હતાં અ ને બલવાખોરોએ કીળાની બાહારનો ભાગ લુટીને તા રાજ કીધો હતો. મી૦ કાલવી તાર પછી થોડાજ દી વસમાં મરણ પામેઓ હતો.

---

## સંતોશ વગરની સુનાબાઈ.

—o—

સુનાબાઈ નામની એક ભોળી અને બેસમજ ઓરત નવસારી ગામમાં રેહેતી હતી. પાલનજી ના મનો તેણીનો ભરતાર નાહાના ગામમાં ખેતી અને દા રૂનું પીઠું ચલાવીને પોતાના કુટંનો ગુજારો સારી રી તે ચલાવતો હતો. તેની મેહેનત અને સારી ચાલને લીધે આસપાસનાં ગામડાઓના સઘળા કોળીઓની તેને સારી ઘરાકી હતી. તે પોતાના નવસારીના પડો સીઓને માટે વરસમાં એકાદ બે વાર મરઘાં અને દા રૂના મહુરાં ભેટ મોકલતો હતો તેથી તે પડોસીઓ તે ને ઘણાં ચાહતાં હતાં. એ પરમાણે પાલનજી પોતાનુ ગરીબાઈથી પણ સારી રીતે ગુજરાણ કરતો હતો.

સુનાબાઈની માસીની દીકરી રૂપાંબાઈ મુંબઈ માં પરણેલી હતી. તેનો ભરતાર વેપારીને તાંહાં ચા કરી કરતો હતો તથા થોડો થોડો વેપારબી કરતો હ તો. તે શેઠીઆઓની ગાડીમાં બેસીને તેમની સાથે જારે તારે "જી" ખરચીને વાડીવંતર જતો હતો. રૂ પાંબાઈની પણ શેઠાણીઓ સાથે ઓલખાણ હતી અ ને તેબી સેઠાણીઓને તાંહાં આવ જાવ કરતી હતી. એક વખત રૂપાંબાઈ પોતાના ઘરમાં એકલી બેઠી હતી તારે તેણીને પોતાની મસીઆઈ બેહેન સુનાબાઈની ઈ આદ આવી. તે બેહનને ઘણા વરસથી તેણીએ એક કાગલ લખેઓ નહીં હતો તેથી નીચે મુજબ એક કા ગલ લખી કાહાડીને તેણીની ઊપર બીડી દીધો.—

" **મારાં વાહાલાં બેહેન સુનાબાઈ,**

" તમારી આજ ઘણે દીવસે મને ઈઆદ આ વીછે વાસતે તરતજ આ કાગલ લખુંછું. તેથી હમા રી કેવી હાલતછે તે વાચેઆથી તમને ખુસાલી ઊપજે આ વગર રેહેશે નહીં. મારા દીનસાજી સાથ લગન

થઆને સાત વરસ થએઆં તાર પછી મારે ઘેર ભા
ગ્યવાન ધનજીશાહાનો જનમ થએઓ. ધનજીશાહા
ની ૬ વરસની ઊમર થઈછે તેટલામાંતો સંધું ગુજરા
તી લખી રેહેવા આવેઓછે. મારા દીનસાજી મને ઘ
ણા ચાહેછે. મને બે હજાર રૂપીઆની જણસો ઘડા
વી આપીછે, તેમાં તાતીઆની છાપના સુનાના ચીતર
ની જોડ તરણ, સાંકલાં, પારલી, ઘુઘડી, લવંગ તથા
ચોકડાં અને મોટાં મોતીની નથ એક એ સઘળું કરા
વીઊંછે. કપડાંનોતો કાંઈ સુમારજ નથી. મારી ક
બટમાં તરેહ તરેહની સાડીઓ તથા ઈજારો ભરેલીછે.
શેઠ લોકોની જરબાઈ, ધનબાઈ અને ગુલબાઈની સા
થે વાડી વંતર ફરવા જાઊંછું. શેઠાણીઓ સાથે ખુ
રસી ઊપર બેસીને કેક મકરૂમ અને તરેહવાર ખાં
નું જમુંછું. તમારા ઘરની તો મને સારી પેઠે ખબર
છે. પણ તમે હજુર શુધી ગામડામાં અને ગામડીઆ
લોકોમાંજ વસવા તથા પડી રેહેવા ઈછોછે, તે મને
ઠીક લાગતું નથી. તાંહાં ગામડામાં પાલનજીનો શું સુ
કરવાર થવાનો હતો ? વાસતે તમોબી અમોલાં મુંબઈ
માં આવી રેહાતો આવી મજા કરશો."

એ કાગલ નવસારી ગીઊં તારે સુનાબાઈ મુખ
તાદ માંડવાની ખટપટમાં રોકાએલી હતી. પોતાંને વાં
ચતાં કાંઈ આવડે નહીં તેથી મેતાજીની પાસ કાગલ
વંચાવીઊં અને સઘળી બીના સાંભલી પોતાની હાલ
ત ઊપર અફસોશ કરવા લાગી. તેને "અકર વકર"
થવા લાગી અને " પાંખ હોએતો મુંબઈ ઊડી જાઊ"
એમ તેણીના મનમાં આવીઊં. તેણીનો ભરતાર પા
લનજી ઘેર આવેઓ તારે તે સુનાબાઈને કેહેવા લા
ગો કે આજે જથાબંદ મહુરાં વેચેઆં તેથી સો રૂપી
આનો તડાકો પડેઓ. સુનાબાઈએ પોતાનું મોહો ક
રમાવી નાખીઊં અને બોલી કે "મોટી છાનમાં તર
વાર મારી—તમે કમાએઆ!" કોઈ વખતે સુનાબા
ઈને મોહાડે આવો જવાબ સાંભલેઓ નહીં તેથી પાલ
ણજી વીચારમા પડેઓ કે શું હશે. પછી પટાવીને પુ
છીઊં તારે સુનાબાઈએ પોતાની બેહનનો આવેલો કા
ગલ પાલનજીના હાથમાં આપેઓ અને બોલીકે " હું
ઈ ગાંમડામાં પડી રહે આપણો સુકરવાર થએ નહીં.
જુઓ રૂપાબાઈ અને દીનશાજી મુંબઈમાં કેવી મજા
કરેછે. વાસતે ચાલો આપણેબી મુંબઈ જઈએ. હું
તો હવે ગામડામાં રેહેવાની નહીં. જુઓ, મારી મા
સીની દીકરી કેવી કેવી જણસો અને કેવાં કેવાં કપડાં
પેહેરેછે. તમે મને આ ખાદીનાં સદરા અને માથુબા
નાં વગર શું જણસો પેહેરાવી ? ઘણી, ઘણી, અતી
આર શુધી હું કાંઈ તમોને બોલી નહીં પણ હવે તો
તમને મુંબઈ જવું પડશે."

બીચારા પાલણજીએ ઘણુંબી સમજાવીઊં પણ
ફોકટ. દર રોજ અને દર ઘડી સુનાબાઈ તેની પછવાડે લા
ગી અને મુંબઈ, મુંબઈ, મુંબઈ બોલવા લાગી. "મુંબઈ
ગઆ વગર આપણો આ ગામડામાં સુકરવાર થવાનો
નથી" એવું વારેઘડી ચીરડાઈને બોલવા લાગી. તે કે
હેવા લાગી કે "આપણે આ જંગલમાં પડી રેહેવાથી,
માણસના હેવાન બની ગઆં છઈએ અને બાજરી
જુવાર અને દુધ ઘી ખાઈને દાહાડા કાહાડીએછે." આ
ખેર પાલણજી ઘણો કંટાલી ગીઓ અને જણાવીઊં
કે " હું એકાંતે વીચાર કરીને જવાબ આપીશ."

પછી પાલનજી બીચારો વીચાર કરવા લાગે
ઓ. તે બોલેઓ કે "મને ગામમાં સાંહુબી કરતાં, ખા
તાં પીતાં વરસ દાહાડે સો, દોહડસો રૂપીઆ બ
ચેછે અને હવે પાકી ઊમરે મુંબઈ જવામાં શું સાર
નીકળવાનો હતો ? એકતો હું કાંઈ "સું, સાં" બોલી
જાણતો નથી. વાડી વંતર જશું તો બોલશું શું.
વળી મને આ લાલ પાઘડી મુકીને કાળી અને ઊંચી
પાઘડી બાંધવી પડશે. " આવા આવા ખેઆલમાં તે
ને ઊંગ આવી ગઈ. સવારના ઊઠેઆ પછી ચાહ પી
તાં વળી સુનાબાઈ બોલી કે " કેમ તમોએ શું વીચા
ર કીધો ! મારૂ મન મુંબઈ તરફ દોડીઊંછે વાસતે તમે
મને મુંબઈ લઈ જશો નહી તો સુખથી રહી શકવાના
નથી. " બીચારો પાલનજી દલગીરીમાં પડેઓ અને
અંતે ઘણીજ નાખુસીથી હા પાડી. હાવો જવાબ સાં
ભલી સુનાબાઈ એકદમ ખુસી થઈ. મુંબઈ જવા મા
ટે સઘળી અગતની તઈઆરી કરવા માંડી. સુનાબાઈ
ની ગામડીઆ જેવી જણસો હતી તે સઘળી ભાંજીને વેચી
નાખી અને તેમાં રૂપીઆ બસો તરણસો ઊમેરીને સુ
નાબાઈને વાસતે ચીતર અને વારા ઘડાવેઆ.

હોરમજ રોજે સુનાબાઈ અને પાલનજી મુંબ
ઈ આવવાને નીકળેઆ. પોતાના પડોસીઓને જોઈને
બીચારા પાલનજીનું દીલ ભરાઈ આવીઊં અને
અરસ પરસ ભેટ લઈને તથા આંખમાંથી આંસુઓ પા
ડીને ગનદેવીની ચોકી આગલથી જુદાં પડેઆં. રસ

તામાં ઊદવારાના આતસ બેહેરામ સાહેબને પગે પડી મેહેમ થઈને મુંબઈ આવેઆં. રૂપાબાઈ તથા દીનશાજીનું ઘર કોટમાં મોદીખાનામાં હતું અને રૂપીઆ વીસે એક માલના બે ઓરડા ભાડે લીધા હતા. તેમાના એક ઓરડામાં સુનાબાઈને તથા તેના ભરતારને ઊતારો આપેઓ. દીનસાજીતો વાડીએ સધાવેઆ હતા, તેવણ જારે રાતના આવેઆ તારે મનમાં બોલેઆ કે મુરખ રૂપાબાઈએ શું ઘાણ વાલેઓ ! બીચારાં પર દેશીને નકામાં લાવીને ફસાવેઆંછે.

બીજે દીવસે સવારનાં કાપડીઆને બોલાવીને સુનાબાઈને ઊંચાં કપડાંની જોડ અપાંવી. વલતે દીને રૂપાબાઈએ પોતાની સહીઓને કેહવાડીઊં કે હમારી બેહન નવસારીથી આવેઆંછે તેમને લઈને આજ દીને તમને મલવા આવશું. એમ કેહવડાવીને સુનાબાઈને લઈને રૂપાબાઈ પોતાની શેઠાણીઓને મળવાને ગઈ. બીચારી સુનાબાઈએ હાંડી વાલગોડ અને કોચ ખુરસી પોતાના જનમમાં જોએઆં નહી હતાં તેથી ઘણી અજબ થઈ ગઈ. અને જમીન ઊપર સાદરી સીવેલી હતી તાંહાં ફસડાઈને બેસવા જતી હતી પણ રૂપાબાઈએ તેણીનો હાથ ખેંચી પોતે ખુરસી આગલ કરી બેસાડી અને સાહેલીઓ સાથે મુલાકાત કરાવી.

સુનાબાઈને થોડા દીવસ ઘેરમાં રાખેઆ પછી પંદર રૂપીએ ભાડેના બે ઓરડા અપાવેઆ. રૂપાબાઈએ પોતાનાજ ચાકરને કહીઊં કે સુનાબાઈને બજાર લાવી આપે. કેટલાએક દીવસ શુધી શું કરવું તે બીચારા પાલનજીને સુજે નહીં. દીનશાજી તો પોતાની ચાકરીમાં અને વાડીવંતર જવામાં પડેલો તે પાલનજીની બરદાસત કાંહાંથી રાખી શકે ? આખેર કોઈ શરાફને તાંહાં મેતાની ચાકરી નીકલી અને તાંહાં પાલનજીને ૨૫ રૂપીઆના પગારે ચાકરીએ રખાવેઆ. પણ પાલનજીથી તે કામ શારી રીતે થઈ સકીઊં નહીં તેથી એક માસમાં શેઠે રજા આપી. પાલનજી બીચારો "ફીકરમાં" પડેઓ અને ઘરનો ખરચ કેમ નીભશે એ ધાસતીથી તેના પેટ છુટી ગઆં. ડાંક્ટર કરવાસો એક ફેરો જોઈ જાશે અને બે રૂપીઆ લીએ, તેથી તો પુરો બેહાલ થઈ ગએઓ અને ભારે પશતાવો કરવા લાગેઓ. રૂપાંબાઈ આવીને દીલાસો દીએ પણ તેનાથી કાંઈ બોળાશે નહીં. એમ કરતાં એક દીવસ તેની હાલત છેકજ તંગ થઈ ગઈ. નવસારીથી તે રૂપીઆ ૫૦૦ લાવેઓ હતો તે સઘળા ખરચાઈ ગએઆ. ડાકટરને આપવાનું કાંઈ રહેઊં નહીં. તેવામાં કાપડીઆનો, અને રૂપાંબાઈના ચાકર કાવલાનો તથા ઘરધણીના ભાડાનો આંકડો આવેઓ તે જોઈને પાલનજી પુરો ઘબરાઈ ગએઓ. તેની ઓરત સુનાબાઈ પણ આખમાં આંસુ લાવતી લાવતી રૂપાંબાઈ પાસ ગઈ.

આણીગમ રૂપાંબાઈ પોતાના વરને રૂના ભાવના વીલાતથી માઠા સમાચાર મલેઆ હતા તે સાંભલી દલગીરીમાં બેઠી હતી. તેથી સુનાબાઈને જોઈને મોહો મરડીઊં. અને બોલતાંજ શડી ખાધી કે "તમારાથી નહીં બનેતો ભીખ માગો." આવા બોલો સાંભલી બીચારી સુનાબાઈના દીલમાં ઘણુજ થઈ આવીઊં. ગરીબ ઝુપડીનું સુખ મુકીને આવા દુખમાં પોતાની મુરખાઈથી આવી પડી તે વીશે અફસોસ કરતી કરતી પોતાને ઘેર ગઈ.


પાલનજીની માઠી હાલત સાંભલીને નવસારી મધેનો એક મોબેદ જે તેનો ઓલખીતો હતો અને જે મુંબઈમાં કેટલાંએક વરસ થઆં આવીને રહેલો હતો તે તેની પાસે ગઓ. તે મોબેદ ઘણો ભલો અને દઆલુ સભાવનો માણસ હતો. તે પાલનજીની સઘળી બીનાથી વાકેફ થઓ. તેણે સઘળો આંકડો ચુકાવી આપેઓ અને બીજા સો રૂપીઆ આપીને પાલનજીને પાછો નવસારી મોકલેઓ. પાલનજી નવસારી જઈ પોહાચેઓ કે તરતજ તેના સઘળા મીતરોએ તથા અડોસી પડોસીઓએ દીલાસો આપેઓ. તેનું અસલનું પીઠું તેને સવાધીન કીધું. અને અસલની ઘરાકી પાછી મલવા લાગી. જારે પાછો સારી હાલને પોહાચેઓ તારે પેલા મોબેદનો ઊપકાર બેવડો વાળેઓ અને પોતાની જીંદગીના બાકીના દીવસ સુખ આરામમાં ગુજારેઆ.

વાસને વાંચનારી બેહનો ! તમોએ કદી તમારી હાલત ઊપર ના રાજી થવું નહીં. ગરીબ થઈને તાલેવાનની મીસાલે ચાલવાને કોઈ દીવસેબી વીચાર કરવો નહીં અને પોતાના ભરતારને સુનાબાઈના જેવી મુરખાઈ ખરચીને વીપતી તથા દુખમાં નાખવાની મુદલ તજવીજ કરવી નહીં. ઈશ્વરે તમને જે હાલતમાં મુકેઆંછે તે ઊપર સબુરી અને સંતોશ રાખો. ફલાણી બાઈના ભરતારે એટલા રૂપીઆની જણશ કરાવી

અને ફલાણી બાઈના વરે એટલા રૂપીઆના કપડાં કરાવેઆં એવા એવા વીચારથી તમારૂ મન બળાપામાં નાખીને તમો પોતે દુખી ના થાઓ અને તમારા ભરતારનેબી દુખી ના કરો. બેહનો ઊંચી જણસો અને ઊંચાં કપડાં પેહેરવાથી કાંઈ સુખ વધતું નથી. તંગોને તથા તમારા ભરતારને ઈશવરે જે કાંઈ આપીશ હોંએ તેજ ઊપર સંતોશ રાખોતો તમને ખ સુખ મળેઆ વગર રેહેનાર નથી.

---

## આદમીના જીવ બચાવનારા કુતરા.



ઈટાલી દેશની ઊતર દશાએ "આલપસ" નામના મોટા અને ઊંચા પાહાડોછે. તે પાહાડની કેટલીએક જગોએ મોટી મોટી ખીણછે. એ ખીણ મધે વારેઘડીએ એવો બનાવ બનેછે કે એકાએક મોટું તુફાન થઈ આવેછે અને બરફના વર ાદ ઘણાજ જોરથી વરસેછે. એ તુફાન, કોઈ કોઈ વખ તે એટલા જોરથી ફુટેછે અને બરફનો વરસાદ એટલા જોરથી પડેછે કે પાહાડ ઊપરના મોટા મોટા પથરો ગ રીને નીચે પડેછે, મોટાં મોટાં ઝાડો અને ખડકો પવ તના સપાટાની સાથે ઘસડાઈને ટુટી પડેછે. હરકોઈ મુસાફર સમાધાન ભરેલો દીવસ જોઈને મુસાફરી કરવા નીકલેછે અને એકાએક ભારે તુફાન થઈ આવેછે. તેને કાંઈબી રસતો સુજ પડતો નથી. પવનના સપાટાથી અને બરફના મારથી મોટાં મોટાં ઝાડો અને ખડકો જારે ઘસડાઈ જાએ તારે તે બીચારા મુસાફરના શા આસરા ? તે તરત તાંહાંનો તાંહાંજ બેસી જાએછે. બરફનો વરસાદ પડેઆથી તેની ઊપર બરફનું થડ બંધાઈ જાએછે. પેલો બીચારો મુસાફર અંદર દટાઈ જાએછે. કોઈ કોઈ વેળાએ દસ અથવા વીસ ફુટ ઊંચું થડ બરફનું બંધાઈ જાએછે. તુફાન બંધ પડેઆ પછી કોઈ બીજો મુસાફર એ જગા ઊપરથી ચાલેલો જાએતો તેને મુદલ માલુમ પડે નહીં કે આ જગાએ કોઈ માણસ દટાઈ ગએલું હશે. હવે એ માણસનો જીવ કોણ બચાવે ? એ પાહાડ ઊપર સેંકડો મુસાફરોને મુસાફરી કરવી પડેછે અને એકાએક મોટાં તુફાન વારેઘડીએ થઈ આવેછે તેથી તેઓનો જાન આવી રીતે ધાસતીમાં આવી પડેછે. તેઓને એવી વખતે મદદ કરનાર અને બચાવનાર કોણ ?

ઈશવરે પોતાની મનુશ જાતની ઊપર બેહદ મેહેરબાંનીથી એવા કેટલાએક કુતરાઓ પેદા કીધાછે જેઓ ઘણી વેળા આ બીચારા મુસાફરોના જીવ બચાવેછે. એ કુતરાઓને ઈશવરે સુંગવાની શકતી એટલી બધી આપીછે કે હરએક મુસાફર ગમે તેટલો બરફમાં ઊંડો ડટાઈ ગએઓ હોએ તોબી તેઓના નાકમાં વાસ ગઆથી તરત કહી શકેછે કે આ જગાએ કોઈ મુસાફર દટાઈ ગએલોછે. એ પાહાડો ઊપર દુરવેસો અથવા સનીઆસી અતીતો ધરમશાળામાં રેહેછે અને તેઓ પોતાની પાસે એવા કુતરાઓ રાખેછે. એ દુરવેશો આપણા દેશના ધુતારા અતીતો જેવા નથી હોતા. તેઓનું એજ કામ કે દાહાડો આખો ઈશવરની બંદગી કરવી, કોઈ મુસાફર તે રસતેથી ગએઓતો તેને પોતાની ધરમશાળામાં ઊતારો આપવો, તેની સઘળી બરદાસત લેવી, સીધો પાણી આપવું. એ શીવાએ તેઓ કુતરાઓને લઈને પાહાડો ઊપર ભટકતા ફરેછે કે કોઈબી મુસાફર બીચારો તુફાનથી બરફમાં ડટાઈ ગઓ હોએતો તેને બાહાર કાહાડીને ધરમશાળામાં લઈ જવો. ઘણી વેળા તેઓ ફકત કુતરાઓને મુસાફરની સોધમાં મોકલેછે. કુતરાના ગળામા એક જાતના અરકની અથવા કાંઈ દવાની શીશી બાંધેછે કે જે સુંગેઆથી મુસાફર પાછો પોતાની સુધ તથા હોસમાં આવે. કેટલાએક કુતરાઓની કમર ઊપર ઊનનું કપડું તેઓ બાંધેછે કે ઠંડીથી મરતતોલ થઈ ગએલા મુસાફરને પોતાના બદનમાં ગરમી રાખવાને બની આવે. એ કુતરાઓનું એક ચીતર હમોએ આ બીનાની સાથે આપીઊંછે.

એ કુતરાઓને જારે તેઓની સુંગવાની બારીક ઈંદરીથી માલુમ પડેછે કે આ જગોએ બરફની અંદર મુસાફર ડટાઈ ગએલોછે તો તરત તેઓ પોતાના પગથી સઘળો બરફ ઊખેડી કાહાડેછે અને પછી મોટેથી પોકાર મારીને ભોંસેછે કે તેથી પેલા દુરવેસો આવી પોહોચેછે. કોઈ વેળાએ તેઓ ધરમશાળાથી ઘણાજ દુર હોવાને લીધે દુરવેસો તેમનો અવાજ નહીં સાંભલી શકેતો તેઓ પોતે પેલા ડટાઈ ગએલા આદમીને બાહાર કાહાડેછે અને પોતાની ડોકમા જે અરકની શીસી બાંધેલી હોએછે તે તેને સુંગાડેછે. બીજો કુતરો આવીને પોતાની કમર ઊપરનું ઊનનું કપડું મુસાફરના આંગ આગળ અટકાડેછે. જેથી થોડા વખતમાં તે મુસાફર હોસીઆર થઈને ચાલતો થાએછે. કોઈ વખતે ઘણોજ વખત દટાઈ ગએઆથી મુસાફરનો જીવ નીકળી ગએળો હોએછે તારે ફકત તેઓના મુરદાં કાહાડવામાં આવેછે અને પેલા દુરવેસો અથવા તે મુસાફરના સગાં વાળાં તેને ભુમીદા કરેછે.

આ ! હા ! બાઈઓ ! આપણ માનવી જાત ઊપર ઈશવરનો કેટલો બધો પેઆર અને કેટલી બધી મેહેરબાનીછે ! કે તેણે કુતરા જેવા હલકા પરાણીઓમાં કોઈ કોઈ વખતે આપણો જીવ બચાવવાની શકતી મુકેલીછે. અરે એવા માઆલુ ઈશવરના ઊપકારની આપણે કેટલી થોડી કદર પીછાંનીએછે !!

## ઘેર કેવી રીતે ચલાવવું ?

—o—

પેઆરી બેહેનો અને પેઆરી માતાઓ, જાંહાં શુધી તમે જાણતાં નહીં હશો કે "ઘેર કેવી રીતે ચલાવવું" તાંહાંશુધી તમે તમારા કુટંબને સુખ આપી શકવાના નથી. દરએક નેક અને સમજુ ઓરતની પેહેલ વેહેલી ફરજ એછે કે ઘેરનો ખટલો પોતાને માથે લેવાની અગાઊ શીખવું જોઈએ કે "ઘેર કેવી રીતે ચલાવવું." એક ઘર ગમે તેવું નાહાનું અને ગરીબ હશે પણ તેને સાફ અને સોજુ રાખવાથી જેટલું સુખ મલસે તેટળું સુખ મોટું ઘર ગલીચ અને માઠી હાલતમાં રાખેઆથી મલવાનું નથી. એક નાહાની ઝુપડીમાં અથવા એક નાહાની કોઠડીમાં સમજુ અને ચતુર ઓરત પોતાના ભરતારને અને પોતાના કુટંબને જેટલું સુખ આપી શકશે તેટલું સુખ એક નઠારી અને બે સમજુ ઓરત મોટા અને ઊંચા ઘેરમાં આપી શકવાની નથી. સમજુ અને ચતુર ઓરત ગમે તેવો હલકી જાતનો ખોરાક હશે અથવા ગમે તેવી હલકી જાતની વાણી હશે તોપણ તેને સારી રીતે અને સારી જતને પકાવેઆથી જેવું સવાદવાળું અથવા લેજતદાર પકવાન બનાવી શકશે તેવું એક નઠારી અને બે સમજુ ઓરત ગમે તેવો ઊંચી જાતનો ખોરાક હશે તોબી પકાવી શકનાર નથી. સમજુ અને ચતુર ઓરત કાંઈબી ચીજનો બીગાડ કરશે નહીં. નઠારી અને બેસમજુ ઓરત ગમે તેવી સારી ચીજનો થોડો ઘણો બીગાડ કરેઆ વગર રેહેનાર નથી.

ઘેર સારી રીતે ચલાવવું એ દર એક સ્ત્રીની અને દર એક માતાની ખાસ ફરજછે. તે ફરજ હલકી અને નજીવીછે એવું વીચારવું તેમાં મોટી ચુકછે. સમજુ અને ચતુર ઓરત પોતાના ભરતારનો સભાવ સાચવી શકેછે અને પોતાના બચાંઓને સઘળી વાતમાં પોતાની સારી ચાલ ચલણથી રૂડો દાખલો આપેછે. નઠારી અને બેસમજુ ઓરત પોતાના ભરતારનો સભાવ જાણવાની તજવીજ કરતી નથી અને પોતાની ખરાબ ચાલથી પોતાના બચાંઓને માઠો દાખલો આપેછે. સમજુ અને ચતુર ઓરત થોડા પઈસાથી અને થોડા ખરચથી પોતાના ઘરનો દેખાવ સોભીતો અને પસંદ પડતો કરી શકેછે. નઠારી અને બેસમજુ ઓરત ઘણા પઈસાથી અને ઘણા ખરચથીબી પોતાના ઘરનો દેખાવ સોભીતો અને સુંદર કરી શકતી નથી. સમજુ અને ચતુર ઓરતના બચાં હરએક ચીજ સંભાલથી તથા જતનથી મુકવાને શીખેછે; નઠારી અને બે સમજુ ઓરતના બચાં હરએક ચીજનો બીગાડ કરવાને શીખેછે. સમજુ અને ચતુર ઓરત પોતાના ઘરની સઘળી ચીજો સારી રીતે ગોઠવીને સઘળો દેખાવ ખુસી ભરેલો તથા પસંદ પડતો કરી મુકેછે; નઠારી અને બે સમજુ ઓરતના ઘરમાં સઘળી ચીજો બે કાએદે અને રખડતી રઝલતી પડેલી જોવામાં આવેછે. સમજુ અને ચતુર ઓરતની એક નાહાની કોટડી જેવો આપણી આંખને સંતોશ ઊપજાવશે તેટલો સંતોશ નઠારી અને બે સમજુ ઓરતનું મોટું ઘેર ઊપજાવી શકવાનો નથી. વાસતે સઘળી ઓરતોએ પેહલે વેહલું સારી પેઠે શીખવું જોઈએ કે "ઘેર કેમ ચલાવવું."

---

## અંતકરણ અને ફેફસા વચે વાત.

—o—


અંતકરણ.—ફેફસા ભાઈ! હું એક વખત પાહાડ જેવા આદમીને ચાહે તેમ કરી શકુછું. મારા ઊપરતો તેની જીંદગીનો સંઘલો આધાર રહેલોછે.

ફેફસુ.— (ગુસે થઈને) બેસ બેસ, તું પરથમ તારી જગા વીશે વીચાર કરીશતો તને તારો દરજો કેટલો ઊતરતોછે તે માલુમ પડશે. તું કાંહાં રેહેછે તેની પણ તંને ખબરછે. ? .

અંતકરણ.—ફેફસા ભાઈ તું તારી જગા વીશે બડાઈ ના કર. હું મારી જગા સારી પેઠે જાણુછું. માણસ જાતની છાતીનાં ડાબી બાજુ ઊપર હું સંતાઈને બેસુંછું. અને તાંહાંથી મારૂ કામ કરૂંછું. મારો આકાર સંકુના જેવોછે. મારા પગ અથવા પોહોળો ભાગ ડાબી બાજુની તરીજી પાંસલી આગળછે અને મારૂ માથું અથવા સાંકડો ભાગ ડાબી બાજુની છઠી પાંસલી આગલછે. છાતી અને પેટની વચેના પરદાને મારૂ માથું તકીઓ કરીને રહેલુંછે. એ શીવાએ મને ચાર પેટછે. બે મારી ડાબી બાજુ ઊપર અને બે જમણી બાજુ ઊપર. અને તેમાં હું મારૂં સારૂ અને બીગડેલું લોહી રાખુંછું. હું જારે હુકમ કરૂછું તારે શરીરના સઘળા ભાગોને ખાવાનું ફરી વળેછે. અને હું જરા આડો થાઊછું કે આખુંશરીર માઠી હાલતમાં આવી પડેછે. એવી શકતી ફેફસા ભાઈ શું તારામાં છે? તને તો કોઈ ઓલખતુંબી નથી કે તું કોણછે અને કાંહાછે અને તારૂ કામ શું એ વાતની તને પોતાને ખબર નથી એવું માલુમ પડેછે.

ફેફસું.—એલીઆ અંતકરણ! શું મને મારા ઘરની ખબર નથી? હું ઘણો અચરત થાઊંછું કે હું તારો પડોસી છતાં તું મને ઓલખતો નથી. મારી પાંખ અને છાંઆં તલેતો તું રેહેછે અને એટલી બધી વળી ગડબડ સાની કરેછે? મારા વગર તુને એક ઘડીબી ચાલી શકવાનું નથી. છાતીની આખી પેટી તે મારી પોતાનીછે. તેમાં તને રેહેવાની હમોએ જગો આપીછે. હમો તને કેટલીએક વાતે ઢાંકીને રાખીએછે; નહીંતો તારા બુરા હાલ થાતે. વાસતે તેં મારો ઊપકાર માનવો જોઈએછે. હમો ઝીણી બારીક રજકણોના બનેલા છઈએ. તારા જમણા પેટમાં જે ખરાબ અને બીગડેલું લોહી એકઠું થાએછે તેને હમો સાફ અને ચોખું કરીએછે; અને તારા ડાબા પેટમાં રેહીએ છઈએ. એ પરમાણે જો હમો નહીં કરીએતો તારા કેવા માઠા હાલ થાએ અને શરીરનું પોશણ કરવાને તારો હુકમ સઘલો એક બાજુએ રહી જાએ. વાસતે તું ઘણી ટક ટક નો કર. માણસનો જીવ બચાવવામાં જેવા હમે અગતના છઈએ તેવો તુંબી અગતનોછે. પણ તું પોતે તેમાં મોટાઈ નો માન. કારણ હમારી મેહેરબાનીથી તું સારી હાલતમાં રહેલોછે.

---



ચીન દેશની પાંણીની નેહેરનો દેખાવ.

## એક અજાએબ જેવી ઓરત.

—o—

ફ્રાંસ મધે એક ઓરતની ઘણીએક અજાએબ તરેહની ખીના જાણવામાં આવીછે. એ ઓરતમાં ઈશવરે એવી ખુબી મુકી હતી કે આંખનું કામ નાકથી અને હાથ અડકાડેઆથી થતું હતું. ચાખવાનું કામ સુંગેઆથી અથવા વાસ લીધાથી થતું હતું. અને કાનનું કામ નાકથી થતું હતું !! આ ખીના ઘણીજ અજાએબ જેવીછે પણ એક ફરેંચ ડાકટરે પોતે તે ઓરતને તપાસી હતી અને તે નીચે પરમાણે તે ઓરત વીશે જણાવેછે. તે કેહેછે કે—

"કેટલીએક વખતે નહીં બની શકે તેવી વાતો માનવાની વીદવાન માણસોને જરૂર પડેછે. પણ તેથી એક રીતે ફાએદો થાએછે કે દુનીઆની અચરતી ભરેલી ખીનાઓ અને ઈશવરની અપાર શકતીઓ આપણને વધારે માલુમ પડેછે. અને માણસ પોતાના એલમ હોનરથી જો ઘણોજ મગરૂર થઈ જતો હોએ તો તેને દેખાડેછે કે હજુર જાણવાનું ઘણું બાકી રહેલુંછે.

"મેં જે ઓરતની મુલાકાત લીધી તે ઓરતને મેં જુદી જુદી જાતના ઓશડો દેખાડેઆં. તે ઓશડોનો ફકત વાસ લીધાથીજ જુદા જુદા સવાદ કહી આપતી હતી. હું ખાતરીથી કહી શકુછું કે મેં જુદી જુદી મેળવણીના ઓસડો તેણીને દેખાડેઆં હતાં તે કદી તેણીએ પોતાની જીંદગીમાં અગાઊ દીઠાં નહી હશે. તે સઘળાં ઓસડોનો સવાદ તેણીએ એવી રીતે મને કહી જણાવેઓ કે જે હું ચાખીનેબી જણાવવાને કેટલીએક વખત અશકત હતો.

"તારપછી એક જાડા પાટાથી મેં તેણીની આંખ બાંધી; અને મારા ગજવામાંથી રેશમની જુદા જુદા રંગની ફીટો કાહાડી. તે દરએક ફીટની ઊપર પોતાની આંગલી લગાડેઆથી જુદા જુદા રંગ કહી શકી. મેં તેણીને ઘણી રીતે ઘબરાવી પણ તેણીએ કાંઈ પણ ચુક કીધી નહીં. તે હરએક ચીજનો ગુણ જોઆ વગર ફકત આંગળી અડકાડેઆથી અથવા ચાખવાથી પારખી શકતી હતી.

"તારપછી મેં તેણીના કાન મજબુત બાંધેઆ અને તે ઓરડામાં એક મીતર સાથે હું ધીરા અવાજથી વાત કરવા લાગેઓ. તે સઘળી વાત, દરએક બોલ ઈઆદ રાખીને હમોને કહી સંભલાવી. એ બનાવથી તો હું ઘણોજ અચરતીમાં પડેઓ. એક ફીલસુફ જાણેછે કે આ વાત બને નહીં તેવીછે પણ તેજ પરમાણે જે વાતનો વીદીઆ એલમથી ખોલાસો થઈ શકે નહી તે બનેલી ખરી વાત રદ કરવી નહીં તે પણ તે સારી પેઠે જાણેછે."

---

## ચીન દેશ—તાંહાંની પાણીની નેહેરો તથા મોટી દેવાલ.

—o—

ચીન દેશ મધે જાહેર બાંધ કામમાં તાંહાંની નેહેરો તથા મોટી દેવાલ ઘણી નામીચી કેહેવાએછે. એક મોટી નેહેર જે હોઆંગો નદીથી ઠેક પીકીન શેહેર શુધી આશરે ૫૦૦ માઈલ લાંબી બાંધેલીછે તેની બરાબરી કોઈ પણ દેશની નેહેર કરી શકવાની નથી. એવી મોટી નેહેર દુનીઆમાં કોઈપણ દેશની સરકારે હજુર શુધી બાંધી નથી. એ નેહેર બાંધવામાં ઘણી વળાણ લેવી પડીછે. એ શીવાએ નાહાની નાહાની નેહેરો ચીન દેશમાં ઘણે ઠેકાણે બાંધેલીછે. હોનાન નામની નેહેર જે ઘણી નામીચી કેહેવાએછે તેના દેખાવનુ ચીત્ર હમોએ આ બીનાની સાથે આપીઊંછે. ખચીત એ નેહેરનો દેખાવ ઘણોજ સુંદર અને સોભીતો લાગેછે.

ચીન દેશમાં એક ઘણીજ મોટી અને લાંબી દેવાળ બાંધેલીછે. એ દેવાલ ૧૫૦૦ માઈલ લાંબીછે. ઊંચાઈમાં વીશથી પચીસ ફુટ સુધીનીછે અને જાડાઈમાં પંદર ફુટછે. દર સો સો ઈઆરડને આંતરે ૪૮ ફુટ ઊંચા મીનારા એ દેવાલ ઊપર ચણી લીધેલાછે તેથી એ દેવાળ ઘણીજ સોભઈતી માલુમ પડેછે. એ દેવાળ બાંધવામાં અતીશે મેહેનત પડીછે. પંદરસો માઈલ લાંબીછે તેથી વચમાં મોટા મોટા જંગલો અને મોટા ટેકડાઓ આડે આવેઆછે. કેટલેએક ઠેકાણે પાંચ છ હજાર ફુટ ઊંચા પરવત ઊપર પણ એ દેવાળ લઈ જવામાં આવીછે. જેમ તેને બાંધતાં ઊંચા પાહાડો ઊપર લઈ ગએઆછે તેમ મોટી મોટી ખો અને ખાણમાંથી તેને ઊતારવી પડીછે. વચમો ઘણેએક ઠેકાંણે નદી નાળાઓ પણ આવેલાંછે. મોટી અચરતની વાત એ છેકે કોઈ ઠેકાણેથી એ દેવાલનો સંબંધ તોડ

વાગો આવેઓ નથી. નદીની ઊપરથી મેહેરાપદાર આકારમાં તે બાંધી લીધેલીછે. વધારે અચરત જેવું એ છેકે આવું મોટું અને માહાભારત કામ પાંચ વરસની અંદર પુરૂ કરવામાં આવીઊં હતું. બે હજાર વરસની વાત ઊપર આ દેવાળ બંધાઈ હોએ એવું કેહેવામાં આવેછે. તાતાર દેશના રેહેવાસીઓ વારેઘડીએ ચીન દેશ ઊપર ચહડાઈ કરતા હતા તેનો અટકાવ કરવાને તજીન ખાનદાનના પેહેલા શેહનસાહે એ દેવાળ બંધાવી હતી. એ શેહનશાહા ઘણો જુલમગાર હતો અને તેણે જોર જુલમથી પોતાની રઈઅત પાસે એ દેવાળ બંધાવી હતી. બચાવ થઈ ન શકે એવી કોઈ કોઈ જગા ઊપર બેવડી અને તેવડી દેવાળ બંધાવી લીધીછે. ઈસવીસન ૧૨૧૨ માં મુગલ લોકો એ દેવાલ ફાડીને ઠેક પીકીન શેહેર સુધી ગઆ હતા. અને ચીનની ૩ લાખ ફોજની ઊપર ફતે મેળવી હતી. તે દેવાલ હજુર આખીને આખી દેખાએછે તે ઊપરથી માલુમ પડેછે કે ઘણી વખતે ગાબડાં મારીને તેની મરામત કરવામાં આવી હશે.

## આંધલો ડાકતર અને તેની ગુણવાન સ્ત્રી.

—o—

(એક અજાએબ જોડું)

વાંચનારી બાઈઓ, એક આંધલા ડાકટરની અને તેની ગુણવાન સ્ત્રીની વાત વાંચીને તમે અજાએબ થશો. ઈઊરોપ મધે 'સુવીડન' અને 'નારવે' નામના બે દેશોછે. ઈસવી સન ૧૮૧૪ માં સુવીડન દેશની ફોજ નારવેમાં લડાઈ કરવાને ગઈ તારે તે ફોજમાં એક જુવાન, ચંચલ અને કાબેલ ડાકટર હતો. એ ડાકટરનું નામ 'ચારલસ' કરીને હતું. લડાઈના મેદાનમાંથી કુચ કરતાં લશકરના ઘણાખરા માણસોને આંખના દરદ થઆં હતાં તે એ ડાકટરે મેહેનત લઈને સાફ કીધાં હતાં. તેથી લશકરના માણસો એ ડાકટરને બહુ ચાહાતા હતા. પણ માઠા ભાએગે એ ડાકટરને પોતાનેબી તેવુંજ આંખનું દરદ થીઊં. તેણે પોતાની આંખ સાજી કરવાને ઘણાબી ઊપાએ કીધા પણ સેવટ એંજ બનીઊં કે તેના બેહુ ડોલા ફરી ગએઆ અને તે બીચારો આંધલો થઈ પડેઓ.

એ પરમાણે ભર જુવાનીમાં અને ભર ઊમેદમાં તે વીદવાન ડાકટરને આંખનું ભારે નુકસાન થીઊં એ નુકસાન સબુરી અને ધીરજથી ખમવાને તેણે તજવીજ કીધી પણ અંદર ખાંનેથી તેનું દીલ ઘણુંજ દુખવા લાગીઊં. દલગીરી અને અફસોસમાં તેનું અંગ તવાઈને છેકજ નબલું થઈ ગીઊં. અકલ અને બુધીમાં તેનું મન છેકજ નબલું પડી ગીઊં. તેનો અવતાર એક હેવાનના જેવો બની ગએઓ.

આવી માઠી અને દુખ ભરેલી હાલતમાં તે આવી પડેઓ. એક દીવસ તેનો મીત્ર જે તેને બહુ ચાહતો હતો તે આવીને કેહેવા લાગો કે " ભાઈ તમારે દુખના બોજા તલે એટલું બધું દબાઈ જવું ન જોઈએ. દુખનું ચકર દુનીઆમાં સરવેને માથે ફરતુંછે વાસતે તમોએ સઘળી હીંમત છોડી દેવી ના જોઈએ. જે થવાનું હતું તે થીઊં. ચાલો આપણે એક નાહાના ગામમાં જઈએ અને તાંહાં આરામમાં આપણા દીવસ ગુજારીએ." ઘણી એક તકરાર અને આનાકાની કીધા પછી આંધલા ડાકટરે પોતાના મીત્રનું બોલવું કબુલ રાખીઊં; અને તેઓ મુસાફરી કરવાને નીકલેઆ.

મુસાફરીમાં એક જગા ઊપર તેઓના પોતાના ઘોડા બદલવાને ખોટી રેહેવું પડીઊં; અને એક પોહોચખાનામાં તેઓએ ઊતારો લીધો. આ ગામમાં પેલા દઆળુ મીત્રનું કોઈ સગું રેહેતું હતું તેથી આંધલા ડાકટરની અરધા કલાકની રજા લઈને તેને મલવાને ગએઓ. અરધા કલાકને બદલે બે કલાક નીકલી ગએઆ તોપણ તેની કાંઈ નીસાન માલુમ પડી નહીં. આંધલો બીચારો ફીકરમાં પડેઓ અને શું કરવું તે સુજે નહીં. તેવામાં કોઈના પગનો અવાજ સાંભળી પોતાની લાકડી ઠોકીને બોલવા લાગો કે " ઊપર કોણ ફરેછે." તેનો જવાબ મળેઓ કે " નીચેથી કોણ બોલેછે." તારે તે આંધલા ડાકટરે પોતાનું નામ, પોતાની હાલત અને પોતાના મીત્રવીશે કહી સંભલાવીઊં. તેનું નામ નીશાણ સાંભળતાંજ ઊપરથી એક છોકરી બોલી ઊઠી કે " ચારલસ તમેતો મારા પીતરાઈ ભાઈ લાગો ! " એટલું બોલીને તે છોકરી તરત નીચે આવી પોંહોચી.

તે છોકરીનું નામ ' ગેરાઆ ' કરીને હતું. તે ખરેખર આંધલા ડાકટરની પીતરાઈ બેહેન લાગતી હતી. તે પોતાના બાપની સાથે પાસેના બીજા ગામમાં જવાની હતી. તેણીના બાપે તેજ પોંહોંચખાના મધે

એક બીજા ઓરડામાં ઊતારો લીધો હતો. તેણે આવીને ચારલસનો હાથ પકડેઓ અને તેને પોતાના બાપના ઓરડામાં લઈ ગઈ. તાંહાં તેણીના ભલા બાપે તે આંધલા ડાકટરને આદરમાનથી બેસાડેઓ અને તેના ખોવાઈ ગએલા મીત્રની સોધ કાહાડી. પણ અરેરે ! તે બીચારો ભલો મીત્ર પોતાના સગાંને મળવા જતાં રસતામાં ગુમરી ખાઈને મરણ પામેઓ હતો. આંધલા ડાકટરને એ ખબર પડેઆથી ઘણોજ દલગીર થએઓ.

આવો મામલો થઈ પડેઆથી તે છોકરી અને તેનો ભલો બાપ આંધલા ડાકતરને ધીરજ તથા સબુરી આપીને પોતાના ગાંનમાં લઈ ગીઆં. તેઓએ પોતાનાં ઘરમાં ઘણી બરદાસથી રાખેઓ. તે ભલી છોકરી સાંજ સાંજના તે આંધલા દાકતરનો હાથ પકડીને ફરવા લઈ જાએ. પંખેરાં જંગલમાં ગાએ તે સાંભલવાને ચારલસને ઊભો રાખે. તેની આગલ ખુસબોદાર ફુલો તોડીને મુકે અને ઘર આગલ ચોપડી વાંચીને આંધલાને સંભલાવે. એમ વખત ગુજરવાથી આંધલો દાકતર પોતાનું દુખ વીસરતો ગએઓ. તેનો ચેહરો કરમાઈ ગએઓ હતો તે પાછો ખીલવા લાગેઓ. તેની અકલ ગુમ થઈ ગઈ હતી તે પાછી આવવા લાગી. તેનું મગજ ફટાઈ ગીઊં હતું તે પાછું તેજ મારવા લાગીઊં. તે પોતાનો સીતાર વજાડે અને મેરાઆને ખુસી કરે. એમ કરતાં એક વરસ ગુજરી ગીઊં અને એક માઠો તથા દુખ ભરેલો બનાવ બનેઓ. મેરાઆનો બાપ મરણ પામેઓ. તેના માગનારાઓએ તેની મીલકત જપત કરી લીધી. તેમનુ સઘલું કરજ આપતાં મેરાઆ પાસે પોતાનું પેટ ભરાએ એટલી પુંજી મોટી મુશકેલીથી રહી.

મેરાઆ અને આંધલો દાકતર એક બીજાને બહુ ચાહાતાં હતાં, પણ વાતચીતમાં પેઆર અથવા મોબત જેવી વાત જાહેર કીધી નહીં હતી. આખેર આંધલો દાકતર બોલેઓ કે "હવે આપણે શું કરસું ? હું તો માતર તમારી આગલ સીતાર વજાડી જાણું છું "

મેરાઆ તરતજ બોલી ઊઠી કે " હું તમારે વાસતે મેહેનત કરીશ." અને પોતાનો ચેહેરો હસતો કરીને ખુબ જોરથી બોલવા લાગી કે " ચારલસ આપણને જુદાં પડવું ન જોઈએ. હું આપણ બેહુને વાસતે મેહેનત કરીશ. હું તેમ કરવાને શકતી ધરાવું છું અને હું તેમજ કરીશ. હું જારે બાલક હતી તારે ઢીંગલીને વાસતે તહેરેવાર પોશાક બનાવતી હતી. એ રમકડાંઓ મેળામાં વેચાતાં હતાં અને મને મારી મેહેનતના પઈસાખી મલતા હતા. હું મારી બચપણની આ રમત ઊચકી લઈશ અને જો હું વધારે મેહેનત લઈશ તો મારી ખાતરીછે કે હું ફતે પામીશ અને તેથી આપણ બેહુનું ગુજરાણ થશે. તારે આપણને છુટા પડવાની ગરજ નથી. "

**ચારલસ**—"મેરાઆ ! મારી પેઆરી મેરાઆ ! તમારી કેવી મેહેરબાનીછે. તમે કેવા ગુણવાંનછો. તમારૂ મન કેવું ઊદાર અને પરીતી ભરેલુંછે. પણ મારાથી કબુલ થઈ શકાએ નહીં. ના હું એવો એકલ પેટો થઈશ નહીં. તમારી જુવાનીના ખીલતા બાહારમાં એક આંધલા માંણસને પલે પડીને તમે કેદખાનામાં પડો એવું હું મુદલ ચાહાતો નથી. આઃ હાઃ જો હું ગરીબ નહીં હતે, જો હું તમારૂ પેટ ભરવાને શકતીવાન હતે અને તમારે વાસતે કાંઈબી કરી શકતે તો તમારી સાથે રેહેવાથી હું કેટલો સુખી થાત પણ અરે હું દરદી ! હું અશકત——"

**મેરાઆ**—" ચારલસ તમે ધીરજ " પકડો એમ ના બોલો. તમે સમજોછો કે એમ થવું ના જોઈએ. પણ ચારલસ તમે સમજો કે એમજ થવું જોઈએ. તમારે ખાતરીથી જાણવું કે તમારેથી જુદી પડીને હું સુખી થઈ શકનાર નથી. તમારી સેવા, તમારી ચાકરી અને તમારી બરદાસ જો હું ના કરૂ તો મારૂ જીવતર એક કોડીના કામનું નથી. હા, ખરેજ ચારલસ મારે તેમજ કરવું જોઈએ અને તેમજ હું કરવાની. હું તમારી ઊપર પેઆર રાખુંછું અને હમેશ હેત રાખીશ. અને તમે શું ચારલસ મારે વાસતે કાંઈજ કરી નહીં શકશો ? મારી ઊપર હેત કરીને તમે શું ખુસી નહીં થશો ? મારી ખાતરીછે કે તમે મને ચાહાછો. તમે શું મારી સાથે વાત ચીત કરી શકતા નથી ? તમે શું સીતાર વજાડીને મને ખુસી કરી શકતા નથી ? આઃ હાઃ ચારલસ જારથી હું તમારી સાથે રહીછું તારે મારા દીલમાં એક નવા જીવે વાસો કીધોછે. સઘળી દુનીઆ મને નવીજ લાગેછે. તે દુનીઆ બોહાલી અને ખુસનુંમા દેખાએછે. મારો જીવ આનંદ પામેઓછે. જારે હું તમારૂ ગાએન સાંભલું છું તારે આ તથા પેલી જાહાનના સઘળા પરદા મા

આવા નરમ અને મીઠા વચન એક ભલા ના રીના મોહોમાંથી નીકળે અને કોનું એવું પથર જેવું દીલછે કે તે નહીં પીગળે ! તે આંધલા ડાકટરના દીલ ઊપર મોટી અસર થઈ. પેઆરનો જોસો અને આં નંદનો પરકાશ તેના મન ઊપર થઓ. તેની આંખ માંથી આનંદના આંસુ ખરવા લાગેઆં. તેઓના લ ગન થએઆં. તેઓ એક નાહાના સુંદર ઘરમાં જઈ ને રહેઆ. તેઓ એક બીજાની પાસે બેસે. આંધલો ડાકટર સીતાર વજાડે અને તેની ગુણવાન સ્ત્રી ખુશીમાં ને ખુશીમાં પોતાનો ધંધો કરે. સાંજના ખાવા અગા ઊ તેઓ નીત ખુલી હવામાં ફરવા જાએ અને ફરીને આવેઆ પછી તેઓ પોતાની સાદી રોટલી ખાયે. રા તની વખતે મેરાઆ કામ બંધ કરે અને ધણીની આ ગળ ચોપડી વાંચે; નહીંતો તે જે કહીતા બોલે તે ચોપ ડી ઊપર લખી કાહાડે. કોઈવાર એકાદ મીતર આવી ને તેમને બાહારની ખબર આપી રીજવે. એ પરમા ણે સુખ અને સંતોશમાં ઘણા વરસ નીકળી ગએઆં. મેરાઆ બચાંઓને વાસને જે રમકડાં તથા ટોગલીઓ બનાવતી હતી તેથી તેમનું ગુજરાણ સારી પેઠે થતું હ તું. પોતાના ભરતારનું હસતું મોહોડું જોઈને મેરા આના જીવ ઊપર આનંદનો પરકાશ પડતો હતો.

બારીઝર નામની એક સ્ત્રી લખેછે કે "જારે મેં

## દુધ અને માખણ.

—o—

બાઈઓ ! આપણા ખોરાકમાં આ બેહુ ચી જો કેટલી બધી ઊપીઓગની તથા જરૂરની છે ! આપ ણે જે દુધ તથા માખણ ખાઈએછે તે ઘણુ કરીને ભેંસ તથા ગાએનું હોએછે. કેટલાએક લોકો બકરાનુંબી દુધ વાપરેછે. ગધેડીનું દુધ આજારી માણસોને ઘણુ કા મ આવેછે. એ શીવાએ બીજા જાનવરોમાંથી દુધ અ ને માખણ નીકળેછે તે વીશે થોડામાં હું તમને કેટલી એક વાત કહુંછું.

ઈઉરોપખંડની ઊતર દશાએ અતીઅંત ઠં ડી પડેછે તાંહાં 'લાપ-લાંડર' જાતના લોકો વસે છે. તેઓ સાબરની જાતના અણીદાર અને લાં બા સીંગડાવાળા જાનવર જે 'રેનડીઅર' ને ના મે ઓલખાએછે તે જાનવરનું દુધ વાપરેછે. એ દુધ તાજુ હોએછે તારે પીવાને લાએકનું હોએછે અને જરા વાર રેહેવા દીધું એટલે ઘણી ઠંડીના સબબથી બંધાઈ જાએછે. બંધાઈ જાએછે તારેબી તેઓ ખા વાના કામમાં લાવેછે. એ બંધાઈ ગએલું દુધ તેઓ ઘણો વાર સુધી રાખી શકેછે અને જારે જોઈએ તારે વાપરેછે. તે દેખાવમાં પનીરના જેવું માલુમ પડેછે. તેનો સવાદ ઘણુકરીને ઘેટાંના દુધ જેવો હોએછે. ચી

આળામાં જારે તાંહાંના લોકો મુસાફરી કરવા નીકળેછે તારે એક ફુકાની અંદર આ બંધાઈ ગએલું દુધ સાથે રાખેછે અને જેમ તેઓને જોઈએછે તેમ તેના કટકા કરીને ખાતા જાએછે. આ દુધનો તે લોકો એક જાતના સરકોળી બનાવેછે. આ દુધનું પનીરબી ઘણુ સારૂ બનેછે. તે પનીરના નાહાના ગોળ દડા બનાવેછે. તે દડા ખાવામાં વાપરેછે એટલુંજ નહી પણ શરીરનો હરએક ભાગ જે તાહાડ અથવા ઠંડીથી બળી ગએ હોએ તે ઊપર લગાડવાનેબી કામમાં આવેછે. નાક અથવા શરીરની ઊપરના સાધા તાહાડથી કરચલાઈ ગએઆ હોએતો તેનો સેહેલો ઊપાએ તેઓના હાથમાં એજછે કે આ પનીર તે ઊપર લગાડવું.

આરબ લોકો ઊંટનું દુધ વાપરેછે. ઊંટના ખાટા દુધ સાથે ઘઊંનો આટો મસલીને પકાવેછે તે કેટલાએક આરબ લોકો ખાએછે. આરબ લોકો તેને "આએશ" કરીને કેહેછે. તઈઆર "અએશ" બજારમાં વેચાએછે. તેઓને ઘેર કોઈ પરાણો જાએછે તો ઊંટના મીઠા દુધ સાથે ચાવલ રાંધીને ખવાડેછે. આરબ લોકો ખાનું ખાઈ રહેઆ પછી તરત ઊંટનું તાજુ દુધ પીએછે. ખાટા દુધને પાણી સાથે મેળવીને તેઓ જારે તારે પીએછે. આરબ લોકો માખણ બહુ વાપરેછે. એ માખણ મેંઢા તથા બકરાના દુધમાંથી બનાવેછે. તેઓનો ખોરાક ઘણુ કરીને માખણથી તર હોએછે. જેઓ તવંગર હોએછે તેઓ સવારના પોહોરમાં નાસતો કરેઆની અગાઊ એક કુપ માખણનો ખાઈ જાએછે. કેટલાએક લોકો માખણને સારી પેઠે સુંગીને નાકને વાટે અંદર ખેચેછે, કેટલીએક જાતના આરબોને ઘેર પરાણો જાએછે તારે તેઓના માથા ઊપર એક કુપ માખણનું તાજુ ઘી બનાવીને રેડેછે.

તાતાર દેશના લોકો ઘોડીનુ દુધ વાપરેછે. તેઓ તે દુધનો "કાઊમીસ" અથવા ખમીર બનાવેછે. દુધની અંદર થોડોએક ખાટો રસ નાખેછે. તે એક જાતનો બીર દારૂ થએઓ. તેઓ ખાટા દુધને ગાળીને તેનો બરાંડીબી બનાવેછે. આ પરમાણે તેઓ તંદરોસતી આપનારી ગુણકારી ચીજને કેફ ઊપજાવનારી નુકસાન ભરેલી ચીજ જુદા જુદા સવાદને વાસતે કરેછે.

## આફ્રીકાના સીદીઓ—તેઓની હાલત.



અરે! દુનીઆ મધે સહુથી માઠી હાલતમાં, સહુથી મોટા દુખમાં આફરીકા ખંડના હબસીઓ પડેલાછે. અરે! એઓના જેવા દુનીઆમાં કોઈપણ જાતના માણસ ખરાબ અને માઠી હાલતમાં નથી. અરે! કેટલાએક માણસના દીલ કેવાં નીરદઆ અને ઘાતકી થઈ ગએઆંછે કે પોતાના હજારો ભાઈબંધોને જોર જુલમથી પકડીને તેમને ગોલામ બનાવેછે, તેમની ઊપર દુખ અને સંકટનો વરસાદ વરસાવેછે, અને તેમનો અવતાર કુતરા અને ગધેડા કરતાં વધારે ખરાબ કરી નાખેછે. અરે જારે તેઓને તેમના કુટંબ કબીલા અને સગાવાહાલાઓ મધેથી જોર જુલમ કરીને તથા નાગી તરવાર હાથમાં લઈને છુટા પાડવામાં આવેછે, તેમને જોર જુલમથી ઘસડી લઈ જવાને મુસકેટાટ બાંધેછે તારે તેમના કુટંબોમાં કેવો દુખ ભરેલો દેખાવ થઈ પડતો હશે. હમોએ આ બીનાને મથાળે એક નાહાનું ચીત્ર આપીઊંછે તે ચીત્ર જોવાથી આપણા દીલમા કેટલું બધુ દુખ થઈ આવેછે. અરે! કેવી ઘાતકી રીતે કેટલાએક સીદીઓને મુસકા બાંધીને તેમના કુટંબ મધેથી ઘસડી લઈ જાએછે. અરે! આપણા મનુશ જાત ઊપર, આપણા ભાઈબંધો ઊપર આવું દુખ અને આવો સોતમ ગુજરેછે તેને માટે ભાઈઓ તમારા દીલમાં ઘણુજ થઈ આવતું હશે. ઈશવર કુરપાથી હાલ જે જે ઠેકાણે ઈંગરેજ સરકારનું માઆણુ રાજછે તાંહાં તેઓ ગોલામગીરીથી તમામ મોકળા થએલાછે તોપણ બીજા રાજાઓના અમલ તલે તેઓ ગોલામી હાલતમાથી છુટેઆં નથી અને દર વરસે હજારો હબસીને બકરાની મીસાલે વાહાણમાં ભરી લઈ જઈને વેચવામાં આવેછે. અરે એવો દીવસ કાહારે આવશે કે

રી આગલ ખુલા થઈ પડેછે. દુનીઆની સઘળી ફીક્ર અને ચીંતા દુર થઈ જાએછે. સઘળા સદગુણો પર કાશવા માંડેછે. જીંદગીના સઘળા સંકટો નાસ પામેછે. એવી ખુસાલી ભરેલી જીંદગી ગુજારવી એ શું જેવી તેવી વાતછે ? અરે તમે એમ બોલો કે તમારી ખાતર હું જે કાંઈ કરૂ તે થોડુંછે. હું તમારે વાસતે ઊદીઓગ કરીશ. હું તમારી દાસી થઈને રહીશ. એક કુતરાની મીસાલે તમારૂ કામ કરીશ. હું તમારી સાથ મારી સઘળી ફરજ બજાવીશ અને તે માટે ઈશવરનો ઊપકાર માનીશ. ચારલસ આપણે તે ઈશવરનો ઊપકાર માનીએ અને તેના હુકમને તાબે થઈએ. કારણ તેણેજ તમારી માસ ઊપર બખસેસ કીધીછે અને મને તમને આપીછે. એવી મતલબથી આપણે એક બીજાને મદદ કરીએ અને એક બીજાનું સુખ વધારીએ. મારા વાહાલા ? તમારા દીલમાં એ શું લાગતું નથી ! તમે શું એમ જાણતા નથી અને તમને શું એમ દીસતું નથી ?"

આવા નરમ અને મીઠા વચન એક ભલી નારીના મોહોમાંથી નીકળે અને કોનું એવું પથર જેવું દીલછે કે તે નહીં પીગળે ! તે આંધલા ડાકટરના દીલ ઊપર મોટી અસર થઈ. પેઆરનો જોસો અને આંનંદનો પરકાશ તેના મન ઊપર થઓ. તેની આંખમાંથી આનંદના આંસુ ખરવા લાગેઆં. તેઓના લગન થએઆં. તેઓ એક નાહાના સુંદર ઘરમાં જઈને રહેઆ. તેઓ એક બીજાની પાસે બેસે. આંધલો ડાક્ટર સીતાર વજાડે અને તેની ગુણવાન સ્ત્રી ખુશીમાં ને ખુશીમાં પોતાનો ધંધો કરે. સાંજના ખાવા અગાઊ તેઓ નીત ખુલી હવામાં ફરવા જાઓ અને ફરીને આવેઆ પછી તેઓ પોતાની સાદી રોટલી ખાઓ. રાતની વખતે મેરાઆ કામ બંધ કરે અને ધણીની આગળ ચોપડી વાંચે; નહીંતો તે જે કવીતા બોલે તે ચોપડી ઊપર લખી કાહાડે. કોઈવાર એકાદ મીતર આવીને તેમને બાહારની ખબર આપી રીજવે. એ પરમાણે સુખ અને સંતોશમાં ઘણા વરસ નીકળી ગએઆં. મેરાઆ બચાંઓને વાસતે જે રમકડાં તથા ઢીગલીઓ બનાવતી હતી તેથી તેમનું ગુજરાણ સારી પેઠે થતું હતું. પોતાના ભરતારનું હસતું મોહોડું જોઈને મેરાઆના જીવ ઊપર આનંદનો પરકાશ પડતો હતો.

બરીમર નામની એક સ્ત્રી લખેછે કે "જારે મેં તેમને જોએઆં તારે તેઓ જઈફ હતાં. એક બીજાનો હાથ પકડીને ઝાડોના છાંઆં તલે ફરતા હતા. તેઓ બંને અમીર જેવાં સુખી દેખાતાં હતાં. મારો એક મીત્ર તેમની આગળથી ચાલતાં ટોપી ઊતારી બોલેઓ કે "આ કેવો સુંદર દેખાવછે ! આ કેવું સુખી જોડુંછે !! આ કેવી ભલી અને નરમ સભાવની સ્ત્રીછે !!"

આફરીન, આફરીન ! સદ હજાર આફરીન આ ગુણવાન સ્ત્રી ઊપર. જુવો બાઈઓ આ સ્ત્રીની મરદાનગી. જુવો તેણીનો પેઆર; તેણીનો સંતોશ, તેણીની લાએકી, તેણીનો ઊદીઓગ, જુવો આ તેના સઘળા ગુણો. આપણા દેશની સ્ત્રીઓમાં આવી ગુણવાન સ્ત્રી ભાગેજે મલશે. આંધલા લુલા ભરતારનેતો શું પણ ભરતાર જો પુરી જણસો નહીં કરેતો તરતજ તેની ઊપર તાંના અને મેણાનો વરસાદ ઘણીએક નઠારી ઓરત વરસાવેછે. અરે સ્ત્રી હોજોતો મેરાઆના જેવી ભલી અને ગુણવાન હોજો.

---

## દુધ અને માખણ.

—o—

બાઈઓ ! આપણા ખોરાકમાં આ બેહુ ચીજો કેટલી બધી ઊપીઓગની તથા જરૂરનીછે ! આપણે જે દુધ તથા માખણ ખાઈએછે તે ઘણું કરીને ભેંસ તથા ગાએનું હોએછે. કેટલાએક લોકો બકરાનુંબી દુધ વાપરેછે. ગધેડીનું દુધ આજારી માણસોને ઘણું કામ આવેછે. એ શીવાએ બીજા જાનવરોમાંથી દુધ અને માખણ નીકળેછે તે વીશે થોડામાં હું તમને કેટલીએક વાત કહુંછું.

ઈઊરોપખંડની ઊતર દશાએ અતીઅંત ઠંડી પડેછે તાંહાં 'લાપ લાંડર' જાતના લોકો વશેછે. તેઓ સાબરની જાતના અણીદાર અને લાંબા સીંગડાવાળા જાનવર જે 'રેનડીઅર' ને નામે ઓલખાએછે તે જાનવરનું દુધ વાપરેછે. એ દુધ તાજુ હોએછે તારે પીવાને લાએકનું હોએછે અને જરા વાર રેહેવા દીધું એટલે ઘણી ઠંડીના સબબથી બંધાઈ જાએછે. બંધાઈ જાએછે તારેબી તેઓ ખાવાના કામમાં લાવેછે. એ બંધાઈ ગએલું દુધ તેઓ ઘણો વાર સુધી રાખી શકેછે અને જારે જોઈએ તારે વાપરેછે. તે દેખાવમાં પનીરના જેવું માલુમ પડેછે. તેનો સવાદ ઘણુંકરીને બેટાંના દુધ જેવો હોએછે. શી

લંડન મધે જનમેઓ હતો. તેનો બાપ ગણીત શાસતરી
હતો અને તે નામીચા સર આઈસાક નીઊટનનો મી
ત્ર કહેવાતો હતો. જોનસની મા ઘણી ગુણવાન અને
ચંચલ સ્રી હતી તેથી તેણીનો દીકરો ગુણવાન અને
ચંચલ નીકલેઓ તેમાં નવાઈ નથી. તેણીએ પોતા
ના બચાંને બચપણથી કેળવણી આપવાનું પોતાના
મન ઊપર લીધું હતું. જોનસ ત્રણ વરસની ઊમર
નો થઓ નહીં એટલામાં મુળા અખશરો શીખી રહેઓ
હતો. ચાર વરસની ઊમરે તે થોડું થોડું વાંચી જા
ણતો હતો. તેને કાંઈબી નવી ચીજ જાણવાની હોસ
થતી હતી તારે તેની મા કહેતી હતી કે "બેટા વાંચ એ
ટલે તું જાણીશ." જોનસ જારે મોટી ઊમરે પોહચેઓ
તારે કહેતો હતો કે "હું જે કાંઈ શીખેઓછું તેને મારે
હું મારી માતાનો ઊપકારી થઓછું. સાત વરસની
ઊમરેનો થઓ તારથી તે નીશાળે જવા લાગેઓ. ની
શાળમાં ૧૦ વસર લગી તેણે કેળવણી લીધી. તાર પ
છી "આકસ ફરડ" ની નામીચી પાઠશાળામાં ઊંચી
કેળવણી લેવાને ગઓ. એ પાઠશાળામાં કેળવણી
લેતાં તેનું મન પુરવ તરફની ભાશા શીખવા પછવાડે
લાગીઊં. મીરજાં નામના કોઈ તુરકી પાસે પોતાના
ફુરસદને વખતે તેણે આરબી તથા ફારસી ભાશા શી
ખવા માંડી. પાઠશાળામા જારે તેહેવારની અથવા
બીજી રજા મલતી હતી તારે તે પટા ખેલવાનું, ઘોડે
સવારી કરવાનું તથા બીજી કસરતો કરવાનું શીખ
તો હતો. તારપછી તેને જલદીથી એક ઊમરાવના
છોકરાને શીખવવાને માટે શીકસકની જગો મલી. તે
ણે પોતાના ઊમરાવ વીદીઆરથીની સાથે ઈઊરોપ
મધે કેટલીએક જગો ઊપર મુસાફરી કીધી. જરમની
માં ગઓ તારે જરમન ભાશાનો અભીઆસ કીધો. તે
પોતાના વીદીઆરથીની સાથે મુસાફરી કરીને પાછો
આવેઓ તારે તેને પુરવ તરફનીભાશાના શીખવનારની
જગો મલતી હતી પણ તેણે તે લીધી નહીં કારણ તે
ને શીખવવાનો ધંધો પસંદ નહીં હતો

તેણે એકવીસ વરસની ઊમરે એશીઆ ખંડની
કવીતાનું એક ભાશંતર બનાવીઊં. તે ભાશંતર એ
ક વરસમાં પુરૂ કીધું. તારપછી મીશર દેશ સંબંધી
આરબી લેખ હતો તેનો તરજુમો ઈંગરેજીમાં કીધો.
દેનમારક દેશનો રાજા ઈંગલંડ મધે આવેઓ તારે
નાદીરશાહની જીંદગીનો હેવાલ જે આરબીમાં લખે
લો હતો તેનો તરજુમો કરાવવાની તેની મરજી હતી
ઈંગલંડના પરધાને તે કામ જોનસને સોપીઊં. તે
ણે આનાકાની કીધા પછી કબુલ રાખીઊં. તેના ત
રજુમાંથી દેનમારકનો રાજા ઘણો ખુશી થઓ હ
તો. તે ૨૪ વરસની ઊમરનો થઓ તારે તેના મન
ની વળણ બીજા ધંધા તરફ વળી તેને શીખવવાનું
છોડી દીધુ અને ઈંગરેજી કાએદાનો અભીઆસ કર
વા પછવાડે મન લગાડીઊં. થોડી મુદતમાં તે બારીસ
ટરના કામમાં માહીતગાર થઓ; અને ઈસવી સન
૧૭૮૩ મા એટલે ૨૭ વરસની ઊમરે તેને કલકતાના
વડા જડજનો ઓધો મલેઓ. તે ઓધાની સાથે ના
ઈટનો ખીતાબબી મલેગો. તેજ વરસમાં તેને પસં
પડતી એક ગુણવાન સ્રીની સાથે તેના લગન થઆ.

ઈસવી સન ૧૭૮૩ ના સપટેમબર મહીનામા
તે કલકતા મધે સુપરીમ કોરટના વડા નીઆધીસના
ઓધા ઊપર આવી પોહોચેઓ. કલકતાના લોકો એ
વા કાબેલ પુરૂશથી ઘણાજ ખુશી થઆ. તેણે દેશી
ઓના ફાએદાને વાસતે મોટામાં મોટું કામ એ કીધું ક
"એશીઆટીક સોસાઓટી" નામની મંડલી ઊભી કી
ધી. એ મંડલીની મતલબ એ કે એશીઆ ખડના જુ
દા જુદા દેશોની ભાશા, તવારીખ, રેવાજ, જગાઓનું
વરણન, અનેક જાનવરનુ વરણન, જમીનમાંથી ની
કળતા જુદા જુદા પદારનું જ્ઞાન, જુદી જુદી વનસપતી
ની ઊતપતી વીશે જેટલી ખબર મલે તેટલી એકઠી ક
રવી. તાર પછી તેણે સંસકરૂત ભાશા શીખવા માંડી.
રામલોચંદ નામના મોટા વીદવાન પંડીતને ૫૦૦ રૂ
પીઆનો દરમાઓ આપીને તેની પાસે શીખવા મા
ડીઊં. થોડી મુદતમાં એ ભાશાનો એવોતો અભીઆ
સ કીધો કે હીંદુના મોટા પંડીત તથા પુરાણીને હઠાવી
મુકે. મનુ સમરૂતીનો સંસકરૂતમાંથી ઈંગરેજીમા તર
જુમો કીધો તેના ૧૩ મોટા મોટા દફતરો થએલાછે.
ગીતા ગોવીંદ અને કવી કાલીદાસના ' શકુનતલા ' ના
મના નાટકનો તરજુમોબી એણે બનાવેઓ એ શી
વાએ બીજા ઘણા પુસતકો રચીને માન મેલવીઊં એ
ણે જેટલી હીંદુ ધરમની શોધ કીધીછે તેટલી હવના કે
ઈબી હીંદુ પુરાણીથી થઈ શકવાની નથી. તે તજદી
ક ૧૧ વરસ કલકતામા રહેઓ. તેની સ્રીની તબી
એત બીમાર ચાલતી હતી તેથી તે ઈંગલંડ જવાનો
વીચાર કરતો હતો. તેવામાં તેને એકાએક કલેજાનું

તી હતી તે અવાજની નકળ કરીને બોલેઓ કે "હા, મને બી તેમ બોલતાં આવડેછે."

એક ઓરતની પાસે પોપટ હતો. તેને એવી જ આદત પડી ગઈ હતી કે તેની તંગડી ઊંચકે તારે જ બોલે. તેને બાલક છોકરાઓનો અવાજ પસંદ પડતો હતો, પણ છોકરાઓને એવોતો ધીકારતો હતો કે તે છુટો હોએ અને છોકરાઓ રમતાં હોએ તો તેઓની પછવાડે જઈને ચાંચ મારીને લોહી કાહાડે. તે બબરચીની ઊપર ઘણો પેઆર રાખતો હતો. બબરચી જો થોડાવાર દુર ગઓ હોએ અને પાછો આવે તારે તે પોતાની ચાંચ અને ટંગડીએ કરી તેના ખંબા ઊપર ચહડી જતો, પેઆર જેવો દેખાવ આપતો હતો અને તેને છોડતો નહી હતો. એક વખત તે બબરચીની આંગલી સુજી આવી અને તે આજારી પડેઓ તારે તેની ખબર લેવાને વારે ઘડીએ તેના ઓરડામાં જતો હતો. જારે તે દુખથી બહુજ હેરાન હતો તારે પોપટ તે ઓરડામાંથી એક મીનીટ પણ બાહાર નીકલેઓ નહીં એવો તેનો પેઆર હતો.

પોપટમાં બોલવાની નકલ કરવાની શકતીછે તે ઊપરથી માલુમ પડેછે કે તેના શરીરની બાંધણી પુરી અને અજાએબ જેવીછે. તેની ઈઆદ શકતી એટલીછે કે કોઈબી બીજા પકશીમાં તેટલી જોવામાં આવતી નથી. જાનવરની વીદીઆ જાણનારા સઘળા વીદવાનોએ જણાવીઉં છે કે તેની ચાંચ, જીભ અને તેના માથાની ગોઠવણ અજાએબ જેવીછે. તેની ચાંચ બાહારથી ગોલ અને અંદરથી પોકલછે તેથી ઓહાડાની મીસાલે કામ આવી શકેછે. તેની જીભ તેના કદ પરમાણે માણસ કરતાં વધારે મોટીછે. માણસના કરતાં જો તે વધારે સખત નહીં હતેતો હરએક ઊચાર કરવાને તેને વધારે સેહેલ પડત.

---

## માતાઓને ઊપદેશ ભરેલાં વચન.

—o—

પેઆરી અને સમજુ માતાઓ તમે તમારા બાળકોનું ભલું ઈછોછો વાસતે નીતી વચનના આ થોડા એક ઊપદેશ ઊપર ધેઆન પોહાચાડો:—"તમે તમારા છોકરાઓની માતાછો; વાસતે વીચાર કરો કે માતા લેખે તમારો શો ધરમછે...... તમારાં બચાં તમને સુખ અથવા દુખ આપશે અને તમારા કુટંબનું નામ વધારશે અથવા ઘટાડસે તેનો સઘળો આધાર તમારા ઊપરછે. તેટલા માટે તમે તેઓને નાહાન પણથી રૂડી કેળવણી આપો અને તેઓના મનને સતીઅના ભંડારથી ભરો. તેમના મનની વળણ કહી તરફ દોડેછે તે તમે તપાસો. બચપણના વખતમાં પાંસરા રસતા ઊપર તેમને તમે મુકો અને તેઓ જેમ મોટાં થતાં જાએ તેમ માઠી ચાલ અને માઠું વીઅસન તેમને લાગુ પડે નહીં એ વીશેની ખુબ સંભાલ રાખો.

"તમારે પોતાને પેટે જે ફરજંદ પેદા થઆં તે તમારી પોતાની જમીનછે; અને તે જમીન ખેડવાને તમે કાંઈપણ કસર રાખશો ના. તે જમીનમાં તમે જેવાં બી વાવશો તેવાં ફળ નીકલશે. તમે તેઓને તમારી આગનામાં રેહેવાને શીખવો અને તેઓ કદી શરમમાં પડશે નહીં. તમે તેમને દુનીઆના વેહેવાહારમાં પરમાણીક પણુ રાખવાને શીખવો અને તેનો લાભ તેમને થએઆ વગર રેહેશે નહીં. તમે તેમને પરોપકાર કરવાને શીખવો અને તેમના ઊપર લોકોનો પેઆર થઆ વગર રેહેશે નહીં. તમે તેમને મીતહાર અથવા પહરેજી રાખવાને શીખવો અને તેઓ આરોગીઅ (અથવા તંદરોસત) થઆ વગર રેહેશે નહીં. તમે તેમને ડાપણની વાત શીખવો અને તેઓ મોટા આગેવાન થઆ વગર રેહેશે નહીં. તમે તેમને નીઆંએ કરવાને અને અદલ રેહેવાને શીખવો અને દુનીઆમાં તેમને મોટું માન મલેઆ વગર રેહેશે નહીં. તમે તેમને ચોખું દીલ રાખવાને શીખવો અને તેમને કદી પશચાતાપ કરવો પડશે નહીં. તમે તેમને ઊદીઓગી થવાને શીખવો અને તેમને દોલત મળેઆ વગર રેહેશે નહીં. તમે તેમને બીજાઓનું ભલું કરવાને શીખવો અને તેમનું મન મોટું થઆ વગર રેહેશે નહીં. તમે તેમને વીદીઆ શીખવો અને તેમનો જનમારો ઊપઓગી થઆ વગર રેહેશે નહીં. તમે તેમને ધરમ શાસતર ને નીતી શીખવો અને તેમને બીજી દુનીઆમાં સુખ મલેઆ વગર રેહેશે નહીં."

---

૨૯ થઈ આવીઉં અને ઈસવી સન ૧૭૯૪ માં ૪૮ વરસની ઊમરે મરણ પામેઓ.

એ પુરૂશના મરણથી દુનીઆને ખરેખર મોટું નુકસાન થએલું છે. જુદી જુદી ભાશામાં માહીતગારી ધરાવનારો એવો પુરૂશ મળવો મુશકેલછે. આસરે ૩૨ જુદી જુદી ભાશાથી તે વાકેફગાર હતો. તેની ઈઆદગારી રાખવા વાસતે "ઈસટ ઈંડીઆ કંપની" એ ઈંગલંડ મધે "સેંટ પાલ" નામના દેવલમાં તથા કલકતામાં તેના બાવળા ઊભાં કીધાં. તેની વીધવા સ્ત્રીએ આકસ ફરડની મદરેસામો એક સંગે મરમરનું બાવલું મુકાવીઉં.

---

## પોપટ—તેમની અચરત જેવી બુધી

—o—

બાઈઓ! તમોએ પોપટની અચરત જેવી બુધી વીશે સાંભલીઉં હશે. કરનલ કેલી નામના એક અહરસથે ઈંગલંડ મધે અગીઆરસો રૂપીઆ આપીને એક પોપટ વેચાતો લીધો હતો. તે પોપટ ઘણાએક વાકીઅ સાફ બોલતો હતો એટલુંજ નહીં પણ ઘણાએક સવાલનો જવાબ આપતો હતો. તે કેટલાએક રાગણી ગાઈ જાણતો હતો. તે ઈસવી સન ૧૮૦૨ માં મરણ પામેઓ તારે તેના મરણની દલગીરી ભરેલી ખબર એક વરતમાન પતરમાં આ પરમાણે છપાઈ હતી:—"થોડાએક દીવસ ઊપર કરનલ કેલીનો નામીચો પોપટ મરણ પામેઓ. તે પોપટ ઘણાએક ગીતો બરાબર વખ્રત લઈને ગાતો હતો. તેને જે કાંઈ જોઈતું હતું તે માગી લેતો હતો. તેની ઊમર માલુમ પડી નથી તોપણ ૩૦ વરસ કરતાં વધારે ઊમરનો હશે; કારણ તીસ વરસ ઊપર તો કરનલ કેલીએ ૧૧૦૦ રૂપીઆ આપીને ખરીદ કીધો હતો. કેટલાએક શખસોની એ પોપટ ખરીદ કરવાની મરજી થઈ તેઓએ કરનલ કેલીને પાંચ હજાર રૂપીઆ કરતાં વધારે વરસાણ આપવા માંડીઉં. તોપણ પોતાના પીઆરા પખશીને કરનલ કેલીએ પોતાથી છુટો પાડેઓ નહીં." તે પોપટનું કુરદું જુદું કરીને એક ડાકટરે તપાસી જોએઉં અને તેને માલુમ પડીઉં કે તેની અવાજ કરવાની ધારી ઘણીજ મજબુત થઈ ગએલી હતી.

ઈંગલંડ દેશના સાતમા હેનરી નામના રાજા પાસે એક પોપટ હતો. તે પોપટ "વેસટ મીનસટર" નામના મેહેલમાં ટેમસ નદીની પાસેના ઓરડામાં રાખેલો હતો. તે પોપટ મછવાવાળા તથા ઊતારૂઓના કેટલાએક વાકીઅ બોલવાને શીખેઓ હતો. એટલુંજ નહીં પણ મછવાવાળાઓની લુચાઈથીબી વાકેફ હતો. એક દીવસે તે પોતાની લાકડી ઊપર રમત કરતો હતો તેવામાં માઠાભાગે નદીની અંદર પડી ગએઓ. પોપટે પોતાની જોખમ ભરેલી હાલત તરત જોઈ અને મોટેથી બુમ પાડીને બોલેઓ કે "મછ્વો લાવ! મછવાના બસો રૂપીઆ!" એક મછવાવાળો પાસે હતો તેણે આ અવાજ સાંભળેઓ અને તરત પોતાના મછવા સાથે જઈ પોહોચેઓ અને પેલા પોપટને પાણીમાંથી કાહાડીને રાજા પાસે લઈ ગએઓ. પોપટે જે ઈનામ આપવા કહેઉં હતું તે રાજા પાસે મછવાવાળાએ માંગીઉં. રાજાએ તે આપવાને ના કહી. અને જણાવીઉં કે પોપટ જો ફરીથી આપવા કેહેનો હું આપું. તારે તે પોપટ મોટેથી બોલી ઊઠેઓ કે તે "કુચાને એક પાવલી આપો."

લાક નામનો એક નામીચો ગરંથ બનાવનાર જણાવે છેકે બરેજીલ મધે મારીસ નામના સાહાબદાના વખતમાં એક બુઢો પોપટ હતો. તે એક સમજુ માણસની મીસાલે ઘણા એક સવાલ જવાબ કરતો હતો. આ વાતની ખબર તે સાહાજાદાને પડી તારે પોપટને પોતાની પાસે મંગાવેઓ. જારે તે આવેઓ તારે તે ઓરડામાં તે સાહાજાદો અને કેટલાએક ડચમન અથવા વંલદાના લોકો બેઠા હતા. તેઓને જોઈને બરેજીલ ભાશામો તે પોકારીને બોલેઓ કે "આ જગોએ કેવાં સપેત ચામડીના માણસો એકઠાં થએલાંછે." તેઓએ સાહાજાદા તરફ આંગલી બતાવીને પુછીઉં કે "આ માણસ કોણછે?" પોપટે જવાબ આપેઓ કે "કોઈ સરદાર અથવા બીજો." તારે દુબાશીઆની મારફતે તેને પુછીઉં કે "તું કાંહાંથી આવેઓ?" પોપટે જવાબ દીધો જે "મારીનહન માંથી." સાહાજાદાએ પુછીઉં કે "તારો ધણી અથવા શેઠ કોણછે?" પોપટે જવાબ દીધો જે "એક પોરટુગીસ." તેને ફરીથી વલી પુછીઉં કે "તું શું કરેછે?" તેણે જવાબ આપેઓ "હું મરઘીના બચ્ચાં તરફ જોઉંછું. મરઘી પોતાના બચ્ચાંઓને બોલાવવાને જે અવાજ કરે

ગુનેહગારે છુટતી વખતે એક ટીકેટ લેવી જોઈએ નહીતો જે અમુલદારનાં હાથમાં તે જાએ તે તેને મારેઆ વગર રેહેજ નહીં !!

---

**માણસની ઊમર સાથી વધે !** હાલ એક વીદવાન માણસે હીસાબ કાહડેઓછે તે ઉપરથી માલુમ પડેછે કે સ્ત્રી તથા પુરૂશની સાધારણ ઉમર ૮૦ વરસનીછે. જે લોકો ગામડા મધે ખુલી હવામાં અને સાફ સોજાઈથી રેહેછે તેઓની વસતીમાં નાહાની ઉમરે ઘણા થોડા મરણ થાએછે. દર વરસે હજાર માણસોમાં ૧૭ થી ઓછા માણસો મરણ પામેઆ અને ગલીચ અને ઘીચ વસતીમાં દર હજારે ૩૨ માણસ મરણ પામેઆ. આ ઉપરથી ખુલ્લુ માલુમ પડેછે કે ખુલી હવા અને સુઘડતાથી માણસની જીંદગી ટુકી ઉમરમા આખેર થવાની થોડી ધાસતી રેહેછે.

---

**તંબાકુ નહીં વાવવા વીશે** ઈંગલંડ મધે ૧૬૨૪ ના વરસમાં પેહેલા જેમસ રાજાએ એવો ઘંઘેરો પીટાવેઓ હતો કે ગરેટ બરીટનમાં કોઈએ તંબાકુનો પાક કરવો નહીં અને વરનીનીઆ તથા બરમુદાના મુલક શીવાએ કોઈબી દેશથી તંબાકુ ઈંગલંડ મધે આવવા દેવી નહીં.

---

**આદામાં કેટલો ગુણછે !** તાજું આદું જે બજારમાં મળેછે તેનો ગુણ ઘણો મોટોછે. તે ચાવીને ખાધું હોએતો દાંતનું દરદ ઓછું થાએછે. જારે તે પેટમાં જાએછે તારે પાચન શકતીને મદદ કરેછે. જેઓ નબલાથી હેરાણ થતા હોએછે તેઓને જરા આરામ આપેછે. આદાનો મુરબો ખાવો ઘણોજ ગુણગારોછે. તેમજ તે લેજતદારબીછે.

---

**હાના મોરનું ઊખીઆણું**—બાઈઓ ! તમોએ હાના મોર નામની લાએદીવાળી ઓરતનો હેવાલ ગએઆ સપટેમબર મહીનાના ચોપાનીઆમાં વાંચેઓ હશે: તે ઓરતનું એક ઉખીઆણુંછે તે તમે કહી શકશો ?

### ઊખીઆણું

" મારામાં બેહુ ઉલટા ગુણછે; હું નવીબીછુ અને જુ
" નીબીછું. હું ચોપરેહાલછુ અને સોનેરી સણગારથી સ
" જેલીબીછુ. હું વાચી શકતી નથી તોપણ વાચનથી ભરે
" લીછું. હું આંખે આંધળીછું તોપણ બીજાઓને દેખતી ક
" રૂછું. હું છુટીછુ તોપણ બંધાએલી છુ. હું હમેશ કા
" લો પોશાક પેહેરૂછુ અને સફેત પોશાકબી પેહેરૂછુ. હું
" ગંભીરબીછુ અને ખુશીબીછું. હું ભારેબીછું અને હલ
" કીબીછું. હું જાડીબીછુ અને પાતલીબીછુ. મારામાં
" માસબી નથી અને હાડકુંબી નથી તોપણ મારી ઉપર મા
" મડીછે. . . . . હું અવાજ વગર ગાંઉછુ અને બોલે
" આ વગર તકરાર કરી શકુંછુ. (મારી જાત) હું ઈંગ
" રેજ બીછુ, ફરેંચબીછુ અને જરમનબીછુ. કેટલાએક
" મારી ઉપર ઘણોજ પેઆર રાખેછે અને કેટલાએક મારી
" ઘણીજ થોડી દરકાર કરેછે. હું વારેઘડીએ મરણ પામુંછું
" તોપણ કેટલીએક વેળા જમાનાને જમાના સુધી જીવુંછું."

**વધારે થાક કોણને લાગે ?** એજ હાના મોર નામની સ્ત્રી કેહેછે કે " જેઓ વાંચી શકતા નથી અથવા વીચારી શખતા નથી તેઓને જેટલી થાક લાગેછે તેઓના કરતાં જે ગરીબ મજુર પોતાની રોટલીને વાસતે મેહેનત કરેછે તેને ઓછી થાક લાગેછે."

---

**વખતની કીંમત**—વખત કેટલો કીમતીછે ! આપણે આળસુ રહીએછે અને વખત આંખ વીચાવીને માલતો થાએછે. ઈંગલંડ દેશની રાણી " કુવીન એલીજાબેથ " જારે મરવાના બીછાના ઉપર પડી તારે બોલી કે " અરે વખત ! અરે વખત ! એક પળને વાસતે આખી દુનીઆનો ખજાનો થોહોછે. "

---

**માણસ સાથે વેહેવાહાર રાખવામાં કાએદા**—ફીલીપ હેનરી નામના શખસે માણસ સાથ વેહેવાર રાખવામાં ચાર કાએદા ધ્આદ રાખવાની ભલામણ કીધીછે તે એ કે—

૧. થોડાઓ સાથે કામ પાડવું.
૨. એક જણ પાસે દીલ ખોલુ કરવું.
૩. સઘળા સાથે પ્રમાણીક પણે ચાલવું.
૪. કોઈ વીશે માઠું ના બોલવું.

આ ચાર કાએદા જેઓ પોતાના વેહેવારમાં કામે લગાડે તેઓને દુનીઆમો ઘણો પસતાવો કરવો પડે નહીં.

---

**પાણીનું ટીપુ**—ભાજી પાળાથી કોહેલા પાણીના એક ટીપાની અંદર સુકશેમ દરશક ઈઅંતરની મદદથી ૩૦૦૦૦ નાહાના નાહાના પરાણીઓ માલુમ પડેઆંછે.

---

**કોળસાની રોશની**—ઈંગલંડ મધે કોળસો બાળીને દર એક ઘર તથા દુકાન મધે ' ગાસ ' ની રોશની બાળવામાં આવેછે તેનો ખરચ ગએ વરસે સઘળો મલીને ૬ કરોડ રૂપીઆ થએઓ હતો !

---

### ઊદીઓગ કરવા વીશે દોહરો.—

તજીએ આળસ અંગથી—સજીએ ઉદમ સાર
ભજીએ શ્રી ભગવાનને—એ ઉતમ આ વાર.
ઉદીઓગે ઉંમર વધે—રહે ન દીલમાં રોગ
નીરૂરોગી જે નરો—થાએ રોગના ભોગ.
મનમાનેઆ વઈભવ મળે—ટલે નઠારી ટેવ
બળે પાપ સંતાપ સઉ—ફલે દેવનો દેવ.
અકળ વધે ફળ બહુ મળે—ધીરતું નીશચે ધાર
માટે માની મન થકી—ઉદમ તજ નહીં ઈચાર.

વીદીયોપદેશ.

---

**તંબાકુનો ખપ**—દુનીઆમાં તંબાકુનો ખપ દર વરસે વધતો જાએછે. ઈંગલંડ મધે ૧૮૨૧ માં દર માણસ દીઠ ૧૧ આઉંસ દર વરસે જોઈતો હતો. તે ૧૮૫૧ માં ૧૬ આઉંસ થએઓ અને ૧૮૫૩ માં ૧૯ આઉંસ થએઓ.

**નામદાર રાણીનો પોશાક**—આપણી માયાળુ રાણી વીકટોરીઆ પોતાના પોશાકમાં ઘણીજ સાદાઇ રાખેછે. જે સ્ત્રીઓને ઉંચો પોશાક પેહેરીને પોતાના ભરતારને વધારે ખરચમાં નાખવાની ટેવ પડી ગઇછે તે સ્ત્રીઓની મગરૂરી ઉતારવાને એ રાણી પોતાના પોશાકમાં દર રોજ વધારે સાદાઇ રાખતી જાએછે એવું હાલ વીલાતના વરતમાન પતરો ઉપરથી માલુમ પડેછે.

---

**સઉથી મોટી આગબોટમાં કોલસાનો ખપ**—ગરેટ ઇસટરન નામની સઉથી મોટી આગબોટ જે બાંધવામાં આવીછે તે મધે કોએલાનો ખપ ઘણોજછે. ચોવીસ કલાકમાં સઘળા મળીને ૨૨૫ ટન કોએળા બળેછે. ૩૬ દીવસની સફરમાં ૮૧૦૦ ટન કોએળા એ આગબોટને જોઇએ. વરસમાં ફકત ૬ મહીના એ આગબોટ ચાલેતો ૪૧૦૦૦ ટનથી વધારે કોએળો જોઇએ !!

---

## શાણપણુ શીખવા વીશે.

દોહરા.

શાણપણું સમજાવવા, વિગતે કરી વિચાર
સખિયોને સારી સતી, શીખામણ દે સાર.

---

" વીઠલ વાળુ કરવાને વેહેલા આવજોજો "
એ રાગની ગરબીછે.

સખી શીખોતો શાણપણું શીખવું જો
સંપી જંપી સંસારમાં સુખી થવું જો. સખી શીખો૦

સાસુ સસરો કહેતે સરવ સાંખીએ જો
કલેશ લેશ તો રૂદેમાં નહી રાખીએ જો. સખી૦ ૧.

મીઠા મીઠા મોટેથી બોલ બોલીએ જો
ખોટાં વેણતો કદાપિ નહી બોલીએ જો. સખી૦ ૨.

દાસ દાસી સુધાંને માન દીજીએ જો
કદી કોઇને ટુંકારો નહી કીજીએ જો. સખી૦ ૩.

આપણી સંગતે ચડે તેને સુધારીએ જો
બોધ દૈને વિરોધ ન વધારીએ જો. સખી૦ ૪.

જીવ રાખવો જરૂર કામ કાજમાં જો
લાખે લેખાંનો લાભ લેખે લાજમાં જો. સખી૦ ૫.

છેક છાની પંગ વાટે નહી પેશીએ જો
બુરાં બઇરાંની પાશે નહીં બેશીએ જો. સખી૦ ૬.

ગણી તુછ કાળ વ્યર્થ નહીં ગાળીએ જો
ભરત ચીત્ર તથા ચોપડી સંભાળીએ જો. સખી૦ ૭.

ખોટી થઇને નકામાં નહીં ખેલીએ જો
મેલાં ઘેલાં રેહેવાની રીત મેલીએ જો. સખી૦ ૮.

રૂડી રીતે ઘરબાર સાફ રાખીએ જો
બાધા જાડી કે આડી નહીં નાખીએ જો. સખી૦ ૯.

કરોધી સામાં કરોધી નહીં થઇ જવું જો
આગ દેખીને આપણે પાણી થવું જો. સખી૦ ૧૦.

ઉંડી આપદામાં ધીરજતો ધારીએ જો
હૈયે હરખીને હીંમત ન હારીએ જો. સખી૦ ૧૧.

ગ્યાન દાતાને માતા પિતા માણીએ જો
પણ બુદ્ધિ નહીં રાખીએ પાનીએ જો. સખી૦ ૧૨.

ચાડી ચોરીમાં ચીત ન ચોટાડીએ જો
ઘણુ ખરચવાની ટેવ તે ઘટાડીએ જો. સખી૦ ૧૩.

સારૂં થાવા આગળથિ સુરત સાંધવી જો
બેહેનો પાણીથી પેહેલી પાળ બાંધવીજો. સખી૦ ૧૪.

વધે લાજ આજ કાજતો એવાં કરો જો
સદા રાખી સંતોષ દોષથી ડરો જો. સખી૦ ૧૫.

ખાન પાન તણું દાન દેવું દીનને જો
આપી સુખપાળો આપણા આધીનને જો. સખી૦ ૧૬.

ધર્મ કર્મના તો મર્મ દીલે ધારીએ જો
ઝેર વેર તણી વાતતો વિસારીએ જો. સખી૦ ૧૭.

ભૂત પ્રેત તૂત જાણી ભરમ ભાગીએ જો
જરૂર સૂરજ ઉગાથી પ્રથમ જાગીએ જો. સખી૦ ૧૮.

જાદુ ટોણાં વગોણાં જેવાં જાણજો જો
બાધા આખડીમાં આશા નહી આણજો જો. સખી૦ ૧૯.

રૂડી રીતે રસોઇ શીખો રાંધતાં જો.
સારૂં શીખો વળી શીવતાં ને સાંધતાં જો. સખી૦ ૨૦.

થવું ઠીક થૈ ઠરેળ રાખી સ્થીરતા જો
ગુણવંતાં થૈ રાખવી ગંભીરતા જો. સખી૦ ૨૧.

સોના કેરો શણગાર નથી શોભતો જો
લેજો લાયકી લેવાનો ઘણો લોભતો જો. સખી૦ ૨૨.

શોધી લેવો તે સ્વર્ગ સુખ સાજને જો
રટી રાજા ધિરાજ મહારાજને જો. સખી૦ ૨૩.

રૂદયે રાખો રૂડી દલપતરામની જો
કહી શિક્ષા તે છે તમારા કામની જો.

સખી શીખો તો શાણપણું શીખવું જો
સંપી જંપી સંસારમાં સુખી થવું જો. સખી૦ ૨૪.

---